

प्रकाशकनुं निवेदन

આ "આયુર્વેદ નિબંધમાળા ભાગ ૧ લો તથા ૨ જો" "વિવિધ ગ્રંથમાળા"ના સંવત ૧૯૯૭ના ત્રીસમા વર્ષના, સળંગ અંક ૩૪૧ થી ૩૪૪ રૂપે પ્રસિદ્ધ થાય છે.

આ ગ્રંથના લેખક સ્વર્ગસ્થ શાહ તિલકચંદ તારાચંદ સુરતના એક અગ્રગણ્ય વૈદ્યરાજ હતા. તેમણે આ ગ્રંથ પોતાના સ્વાનુભવથી તૈયાર કરેલો હોવાથી, વૈદ્યો ઉપરાંત સામાન્ય જનતાને પણ ઘણો ઉપયોગી થઈ પડ્યો છે. તેમની હયાતી બાદ પણ તેની બે આવૃત્તિઓ સુરતમાંથી પ્રસિદ્ધ થઈ છે; એજ એ વાતની પ્રતીતિ આપે છે.

તેની આ ચોથી આવૃત્તિ અત્ર તરફથી પ્રસિદ્ધ થાય છે. સ્વર્ગસ્થ લેખકે આ ગ્રંથનો લોકહિતાર્થે જનતામાં વધુ પ્રચાર થાય એ સારુ, સર્વ હક્ક સ્વાધીન નહિ રાખતાં સર્વ કોઈને છાપવા-છપાવવાની છૂટ આપેલી છે. તેમની એ નિષ્કામતાથી તેઓ કેટલા પરોપકારપ્રેમી અને આયુર્વેદના પ્રચાર માટે ઉત્સુક હતા તેનો સહેજે ખ્યાલ આવી શકે છે.

આયુર્વેદ સિવાયનાં અન્ય ચિકિત્સાશાસ્ત્ર મોટે ભાગે રોગોનાં કારણો તરફ ધ્યાન આપતાં નથી; માત્ર તેના કાર્યને શાંત કરવા પ્રયત્ન કરે છે; પરંતુ આયુર્વેદે તો રોગના મૂળ કારણોને શોધીને અને દોષનાં સૂક્ષ્મ તત્ત્વોનો અભ્યાસ કરીને, તેના ઉપાય યોજ્યા છે. એ જ

લેખક તરફથી બહાર પડેલા પુસ્તકના ભાગ ૧ લામાં ૬૧ નિબંધો અને ભાગ બીજામાં ત્રીસ નિબંધો આપેલા છે. અમ તરફથી બંને પુસ્તકો એક ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરવાનું પ્રથમ નક્કી કરેલું; પરંતુ એથી પુસ્તકનું કદ ઘણું વધી જવાથી મૂળ પુસ્તકના ૧ લા ભાગના ૧૦ નિબંધો ઉપરાંત બીજા ભાગના ૧૪ નિબંધો પણ આમાં લેવાયા છે અને એ બીજા ભાગના બાકી રહેલા ૧૬ નિબંધો તથા પરિશિષ્ટ "આયુર્વેદ નિબંધમાળા ભાગ ૨. જો-(ચાલુ)" એ નામથી જુદા પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યો છે. આ બંને ગ્રંથનું મૂલ્ય રૂા. ૩ા થાય છે પરંતુ તે એકસાથે ખરીદનારને માત્ર રૂપિયા ૩) માં મળશે.

આ પછીનાં પૃષ્ઠોમાં આ 'નિબંધમાળા લખવાનો ઉદ્દેશ' અને સ્વર્ગસ્થ લેખકનાં ભાગ ૧ લા તથા ભાગ ૨ જાનાં નિવેદનો છપાયાં છે; અને તે પછી અનુક્રમણિકા અને શુદ્ધિપત્ર અપાયું છે, તે તરફ વાચકબંધુઓનું ધ્યાન દોરવામાં આવે છે.

અંતે સર્વના પરમ સુહૃદ "वैद्यो नारायणो हरिः" ના પરમ કલ્યાણકારી શરણને સર્વ કોઇ ઇચ્છે, મેળવે અને આધિવ્યાધિ તથા ઉપાધિમાત્રથી સદાને માટે મુક્ત થાય એવી ભાવના સાથે हरिः ॐ तत्सत्।

સંવત ૧૯૯૭
ભાદરવા વદિ-૧૧

—ખરાબ ભિક્ષુ અખંડાનંદ

ત્રીજા વૈદ્યો કે જેઓ વૈદરાજોને ત્યાં અભ્યાસ કરી પોતાનો ધંધો ચલાવી જગતમાં કાંઈક નામના મેળવવા ભાગ્યશાળી થયા છે અને થતા જાય છે.

ચોથા પ્રકારના વૈદ્યો કે, જેમને રાજવૈદ્યો, ઊંટવૈદ્યોના નામથી ઓળખાવે છે તે છે.

અમારો મત એવો છે કે, જેમ બાબરો થઈને સુધારે નહિ પણ તેની નિંદા નિર્ભત્સના કરે, તો તેઓ ઈશ્વરના પાદ (પગ) ની નિંદા કરે છે; તેમ જે રાજવૈદ્યો ઊંટવૈદ્યોની નિંદા કરે છે, તેઓ પોતાના નાના ભાઈની જ નિંદા કે નિર્ભત્સના કરે છે. આયુર્વેદ ઉપર યુનાની અને એલોપથી વગેરે ઘણી ચિકિત્સાઓ પ્રહાર કરી રહી છે; આ ટીકાપ્રહારો માત્ર ઊંટવૈદ્યોને નહિ, પણ આપણી આયુર્વેદપદ્ધતિને ઊંટવૈદાનું નામ આપવા મંથન કરે છે!!!

વૈદ્યકનો ધંધો કરનાર અમારા લઘુબંધુઓ કે જેઓને રાજવૈદ્યો ઊંટવૈદ્યના નામથી પોકારે છે, તેઓની સ્થિતિ તરફ ધ્યાન આપવાની ખાસ અગત્ય છે.

કુદરતના નિયમનું અવલોકન કરતાં જણાય છે કે, મહાન રાજ-પુરુષો, તત્ત્વજ્ઞાનીઓ, શિલ્પીઓ, કવિઓ, શાસ્ત્રીઓ, વહેપારીઓ, હુન્નરમંદો, વક્તાઓ, વિદ્વાનો અને વૈદ્યો જન્મે છે, કાંઈ ઉત્પન્ન કરી શકાતા નથી. એટલે પૂર્વજન્મના સંસ્કાર લઈને જે જન્મે છે, તેને જો સહાય મળે તો તેના સંસ્કારો ખીલે છે અને સહાય નહિ મળે તો તેઓ ગૂંચવાઈને, મૂંઝાઈને, અકળાઈને તે વિષયમાં આગળ વધે છે, પરંતુ આખરે તેને કરમાઈ જવું પડે છે. જેમ એક આંબાનું ઝાડ જંગલમાં ઊગ્યું હોય, તેનું નામ આપણે જંગલી આંબો પાડીએ અને તેવું જ બીજું આંબાનું ઝાડ બાગમાં ઊગ્યું હોય તેનું નામ આફૂસ-પાયરી પાડીએ; એટલે પ્રથમના આંબાને જંગલી-ઓનો સહવાસ થાય અને બીજાઓને અમીરોનો સહવાસ થાય; પરંતુ જંગલી આંબાને પૂરતી કેળવણી એટલે જોઈતું ખાતરપાણી આપીએ, તો તે પણ અમીરોની થાળીમાં પીરસી શકાય. તેમ અમારા લઘુબંધુઓ કે જેઓ સ્હાય વિના, માર્ગદર્શન વિના, કોઈ પણ જાતના

અમારા જેવાને વીત્યું હોય તે જ જાણે. દાખલા તરીકે એક રાજવૈદ્યને પૂછીએ કે, એક વસ્તુને ખાંડવી, છુંદવી, વાટવી, લગોટવી, ખલવી, ઘસવી, દળવી, ગાળવી, ઝાટકવી, શોધવી, છજાડવી, ભોગવી, નીકળવી, ટાબસવી, તપાવવી, બાફવી, શેકવી, રાંધવી, ઉકાળવી, ભાગ વવી, ઉપલાવવી, તળવી, ચાસણી કરવી, ઠરાવવી, નિતારવી, નિચો- વવી, ગોળવી, સમારવી, વીણવી, છોલવી, કોઢવી, ફોલવી, ભાંગવી, રાખોડી બનાવવી વગેરે ક્રિયામાંની તમે કેટલી ક્રિયા કરી શકો છો. હું ધારું છું કે, આવી ક્રિયાઓ કોઇ સંસ્થા અનુભવસિદ્ધ શીખવી શકતી નથી. તો પછી પુટ, પુટપાક, ફાંટ, હિમ, કલ્ક, ચૂર્ણ, અવલેહ, આસવ, ગૂગળ, તૈલ, ઘૃત, બસ્ગો, રસો અને પારદના સંસ્કારો તેઓ શી રીતે કરી શકે ? જેના ખાંડતા હાથ છુંદાય, વાટતાં ખાડુ રહી જાય, ગોળી વાળતાં આંગળી થરડાઇ જાય, ઉકાળતાં ગરમ છાંટા ઊડવાથી દઝાય અને કપડમિટ્ટી કરવાથી હાથ અને કપડાં ધૂળવાળાં કે કાદવવાળાં થાય, તો તે શી રીતે વૈદકનો ધંધો કરવાને દવા બનાવી શકે ? કદાચ જવાબ મળે કે, 'અમારે હાથ દુખાવવા, દાઝવા કે લૂગડે છાંટા ઉડાડવાની કાંઇ જરૂર નથી. અમારે માટે ફાર્મસી (દવા વેચનાર) તૈયાર છે. અમારે મહેનત કરવાની કાંઇ જરૂર નથી.' તેવા- ઓને અમે એટલું જ કહીએ છીએ કે ફાર્મસી તો બજારનું પકવાન છે, પણ હાથની રસોઇ જેવો સંતોષ તે આપી નથી શકતી. હોટ- લોમાં જમો કે લોજમાં બસે જમો, પણ ઘરની રસોઇની વાત તો ન્યારીજ છે. ખેર, ગમે તેમ હોય ને વાતમાં વધતાં વિષયાન્તર થવાના ભયથી અમે પાછા વળીએ છીએ અને અમારો ખાસ ઉદ્દેશ એટલોજ છે કે, આ અમારી આયુર્વેદ નિબંધમાળાથી એટલું તો થશેજ કે, જો નિબંધમાળા ધ્યાન દઇને વાંચવામાં આવશે તો હું ખાતરીથી કહું છું કે અમારા લઘુબંધુઓ (જેઓને રાજવૈદ્યો ઊંટવૈદ્ય કહીને બોલાવે છે) જરૂર વૈદ્ય થશે અને વૈદ્યો વૈદ્યરાજ બનશે. વૈદ્યરાજો આનંદ પામશે અને પોતાનો અનુભવ બીજાને આપવા અમારું અનુકરણ કરશે; કારણ કે આખા પુસ્તકમાં અનુભવેલા ઉપાયોજ લખવામાં આવ્યા છે. રાજવૈદ્યો કે જેઓ પૂર્ણ છે તેમને

પદમાં લીન થાય. એ પ્રમાણે જ્યારે આયુર્વેદાચાર્યોએ આયુર્વેદરૂપ નૌકા તૈયાર કરી, કોઇ પણ જાતની અપૂર્ણતા વિના, કોઇ પણ જાતની ખામી વિના, સંપ્રદાયપણે સિદ્ધ વચનોનો સમુદાય રચીને મનુષ્યસૃષ્ટિમાં પ્રકટ કર્યો છે. તો પછી તેજ વિષયમાં આયુર્વેદનાં લખાયલાં સાહિત્યોમાં આ આયુર્વેદ નિબંધમાળાનું શું પ્રયોજન છે ? એવો પ્રશ્ન સ્વાભાવિક હોઇ તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

આયુર્વેદ નિબંધમાળા લખવાનું પ્રયોજન કાંઇજ હતું નહિ. પરંતુ સુરત શહેરની વૈદ્યસભાએ દર રવિવારે આયુર્વેદમાંથી અમુક વિષયને લઇ, વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. તે એટલા માટે કે વર્તમાનકાળમાં આયુર્વેદનો અભ્યાસક્રમ પ્રાયઃ લુપ્ત થયેલો જણાતો હોવાથી, તથા ઇતર દેશના ચિકિત્સાશાસ્ત્રજ્ઞ પંડિતોની આગળ આયુર્વેદની અવહેલના થતી હોવાથી, જો કે આખી પૃથ્વીનાં ચિકિત્સાશાસ્ત્ર આયુર્વેદ ઉપરથીજ લઇને નિર્માણ કરેલાં છે, તથાપિ આયુર્વેદ તેની છાયામાં એટલો બધો આચ્છાદિત થઇ ગયો છે કે, તેના તરફ બારીક દૃષ્ટિએ જોતાં પણ તેનાં દર્શન દુર્લભ થઇ પડયાં છે. તે આયુર્વેદનું દિગ્દર્શન કરાવવા માટે, વર્તમાનકાલમાં આખા આર્યાવર્તમાં વૈદ્યસભાઓ તથા વૈદકસંમેલનો દ્વારા ઉહાપોહ ચાલુ થયેલો જોવામાં આવે છે. તે પ્રમાણે સુરત શહેરની વૈદ્યસભાએ પણ વ્યાખ્યાનનો ક્રમ શરૂ કર્યો. તે સભામાં મારે વ્યાખ્યાન આપવા કરવાથી બેચાર વ્યાખ્યાનો આપ્યાં, તેટલામાં અમારા મિત્રવર્ગ તરફથી એવી સૂચના આવી કે, આવાં સ્પષ્ટીકરણવાળાં વ્યાખ્યાનોનો સંગ્રહ થાય તો આ વિષયમાં રસ લેનારાઓને તે અતિ ઉપયોગી થઇ પડે. એટલી વાત નક્કી થયા પછી અમારો વિચાર આયુર્વેદ નિબંધમાળા લખવા તરફ દોરાયો, પરંતુ દરેક કાર્યમાં બે શક્તિની અથવા બે વ્યક્તિની જરૂર હોય છે. તે પ્રમાણે સુરતનિવાસી શ્રીયુત ઇશ્વરલાલ રતનલાલ ત્રિવેદીએ આગ્રહપૂર્વક લેખનનું કામ, કોઇ પણ જાતના સ્વાર્થ વિના પોતાને માથે ઉપાડી લીધું અને તે એવી રીતે પાર પાડવામાં આવ્યું કે, પોતાનો વ્યવસાય છોડીને માત્ર પરોપકારવૃત્તિથી, નિયમિત સમયે લખવાનું કામ શરૂ કરવામાં આવ્યું. જેથી આ નિબંધમાળા

નું ઉત્પન્ન થવું અને બીજી તરફ પશ્ચિમ દિશા તરફથી બ્રિટિશ સૂર્યનો પ્રકાશ પડ્યો. જેના પ્રકાશથી આર્ય પ્રજા એટલી બધી અંજાઈ ગઈ કે, પોતાના હાથમાં રત્ન છે, પરંતુ જ્યાં સુધી પશ્ચિમના વિદ્વાનો તેને રત્ન તરીકે સ્વીકારે નહિ, ત્યાં સુધી પોતે પોતાના રત્નને પથ્થર માની ફેંકી દેતાં સુધી પણ વિચાર કરે નહિ!!! આવી દશામાં આવી પડ્યા છતાં બ્રિટિશ પ્રજાએ દેશમાં સુલેહ, શાંતિ, વિદ્યાનો પ્રચાર અને ઉદ્યોગની જાગૃતિ એટલી હદ સુધી વધારી કે, આર્યાવર્તની પ્રજા તેના સુખાનંદમાં મોહવશ થઇ ગુમ બની ગઈ! પરંતુ બ્રિટિશ પ્રજાએ જેમ જેમ વિદ્યાનો પ્રચાર વધારવા માંડ્યો, એટલે પ્રજામાં સત્ય શું છે, તેની શોધ જારી થઈ. પરંતુ પશ્ચિમના વિદ્વાનોનો સિદ્ધાંત ઋષિમુનિઓના સિદ્ધાંતો કે જેમાં થોડામાં ઘણું સમજાય તેથી ઊલટો એટલે ઘણામાં થોડું સમજાય એવો હોવાથી, પ્રજામાં હેતુવાદને પડતો મૂકી, શબ્દવાદ ઉપર વિચાર કરવાની પ્રથા પડી. એટલે તે દૃષ્ટિએ જોતાં આયુર્વેદ અપૂર્ણ છે, તેમાં સુધારાની ઘણી જરૂર છે, એ વાત બહાર આવી! પરંતુ આયુર્વેદ અપૂર્ણ નથી, પણ તે સંપૂર્ણ છે, એ વાત સિદ્ધ કરવાને માટે આયુર્વેદની એકેક પ્રક્રિયાને લઈને તેના ઉપર વિવેચન કરીને પ્રજાના મનનો સંશય દૂર કરવા માટે આ નિબંધમાળા લખવાનું પ્રયોજન ઉત્પન્ન થયું છે.

આયુર્વેદ નિબંધમાળાના આ પ્રથમ ભાગમાં દશ નિબંધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં એટલુંજ પ્રયોજન રાખવામાં આવ્યું છે કે આયુર્વેદમાં અપૂર્ણતા નથી. આયુર્વેદમાં વિચાર કરવાને માટે વિવેચકોને વસ્તુની ખોટ નથી. આયુર્વેદમાં ટૂંકામાં ઘણું સમજાવવામાં આવ્યું છે અને આયુર્વેદમાં લખેલા નિયમ પ્રમાણે તેના હેતુને સમજીને તે હેતુપુરઃસર જો મનુષ્ય પોતાની જીવનચર્યા ચલાવે, એટલે તે પ્રમાણે વર્તે તો વર્તમાન પ્રજાને હાલમાં જે રોગે જકડી લીધી છે, તેના બંધનમાંથી છૂટે અને ભાવી પ્રજાને રોગરૂપી શત્રુ પોતાના બંધથી બાંધી શકે નહિ; એટલુંજ આ આયુર્વેદ નિબંધમાળા લખવાનું પ્રયોજન છે. મનુષ્યસૃષ્ટિમાં દરેક માણસ અપૂર્ણ

છે. છતાં જે ભૂલચૂક રહી ગઈ હોય તે વિદ્વાનોએ સુધારીને વાંચવા કૃપા કરવી અને જે અપૂર્ણતા જણાતી હોય, તે વિદ્વાન આયુર્વેદાચાર્યોએ પોતે પોતાના તરફથી બીજી નિબંધમાળાઓ લખીને પૂર્ણ કરવી એટલુંજ આ નિબંધમાળાનું પ્રયોજન છે. **अल्पमिति विस्तरेणापि पश्चिद् परेपुमिमधिकम् ।**

લી० આપનો કૃપાકાંક્ષી,
શાહ તિલકચંદ તારાચંદ વૈદ્ય-સુરત

लेखकनुं निवेदन

भाग २ जो

આયુર્વેદ નિબંધમાળાનો પ્રથમ ભાગ આપે ધ્યાન દઈને વાંચ્યો હશેજ. આજે બીજો ભાગ આપને સાદર કરવામાં આવે છે; તે લક્ષપૂર્વક વાંચશો, છતાં અમારે કહેવું જોઇએ કે, આ બીજા ભાગના બીજા નિબંધમાં **પીયૂષપાણિનો** નિબંધ વાંચી તે ઉપર મનન કરી તે પ્રમાણે વર્તવાથી વૈદ્યોના હાથમાં જરૂર અમૃત આવશે. નિબંધમાળાનો **ત્રીજો નિબંધ ષડ્ઋતુદર્પણનો** છે. સુશ્રુત અને ચરક જેવા મહાન અને આદિ ગ્રંથોમાં પણ ઋતુનું વર્ણન ઘણુંજ ટૂંકાણમાં કરેલું છે; એટલુંજ નહિ પણ વૈદ્યકના પ્રાચીન પુસ્તકોની ઋતુચર્યા તથા દીનચર્યા વાંચતાં સમજાય છે કે, એ વિધિઓ રાજામહારાજાઓ માટે લખાયલી છે; પણ ઋતુના હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગથી વાતાવરણમાં શું ફેરફાર થાય છે અને તે ફેરફારથી પ્રજાજીવન તથા મનુષ્યના ઉપર શી અસર થાય છે, તે જાણી શકાતું નથી; જેથી હાલના સમયમાં વાતાવરણ-વિદ્યા વૈદ્યોમાં નાશ પામી છે એમ જણાય છે; અને તેથીજ કહેવામાં આવે છે કે "**હવાના ગુણદોષમાં વૈદ્યો શું સમજે?** એ તો ડોકટરોજ સમજે અને તે જે કહે તેજ ખરું." એવું બોલનારા અમારા વૈદ્યરાજોજ

આ નિબંધમાળામાં બીજા વૈદ્યરાજો તરફથી આવેલા ઉપાયો
ખલ કરવામાં આવ્યા છે અને તે સાથે તે વૈદ્યરાજોનાં નામોઠાણાં
ખવામા આવ્યાં છે; એટલે તે સંબંધે કોઈને કાંઈ પૂછવું હોય તો
વૈદ્યોને પૂછી લેવાય, જેથી કોઈ વાતની શંકા રહેશે નહિ.

આ નિબંધમાળામાં અમારા તથા અન્ય વૈદ્યરાજોના જે ઉપાયો
ાવેલા છે, તેમાં ધાતુ-ઉપધાતુ, રસો-ઉપરસો અને વિષો-ઉપવિ-
ાના પણ પ્રયોગો છે. તેમાં આવેલા પદાર્થોને શુદ્ધ કર્યાં સિવાય તથા
વિધિપૂર્વક તેનું મારણ કે જારણ કર્યાં સિવાય તે પદાર્થો કોઈ પણ
ઘે વાપરવા નહિ, અમે તેનું શોધન લખ્યું નથી; કારણ કે બીજા
ેક ગ્રંથકારે તેની શોધનવિધિ લખેલી છે. તેમાંથી જોઈને દરેક
દાર્થનું શોધન કરીને પછી જ એવી ઓષધિનો ઉપ-
ાગ કરવો.

આ નિબંધમાળામાં જે ગુણ દેખાય છે તે આયુર્વેદના છે
અને જે કાંઇ દોષ દેખાય તો તે અમારા પોતાના છે, એમ જાણી
ક્ષમા કરવી. તે સાથે અમે જણાવીએ છીએ કે, આપને આ નિબંધોમાં
કેટલીક અપૂર્ણતા જણાશે અથવા સિદ્ધાંતમાં કાંઇ ફેર જણાય તો
તેની ઉપર ટીકા નહિ કરતાં પોતે માનેલા પોતાના સિદ્ધાંતનો જુદો
નિબંધ લખવો; એટલે ખરું શું છે તે સમજાઇ જશે. મિથ્યા
વાદવિવાદ કરવાનો અમારો વિચાર નથી. × × × ×

લિ૦ આપનો કૃપાભિલાષી
શાહ તિલકચંદ તારાચંદ વૈદ્ય-સુરત

છે, તો પછી પ્રજા તેમ કહે તેમાં આશ્ચર્ય શું? પરંતુ આ નિબંધમાં અમે ઋતુનું વર્ણન, તેના હીન, મિથ્યા અને અતિયોગથી હવામાં શું ફેરફાર થાય છે અને તેથી કયા કયા અને કઈ કઈ જાતના રોગો પેદા થાય છે તે ખુલ્લી રીતે બતાવી આપ્યું છે. એટલે એ નિબંધ ધ્યાન દઇને વાંચે અને થોડો વિચાર કરી અવલોકન કરવાની ટેવ પાડે તો, સાધારણ વૈદ્યો પણ હવાના ગુણદોષ જાણી શકે. માટે એ નિબંધ વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. **ચોથો નિબંધ ત્રિદોષસિદ્ધાન્તનો** છે. એ નિબંધ દરેક વૈદકનો ધંધો કરનારાઓએ અભ્યાસીની રીતે વાંચવાનો છે. જે વૈદ્ય આ નિબંધનો અભ્યાસ કરશે, તેને આખું નિદાનશાસ્ત્ર હસ્તામલકવત્ દેખાશે. એટલે હાલમાં કેટલાક વિદ્વાનમાં ગણાતા વૈદ્યો એમ સમજેલા છે કે, આયુર્વેદનું નિદાનશાસ્ત્ર અપૂર્ણ છે અથવા તેમાં સુધારો કરવાની ઘણીજ જરૂર છે; તેઓની ખાતરી થશે કે, આયુર્વેદનું નિદાન અપૂર્ણ નથી, પણ બીજાઓને હજુ નિદાનશાસ્ત્રની બારાખડી શીખવાની છે.

આ નિબંધમાળાનો **કોલેરાનો નિબંધ** ઘણોજ ધ્યાન ખેંચનારો છે; કારણ કે હાલના જંતુવિદ્યાના શોધકોની શોધ જોઇને આપણા લોકો મુગ્ધ બની જાય છે; પણ જંતુવિદ્યાના પંડિતો જંતુ ઉત્પન્ન થયા પછી તે જંતુ ફલાણી જાતનાં છે એટલું કહી શકશે. પણ તે જંતુ ઉત્પન્ન થવાનું કારણ શું અને તે એની મેળે શી રીતે શાન્ત થાય છે, તે સમજાવી શકતા નથી. પરંતુ અમારા વૈદ્યો ઋતુનો હિન, મિથ્યા કે અતિયોગ સમજી વાતાવરણનો ફેરફાર તપાસી સાબિત કરશે કે, આવી જાતનાં જંતુઓ આવી હવામાં પ્રગટ થશે અને તે ઋતુનો ફેરફાર થવાથી શાન્ત થઇ જશે. એજ પ્રમાણે બીજા નિબંધો લખીને અમારા અનુભવના અમારા દવાખાનામાં ચાલતા તમામ ઉપાયો આ નિબંધમાળામાં દાખલ કરવામાં આવ્યા છે. તે ઉપાયોની બનાવટ, વાપરવાની રીત અને કયો ઉપાય કેવી અવસ્થામાં આપવો તેની વિસ્તાર હકીકત એવી રીતે લખવામાં આવી છે કે, સાધારણ વૈદ્ય પણ ધ્યાન રાખીને કામ કરે અને પોતાને હાથે તમામ લખેલી ઔષધિ બનાવી વાપરે તો એક મહાન વૈદ્યરાજ બની જાય.

આ નિબંધમાળામાં બીજા વૈદ્યરાજો તરફથી આવેલા ઉપાયો
ખલ કરવામાં આવ્યા છે અને તે સાથે તે વૈદ્યરાજોનાં નામો પણ
ખવામાં આવ્યાં છે; એટલે તે સંબંધી કોઈને કંઈ પૂછવું હોય તો
વૈદ્યોને પૂછી લેવાય, જેથી કોઈ વાતની શંકા રહેશે નહિ.

આ નિબંધમાળામાં અમારા તથા અન્ય વૈદ્યરાજોના જે ઉપાયો
ાવેલા છે, તેમાં ધાતુ-ઉપધાતુ, રસો-ઉપરસો અને વિષો-ઉપવિ-
ાના ઘણા પ્રયોગો છે. તેમાં આવેલા પદાર્થોને શુદ્ધ કર્યા સિવાય તથા
ધિપૂર્વક તેનું મારણ કે જારણ કર્યા સિવાય તે પદાર્થો કોઈ પણ
ીતે વાપરવા નહિ, અમે તેનું શોધન લખ્યું નથી; કારણ કે બીજા
નેક ગ્રંથકારે તેની શોધનવિધિ લખેલી છે. તેમાંથી જોઈને દરેક
પદાર્થનું શોધન કરીને પછી જ એવી ઔષધિનો ઉપ-
ોગ કરવો.

આ નિબંધમાળામાં જે ગુણ દેખાય છે તે આયુર્વેદના છે
અને જો કાંઇ દોષ દેખાય તો તે અમારા પોતાના છે, એમ જાણી
ક્ષમા કરવી. તે સાથે અમે જણાવીએ છીએ કે, આપને આ નિબંધોમાં
કેટલીક અપૂર્ણતા જણાશે અથવા સિદ્ધાંતમાં કાંઇ ફેર જણાય તો
તેની ઉપર ટીકા નહિ કરતાં પોતે માનેલા પોતાના સિદ્ધાંતનો જુદો
નિબંધ લખવો; એટલે ખરું શું છે તે સમજાઇ જશે. મિથ્યા
વાદવિવાદ કરવાનો અમારો વિચાર નથી. × × × ×

લિ૦ આપનો કૃપાભિલાષી
શાહ તિલકચંદ તારાચંદ વૈદ્ય-સુરત

~ઌअनुक्रमणिकाઌ~

भाग १ लो

ભાગ ૨ જો

~શુદ્ધિપત્રક~

ભાગ ૧ લો

ષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૦	અપુર્વેદમાં	આયુર્વેદ
૨૨	૧૨	શ્યાર	સાર
૨૧	૨૫	વનનસ્પતિના	વનસ્પતિના
૨૨	૮	ઉપકારાર્થે	ઉપકારાર્થે
૮૭	૧૫	ગેનના	ગેદના
૪૫	૭	નપુનકં	નપુંસક
૪૯	૯	કારાગૃહમાં	કંદર્પગૃહ
૬૪	૩	ગૃહણુ	ગ્રહણ
૭૭	૧૩	સુવાડવની	સુવાવડની
૮૦	૨૨	ચોરખું	ચોખ્ખું
૪૨	૭	પુવવાસ્થા	યુવાવસ્થા
૮૪	૧૭	ઓછા	ઓછા

ભાગ ૨ જો

૩૩	૧૪	નજંતુ	ન જંતુઃ
૪૯	૨૩	શિધાં	શીધાં
૪૨	૯	શશરઋતુ	શિશિરઋતુ
૪૮	૨૦	અગ્નેય	આગ્નેય
૬૪	૨૪	વાતવરણમાં	વાતાવરણમાં
૨	૧૦	ફેટકડી	ફટકડી
૧	૨૨	ટીકડીઓઓ	ટીકડીઓ
૨	૨૫	ઉદ્રપવો	ઉપદ્રવો

શુદ્ધિપત્ર

ભાગ ૧ લો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૦	આયુર્વેદમાં	આયુર્વેદ
૨૨	૧૨	આવ	આર
૨૧	૨૫	વનનસ્પતિના	વનસ્પતિના
૨૨	૮	ઉપકારાર્થં	ઉપકારાર્થં
૪૭	૧૫	ગેનના	ગેદના
૫૫	૭	નપુસકં	નપુંસક
૫૯	૯	કારાગૃહમા	કંદર્પગૃહ
૧૩૪	૩	ગૃહણુ	ગ્રહણુ
૧૩૭	૧૩	સુવાડવની	સુવાવડની
૧૪૦	૨૨	ચોક્ખું	ચોખ્ખું
૧૫૨	૭	યુવવારથા	યુવાવસ્થા
૧૮૪	૧૭	ઓઠા	ઓઠા

ભાગ ૨ જો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૩૩	૧૪	નજંતુ	ન જંતુઃ
૨૩૯	૨૩	સિધાં	શીધાં
૨૫૨	૯	શશરઋતુ	શિશિરઋતુ
૨૫૮	૨૦	આગ્નેય	આગ્નેય
૨૯૪	૨૪	વાતવરણમાં	વાતાવરણમાં
૩૨૨	૧૦	ફટકકી	ફટકડી
૩૨૬	૨૨	ટીકડીઓઓ	ટીકડીઓ
૩૪૨	૨૫	ઉદ્રપવો	ઉપદ્રવો

~શુદ્ધિપત્ર~

ભાગ ૧ લો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૦	અયુર્વેદમાં	આયુર્વેદ
૨૨	૧૨	શ્રાવ	સ્રાવ
૩૧	૨૫	વનનસ્પતિના	વનસ્પતિના
૪૨	૮	ઉપરાકાર્યં	ઉપકારાર્યં
૪૭	૧૫	ગેનના	ગેદના
૫૫	૭	નપુસર્ક	નપુંસક
૫૯	૯	કારાગૃહમાં	કંદર્પગૃહ
૧૩૪	૩	ગૃહણુ	ગ્રહણુ
૧૩૭	૧૩	સુવાડવની	સુવાવડની
૧૪૦	૨૨	ચોચ્ખું	ચોખ્ખું
૧૫૨	૭	પુનવારથા	પુનાવરથા
૧૮૪	૧૭	ઓછા	ઓઠા

ભાગ ૨ જો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૩૩	૧૪	નજંતુ	ન જંતુઃ
૨૩૯	૨૩	સિધાં	સીધાં
૨૫૨	૯	શશરઋતુ	શિશિરઋતુ
૨૫૮	૨૦	અગ્નેય	આગ્નેય
૨૯૪	૨૪	વાતવરણમાં	વાતાવરણમાં
૩૨૨	૧૦	ફટકરી	ફટકડી
૩૨૬	૨૨	ટીકડીઓઓ	ટીકડીઓ
૩૪૨	૨૫	ઉદ્રપવો	ઉપદ્રવો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૨૧	૪	કોશિપ	કોશિશ
૪૩૩	૮	આગપિત્ત	આજકપિત્ત
૪૪૮	૯	ઓળી	ગોળી
૪૪૮	૧૧	મદનકામેરશ્વની	મદનકામેશ્વરની
૪૬૪	૧૧	ચોવણુ	ધોવણુ
૪૬૫	૧૨	ચંચળ	સંચળ
૪૭૨	૮	ગાળ	ગોળ
૪૮૦	૭	મહાવિર	મહાવીર
૪૯૧	૭	પ્રાંચ	પાંચ
૪૯૨	૮	લક્ષવાળા	લક્ષણુવાળા
૫૧૩	૨	સ્વાષ્દિ	સ્વાદિષ્ટ
૫૩૬	૧૦	અદાર	આહાર
૫૮૧	૧૫	ધુમકાની	ધુમાડાની
૫૯૫	૧૮	આશક્ત	અશક્ત
૫૯૬	૧૨	પાનળ	પાતળા
૬૧૮	૧૮	કસ્તુરવાડ	કસ્તુરવાદ
૬૩૧	૨૫	સમભાવે	સમજાવે
૬૬૨	૧૩	ફિરોદ	ફિરોઝદ



"વિવિધ ગ્રંથમાળા"નું ચાલુ ધોરણ

૧—વાર્ષિક મૂલ્ય પાકાં પૂઠાં સાથે રૂપિયા ૫) હોઈ ટપાલખર્ચ ચાલુ વર્ષનું માફ હોય છે. આફ્રિકા ઇત્યાદિ દેશાવર માટે વાર્ષિક-મૂલ્ય રૂપિયા ૮) અથવા શિલિંગ ૧૨) છે. ૨—પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. ૩—૫"×૭ા"ના કદનાં પૃષ્ઠ ૧૯૦૦ થી ૨૨૦૦ સુધી ત્રણથી ચાર પુસ્તકો દ્વારા અપાય છે. તેમાંનાં નીકળ્યાં હોય તે તે પુસ્તક ગ્રાહક થતી વખતે અપાય, બાકીનાં નીકળે તેમ મોકલાય છે. ૪—કોઈ વાર પુસ્તકોની સંખ્યા ચારથી વધે તો તે વધારાનું પુસ્તક સાદાં પૂંઠાંવાળું જ બંધાશે; અથવા બીજા બોર્ડ પટ્ટીના પૂંઠાંવાળા પુસ્તકના ભેગું બંધાવાશે. ૫—પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલીને તે પછીના વર્ષનું વાર્ષિક મૂલ્ય મંગાવી લેવાશે; પણ બનતાં સુધી તે વિશે અગાઉથી ચેતવણી અપાશે જેઓ નવા વર્ષમાં ગ્રાહક રહેવાની ના લખશે તેમને એ છેલ્લું પુસ્તક વી. પી. થી નહિ પણ સાદી રીતે મોકલાશે. ૬—જેઓ પ્રથમથી ના નહિ લખતાં વી. પી. આવ્યે તે પાછું વાળશે, તો તે છેલ્લા પુસ્તક ઉપરનો સર્વ હક્ક ગુમાવશે. પરંતુ જેમનું વી. પી. ભૂલથી કે એવા કોઈ કારણથી પાછું વળ્યું હશે, તેઓ પોતાનું વાર્ષિક મૂલ્ય મોકલી આપીને પોતાનું નામ પાછું ચાલુ કરાવી શકે છે તથા વી. પી. પાછું વળવાથી ટપાલ આદિ ખર્ચ ર ગયું હોય તે મોકલીને પાછું વળેલું પુસ્તક પણ તેઓ મેળવી શકે છે. ૭—"વિવિધ ગ્રંથમાળા"નાં પુસ્તકો પૂરતી ચોકસી કરીને ટપાલમાં નંખાય છે; છતાં તે ગ્રાહકને મળે નહિ તો તેને માટે આ સંસ્થા જવાબદાર નથી. ટપાલખાતા પર અરજી કરવા છતાં જેઓ તે પુસ્તક ન મેળવી શકે, તેઓ તે બાબતનો ટપાલખાતા સાથેનો પત્રવહેવાર જોવા મોકલી આપશે તો બનતો વિચાર થશે. ૮—ગેરવલે જાય નહિ તેટલા માટે દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય તેમણે તે ખર્ચના બાર આના વધુ મોકલવા. ૯—વાર્ષિક મૂલ્ય રૂબરૂમાં ભરનારને તે જ વખતે છાપેલી પાવતી અપાય છે તથા વી. પી. દ્વારા વાર્ષિક મૂલ્ય ભરનારે વી. પી. ઉપર જે સરનામું, ટપાલની છાપ વગેરે હોય છે તેને જ પાવતી તરીકે જાળવી રાખવાનું છે. ૧૦—મુંબઈના કાર્યાલયમાં "વિવિધ ગ્રંથમાળા"નું વાર્ષિક મૂલ્ય ભરનારે તે બાબ પછીનો સર્વ સંબંધ અમદાવાદના જ કાર્યાલય સાથે સમજવાનો છે.

उत्तम वैद्योनी अने स्वदेशनी औषधिओनी महत्ता

स्मृतिमान् युक्तिहेतुज्ञो जितात्मा प्रतिपत्तिमान्।
भिषगौषधसंयोगैश्चिकित्सां कर्तुमर्हति॥

અર્થાત્ સ્મરણશક્તિવાળો, યુક્તિ તથા હેતુને જાણનારો, જિતાત્મા અને સારી પરીક્ષા કરી જાણનારો વૈદ્ય જ ઔષધ વડે રોગીની ચિકિત્સા કરે. —શ્રીચરકાચાર્ય

वरमाशीविषविषं क्वथितं ताम्रमेव वा।
पीतमत्यग्निसंतप्ता भक्षिता वाप्ययो गुडाः॥
न तु श्रुतवतां वेशं बिभ्रता शरणागतात्।
गृहीतमन्नपानं वा वित्तं वा रोगपीडितात्॥ चरकः।

અર્થાત્ સર્પનું ઝેર પીવું, ગરમ કરેલ તાંબાનો રસ પીવો અથવા અગ્નિમાં લાલ કરેલ લોઢાના ગોળાને ગળી જવો એ સારું; પણ વિદ્વાન વૈદ્યના વેશવાળા મનુષ્યે શરણે આવેલા રોગપીડિત મનુષ્યનું અન્નપાણી અથવા ધન લેવું એ અતિ ખરાબ છે. —શ્રીચરકાચાર્ય

यस्य देशस्य यो जन्तुस्तज्जं तस्यौषधं हितम्।
देशादन्यत्र वसतस्तत्तुल्यं गुणमौषधम्॥

અર્થાત્ જે દેશમાં જે મનુષ્યનો જન્મ થયેલો છે, તેને માટે તેજ દેશની ઔષધિ હિતકારક છે. બહારથી આવેલી ઔષધિ પૂરો લાભ કરતી નથી. વળી દેશથી બહાર રહેવાને વખતે પણ જન્મભૂમિની જ ઔષધિ વિશેષ લાભદાયક છે.



श्रीआयुर्वेद निबंधमाळा

१—आयुर्वेद अने तेनी अगत्य

॥ मंगलाचरण ॥

प्रणम्य जगदुत्पत्तिस्थितिसंहारकारणम् ।
स्वर्गापवर्गयोर्द्वारं त्रैलोक्यशरणं शिवम् ॥

વર્તમાનકાળમાં આખી દુનિયામાં મનુષ્યમાત્રને જેમ અં તેમ વધારે જીવવાની તૃષ્ણા વધી પડી છે અને તેટલા મા શરીરને ટકાવી રાખવા સારુ ભગીરથ પ્રયત્નો શરૂ થયા છે. ત પ્રયત્નો જો કે સ્તુતિપાત્ર છે, તથાપિ કેટલાક શોધકો જૂની વાત નવા રૂપમાં ગોઠવી, આ શોધ અમે સ્વતંત્ર કરેલી છે એવું પ્રતિ પાદન કરે છે; પણ જેમ શિષ્યો ગુરુની નિંદા કરે તેમ, જે શા ઉપરથી જ્ઞાનવાન થઇ, નવા રૂપમાં તેજ વાતને ગોઠવી, તે મૂ શાસ્ત્રની તેઓ નિંદા કરે છે, એટલુંજ માત્ર શોચનીય છે.

મનુષ્યમાત્રના જીવનને માટે, કલ્યાણને માટે, આરોગ્ય માટે અને સંપૂર્ણ સુખ પામવા માટે, જુદી જુદી દિશામાં, જુદી જુદી ભાષામાં, જુદા જુદા રૂપમાં અને જુદે જુદે પ્રકારે પ્રવૃત્તિ થાય, એ જરૂરનું તેમ આનંદદાયી છે; પરંતુ તે પ્રવૃત્તિ એવી ન હોવી જોઇએ કે જેથી એકબીજાના માનને હાનિ પહોંચે.

હિંદુસ્તાનની આર્યપ્રજા, સૃષ્ટિના આદિથી એટલે વેદકાળથી મનુષ્યના જીવનને પૃથ્વીથી પરમેશ્વરપર્યંત સરળતાથી સુખરૂપ પહોંચવા માટે, કેવા માર્ગો લેવા તેનો વિચાર કરતી આવી છે. અને આર્યપ્રજાએ શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ કેવી રીતે કરવી તેના નિયમો, જ્ઞાન દ્વારા, અનુભવ દ્વારા અને પ્રત્યક્ષ અનુમાન અને ઉપમાનથી સિદ્ધ કરી, આપ્ત-પ્રમાણમાં એવી રીતે ગોઠવી તેની સંકલના કરી છે કે, તે સંકલનામાં થોડો પણ ફેરફાર કરવાની આવશ્યકતા રહી નથી; પરંતુ તે ઋષિમુનિઓએ જે નિયમો ઠરાવ્યા છે અથવા જે શોધ કરી છે, તેનો સમાવેશ જેમ ઘડામાં સમુદ્રને સમાવી દીધો હોય તેમ, એક વાક્યમાં અથવા એક સૂત્રમાં કરેલો છે. એટલે હવેના વિદ્વાનોના હાથમાં એટલીજ વાત રહેલી છે કે, તે સૂત્રોને સમજીને પોતપોતાની બુદ્ધિ પ્રમાણે તેને વિસ્તારમાં લખી, આ કાળના ઓછી બુદ્ધિવાળા મનુષ્યો સમજી શકે તેવા રૂપમાં લાવી, જગત પર ઉપકાર કરવો એ સિવાય બીજો ઉપાય રહ્યો નથી. કેટલાક વિદ્વાનોનો એવો અભિપ્રાય છે કે, આપણું વૈદકશાસ્ત્ર અપૂર્ણ છે, તેમાં સુધારાની ઘણી જરૂર છે, એ હેતુએ પ્રત્યક્ષમાં જોયા સિવાય જેમ મનમાં આવ્યું તેમ લખી માર્યું છે, પરંતુ એવા વિચારને હસી કાઢવા સિવાય [illegible] બીજો ઉપાય નથી.

[illegible] અથવા આપણી ભાષા પ્રમાણે [illegible] તેની વચમાં [illegible]

તેને આયુ કહે છે અને એ આયુને ઉપદ્રવરહિત, રોગરહિત, ક્લેશરહિત અને નિર્બળતારહિત નિભાવી રાખવાની જે વિદ્યા, તેને આયુર્વેદ કહે છે. શાસ્ત્રકાર આપણને શીખવે છે કેઃ—

शरीरप्राणयोरेवम् संयोगादायुरुच्यते ।
कालेन तद्वियोगाद्धि पंचत्वं कथ्यते बुधैः ॥

એટલે શરીર અને પ્રાણનો જ્યાં સુધી યોગ કાયમ રહે, ત્યાં સુધીના કાળને આયુષ્ય કહે છે. હવે આપણા સમજવામાં આવે છે કે, જ્યારે જે દેશમાં મનુષ્યો ઋષિપદને, યોગીપદને અને સિદ્ધપદને પામતા હતા, ત્યારે તેઓએ નિઃસ્વાર્થપણે મનુષ્યમાત્રના કલ્યાણને માટે જે શાસ્ત્રો રચેલાં છે, તે શાસ્ત્રો અપૂર્ણ કેમ હોઈ શકે?

મિત્રો! આપણે એટલું તો ધ્યાનમાં રાખવું જોઈએ કે, આપણી માતા વાત્સલ્યપ્રેમથી આપણા ઉપર જે હેત બતાવી, કાયમના સુખને માટે જે યોજના કરે, તે એક અપરમાતા આપણા સુખની હાનિ કરવાને, આપણા મનસ્વી તરંગોને પુષ્ટિ આપી, આપણને આડે રસ્તે દોરી જાય અને આપણે અજ્ઞાનદશામાં મોહવશ થઇને, આપણી વત્સલતાથી પરિપૂર્ણ માતાનો ત્યાગ કરી, (જ્યાં સુધી આપણને આપણી ભૂલ ન જણાય ત્યાં સુધી) અપરમાતાના સ્વરૂપને જાણ્યા વિના દોરાઇ જઇએ, તે શોચનીય છે.

ખરી વાત તો એ છે કે, જે શાસ્ત્રમાં (પછી તે ગમે તે ભાષામાં લખાયલું હોય) પરમેશ્વરનું, પ્રકૃતિનું, આત્માનું, આત્માનાં કર્મોનું અને તેથી જોડાતા પ્રાણીશરીરનું તથા સુખદુઃખનું વર્ણન કરવામાં આવ્યું હોય તથા મનુષ્ય જન્મ્યા પછી તેના શરીર ઉપર આકાશમાં પ્રકાશતા ગૃહોનાં કિરણોની, વાતાવરણમાં વહેતા વાયુઓની, ઋતુમાં થતા (હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગ) ફેરફારની, તેમ માબાપોનાં કર્મો, ચારિત્ર્યો અને મનોવિકારની

થતી અસરોની અને પોતાના આહારવિહારથી ઉત્પન્ન થતી અસરથી શરીર ઉપર થતા નાનાવિધ પ્રકારના ફેરફારોની વિધાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય, તેને આયુર્વેદ નામ આપી શકાય છે.

જે શાસ્ત્રમાં સ્વાભાવિક એટલે મનુષ્યના આહારવિહારથી થયેલા, આગંતુક એટલે મનુષ્યની ઉપાધિથી થયેલા કાયિક એટલે માબાપથી વારસામાં આવેલા અને કર્મજ એટલે આત્માએ કરેલાં પૂર્વજન્મનાં કૃતકર્મથી ઉત્પન્ન થયેલા રોગોનું વર્ણન કરવામાં આવ્યું હોય, તે શાસ્ત્ર આયુર્વેદ કહેવાય છે.

જે શાસ્ત્રમાં મનુષ્યની પ્રકૃતિ પ્રમાણે વિચાર ચલાવી, ત્રિદોષ સિદ્ધાંતનું પ્રતિપાદન કરી, પાંચ પ્રકારના વાયુ, પાંચ પ્રકારના પિત્ત, પાંચ પ્રકારના કફ, તેને રહેવાના સ્થાનો, તેને કરવાના કર્મો અને તેના અતિયોગ, હીનયોગ અને મિથ્યાયોગથી થતા શુદ્ધદોષનું વર્ણન કરવામા આવ્યું હોય, તેને આયુર્વેદ કહે છે.

જે શાસ્ત્રમાં મનુષ્યના ત્રણ દોષો, પાંચ તત્ત્વો, પાંચ તન્માત્રાઓ અને ચાર અંતઃકરણોની વ્યવસ્થાથી મનુષ્યશરીરને તેના પ્રકૃતિનું વર્ણન કરી, તેમાં થયેલી અવ્યવસ્થાને પંચ તત્ત્વો અને છ ઋતુઓના યોગથી તથા સૂર્ય અને ચંદ્રના બળની અસરથી ઉત્પન્ન થયેલા છ રસો અને તે છ રસોના ન્યૂનાધિક સંમેલનથી ઉત્પન્ન થતા ત્રેસઠ રસો (સ્વાદો)નું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું હોય, તેને આયુર્વેદ કહે છે.

જે શાસ્ત્રમાં પ્રકૃતિને સમજી, રોગને સમજી, [illegible]

યથાર્થ રૂપમાં ગોઠવી ધર્મ, અર્થ, કામ અને મોક્ષપર્યન્ત પહોંચવાને માટે પ્રણાલિકા ઠરાવી હોય, તેને આયુર્વેદ કહે છે.

મિત્રો! આપણા ઋષિઓએ મનુષ્યના અથવા કહો કે પ્રાણીમાત્રના હિતને માટે આયુર્વેદની સ્થાપના કરી, કોઈ પણ સ્વાર્થ વિના માત્ર પરમાર્થબુદ્ધિથી પોતાના જ્ઞાનસમુદ્રમાંથી નિષ્કર્ષરૂપ જે મુક્તાફળની માળ પ્રમાણે ગ્રન્થરૂપ માળાઓ ગોઠવી રાખી છે, તેનું પરિધાન કરવાથી આપણા આબાલવૃદ્ધના આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક તાપનું સાંત્વન થાય છે. માટે આપણે તે આયુર્વેદના રહસ્યને સમજવાને અને આયુર્વેદમાં લખેલાં ટૂંકાં સૂત્રોમાં રહેલાં રહસ્યો સમજવા પ્રયત્ન કરવાની ખાસ જરૂર છે. તેટલા માટે આ પ્રથમ નિબંધ તેની પ્રસ્તાવનારૂપે લખી, આપ લોકોનાં મનને આનંદ પમાડવા અને આપને આયુર્વેદ એ શું છે અને આયુર્વેદમાં કેટલું ગાંભીર્ય છે તથા આયુર્વેદ ભણવાની અને તેનું મનન કરવાની કેટલી બધી આવશ્યકતા છે, તે તરફ આપનું ધ્યાન ખેંચવાની અમારી ખાસ ફરજ છે. આજકાલ એવું મનાયું છે કે, આયુર્વેદનો અભ્યાસ કરવો એ માત્ર વૈદોને માટે છે, આપણે (બીજાઓએ) એના તરફ દૃષ્ટિ કરવાની કાંઈ જરૂર નથી; પણ એવા વિચાર કરનારાઓ કેવળ ભૂલ કરે છે. કારણ કે જેને આયુષ્ય છે અથવા જેને પોતાનું આયુષ્ય ટકાવી રાખવાની ઇચ્છા છે અથવા જેને જન્મથી મરણપર્યન્ત રોગરૂપી શત્રુના દળને શરીરમાં દાખલ નહિ થવા દેવાનો વિચાર છે, તેણે તો બીજાં ધર્મશાસ્ત્રોનો, અર્થશાસ્ત્રોનો, કામશાસ્ત્રોનો અભ્યાસ કરતાં પહેલાં આયુર્વેદનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે.



२-आयुर्वेद अने वर्तमान

ઘણા પ્રાચીન કાળથી આયુર્વેદની સ્થાપ
વર્તમાં થયેલી છે. આર્યાવર્તમાં અથવા આ
નમાં પ્રાચીન ગણાતાં પુસ્તકોમાં, 'વેદ'
પુસ્તકો સિવાય બીજું કોઇ પણ પુસ્તક જા
તે વેદને માનનારાઓ તથા વેદનું મનન કરન
તથા અપૌરુષેય માને છે; અને તેજ વેદ પેક
તે આયુર્વેદ ગણાય છે. એટલે સૃષ્ટિના આદિ
ઋષિઓ ઉત્પન્ન થયા, તે તે ઋષિઓને વેદમ
પછી તે મંત્રોનું વિવેચન કરતાં આયુર્વેદનું નિ
આ ઉપરથી સમજી શકાય છે કે, આયુર્વેદ વે
જ ઉત્પન્ન થયેલો છે. હવે જાણવાનું એટલું
યુર્વેદ નામનું કોઇ પુસ્તક હાલમાં હયાત ન
પુસ્તકો ઉપલબ્ધ થાય છે તે આયુર્વેદનો ચ
નિઓએ ચરક, સુશ્રુત આદિ સંહિતાઓ રચે
કહેવામાં આવે છે; તે આયુર્વેદની જુદી જુ
જુદા ઋષિઓએ ગૂંથેલી હોવા છતાં, તે એ
જેમ વર્તમાનકાળમાં કોઇ પણ ઋષિ ઉત્પન્ન
થવાનો દાવો કરે, પણ તેણે ગમે તેવા ગોઠ
અસલ વેદમાંથી નીકળી આવે તો તે મંત્ર
પણ માત્ર વેદમંત્રના વિવેચક અથવા બા
આયુર્વેદના સિદ્ધાંતો ને લીધા સિવાય, કો
વિદ્યામાં નવી શોધ કરી શકે નહિ. પણ
ઉપ્લબ્ધ ન ગણ્ય; એટલે કહેવાની મતલબ

પછીના ઇતર ગ્રંથકારો તથા આયુર્વેદનાં ભાષાંતર કરી, તે ભાષાંતર ઉપરથી પોતાનો તર્ક દોડાવી, તેમાં ફેરફાર કરી, પરદેશી લોકોએ જે રૂપાંતર કર્યાં હોય તે તેઓની સ્વતંત્ર શોધ નહિ, પણ આયુર્વેદનોજ પ્રતાપ છે. દાખલા તરીકે, આયુર્વેદના ચિકિત્સાખંડમાં દરેક રોગને માટે રોગીની તેસઠ પ્રકૃતિ જાણી, વનસ્પતિના છ રસને ઓળખી, તેના તેસઠ સ્વાદ કલ્પી, કયા રોગીને કયો રસ અનુકૂળ પડશે તેનો વિચાર કરી, દરેક રોગીને વનસ્પતિનો તાઝો રસ આપી, તેના રોગની નિવૃત્તિ કરવામાં આવતી હતી; પણ તે પછીના કાળમાં મનુષ્યની વસ્તીના વિસ્તારના પ્રમાણમાં, જે સ્થળે જોઇએ તે સ્થળે તે તે રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિવાળી લીલી વનસ્પતિ નહિ મળવાથી, તે તે વનસ્પતિઓને લાવી, સૂકવી અને સંગ્રહીને તેને ફાન્ટ, હિમ, કલ્ક, ચૂર્ણ અને કવાથરૂપે આપવાનો રિવાજ પડ્યો. તે પછી ઘણે કાળે જ્યારે યુનાની વૈદકનો આવિર્ભાવ આર્યાવર્તમાં થયો, તેણે એવો સુધારો કર્યો કે, જે જે દ્રવ્યોનાં ફાન્ટ આદિ ઉપર કહેલાં સ્વરૂપે વપરાતાં હતાં, તે તે દ્રવ્યોને શરબત, માજુન, ખમીરા, જવારીશ, ઇતરીફલ, યાકુતિ, ગુલકંદ વગેરે રૂપમાં ફેરવી, આયુર્વેદનું નવું સ્વરૂપ બનાવી, તેને યુનાની વૈદક અથવા મુગલાઇ દવાઓનું નામ આપ્યું. એટલે આપણા લોકોનો પ્રવાહ તે તરફ ઝૂકતો ગયો. એવી રીતે આયુર્વેદની ઉપર મુગલાઇનો સખત આઘાત થયો. જેની ઊથલપાથલમાં આયુર્વેદને લગતાં સેંકડો પુસ્તકો ભસ્મીભૂત થયાં. તે પછી પશ્ચિમ દિશાથી નવા સૂર્યનો ઉદય થયો. એટલે પૂર્વના ઉપાસકો પશ્ચિમના સૂર્યના પૂજારી બન્યા. તે સૂર્યના ઉપાસકોએ મુગલાઇ અથવા યુનાની વૈદકનું રૂપાંતર કરી ઉકાળાને ટિન્ચરમાં અને ચૂર્ણોને પાઉડરમાં તથા સત્ત્વને એક્સટ્રેક્ટના રૂપમાં ફેરવ્યાં અને પોતાના વૈદકને 'એલોપથી' એવું નામ આપ્યું. એ પ્રમાણે આ

એકજ દાખલાથી, વૈદકશાસ્ત્રમાં કાળે કાળે કેવો કેવો અને કઈ કઈ જાતનો કેટલોકેટલો ફેરફાર થયો છે, તે તરફ દૃષ્ટિ કરતાં આપણને સમજાશે કે, જેમ વડના ઝાડનું ગાંભીર્ય, વડની વડવાઈઓથી આવર્ત થઈ, ઘણે કાળે જોનારને અસલ થડ શોધી કાઢવું મુશ્કેલ થઈ પડે છે, તેમ વર્તમાન ચિકિત્સાશાસ્ત્રો જોતાં પ્રાચીન આયુર્વેદને શોધી કાઢવો કઠિન થઈ પડ્યો છે; પણ અમે હોંશે હિંમત અને ખાતરી સાથે કહી શકીએ છીએ કે, હાલમાં જે જુદી જુદી જાતનાં ચિકિત્સાશાસ્ત્રો પ્રવર્તી રહ્યાં છે, તે મૂળ આયુર્વેદના પુત્રો–પ્રપુત્રો અને વંશજો છે, તેનું દિગ્દર્શન નીચે કરાવવામાં આવે છે.

વેદ અને આયુર્વેદના પ્રાચીન સિદ્ધાંતો તપાસતાં જેમ વેદધર્મની ઉપર જુદે જુદે સમયે, જુદી જુદી જાતનાં પડો ચડેલાં જણાય છે, તેમ આયુર્વેદ ઉપર પણ. તે તે કાળમાં જુદાં જુદાં પડો ચડેલાં માલૂમ પડે છે. વેદ અને આયુર્વેદ એ પ્રાણીમાત્રના કલ્યાણ માટે નિર્માણ થયેલાં છે, તેથી હાલમાં જે કિંવદંતી ચાલે છે, કે 'वैदिकी हिंसा हिंसा न भवति' તે પ્રમાણે વેદ તથા આયુર્વેદમાં હિંસા હતી નહિ. પણ જ્યારથી કૃષ્ણ યજુર્વેદની સ્થાપના થઈ, ત્યારથી વેદમાં યજ્ઞનિમિત્તે હિંસાની રીતિ ચાલુ થઈ. તે પ્રમાણે આયુર્વેદમાં પશુયજ્ઞ, પક્ષીનું માંસ વગેરે અવયવોને, જુદાં જુદાં દ્રવ્ય ગણીને તેના રસ, ગુણ, વીર્ય, વિપાક અને પ્રભાવનો વિચાર કરીને, તે તે પ્રયોગોનું એક નવું પડ ચડાવવામાં આવ્યું એટલે વેદધર્મ ઉપર જેવું હિંસાનું પડ ચડ્યુ, તેવું આયુર્વેદની ઉપર પણ ચડ્યું. તે પછી જ્યારે વામમાર્ગીઓએ સુરા અને વારુણી વગેરે ઘણી જાતનાં માદક દ્રવ્યોની શોધ કરી, એટલે તે આયુર્વેદ ઉપર આસવો અને અરિષ્ટોનો બીજો લેપ ચડ્યો. પછી તે દ્રવ્યોમાં અનિષ્ટતા દેખાવાથી, શુદ્ધ દ્રવ્યોને સિદ્ધ કે

શુદ્ધિ-સંસ્કાર કરીને, પૃથ્વીના વિકારથી ઉત્પન્ન થયેલાને ઔષધિરૂપમાં આણી, મનુષ્યમાત્રને દીર્ઘજીવી, આરોગ્ય આપવાવાળી અને શરીરને અજરામર આપવાવાળી ચિકિત્સાને ત્રીજું પડ ચડાવ્યું. પણ તે પછીના જે લોકો થયા, તે પથીકારોના નામથી ઓળખાય છે. માટે હવે આપણે વર્તમાન 'પથી'ઓનો વિચાર કરવાને તે તરફ આપણું ધ્યાન લગાડીશું કે વર્તમાન 'પથી'ઓ પૈકી જે 'પથી'ઓ, પોતાનું નવું સ્વરૂપ ધારણ કરી, આયુર્વેદથી રૂપમાં અને ભાષામાં જુદી પડી, પોતાનું સ્વરૂપ જુદું બતાવે છે, તે 'પથી'ઓ આયુર્વેદના કયા કયા ભાગમાં સમાઈ જાય છે, જેનું ઓળખાણ આપણને થઈ શકે; અને જે પથીકારો આયુર્વેદમાંથી, આયુર્વેદરૂપી કલ્પવૃક્ષનું એક પાંદડું લઈ, તેના ઉપરથી નવું વૃક્ષ બનાવી, આ વૃક્ષ આયુર્વેદના બીજમાંથી ઉત્પન્ન થયું નથી; પરંતુ અમે નવું બીજ ઉત્પન્ન કરી આ વૃક્ષનો ઉદ્ભવ કર્યો છે એવો દાવો કરે છે, તેનું રહસ્ય આપણા ધ્યાનમાં બરાબર આવે. જ્યારે આયુર્વેદાચાર્યોએ ત્રિદોષ સિદ્ધાંતને સ્થાપી વાયુ, પિત્ત અને કફના પાંચ પાંચ ભાગ પાડી, તેનાં સ્થાનો અને કાર્યોનો નિશ્ચય કરી, તેના હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગથી મનુષ્યશરીરમાં થતા ફેરફાર જાણી તેમાં થયેલી વિક્રિયાને રોગ નામ આપ્યું. અને તે રોગની ચિકિત્સા કરવાને જે યોજના ગોઠવવામાં આવી, તેનું નામ ચિકિત્સાશાસ્ત્ર પાડયું. ત્યારે તે પછીના પથીઓએ ત્રિદોષ સિદ્ધાંતનો ત્યાગ કરી, એટલે રોગનાં કારણને દૂર કરવાને બદલે, રોગનાં કાર્યને મટાડવાનો પ્રયત્ન આરંભ્યો. દાખલા તરીકે એક મનુષ્યને તાવ આવે છે, ત્યારે આયુર્વેદની ચિકિત્સા પ્રમાણે તેને લંઘન, પાચન, સમન અને શોધન ઔષધો આપી, દર્દીને નિરામ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેવી રીતે પથીઓના આશ્રિત-ચિકિત્સકો કરી શકતા નથી, પરંતુ તેઓ તાવના દર્દીને તાવના

જે જે ઉપદ્રવો જણાય, તે તે ઉપદ્રવોને મટાડવાનો પ્રયત્ન કરે છે તેથી એમ થાય છે કે દર્દીનો કોઠો નિરામ નહિ થવાથી, રોગ સમૂળ જતો નથી, પણ તેનો ફરી ફરીને હુમલો થાય છે.

પ્રથમ આપણે એલોપથી માટે વિચાર કરીએ. એલોપથીની ચિકિત્સામાં ઔષધો અને શસ્ત્રકર્મ પ્રાધાન્ય ગણાય છે. ઔષધોનો વિનિમય તો આયુર્વેદ ઉપરથીજ કરવામાં આવ્યો છે; કારણ કે આયુર્વેદે માનેલાં દ્રવ્યોનાં રૂપાંતર કરી તેને પોતાની ભાષાનાં નામ આપી ટિંચર પોટાશ, એકસ્ટ્રેકટના રૂપમાં ગોઠવ્યાં છે અને શસ્ત્રવિદ્યા તરફ જ્યારે ધ્યાન આપીએ છીએ, ત્યારે અમારા સુશ્રુતાચાર્યે સુશ્રુતસંહિતામાં જે "શલ્યતંત્ર" લખ્યો છે, તેમાં કાપવાનાં, ફાડવાનાં, છોલવાનાં, ઉખેડવાનાં, વીંધવાનાં, ભેદવાનાં અને સીવવા વગેરેનાં એકસો ઓજારો નિર્માણ કરેલાં છે. હું ધારું છું કે એલોપથીના આચાર્યો એ કરતાં વિશેષ કોઇ પણ જાતનું ઓજાર ભાગ્યેજ પ્રગટ કરી શકયા હશે. એટલે એલોપથીને આયુર્વેદની પ્રથમ પુત્રી કે પુત્ર ગણીએ, તો કાંઈ અતિશયોક્તિ ગણાય નહિ.

એ પછી "હોમિયોપથી" નો વારો આવે છે. હોમિયોપથીના પ્રકટ કરનાર એવો દાવો કરે છે કે, અમારી ચિકિત્સા કુદરતી, સગવડવાળી, ઘણો ગુણ કરનારી અને કોઇ પણ જાતનો વિકાર ઉત્પન્ન નહિ કરનારી છે. તેઓ એમ માને છે કે, જે દ્રવ્યમાં વિરેચન કરવાનો ગુણ છે, તેજ દ્રવ્ય ઝાડાને રોકે છે અને તે એ બહુજ ઓછા પ્રમાણમાં આપ્યું હોય તો વધારે કામ કરે છે પરંતુ અમારું આયુર્વેદનું શાસ્ત્ર, અમને પ્રત્યક્ષ બતાવે છે કે, જેમ જેમ તેનું મર્દન વધારે થતું જાય, તેમ તેમ તેના ગુણમાં વધારો થતો જાય છે. કારણ કે રસને વધારે વખત મર્દન કરવામાં આવે, તો તેના પરમાણુઓ છૂટા પડે અને જુદા પડેછે.

ા જેમ પ્રમાણમાં ઓછાં આપવામાં આવે, તેમ તે વધારે
રે છે. વિશેષમાં જેમ હોમિયોપથીકારો પોતાનાં દ્રવ્યને
સાથે મેળવી, તેને ઘણા ભાગમાં વહેંચી નાખે છે,
ુર્વેદના આચાર્યો નહિ કરતાં, રોગને અનુકૂળ, તેની પીડાને
પ્રકૃતિને માફક આવે તેવાં વસાણાં લઈ, તેમાં અમુક ભાગે
ાને મૂકી, તેને વિધિપૂર્વક ભાવના આપી, ઘણાજ નાના
ાં ગોળીઓ વાળી, તે ગોળીને યોગ્ય અનુપાન સાથે
ી શરીરનાં જુદાં જુદાં તત્ત્વોમાં પ્રવેશી રોગને નિર્મૂળ
દાખલા તરીકે સૂંઠ, મરી, પીપર, હરડાં, બેડાં, આમળાં,
ાર, અક્કલગરો અને ચિત્રો; એ વસાણાં એકેક તોલો લઈ,
ામ્રભસ્મ તોલો એક નાખી, તેને બારીક વાટી, ત્રણ વખત
. રસમાં ઘૂંટી, પછી ત્રણ વખત ચિત્રાના રસમાં ઘૂંટી, પછી
ખત લીંબુના રસમાં ઘૂંટી, તેની મગ જેવડી ગોળી કરવા-
વે, તો એ પ્રમાણે ઘૂંટાયલી વસ્તુઓની મગ જેવડી ગોળી-
ામે ભાગે તામ્રભસ્મ આવે, એટલે ઘણાજ ઓછા પ્રમાણ-
ાવેલી તામ્રભસ્મવાળી ગોળી જો કે તાંબાનો ગુણ સામાન્ય
ાન્તિ અને ભ્રાંતિ કરાવનારો ગણાય છે, છતાં આ ગોળીથી
ભ્રાંતિ મટી જાય છે, એટલે હોમિયોપથીના સિદ્ધાંત પ્રમાણે
ેદ પણ "विषमस्य विषमौषधम्"નો ઉપદેશ કરે છે. એટલે
ોપથીનાં મૂળતત્ત્વો પણ આયુર્વેદમાંજ છે.

ાકીની પથીઓ જેવી કે હાઇડ્રોપથી, ક્રોમોપથી, કલેઓ-
ગેરે ઘણી પથીઓ વર્તે છે; પરંતુ તે પૈકીની એકજ પથીથી
રોગો સારા થઈ શકતા નથી. હાઇડ્રોપથી એટલે માત્ર પાણી-
રોગો સારા કરવાની વિદ્યા. તે તેના પ્રમાણમાં ગમે તે કામ
હશે, પણ અમારા આયુર્વેદમાં પાણીના સ્થાન પરત્વે, દેશ
, કટિબંધ પરત્વે અને જમીન પરત્વેના જુદા જુદા ગુણનો

વિચાર કરી, તેને આકાશમાંથી ઝીલીને અથવા જમીન ઉપરથી લઇને અથવા જમીનની અંદરથી કાઢીને, તેને ગાળીને અથવા ઉકાળીને અને ઉકાળતાં પણ એકપાદ શેષ, દ્વિપાદ શેષ, ત્રિપાદ શેષ અને અષ્ટાવશેષ બનાવી, વાપરવાનો વિધિ નિર્માણ કરેલો છે. અને તાપમાં તપાવીને કે ચંદ્રનાં કિરણમાં મૂકીને બનાવવામાં આવેલું "અંબુદક" જે કામ કરે છે, તેને હાઇડ્રોપથી પહોંચી વળે તેમ નથી. કારણ કે હાઇડ્રોપથી આયુર્વેદનું એક અંગ છે, નહિ કે તે સંપૂર્ણ આયુર્વેદ છે.

ક્રોમોપથી એટલે પ્રકાશનાં કિરણોમાં જુદા જુદા રંગના કાચની શીશીમાં ભરેલું પાણી, તડકે મૂકી, તેમાં સૂર્યનાં કિરણને ગ્રહણ કરી, તથા દીવાના પ્રકાશમાં જુદા જુદા રંગના કાચને રાખી, તેમાંથી પ્રકાશનાં કિરણ બહાર ફેંકી, દર્દ સારો કરવાની વિદ્યા. આ વિદ્યા સહેલી, સગવડ ભરેલી અને તાત્કાલિક અસર કરનારી નીવડે છે. તો પણ એના ઉપર આધાર રાખી આખી દુનિયાના રોગીને રોગમુક્ત કરવાને અને દુનિયામાં ચાલતી તમામ ચિકિત્સાઓને માટી વાળવા જેટલી શક્તિ એ ધરાવતી નથી. ક્રોમોપથીના ઉત્પાદકે. એ વિદ્યાની પોતે સ્વતંત્ર શોધ કરેલી માની. તેને પ્રધાન અંગ છે; પણ આમારા આયુર્વેદે, એ વિદ્યાનો એટલો મોટો પ્રચાર કર્યો છે કે, સૂર્યનાં કિરણથી મનુષ્યશરીર પર થતી અસર તપાસવા માટે ઋતુ ઋતુમાં પહેરવાનાં કપડાં જુદાં જુદાં બતાવ્યાં છે અને એ જ બાબત જેટલો ઊંડો વિચાર કરતા જઇએ, તેટલો. તેટલો. [illegible] અને ચમત્કાર દેખાવાનો સંભવ છે.

× × × ×

[illegible]
[illegible]

પ્રયોગો કરનારા ઘણા છે. તો પણ અમારા આયુર્વેદે જેટલી શોધ એ બાબતમાં કરેલી છે તેટલી શોધ એ પથીના ઉત્પાદકો કરી શકયા નથી. આયુર્વેદે ધોળી, રાતી, પીળી અને કાળી એવી ચાર જાતની માટી કલ્પીને તેને બ્રહ્મત્વ. ક્ષત્રિયત્વ, વૈશ્યત્વ અને શૂદ્રત્વનું નામ આપી, વાયુ, પિત્ત, કફ અને લોહીવિકારનાં દરદો ઉપર, જે યોજના કરવાને બતાવ્યું છે, તેનો જેમ જેમ વિચાર કરતા જઇએ તેમ તેમ વિશેષ લાભ દેખાતા જાય છે. દાખલા તરીકે ધોળી માટી બ્રહ્મત્વને પામેલી છે એટલે આખા શરીરની જ્ઞાનેન્દ્રિયોને સુધારવા માટે, તેનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. જેમકે ગોપીચંદન, ખડી, ભૂતડો વગેરે, રાતી માટી ક્ષાત્રધર્મવાળી હોવાથી શરીર પર થયેલા ક્ષતો અને લોહીના વિકારો, એટલે ગડગૂમડ, ગ્રંથિ આદિ વિકારોનું છેદનભેદન કરવાના ઉપયોગમાં આવે છે. જેમ કે સોનાગેરુ ગુલેઅરમાની વગેરે-પીળી માટી વૈશ્યત્વ ધર્મવાળી હોવાથી તે શરીરમાં અપવિત્રતાથી ઉત્પન્ન થયેલા રોગો અને તમોગુણથી ઉત્પન્ન થયેલા વિકારોને શાંત કરે છે અને કાળી માટી શૂદ્રત્વવાળી હોવાથી જેમ શૂદ્રવર્ણ ત્રિવર્ણની સેવા કરી તેને આધારભૂત થઇ રહેલી છે, તેમ કાળી માટી ત્રણે પ્રકારના ઉપદ્રવને શાંત કરી, રોગને નિર્મૂળ કરે છે; એટલે કલેઓપથી ગમે તેટલું અભિમાન ધરાવે, પણ તે પોતાની અપૂર્ણતાજ સૂચવે છે. બાકી રહી હવે "ઇલેકટ્રોપથી" જો કે ઇલેકટ્રોપથી એટલે વિદ્યુત્‌વિદ્યાનો પ્રચાર સ્થૂલરૂપે હાલમાં એટલો બધો જેવામાં આવે છે કે, તેનો પ્રભાવ, તેનાં યંત્રો અને તેનાં કાર્યો જોઇને મનુષ્યો આશ્ચર્યચકિત થાય છે. તો પણ તેના સૂક્ષ્મ તત્ત્વને ઓળખી, તે ઉપર બરાબર વિચાર કરી, આયુર્વેદે એ વિદ્યુતને નિત્ય અને નૈમિત્તિક કાર્યમાં ગોઠવી, ધર્મ અને રૂઢિમાં આરૂઢ કરી છે. એટલે સુધી ઇલેકટ્રોપથીના ઉપાસકો પહોંચી શકયા નથી. જેમકે બે

માણસે ભેગા સૂવું નહિ, કોઈનું પીધેલું પાણી પીવું નહિ, કોઈના એઠા વાસણમાં જમવું નહિ, કાંસાનું પાત્ર કોઈને અડકાડવું નહિ, બે માણસે હાથ ઝાલી સાથે ચાલવું નહિ, કોઈનું પહેરેલું કપડું પહેરવું નહિ. અર્થાત્ ટૂંકામાં કહીએ તો આપણા દેશમાં જે સ્પર્શાસ્પર્શ, ભક્ષાભક્ષ અને પેયાપેયનો વિવેક ચાલુ થયો છે, તે ખાસ આ વિદ્યુત્‌વિદ્યાને અવલંબીને થયેલો છે.

હવે આપ લોકોના ધ્યાનમાં આવ્યું હશે કે, આયુર્વેદ તે વેદધર્મની પેઠે પૂર્ણ ધર્મ છે, અને વર્તમાન 'પથી'ઓ તે મત, પંથ કે સંપ્રદાયની જેમ ફાંટાઓ છે. માટે વિચારવાન પુરુષોએ જ્ઞાનના ભંડારરૂપ અને વિદ્યાના સમુદ્રરૂપ આયુર્વેદરૂપી મહાસાગરનું મંથન કરી, કેવળ નિષ્કામવૃત્તિથી અને પરમાર્થબુદ્ધિથી મહર્ષિઓએ જગતના ઉપકાર માટે જે સંહિતાઓ નિર્માણ કરેલી છે, તેના રહસ્યને સમજીને જે જે તત્ત્વોનું નિરીક્ષણ થાય તે જનહિતાર્થે પ્રકટ કરી, તેને વિસ્તારપૂર્વક સમજાવી, પોતાના સમયનો સદુપયોગ કરવો એજ કર્તવ્ય છે.

૩–आयुर्वेदनुं वनस्पतिशास्त्र

આખી સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલ પ્રાણીમાત્રને ચાર ભાગમાં વહેંચાય [illegible] છે સ્વેદજ, ઉદ્ભિજ્જ, અંડજ અને જરાયુજ. તે પૈકી ઉદ્ભિજ્જ એટલે જમીન ફાડીને નીકળનારા જીવોમાં વનસ્પતિનો સમાવેશ થાય છે વનસ્પતિ અસંખ્ય અને અનંત છે. [illegible] જુદા જુદા વર્ગો પાડેલા છે. જૈનશાસ્ત્રે ૧૦ [illegible] વનસ્પતિના અને ૧૮ [illegible] સાધારણ વનસ્પતિ [illegible] દર્શાવેલી છે. અને

આર્યશાસ્ત્રે વનસ્પતિની અઢાર ભાર વનસ્પતિ છે એવી ગણના કરેલી છે; પરંતુ વર્તમાનકાળમાં જે પુસ્તકો વનસ્પતિના ગુણદોષ જણાવવા માટે નિઘંટુના નામથી ઉપલબ્ધ થાય છે, તે જોતાં તેમાં અઢારભાર વનસ્પતિનો ઉલ્લેખ જોવામાં આવતો નથી; તેમ જેટલી વનસ્પતિઓ આપણી આંખોથી દેખાય છે, તે સર્વનું વર્ણન કરેલું હોય, એવું જણાતું નથી; પણ માત્ર ચિકિત્સાશાસ્ત્રમાં વપરાતી ઘણીખરી વનસ્પતિનું ઓળખાણ કરવામાં આવેલું છે, એટલે અઢારભાર વનસ્પતિની શોધ કરવી એ માત્ર કલ્પના ઉપરજ આધાર રાખે છે; અત્રે અમે જે કલ્પના કરીએ છીએ તે કરતાં સારી, સચોટ અને બંધબેસતી કલ્પના કરવાનું આયુર્વેદના પંડિતો કે જેઓ વનસ્પતિશાસ્ત્રના જ્ઞાતા છે તેઓના ઉપર રાખી, અમે અમારી કલ્પના આગળ ચલાવીએ છીએ.

ગુજરાતી ભાષામાં ચોવીશ મણ વજનના માપને એક ભાર કહેવામાં આવે છે, તેથી ઘણા વૈદો પૂછે છે કે, અઢારભાર વનસ્પતિ એટલે, એ કયા વજનનું નામ હશે ? અમે પણ એ બાબતમાં ઘણાઓને પૂછયું પણ સંતોષકારક જવાબ નહિ મળવાથી આખરે એવી કલ્પના ઉપર આવ્યા છીએ કે, અઢારભાર એટલે એ વજનવાચક શબ્દ નથી, પરંતુ વર્ગવાચક શબ્દ છે. માટે વનસ્પતિના અઢાર વર્ગો અમે નીચે પ્રમાણે ઠરાવીએ છીએ.

૧. તૃણજાતિ (ઘાસ જેવી), ૨. ક્ષુપજાતિ (જમીન પર પથરાતી), ૩. છોડજાતિ (છોડવા), ૪. વેલજાતિ (વેલા), ૫. ગુલ્મજાતિ (નહિ વૃક્ષમાં અને નહિ વેલામાં), ૬. અને વૃક્ષજાતિ (ઝાડ), એ પ્રમાણે મુખ્ય ૬ ભાગ પાડી શકાય છે અને આખી દુનિયાની વનસ્પતિનો એ છ વર્ગમાં સમાવેશ થઈ જાય છે. હવે દરેક વર્ગમાં વનસ્પતિના ત્રણ ત્રણ પ્રકાર જોવામાં આવે છે, જેવા

કે કેટલીક વનસ્પતિને ફળ આવે છે પણ ફૂલ આવતાં નથી; કેટલીક વનસ્પતિને ફૂલ આવે છે પણ ફળ આવતાં નથી અને કેટલીક વનસ્પતિને ફળ અને ફૂલ બંને આવે છે. એટલે દરેક વર્ગની ત્રણ ત્રણ જાતિ ગણતાં અઢારભાર અથવા અઢાર વર્ગો ઠરાવવામાં આવે છે અને તેને લૌકિકમાં અઢાર ભાર વનસ્પતિ કહેવામાં આવે છે. એ અઢાર ભાર વનસ્પતિને જુદાં જુદાં નામ આપી તેના ગુણદોષનું વર્ણન કરવામાં આવે તો કાળના કાળ વહી જાય તો પણ તેનો પાર આવે નહિ. પ્રાચીનકાળમાં ઋષિઓના સમયમાં લેખનપદ્ધતિનું સાહિત્ય વર્તમાનના જેવું નહિ હોવાથી અને ચિકિત્સાશાસ્ત્ર જાણનારાઓને વનસ્પતિવિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન આપવું જરૂરનું હોવાથી, પૂર્વાચાર્યોએ જેમ ઘડામાં સમુદ્રને સમાવ્યો હોય અથવા ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે સ્થાલીપુલાકન્યાયવત્ એવી યુક્તિથી વનસ્પતિશાસ્ત્ર સમજાવ્યું છે કે, તે નિયમને અનુસરી વર્તનાર વૈદ વનસ્પતિનું નામ કે ગુણ જાણ્યા સિવાય પોતાની બુદ્ધિ અને અનુમાનથી કોઈ પણ વનસ્પતિને ઉપયોગમાં લઈ શકે. માત્ર વૈદને પાંચ તત્ત્વોના, છ ઋતુઓના અને છ રસના ગુણધર્મનું જ્ઞાન હોવું જોઈએ.

આ જગતમાં દશ્યમાન થતી તમામ સ્થાવર અને જંગમ પ્રાણિજાતિઓ જેનાથી ઉત્પન્ન થયેલી છે અને જે આત્માને લોકાદિ કર્મોથી બાંધીને જન્મમરણના ફેરામાં અથડાવે છે, તેમ જે વસ્તુ આખી આલમે દેખાવ છે તે મૂળ પ્રકૃતિનું સ્થૂળભાવને પામેલું તત્ત્વ છે. જેને આપણે પંચભૂતના નામથી ઓળખીએ છીએ, એ પંચભૂતનું સૂક્ષ્મ રૂપ તે પ્રકૃતિ કહેવાય છે. એ પ્રકૃતિનું એક રૂપ જેનું બીજું નામ દ્રવ્ય કહેવામાં આવ્યું છે અને તે દ્રવ્યને [illegible] દ્રવ્ય, ગુણ, [illegible] અને ઉપયોગિતામાં [illegible] વર્ણન કરેલું છે. [illegible]

વનસ્પતિશાસ્ત્રનું વર્ણન કરવાનું છે, તેમાં જે જે વનસ્પતિમા જે જે જાતના દ્રવ્યનો સમાવેશ થયો છે તે દ્રવ્યના ગુણ, કર્મ અને સ્વભાવ જાણીને યોજના કરેલી છે અને અત્યારે વનસ્પતિની તેજ પ્રમાણે યોજના કરવાની છે.

પ્રત્યેક વનસ્પતિમાં છ રસ હોય છે, જેવા કે મધુર, ખાટો, ખારો, તીખો, કડવો અને કષાય (તૂરો). એ રસો પાંચ તત્ત્વના સંમેલનથી અથવા ન્યૂનાધિકપણાથી વનસ્પતિમાં ઉત્પન્ન થાય છે. જેમકે પૃથ્વીતત્ત્વ અને પાણીતત્ત્વ એ બે મળવાથી મધુરરસ ઉત્પન્ન થાય છે. પૃથ્વીતત્ત્વ અને અગ્નિતત્ત્વ એ બે મળવાથી ખાટો રસ ઉત્પન્ન થાય છે. પાણીતત્ત્વ અને અગ્નિતત્ત્વ એ બે મળવાથી ખારો રસ ઉત્પન્ન થાય છે અને આકાશ તથા વાયુ એ બે તત્ત્વો મળવાથી તીખો રસ ઉત્પન્ન થાય છે. વાયુ અને અગ્નિ એ બે તત્ત્વો મળવાથી કડવો રસ ઉત્પન્ન થાય છે અને પૃથ્વી અને વાયુ એ બે તત્ત્વો મળવાથી કષાયરસ ઉત્પન્ન થાય છે એ પાંચ તત્ત્વો પૈકી પૃથ્વીતત્ત્વનો સ્વભાવ ભારે છે. પાણીતત્ત્વનો સ્વભાવ સ્નિગ્ધ છે, અગ્નિતત્ત્વનો સ્વભાવ તીક્ષ્ણ છે, વાયુતત્ત્વનો સ્વભાવ રુક્ષ છે અને આકાશતત્ત્વનો સ્વભાવ લઘુ કહેતાં હલકો છે. એવી રીતે તે તે તત્ત્વોના ન્યૂનાધિક સંમેલનથી આખી દુનિયાની વનસ્પતિ જુદા જુદા સ્વાદવાળી ઉત્પન્ન થયેલી છે. જે જે દેશમાં જે જે વનસ્પતિ જે જે ઋતુમાં નવપલ્લવિત થાય છે, તે તે વનસ્પતિ તેના રસ સ્વાદ ઉપરથી તેના ગુણનું જ્ઞાન કરાવે છે. કારણ કે વનસ્પતિને ઉગાડીને તેના મૂળથી રસને ચડાવી, પાંદડાં, ફળ અને ફૂલ સુધી આકર્ષવાનું કામ સૂર્ય કરે છે અને તેને પોષીને તેમાં સ્વાદ ઉમેરી, રસને સ્થિર રાખી, પોષણનું કામ ચંદ્ર કરે છે. હવે આખા વિશ્વને લઈને પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે અને ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે તથા પૃથ્વીની ભ્રમણ કર-

વાની ગતિમાં નિયમિત ફેરફાર થવાથી, સૂર્યના ઉત્તરાયણ અને દક્ષિણાયન એવા બે ભાગ પડે છે. એ બે ભાગને જેમ જેમ અયનનો સમય વહેતો જાય છે, તેમ તેમ તેને ત્રણ ત્રણ ભાગમાં વહેંચીને ત્રણ ત્રણ ઋતુ કલ્પવામાં આવી છે. તે ઋતુના સમયોગથી દરેક વનસ્પતિ ઉપર સૂર્ય અને ચંદ્રનાં કિરણોના પ્રભાવથી જેવી અસર થાય છે, તેવો તેવો રસ વનસ્પતિમાંથી ઉત્પન્ન થાય છે. તે છ ભાગનું અથવા તે છ ઋતુના પ્રભાવનું વર્ણન આ પ્રમાણે કરવાનું છે. મેષ અને વૃષભસંક્રાંતિમાં સૂર્ય હોય ત્યાં સુધી ગ્રીષ્મઋતુ કહેવાય છે. મિથુન અને કર્ક સંક્રાંતિના સમયને પ્રાવૃષઋતુ (ચોમાસું) કહે છે. સિંહ અને કન્યાસંક્રાંતિના સમયને વર્ષાઋતુ કહે છે; તુલા અને વૃશ્ચિકસંક્રાંતિના સમયને શરદઋતુ કહે છે, ધન અને મકરસંક્રાંતિના સમયને હેમંતઋતુ કહે છે અને કુંભ તથા મીનસંક્રાંતિના સમયને વસંતઋતુ કહે છે. એ છયે ઋતુઓમાં જેવી રીતે ટાઢ, તડકો અને વરસાદ આવે છે, અથવા તેનું ન્યૂનાધિકપણું થાય છે તેવી રીતે દરેક વનસ્પતિમાં તેવા તેવા રસો ઉત્પન્ન થાય છે. ઋતુના કાળધર્મને તપાસતાં આખા વર્ષમાં તડકાની મોસમ બે વખત આવે છે વર્ષા અને ટાઢ એકેક વાર આવે છે, એટલે સૂર્ય દક્ષિણાયનમાં જાય ત્યારે ગ્રીષ્મ [illegible] થાય છે ત્યારે શરદઋતુનો તાપ પડે છે અને તે સૂર્ય ત્યારે ઉત્તરાયણમાં

[illegible]

તત્ત્વ વધારે હોય ત્યાંથી વાયુતત્ત્વ આઘું ખસે છે અને જળતત્ત્વ પાસે આવે છે. તે પ્રમાણે જ્યારે દક્ષિણાયનનો સૂર્ય પૃથ્વીના જે ભાગમાં સીધાં કિરણ નાખી ત્યાંના વાયુને દૂર ખસેડે છે, એટલે ઉત્તર દિશામાં રહેલો પાણી ભરેલો રુક્ષ વાયુ તેની સમીપ આવે છે; તે કારણથી શરદઋતુના તાપ પછી શિયાળાની ટાઢની મોસમ આવે છે. તેવી રીતે ઉત્તરાયણનો સૂર્ય ગ્રીષ્મઋતુમાં પોતાનાં સીધાં કિરણ નાખી પ્રખર તાપથી પૃથ્વીને તપાવી વાયુને આઘો ખસેડે છે, જેથી તેની સામા પશ્ચિમ તથા નૈઋંત્યના પવન પોતાની સાથે પાણી લઇને દોડતા આવે છે અને વર્ષાઋતુ ઉત્પન્ન કરે છે. એ ઉપરથી આપણને સમજાય છે કે, બે તાપની ઋતુના વચમાંના બે ગાળા, એક શિયાળાના નામથી અને એક ચોમાસાના નામથી ઓળખાય છે. ચોમાસું બેસતાં પહેલાં તડકાની મોસમ અને વરસાદની મોસમનો વચલો ગાળો તાપમિશ્રિત પાણી ભરેલો હોય છે. તેમ શરદઋતુનો તાપ અને હેમંતઋતુની ટાઢનો વચમાંનો ગાળો, ભૂખર પવનથી રસને સૂકવનારો થાય છે. હેમંતઋતુ ઊતરતાં અને ગ્રીષ્મઋતુ બેસતાં વચમાંનો ગાળો વસંતઋતુને નામે ઓળખાય છે. અને તે વખતે હવા સમશીતોષ્ણ હોવાથી આનંદદાયી જણાય છે. ગ્રીષ્મઋતુમાં તાપ ઘણો પડવાથી પૃથ્વી ઉપર અગ્નિતત્ત્વનો વધારો થાય છે, જેથી વનસ્પતિમાં ખાટો રસ વધારે ઉત્પન્ન થાય છે. વર્ષાઋતુમાં જળતત્ત્વનો વધારો થવાથી પાણીના અત્યંત વહનને લીધે પૃથ્વીમાં મોળો અથવા મધુરરસ ઉત્પન્ન થાય છે. તેમ શિયાળામાં વાયુતત્ત્વ, જળતત્ત્વ અને પૃથ્વીની એકતા થવાથી કંઇક મધુર, કંઇક કડવો, કંઇક ખટમીઠો અને કંઈક કષાય અથવા તૂરો રસ ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે ગ્રીષ્મઋતુના તથા વર્ષાઋતુના ગાળામાં મધુર અને ખારો રસ ઉત્પન્ન થાય છે. તેમ શરદ અને હેમંતઋતુના ગાળામાં કડવો, તીખો, ગળ્યો અને

ખાટો રસ ઉત્પન્ન થાય છે. તેમજ હેમંત અને ગ્રીષ્મઋતુના ગાળામાં મધુર રસ પ્રાધાન્ય ભોગવતાં છતાં, એ છયે રસ ઉત્પન્ન થાય છે. એટલે વાચકોના ધ્યાનમાં આવશે કે, જેમ જેમ સૂર્ય પોતાના રાશિચક્રને પરિભ્રમણ કરતો જાય તેમ તેમ આકાશમાં રહેલા તત્ત્વને પોતા તરફ ખેંચી, જેમ રવૈયાથી દધિનું મંથન કરવામાં આવે છે, તેમ આકાશમાં રહેલા તત્ત્વનું મંથન કરી તેના સારરૂપ રસને ઉત્પન્ન કરી, દરેક વનસ્પતિને પોતપોતામાં ગુણ, ધર્મ અને સ્વભાવવાળો રસ, જોઈતા પ્રમાણમાં વહેંચી આપે છે; અને તે વહેંચી આપેલા રસને ચંદ્ર પોષીને સ્થિર કરે છે.

દરેક વનસ્પતિમાં આયુર્વેદાચાર્યોએ રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિ એ પાંચ અવસ્થા માનેલી છે અને એ પાંચ અવસ્થા પ્રમાણે તે વનસ્પતિઓમાં પ્રાભવિક અને સ્વાભાવિક શક્તિઓ ઉત્પન્ન થાય છે; તેમાંથી આયુર્વેદના અભ્યાસીઓએ વનસ્પતિની સ્વાભાવિક શક્તિ જણાવવાનો પ્રયત્ન કરવાનો છે અને પ્રભાવ શક્તિ સિદ્ધો અને યોગીમહાત્માઓને માટે રાખેલી છે આયુર્વેદની તમામ પ્રક્રિયા, દ્રવ્યના ઉપર આધાર રાખે છે અને જે જે વનસ્પતિમાં જે જે રસવાળું દ્રવ્ય આવેલું હોય, તે તે રસના ગુણ ધર્મ પ્રમાણે તે દ્રવ્યની યોજના સ્વાભાવિક રીતે કરવામાં આવે છે દ્રવ્ય શબ્દથી વૈદકશાસ્ત્રમાં જળ, છાલ, ક્ષાર, ગુંદર, નાગ, સ્વરસ, પારદ, દૂધ, દૂધવાળાં ફળ, ફૂલ ભસ્મ, તેલ, કાંટા, પત્ર, ટંકણ, કંદ, મૂળ, આદિ સર્વે સ્થાવર, જંગમ, સર્વ દ્રવ્ય રસ ઉપર આધાર રાખે છે અને તે દ્રવ્યોમાં છ રસો મધુરાદિ ભેદ વિભેદે રહેલા છે, તેમ ગુણ પણ પ્રકારના રહેલા છે તેમ વીર્ય શીત અને ઉષ્ણ એ બે પ્રકારનાં રહેલાં છે વિપાક પણ ત્રણ રહેલ છે અને શક્તિ અનંત પ્રકારની રહેલી છે દ્રવ્ય વિના રસ નહિ રસ વિના. ગુણ નહિ, ગુણ વિના. વિપાક નહિ અને વિપાક

વિના શક્તિ નહિ તથા શક્તિ વિના પ્રભાવ નહિ. એટલે ઉપર જે દ્રવ્યના ભાગ પાડવામાં આવ્યા છે તે દરેક ભાગને દ્રવ્ય ગણી તેને રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિમાં ગોઠવી, તેની પાસેથી જે કામ કરાવવું અથવા ફળ મેળવવું એટલે રોગીને આરોગ્ય આપવું, એ વૈદોનું ખાસ કર્તવ્ય છે.

આપણે ઉપર જણાવી ગયા તેમ ઋતુઓના અને પાંચ તત્ત્વોના ગુણધર્મ પ્રમાણે દરેક વનસ્પતિમાં અથવા વનસ્પતિનાં દ્રવ્યોમાં તે તે સમયને અનુસરતા રસો ઉત્પન્ન થાય છે અને તે રસોના ગુણધર્મને જાણનાર વૈદ, અઢાર ભાર વનસ્પતિ પૈકી, પોતાની પાંચ ઇંદ્રિયો વડે તપાસી, તેનું નામ જાણ્યા સિવાય, તેનામાં ન્યૂનાધિકપણે રહેલા રસોના ગુણધર્મને જાણી, દર્દીની પ્રકૃતિમાં થયેલા પાંચ તત્ત્વોના ન્યૂનાધિક ઉલ્વણોથી રોગને જાણી, તે ઉપર તેની યોજના કરી શકે છે. જેમકે એક દ્રવ્યને લઈ તેને આંખેથી જોઈને, હાથચામડીથી સ્પર્શ કરીને, નાકથી સૂંઘીને, જીભેથી ચાખીને અને કાનેથી તેને તોડતાં, મસળતાં, ભાંગતાં, નીકળતા અવાજનું શ્રવણ કરીને, તેનામાં કયા કયા રસો ન્યૂનાધિકપણે સમાયલા છે તેનું જ્ઞાન મેળવી, યોજના કરી શકે છે. તે યોજના કરવાને રસધર્મમાં પ્રવેશ કરનાર વૈદને સુગમ પડવા માટે ચરક સંહિતામાંથી રસોના ગુણધર્મનું વર્ણન કરવામાં આવે છે.

મધુર રસ શરીરમાં સમાનભાવ પામનારો હોવાથી શરીરમાં રહેલા રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્રનો વધારનારો છે. તેમ આયુષ્યને આપનારો, પિત્ત, વિષ અને વાયુનો નાશ કરનારો, તૃષ્ણાને સમાવનારો, ત્વચા, વાળ અને કંઠ એને હિતકારી, પ્રાણને પોષનારો, જીવન, તરપણ, સ્નેહનને સ્થિર કરનારો, ક્ષતને સાંધનારો, નાક, મુખ, હોઠ, કંઠ, તાળવું, એમાં આનંદ આપનારો, દાહ, મૂર્છાને સમાવનારો અને સ્નિગ્ધ,

શીતળ તથા ભારે છે. એ મધુર રસ, જો દ્રવ્યમાં વિશેષપણે રહેલો હોય તો તે જાડાપણું, કોમળપણું, આળસ, ભારેપણું, અન્નની અરુચિ, અગ્નિની મંદતા, મોં, કંઠ અને માંસની અત્યંત વૃદ્ધિ, શ્વાસ, ખાંસી, સળેખમ, શીતજ્વર, પેટ ચડવું, મોઢું મીઠું થવું, ઓડકાર આવવા, સંજ્ઞા અને સ્વરનો નાશ, ગળામાં ગંડમાળ, શ્લીપદ, ગળાનો સોજો, મૂત્રાશયમાં ભારેપણું, ગુદામાં ચીકાશ, આંખના રોગો અને અભિષ્યન્દના વિકારને ઉત્પન્ન કરે છે.

ખાટો રસ ભોજનમાં રુચિ ઉત્પન્ન કરે છે, અગ્નિને દીપન છે, દેહની વૃદ્ધિ કરે છે, મનનું જીવન છે, ઇંદ્રિયોને દૃઢ કરે છે, બળને વધારે છે, વાયુનું અનુલોમન કરે છે, હૃદયને તૃપ્ત કરે છે, મુખમાં રસનો સ્રાવ કરે છે, ખાધેલું અનુકર્ષણ કરે છે અને કલેદને ઉત્પન્ન કરે છે. તે જાતે લઘુ, ઉષ્ણ અને સ્નિગ્ધ છે, પણ જો દ્રવ્યમાં અત્યંતપણે વર્તતો હોય તો દાંતને ખાટા કરી નાખે છે, આંખોને મીંચાવી દે છે, વાળને ખેરવી નાખે છે, કફને પિગળાવી નાખે છે, પિત્તને વધારી મૂકે છે, લોહીને દૂષિત કરે છે, માંસમાં દાહ કરે છે, શરીરને ઢીલું પાડી નાખે છે, નબળાપાતળા અને દુર્બળ માણસને સોજા ઉત્પન્ન કરે છે, ઘા વાગેલા, માર ખાધેલાને, હાડકાં ભાંગેલાંને, પડી ગયેલાને, મર્દન થયેલાને, કાપેલાને, દાઝેલાને અને ઝખમ થયેલાને પકાવી દે છે અને અગ્નિરૂપ સ્વભાવ હોવાથી કંઠને, હૃદયને તથા છાતીને દાહ કરે છે

ખારો રસ પાચન, ક્લેદન, દીપન, ચ્યાવન, છેદન, ભેદન, તીક્ષ્ણ, સર, વિકાસી, અધઃસ્રંસી, અવકાશને કરનારો, વાયુને [illegible]
[illegible]

હલકો તેમજ સ્નિગ્ધ અને ઉષ્ણ છે. એ રસ જે દ્રવ્યમાં અત્યંત-પણે વર્તતો હોય તે દ્રવ્યના સેવનથી પિત્તને કોપાવે છે, રક્તને વધારે છે, તૃષાને ઉત્પન્ન કરે છે, મૂર્છા, તાપ, દાહ કરે છે, માંસને સુકાવે છે, વિષની વૃદ્ધિ કરે છે, સોજાને ફોડે છે, દાંતોને કાળા કરે છે, પુરુષત્વનો નાશ કરે છે, ઇંદ્રિયોને રોકે છે, વળી પલીત અને ખાલિત્યને ઉત્પન્ન કરે છે તથા લોહિતપિત્ત, અમ્લપિત્ત, વિસર્પ, વાતરક્ત, વિષુચિકા, ઇંદ્રલુપ્ત આદિ વિકારોને ઉત્પન્ન કરે છે.

તીખો રસ મોઢાને શુદ્ધ કરે છે, અગ્નિને દીપન કરે છે, ભોજનનું શોષન કરે છે, નાકનો સ્રાવ કરે છે, આંખનું વિરેચન કરે છે, ઇંદ્રિયોનો સ્ફોટન કરે છે, અલસ, સ્વયથુ, ઉપચય, ઉદર્દ, અભિસ્યન્દ, સ્નેહ, સ્વેદ, ક્લેદ, મળ, એનો નાશ કરે છે; અન્નમાં રુચિ કરે છે; કંડુ, વ્રણ, કૃમ એનો નાશ કરે છે; માંસના તથા લોહીના સમૂહનું છેદન કરે છે, બંધોનું–છેદન કરે છે, માર્ગોને ખુલ્લા કરે છે, કફની શાંતિ કરે છે તથા સ્વભાવે લઘુ, ઉષ્ણ અને રુક્ષ છે. એવા પ્રકારનો રાસ જે દ્રવ્યમાં વધારે વર્તતો હોય તે દ્રવ્ય, વિપાકના પ્રભાવથી પુરુષત્વનો નાશ કરે છે અને રસ તથા વીર્યના પ્રભાવથી મોહ, ગ્લાનિ, સાધન, કર્પણ, મૂર્છન, નમન, તમ, ભ્રમ, એને ઉત્પન્ન કરે છે; કંઠને દગ્ધ કરે છે, શરીરમાં પરિતાપ કરે છે, બળને ક્ષીણ કરે છે, તૃષાને વધારે છે, વાયુ અને અગ્નિની અધિકતાથી ભ્રમ, મદ, ઉત્પાત, કંપ, તોદ, ભેદ, એના હોવાથી પગ, હાથ, પાસાં, વાંસો, આદિ સ્થાનોમાં વાયુના વિકારને ઉત્પન્ન કરે છે.

કડવો રસ અરોચક, વિષ, કૃમિ એનો નાશ કરનારો છે. મૂર્છા, દાહ, કંડુ, કુષ્ટ, તૃષ્ણા એનું શમન કરનારો છે અને ત્વચા તથા માંસને સ્થિર કરનારો છે. જ્વરનાશક, દીપન, પાચન અને

સ્તન્યનો શોધન તથા લેખન કરનારો છે અને કલેદ, મેદ, વસા, મજ્જા, લસિકા, પૂય યાને પરુ, સ્વેદ, મૂત્ર, ઝાડો, પિત્ત કફ એને સૂકવે છે અને તે સ્વભાવથી રુક્ષ, શીત ને લઘુ છે. એવા પ્રકારનો રસ જે દ્રવ્યમાં વધારે વર્તતો હોય તે દ્રવ્ય, વિપાકના પ્રભાવથી રુક્ષ, ખર, વિશદ સ્વભાવનો થઈને રસ, રુધિર, માંસ મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર એઓને અત્યંત સૂકવે છે. સ્રોતોને ખર બનાવે છે, બળનું આકર્ષણ કરે છે, મોહને ઉત્પન્ન કરે છે, શરીરનું શોષણ કરે છે અને બીજા પણ વાતવિકારોને ઉત્પન્ન કરે છે.

કષાય(તૂરો) રસ સંશમન કરનારો, સંગ્રાહી, સંધારણ, પીડણ, રોપણ, શોષણ અને સ્થંભન કરવાવાળો છે. કફ તથા રક્તપિત્તનું શમન કરનારો છે અને સ્વભાવથી રુક્ષ, શીતળ ને ભારે છે. એવા ગુણવાળા દ્રવ્યમાં એ રસ અત્યંતપણે વર્તતો હોય તો મુખનું શોષન, હૃદયનું પીડન, પેટમાં આધ્માન, વાણીનું ગ્રહણ ને સ્રોતોનું બંધન કરનારો થાય છે. ત્વચામાં કાળાશ લાવે છે, પુરુષત્વનો નાશ કરે છે અને અકાળકારથી વૃદ્ધાવસ્થા લાવે છે. એ રસ વાત, મૂત્ર, મળ એને બાંધે છે અને કૃશતા, ગ્લાનિ, તૃષા, અને સ્થંભનને ઉત્પન્ન કરે છે એ રસ સ્વભાવથી ખર, વિશદ ને રુક્ષ હોવાથી પક્ષાઘાત, [illegible], અપતાનક, અર્દિત આદિ વાયુના વિકારોને ઉત્પન્ન કરે છે

એ રીતે એ છ રસો જુદા જુદા પોતપોતાની અનુક્રમે [illegible]

ઉત્પન્ન કરે છે. દાખલા તરીકે એક મધુર રસ તપાસીએ કે જે વનસ્પતિનું આપણે નામ જાણતા નથી, પરંતુ તે વનસ્પતિનું મૂળ છોલી જોતાં ચીકણું માલૂમ પડે છે અને ચાખી જોતાં મોળું જણાય છે; તો વનસ્પતિને જાણનાર વૈદે જાણવું જોઇએ કે આ વનસ્પતિમાં મધુર રસ પહેલી પંક્તિનો છે, એટલે તે શરીરને પોષવાનો ગુણ ધરાવે છે, તે સાથે તેમાં ચીકાશ એટલે સ્નેહ મળેલો હોવાથી તે વીર્યને વધારનારો છે. એવા મધુર રસમાં જેમ જેમ મધુરતા વધતી જાય તેમ તેમ તેને માટે આપણે ગળચટો શબ્દ વાપરીએ છીએ. તે વધતાં વધતાં શેરડી સુધી આવે એટલે તે મધુર રસને આપણે ગળ્યો રસ કહીએ છીએ. તે પછી કુદરતી કાયદાને બાજુએ મૂકી, આપણે તે શેરડીમાંથી મૂળ મધુર રસ જેને આપણે મોળો રસ કહીએ છીએ તેને દૂર કરી, કુદરતના નિયમમાં ફેરફાર કરી, તે રસને ગોળ, ખાંડ અને સાકરના રૂપમાં ફેરવી નાખીએ છીએ. એટલે જેમ એક માણસ પાંચ કે દશ શેરડીના સાંઠા ચૂસી, મધુર-રસનું સેવન કરી, તૃપ્તિ મેળવે છે, તેમ ગોળ, ખાંડ, કે સાકર, તેટલા પ્રમાણમાં ખાનારને તૃપ્તિ મળતી નથી, પણ તેથી ઊલટો અવગુણ થાય છે. પરંતુ તેથી વધીને તપાસતાં માલૂમ પડે છે કે, વર્તમાન કાળમાં વિદ્યાની પરાકાષ્ઠા થયેલી હોવાથી, એ મૂળ શેરડીના મધુર રસમાંથી મોળાપણું દૂર કરતાં કરતાં, સેકેરિન નામનો પદાર્થ બનાવવામાં આવે છે, જેમાં સાકર કરતાં ૪૦૦ થી માંડીને એકહજારગણું ગળપણ ઉત્પન્ન કરવામાં, એટલે જે સ્થળે એક હજાર રતલ ખાંડ વાપરવાની જરૂર જણાય ત્યાં એક રતલ સેકેરિન વાપરવાથી તેટલોજ સ્વાદ ઉત્પન્ન થાય છે. પરંતુ એ સેકેરિનને ગળ્યો રસ જાણી જેમ સાકરનો કટકો મોંમાં નાખી ગમે તે માણસ ચાવી ખાય પણ તેને કોઇ જાતનો અપાય થતો નથી અને થાય છે તો ઘણા થોડા પ્રમાણમાં થાય છે, તેમ સેકેરિનનો

એક ફાકો ભરવામાં આવે તો તે હળાહળ ઝેરનું કામ કરી માણસના પ્રાણનું હરણ કરે છે. એટલાજ માટે પરમકૃપાળુ પરમાત્માએ જેવી જેવી પ્રકૃતિવાળાને જેવા જેવા રસની જરૂર જોઈ, તેવા તેવા માણસને માટે જુદી જુદી વસ્પતિઓમાં ઓછાવધતો મધુર રસ ઉત્પન્ન કરી, તેની સાથે બીજા રસોને જોડીને વનસ્પતિની યોજના માત્ર જગતના ઉપકાર માટે કરી છે. એજ પ્રમાણે દરેક વનસ્પતિમાં રહેલા ન્યૂનાધિકપણે છયે રસોના પ્રમાણને સમજી, મનુષ્યપ્રકૃતિમાં થયેલી અસમાનતાને સમવૃત્તિમા લાવવા માટે મહર્ષિઓએ વનસ્પતિ માત્રમાં રહેલા છયે રસોનું પૃથક્કરણ કરી, તેને વાપરવાની જે યોજના તૈયાર કરી છે તેનું નામ ચિકિત્સાશાસ્ત્ર છે. એ ચિકિત્સાશાસ્ત્રનું અધ્યયન કરી તે ઉપર પોતાની બુદ્ધિપૂર્વક વિચાર કરી, છયે રસના ગુણધર્મને જાણી, વૈદ્ય [illegible] પદવી મેળવી મનુષ્યપ્રકૃતિ ઉપર યોજના કરી શકે છે. અને વૈદ્ય અઢાર ભાર વનસ્પતિમાંની કોઈ પણ વનસ્પતિ માટે શાસ્ત્રમાં કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ નહિ હોવા છતાં, તે વનસ્પતિને પોતાના ઉપયોગમાં લઈ શકે છે. એટલા માટેજ પૂર્વાચાર્યોએ આયુર્વેદ [illegible] તેમ [illegible] સમુદ્ર [illegible] તેમ વનસ્પતિ [illegible] વર્ણન કરી બુદ્ધિમાન અને વિચક્ષણ મનુષ્યોને માટે વિચાર કરવાનું [illegible] બાકી રાખ્યું છે

[illegible]

કરવાની જરૂર છે કે, જે જે ફળો, પુષ્પો, અનાજ, પલ્લવો, જે જે દેશમાં પાકતાં હોય, તે તે દેશમાંજ ઉપયોગી થઇ શકે છે.

પરંતુ જે દેશમાં જે ઋતુ વર્તતી હોય અને તે ઋતુમાં તે ફળફૂલ તે દેશમાં ન પાકતાં હોય પણ બીજા દેશમાંથી આવતાં હોય, તો પોતાના દેશમાં પાકેલાં ફળો, મનુષ્યપ્રકૃતિ ઉપર જે જાતની અસર ઉપજાવી ફાયદો કરે છે, તેટલી અસર તેઓ કરી શકતાં નથી; પરંતુ મારા વિચાર પ્રમાણે કાંઇક ઊલટી અસર પણ કરે. કારણ કે દ્રવ્યનો રસ પછી તેના ગુણો, વીર્યો, વિપાકો અને શક્તિના રૂપમાં તેને પલટાવું પડે છે. તે પલટાવાના સમયમાં પોતાના દેશમાં જે ઋતુ વર્તતી હોય તે ઋતુના વાતાવરણમાં પસાર થતાં સૂર્યનાં કિરણો મનુષ્યશરીરને નિભાવવા માટે અને મનુષ્યશરીરે જે રસનું ખાનપાનમાં સેવન કરેલું હોય તેને રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્રના રૂપમાં ફેરવવાના કામમાં લાગેલા હોય છે. તે સમયમાં વિદેશથી આવેલાં ફળો અથવા આહારવિહારના પદાર્થો તે તે દેશના હવામાન પ્રમાણે રસથી પૂર્ણ થઇ, બીજા દેશમાં આવેલાં હોય ત્યાંના રસ અને વિપાકમાં બદલાતાં ઊલટી અસરવાળાં થયા વિના ચાલતુંજ નથી, એ વાત નિર્વિવાદ છે. જેમકે હિંદુસ્તાનમાં દરેક ઋતુમાં દરેક ઋતુ વર્તે છે એટલે એક સ્થાનમાં શિયાળો હોય તેજ વખતે બીજા સ્થાનમાં ઉનાળો હોય છે અને તેજ વખતે ત્રીજા સ્થાનમાં ચોમાસું હોય છે. જે સ્થાનમાં શિયાળો હોય તે સ્થાનના મનુષ્યશરીરમાં હિમપૂર્ણ વાતાવરણને લીધે શુષ્કતા વધેલી હોય છે, તે વખતમાં મનુષ્યના ખોરાકમાં પુષ્ટિકારક વસ્તુ જેવી કે મસાલા તથા તેજાના વગેરે ખાઇને, વાતાવરણની શુષ્કતા અંતરવેગી ન થઈ જાય એટલા માટે ખોરાકમાં ફેરફાર કરી, અંતરમાં ઉષ્મા ઉત્પન્ન કરવાની જરૂર પડે છે. તેવા સમયમાં જે સ્થાનમાં ઉનાળાનો પાછલો ભાગ વર્તતો હોય એટલે એ

સ્થાનમાં ગ્રીષ્મમાં ઉત્પન્ન થયેલો ખાટો રસ પ્રાવૃટ્ઋતુ(ચોમાસા)માં મધુરતા પામી, ગળી કેરી તરીકે ઉત્પન્ન થાય છે. તે કેરી જે સ્થાનમાં ગ્રિયાળો વર્તતો હોય તે સ્થાનમાં લાવી તેનો આહાર કરવાથી, મસાલાથી ઉષ્મા ઉત્પન્ન કરવાને બદલે મધુર રસની શીતળતા ઉત્પન્ન થાય છે અને ભીતરમાં શીતળતા ઉત્પન્ન થવાથી, લોહીમાં જે ગરમી હોય છે તે શીતળતા તરફ દોડી જવાથી લોહી ઠંડું પડી તેની ગતિ મંદ થાય છે, જેથી શરીરને પોષનારા તથા નિભાવી રાખનારી બીજી ધાતુઓને ઉત્પન્ન થવામાં અટકાવ થાય છે, જેને પરિણામે શરીર દીન પર દીન અશક્ત થતું જાય છે. આથી પૂર્વાચાર્યો અમને શીખવે છે કે, 'જે સ્થાનમાં જે ઋતુમાં વનસ્પતિ નવપલ્લવિત થયેલી હોય, તેજ વનસ્પતિ તેજ સ્થાનમાં ઔષધરૂપ બની, જીવનને ટકાવી રાખનારી થાય છે.' હવે એ સબંધી થોડો વિચાર આગળ ચલાવીએ. ધારો કે એક વનસ્પતિનો રસ તીખો છે અને જ્યારે તે પાકે ત્યારે પણ તે તીખા રસની વૃદ્ધિ કરે છે. એક વનસ્પતિનો રસ ખાટો છે અને તે પાકે છે ત્યારે ગળ્યો થાય છે. એક વનસ્પતિનો રસ [illegible] છે અને તે પાકે છે ત્યારે કડવો થાય છે. એવી રીતે વનસ્પતિ [illegible] તેના [illegible] કરવા વિશેષ ભાવને પામે છે [illegible] તેના [illegible] [illegible]

ઓછાવધતા પ્રમાણમાં મળેલા તો હોય છેજ અને જો તે પ્રમાણે મળેલા ન હોય તો ઉપર કહી ગયા તેમ, એકલો એક રસ, વિષનું કામ કરી મનુષ્યના પ્રાણની હાનિ કરે છે.

જુદાં જુદાં દ્રવ્યોમાં જુદા જુદા રસો ગોઠવાયા છતાં આપણે તેને પ્રાધાન્ય રસનુંજ નામ આપીએ છીએ. પરંતુ તે દ્રવ્યમાં ગોઠવાયલા જુદા જુદા ગુણધર્મવાળા થઈને, જુદા સ્થાનમાં જુદી જુદી અસર ઉત્પન્ન કરે છે; દાખલા તરીકે સૂંઠ, મરી, પીપર એ ત્રણે દ્રવ્યોમાં તીખો રસ પ્રધાન હોવાથી આપણે તેને તીખા પદાર્થમાં ગણીએ છીએ. જો કોઈને આપણે પૂછીએ કે સૂંઠ, મરી અને પીપરનો સ્વાદ કેવો છે ? તો જવાબ મળશે કે તીખો છે. મનુષ્યપ્રકૃતિનો સ્વભાવ એવો છે કે એક વસ્તુ ચાખીને તીખી છે, વધારે તીખી છે, ઘણી તીખી છે, મોઢું બળી જાય એટલી તીખી છે, એ પ્રમાણે કહી શકશે; પરંતુ ઓછીવધતી તીખાશ કેટલા પ્રમાણમાં છે? અને કયો રસ મળવાથી આ તીખાશમાં વધઘટ થઈ છે તે કહી શકશે નહિ. દાખલા તરીકે એક શેર દૂધમાં વાસ તોલા સાકર નાખીએ, પછી દરેક શેરમાં તોલો તોલો ઘટાડતા જઈએ ને દૂધને પા પા શેર વધારતા જઈએ અને તે દૂધ બીજા માણસને ચાખવાને આપીએ તો ચાખનારો માણસ દૂધ ગળ્યુ છે, એમ કહેશે પણ તેનાથી સાકરનું પ્રમાણ કહી શકાશે નહિ. તેવી રીતે સૂંઠ, મરી અને પીપરને ચાખનારો માણસ તીખા રસ સિવાય બીજા રસની કલ્પના કરી શકશે નહિ. પરંતુ સૂંઠ, મરી ને પીપરનાં જુદાં જુદાં પડીકાં વાળી, ચાખનાર માણસને અજાણમાં રાખી, રાત્રીને વખતે અંધારી ઓરડીમાં બેસાડી, એકેક પડીકામાંથી જુદો જુદો ભૂકો તેને ચાખવા આપીએ, તો તે પોતાની જીભ પર મૂકી સૂંઠ, મરી અને પીપરનો ભૂકો છે એમ જુદાં જુદાં નામો કહી બતાવશે. એ ઉપરથી સાબિત થાય છે કે સૂંઠ, મરી ને પીપર જો કે તીખાં છે તો પણ

તેની સાથે જુદા જુદા પ્રમાણમાં જુદા જુદા રસો મળેલા છે; જેથી દ્રવ્યના ગુણધર્મને જાણનારા વૈદ્યોએ તે તે રસોને ઓળખી, તેને જુદે જુદે સ્થાને કામે લગાડ્યા છે. કેમકે સૂંઠમાં તીખાશ સાથે ખારો રસ અને મધુર રસ મળેલો હોવાથી તે હોજરીમાં રહેલા દૂષિત મળને કાઢી, અગ્નિને પ્રદીપ્ત કરવાને શક્તિમાન થાય છે. તથા પીપરમા તીખા રસ સાથે મધુર, ખારો અને કષાયરસ મળેલો હોવાથી તે પ્રાણવાયુમાં જઈને કફનું ઉન્મૂલન કરે છે અને મરીમાં તીખો ગુણ પ્રાધાન્ય ભોગવતા છતા તેની સાથે મધુર, ખાટો રસ, કષાયરસ મળેલો હોવાથી તે ઉદાનવાયુ એટલે હૃદયના ઉપલા ભાગના જ્ઞાનતંતુઓવાળી જ્ઞાનેંદ્રિયો અને મગજના સ્નાયુઓને નિરામય કરે છે. આ પ્રમાણે અઢાર ભાર વનસ્પતિમાં રહેલા જુદા પિંડપણે જુદા જુદા રસોને ઓળખી, જુદી જુદી પ્રકૃતિના મનુષ્યો ને રોગોના એક જાતના પણ જુદા જુદા હોવાથી ઉત્પન્ન થયેલ ઉપર યોજના કરનાર વૈદ્ય, રસોદ્ધવનો ખરેખર પ્રાણીમાત્રની પ્રકૃતિને લાયક થઈ જગતને અદ્ભુત ઉપકાર કરે છે

નથી; જેમકે જે વનસ્પતિના બીજ ખાંડી, વસ્ત્રગાળ કરતાં ઘણી મહેનત પડે અથવા જે બીજ કઠણ હોય અને તે મધુરરસપ્રાધાન્ય હોય તો તે વીર્યને વૃદ્ધિ કરી, શરીરને દૃઢ કરનારી શક્તિ ધરાવે છે. જે વનસ્પતિનાં ફળમાં સ્નેહગુણ હોઇને, પોચાપણું હોય છે, તે ફળોનાં બીજોમાં વિરેચન અથવા વમન કરાવવાની શક્તિ હોય છે. જે વૃક્ષના અંગમાંથી અથવા ફળમાંથી દૂધ ઉત્પન્ન થાય છે, તેની સાથે જો કષાય રસ મળેલો હોય તો તે દૂધમાં વમનવિરેચન કરવાની શક્તિ હોય છે, પરંતુ એવા વૃક્ષોના દૂધમાં જો મધુર રસ મળેલો હોય તો તે વૃક્ષો શરીરને પુષ્ટ કરી, ધાતુની વૃદ્ધિ કરનારા ગણાય છે. જે દ્રવ્યમાં કડવો રસ પ્રાધાન્ય ભોગવતો હોય એવાં ફળો જો ખાંડવામાં કઠણાશ બતાવે તો તે પણ શરીરને પોષણ કરનારાં, દૃઢ કરનારાં અને શક્તિ વધારનારાં ગણાય છે. એ પ્રમાણે જેમ જેમ કઠણતાવાળા દ્રવ્યના પરમાણુઓ ઘટ્ટ થઇ, ઘનપણાને પામેલા હોય છે, તે તે દ્રવ્યો, શીતવીર્ય એટલે પોષણ કરવાવાળી શક્તિવાળા હોય છે. અને જેમ જેમ દ્રવ્યોમાં પોચાશ વધતી જાય છે અને તેને ખાંડવામાં અથવા વાટવામાં ઓછો શ્રમ પડે છે, તેમ તેમ દ્રવ્યો ઉષ્ણવીર્ય ગણાઇ, શરીરના વિકારોનો હ્રાસ કરી, પોષણતત્ત્વોને તે સ્થાનમાં પ્રવેશ કરીને સ્થિર થવાની જગ્યા તૈયાર કરી આપે છે. એવી રીતે દરેક દરેક વનસ્પતિ ઉપર વિચાર કરી શકાય છે; પરંતુ ઉપર કહી ગયા તેમ વનસ્પતિના પ્રભાવનું વર્ણન તો સિદ્ધો અને યોગીઓજ જાણે છે; જેમ જ્વરના પ્રકરણમાં ઋષિઓનાં શાસ્ત્રો લંઘન, પાચન, શમન અને શોધન દ્રવ્યોની યોજના કરી, જ્વરને દૂર કરવા મનુષ્યને નિરામ બનાવે છે. પરંતુ વનસ્પતિના પ્રભાવને જાણનાર યોગી કાંટાસરિયાના મૂળને તેલનો ધૂપ દઇ, હાથે બાંધે અથવા તાવ આવતાં પૂર્વે પ્રાતઃકાળમાં ખીજડાના ઝાડનું દાતણ કરાવે, તો

ઉપરની વિધિ વડે મનુષ્યને નિરામ કરવાની જરૂર વિના, જ્વરને નસાડી મૂકે છે. એટલે પ્રભાવનું વર્ણન કરવું એ અમારી શક્તિની બહાર છે. આ વિષયમાં અમારી બુદ્ધિ પ્રમાણે ટુંકાણમાં કહેવામાં આવ્યું છે; પરંતુ વિદ્વાન અને પંડિત વૈદ્યો કે જેઓ દ્રવ્યની શક્તિ અને પ્રભાવને જાણનારા હોય તેઓ, જેટલું જેટલું જાણતા હોય તેટલું, મનુષ્ય પ્રાણીના હિતાર્થે અથવા જગતના ઉપકારાર્થે પ્રસિદ્ધિમાં લાવી, સહેલામાં સહેલી રીતે રોગો કેમ નાશ પામે, તે ઉપર અજવાળું પાડી પોતાની વિદ્યાનો પ્રકાશ જનસમૂહ પર પાડવા ચૂકશે નહિ; એવી આગ્રહપૂર્વક વિનંતિ કરી, આ વિષય સંપૂર્ણ કરીએ છીએ.

४–प्राणिमात्रनी उत्पत्ति अने मनुष्यशरीरनी रचना

जगद्योनेरनिच्छस्य चिदानंदैकरूपिणः ।
पुंसोऽस्ति प्रकृतिर्नित्या प्रतिच्छायेव भास्वतः ॥
अचेतनापि चैतन्ययोगेन परमात्मनः ।
अकरोद्विश्वमखिलमनित्यं नाटकाकृतिः ॥

[illegible]

કર્મો. એ ચાર વસ્તુ મળીને આપણને આ જગત દષ્ટિગોચાર થાય છે. જેમ દીવાની પાસે બેઠા વિના અને સૂર્યના તેજ વિના આપણે કોઇ પણ કાર્ય કરી શકીએ નહિ, તેમ ઈશ્વરના સાન્નિધ્ય વિના આપણા જગતનો વ્યવહાર ચાલી શકે નહિ. જેમ દીવો કે સૂર્યનાં કિરણમાં રહીને આપણે સારું કે માઠું કામ કરીએ, તે દીવાને કે સૂર્યને બંધનકર્તા નથી અથવા દીવો કે સૂર્ય તેને અટકાવી શકતો નથી; તેમ ઈશ્વરના સાન્નિધ્યમાં આપણે જે કર્મ કરીએ તે ઈશ્વરને બંધનકર્તા નથી તેમજ તે કર્મ કરતાં ઈશ્વર આપણને અટકાવતો નથી. પરંતુ જગતની વ્યાવહારીક રચના એવી છે કે, આપણે જે જાતના સંકલ્પવિકલ્પ કરીએ તેને અનુકૂળ કર્મનાં પરમાણુઓ આપણા તરફ ખેંચાઇ આવી આત્માની આસપાસ વીંટાય છે, તે કર્મોનુસાર શરીર પોતાનો વ્યવહાર ચલાવે છે. જ્યારે જગતનો ઉત્ક્રાન્તિકાળ હોય છે, ત્યારે દરેક આત્માને પોતાના શરીરની વૃદ્ધિ થતી માલૂમ પડે છે અને જ્યારે અવક્રાન્તિનો કાળ હોય છે ત્યારે દરેક વસ્તુ દિન પર દિન નાના રૂપમાં દેખાતી જાય છે. એટલે દરેક પ્રાણી સૂક્ષ્મરૂપને પામતાં પામતાં પ્રકૃતિભાવને પામે છે, જેને આપણે મહાપ્રલય કહીએ છીએ. પરંતુ પ્રકૃતિભાવમાં રહેલા આત્માઓ તે સ્થિતિમાં પણ નવું કર્મ ઉપાર્જન કરે છે અને જૂનાને ભોગવે છે અથવા ખપાવે છે. એ પ્રમાણે અવક્રાન્તિકાળ વીત્યા પછી ઉત્ક્રાન્તિકાળમાં પાછું એ પ્રકૃતિરૂપ જગત વૃદ્ધિને પામતું જાય છે. એ ઉપરથી આ જગતમાં રહેલા આત્માઓ અને તેમનાં કર્મો અનાદિ છે એમ માનવું પડે છે અને એટલાજ માટે ઈશ્વરને જો કે તે કર્તા નથી તો પણ કર્તાનું આરોપણ કરવું પડે છે. ઈશ્વરને કર્તા, અકર્તા, દાતા–ભોક્તા, કર્તુંમ–અકર્તુંમ, અન્યથા કર્તુંમ, સમર્થ વગેરે કહેવાનો, માનવાનો અને મનાવવાનો વિષય ઘણો તકરારી અને તર્કનો છે. વળી આ વિષય સાથે

તેનો સંબંધ નહિ હોવાથી, એ તકરારમાં ઊતરવાનું અમે પસંદ કરતા નથી. પરંતુ પ્રકૃતિમય જગતમાંથી વિકૃતિરૂપ જગત કેવી રીતે ઉત્પન્ન થાય છે અને તે ક્રમવાર ગોઠવાયા પછી પ્રાણીશરીરની રચના કેવી યુક્તિથી રચાય છે, તે વિષયનું પ્રતિપાદન કરવાનું હોવાથી આપણે તે મુખ્ય વિષય તરફ વળવાની જરૂર પડે છે.

પ્રકૃતિરૂપ જગતને ઓળખવા આપણે વનસ્પતિના નાનામાં નાના બીજનો દાખલો લઈ શકીશું. વનસ્પતિ માત્રમાં જુદે જુદે રૂપે બીજ રહેલાં છે, પણ કેટલીક વનસ્પતિમાં તે બીજ પ્રત્યક્ષ દેખાતાં નથી અને કેટલીકમાં પ્રત્યક્ષ દેખાય છે. દાખલા તરીકે આપણે એક વડનું બીજ લઈએ. તે બીજને બારીક દૃષ્ટિથી અવલોકતાં અને તેને બુદ્ધિપૂર્વક તપાસી વિચાર કરતા આપણને સમજણ પડે છે કે, આ બીજરૂપ દ્રવ્યમા આખું વડવૃક્ષ સૂક્ષ્મ રૂપે સમાયેલું છે અને આ બીજમા તેના રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિઓ રહેલી છે અને તેબીજ આકાશમાં રહેલા સજાતીય દ્રવ્યનું આકર્ષણ કરી, પોતામા રહેલી આકૃતિ પ્રમાણે તે મૂળને, થડને, તેના ડાળને, તેની છાલને, પાંદડાંને, ડીંગોને, ફળને અને ફૂલને ધારણ કરીને વૃક્ષરૂપે ઊગે છે હવે આ સ્થળે કે [illegible] કે એ બીજ જમીનમાં વવાયેલું છે, તે જમીનમાંથી [illegible] પૃથ્વીનું રૂપ ધારણ કરે છે, પરંતુ આકાશમાંથી કઈ તત્ત્વને [illegible] કરતું નથી. [illegible]

દિવસમાં એક ફેરો ફરતી હતી. તે તેને હાલમાં સૂર્યની આસપાસ ફરતાં ૩૬૫ા દિવસ અને કંઈક ઘડી વધારે જેટલી વાર લાગે છે. અર્થાત્ સાર એ નીકળે છે કે, પૃથ્વી જેમ જેમ ભારે થતી જાય છે તેમ તેમ સૂર્યના આકર્ષણથી છૂટી થઇ દૂર જતી જાય છે. એટલે જેટલે દૂર તે ગયેલી હોય તે પ્રમાણમાં તેનો ફરવાનો માર્ગ લંબાય છે અને તેથીજ પૃથ્વીનું વજન વધ્યું છે એમ સાબિત થાય છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે, બીજરૂપ વનસ્પતિ અથવા બીજરૂપ પ્રાણીમાત્ર પોતાને બીજમાં રહેલા કર્મ પ્રમાણે આકાશમાંથી પંચભૂતાત્મક દ્રવ્યોને આકર્ષી, પોતાને મળતા સજાતીય દ્રવ્યનું આકાશમાંથી આકર્ષણ કરી, પોતાનું સ્વરૂપ ખડું કરે છે. તે સ્વરૂપની રચના કેવે કેવે પ્રકારે થાય છે અને તે તે પ્રકારોને તે તે રૂપમાં ગોઠવાયા પછી તેને કયા નામથી ઓળખવામાં આવે છે, તેનું વર્ણન કરવું આ સ્થળે આવશ્યક છે.

જગતની ઉત્પત્તિના કારણભૂત જે પ્રકૃતિ છે, તે પ્રકૃતિ ઇચ્છામયી એટલે સત્ત્વ, રજ અને તમોગુણના સ્વભાવવાળી હોવાથી બુદ્ધિને ઉત્પન્ન કરે છે; અને બુદ્ધિથી અહંકાર ઉત્પન્ન થાય છે. તે અહંકાર રાજસ, તામસ અને સત્ત્વગુણના ભેદથી ત્રણ પ્રકારનો ગણાય છે. અર્થાત્ વિકારવાળો સત્ત્વગુણી, જ્યારે તેજસ એવા રજોગુણી અને ભૂતાદિરૂપમાં આવે છે ત્યારે તે તમોગુણી ગણાય છે. હવે જે પ્રકૃતિમાં સહાયક રજોગુણ હોય અને તમોગુણ તેમાં મિશ્રિત થયો હોય તે સાત્ત્વિક અહંકાર કહેવાય છે અને એ સાત્ત્વિક અહંકારથી કાન, ચામડી, આંખ, જીભ, નાક, પગ, હાથ, વાણી, લિંગ, ભગ, ગુદા અને મન એ ૧૧ ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે. તેમાં પ્રથમની પાંચ ઇંદ્રિયોને બુદ્ધિનો આશ્રય હોવાથી, તે જ્ઞાનેંદ્રિયો કહેવાય છે અને બાકીની પાંચ ઇંદ્રિયોને કર્મનો (ક્રિયાનો) આશ્રય હોવાથી તે કર્મેંદ્રિયો કહેવાય છે. આ મન એ બુદ્ધિ અને કર્મના ભેગા વ્યવ-

કારનું ઉપાદાન કારણ હોવાથી, મનને ૧૧મી ઇંદ્રિય ગણેલી છે; અથવા રાજસ અહંકારથી ઇંદ્રિય, સાત્વિક અહંકારથી ઇંદ્રિયોના દેવતા અને મન એમને જુદાં જુદાં પાડીને તેનાથી ચાલતો વ્યવહાર તેને ઉત્પત્તિક્રમ કહે છે. હવે રાજસ અહંકાર જેનો સહાયક થાય છે અને સાત્વિક અહંકારનું મિશ્રણ થવાથી જે તામસ અહંકારનું રૂપ પકડે છે, તેને તન્માત્રાઓ કહેવામાં આવે છે. અને તે તન્માત્રાઓ જુદે જુદે સ્થળે રહી જુદાં જુદાં કાર્ય કરે છે, તેથી તેને પાંચ નામ આપવામાં આવ્યાં છે; જેવાં કે શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા અને ગંધતન્માત્રા. એ પ્રમાણે પાંચ તન્માત્રાઓનાં નામ આપી શકાય છે, પરંતુ તેના ખરા સ્વરૂપને યોગીઓ જ જાણી શકે છે. એ પંચ તન્માત્રાઓ [illegible] અને તે [illegible] પામે છે ત્યારે [illegible] છે. [illegible]

સંપૂર્ણ જગતમાં દશ ઇંદ્રિયો, મન અને પંચમહાભૂત એ સોળ વિકાર સર્વત્ર વ્યાપક છે.

૧. અવ્યક્ત, ૨. મહાન, ૩. અહંકાર, ૪. શબ્દતન્માત્રા, ૫. સ્પર્શતન્માત્રા, ૬. રૂપતન્માત્રા, ૭. રસતન્માત્રા, ૮. ગંધતન્માત્રા, ૯. શ્રોત્રતન્માત્રા, (કાન) ૧૦. ત્વક્ (ચામડી), ૧૧. ચક્ષુ (નેત્ર), ૧૨. ઘ્રાણ (નાક), ૧૩. (રસના) જીભ, ૧૪. વાક (વાણી), ૧૫. હાથ, ૧૬. પગ, ૧૭. ઉપસ્થ (લિંગ અને યોનિ), ૧૮. પાયુ (ગુદા), ૧૯. મન, ૨૦. પૃથ્વી, ૨૧. પાણી, ૨૨. તેજ, ૨૩. વાયુ અને ૨૪. આકાશ. એ પ્રકારે ૨૪ તત્ત્વો થયાં. એમાંથી નિર્માણ થયેલા શરીરરૂપ ઘરમાં ૨૫મો પુરુષ એટલે આત્મા સર્વકાળે રહે છે. તેને જીવાત્મા કહે છે; મન તેનો દૂત છે. એ જીવાત્મા મહદાદિકૃત સૂક્ષ્મ લિંગશરીરમાં રહે છે, એટલા માટે તે દેહી કહેવાય છે અને તે પાપ, પુણ્ય તથા સુખદુઃખથી યુક્ત છે અને વર્તમાન કાર્યવાહી મનના યોગથી તે કર્મબંધનથી બંધાયેલો છે. તે મનના યોગે ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, પ્રાણ, અપાન, ઉન્મેષ, બુદ્ધિ, સંકલ્પ વિચાર, સ્મૃતિ, વિજ્ઞાન, અધ્યવસાય, વિષય, ઉપલબ્ધિ ઇત્યાદિ કર્મને કરવાવાળી સૂક્ષ્મ પ્રકૃતિથી બંધાયલો છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, દશ ઇંદ્રિય અને બુદ્ધિ એ જીવના બંધનરૂપ છે, તેનાં લક્ષણ નીચે પ્રમાણે કહેવામાં આવે છેઃ-

કામ-પુરુષોને સ્ત્રીઓમાં અને સ્ત્રીઓને પુરુષોમાં પરસ્પર પ્રીતિ કરાવે છે, જેથી ભોગ્ય અને ભોક્તાના હક્કો સ્થાપિત થાય, તેને કામ કહે છે.

ક્રોધ-એકી વખતે મનુષ્યશરીરના હૃદયમાંથી ગરમી ઉત્પન્ન થઇને, અન્ય મનુષ્યને દુઃખ ઉત્પન્ન કરવાવાળી વાણીથી ચિત્તને ક્લેશ ઉત્પન્ન કરે છે તેને ક્રોધ કહે છે.

લોભ-પારકું ધન, પારકો ભાગ કે પારકું સામર્થ્ય જોઈને અથવા સાંભળીને તેથી મનુષ્યના ચિત્તમાં જે તૃષ્ણા ઉત્પન્ન થાય છે, તેને લોભ કહે છે.

મોહ-અકલ્યાણકારી અથવા કલ્યાણકારી વિષયોમાં બુદ્ધિના ભ્રમથી જેને સંશય ઉત્પન્ન થાય છે અને જેને હિતકારી વસ્તુમાં અહિત દેખાય છે અને અહિતકારીમાં હિત દેખાય છે, તેને મોહ કહેવામાં આવે છે.

અહંકાર-જે પ્રાણી કાર્ય-કારણયુક્ત થઈને આ કાર્ય હું કરું છું એવા અભિમાન સાથે કોઈ પણ ક્રિયામાં પ્રવેશ કરે છે, તેને અહંકાર કહે છે.

[illegible] ને લીધે [illegible] ને પ્રાપ્ત કરે છે અને [illegible] છે [illegible] છે [illegible] ઉત્પન્ન કરે છે તે વ્યાધિ કહેવાય છે અને [illegible] ઉત્પન્ન કરે છે [illegible] છે [illegible] છે અને [illegible] [illegible] [illegible] [illegible]

ઓની સમીપમાં રહેનારા સાત ઉપધાતુ છે અને તે બધા વ્યાપાર-ને ઢાંકી સુરક્ષિત ચાલવા માટે ચામડીનાં સાત પડ છે. વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષ છે. મનુષ્યશરીરમાં દોરીની પેઠે અથવા વેલીની પેઠે ૯૦૦ બંધન છે, જેને સ્નાયુ કહે છે. આ શરીરમાં ૨૧૦ સાંધાઓ છે અને કેટલાક આચાર્યોના મત પ્રમાણે એનાથી અધિક પણ છે. શરીરને આધારભૂત અને બળને આપવાવાળાં ૩૦૦ હાડકાં છે. જીવનાં આધારભૂત ૧૦૭ મર્મસ્થાન છે. દોષ, ધાતુ તથા મળને વહેવાવાળી ૭૦૦ શિરા એટલે નસો છે. તેમાંથી રસને વહેવાવાળી ૨૪ ધમની એટલે નાડી છે. પુરુષ-શરીરમાં માંસ-પેશીઓ એટલે માંસના લાંબાટૂંકા ૫૦૦ કકડાઓ છે, તથા સ્ત્રીઓનાં શરીરમાં ૨૦ માંસપેશી અધિક છે. મોટા મોટા સ્નાયુઓ જેને કન્ડરા કહેવામાં આવે છે તે ૧૬ છે. પુરુષના શરીરમાં દશ રંધ્ર એટલે છિદ્ર છે અને સ્ત્રીઓનાં શરીરમાં ત્રણ છિદ્ર વધારે છે. એ પ્રમાણે મનુષ્યશરીરના જુદા જુદા ભાગોનું ટૂંકામાં વર્ણન કરવામાં આવ્યું, તેનો હવે વિસ્તારપૂર્વક ખુલાસો કરવામાં આવે છે.

કળા–પહેલી કળા માંસને ધારણ કરે છે તેથી તે માંસધરા કહેવાય છે. બીજી કળા રુધિરને ધારણ કરે છે તેથી તેને રક્તધરા કહે છે અને એવી રીતે મેદને ધારણ કરનારી મેદધરા કહેવાય છે. યકૃત અને પ્લીહાની ચોથી કળા છે, જે એ બેઉની મધ્યમાં રહે છે. એટલા માટે એને કફધરા કહે છે. આંતરડાંને ધારણ કરવાવાળી પાંચમી કળાને પુરીષધરા કહે છે. અગ્નિને ધારણ કરવાવાળી છઠ્ઠી કળાને પિત્તધરા કહે છે અને સાતમી કળાને શુક્રધરા કહે છે; એટલા માટે એનું નામ રેતોધરા આપવામાં આવ્યું છે.

આશય–વક્ષઃસ્થળમાં કફનું સ્થાન એટલે કફનો આશય છે. કફના સ્થાનની જરા નીચે આમાશય છે. નાભિની ઉપર ડાબી બાજુ તરફ અગ્નિનું સ્થાન છે તેને ગ્રહણી કહે છે. એ અગ્નિના

સ્થાનની ઉપર તિલ છે, તેને કલોમ કહે છે; અને તે તૃષાનું સ્થાન છે, એટલે તૃષા ત્યાંથી ઉત્પન્ન થાય છે. કેટલાક આચાર્યોનો એવો મત છે કે તિલની ઉપર જળ છે, અર્થાત્ અગ્નિની ઉપર પાણીનું સ્થાન છે અને પાણી ઉપર અન્નને રહેવાનું સ્થાન છે; અને અગ્નિની નીચે પવન સ્થિર રહીને અગ્નિને ફૂંકે છે. એવી રીતે વાયુએ પ્રદીપ્ત કરેલ અગ્નિ, ઉપરના જળને ગરમ કરે છે તેણી ઉષ્ણ જળને લીધે અન્નનો સારી રીતે પરિપાક થાય છે અગ્નિના સ્થાનની નીચે જે પવનનું સ્થાન છે, તે પવનનું નામ સમાન વાયુ કહેવાય છે. તે પવનના સ્થાનની નીચે મળાશય એટલે મળનું સ્થાન છે અને તેનેજ પક્વાશય કહે છે, જે નાભિ ભાગમાં રહે છે લોકિકભાષામાં તેને ઉંડુક કહે છે અને કેટલાક તેને [illegible] કહે છે [illegible] ઉંડુક-ઉંડુકથી પક્વાશય જુદું છે. [illegible] વરકે પુરીષ [illegible] તેને ઉંડુક કહ્યા છે અને તેની [illegible] જમણી બાજુ પર યામશાની [illegible] છે, [illegible] આવે છે [illegible] છે, [illegible] છે [illegible]

[illegible]

જળ,કપાળનું જળ, એ રસધાતુના મળ જાણવા. રંજકપિત્ત એટલે રુધિરને રંગવાવાળું પિત્ત, રુધિરનો મળ છે. કાનનો મેલ એ માંસનો મળ છે. જીભ, દાંત, કાખ અને ઉપસ્થ ઇંદ્રિયનો મેલ તે મેદધાતુનો મળ છે. નખ, હાડકાંનો મળ છે. તેમ વાળ, અને રૂંવાડાં એ પણ હાડકાંના મળ છે. આંખનો મેલ, તથા મોઢા ઉપરની ચીકાશ એ મજ્જા ધાતુનો મળ છે; મુખ ઉપરની કાળી ફોલ્લીઓ તથા દાઢી, મૂછ અને ગુહ્ય ભાગના વાળ, એ શુક્ર ધાતુનો મળ છે.

સ્તનમાં ઉત્પન્ન થતું દૂધ રસધાતુની ઉપધાતુ છે અને રજ અર્થાત્ સ્ત્રીઓને માસિક રુધિર આવે છે તે રુધિર ધાતુની ઉપધાતુ છે. એ બેઉ ઉપધાતુ સ્ત્રીઓમાં કાળવિશેષે કરીને પ્રગટ થાય છે અને કાળવિશેષે નષ્ટ થાય છે. શુદ્ધ માંસથી ઉત્પન્ન થયેલી ઉપધાતુને વસા કહેતાં ચરબી કહે છે. મેદ ધાતુની ઉપધાતુ પરસેવો છે. અસ્થિ ધાતુની ઉપધાતુ, દાંત અને નખ છે; કેશ એ મજ્જા ધાતુની ઉપધાતુ છે અને ઓજસ એ શુક્ર ધાતુની ઉપધાતુ છે. એવી રીતે સાત ધાતુથી ઉત્પન્ન થયેલી સાત ઉપધાતુ જાણવી.

ચામડીનાં સાત પડ પૈકી પહેલા પડનું નામ અવભાસિની છે. તેમાં સિધ્મ નામનો કોઢ પેદા થાય છે. બીજા પડનું નામ લોહિતા છે તે તિલ અને કાળા કોઢની જન્મભૂમિ છે. ત્રીજા પડનું નામ શ્વેતા છે. તે ચર્મદળ નામના કુષ્ઠ રોગની જન્મભૂમિ છે. ચોથા પડનું નામ તામ્રા છે, તે પડમાં કિલાસ નામનો કુષ્ઠ ઉત્પન્ન થાય છે. પાંચમા પડનું નામ વેદિની છે, તે સંપૂર્ણ કુષ્ઠની જન્મભૂમિ છે. છઠ્ઠા પડનું નામ રોહિણી છે, તે ગાંઠ, ગંડમાળ, અપચો તથા અર્બુદરોગને પેદા થવાનું સ્થાન છે. સાતમા પડનું નામ સ્થૂલા છે તે વિદ્રધી, અર્શ, ભગંદર, આદિ રોગ થવાની જગ્યા છે. અને એ સાતે પડનું એકંદર માપ બે વ્રિહી જેટલું છે, એટલે કે તેની જાડાઈ ભાતનાં બે છાલાં જેટલી છે.

શરીરમાં વાયુ, પિત્ત અને કફ એ ત્રણ દોષ છે. જે રસાદિ ધાતુઓને દૂષિત કરે છે, એટલા માટે તેને દોષ કહે છે. એ દોષ સમાનભાવે વર્તતા હોય તો શરીરને ધારણ કરનારા હોવાથી તેમને ધાતુ નામ પણ આપવામાં આવ્યું છે. અને તે રસાદિ ધાતુઓને મલિન કરે છે. એટલા માટે એને મળસંજ્ઞા પણ આપવામાં આવી છે. એ દોષોને શરીરમાં રહેલા હોવાથી એક એકને પાંચ પાંચ પ્રકારના કલ્પ્યા છે. જેમકે પ્રસ્પન્દન, ઉદ્વહન, પૂરણ, વિવેચન અને ધારણ એ પાંચ [illegible] વાયુ પાંચ પ્રકારે કરીને શરીરને ધારણ કરે છે. [illegible] રંજન, પક્તિ, ઓજસ, તેજ[illegible] અને [illegible] પાંચ [illegible] અગ્નિકર્મથી દેહનું પાલન કરે છે તથા [illegible], [illegible], [illegible] સ્નેહન, [illegible] [illegible] [illegible] કરીને, [illegible] કરીને દેહનું પાલન [illegible]

તેનો રંગ પીળો છે, પણ તે દૂષિત થાય છે, ત્યારે તે નીલવર્ણો થઈ જાય છે. પિત્તમાં સત્ત્વગુણ અધિક છે તેમ શુદ્ધ પિત્તનો સ્વાદ તીખો અને કડવો છે. ઉષ્ણાદિ પદાર્થનો સંયોગ થવાથી પિત્ત વિદગ્ધ થઈ જાય છે, એટલે તેનો સ્વાદ ખાટો થઈ જાય છે. એ પિત્ત શરીરનાં પાંચ સ્થાનમાં રહે છે. કોઠામાં અગ્નિનું સ્થાન છે. તે સ્થાનમાં જે પિત્ત તે અગ્નિરૂપ થઈને એક તિલ બરાબર છે, તે પિત્ત પોતાના સ્થાનમાં રહીને ચાર પ્રકારના આહારને પચાવે છે. એટલા માટે તેને પાચકપિત્ત કહે છે. ચામડીમાં જે પિત્ત રહે છે તે પિત્ત શરીરમાં કાન્તિ ઉત્પન્ન કરે છે. ચંદનાદિનો લેપ, તેલાદિકનો અભ્યંગ અને સ્નાન કરેલા પાણીને પચાવે છે, એટલા માટે તેને ભ્રાજક પિત્ત કહે છે. તે પિત્ત ડાબી તરફ પ્લીહાના સ્થાનમાં રહીને જેમ રસમાંથી રુધિરને ઉત્પન્ન કરે છે, તેવીજ રીતે જમણી તરફ યકૃતના સ્થાનમાં રહીને પણ રસથી રુધિરને ઉત્પન્ન કરે છે અને તે પિત્ત દૃષ્ટિગોચર થાય છે તેથી તેને રંજકપિત્ત કહે છે. બે આંખોમાં જે પિત્ત રહે છે તે સફેદ, નીલ, પીળાં આદિ રૂપનાં દર્શન કરાવે છે; તેથી તેને આલોચક પિત્ત કહે છે. જે પિત્ત હૃદયમાં રહીને મેધારૂપ ને પ્રજ્ઞારૂપ બુદ્ધિ ઉત્પન્ન કરે છે, તેને સાધકપિત્ત કહે છે.

કફ નામનો જે દોષ છે તે ચીકણો, ભારે, સફેદ, પિચ્છિલ અને શીતળ છે. કફમાં તમોગુણ અધિક છે અને તે મીઠો છે. તે વિકૃતિને પામે છે ત્યારે ખારો થઈ જાય છે. એજ કફ પાંચ સ્થાનમાં રહીને દેહની સ્થિરતા તથા પુષ્ટતાને કરે છે. આમાશયમાં જે કફ રહે છે, તેને ક્લેદન કફ કહે છે. તે આમાશયમાં રહીને ચાર પ્રકારના આહારને આધાર આપે છે તથા મધુર, પિચ્છિલ, પ્રક્લેદિત્વ હોવા છતાં પોતાની શક્તિએ કરીને સંપૂર્ણ કફનાં સ્થાનો પર તે તે સ્થાનોનાં કાર્યો કરીને ઉપકાર કરે છે. માથામાં રહેવાવાળા કફને સ્નેહન કફ કહે છે. એ તર્પણ આદિ દ્વારા ઇંદ્રિયોને

પોતપોતાના કાર્યમાં સમર્થયુક્ત કરે છે. કંઠમાં રહેલા કફને રસન કફ કહે છે. તે જીભની જડમાં સ્થિર રહીને કટુતિક્તાદિ રસોના જ્ઞાનનું કારણ થાય છે. હૃદયમાં રહેવાવાળા કફને અવલંબન કફ કહે છે, તે અવલંબનાદિ કર્મ દ્વારા હૃદયનું પોષણ કરે છે. શરીરના સાંધાઓમાં રહેવાવાળા કફને સંશ્લેષણ કહે છે. તે દરેક સાંધાને યથાસ્થિત રાખે છે એ પ્રમાણે વાયુ, પિત્ત અને કફ શરીરના ભિન્ન ભિન્ન પાંચ સ્થાનમાં રહીને, શરીરનો કારભાર ચલાવે છે; પરંતુ તેમાં જો વાયુ વિક્રિયા પામે, તો જે જે સ્થાનમાં [illegible] કફ તથા પિત્ત [illegible] તે [illegible] એ [illegible] છે [illegible] રોગરૂપે દેખાડી, [illegible] શરીરને [illegible] મૃત્યુને [illegible]

[illegible]

[illegible]

[illegible]

સ્નાયુઓ છે તે મોટા અને પીળા છે. એ પ્રકારે સઘળા મળીને
૦ સ્નાયુઓ થાય છે અને તેથી દેહનું બંધારણ થયેલું છે. એ
યુથી બંધાયલા સાંધાઓ બે પ્રકારના છે. એક ચળ અને બીજો
ળ. તેમાં ડોકી, કમ્મર, હાથ તથા પગમાંના અને નાડીના
ાઓ ચલાયમાન છે, બાકીના સર્વ સાંધાઓ અચળ છે. એવી
બધા સાંધાઓ મળીને ૨૧૦ થાય છે. તેમાં કફના જેવો
ર્થ ભરેલો છે. તેનું પ્રયોજન એવું છે કે, જેમ રથનાં ચક્રો
ાદિકના સંયોગથી નિર્વિઘ્ને ફરે છે, તેવી રીતે એ સાંધાઓ
ાર્થના સંયોગથી ચલાયમાન વિષયમાં સામર્થ્યવાળા થાય છે.

મનુષ્યશરીરમાં આત્માનાં આધારભૂત એવાં ૧૦૭ મર્મસ્થાન
એ મર્મસ્થાન પાંચ પ્રકારનાં છે. જેમકે માંસમર્મ ૧૧, શિરા-
ર્મ ૪૧, સ્નાયુમર્મ ૨૭, અસ્થિમર્મ ૮ અને સંધિમર્મ ૨૦
પ્રકારે બધાં મળી ૧૦૭ મર્મસ્થાન છે. એ મર્મસ્થાનોમાં કેટ-
ક તરત પ્રાણ હરનારાં છે, કેટલાંક કાળાંતરે પ્રાણ હરનારાં છે,
ટલાંક વૈકલ્ય કરનારાં છે અને કેટલાંક માત્ર પીડાકારી છે.

શિરાઓ એટલે કે નસો જે સાંધાઓને બાંધી રાખનારી છે
તને વાતાદિદોષ અને રસાદિ ધાતુને વહેવાવાળી છે, તે સ્થૂલ
અને સૂક્ષ્મ એમ બે પ્રકારની છે અને તેનાં મૂળ નાભિસ્થાનમાં
. નાભિસ્થાનમાંથી તે શિરા ઉપર, નીચે અને તીરછી ગતિમાં
લાયલી છે, જેની સંખ્યા ૪૦ છે. તેમાં ૧૦ વાયુને વહન કરાવવા-
ાળી, ૧૦ પિત્તને, ૧૦ કફને વહન કરાવવાવાળી અને ૧૦ રુધિરને
હન કરાવવાવાળી છે. હવે વાયુને વહન કરાવવાવાળી જે ૧૦
શિરાઓ છે તેમાંથી ૧૭૫ બીજી શિરાઓ ફૂટેલી છે. એવીજ રીતે
પિત્તને વહન કરવાવાળી, કફને વહન કરાવવાવાળી અને રક્તને
વહન કરવાવાળી શિરાઓમાંથી એકસો પંચોતેર બીજી શિરાઓ
નીકળેલી છે. એ સર્વને ગણતાં ૭૦૦ શિરાઓ થાય છે,

મનુષ્યશરીરમાં જે રસવાહિની નાડી છે તે પવનનું ધમન કરે છે, એટલા માટે તેને ધમની કહે છે. એ ધમની નાડી ૨૪ છે. એ પણ નાભિસ્થાનથી પ્રગટ થઈને ૧૦ નીચે ગઈ છે, કે જે વાયુ, મળમૂત્ર, શુક્ર, આર્તવ અને અન્ન અને જળરસને વહન કરાવે છે તથા ૧૦ ઊર્ધ્વગામિની ધમનિ છે. તે શબ્દ, રૂપ, રસ ગંધ, શ્વાસોચ્છ્વાસ, બગાસાં, ક્ષુધા, હસવું, બોલવું, રડવું ઇત્યાદિને વહન કરાવે. દેહને ધારણ કરે છે. અને તીરછીગતિમાં જનારાની ૪ ધમનિ છે. તે ૪ ધમનીમાંથી અસંખ્ય ધમનીઓ ઉત્પન્ન થએલી છે, જેથી મનુષ્યશરીર જાળની પેઠે પરિવ્યાપ્ત એટલે વીંટળાઈને રહેલું છે તેનાં મુખ રોમકૂપોથી બંધાયલાં છે અને તે રસને સર્વત્ર પહોંચાડે છે, પસીનાને બહાર કાઢે તથા ઉપર લગાડેલ અને તેલ વિગેરે પદાર્થને શોષણ કરી જાય છે. એ પ્રકારે ૨૪ ધમનીઓનું રૂપ છે

હૃદયના ડાબા ભાગમાં રક્તથી ઉત્પન્ન થયેલી પ્લીહા કહેતા ળ છે અને તેના ઉપર રુધિરના ભાગથી ઉત્પન્ન થયેલું ફેફસું ની નાડીને વળગી રહીને શ્વાસનું કાર્ય કરે છે, જે દ્વારા મ દેહની ચેષ્ટા થાય છે, જો કે એની ઉત્પત્તિ ડાબી તરફથી લી છે, તો પણ જમણી બાજુ સુધી ફેલાયલી છે. હૃદયના ણ ભાગમાં યકૃત એટલે કલેજું રહેલું છે, તેમાં ફેફસું, જે છે ન અર્થાત્ કંઠસ્થ વાયુનો આધાર છે અને જે પ્લીહા છે રુધિરને વહેવાવાળી શિરાઓનું મૂળ છે. એ પ્રમાણે યકૃત છે તે કાપિત્ત અને રુધિરનું સ્થાન છે.

રુધિરની કીટીથી ઉત્પન્ન થયેલું અને જમણા ભાગમાં રહેલું કલેજું છે તેની પાસે તિલ નામનું એક સ્થાન છે, જેને કલોમ ક છે. એ કલોમ જળને વહેવાવાળી નાડીઓનું મૂળ છે એટલા ટે તૃષાનું આચ્છાદાન કરે છે.

વૃક્ક રક્ત અને મેનના સારાંશથી ઉત્પન્ન થાય છે, જેને કુક્ષિ-ાલક એટલે ગુરદા કહેવામાં આવે છે. તે પેટમાં રહેવાવાળા દને પુષ્ટ કરે છે; અર્થાત્ બીજા સ્થાને જે મેદ રહેલો છે તેને એ ષ્ટિ આપી શકે તેમ નથી. માત્ર પેટના મેદનેજ એ પુષ્ટિ આપે છે.

માંસ, કફ અને મેદના સારાંશથી વૃષણ અર્થાત્ અંડકોશ ત્પન્ન થાય છે અને તે વીર્યવાહી નાડીઓનો આધાર છે એટલા ાટે તે પુરુષાર્થ અર્થાત્ પુરુષબળને આપવાવાળા છે.

લિંગ કહેતાં ઉપસ્થ ઇંદ્રિય જેની સાથે વર્તમાન હૃદયને બંધન કરાવવાવાળી ચાર કંડરા રહેલી છે અને તેના અગ્ર ભાગથી આ લિંગ પેદા થાય છે, તે લિંગ વીર્ય દ્વારા ગર્ભને ઉત્પન્ન કરે છે અને એ વીર્ય તથા મૂત્રને બહાર કાઢવાનો માર્ગ છે.

રુધિરના સારથી પ્રગટ થયેલું હૃદય, કમળની કળીની પેઠે જરા

બીહિતું, નીચા મુખવાળું ચૈતન્યનું સ્થાન થઈને, ઓજ એટલે સંપૂર્ણ ધાતુઓના તેજનો સાર છે. જો કે સામાન્ય રીતે સર્વ દેહજ ચૈતન્યનું સ્થાન છે, પરંતુ મુખ્યતઃ હૃદયજ ચૈતન્યનું સ્થાન છે.

નાભિના સ્થાનમાં રહેલ.વાળી શિરા અને ધમનીઓ સંપૂર્ણ શરીરમાં વ્યાપ્ત થઈને, રાત્રિદિવસ વાયુનો સંયોગ પામીને, રસાદિ સર્વ ધાતુને સર્વ શરીરમાં લઈ જઈને શરીરનું પોષણ કરે છે. તે તરુણ પુરુષના શરીરને પુષ્ટ કરે છે અને વૃદ્ધ મનુષ્યના દેહનું પાલન કરે છે. કહ્યું છે કે, પવનના સંયોગથી એટલે પ્રાકૃત પવનની સહાયથી પોષણ કરે છે. કોઈ કોઈ પ્રશ્ન કરે કે આ શિરાઓ કઈ ધાતુથી પોષણ કરે છે? તેના જવાબમાં કહેવાનું કે સંપૂર્ણ રસાદિ ધાતુથી પોષણ કરે છે.

પંચભૌતિક અન્નાદિકના આહાર પ્રાણવાયુથી પ્રેરિત થઇને આમાશયમાં જાય છે. પછી તે છ રસવાળો આહાર મધુરભાવને તથા ફીણના રૂપને પ્રાપ્ત થાય છે; કારણ કે આમાશય કફનું સ્થાન છે અને કફનો મીઠો રસ છે. એટલા માટે એ સ્થાનમાં ગયેલા છ પ્રકારનાં રસવાળાં અન્નો મિષ્ટભાવને પામે છે અને એ મિષ્ટ અવસ્થાવાળા રસને આમાજીર્ણ કહેવામાં આવે છે. તે પછી તે આહાર, તેજ આમાશયમાં પાચકપિત્તના તેજથી પાકીને ખાટો પદાર્થ બને છે. તે પાચકપિત્ત પીળા રંગનો પાતળો પદાર્થ છે. જ્યારે તે પૂર્વે કહેલા મધુર આહારમાં મળે છે, ત્યારે તે મધુર પદાર્થને ખાટા બનાવી દે છે. તે પછી તે આમાશયના સમાનવાયુને લઇને ગૃહણી એટલે અગ્નિ સ્થાનમાં લઇ જાય છે. તે ગૃહણીસ્થાનમાં કોષ્ટાગ્નિને લીધે તે આહારનો પાક થાય છે. તે પાક કટુ કહેતાં તીખો થાય છે એટલે આહારની પ્રથમાવસ્થા મધુર, બીજી અવસ્થા ખાટી અને ત્રીજી અવસ્થા કટુ કહેતાં તીખી થાય છે. એ આહારનો ઉત્તમ પાક થયો હોય તો તેને રસ કહે છે અને કાચો પરિપાક થયો હોય તો તેને આમ કહે છે. પૂર્વે કહેલો રસ, અગ્નિના બળે કરીને મધુર ભાવ અને ચીકાશને પ્રાપ્ત થઇને સંપૂર્ણ રક્તાદિ ધાતુઓનું પોષણ કરે છે. એટલા માટે ઉત્તમ પ્રકારે પરિપક્વ થયેલો રસ અમૃતતુલ્ય કહેવાય છે અને તેજ રસ, મંદાગ્નિને લીધે વિદગ્ધ થઇને વિષભાવને પામે છે અર્થાત્ કટુ-અમ્લ થઇને પ્રાણનો નાશકર્તા થાય છે. કોઇ વખતે તે થોડા હોવાથી મોતનું કારણ થતું નથી, તો પણ દોષોને દૂષિત કરીને અનેક પ્રકારના લોહીવિકારો, જ્વર, ભગંદર અને કુષ્ઠાદિ રોગોને ઉત્પન્ન કરે છે. તે આહારના ઉત્તમ પરિપાકને સાર કહે છે અને તે સારથી ઊલટો જે નિઃસાર પદાર્થ છે તેને મળદ્રવ કહે છે. તે પૈકી જે દ્રવ પદાર્થ છે તે મૂત્રવાહિની શિરાઓ દ્વારા બસ્તીમાં આવીને

મૂત્ર થઈ જાય છે અને જે મળ બાકી રહ્યો તે કીટરૂપ ધારણ કરીને પક્વાશયના એક દેશમાં જઈને મળ (વિષ્ટા) બની જાય છે. તે મળ ગુદા સાથે સંબંધ ધરાવનારા અપાનવાયુથી અધઃપ્રેરિત થઈને ગુદાની આકૃતિ કે જે શંખની નાભિના આંટાના આકારની છે અને જે ત્રણ આંટામાં ગોઠવાયલી છે, તેના પહેલા આંટાનું નામ પ્રવાહિની, બીજાનું નામ સર્જની અને ત્રીજાનું નામ સંવરણી છે, [illegible]

[illegible]

આપણા આત્માની સાથે અનાદિ કાળથી મિત્રતા અને શત્રુતાના સંસ્કાર વડે કર્મબંધનથી બંધાયલો હોવાથી, કાળનું બળ પામીને યોગ્ય સમયે પોતાના સૂક્ષ્મ શરીરને સાથે લઇને, આપણા આત્મા સાથે જોડાય છે. જ્યારે જ્યારે તેના કર્મનો વિપાક પૂરો થાય છે ત્યારે ત્યારે તે સુખ કિંવા દુઃખનું ભાન કરાવી, શરીરમાંથી છૂટો પડી ચાલ્યો જાય છે; એટલે મનુષ્ય જન્મ પછી દરરોજ આત્મા પોતાના આકર્ષણબળથી અને ખાનપાનના યોગથી સાઠ ભાગ પરમાણુને નવાં આકર્ષે છે અને ચાળીસ ભાગ પરમાણુ પોતાનું કર્મ ભોગવીને તે આત્મા સાથેનું ઋણાનુબંધ સમાપ્ત કરીને ખરી જાય છે. જેને આપણે વૃદ્ધિનો કાળ ગણીએ છીએ, તે જ્યારે વીસ વર્ષની ઉમ્મર પૂરી થાય ત્યારથી પચાસ ભાગનું આકર્ષણ થાય છે અને પચાસ ભાગનો ક્ષય થાય છે. એટલે તેને સ્થિરાવસ્થા કહેવામાં આવે છે જેમાં મનુષ્યશરીર સ્થિર થઇ જાય છે. પરંતુ જો એ સ્થિરાવસ્થામાં મનુષ્ય પોતાના આહારવિહારની ચર્યા પાળવામાં ભૂલ કરે, તો આકર્ષણશક્તિ ઘટે છે અને પરમાણુની છૂટા પડવાની શક્તિ વધે છે, તેથી વૃદ્ધાવસ્થા જલદી આવી મોત પાસે આવે છે એટલે શરીર અને પ્રાણનો વિયોગ જલદી થાય છે. પરંતુ સ્થિરાવસ્થામાં રીતસર કોઇ પણ જાતની ભૂલ કર્યા સિવાયની ચર્યા પાળવામાં આવે, તો તે મનુષ્ય સો વર્ષ પર્યન્ત પોતાના જીવનને નિરામય સ્થિતિમાં ટકાવી રાખી શકે છે. જો પોતાના પ્રાણને સંયમમાં રાખી, તેના વહનને કબજામાં રાખવાની વિદ્યા જાણીને ચર્યા કરવામાં આવે, તો આ દેહ અને પ્રાણનો વિયોગ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તેટલા કાળ સુધી ટકાવી શકાય છે. આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે, મનુષ્યનું આયુષ્ય કેટલું છે અથવા મનુષ્ય કેટલા કાળપર્યંત જીવી શકે છે અથવા ક્યારે મરણ પામે છે, તેની નિયમિત હદ નથી; પણ મોટું કે

રહેવું મરણને આમંત્રણ કરવું તે મનુષ્યની પોતાની મરજી ઉપર છે.

વર્તમાન કાળમાં પૂર્વની વિદ્યા કરતાં પશ્ચિમની વિદ્યાના વિદ્વાનો ઊંડું જ્ઞાન મેળવવા માટે ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે પરંતુ તેઓ આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનો સંબંધ યથાર્થરૂપે [illegible] ઓળખી શકેલા હોવાથી તેનો ક્રમ ગોઠવી શકતા નથી. પરંતુ [illegible] વિદ્વાનો પૂર્વનાં શાસ્ત્રોમાંથી મદદ કરી વેદ, વેદાંગ, ઉપનિષદ અને [illegible] માની, તેમાં કહેલાં ગંભીર, ગૂઢ અને [illegible] વિચાર દ્વારા અવલંબન કરી, સાર તત્ત્વ અને [illegible] ધર્મને સમજી, પોતાની ચર્ચાને ગોઠવે તો [illegible] [illegible] અને [illegible] વિવિધ તાપથી જે મુક્ત [illegible] [illegible] અને [illegible] [illegible]

૫—[illegible]

તેમ વીર્યને પરિપક્વ દશામાં આવતાં અને રજની શુદ્ધિ થતાં, મેહનઇંદ્રિય સ્વાભાવિક રીતે ઉત્પત્તિક્રમમાં જોડાય છે. જો ક્ષેત્ર શુદ્ધ હોય અને બીજ પરિપક્વ હોય તો વૃક્ષ બળવાન, રસદાર અને કદાવર ઉત્પન્ન થાય છે; પણ જો ક્ષેત્ર અશુદ્ધ હોય અને બીજ પરિપક્વ થયેલું ન હોય તો વૃક્ષ સત્ત્વહીન, નાજુક અને રસવિનાનું ઉત્પન્ન થાય છે. સૃષ્ટિક્રમના નિયમ પ્રમાણે બીજ અને ક્ષેત્ર એ બે મળવાથી વૃક્ષ ઉત્પન્ન થવું એ સ્વાભાવિક છે; પરંતુ ચારે ખાણના જીવો પૈકી મનુષ્યપ્રાણીને અંગજ્ઞાન ઉપરાંત વસ્તુના ગુણધર્મ જાણવા માટે અને તે ધર્મ પ્રમાણે વર્તન રાખીને જગતની શોભામાં અને પોતાની સગવડમાં વધારો કરવા કર્માનુસારિણી બુદ્ધિ અને તમામ પ્રાણીમાત્ર કરતાં સંપૂર્ણ સગવડવાળી દશ ઇંદ્રિઓ હોવાથી તેણે પોતાના ધર્મ પ્રમાણે ચાલવુંજ જોઇએ.

आहारनिद्रा भयमैथुनं च । सामान्यमेतत्पशुभिर्नराणाम् ॥
धर्मो हि तेषांमधिको विशेषा । धर्मेण हीनाः पशुभिः समानाः ॥

આહાર, નિંદ્રા, ભય અને મૈથુન મનુષ્ય અને પશુમાં એકસરખી રીતે પ્રવર્તે છે; પરંતુ મનુષ્યમાં વિશેષે કરીને ધર્મ એ વધારે છે. અહીંયાં ધર્મ એટલે વસ્તુના ગુણધર્મને જાણીને, તે પ્રમાણે વર્તીને, પાછું અધોગતિમાં નં જવાય એવું વર્તન. આ ધર્મ મનુષ્યમાત્રને ફરજિયાત લાગુ પડે છે.

હવે જેમ ખેડૂતો બીજની વાવણી કરવા માટે પ્રથમ ક્ષેત્રની શુદ્ધિ કરે છે અને ક્ષેત્રની શુદ્ધિ થઇ રહ્યા પછીજ બીજની વાવણી કરે છે, તેમ મનુષ્યે પણ સ્ત્રીરૂપી ક્ષેત્રની શુદ્ધિ થવા માટે તેના તત્ત્વથી પોષાવાનો ભાગ પરિપૂર્ણ અવસ્થામાં આવવા દેવો. એ પરિપૂર્ણ અવસ્થામાં આવ્યો છે કે કેમ, તે જાણવા માટે વૈદ્ય કે ડોકટરની પરીક્ષાની જરૂર નથી; પરંતુ સ્ત્રીને જ્યારે રજ ઉત્પન્ન

થઈને પ્રત્યક્ષ દેખાય, ત્યારે ગર્ભધારણના કાર્ય માટેના અવયવો પરિપક્વ દશાને પામ્યા છે, એમ સમજી લેવું. જો સ્ત્રીરૂપ ક્ષેત્રમાંથી કોદરા, બંટી, નાગલી, બાવટો અને સામો વગેરે ખડધાન્યરૂપી બાળકની ઉત્પત્તિ કરવી ન હોય, તો તે ક્ષેત્રને વધારે શુદ્ધ [illegible] અને તે જમીનનું બળ વધારવાનો ઉદ્યોગ કરવો જોઈએ અને તે મનુષ્ય[illegible]માં રહેલો છે. સ્ત્રીને રજોદર્શન પ્રાપ્ત થયા પછી [illegible] રજોદર્શન આવતી હોય ત્યારે જાણવું કે, આ સ્ત્રી[illegible] [illegible] ઉત્પન્ન થશે નહિ; [illegible] અને [illegible] ઉત્તમ મનુષ્યજન્મની [illegible] થયેલું છે તે પછી પુરુષે પણ પોતાના [illegible] અને તેમાંનું ઓજસ [illegible] પરિપક્વ દશા ઉત્પન્ન થાય [illegible] વિધિપૂર્વક [illegible] કરી, પછી [illegible]માં વાવવા[illegible] [illegible] પરીક્ષા કરવાની [illegible] અને [illegible], તે [illegible] [illegible] વીર્ય પરિપક્વ અને [illegible] અને [illegible]

[illegible] ।
[illegible] ॥

ગર્ભની સ્થાપના થાય છે; પરંતુ તે ગર્ભમાં સ્ત્રીલિંગ કે પુલિંગ વા નપુંસક લિંગની સ્થાપના કરવી, એ મનુષ્યોના હાથમાં છે કે કુદરતના હાથમાં છે, એ બાબતમાં જુદા જુદા આચાર્યોનો જુદો જુદો મત પ્રવર્તે છે.

आधिक्ये रजसः कन्या पुत्रः शुक्राधिके भवेत् ।
नपुंसकं समत्वेन यथेच्छा पारमेश्वरीः ॥

મેહનકાળ વખતે જ્યારે વીર્યસ્ખલિત થઇ રજમાં મળી ગર્ભશય્યામાં ગર્ભરૂપે સ્થિત થાય છે, ત્યારે જો રજનો ભાગ વિશેષ હોય, તો તે ગર્ભમાં કન્યા ઉત્પન્ન થાય છે અને જો વીર્યનો ભાગ અધિક હોય તો તે ગર્ભમાં પુત્ર ઉત્પન્ન થાય છે; પરંતુ રજ અને વીર્ય બે સરખાં હોય તો નપુંસક ઉત્પન્ન થાય છે. એ ત્રણે લિંગના ગર્ભને ઉત્પન્ન થવામાં ઈશ્વરેચ્છા પ્રબળ છે, તેમાં મનુષ્યનું કાંઈ ચાલતું નથી; આ પ્રમાણે મહર્ષિ શારંગધરાચાર્યનું કહેવું છે. પરંતુ મનુષ્યશરીરના સ્થૂલ, સૂક્ષ્મ અને કારણદેહનો વિચાર કરતાં, જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યાવસ્થાનું અવલોકન કરતાં તથા પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી વાણીનો ક્રમ તપાસતાં, એવું જણાઈ આવે છે કે, સ્વેદજ, ઉદ્ભિજ્જ, જરાયુજ અને અંડજ ખાણના જીવોનો પરમેશ્વરે પોતાની શક્તિથી જે ક્રમ ગોઠવેલો છે અથવા કુદરતના નિયમ પ્રમાણે જે ક્રમ ગોઠવાયલો છે, તેમાં અમુક કાળે અમુક ફેરફાર કરવા માટે ઈશ્વરને ઇચ્છા પ્રદર્શિત કરવી પડતી નથી; કેમકે ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, જ્ઞાન, સુખ, દુઃખ, એ આત્માનાં લિંગ છે. પરમેશ્વર તો નિર્વિકલ્પ, નિરાકાર, અખંડ અને સચ્ચિદાનંદ છે. તે વાતવાતમાં પોતાની ઇચ્છાને આધીન થાય એ અસંભવિત છે. જો ઈશ્વરની ઇચ્છા માનીએ તો દ્વેષ, પ્રયત્ન, સુખ અને દુઃખનું આરોપણ ઈશ્વરમાં કરવું પડે, તો

પછી પાપ અને પુણ્યથી સ્વર્ગ અને નરકરૂપ કર્મના ફળને આત્મા ભોગવી શકે છે, એ વ્યવસ્થા તૂટી જાય. એ પરથી જણાય છે કે, આત્મા અર્થાત્ પ્રકૃતિમાત્રને પોતાની ક્રિયા કરવામાં સ્વતંત્રતા [illegible] તેથી તેનો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારરૂપ અંતઃકરણ તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ માત્રાઓ સહિત [illegible] વાસનાતિશય વડે જેવી જેવી સગવડવાળી [illegible] તેવી તેવી રીતની પોતાની અનુકૂળતા [illegible] કરે છે એ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે, [illegible] વિશેષ ધર્મ જાણવાનું [illegible] જગતની રચનામાં ગોમારૂપી, [illegible] જગતના પ્રાણી માત્રને [illegible] તેથી મળેલાં સાધનોનો [illegible] મનુષ્યત્વની ઉત્પત્તિ [illegible] તથા [illegible] કરીને, એકને વિના [illegible] સિદ્ધ કરીને, તત્ત્વને મનુષ્ય [illegible] જગતની ઉત્પત્તિ [illegible] તે જ નિયમ. મનુષ્ય [illegible] મનુષ્યત્વની [illegible] પ્રકૃતિ [illegible] વરત કરે, [illegible]

આવશે. તેમાં પ્રથમ ગર્ભાધાનનો કાળ નિશ્ચય કરવાની જરૂર છે. જુદા જુદા દેશોમાં જુદાં જુદાં વાતાવરણો હોવાથી તેનો કાળ જુદો જુદો ગણવામાં આવે છે. કાળ વીત્યા પછી ભલે ગર્ભાધાન થાય, પરંતુ તે કાળ પહેલાં ગર્ભાધાન કોઈ પણ ઠેકાણે થતું નથી. આપણો દેશ ઉષ્ણકટિબંધવાળો હોવાથી સ્ત્રીઓને ઋતુધર્મ બીજા દેશો કરતાં વહેલો આવે છે, છતાં આ દેશમાં ઋતુધર્મની વાટ નહિ જોતાં, ઘણે ભાગે પુરુષસમાગમમાં સ્ત્રી વહેલી આવી જાય છે. ઘણા લાંબા વખતથી આપણા દેશે સ્વતંત્રતા ગુમાવેલી હોવાથી અને પરદેશીઓનો અમલ થવાથી, તે લોકોએ પોતાની વિષયવાસના તૃપ્ત કરવા સારુ આપણા દેશની સ્ત્રીઓને બળાત્કારે ભ્રષ્ટ કરવાથી, તે વખતના આચાર્યોએ કાળમાનનો વિચાર કરી, એક 'શીઘ્રબોધ' નામનો ગ્રંથ લખી, આયુર્વેદને અનુસરતો એક શ્લોક બનાવી, બાળલગ્નનો રિવાજ દાખલ કર્યો; જેથી પ્રાચીન શાસ્ત્રો પ્રમાણે લગ્નમાં ચરભક્ષણ કર્યા પછી 'ચતુર્થે અહ્નિ' એટલે ચોથે દિવસે ગર્ભાધાન કરવાનો રિવાજ હતો, તેનો અટકાવ થયો; અને ગર્ભાધાન કરવાના કાળની હદ તૂટી ગઇ; જેથી સ્ત્રીપુરુષોના ધ્યાનમાં આવે તેમ, પુરુષની સ્ત્રી ભોગ્ય હોવાથી પુરુષની મરજી પ્રમાણે રજોધર્મ પ્રાપ્ત થતાં પહેલાં સમાગમમાં આવવાની રૂઢિ દાખલ થઇ. એટલે શાસ્ત્રાદ્રુઢિ બલીયસી। શાસ્ત્ર કરતાં રૂઢિ બળવાન થઇ પડી. આપણા દેશમાં શાસ્ત્રકારોએ જનસમાજની વ્યવસ્થા રાખવા સારુ તથા જનસમાજનાં આરોગ્ય, ઐશ્વર્ય અને આયુષ્યની શુદ્ધ વ્યવસ્થા રાખવા સારુ, જુદી જુદી રીતનાં શાસ્ત્રો રચી જે મર્યાદા બાંધેલી છે, તે તમામ શાસ્ત્રો, રૂઢિના બળ આગળ નિર્બળ થયેલાં જણાય છે. ઉપર કહ્યું તેમ 'શીઘ્રબોધ' નામના ગ્રંથમાં આપત્કાળને માટે એક વચન લખી, લગ્નનો કાળ નજીક ઠેરવી, બાળલગ્નની રૂઢિ દાખલ કરી. તેની મતલબ એવી હતી કે, આ અંધાધૂંધીનો કાળ

બદલાયા પછી શાસ્ત્ર પ્રમાણે વર્ણ અને વર્ણાશ્રમની અસલ મર્યાદા પર આવી શકાશે; પણ તેમ નહિ બનતાં તે શ્લોકમાં લખ્યા પ્રમાણેઃ-

अष्टवर्षा भवेत् गौरी नववर्षातु रोहिणी ।
दशवर्षा भवेत् कन्या अत उर्ध्वं रजस्वला ॥

આ શ્લોક ઉપરથી એવું ઠરાવવામાં આવ્યું અથવા રૂઢિમાં એવું દાખલ થઈ ગયું, કે દશ વર્ષ પછી સ્ત્રીને રજોધર્મ દેખાય અગર ન દેખાય તો પણ તેને રજસ્વલા ગણવી, અને જે માબાપો અગર વડીલો એ પ્રમાણે નહિ માને તે નરકનાં અધિકારી થશે. તે ઉપરથી તે દશમાં કે અગિયારમે વર્ષે કન્યાદાન આપવું જ જોઈએ એવું રૂઢિનું બંધન સખત બંધાઈ ગયું. પણ આપણે

प्रधानभूता मदनातपत्रे समीरणानाम विशेष नाडीः ।
तस्यामुखे यत् पतितंतु वीर्यं, तन्निष्फलं स्यादिति चंद्रमौलीः ॥

અર્થાત્ મદનરૂપી છત્રમાં પ્રધાનભૂત એવી જે સમીરણા નામની વિશેષ નાડી છે, તેના મુખમાં જે વીર્ય પડે તે નિષ્ફળ થાય, એમ ચંદ્રમૌલિ નામનો આચાર્ય કહે છે.

या चापरा चंद्रमसीचि ताडी। कंदर्पगेहे भवति प्रधाना ॥
सा सुंदारी योषित मेत्र सूंते । साध्या भवदल्प रतोत्सवेषु ॥

અર્થાત્ જ્યારે કામગૃહમાં ચંદ્રમસી નામની નાડી પ્રધાનભૂત થયેલી હોય અને તેમાં જો વીર્ય પડે તો તે સ્ત્રીના ગર્ભમાં કન્યાજ ઉત્પન્ન થાય છે અને તે સંભોગના થોડા ઉત્સવમાં સિદ્ધ થઇ શકે છે.

गौरीति नाडी यदुपस्थ गर्भे । प्रधानभूता भवति स्वभावात् ॥
पुत्रं प्रसूते बहुधाङ्गनासा। यच्दापभोग्यो सूरतो पविष्टा ॥

અર્થાત્ સ્ત્રીની ઉપસ્થ ઇંદ્રિયના ગર્ભસ્થાનમાં ગૌરી નામની નાડી જો પ્રધાનભૂત હોય અને તેના મુખમાં વીર્ય પડે, તો તે સ્ત્રી પુત્રને ઉત્પન્ન કરે છે અને તેનો સૂરતસમાગમનો વખત વધારે લાગે છે.

આ પ્રમાણે "શારીરશાસ્ત્ર"નો અભિપ્રાય જોતાં અને "શીઘ્રબોધ" માં લખેલો શ્લોક જોતાં સમજાય છે કે, સ્ત્રીને આઠમે વર્ષે ગૌરી નામની નાડીનો ઉદય થાય છે, તથા નવમે વર્ષે રોહિણી અર્થાત્ ચંદ્રમસી નાડીનો ઉદ્ભવ થાય છે અને તે પછી સમીરણા નાડી ઉત્પન્ન થાય છે. ત્રણે નાડીઓ પરિપકવપણાને પામે છે એટલે તે સ્ત્રીને ઋતુધર્મ દેખાય છે. તે ઋતુધર્મ દેખાયા પછી ૩૬ વાર રજોદર્શન દેખાય તે દરમિયાનમાં ગર્ભાધાન કરવામાં આવે તો વાજબી ન ગણાય. આપણે વિચાર કરવો જોઇએ કે બાળલ-

પ્રમાણે પુત્ર કે કન્યા ઉત્પન્ન થવી એ ઈશ્વરી ઈચ્છાને આધીન છે તેને પુષ્ટિ આપવા બરોબર કહેવાયું છે. પરંતુ હવેથી મનુષ્યો એ વિષયમાં કુદરતના નિયમનો પોતાના સંયમથી કેવી રીતે ફેરફાર કરી શકે છે અને પુત્ર કે કન્યા, પોતાની ઇચ્છા પ્રમાણે મનોનિગ્રહથી શી રીતે ઉત્પન્ન કરી શકે છે તેનું વર્ણન કરવામાં આવે છે.

युग्मासु पुत्रा जायंते स्त्रियोऽयुग्मासुरात्रिपु ।

અર્થાત્ સ્ત્રી અને પુરુષ પોતાનાં મન ઉપર અંકુશ રાખી ઋતુસ્નાત થયા પછી બેકી રાત્રિમાં એટલે ચોથી, છઠ્ઠી, આઠમી, દશમી, બારમી, ચૌદમી અને સોળમી રાત્રિમાં ગર્ભાધાન કરે છે તેને પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે અને જે સ્ત્રીપુરુષોને કન્યારત્નની ઇચ્છા હોય તેમણે પાંચમી, સાતમી, નવમી, અગિયારમી, તેરમી કે પંદરમી રાત્રિએ ગર્ભાધાન કરવું. સોળ રાત્રિ પછી ગર્ભાધાન કરવામાં આવે તો ગર્ભ રહેવાનો સંભવ નથી. એટલે આવી રીતનું વર્તન રાખવાથી જ્યારે પુત્રપુત્રી ઉત્પન્ન કરી શકાય છે, તો તેમાં ઈશ્વરી ઇચ્છા માનવાનું કારણ નથી. હવે પ્રશ્ન એ થાય છે કે, જ્યારે આ પ્રમાણે થાય તો પછી ચંદ્રમૌલિ નામના આચાર્યે જે ચંદ્રમુખી, ગૌરી અને સમીરણા નામની નાડીમાં વીર્ય પડવાથી જે પુત્ર કે કન્યા ઉત્પન્ન થવાનું લખ્યું છે તેનું કેમ? એ પ્રશ્નના ખુલાસામાં આપણે યોગશાસ્ત્ર અંતર્ગત સ્વરશાસ્ત્રનો વિચાર તપાસવો પડશે. સ્વરશાસ્ત્રમાં ચોખ્ખા શબ્દોમાં લખવામાં આવ્યું છે કે, જે સમયમાં પુરુષની સૂર્ય નાડી એટલે જમણી નાસિકાનું વહન થતું હોય તે સમયમાં સુરતસમાગમમાં જોડાઇ ગર્ભાધાન કરવામાં આવે તો તે સ્ત્રીને પુત્રનો ગર્ભ રહે છે અને ચંદ્ર-નાડી એટલે ડાબી નાસિકામાં સ્વર ચાલતો હોય તે અવસ્થામાં ગર્ભ ધારણ કરવામાં આવે તો પુત્રી ઉત્પન્ન થાય છે; અને સુષુમ્ણા એટલે બેઉ નસકોરાંમાંથી વાયુ વહેતો હોય તો નપુંસક ગર્ભ ઉત્પન્ન થાય

જનની રૂઢિ ઘણા જુલમી રાજ્યમાં આપણે બળાત્કારથી દાખલ કરવી પડી છે; × × × પરંતુ હવેના વખતમાં રૂઢિના બંધનથી છૂટીને આયુર્વેદના ધર્મસિદ્ધાંત પ્રમાણે આપણે આપણી મનુષ્યજાતિને પાશવવૃત્તિમાંથી બહાર કાઢી, મનુષ્યવૃત્તિ અથવા દેવવૃત્તિમાં જોડવાનો પ્રયત્ન નહિ કરીએ તો આપણું દુર્ભાગ્યજ ગણાશે. આયુર્વેદે આપણને પોકારી પોકારીને કહ્યું છે કે, જો તમે બાળાઓમાં ગર્ભાધાન કરશો તો તમારી સ્થિતિ નીચે પ્રમાણે થશે.

जातोऽपि न चिरंजीवेत् जीवेद्वालं दुर्बलः ।
तस्मात् अत्यंत बालायां गर्भाधानं न कारयेत् ॥

પ્રમાણે પુત્ર કે કન્યા ઉત્પન્ન થવી એ ઈશ્વરી ઇચ્છાને આધીન છે તેને પુષ્ટિ આપવા બરોબર કહેવાયું છે. પરંતુ હવેથી મનુષ્યો એ વિષયમાં કુદરતના નિયમનો પોતાના સંયમથી કેવી રીતે ફેરફાર કરી શકે છે અને પુત્ર કે કન્યા, પોતાની ઇચ્છા પ્રમાણે મનોનિગ્રહથી શી રીતે ઉત્પન્ન કરી શકે છે તેનું વર્ણન કરવામાં આવે છે.

युग्मासु पुत्रा जायंते स्त्रियोऽयुग्मासुरात्रिषु ।

અર્થાત્ સ્ત્રી અને પુરુષ પોતાનાં મન ઉપર અંકુશ રાખી ઋતુસ્નાત થયા પછી બેકી રાત્રિમાં એટલે ચોથી, છઠ્ઠી, આઠમી, દશમી, બારમી, ચૌદમી અને સોળમી રાત્રિમાં ગર્ભાધાન કરે છે તેને પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે અને જે સ્ત્રીપુરુષોને કન્યારત્નની ઇચ્છા હોય તેમણે પાંચમી, સાતમી, નવમી, અગિયારમી, તેરમી કે પંદરમી રાત્રિએ ગર્ભાધાન કરવું. સોળ રાત્રિ પછી ગર્ભાધાન કરવામાં આવે તો ગર્ભ રહેવાનો સંભવ નથી. એટલે આવી રીતનું વર્તન રાખવાથી જ્યારે પુત્રપુત્રી ઉત્પન્ન કરી શકાય છે, તો તેમાં ઈશ્વરી ઇચ્છા માનવાનું કારણ નથી. હવે પ્રશ્ન એ થાય છે કે, જ્યારે આ પ્રમાણે થાય તો પછી ચંદ્રમૌલિ નામના આચાર્યે જે ચંદ્રમુખી, ગૌરી અને સમીરણા નામની નાડીમાં વીર્ય પડવાથી જે પુત્ર કે કન્યા ઉત્પન્ન થવાનું લખ્યું છે તેનું કેમ? એ પ્રશ્નના ખુલાસામાં આપણે યોગશાસ્ત્ર અંતર્ગત સ્વરશાસ્ત્રનો વિચાર તપાસવો પડશે. સ્વરશાસ્ત્રમાં ચોખ્ખા શબ્દોમાં લખવામાં આવ્યું છે કે, જે સમયમાં પુરુષની સૂર્ય નાડી એટલે જમણી નાસિકાનું વહન થતું હોય તે સમયમાં સુરતસમાગમમાં જોડાઈ ગર્ભાધાન કરવામાં આવે તો તે સ્ત્રીને પુત્રનો ગર્ભ રહે છે અને ચંદ્રનાડી એટલે ડાબી નાસિકામાં સ્વર ચાલતો હોય તે અવસ્થામાં ગર્ભ ધારણ કરવામાં આવે તો પુત્રી ઉત્પન્ન થાય છે; અને સુષુમ્ણા એટલે બેઉ નસકોરાંમાંથી વાયુ વહેતો હોય તો નપુંસક ગર્ભ ઉત્પન્ન થાય

છે. આ વાતને પુષ્ટિ આપનારી હકીકત અંગ્રેજી ભાષામાં લખાયેલા "એરિસ્ટોટલ" નામના પુસ્તકમાં એવી રીતે લખવામાં આવી છે કે, પુરુષના ડાબા અંડકોશને કાપી નાખી જમણા અંડકોશને બચાવી, પછી તે પુરુષથી જેટલા ગર્ભ ધારણ થયા તે સર્વમાં પુત્રજ ઉત્પન્ન થયા. તેવીજ રીતે ડાબા અંડકોશને બચાવી, જમણા અંડકોશને કાપી નાખી, પછીથી જે ગર્ભો ઉત્પન્ન થયા તે સર્વમાં કન્યાજ ઉત્પન્ન થઈ, એટલે આયુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે, પુરુષનું જે દક્ષિણ અંડકોશ, તે વીર્યનું [illegible] અને વામ [illegible] વીર્યનું [illegible] ઉત્પન્ન [illegible] તે વીર્ય [illegible] છે અનુમાનિક [illegible]

છે કે, ત્રણ લિંગ પૈકી કોઇ પણ લિંગનું મનુષ્ય પ્રાણી ઉત્પન્ન કરવું એ મનુષ્યના પોતાનાજ હાથમાં છે, એટલા માટે પતિપત્નીએ કે જેઓ ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવાની ઇચ્છા ધરાવતાં હોય, તેઓએ પોતાનાં શરીરનું, મનનું અને ઇંદ્રિયોનું આરોગ્ય સાચવી એકી અથવા બેકી તિથિઓને નક્કી કરી, ઋતુકાળના સમયમાં જ્યારે ઉલ્કાપાત વિનાનો, વિપ્લવ વિનાનો, ક્રાન્તિ વિનાનો, ઉપાધિ વિનાનો, શોક વિનાનો અને મનને આનંદદાયી દિવસ હોય, તે વખતે પ્રસન્ન મનથી કોઇ પણ જાતના ક્ષોભ વિના આનંદપૂર્વક સ્ત્રીસેવન કરવું. આવી રીતે એકજ વાર સ્ત્રીસેવન કર્યા પછી, એક માસ પર્યન્ત એટલે ફરી ઋતુધર્મ દેખાય નહિ ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળવું. જો બ્રહ્મચર્ય પાળવામાં ન આવે તો ગર્ભના દ્વારનું મંથન થવાથી ગર્ભસ્રાવ થવાનો સંભવ છે. ગર્ભ રહ્યા પછી તજવા જેવી બાબતનો ત્યાગ કરવાના હેતુથી તે સ્ત્રીને તરત ગર્ભ રહ્યો છે એવું જાણવાને માટે વીર્ય અને રુધિરનો યોનિ દ્વારા સ્રાવ થાય નહિ, શરીરને થાક લાગ્યા જેવાં ચિહ્નો જણાય, સાથળનો ભાગ પાતળો દેખાય, તૃષા લાગે અને યોનિમાં સ્ફુરણ ઊપજે તો જાણવું કે ગર્ભ રહ્યો છે; ગર્ભ રહેતી વખત જેવો આહાર, જેવો આચાર અને જેવી ચેષ્ટાથી યુક્ત હોઇને સ્ત્રીપુરુષ સમાગમ કરે છે, તેવાજ આહાર, આચાર અને ચેષ્ટાવાળો ગર્ભ ઉત્પન્ન થાય છે. ગર્ભાશયમાં રહેલું વીર્ય, આર્ત્તવ, તેમાં પ્રકટ થયેલો જીવ, વિકારસહિત પ્રકૃતિ, એ સર્વને ગર્ભ એવી સંજ્ઞા આપી છે; એ ગર્ભ જ્યારે કાળે કરીને વૃદ્ધિ પામે છે, ત્યારે અંગ અને ઉપાંગથી સંયુક્ત થાય છે, તેને મુનિઓ શરીરી (શરીરવાળો) કહે છે. તે ગર્ભનાં અંગ તથા ઉપાંગ સુશ્રુતશાસ્ત્રમાંથી જાણીને પ્રથમ મસ્તકથી આરંભીને કહીએ છીએ. પ્રથમ અંગ માથું છે. તેનાં ઉપાંગ કેશ, માથામાં રહેલું મગજ, લલાટ, બન્ને ભ્રમર, બે નેત્ર, તેમાં બે કીકીઓ છે તે, બે દૃષ્ટિ, કૃષ્ણ

ડોળા, કૃષ્ણ ડોળાની આસપાસના બે શ્વેત ભાગ, બે પોપચાં, બે પાંપણો, બે અપાંગ, બે ભમરાં, બે કાન, કાનની બહારનાં બે પોલાણની આસપાસને ભાગ, બંને કાનની પાળીઓ, બે ગાલ, નાસિકા, બંને હોઠ, બે કહોડાં, મુખ, તાળવું, બંને જડબાં, દાંત, દાંતની આસપાસનું માંસ, જિહ્વા (જીભ), હડપચી, ગળું, એટલે [illegible] ઉપાંગ મસ્તકમાં સમાય છે. બીજું અંગ ધડ છે જે વડે [illegible] [illegible] ત્રીજું અંગ બંને બાહુ (હાથ) છે તેના ઉપાંગ, [illegible] ખભા છે, તેની નીચે બે ભુજા, તેની નીચે બે [illegible], [illegible], અને પ્રકોષ્ઠ, બે મણિબંધ [illegible] હાથની [illegible] [illegible] ભાગ, બે હાથ, તેની દશ [illegible] [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible] [illegible] [illegible] છે

તેના બે વંક્ષણ બનેલા છે. પાંચમું અંગ ઉદર (પેટ) છે, છઠ્ઠું અંગ બે પાસાં છે અને સાતમું અંગ બરડાની કરોડ સુધ્ધાં બરડો છે. તેનાં ઉપાંગ રુધિર થકી પ્લીહા ઉત્પન્ન થઇ છે, તે રક્ત વહેનારી શિરાઓનું મૂળ છે; હૃદયની નીચે ડાબે પાસે ફેફસું છે તે રુધિરના ફીણથી ઉત્પન્ન થયું છે. હૃદયની નીચે જમણી બાજુ યકૃત આવેલું છે, તે રુધિરથી ઉત્પન્ન થયેલું અને રંજકપિત્તનું સ્થાન છે. હૃદયની નીચે જમણે પાસે કલોમ આવેલું છે, તે જળ વહેનારી શિરાઓનું મૂળ છે, જેથી તૃષાનું આચ્છાદન થાય છે.

કલોમનું બીજું નામ તિલક છે અને તે વાયુ તથા રુધિરથી ઊપજેલું છે એમ વૃદ્ધ વાગ્ભટ્ટ કહે છે. તે વાયુ સાથે મળેલા રક્તથી કાળજું ઉત્પન્ન થયું છે. મેદ અને રુધિરના સારવડે બન્ને અંડકોશ બનેલા છે તથા તે જઠરમાં રહેલા મેદને પુષ્ટિ કરનારા છે. વિદ્વાન પુરુષોએ પુરુષનાં આંતરડાં સાડાત્રણ વામ લાંબાં કહેલાં છે. સ્ત્રીઓનાં આંતરડાં તે કરતાં અર્ધો વામ કમી (નાનાં) છે. ઉંડુક, કટિ, ત્રિક (બરડાની કરોડનો છેડો), પેડું, જાંઘના બન્ને સાંધા ને મોટા સ્નાયુના અંકુર તે વીર્ય અને મૂત્રનું સ્થાન છે. સ્ત્રીના ગર્ભાશયમાં ગર્ભનું આધાન પણ તેજ કરે છે. શંખની નાભિ સમાન યોનિ છે તથા તેને ત્રણ આવર્ત છે. તેના ત્રીજા આવર્તમાં ગર્ભને રહેવાનું સ્થાન છે. કફ, રુધિર અને મેદના તત્ત્વથી વૃષણ બનેલા છે, તે વીર્યને વહન કરનારી શિરાના આધારભૂત છે અને પુરુષત્વને આપનાર છે. સર્વ કોઇની ગુદાનું માપ સાડાચાર આંગળ છે તથા તેમાં શંખના આવર્ત સરખા ત્રણ આવર્ત છે. પંડિતોએ ગુદાનું મુખ અર્ધો આંગળ પ્રમાણનું માનેલું છે. મળનો ઉત્સર્ગ કરવાના માર્ગરૂપ આ ગુદાસ્થાન શરીરમાં નિર્માણ કરેલું છે. પુરુષનાં જે પ્રોથ એટલે ઢગરાં કહેવાય છે તેજ સ્ત્રીના નિતંબ કહેવાય છે. ઢગરાંની ઉપર તથા કરોડની નીચે બે બાજુએ જે ખાડા હોય છે, તે

કકુંદર કહેવાય છે. અને સાથળો આઠમું અંગ છે. તેના ઉપરાં
બંને ઘૂંટણ, બંને પિંડીઓ, બે જંઘો, બે ઘૂંટી, બે પગની પા
ની [illegible], બે પગની એડીઓ, બે પગ, તેની દસ આંગળીઓ અ
તેના દસ નખ છે. એ પ્રમાણે શરીરના આઠે અંગનું ગર્ભમાં
[illegible] કહ્યું છે. હવે ગર્ભમાં કયું અંગ પ્રથમ ઉત્પન્ન થાય છે.
[illegible]

સ્નાયુઓ, હાડકાં અને વીર્ય એટલા ભાગ પિતાથી ઉત્પન્ન થાય છે. માંસ લોહી, મજ્જા, મેદ, જમણાં પડખાંની ગાંઠ, બરોળ, આંતરડાં, નાભિ, હૃદય અને ગુદા એટલા ભાગ માતાથી થાય છે. શરીરનું વધવું, વર્ણ, બળ અને દેહની સ્થિતિ એટલાં વાનાં રસથી થાય છે. જ્ઞાન, અપરોક્ષ અનુભવ, આયુષ્ય, સુખદુઃખ અને અનેક યોનિઓમાં જન્મ થવા એ આત્માથી થાય છે. આ વિષયમાં જો કે જ્ઞાનાદિ સઘળી ઇંદ્રિયો આત્માથી થાય છે એમ કહ્યું છે, તે નિરાકાર આત્મામાંથી કોઇ વસ્તુ ઉત્પન્ન થવી ઘટતી નથી. એટલા માટે આત્માથી એટલે આત્માના પાસે રહેવાથી એમ સમજવું. હવે કયા કયા પદાર્થો ગર્ભને મુખ્ય ઉપકારક છે તે જોઇએ.

અગ્નિ, ચંદ્ર, પૃથ્વી, વાયુ, આકાશ, સત્ત્વ, રજ, તથા તમ, પાંચ ઇંદ્રિયો અને પ્રારબ્ધકર્મ એ સૌ ગર્ભને જિવાડે છે તે નીચે પ્રમાણે છે.

પાચક, ભ્રાજક, આલોચક, રંજક અને સાધક એ પાંચ પ્રકારના પિત્તોની તથા પંચમહાભૂતોમાં રહેલી ગરમીની તથા સાત ધાતુઓમાં રહેલા અગ્નિની શક્તિરૂપે રહેલો અગ્નિ કે જે વાણીના દેવતાપણાને પામેલો છે, તે પાચનાદિ કામ કરીને ગર્ભને જિવાડે છે.

પાંચ પ્રકારના કફ, રસ અને વીર્યાદિ ચંદ્રરૂપ પદાર્થોની અને રસના (જીભ) ઇંદ્રિયની શક્તિરૂપે રહેલો ચંદ્ર કે જે મનના દેવતાપણાને પામેલો છે, તે ઓજ આદિ સૌમ્ય ધાતુઓના પોષણથી અને પવન તથા અગ્નિથી સુકાયલા ભાગને ભીનો કરવારૂપ કામ કરીને ગર્ભને જિવાડે છે.

પૃથ્વી પાણીથી ભીંજાયલા ભાગને કઠણ બનાવવારૂપ કામ કરીને ગર્ભને જિવાડે છે.

વાયુ દોષ, ધાતુ, મળ, અંગ અને ઉપાંગોને સારી રીતે સતત આધારરૂપ કામ કરીને ગર્ભને જિવાડે છે.

આકાશ અવકાશરૂપ હોવાથી ઉચ્છવાસ અને નિઃશ્વાસના [illegible] ગર્ભને જિવાડે છે.

સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો મનરૂપે પરિણામ [illegible] ઉત્સાહ, [illegible] શરીર લેવામાં અને મુક્તિ [illegible] છે તેથી તેઓ ગર્ભને પણ જિવાડે છે

[illegible], [illegible], [illegible] અને [illegible] એ પાંચ ઇન્દ્રિયો અને [illegible] અને [illegible] ગર્ભને જિવાડે છે

આઠા સ્રોતોને જેમ જેમ વિસ્તારતો જાય છે તેમ તેમ ગર્ભનો દેહ વધતો જાય છે.

જો કે વિષયનું જરા વિષયાન્તર થાય છે; પરંતુ ગર્ભને લગતી બાબત હોવાથી અમે લખવાનું દુરસ્ત ધારીએ છીએ.

ગર્ભવાળી સ્ત્રીએ પહેલા દિવસથીજ આનંદમાં રહેવું, શણગારેલ રહેવું, કાળાં વસ્ત્ર પહેરવાં નહિ, દેવ, ગુરુ અને બ્રાહ્મણોના પૂજનમાં તત્પર રહેવું; ઘણું કરીને મધુર ને સ્નિગ્ધ, હૃદયને ગમે એવા હલકા અને દ્રવરૂપ પદાર્થો જમવા. વઘાર આદિથી સંસ્કાર આપેલા અને અગ્નિને પ્રદીપ્ત કરે એવા પદાર્થો, નિત્ય લેવા. ગર્ભવાળી સ્ત્રીએ અતિ પરિશ્રમ કરવો નહિ. જમતાં ભૂખ્યા રહેવું નહિ, તેમ અત્યંત ધરાવું પણ નહિ. મૈથુન કરાવવું નહિ, રાતનું જાગરણ કરવું નહિ, શોક કરવો નહિ, વાહન ઉપર ચડવું નહિ, લોહી કઢાવવું નહિ, વિષ્ટા કે મૂત્રાદિના વેગને રોકવા નહિ અને ઉભડક બેસવું નહિ. ગર્ભવાળી સ્ત્રીના શરીરની અંદરના દોષોથી કે બહારથી આઘાત કે પ્રત્યાઘાત થવાથી તેના કોઈ પણ ભાગને પીડા થાય તો તેના ગર્ભમાં રહેલ બાળકના પણ તેજ ભાગને પીડા થાય છે. ગર્ભવાળી સ્ત્રીએ મલિન, ખરાબ આકારવાળી કે ઓછાં અંગવાળી કોઈ સ્ત્રીનો સ્પર્શ પણ કરવો નહિ. દુર્ગંધવાળા પદાર્થને સૂંઘવો નહિ, મનને અપ્રિય લાગે એવા પદાર્થને જોવા નહિ, કાનને અપ્રિય લાગે એવાં વચન સાંભળવાં નહિ, વાસી સુકાયલું કે કવાથ કરેલું અન્ન જમવું નહિ, થાળાં બાંધેલાં ઝાડ, સ્મશાનનાં ઝાડ કે ગ્લાનિ કરાવે એવા પદાર્થની પાસે જવું નહિ; ઝાઝું બહાર નીકળવું નહિ, ઉજ્જડ ઘરમાં રહેવું કે જવું નહિ, ઊંચે સાદે બોલવું નહિ, શરીરે તેલ ચોળવું નહિ, કોઈ વસ્તુનો ચોળીને ખરડ કરાવવો નહિ, કઠણ બિછાને સૂવું નહિ અને સૂવાનું કે બેસવાનું આસન ઘણું ઊંચુ રાખવું

આટલી બધી બાબતો આપણા હાથમાં છે, તો પછી પૂર્વનાં કર્મો અને ઈશ્વરને નિયામક માનવાની જરૂર શી? એનું સમાધાન એવી રીતે થઇ શકે છે કે, આત્મા અનાદિ છે અને આત્માનાં કર્મો પ્રવાહથી અનાદિ છે. તે શુભાશુભ કર્મના યોગે શુભાશુભ ફળની ઉત્પત્તિ થાય છે; પરંતુ તેમાં પુરુષાર્થથી અશુભ કર્મનો ઉદય દબાવી દઇ, શુભ કર્મનો ઉદય કરી શકાય છે. જેમ કર્મના ઉદ-યથી પગમાં કાંટા વાગે એવા માર્ગે ચાલવાનો પ્રસંગ આવે, પરંતુ જો પુરુષાર્થ કરીને પગને અનુકૂળ પગરખાંનો ઉપયોગ કરવામાં આવે, તો કાંટા ભાગવારૂપ કર્મનો ઉદય દાબી શકાય છે; તેમ આત્મા અનાદિ કાળથી કર્મ બાંધતો અને ભોગવતો જન્મમરણના ચક્રમાં ભ્રમણ કર્યા કરે છે અને કર્મના શુભાશુભ ફળને ભોગવે છે, તેમાં જો શુભ પુરુષાર્થ કરવામાં આવે, તો તેનું ફળ ઉત્તમ નીપજી, તે કર્મના ફળને ઉદય થતું અટકાવી શકાય છે.

૬—માતાપિતાની કુચેષ્ટાથી ગર્ભમાં થતી વિક્રિયા

સૃષ્ટિક્રમનો નિયમ તપાસતાં સમજાય છે કે, જે બીજ પૃથ્વી પર રોપવામાં આવે છે, તે બીજની સાથેજ તેનો મહાપ્રાણ આત્મા તથા અલ્પ-પ્રાણ (જીવો) હોય છે અને જેમ જેમ કાળનું વહન થતું જાય છે તેમ તેમ તે વૃદ્ધિને પામી, પોતાનામાં રહેલા ગુણ પ્રમાણે પોતાની આકૃતિ બાંધે છે. તેવી રીતે મનુષ્યોના રજ-વીર્યના યોગથી જે વખતે ગર્ભાધાન થાય છે, તે વખતથીજ તેમાં આત્માના કર્મ પ્રમાણે વધારો થઇ તેની આકૃતિ બંધાવા માંડે છે; પણ જેમ વૃક્ષને ઊગતી વખતે અને વૃદ્ધિ પામવાની ક્રિયા

ચાલતી હોય ત્યારે ખેડૂતની ભૂલથી અથવા અજ્ઞાનથી તેની બરાબર સારવાર થાય નહિ, તો વાતાવરણ એટલે તડકો અને હિમથી તથા પવનના ઝપાટા અને હોજમ(છાંયા)થી તે બીજ વિક્રિયા પામી સંકોચાઇ જાય છે, જેથી તે સંપૂર્ણ અવયવવાળું, રસવાળું અને ગુણવાળું ઉત્પન્ન નહિ થતાં, હીનત્વને પામી ખામીવાળું બને છે; તેમ માતાપિતાના યોગથી ગર્ભસ્થાનમાં જે ગર્ભનું ધારણ થયું હોય, તેને શારીરિક કે માનસિક ઉપદ્રવથી ક્ષોભ ઉત્પન્ન થાય અને મનના વિચાર, શોક, ભય, ક્રોધ, લજ્જા અથવા નિર્લજ્જપણાને લીધે તેનાં આંગોપાંગ ખીલવવામાં નહિ આવતાં, તે સંકોચને પામી તેમાં હીનત્વ ઉત્પન્ન થાય છે. જેથી તેની માનસિક વૃત્તિઓ ભલે ઇંદ્રિયો ઉપર હુકમ ચલાવે; પરંતુ તે ઇંદ્રિયો આજ્ઞા પ્રમાણે યથાસ્થિત કામ કરે નહિ, એટલે તેની ક્રિયા નિષ્ફળ થાય છે. તેટલા માટે ગર્ભરૂપ બીજનું સ્થાપન થયા પછી, તેને સૃષ્ટિના ખુલ્લા મેદાનમાં આવતાં સુધી, તેના ઉપર કોઈ પણ જાતની માઠી અસર થવા નહિ દેવી; એટલુંજ નહિ, પરંતુ માઠી અસર થવાના જે યોગો ઉત્પન્ન થાય, તેને પતિપત્નીએ ચતુરાઇથી, હિંમતથી અને શાંતિથી બુદ્ધિપૂર્વક વિચાર કરીને તેનું નિવારણ કરવું, જેથી ગર્ભ પોષાઇ યથેચ્છ બાળકરૂપે જન્મી, જગતને નમૂનારૂપ જણાય. પણ જો તે પ્રમાણે તેનું રક્ષણ કરવામાં ન આવે, તો તે ગર્ભમાં વૃદ્ધિ પામતું બાળક, પોતાની વાસના વિ[illegible] ની ક્રિયા કરીને પોતાની વૃદ્ધિ કરવા માટે જે પરમ [illegible] પોતાનું શરીર રચે છે, તેમાં વાસનાલિંગ તથા [illegible] ભિન્નભિન્ન ભાવ ઉત્પન્ન કરી, શરીરયંત્રને ચલાવવા [illegible] સારો સદ્ગુણો ભરેલા થવા જોઇએ તેવા થઈ શકતા નથી. તેમ ગર્ભમાં વીર્યનું સ્થાપન થયા પછી તે વીર્ય [illegible] કેવી રીતે ફેરવાય છે તેનો ચોક્કસ વિચાર કરવાની [illegible]

ગર્ભાધાન સમયે, વીર્ય અને રજ ગર્ભાશયમાં જેવું પડ્યું હોય, તેવું ને તેવું દ્રવરૂપપણાથી પહેલા મહિનામાં રહે છે. ગ ગર્ભાશયમાં રહેલા વાત, પિત્ત અને કફથી પાકતો વીર્ય અને રજમાં રહેલો પંચમહાભૂતનો સમુદાય બીજા મહિનામાં ઘાટ થાય છે. વાયુ અને કફથી પણ ગર્ભ પાકે છે, કારણ કે તેઓમાં પણ ગરમી રહેલી છે. ચરકમાં કહ્યું છે કે, પૃથ્વીની, જળની તેજની, વાયુની અને આકાશની એવી રીતે પાંચ પ્રકારની ગર મીઓ છે. ત્રીજા મહિનામાં બે હાથના બે, બે પગના બે અને એક માથાનો એવી રીતે પાંચ પિંડ અને શરીરના સૂક્ષ્મ અવયવે સિદ્ધ થાય છે. ચોથા મહિનામાં સઘળાં અંગો તથા ઉપાંગો સ્પ થાય છે. હૃદયની સ્પષ્ટતા થવાથી ચેતના પણ ચોથા મહિનામ સ્પષ્ટ થાય છે, તેથી ગર્ભને ચોથા મહિનામાં અનેક વસ્તુઓન ઇચ્છા થાય છે. એક પોતાનું અને બીજું ગર્ભનું એવી રીતે સમયે સ્ત્રીના શરીરમાં બે હૃદય થાય છે, માટે ગર્ભિણી સ્ "દૌહૃદિની" કહેવાય છે. ગર્ભવાળી સ્ત્રીને જે ઇચ્છા થાય, તેમ ખામી રાખવામાં આવે, તો તે સ્ત્રીને ખૂંધું, ઠૂંઠું, નપુંસ ઠીંગણું, આંધળું, કાંણું કે ફાંગું સંતાન આવે છે. ગર્ભવાળી સ્ત્રી જે ઇચ્છા (દોહદ) ઉત્પન્ન થાય અને તે પાર પાડવામાં આવે તે તે સ્ત્રીને પરાક્રમી અને લાંબા આયુષ્યવાળું સંતાન પ્રાપ્ત થાય છે એટલા માટે તેને જે વસ્તુની ઇચ્છા થાય તે વસ્તુ આપવી જોઇએ ગર્ભિણી સ્ત્રી જે જે વસ્તુ ભોગવવાની ઇચ્છા કરે, તે તે વસ્તુ ગર્ભિણીને હરકત થવાની બીકને લીધે વૈદ્ય પાસે મેળવાવીને આપવી જોઇએ. જેની ઇચ્છા પૂરી પાડવામાં આવે તે સ્ત્રી ગુણવ સંતતિ જણે છે અને જેની ઇચ્છા પૂરી ન પડે, તે સ્ત્રીને ગર્ભ અથવા પોતાના શરીરમાં હરકત ઉત્પન્ન થાય છે. ગર્ભિણી સ્ત્રી ઇચ્છેલી વસ્તુઓમાં જે જે ઇન્દ્રિયના વિષય સંબંધી તેની ઇચ્છા પ

કરવામાં ન આવે, તો તે ઇંદ્રિયમાં ખોડખાંપણ આદિ વ્યથાવાળું બાળક અવતરે છે. ગર્ભવાળી સ્રીને નોખા નોખા પદાર્થની ઇચ્છા થવાથી નોખાં નોખાં ફળ થાય છે. જે સ્રીને રાજાનું દર્શન કરવાની ઇચ્છા થાય, તે સ્રી ધનવાન અને અત્યંત પૂજ્ય પુત્ર જણે છે. જે સ્રીને ઉત્તમ વસ્રાભરણ વગેરેની ઇચ્છા થાય તે સ્રી વરણાગિયો અને રૂપાળો દીકરો જણે છે. જે સ્રી તપસ્વીઓના આશ્રમમાં જવાની અથવા પોતાના સદ્ગુરુના દર્શનની ઇચ્છા કરે તેને જિતેન્દ્રિય અને ધર્માત્મા સંતાન ઉત્પન્ન થાય છે. જે સ્રીને સર્પની જાતિઓ જોવાની ઇચ્છા થાય તે સ્રીને હિંસા કરવાના સ્વભાવવાળું બાળક થાય છે. જે સ્રીને આમાં કહ્યા સિવાયની કોઇ વસ્તુની ઇચ્છા થાય તે સ્રી શરીર, આચાર અને સ્વભાવથી ઇચ્છેલી વસ્તુના ગુણ-કર્મ-સ્વભાવ જેવી સંતતિ ઉત્પન્ન કરે છે. પાંચમે મહિને મન જાગૃત થાય છે અને છઠ્ઠે મહિને બુદ્ધિ જાગૃત થાય છે; સાતમે મહિને સઘળાં અંગો અને ઉપાંગો સારી પેઠે સ્પષ્ટ થાય છે. આઠમા મહિનામાં એજ અનુક્રમથી મન અને બુદ્ધિ, જરા વારમાં બાળકમાં અને જરા વારમાં માતામાં આવજા કરે છે તેથી મા અને દીકરો વારંવાર ખેદ તથા હર્ષ પામ્યા કરે છે અને જે પુત્ર અવતરે છે તે જીવતો નથી. આઠમા મહિનાના જન્મેલો પુત્ર જીવતો નથી, તેનું કારણ એજ છે કે, તે મહિનામાં ઓજસ સ્થિર રહેતું નથી. સ્રી નવમે મહિને, દશમે મહિને, અગિઆરમે મહિને અથવા બારમે મહિને પણ જણે છે; પરંતુ કોઇ વિકાર હોય તો એથી ઉપરાંતના સમયમાં પણ જણે છે

ગર્ભમાં જે પુત્ર-વીર્યનું સ્થાપન થયું હોય તો તે ગર્ભ [illegible] મહિનામાં પિંડાકાર (પિંડ) [illegible] પડે છે અને તે [illegible] નેત્ર [illegible] મોટું જણાય છે. પહેલા જમણા [illegible] થાય છે. જમણી બાજુ પુષ્ટ થાય છે. મુખને [illegible]

જણાય છે. તે પુરુષ સંજ્ઞાવાળાં દ્રવ્યોની ઇચ્છાવાળી હોય છે. જેના ગર્ભમાં કન્યાના ગર્ભની સ્થાપના થયેલી હોય તેનો ગર્ભ બીજે માસે પેશી એટલે લાંબી ગાંઠ જેવો માલૂમ પડે છે અને તેમાં પુત્રગર્ભવાળી સ્ત્રી કરતાં ઊલટાં લક્ષણ માલૂમ પડે છે અને જે સ્ત્રીના ગર્ભમાં નપુંસક બાળક હોય છે, તે સ્ત્રીના ગર્ભનો આકાર અર્બુદાકાર એટલે ખાડાટેકરાવાળો પિંડ જણાય છે; બંને કૂખોમાં ગર્ભ ઊંચો જણાય છે અને આગળથી પેટ મોટું દેખાય છે. એ નપુંસક ગર્ભના જુદા જુદા ભેદો છે. તે પિતામાં રહેલા નપુંસકપણાથી અથવા પિતાને સંગતિદોષથી જે કુચેષ્ટાઓની ટેવ પડી ગઇ હોય, અથવા કોકશાસ્ત્ર જેવાં શાસ્ત્રોને વાંચી તેના રહસ્યને સમજ્યા વિના, તેને ઊલટા અર્થમાં ગોઠવી, પોતાની મનોવૃત્તિના તરંગને આધીન થઇ, જે કુચેષ્ટારૂપ ક્રિયાઓ કરે છે, તેવા ગુણવાળા, સ્વભાવવાળા અને ચેષ્ટાવાળા નપુંસક ઉત્પન્ન થાય છે. એ નપુંસક (૧) આસેક્ય,(૨) સુગંધી,(૩) કુંભિક અને (૪) ઇર્ષક એ ચાર જાતના નપુંસકો વીર્ય સહિત હોય છે અને પાંચમો ષંઢ નામનો નપુંસક વીર્યરહિત હોવાથી અથવા વીર્યને વહન કરનારા તથા વીર્યને ગ્રહણ કરનારા સ્નાયુઓથી રહિત હોવાથી તે ષંઢ (હીજડો) કહેવાય છે. માતપિતાનાં શુક્ર અને આર્તવ અલ્પ હોવાથી આસેક્ય નામનો નપુંસક થાય છે. તે નપુંસક જ્યારે અન્ય પુરુષના વીર્યનું ભક્ષણ કરે છે ત્યારે મદોન્મત થઇને મૈથુનની શક્તિવાળો થાય છે. એનું બીજું નામ મુખયોનિ છે. જે ગર્ભ દુર્ગન્ધવાળી યોનિમાં ઉત્પન્ન થાય છે, તેને સૌગંધિક નપુંસક કહે છે. જ્યારે તે લિંગ અને ભગની ગંધ સૂંઘે છે ત્યારે પુરુષત્વને પ્રાપ્ત થઇ શકે છે. એનું બીજું નામ નાસાયોનિ છે. જે નપુંસક પ્રથમ પોતે ગુદામાં ભોગ કરાવીને, સ્ત્રીમાં પુરુષની સમાન આચરણ કરે છે, તે કુંભિક નપુંસક કહેવાય છે. તેનું બીજું નામ ગુદયોનિ છે. જે મનુષ્ય

બીજા મનુષ્યને મૈથુન કરતાં દેખીને પછી મૈથુન કરવાને શક્તિમાન થાય છે, તેને ઇર્ષક નપુંસક કહે છે. તેનું બીજું નામ દૃષ્ટિયોનિ છે અને જે પુરુષ અજ્ઞાનથી મોહને વશ થઇને, સ્ત્રીની પેઠે પોતે સૂઇને અને સ્ત્રીને પોતાના ઉપર ચઢાવીને સમાગમ કરાવે, તેથી જો પુત્ર ઉત્પન્ન થાય, તો તે સ્ત્રી જેવાં લક્ષણોવાળો થાય છે. અર્થાત્ તે દાઢીમૂછસહિત અને લિંગસહિત હોવા છતાં કાંઇ પણ કામ કરી શકતો નથી. તેને ષંઢ કહે છે, તથા સ્ત્રીના ઋતુકાળમાં સ્ત્રી ઉપર ચઢે અને પુરુષને નીચે રાખીને ભોગ કરે, તેમાં જો કન્યા ઉત્પન્ન થાય તો તે પુરુષનાં લક્ષણવાળી થાય છે અને તે સદૈવ પુરુષની પેઠે સ્ત્રીના ઉપર આરૂઢ થઇને, તેની યોનિ સાથે પોતાની યોનિને ઘસે છે તથા તેને દાઢીમૂછનાં કાંઇ કાંઇ ચિહ્નો માલૂમ પડે છે. બે સ્ત્રીઓ કામને વશીભૂત થઇને પરસ્પર યોનિનું ઘર્ષણ કરે છે, જેથી પોતાના વીર્યથી અને પોતાના રજથી હાડકાં વિનાનો ગર્ભ ઉત્પન્ન કરે છે. કોઇ સ્ત્રી ઋતુસ્નાન થયા પછી જો સ્વપ્નમાં પુરુષની સાથે મૈથુન કરે, તો આર્તવનેજ લઇને વાયુ કૂખમાં જો ગર્ભ ઉત્પન્ન કરે છે તો તે ગર્ભ માસે માસે ગર્ભનાં લક્ષણસહિત વધે છે અને જ્યારે પ્રકટ થાય છે, ત્યારે પિતાના ગુણથી વર્જિત, કેશ, દાઢી, મૂછ, રોમ, નખ, દાંત, નાડી આદિથી હીન હોય છે. આથી ગર્ભ સાપ, વીંછી કે કુષ્માંડની આકૃતિવાળો અથવા સ્ત્રીઓના દોહદને પૂર્ણ નહિ કરવાના પુરુષના પાપને લીધે આંધળો કાણો તેમ હીન ઇંદ્રિયો વાળો થાય છે તેવીજ રીતે જેવો આહાર, જેવી ચેષ્ટા તથા જેવાં આચરણ સહિત સ્ત્રીપુરુષો મૈથુન કરે છે, તેવા પ્રકારની ચેષ્ટાવાળો ગર્ભ ઉત્પન્ન થાય છે. સ્ત્રી પુરુષના રજવીર્યને ગર્ભાશયમાં વાયુ પોતાના બળે કરીને બે ભાગમાં વહેંચી નાખે છે, જેથી ગર્ભમાં બે સંતાન ઉત્પન્ન થાય છે. તેમાં રજ અને વીર્યનો બરાબર વિભાગ થઈ જાય, તો બે પુત્ર.

અથવા બે કન્યા ઉત્પન્ન થાય છે. પરંતુ વાયુ પોતાનું સમતોલપણું ગુમાવી, માતાના આહારને પરિપકવ દશામાં આવતાં પહેલાં, રજ અને વીર્યના વિભાગ કરી નાખે તો તે ગર્ભમાં એક પુત્ર અને એક કન્યારૂપે બે સંતતિ ઉત્પન્ન થાય છે. આગળ વર્ણવી ગયા તેમ ગર્ભસ્થાપન થવાને માટે સોળ રાત્રિ પર્યન્તનો કાળ નિશ્ચિત કરવામાં આવ્યો છે, પરંતુ કેટલીક વાર એવું બને છે કે, ઋતુકાળ આવતાં પહેલાં એટલે ઋતુસ્નાત પછી એક માસ પૂર્ણ થવા અગાઉ જ્યારે સ્ત્રીને ખબર પડે છે કે હવે ઋતુ પ્રાપ્ત થશે અર્થાત્ પોતાના સ્તનમાં ભાર દેખાય છે, કમ્મરમાં દુઃખાવો થાય છે, પેઢામાં ઝીણાં ઝીણાં શૂળ મારે છે તથા યોનિદ્વારમાં દુર્ગંધી ઉત્પન્ન થાય છે એટલે સ્ત્રીઓ સમજી જાય છે કે, હવે એકબે દિવસમાં ઋતુ પ્રાપ્ત થશે. જે અરસામાં ગર્ભસ્થાનમાં રજ આવી ચૂકેલું હોય છે, તે સમયમાં સુરતસમાગમ કરવામાં આવે, તો ઘણેભાગે ગર્ભ રહેવાનો સંભવ છે અને જે રહે છે તેમાં કાં તો સ્ત્રી ગર્ભ રહ્યાનો માસ ગણતાં ભૂલી છે એમ કહેવામાં આવે છે અથવા ઉપર કહ્યું તેમ, વાયુથી વિભાગ પડી, બે ગર્ભ ધારણ થવાથી ત્રીજો ગર્ભ રહે છે, એટલે અપવાદ તરીકે સ્ત્રી બાળકને જન્મ આપે છે. આ ઠેકાણે કોઇ પ્રશ્ન કરે કે ગર્ભાશયના બે પડદા છે, તે સિવાય ગર્ભાશયમાં બાળકને રહેવાની જગ્યા નથી, તો પછી ત્રીજા અથવા તે કરતાં વધુ બાળકનો શી રીતે સમાવેશ થયો ? તેના જવાબમાં જણાવવાનું કે, એક સ્થાનમાં એક અથવા એકથી વધારે બાળક રહી શકે છે કારણ કે મનુષ્ય જરાયુજ ખાણનું પ્રાણી છે, એટલે બાળકની આસપાસ જરાયુનો એક પડદો બંધાય છે; તે પડદામાં બાળક અને બાળકની આસપાસ, પાંચ તત્ત્વથી મળેલો મસાલો પાણીરૂપે રહે છે; તે પાણી પ્રસૂતિ સમયે પહેલું વહી જાય છે અને તે પડદો (જરાયુ) ફાડીને બાળક બહાર આવે છે, જેથી બાળક

હંમેશાં ગ્લાનિવાળી અવસ્થામાં રહે, તો 'कामशोकभयाद्वायुः' એ વચન પ્રમાણે કામ, શોક અને ભયથી વાયુ ઉત્પન્ન થઇ, તે ગર્ભને સુકાવી નાખે છે, તેને આપણા લોકો "છોડ થઇ ગયું" એમ કહે છે. એ બાબતમાં સુશ્રુત, ચરક, વાગ્ભટ્ટ અને શારંગધર જેવા માન્ય ગ્રંથો તથા ભાવપ્રકાશ અને નિઘંટુરત્નાકર જેવા સંગ્રહગ્રંથો પણ વાયુથી શુષ્ક થયેલા ગર્ભને, ઉપવિષ્ટક નામથી ઓળખાવે છે અને તે અપરિમિતકાળ સુધી ગર્ભમાં રહી શકે છે. આ બાબતમાં પશ્ચિમની વિદ્યાને જાણનારા અને તે સિવાયના બીજા ચિકિત્સાશાસ્ત્રોને નહિ માનનારાઓનો એવો મત છે કે, ગર્ભમાં બાળક ૨૮૦ થી ૩૧૦ દિવસ કરતાં વધુ વાર રહેતુંજ નથી. પરંતુ એવા મતવાળાઓને જણાવવાનું કે, શુષ્ક થયેલા ગર્ભની ચિકિત્સામાં, આયુર્વેદના આચાર્યો પૌષ્ટિક, બળવર્ધક, અને વાયુને પરિહારક ઔષધિઓ તથા ખોરાક આપવાનું નિદાન કરે છે. તે ઉપરાંત અનેક ઠેકાણે, એવા શુષ્ક ગર્ભને પોષણ કરી, પ્રફુલ્લાવસ્થામાં લાવી, બાળકરૂપે જન્માવવા માટે માંસરસ આપવાની ભલામણ કરે છે. એ ઉપરથી સાબિત થાય છે કે, માંસાહારી પ્રજામાં માંસાહારને લીધે તેની ગરમીથી વાયુ કોપ પામી ગર્ભને સૂકવી શકતો નથી. પશ્ચિમનાં શાસ્ત્રોમાં એ વાતનું પ્રતિપાદન ન કરવામાં આવ્યું હોય, તો તેમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી; પરંતુ અમારા આયુર્વેદમાં આ વિષયને ટૂંકમાં પણ ખુલ્લા શબ્દોમાં ચર્ચવામાં આવ્યો છે. એવી રીતે બાળકને ગર્ભાશયમાં રહેવાની કાળમર્યાદા બાંધી શકાતી નથી. એ ઉપરાંત ગર્ભિણી માતા પોતાના મનોવિકારને તાબે થઇ, જેવા જેવા વિચારનું સેવન કરે છે, તેવા તેવા સ્વભાવવાળા પુત્રને ઉત્પન્ન કરે છે.

७-उत्तम गुणकर्मवाळी अने रूपाळी संततिनो उपाय

આ દુનિયામાં કુદરતનો નિયમ એવો જણાય છે કે, દરેક પ્રાણીએ પોતાની જાતની ઉન્નતિ કરી સૃષ્ટિની શોભામાં વધારો કરવો તથા સૃષ્ટિમાં પ્રાણીની ઉત્પત્તિ કરવાનો ક્રમ ચાલુ રાખવો. જેઓ સૃષ્ટિની વૃદ્ધિ કરવાના કામમાં આડે આવે છે, તેઓ કુદરતના ગુનેગાર ગણાય. પરન્તુ જે કામ કરવાની જેને ફરજ પડી હોય, અથવા જે જેની ઇચ્છા હોય તેને, તે કામ કરવાનો અધિકાર જોઇએ. જો અધિકાર મેળવ્યા સિવાય કામ કરવા માંડે તો કામ યથાર્થ રીતે જેવું જોઇએ તેવું, પાર પડી શકે નહિ. કાત્યાયન સૂત્રના પ્રથમ સૂત્રમાં કહ્યું છે કે, अथातः अधिकारः। એમ અધિકારીનું વર્ણન કર્યું છે. તે પ્રમાણે દરેક કામ કરવા માટે અધિકારી થવાની જરૂર છે. જ્યારથી આપણા દેશમા કરેક કામ કરવાનો અધિકાર મેળવ્યા સિવાયના માણસને કામ સોંપવાનો રિવાજ પડ્યો, ત્યારથી દેશની પ્રગલ્ભ શોભાનો નાશ થવા માંડ્યો. જેમ બ્રાહ્મણને આજે પણ તે વેદ કે શાસ્ત્ર ભણેલો ન હોય તો પણ તેને દ્વિવેદી, ત્રિવેદી, ચતુર્વેદી, શાસ્ત્રી, જોશી અને વૈદ્યના નામથી સંબોધવામાં આવે છે, તેને તે કાર્ય કરવા બેસાડીએ તો તે કંઇ પણ કરી શકે નહિ; પણ ઉપરોક્ત પદનો જેણે અધિકાર મેળવ્યો હોય તેને તે તે કામ સોંપવામાં આવે, તો તે યથાર્થ રીતે કરી શકે છે તેજ પ્રમાણે મનુષ્ય સંતતિ ઉત્પન્ન કરવાનું કામ અધિકાર મેળવ્યા સિવાય સોંપવામાં આવે, તો તે સૃષ્ટિમાં શોભારૂપ બાળક ઉત્પન્ન કરી શકે નહિ. એ ઉપરથી સાબિત થાય છે કે, સંસારમાં ઉત્તમ ગુણ કર્મવાળી અને રૂપાળી સંતતિ ઉત્પન્ન કરવા માટે તેને યોગ્ય અધિકાર મેળવવાની જરૂર છે. સંતતિ ઉત્પન્ન કરવાના કામમાં અ

એ મુખ્ય પાત્ર છે અને પુરુષ તેનો સહાયકારી છે. જો પુરુષ ગમે તેવો વિદ્વાન, ડાહ્યો અને બુદ્ધિશાળી હોય પરંતુ તેને સ્ત્રી એવા ગુણવાળી ન મળી હોય તો તેની સંસારની શોભા વધારવાની ઇચ્છા નિષ્ફળ થાય છે. અર્થાત્ તે મરજી પ્રમાણેનાં બાળક ઉત્પન્ન કરી શકતો નથી. પણ જો ઉપર કહેલા પુરુષના જેવા ગુણવાળી સ્ત્રી હોય અને પુરુષ તેવો ન હોય, તો સ્ત્રી પોતાના અધિકાર પ્રમાણે ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરી શકે છે. માટે ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવા સારુ પ્રથમ સ્ત્રીને અધિકારિણી બનાવવાની ખાસ જરૂર છે અને પુરુષને તેના સહાયક થવા માટેનો અધિકાર મેળવવાની ખાસ જરૂર છે. જો સ્ત્રી અને પુરુષ સરખાં અધિકારી હોય, પછી ભલેને તે થોડું ભણેલાં, નિર્ધન કે કોઈ અવ્યવસ્થિત દશામાં મુકાયલાં હોય તોપણ તેઓ પોતાના અધિકારથી સારી સંતતિ ઉત્પન્ન કરી શકે છે.

અત્રે એ સવાલ થાય છે કે, સારી સંતતિ એટલે શું? શરીરે ગૌરવર્ણ, ભરાવદાર, બળવાન અને રૂપાળી સંતતિ સારી કહેવાય કે શરીર ભલે રૂપાળું ન હોય, પણ વિદ્વાન, ધીમાન અને ઐશ્વર્યવાન સંતતિ સારી કહેવાય? અથવા ઉપરોક્ત ગુણવાળી સંતતિ ઉત્પન્ન થયા છતાં, તેમાં આત્મબળની ખામી હોય તે ઉત્તમ ગણાય? આ પ્રશ્નનો ઉત્તર અમારી બુદ્ધિ પ્રમાણે, જેનું શરીર, જેનું અંતઃકરણ અને જેનો આત્મા સુશોભિત હોય તેજ ઉત્તમ સંતતિ ગણાય, નહિ તો એકલા શરીરની શોભાવાળો પુત્ર કાંઇ ઉત્તમ ગણાય નહિ. જેમકેઃ—

यौवनं धनसम्पत्तिः प्रभुत्वमविवेकिता ।
एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

અર્થાત્ યૌવન, ધનસંપત્તિ અને પ્રભુતા તથા અવિવેક એ

ચારે પૈકી એક એક અનર્થને કરનારા નીવડે છે; તો જ્યાં ચારે ઐશ્વર્ય ભેગાં થયાં હોય, ત્યાં કેટલો અનર્થ કરશે ? એટલા માટે અમારે કહેવું પડે છે કે શરીર, અંતઃકરણ અને આત્મા એ ત્રણે રૂપાળાં હોવાં જોઈએ અને તે ત્રણેને રૂપાળાં કરવા માટે સ્ત્રીને સંપૂર્ણ અધિકારિણી બનાવવી જોઈએ. એટલા માટે સ્ત્રીને પાંચ પ્રકારની પરીક્ષામાંથી પસાર થઈ, પાંચ પ્રકારના અધિકાર મેળવવાની ખાસ જરૂર છે. પહેલો અધિકાર સ્ત્રીને કન્યારૂપે પસાર કરવાનો છે, એટલે તે અવસ્થામાં માબાપને ઘેર રહી, લાડકોડથી મોટી થઈ, સ્વતંત્ર આચરણવાળી અને ઇચ્છા પ્રમાણે ઇચ્છિત વસ્તુને મેળવનારી વૃત્તિમાંથી છૂટીને, લગ્ન થયા પછી શ્વશુરપક્ષમાં કેવળ અજાણ્યા, કેવળ અપરિચિત અને કેવળ જેના ગુણ-કર્મ-સ્વભાવ જાણેલા નથી, એવા કુટુંબના સહવાસમાં જઈને પોતાના પિતાના ગૃહમાં મેળવેલી અને ભોગવેલી સ્વતંત્રતાને દબાવી, શ્વશુરગૃહનાં અપરિચિત માણસોના તાબામાં રહી, યશ અને કીર્તિ મેળવવા માટેનો ઉદ્યોગ કરવો, તે જો કન્યાવસ્થામાં કેળવણી લઈને કન્યાનો અધિકાર મેળવ્યો હોય તોજ સાસરાના નિર્વાહ કરી બીજો અધિકાર વહુ તરીકેનો મેળવી શકે છે એટલા માટે માબાપોએ પોતાની પુત્રીને વહુ તરીકેનો અધિકાર [illegible] રામાં જઈને મેળવે, એટલી કેળવણી આપવાની ખાસ જરૂર છે બીજો અધિકાર વહુ તરીકેનો આવે છે, તે અધિકારમાં [illegible] પિતાના લાડકોડને ભૂલીને સસરાના ઘરનાં [illegible] કરવાની શક્તિ હોય અને જુદી જુદી વૃત્તિના, જુદા જુદા સ્વભાવના મનુષ્યોના મનના ધારેલા વિચારોને [illegible] સ્વભાવની બુદ્ધિ ખીલેલી હોય, એટલે પોતાની [illegible] દાસી જાણી, પોતાની અનિચ્છા છતાં, સુખ [illegible] રાખી, દુઃખનો, રોકનો, દંડનો, દ્વેષનો કે અપૂર્ણતાનો [illegible]

સામા માણસના જોવામાં ન આવે એવી રીતે મનથી, વચનથી અને શરીરથી વર્તન ચલાવી, પોતાનો વહુ તરીકેનો અધિકાર સ્થાપી, આખા કુટુંબના કાર્યનું વહન કરે, ત્યારે તે વહુ કહેવાય છે. તે પછી ત્રીજો અધિકાર ગૃહિણીનો આવે છે. ગૃહિણી શબ્દનો અર્થ એવો થાય છે કે, તે સ્ત્રીએ ગૃહના માલિક થઈ પડવું. એટલે એવું વર્તન ચલાવવું જોઇએ કે, શ્વશુરપક્ષમાં પોતાના સસરા, સાસુ, જેઠ, જેઠાણી, દિયર, દેરાણી, નણંદ અને તેનાં સંતાનો તથા ઘરમાં દાસદાસીઓ હોય, તે સર્વે તેને પૂછીને કામ કરે. અર્થાત્ એવી યુક્તિવાળું બોલવું કે જે સત્ય અને પ્રિય હોય, જેથી સર્વનો વિશ્વાસ સંપાદન કરી લેવાય; એટલે આ વહુ ઘણી બુદ્ધિશાળી છે, જેથી તેની સલાહ દરેક કામમાં લેવી જોઇએ, એવો વિચાર ઘરના વડીલોનાં મનમાં સ્થાપન કરવો; અને જ્યારે એટલો અધિકાર અથવા વિશ્વાસ સ્થાપન કરી શકાય, ત્યારેજ તે ગૃહિણી કહેવાઇ શકે છે. વળી તે ગૃહિણી-અવસ્થામાં રહીને તેને માતાનો અધિકાર મેળવવાની જરૂર છે. એટલા માટે-જ આપણા લોકોમાં સાધારણ રિવાજ પડી ગયો છે કે, પ્રથમ અવસ્થામાં માતાનો અધિકાર મેળવવાને લાયક જે સ્ત્રી થાય છે, તેને અગૃહિણી એટલે અઘરણી આવી છે એમ કહે છે. મતલબ એવી છે કે, એવી અવસ્થામાં જ્યારે ગર્ભવાળી સ્ત્રી, પોતાના ગર્ભના ભારથી અકળાતી હોય, ત્યારે શ્વશુરપક્ષના વડીલોએ તેનો પાંચમે મહિને સીમંતોન્નયન કે પુંસવન સંસ્કાર કરી, તેના મનનો ભાર ઓછો કરવા સારુ, તેને અગૃહિણીનું રૂપ આપી, પોતાના પિતાને ઘેર વિદાય કરવી, એવી રૂઢિ આજે પણ ચાલે છે. એ ગૃહિણી-અવસ્થામાં માતાનો અધિકાર મેળવ્યા પછી અને અગૃહિણીનું રૂપ ધારણ કર્યા પછી સાસુનો અધિકાર મેળવવાની જરૂર જણાય છે; એટલે માતા થયા પછી તેને સાસુનો અધિકાર

મેળવવો પડે છે. કેમકે ઉત્તમ સંતતિ ઉત્પન્ન કરવાવાળી ગૃહિણીમાં ગમે તેટલી સંપૂર્ણતા હોય તથાપિ સાસુ સ્વભાવે કર્કશા હોય, તો કોઈ પણ પ્રકારે ઈર્ષા અથવા દ્વેષથી અગર તો કુળમોટપ કે વડીલપણાના અભિમાનથી પોતાના ઘરમાં અધિકાર ભોગવતી ગૃહિણીને અગૃહિણી–અવસ્થામાં એવો ક્ષોભ ઉત્પન્ન કરે કે, જેથી ગૃહિણીના અધિકારવાળી માતાના અધિકારને પામતી ગર્ભિણી સ્ત્રી, ગર્ભના વૃદ્ધિકાળમાં, પોષણકાળમાં ગર્ભના વાસનાલિંગને તથા આત્માને સુસંસ્કાર આપવાના કાર્યથી ચ્યુત થઈ જાય; જેથી ધારેલા રૂપ, ગુણ અને આરોગ્યવાળા બાળકને બનાવવામાં ખામી આવે. એટલા માટે માતાએ કન્યા તથા વહુ થવાય એટલી કેળવણી આપવી; અને તે પછી સાસુએ ગૃહિણી, માતા અને સાસુનો અધિકાર પ્રાપ્ત થાય એટલી કેળવણી આપવી. સાસુના અધિકારમાં પાસ થયેલી સાસુ પોતાના પુત્રને સારી સંતતિ ઉત્પન્ન કરવાને સહાયભૂત અને ગૃહિણીને ઇચ્છા પ્રમાણેનાં બાળક ઉત્પન્ન કરવાને માર્ગદર્શિકા થાય. અને તે તે કાર્યમાં જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે, સાસુનો પુત્ર અને ગૃહિણીનો પતિ, તેને સહાયક થાય તોજ ઉત્તમ ગુણ–કર્મવાળી અને રૂપાળી સંતતિ ઉત્પન્ન કરી શકાય, અન્યથા નહિ.

આપણા આયુર્વેદમાં એટલું તો વર્ણન કરવામાં આવ્યું છે કે, ઋતુસ્નાત થયેલી સ્ત્રીએ ઋતુસ્નાન થયા પછી પોતાના સ્વામી સિવાય કોઈનું પણ મોઢું જોવું નહિ તેજ વાતને લઈને તેના [illegible] અધિકતર કરીને અથવા તેના ઉપર વધારે વિવેચન કરીને, [illegible] વિદ્વાનોએ એ બાબતમાં પુસ્તકો લખ્યાં છે [illegible]

રૂપાળું સુશોભિત અને આકર્ષક બનાવવાનાં સાધનો માટેજ લખ્યું છે; પરંતુ અમારા આયુર્વેદે પિતાનાં શરીર, અંતઃકરણ અને આત્માના જેવાં બાળક ઉત્પન્ન કરવાનું વિધાન કરેલું છે; પણ તે ઘણું સંક્ષિપ્તમાં હોવાથી વિદ્વાન વૈદ્યોએ અને વૃદ્ધ વડીલોએ તેના ઉપર વિચાર કરી, તે દિશાએ વહન કરવાનું છે.

જો એક માતા પોતે રૂપાળું બાળક ઉત્પન્ન કરવાની ઇચ્છા રાખતી હોય, તો તેણે અમુક માણસને પ્રથમથી મુકરર કરવો કે, આ મનુષ્યના જેવો મારે ત્યાં પુત્ર ઉત્પન્ન થાય. જો એમ કરવામાં નહિ આવે અને કોઈ અજાણી બળતીજ છબી અથવા ચિત્રની પસંદગી કરી, તેના ઉપર તીવ્ર ધ્યાન અપાય તો ઘણે ભાગે તે ચિત્ર જેવી સંતતિ ઉત્પન્ન થાય; પરંતુ તેમાં જોઇતા ગુણો ઉત્પન્ન થઈ શકે નહિ. જો એક માતા પોતાના ઉદરથી રૂપ-ગુણસંપન્ન સંતતિ ઉત્પન્ન કરવાની ઇચ્છા ધરાવતી હોય, તો તેણે બનતાં સુધી પોતાના માનેલા દેવ-ગુરુની પ્રતિમા ઉપર ધ્યાન રાખવું, અથવા પોતાના વંશમાં કોઇ પ્રભાવશાળી, બુદ્ધિશાળી, બળવાન અથવા દેશોદ્ધારક પુરુષ ઉત્પન્ન થયો હોય, તો તેની છબી ઉપર પ્રેમથી અવલંબન કરી, તેના જેવું રૂપાળું મનુષ્ય દુનિયામાં બીજું છેજ નહિ, અથવા તેના જેવા ગુણવાળું મનુષ્ય બીજું નથી, એવો દૃઢ સંકલ્પ કરવો અને તે પછી ગર્ભ ધારણ કરવો. જો પ્રથમથી માતાના અંતઃકરણમાં મહાપુરુષની છબી ચિત્રાઇ ગઇ નહિ હોય, તો ગર્ભ રહ્યા પછી જ્યારે એક મહિના બાદ ખબર પડે કે મને ગર્ભ રહ્યો છે અને તે પછી બાળક કોના જેવું ઉત્પન્ન કરવું, તેની ચૂંટણી કરતાં ઘણા પુરુષો ઉપર ધ્યાન દોડાવવામાં આવે, તો કુદરતનો નિયમ એવો છે કે, જેમ ગર્ભમાંથી બાળક બહાર પડે કે તેજ વખતે સૂર્ય, ચંદ્ર અને ગ્રહોનાં કિરણો ઋતુ, અયન અને કાળના પ્રભાવો તેની ઉપર પડે છે, તેમ ગર્ભમાં વીર્યનું

સ્થાપન થયું કે, તેજ વખતે જે જે માણસની આકૃતિ, ગુણ, સ્વભાવ, સ્મૃતિમાં આવે, તેની છાયા ગર્ભ ઉપર પડે છે. તે પછી બીજી ચૂંટણી થઇ, એક છબીને ધ્યાનમાં લેવા માટે મુકરર કરીને તે ઉપર ચિત્ત ચોંટતાં સુધીમાં જેટલો સમય વીતી જાય તેટલા સમયમાં જેટલાં સ્વરૂપો તથા જેવા જેવા ગુણવાળા તથા રૂપવાળાનું સ્મરણ થતું જાય, તેટલા તેટલા રૂપ-ગુણની છાયા પડવાથી તે બાળકમાં ગુણની તથા રૂપની સંકરતા થાય છે.

એટલા માટે આયુર્વેદાચાર્યોએ, પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજા પુરુષનો સ્વપ્ને પણ વિચાર નહિ કરવાનો હોવાથી, ઋતુસ્નાત થયા પછી પોતાના પતિ સિવાય કોઇનું પણ મોંઢું જોવાનો નિષેધ કર્યો છે; તથાપિ દરેક મનુષ્યનાં અંતઃકરણ તથા સ્વરૂપ અને શરીર, ઉન્નતિને પામેલાં નહિ હોવાથી, દરિદ્રી ને ધનવાન, નિર્બળ ને બળવાન મૂર્ખ ને ગુણવાન હીનાવસ્થાવાળા ને ઐશ્વર્યવાન દરેકને સંતતિ ઉત્પન્ન કરવાની સ્વાભાવિક ઇચ્છા હોય છે; એટલા માટે ઉપર કહેવામાં આવ્યું છે કે, પતિથી બીજે નંબરે પોતે માનેલા દેવ-ગુરુના સ્વરૂપ-ગુણનું અવલંબન કરવું એ વધારે નિર્દોષ અને બંધબેસતું છે. હવે વિચાર કરવાનો એ છે કે એક સ્ત્રીએ પોતાની કન્યાવસ્થામાં ભગવાન રામ અને શ્રીકૃષ્ણ જેવા ગૃહસ્થધર્મને સાચવનારા તથા રાજ્યધર્મને સાચવનારા પુરુષનાં ચરિત્ર સાંભળેલું છે; તેમાંથી તેની સ્વભાવ-પ્રકૃતિને ગમે તેવું [illegible] છે અને કોઇના ઉપર તેને વિશેષ પ્રેમ ઉત્પન્ન થયો છે, તેવી [illegible] ને કન્યાને શ્રીરામ [illegible] [illegible] કન્યાના અંતઃકરણમાં [illegible] [illegible] તેને [illegible] [illegible] [illegible] [illegible] અને પતિને [illegible] [illegible] [illegible] [illegible] તેના રૂપનું, [illegible]

રોહણ કરાવવું, એટલે તેના ગર્ભમાં રહેલું બાળક તેવા રૂપવાળું તથા બળવાળું થવાનુંજ. પછી તેના ગુણનું વર્ણન, અહોરાત્ર તેના મન ઉપર લાવતા રહેવું, જેથી તે બાળક માતૃભક્ત, પિતૃભક્ત, ભ્રાતૃભાવ અને પ્રજાવાત્સલ્યવાળું ઉત્પન્ન થશે. × × ×

જો કોઈ પણ મહાત્માનું અથવા આદર્શ સત્પુરુષનું ચિત્ર ખડું કરી, તેની છાપ ગર્ભવતીના ગર્ભમાં રહેલા બાળક ઉપર પાડવા અથવા તેવા ગુણ બાળકમાં ઉત્પન્ન કરવાની ઇચ્છા હોય તો તે એવા પુરુષનું ચરિત્ર, જેમ બને તેમ શુદ્ધ વર્ણવેલું હોવું જોઇએ. જો એ પ્રમાણે ન થઇ શકે તો સદ્ગુણ કરતાં દુર્ગુણનો આવિર્ભાવ જલદીથી થતો હોવાને લીધે, દુર્ગુણની છાપ જલદી પડે છે. આપણા લોકમાં શ્રીકૃષ્ણચંદ્રના ચરિત્રમાંથી શ્રીમદ્ ભગવદ્ગીતાનો પાઠ કરવાનો, ભણવાનો અને તેનું મનન કરવાનો સામાન્ય રિવાજ ચાલે છે. પરંતુ આશ્ચર્ય તો એ છે કે, જે ગીતાને એકવાર સાંભળવાથી અર્જુને છોડી દીધેલાં હથિયાર ગ્રહણ કરી, ભારત જીત્યું, તેજ ગીતાનો નિત્ય પાઠ કરનારાઓમાં કલેશ, વૈર, ઇર્ષા, દ્વેષ, ભીરુતા, કાયરતા, શઠતા અને કૃતઘ્નતા આજે જોવામાં આવે છે! પરંતુ આમાં કાંઇ ગીતાનો દોષ નથી. × × ×

એજ પ્રમાણે વિચાર કરતાં આપણને સ્પષ્ટ સમજાય છે કે, ગર્ભવાળી સ્ત્રીને ઉત્પન્ન થયેલાં દોહદ પૂરાં પાડવાની વાત તો એક બાજુએ રહી અને તેના મનને શાંત રાખી, સ્વાભાવિક રીતે તેને સ્વતંત્રતા તથા સંતોષમાં રહેવા દેવાની જે વખતે ખરી જરૂર છે, તે વખતે સાસુ, સસરા, પતિ અને બીજા વડીલો તરફથી તેને કલેશ, ભય અને શોક, ઉત્પન્ન થાય એવાં કારણો, વિનાકારણે ઊભાં કરવામાં આવે અને પછી પોતાના વંશની ઉન્નતિને ઇચ્છે અથવા પોતાના વંશમાં કોઇ આદર્શ પુરુષ ઉત્પન્ન થાય એવી આશા રાખે, એ કોઇ પણ કાળે બનવાજોગ નથી.

પરંતુ એટલું તો બની શકે છે કે, ગર્ભવાળી અવસ્થામાં તેને ક્રોધ ઉત્પન્ન થવાથી ક્રોધી, ઇર્ષા ઉત્પન્ન થવાથી ઇર્ષાળુ, શોક ઉત્પન્ન થવાથી નિર્બળ, ભય ઉત્પન્ન થવાથી અંગહીન અને કામ ઉત્પન્ન થવાથી ઉન્માદાવસ્થાવાળો બાળક ઉત્પન્ન થાય છે. એક રજપૂત કુટુંબનો દાખલો આપીશું. ઊંચા કૂળમાં ગણાતા રજપૂતો કે જેઓ ગરાસિયા કહેવાય છે, તે લોકોમાં એક સાધારણ રિવાજ એવો છે કે, વહુ એટલે જાણે કે એક કનિષ્ઠ પ્રકારનો નોકર ન હોય! માત્ર તેનો એકજ હક વધારે ગણવામાં આવે છે કે, તેને સંતતિ ઉત્પન્ન કરવાના એક સાંચારૂપ ગણી શકાય છે. એ કરતાં વિશેષ અધિકાર, તેનો હોઈ શકતો નથી. અમે પ્રત્યક્ષ જોયું છે કે, ઘરના માણસો એટલે સાસુ, સસરા, દિયેર કે જેઠને માટે જે ઉત્તમ પ્રકારની રસોઇ બનાવવામાં આવે, તેમાં વહુનો ભાગ હોયજ નહિ; પરંતુ વહુને માટે તો બીજા નોકરો જે બની વગેરેનું કામ કરવાને રાખેલા હોય, તેમને માટે જે હલકા પ્રકારની રસોઇ થાય, તેમાંથીજ તેને ભોજન મળે છે. વળી જેટલાં કઠણ વચન વહુને કહેવામાં આવે છે તેટલાં અને તેવા વચન, જો ચાકરને કહેવામાં આવે તો તે નાસી જાય; એટલા માટે ચાકરને સમજાવીને વાત કરવામાં આવે, પણ વહુને તો [illegible] જાણી કરીને, તોછડાઇથી જે શબ્દો કહેવામાં આવે છે, તે [illegible] 'सेवाधर्मो परमगहनो योगिनामप्यगम्यः' એ સૂત્ર પ્રમાણે [illegible] વાત તો તેજ જાણે! આવી સ્થિતિમાં જે કુટુંબ [illegible] બળવાન, ધૈર્યવાન, ઐશ્વર્યવાન, ધીમાન અને [illegible] આશા રાખીએ તે શી રીતે ફળી શકે? આપણાં શાસ્ત્ર [illegible] 'यत्र नार्यो पूज्यन्ते रमन्ते तत्र देवताः' અર્થાત્ [illegible] કે [illegible] છે ત્યાંજ દેવતાઓ રમે છે. [illegible] કેટલાંક [illegible] (ગર્ભ) [illegible]

ગુણથી વંચિત રહેતી થઇ; અને પરિણામે માંહોમાંહે વેર, દ્વેષ, કલેશ, કૃતઘ્નતા, છળકપટ અને શત્રુનો આશ્રય લેવાથી દિન પર દિન હીનાવસ્થાને પામતી ગઈ.

પશ્ચિમના વિદ્વાનોએ આ બાબતમાં ઘણો વિચાર કરીને, ઘણા પ્રયોગો અજમાવી એવું સિદ્ધ કર્યું છે કે, સ્ત્રીના અંતઃકરણ ઉપર રૂપાળા કે કદરૂપા, ગમે તેવા મનુષ્યની છાપ પડે તેવાં પુત્રપુત્રી ઉત્પન્ન થાય. જેમ એક સ્ત્રીએ ગર્ભાવસ્થામાં લૂલો, પાંગળો, આંધળો, એક હાથવાળો, એક પગવાળો કે નાક–કાન વગરનો એક માણસ જોયો અને તેના મનમાં એવોજ ભાસ પડી, ભય ઉત્પન્ન થાય કે રખેને મારા ગર્ભમાં આવા દોષ આવી જાય. તેટલા માટે તે છબીને મનમાંથી દૂર કરવાને જેમ જેમ તે પ્રયત્ન કરતી જાય તેમ તેમ પેલી ખોડવાળી છબી, તે સ્ત્રીના અંતઃકરણમાં વધારે દૃઢીભૂત થાય, જેથી પરિણામે તે સ્ત્રીના પેટમાં રહેલો ગર્ભ તે તે અંગ વિનાનો જન્મે અને એવા જન્મેલા બાળકોના ઘણા દાખલા નોંધાયા છે. તેમ જે પતિ પોતાની સ્ત્રી ઉપર વિશ્વાસ રાખતો ન હોય અને પોતાની સ્ત્રીને શકની નજરે જોતો હોય, પરંતુ સ્ત્રી પતિવ્રતવાળી અને સદાચરણી હોય; છતાં તેનો પતિ પોતા ઉપર વિશ્વાસ નહિ રાખતો હોવાથી એવી આજ્ઞા કરે કે, ફલાણા વૈદ્ય, ફલાણા સાધુ, ફલાણા સગા કે ફલાણા મિત્ર તરફ જોવું નહિ, અથવા તેની સાથે કોઇ પણ જાતનો વ્યવહાર રાખવો નહિ. તે સ્ત્રી પતિની આજ્ઞાને માથે ચઢાવી ગર્ભાવસ્થામાં પોતાના મનમાં ભયને લીધે, રખેને મના કરેલા મનુષ્યનું મુખ જોવાઇ જાય તેથી હંમેશાં ડરતી રહેવા છતાં વિરોધાભાસથી તેનું ચિંતન સતત તે સ્ત્રીના મનમાં થયા કરે છે; અને તેથી મના કરેલા મનુષ્યની આકૃતિ પોતાના અંતઃકરણની સામે હરવખત તૈયાર રહે છે. જેથી એમ બને છે કે, ગર્ભમાં ઉત્પન્ન થયેલો બાળક, તે નિષેધ

કરેલા મનુષ્યના જેવી આકૃતિવાળો ઉત્પન્ન થાય છે. જેથી હજારો કૌટુંબિક કલેશ ઉત્પન્ન થઇ, તે સ્ત્રીપુરુષનો સંસાર નિષ્ફળ નીવડે છે. એટલા માટે ગર્ભવાળી સ્ત્રીને ગર્ભાવસ્થામાં તેના અંતઃકરણ પર ખોટી છાપ ન પડે, તેનો વિચાર આસપાસના સત્તાધારી અને જવાબદાર વ્યક્તિઓએ અવશ્ય કરવો જોઇએ.

આ સંસારરૂપી ક્ષેત્રમાં, મનુષ્ય પ્રાણીરૂપ રોપાને ઊગવાના બે પ્રકાર છે. પહેલો પ્રકાર એવો છે કે ક્ષેત્રમાં પાણીનું સિંચન થયું કે, કેટલાક રોપાઓ પોતાની મેળે જમીનમાં રહેલા બીજ પ્રમાણે કોઇપણ જાતની ખેડ–ખાતર વિના ઊગી નીકળી જમીનને ઘેરી લે છે. અને બીજી જાતના રોપાને માટે ખેડુતને ઘણો વિચાર કરવાની જરૂર પડે છે, તેથી તે ખેડુત પ્રથમ તો એવો વિચાર કરે છે, કે હું જે રોપો ઉછેરી તેનાં ફળ મેળવવા ઇચ્છું છું તે રોપાને હરકતકર્તા તથા તેની જગ્યા રોકનારા, કોઇ પણ બીજા રોપા ઊગી ન નીકળે તેવી જમીન બનાવવાની ખાસ સંભાળ રાખીને તે પછી પોતાના ધારેલા રોપાનાં બીજને સંભાળથી તપાસી તેમાં કોઇ પણ જાતની વ્યાધિ કે ખોડ ન હોય તેવા બીજની વાવણી કરી, તેને હવાઅજવાળું જોઇતા પ્રમાણમાં આપી, તાપ, [illegible] અને પવનથી રક્ષણ કરી, ઘણી સંભાળથી ઉછેરે છે અને ત્યારે જ તે પોતાના રોપા ધારેલાં ફળને ઉપજાવી [illegible] પ્રમાણે વર્તમાનકાળમાં સંસારક્ષેત્રના [illegible] મુખ્યત્વે કરીને આપણા દેશમાં ક્ષેત્રની શુદ્ધિ [illegible] ઉછેરી શકાય છે. એ વિદ્વાનો ઘણું કરીને [illegible] [illegible] ભૂમિમાં અને તેનું બીજ વાવી, [illegible] [illegible], 'કર્મનાં [illegible] [illegible] તેનું [illegible]' [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે કે [illegible]

નિર્બળને મારી ખાય' 'ધનવાન ગરીબને ચૂસી ખાય' અને 'વિદ્વાન મૂર્ખાઓને ગુલામ બનાવે.' એટલે બળવાન, ધનવાન અને વિદ્વાન મનુષ્યો, આદર્શરૂપ ગણાય અને નિર્બળ, દરિદ્રી તથા મૂર્ખ માણસો સૃષ્ટિમાં ભારરૂપ મનાય છે.

એ પ્રમાણે વિચાર કરતાં, મનુષ્યમાત્રની ફરજ છે કે, ઉપર બતાવેલા ત્રણ પ્રકારનાં આદર્શરૂપ સંતાનો ઉત્પન્ન કરવાને ભૂમિકા શુદ્ધ કરી, તેને સંસ્કાર આપી એટલે ખાતર નાખી તેમાં શુદ્ધ બીજનું વાવેતર કરી, બળવાન, ધનવાન અથવા વિદ્વાન સંતતિ ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરવો. એવી રીતનો ત્રણે પ્રકારની સંતતિ ઉત્પન્ન કરવા માટેનો પ્રયાસ જો દેશમાં ચાલુ થાય, તો કાળક્રમે કરીને તે દેશની પ્રજા સાર્વભૌમ સત્તા ભોગવવાને લાયક થાય; પરંતુ જે દેશમાં પ્રારબ્ધવાદથી પ્રજા પરાભવને પામી, જડરૂપ બનેલી હોય, તો તે જડરૂપ પ્રજામાંથી ચૈતન્યરૂપ ઉત્તમ ગુણકર્મવાળી અને રૂપાળી સંતતિ ઉત્પન્ન કરવાની આશા શી રીતે રાખી શકાય? એટલા માટે કહેવાની જરૂર છે કે, સ્ત્રીપુરુષના ધર્મને જાણી તે ધર્મની આડે આવનારાં જેટલાં બંધનો, પછી તે રૂઢિથી કે ધર્મથી ઉત્પન્ન થયાં હોય તેનું સમૂળ છેદન કરી, જેમ પૃથ્વીને ફાડીને વૃક્ષ પોતાનું સ્વરૂપ બહાર પાડે છે, તેમ રૂઢિનાં બંધનોને ચીરીને, સૃષ્ટિની શોભારૂપ આદર્શ પ્રજા બનાવવાને પ્રયત્નવાન થવાની મનુષ્યમાત્રની ફરજ છે.



૮–ગર્ભિણીના રોગોની ચિકિત્સા



આપણા દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં, ગર્ભિણી સ્ત્રીની શારીરિક સંપત્તિમાં થયેલી વિક્રિયાને લીધે ઉત્પન્ન થતા રોગોનો ઉપાય કરવાનો ચાલ ઘણો થોડો જણાય છે. ઘણા વૈદરાજોને બોલતા સાંભળીએ છીએ કે, ગર્ભિણી સ્ત્રીને ફલાણો રોગ થયો છે, પણ તેનો ઉપાય હાલમાં થઈ શકશે નહિ; એ તો પ્રસૂતિ થયા પછીજ સારું થશે. એવી રીતે વૈદ્યોનો અભિપ્રાય હોવાથી, પરંપરાના રિવાજ પ્રમાણે ઘરનાં ઘરડાં માણસો પણ ગર્ભિણીના રોગના ઉપાય કરવામાં બેદરકાર રહે છે. તેઓને એટલોજ ભય રહે છે કે, ગર્ભિણીને ઔષધ આપવાથી વખતે ગર્ભ ગળી જાય અથવા અધૂરે પડી જાય. જો કે શાસ્ત્ર પ્રમાણે ચિકિત્સા કરતાં ગર્ભમાં વિક્રિયા થતી નથી અને કદાચ થાય તો તે દૈવેચ્છાથીજ થાય, પરંતુ યોગ્ય ઔષધ કરવાથી ગર્ભ પડી જતો નથી, કિંતુ ગર્ભિણીનું શરીર તંદુરસ્ત રહેવાથી ગર્ભને પુષ્ટિ મળે છે! એટલા માટે ગર્ભિણીના રોગથી બેદરકાર રહેનારાને માટે અને ગર્ભિણીનું રક્ષણ કરવા માટે આ નિબંધ લખવાની જરૂર પડી છે. આ નિબંધમાં લખેલા ઉપાયો પૈકી કેટલાક શાસ્ત્રના છે અને કેટલાક અનુભવેલા છે; પરંતુ તે સર્વે ઉપચાર બુદ્ધિ [illegible] તો ગર્ભિણીના રોગની શાંતિ કરે અને ગર્ભને [illegible] નહિ, એ ખાતરી ભરેલું છે.

ગર્ભિણીને એકેક [illegible] ગર્ભ [illegible] માં [illegible] આવે છે, ને [illegible] આવે છે, તેમ [illegible] કરવું પડે છે. [illegible]

૬૨

ખાઇ શકતી નથી અને જો ખાધું હોય તો જીવ કચવાઇને ઊલટી થઇ ખાધેલું અન્ન નીકળી જાય ત્યારેજ તેને શાન્તિ થાય છે. તેવી અવસ્થામાં દિવસો ચડતા જાય છે અને એ ઉપદ્રવ, અભાવો અથવા અરજના નામથી ઓળખાય છે. તે સ્ત્રીને ઊલટી થાય છે, જીવ ગભરાય છે, ચક્કર આવે છે, આંખે અંધારાં આવે છે, શરીરનું બળ ઘટતું જાય છે, ખોરાક ખવાતો નથી અને એટલી બધી પીડા થાય છે કે, તે સ્ત્રીને અસહ્ય થઇ પડે છે; તેમાં ખાસ કરીને તે સ્ત્રીથી ભાવતો ખોરાક અને ભાવતાં વ્યસન બિલકુલ લઇ શકાતાં નથી; એટલે કે જો પાનસોપારી ખાવાની ટેવ હોય તો તેને મોંમાં મૂકતાં તરત ઊલટી થાય છે અને આવી અવસ્થામાં કોઇ પણ વૈદ્ય ભાગ્યેજ તેને ઓસડ આપી શકે છે. ઊલટીના રોગને શાસ્ત્રમાં "છર્દિ રોગ" એવું નામ આપ્યું છે અને તેમાં ગર્ભથી ઉત્પન્ન થતી છર્દિનો એક પ્રકાર લખ્યો છે. એવી ઊલટીને માટે અને ઉપર કહેલા અભાવાને લીધે થતી ગભરામણનો સહેલામાં સહેલો ઉપાય એ છે કે, ચાર રૂપિયાભાર ઠંડું પાણી લઇ, તેમાં ખાટું લીંબુ નંગ એક નિચોવી કોઇ પણ જાતનું ગળપણ નાખ્યા સિવાય પાવું; તેથી ગભરામણ અને ઊલટી નરમ પડી જાય છે, એટલુંજ નહિ પણ સ્ત્રીનો ખાધેલો ખોરાક હજમ થઇ, પ્રકૃતિ સુધરી જાય છે. આ ઉપચાર ખાસ અનુભવેલો છે. આપણા લોકોમાં એવું કહેવાનો સાધારણ રિવાજ પડી ગયો છે કે, ગર્ભિણી સ્ત્રીને ખટાશ ખવડાવવામાં આવે તો તે ખેંચાઇ જશે અથવા તેના સાંધા રહી જશે અથવા તેને પ્રસવ થતી વખતે મહા કષ્ટ પડશે; પરંતુ આ ખટાશથી બિલકુલ ડરવાનું કારણ નથી. કેમકે ખટાશ સાથે જો ગળપણ મેળવવામાં આવે તોજ તે શરદી કરે છે. આયુર્વેદના સિદ્ધાંત પ્રમાણે તો ખાટો રસ ગરમ છે, પરંતુ આમલીની ખટાશમાં ગળપણ મળેલું છે,

ટોકમની ખટાશમાં તેલ મળેલું છે, માટે એ ખટાશ આપતાં શરદીનો ભય ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. પણ લીંબુની ખટાશમાં ખારો, કડવો, તૂરો, ખારો અને મધુર એ પાંચ રસો મળેલા હોવાથી તે 'પંચામૃત' જેટલું કામ કરી, શરીરને આરોગ્ય આપે છે; એટલા માટે ખાટા લીંબુનો રસ પીવાને ભલામણ કરી શકાય છે. કેટલીક ગર્ભિણીને તાવ આવે છે, અને તે તાવ ઘણા દિવસ ઓષધ વિના ચાલુ રહેવાથી, તેનું પરિણામ ઘણું ભયંકર આવે છે. કારણ કે પ્રસૂતિ થયા પછી, તેજ તાવ શરીરમાં નબળાઈ વધવાને લીધે વધારે બળવાન બને છે, અને તે ગર્ભિણીનો જ્વર 'પ્રસૂતિજ્વરમાં' ફેરવાઈ જઈ પરિણામે ક્ષયનું રૂપ ધારણ કરે છે; માટે ગર્ભિણીને તાવ આવતો હોય તો મહુડા, સુખડ, વાળો, ઉપલસરી, જેઠીમધ અને પદમકાષ્ઠ એનો ઉકાળો મધ મેળવીને આપવો અથવા સુખડ, ઉપલસરી, લોધર ને દ્રાક્ષ એનો ઉકાળો સાકર મેળવીને આપવો. અથવા [illegible] મજીઠ, પહાડમૂળ, વાળો, મોથ એનો ઉકાળો કરી, ઠંડો પડ્યા પછી પાવો, જેથી તાવની શાંતિ થાય છે. જો ગર્ભિણીનો તાવ 'વિષમજ્વર'નું રૂપ પકડે, તો બકરીના દૂધમાં સૂંઠ ઘસીને પાવાથી તેની શાંતિ થાય છે. જો ગર્ભિણી સ્ત્રીને 'જ્વરાતિસાર' [illegible]

અને ભાતની ધાણીનું ચૂર્ણ મેળવી પાવું, તો ઝાડો અને ઊલટી બેઉ બંધ થઇ જશે. અથવા ધાણાનો કલ્ક કરી ચોખાના ધોવણમાં સાકર મેળવીને પાવાથી ઊલટી શાંત થશે. અથવા બીલીનો ગર, ચોખાની ધાણીના ઉકાળામાં મેળવીને પાવો. અથવા ભારંગમૂળ, સુંઠ, પીપર એનું ચૂર્ણ કરી ગોળ મેળવીને આપવું. ગર્ભિણીને ખાંસી અને શ્વાસ હોય તો, પ્રશ્નીપરણી (ગધી સમેરવો) કાંસદીનાં પાંતરાં અને અરડુસો એ ત્રણ, અથવા ત્રણમાંથી જે મળે તેનો રસ કાઢી પાવામાં આવે તો, ગર્ભિણીનાં રક્તપિત્ત, કમળો, સોજા, ખાંસી, દમ અને તાવને મટાડે છે. જો બીલીનાં ફળ ને અરણીનાં મૂળ, અથવા પટોળ અને સૂંઠનો ફાંટ કરીને પાય તો ગર્ભિણીના વાયુરોગનો નાશ કરે છે. જો કાળીજીરી, ધોળું જીરું અને કડુનો ઉકાળો કરીને પાવામાં આવે, તો ગર્ભિણીના સોજાનો નાશ કરે છે. જો અજમોદ, સૂંઠ, પીપર, જીરું એનું સમભાગે, ચૂર્ણ કરી ગોળ અથવા મધ સાથે આપવામાં આવે તો ગર્ભિણીનો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. દર્ભનાં મળ, કાસનાં મૂળ, એરંડમૂળ, ગોખરુ, એને લઇને તેને દૂધમાં ઉકાળી સાકર નાખીને પાવાથી ગર્ભિણીનું શૂળ મટે છે. તેમજ ગોખરુ, જેઠીમધ અને દ્રાક્ષ, દૂધમાં વાટી તેમાં સાકર મેળવી પાવાથી શૂળ મટે છે. જો વજ, અને લસણ મેળવીને દૂધ ઉકાળેલું હોય અને તેમાં હિંગ અને સંચળ-ક્ષાર મેળવીને પાવામાં આવે, તો ગર્ભિણીનો અનાહવાયુ એટલે પેટ ચડતું હોય તે મટી જાય છે. જો તૃણપંચક એટલે દર્ભનાં મૂળ, કાંસનાં મૂળ, ભાતનાં મૂળ, શેરડીનાં મૂળ અને બરુનાં મૂળ એનો કલ્ક કરી દૂધમાં મેળવી, તે દૂધ ઊનું કરીને પાવાથી ગર્ભિણીને પેશાબ બહુ ગંધાતો હોય તો તે મટે છે; અથવા પેશાબ અટકી જતો હોય તો તે છૂટથી આવે છે. એ પ્રમાણે સામાન્ય ચિકિત્સા કરવાથી કોઇ પણ જાતનો ઉપદ્રવ થતો નથી. હવે ગર્ભને

પડી જવાનો ભય દેખાય એટલે સ્ત્રીને અધૂરે માસે પ્રસવ થવાનો સંભવ જણાય, તો તેની ચિકિત્સા નીચે પ્રમાણે કરવી:—

પહેલે માસે ગર્ભ પડવાનો સંભવ દેખાય તો દ્રાક્ષ, જેઠીમધ, સુખડ, રતાંજળી, એને ગાયના દૂધમાં વાટીને, તેમાં જરા ઘી નાખીને પાવું; અથવા કમળનાં ફૂલ, વાળો, શિંગોડાં, પડકચૂરો એને ઠંડા પાણીમાં વાટીને દૂધમાં મેળવીને પાવો. જો બીજે માસે ગર્ભ પડવાનો સંભવ જણાય તો કમળનાં ફૂલ અને નાગકેશર, વાટીને દૂધ સાથે પાવાં. જો તેમાં શૂળ હોય તો, તગર, કમળ, બીલીનું ફળ, કપૂર, એ ગધેડીનાં દૂધમાં વાટીને પાવાં. ત્રીજે માસે ગર્ભપાત થવાનો સંભવ જણાય તો, નાગકેશર વાટીને દૂધમાં ડાળવીને તેમાં થોડી સાકર નાખીને પાવું. તેમાં જો શૂળ જણાય તો પદ્મક, સુખડ, વાળો, કમળના નાળ; એ ઠંડા પાણીમાં વાટીને, દૂધમાં મેળવીને પાવાં. જો ચોથે માસે ગર્ભપાતનો સંભવ જણાય અને તેની સાથે તૃષા, શૂળ, દાહ અને જ્વર હોય, તો કેળનો કંદ, નીલકમળ, વાળો; એને વાટીને દૂધ મેળવીને પાવું. જો પાંચમે મહિને ગર્ભપાતનો સંભવ જણાય તો દાડમના પાન તથા સુખડ વાટીને દૂધ તથા દહીં મેળવીને પાવાં; અથવા નીલકમળ, કમળ કાકડી તથા કેળનાં પાનડાં, નાગકેશર, પદ્મકાષ્ઠ, એને પાણીમાં વાટીને, કપડે ગાળીને, દૂધમાં મેળવી પાવું, જેથી ગર્ભ પડશે નહિ અને શૂળની શાંતિ થશે. જો છઠ્ઠે મહિને ગર્ભપાતનો સંભવ જણાય. તો ગેરુ, ગાયનાં અડાયાંની રાખોડી, પીપર અને કુક-[illegible] કંકોડી, એનો ઉકાળો કરી, ટાઢો પડ્યા પછી, દૂધ, સાકર અને [illegible] [illegible] પાવો. જો સાતમે મહિને ગર્ભપાત [illegible] સંભવ જણાય, તો વાળો, [illegible], સૂંઠ, લક્ષ્મણા, નાગકેશર અને [illegible] એનો ઉકાળો કરી [illegible] પાવો. જો આઠમે મહિને ગર્ભપાતનો સંભવ જણાય તો [illegible], અને પીપરનું [illegible]

મધ સાથે આપવું; અને નવમે મહિને તો પ્રસૂતિ થવાનો સંભવ છે એટલે તે મહિનામાં કોઇ પણ જાતનું ઓસડ આપવાની જરૂર નથી. આ ગર્ભપાતના પ્રકરણમાં ઔષધિ કહેવામાં આવી છે, પણ તેનું વજન લખવામાં આવ્યું નથી. તેનું કારણ એવું છે કે, વૈદે ગર્ભિણીની સ્થિતિ તથા તેના અગ્નિબળનો વિચાર કરી, યોજના કરવાની છે; એટલા માટે દવાનું વજન અને ઉકાળો તથા ઘૃતનું વજન, આયુર્વેદના કવાથાધિકારમાં તથા કલ્ક અને ફાંટના અધિકારમાં જોઇવિચારીને તેની યોજના કરવી. ગર્ભિણીને ભય, તાડન, આઘાત, વિષમ આસન અને ઉષ્ણ અન્નપાન, એવાં કારણથી ગર્ભ પડવા લાગે છે, ત્યારે તેમાં શૂળ તથા રજોદર્શન દેખાય છે. ચાર મહિના સુધી ગર્ભ પાતળો હોય છે, તેથી તે ગર્ભ પડે તો ગર્ભનો સ્રાવ થયો એમ કહેવાય છે; અને તે પછીના મહિનાઓમાં ગર્ભ કઠિન અને આકારવાળો થાય છે અને તે પડે તો તેને ગર્ભપાત થયો એમ કહેવાય છે. ગર્ભસ્રાવ થવા માંડે ત્યારે દાહ, પાસાં અને કમ્મરમાં શૂળ, પ્રદર, પેટનું ચડવું અને મૂત્રબંધ, એ ઉપદ્રવો થાય છે; પરંતુ સાતમે, આઠમે કે નવમે મહિને ગર્ભનું ચલન થાય છે; એટલે ગર્ભ ફેર દે છે એમ કહેવાય છે; ત્યારે આમાશય અને પકવાશયમાં ક્ષોભપૂર્વક પીડા થાય છે; તેમાં પ્રદર હોતો નથી; તેથી ગર્ભપાત થવાનો છે, એમ જાણી ગભરાવું નહિ. ગર્ભપાતનાં લક્ષણ જણાય તે વખતે 'ઉત્પલાદિ-ગણ' ઘણો ઉપયોગી થઇ પડે છે; તેથી તે પણ લખીએ છીએ. લીલાં કમળ, લાલ કમળ, કલ્હાર, કુમુદિની, ધોળાં કમળ અને મધુક નામનું કમળ; આ ઉત્પલાદિગણ કહેવાય છે. એમાંથી જેટલાં મળે તેટલાં લઇ, વાટીને પાવાથી દાહ, તૃષ્ણા, હૃદયરોગ, રક્તપિત્ત, મૂર્છા, ઊલટી અને અરુચિની શાંતિ થાય છે. અથવા લજ્જાળુ, ધાવડીનાં ફૂલ, લીલાં કમળ, જેઠીમધ, લોધર—એનો

ઉકાળો કરીને ગર્ભિણી સ્ત્રીને ઠંડા પાણીમાં બેસાડીને પાવાથી ગર્ભપાતનું નિવારણ થાય છે. અથવા કુંભારના હાથે ચોંટેલી માટી, બકરીના દૂધમાં મેળવીને જરા મધ નાખીને પાવાથી, ગર્ભ પડતો અટકી જાય છે. અથવા ધોળી ગરણીના મૂળને ઘસીને પાવાથી ગર્ભનું સ્તંભન થાય છે. અથવા કબૂતરની અઘાર પાનના રસમાં પાવાથી, ગર્ભમાંથી પડતા લોહીને અટકાવે છે. અથવા સાકર, કમળકાકડી અને તલ સમભાગે લઈને ચૂર્ણ કરી મધ સાથે ચટાડવું, જેથી ગર્ભપાતનો ભય રહે નહિ. અથવા અતિબલા (કાંસકી) નું મૂળ વિધિપૂર્વક લાવી, કુંવારી કન્યાને હાથે કાંતેલા સૂતરના સાત તારમાં બાંધી ગર્ભિણીની કમ્મરે બાંધવાથી ગર્ભપાત થતો અટકે છે.

'કુંઠિતગતિ' એવો વાયુ ગર્ભને આડો કરે છે. એટલે યોનિ તથા પેટમાં શૂળ ઉત્પન્ન કરે છે ને મૂત્રનો અવરોધ કરે છે એ વાયુ વધુ જોરમાં વધવાથી ગર્ભ વિપરીત દશામાં અને [illegible] થઈને, અનેક પ્રકારથી યોનિદ્વારમાં આવે છે. તેના મુખ્ય આઠ પ્રકાર છે. ૧. કોઈ ગર્ભ માથાથી યોનિનું દ્વાર બંધ કરી [illegible] છે. ૨. કોઈ પેટથી યોનિદ્વાર બંધ કરીને આવે છે ૩. કોઈ [illegible] વાળીને કૂબડો થઈને આવે છે. ૪. કોઈ ગર્ભ એક [illegible] કાઢીને આવે છે. ૫. કોઈ બેઉ હાથ પાછળ [illegible] દ્વારમાં આવે છે ૬. કોઈ પાસાભેર આડો આવે છે ૭. કોઈ [illegible] તેમ [illegible] આવે છે ૮. કોઈ [illegible] કાંટાની જેમ [illegible] થઈને યોનિદ્વારમાં આવે છે [illegible]

'મૂઢગર્ભ'ના આ પ્રકારે ગણના કરેલી છે [illegible] [illegible] [illegible] યોનિદ્વાર [illegible] [illegible] અટકી રહે છે તેને 'સંકીલક' કહે છે [illegible] [illegible] અટકી રહે તેને '[illegible]' કહે છે. જે ગર્ભ [illegible]

માથું પાછળ રાખી અટકે છે તે 'બીજક' કહેવાય છે; અને
ગર્ભ પરિઘ પ્રમાણે યોનિમાં અટકી રહે છે તે પરિઘ કહેવાય
જે ગર્ભિણી સ્ત્રીનો ઓચીનો કાંટો ઢીલો પડી જવાથી માથું
રહી શકતું નથી, શરીર ઠંડુ પડતું જાય અને લજ્જાનો નાશ
તથા તેની કૂખ ઉપર લીલી નસો તરી નીકળે, તે ગર્ભિણી
ગર્ભ, એકબીજાનો પ્રાણ લે છે. ગર્ભિણીને ગર્ભની હાલચાલ
થયેલી જણાય, વેણ આવતી બંધ થાય, શરીર પીળું કે લી
પડતું જણાય, શ્વાસોચ્છવાસમાં દુર્ગંધ આવે અને પેટ ફૂલી
તો જાણવું કે પેટમાં ગર્ભનું મરણ થયું છે. ગર્ભિણી સ્ત્રીને
સિક તથા આગંતુક, એવાં દુઃખ ઉત્પન્ન થવાથી અથવા
મહાન વ્યાધિથી ગર્ભનું મરણ થાય છે. જે ગર્ભિણી સ્ત્રીને વા
યોગથી યોનિનો સંકોચ થઈ, કૂખમાં ગર્ભ અટકી રહે અને
સાથે મક્કલશૂળ, આંકડી, ખાંસી, શ્વાસ આદિ ઉપદ્રવ હો
ગર્ભિણી જીવે નહિ. જો ગર્ભિણી વાતકારક અન્ન અને પાન, મૈ
જાગરણ એનું અતિ સેવન કરે, જેથી ગર્ભના યોનિમાર્ગનો
કોપીને યોનિદ્વારને બંધ કરે છે અને એ દ્વાર બંધ થયા
યોનિગત વાયુ ગર્ભાશયના દ્વારને રોકે છે તથા ગર્ભાશયમાં
ઉત્પન્ન કરે છે; તેથી ગર્ભનું મુખ-નાક બંધ થઇ શ્વાસોચ્
બંધ પડવાથી ગર્ભનો નાશ થાય છે. અથવા શ્વાસોચ્છ્વાસ
થવાથી ગર્ભિણીનો પણ નાશ થાય છે. આ યમની પેઠે મારી
નારા રોગને 'યોનિસંવર્ણ' નામનો વ્યાધિ કહે છે. તેથી
એની ચિકિત્સા કરવી નહિ. પ્રસૂતિકાળે વાયુથી ગર્ભનો સં
થાય જેથી પ્રસૂતિ થઇ શકે નહિ, તે સ્ત્રીએ ખાંડણિયામાં
ધાન્ય લઇને સાંબેલાથી ખાંડવું અને વિપમાસને (ઉભ
બેસવું અથવા વિષમ વાહન પર બેસીને ફરવું, જેથી પ્રસવ થ
પ્રસવનો કાળ થયો હોય અને પ્રસુતા કષ્ટાતી હોય તો, સ

કાંચળી અથવા તગરનો ધુમાડો યોનિદ્વારમાં આપવો. અથવા કૌવચનાં મૂળને દોરીથી બાંધી હાથે બાંધવાં. અથવા સૂરજમુખી કિંવા ઇંદ્રવારણાના મૂળને યોનિમાં ધારણ કરવું. અથવા પીપર અને ઘોડાવજ પાણીમાં ઘસીને, તેમાં થોડું દિવેલ મેળવીને યોનિમાં લેપ કરવો, જેથી સ્ત્રીને સુખરૂપ પ્રસવ થાય છે. અથવા બિજોરાનું મૂળ અને જેઠીમધનું ચૂર્ણ કરી, ઘીમાં મેળવી પાવું જેથી સ્ત્રીને સુખે પ્રસવ થાય છે. અથવા બોરડીનું ઉત્તર દિશાનું મૂળ લઈ ગર્ભિણીની લંબાઈ જેટલા સૂતરના સાત તાર લઈ તેમ બાંધી, કમ્મરે બાંધવાથી આસાનીથી જલદી પ્રસવ થાય છે. તાડનું ઉત્તર દિશાનું મૂળ લઈ, ઉપર પ્રમાણેની વિધિથી કમ્મરે બાંધવાથી જલદી પ્રસવ થાય છે. અથવા અપામાર્ગ (અઘેડો)નું મૂળ ઉપર પ્રમાણે કમ્મરે બાંધવાથી સુખરૂપ પ્રસવ થાય છે જ્યારે સ્ત્રી કષ્ટાતી હોય, ત્યારે જે જે ક્રિયાથી પ્રસૂતિ જલદીથી થાય તે તે તમામ ક્રિયા, મૂત્રમાર્ગ ઉપર પણ અજમાવવી.

જો ગર્ભાશયમાં ગર્ભ મરણ પામ્યો છે એમ જાણવામાં આવે તો ગર્ભિણીના બચાવને માટે, નિર્ભય, ચતુર અને શસ્ત્રવિદ્યામાં કુશળ વૈદ્યે, પોતાને હાથે ઘી ચોપડીને, તે હાથ યોનિમાં મૂકી ગર્ભને કાપી કાઢવો; પરંતુ સજીવ ગર્ભને કદી પણ [illegible] કાઢવો નહિ. સજીવ ગર્ભ પર શસ્ત્રક્રિયા કરવાથી, તે ગર્ભ [illegible] છે અને ગર્ભિણીને પણ મારી નાખે છે તેમજ [illegible] ગર્ભ [illegible] છે એવું નક્કી થયા પછી એક ક્ષણ [illegible]

અભ્યંગ કરી ગરમ પાણીથી શેક કરવો અને તે પછી યોનિમાં સ્નેહ ધારણ કરાવવું, એટલે યોનિ કોમળ થશે અને તેનું શળ શાંત થશે. જો શસ્ત્રકર્મ કરનારનો જોગ ન હોય તો રાઇ અને હિંગનું ચૂર્ણ કરી, કાંજીમાં મેળવી પાવાથી ગર્ભસ્થાનમાં મરેલા ગર્ભનો પાત થાય છે. અથવા ફાલસાનાં મૂળનો લેપ, નાભિ, બસ્તિ અને યોનિમાં કરવાથી મૂંઢ ગર્ભનું આકર્ષણ કરે છે. જો પ્રસૂતા સ્ત્રીના પેટમાંથી ઓર બહાર ન પડે તો શૂળ, પેટ ચડવું અને અગ્નિમાંદ્યના ઉપદ્રવ થાય છે. એવો ઉપદ્રવ જણાય ત્યારે સાપની કાંચળી, કડવી તૂંબી, નાગરમોથ અને સરસનાં બીજ, એનું ચૂર્ણ કરી સરસવના તેલમાં મેળવી યોનિમાં ધૂણી આપવી. જો ઓર રહી ગઇ હોય તો સુયાણીએ પોતાના નખ લેવડાવીને હાથે તેલ ચોપડીને તે હાથ યોનિમાં મૂકીને, ઓર કાઢી લેવી. જો યોનિમાં જખમ પડેલો જણાય તો ભૂરા કોળાનાં પાન અને લોધર એ સમભાગે લઇ બારીક વાટીને તેનો લેપ કરવો. જો યોનિભ્રંશ થયો હોય તો પલાસપાપડો અને ગુલ્લરનાં ફળ વાટી તલના તેલમાં મેળવીને યોનિમાં લેપ કરવાથી યોનિ ઘટ્ટ થાય છે. બાળકનો પ્રસવ થયા પછી યોનિમાં વાયુપ્રવેશ ન થાય એવા ઉપચાર કરી તેનું રક્ષણ કરવું. જો તેમ કરવામાં ન આવે તો વાયુ કોપીને બહાર નીકળતા રક્તને રોકી પ્રસૂતાને હૃદય, મસ્તક અને બસ્તિમાં શૂળ ઉત્પન્ન કરે છે, તેને ' મલ્લક ' (મક્કલ) રોગ કહે છે. જો મલ્લક થયો હોય તો જવખારનું ચૂર્ણ કરી તે ઊના પાણી સાથે અથવા ઘીની સાથે પાવાથી, મલ્લક શૂળ મટી જાય છે. અથવા સૂંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, ધાણા એનું ચૂર્ણ જૂના ગોળ સાથે ખાવાથી મક્કલ શૂળનો નાશ કરે છે. અથવા હિંગને શેકીને ઘીમાં મેળવી ચટાડવાથી મક્કલ શૂળનો નાશ થાય છે. કેટલીક વાર સ્ત્રીને પ્રસવ થયા પછી તેનો પેશાબ

બંધ થઇ જાય છે અને પછી તેને શૂળ ઉત્પન્ન થાય છે. અથવા ઉધ્ધ્વ વાત (ઊનવા) પણ થાય છે. ત્યારે તેને જવખાર ઘીમાં ચટાડવાથી, અથવા તે ઊના પાણીમાં પાવાથી પેશાબની છૂટ થાય છે.

કેટલીક સ્ત્રીને પ્રસવ થયા પછી પાણીની તરસ અને છાતીની ગભરામણ, એટલી બધી વધી પડે છે કે, તે વખતમાં જો યોગ્ય ઉપચાર ન થાય તો આંકડી (આક્ષેપક) થઇ જાય છે, અથવા તેનું મરણ થાય છે. તેવા વખતમાં ફુલાવેલી ઘાપાણ આશરે વાલ બે બકરીના અથવા ગાયના દૂધમાં મેળવી પાવાથી તુરત ફાયદો થાય છે. આ ઉપાય અનુભવેલો છે.

ચાલુ પ્રકરણમાં ગર્ભપ્રદ અને ગર્ભનષ્ટનાથોડા પ્રયોગ લખી, આ નિબંધ સમાપ્ત કરીશું. **ગર્ભપ્રદ પ્રયોગોઃ**-દિવેલીની મીંજ અને જિરાનાં બિયાં વાટીને ઘીમાં મેળવી પાવાથી ગર્ભ ઉત્પન્ન થાય છે. અથવા લક્ષ્મણાનું મૂળ ગળામાં બાંધવાથી અને તે ઘીમાં ઘસીને તેનો નાસ લેવાથી ગર્ભ ઉત્પન્ન થાય છે. અથવા એક બિજોરાનાં જેટલાં બીજ હોય એટલાં બિયાં દૂધમાં વાટીને ઋતુમતી સ્ત્રીને પાવાથી ગર્ભ રહે છે. અથવા આસનનો ઉકાળો મેળવીને દૂધ ઉકાળવું અને તેમાં ઘી મેળવીને ઋતુસ્નાન થયા પછી ત્રણ દિવસ પાવાથી તે સ્ત્રી ગર્ભ ધારણ કરે છે. અથવા [illegible] ન. બંધ અને [illegible] એ બેનું ચૂર્ણ કરી [illegible] [illegible] ગર્ભ ધારણ થાય છે. અથવા [illegible] દૂધીનું મૂળ અને [illegible] ગર્ભ, દૂધમાં [illegible], તે સ્ત્રીને પુત્ર ઉત્પન્ન થાય છે [illegible] [illegible] [illegible] ગર્ભ રહે છે. કેટલાક આચાર્યોના મતે [illegible] [illegible] [illegible] [illegible] થાય છે અને [illegible] [illegible] થાય છે, [illegible]

ગર્ભનિવારણ પ્રયોગ

જો પીપર, વાયવડિંગ અને ટંકણખાર; એનું સમભાગે ચૂર્ણ કરી ઋતુકાળે જે સ્ત્રી પીએ તેને ગર્ભ રહેતો નથી. અથવા જાસૂદનું ફૂલ કાંજીમાં વાટીને જે રજસ્વલા પીએ અને ઉપરથી ચાર તોલા ગોળ ખાય તો તે સ્ત્રીને કદી ગર્ભ ધારણ કરે નહિ. અથવા જે સ્ત્રી સિંધવનો કટકો તેલમાં બોળીને યોનિમાં ધારણ કર્યા પછી પુરુષથી રમે તેને કદી પણ ગર્ભ ધારણ થશે નહિ. અથવા જે સ્ત્રી તાંદળજાનાં મૂળને ચોખાના ધોવણમાં વાટી ઋતુસ્નાત થયા પછી ત્રણ દિવસ પીએ તે સ્ત્રી વંધ્યાપણાને પામે છે.

સુવારોગનું નિદાન અને ચિકિત્સા

શરીર ભાંગે, તાવ આવે, કંપારી થાય, તરસ લાગે, અંગ સજ્જડ થાય, સોજા, શૂળ અને ઝાડા એવાં લક્ષણ જેને થાય તેને સુવારોગ થયો છે, એમ જાણવું. જે પ્રસૂતા સ્ત્રીને ભળતોજ ઉપચાર કરીને અથવા દુષ્ટાન્ન અથવા દુષ્ટ પાણીના સેવન કરવાથી અથવા વિષમાસન, અજીર્ણ અને ભોજન ઇત્યાદિને લીધે જે ભયંકર રોગ ઉત્પન્ન થાય છે તે આ પ્રમાણે છે. વાયુ કુપિત થઇને સ્વસ્થાનમાંથી છૂટેલા રુધિરનો અવરોધ કરીને પ્રસૂતાના મસ્તક, હૃદય અને બસ્તિમાં શૂળ ઉત્પન્ન કરે છે, જેને મક્કલ કહેવામાં આવે છે અને તાવ, ઝાડા, સોજા, પેટનું ફૂલવું, અશક્તિ, કફ, વાતજન્ય રોગથી ઉત્પન્ન થનારું આળસ, અન્નદ્વેષથી મોઢામાંથી પાણી છૂટવું એવા વિકાર થાય છે, તે સર્વની સુવારોગમાં ગણના કરવી અને તેમાં માંસ, બળ અને અગ્નિ એ ક્ષીણ થાય ત્યારે કષ્ટસાધ્ય જાણવાં. આ સુવારોગમાં એકાદ પ્રકાર પ્રાધાન્ય ભોગવી, બાકીના ઉપદ્રવરૂપે તેની સાથે રહે છે; એવું જણાય, ત્યારે ગળો, સૂંઠ, કૌવચબીજ, લજામણી, ઊંટકંટારો, પંચમૂળ, નાગરમોથ એનો

ઉકાળો કરીને ટાઢો પડ્યા પછી મધ નાખીને પાવાથી સુવારોગની શાંતિ થાય છે. અથવા દેવદાર, વજ, પાનની જડ, પીપર, સૂંઠ, કાયફળ, મોથ, કરિયાતુ, કડુ, ધાણા, હરડાં, ગજપીપર, રીંગણી, ગોખરુ, ધમાસો, અતિવિષ, ગળો, બીલી, અને શાહજીરું એનો ઉકાળો કરી તેમાં સિંધવ અને હિંગ મેળવીને પાવાથી શળ, ખાંસી, તાવ, શ્વાસ, મૂર્છા, કંપ, મસ્તકપીડ, લવારો, તૃષા, દાહ, તંદ્રા, અતિસાર અને ઓકારી એટલા ઉપદ્રવવાળા ત્રિદોષાત્મક સુવારોગનો નાશ થાય છે. સુવાવડ મટયા પછી સુવાવડીને પંચજીરક પાક ખવાડવો. તેની રીત આ પ્રમાણે છેઃ—જીરું, શાહજીરું, સુવા, વરિયાળી, અજમોદ, અજમો, ધાણા, મેથી, સૂંઠ, પીપર, પીપળીમૂળ, ચિત્રક, વાયવડિંગ, ભોંયકોળાનું ચૂર્ણ એ દરેક ચીજ ચાર ચાર તોલા લઈ તેમાં ચારસો તોલા ગોળ, એકસો અઠ્ઠાવીશ તોલા દૂધ અને સોળ તોલા ઘી મેળવીને તેનો પાકની વિધિ પ્રમાણે પાક કરવો. તે પાક તેને ખવડાવવાથી સુવારોગ મટે છે એટલુંજ નહિ પણ પ્રમુતાના યોનિરોગ, તાવ, ક્ષય, ખાંસી, દમ, કરશ (સુકાઈ જવું) પાંડુરોગ, અને વાયુના રોગનો પણ નાશ થાય છે.

સૌભાગ્યસૂંઠી પાકઃ—ઘી ૩૨ તોલા, દૂધ ૫[illegible] તોલા સાકર ૨૦૦ તોલા, તેમાં સૂંઠનું ચૂર્ણ ૨૦૦ તોલા [illegible] પાક [illegible] કરવી; તેમાં ધાણા તોલા ૧૦, વરિ[illegible] ૨૦, વાયવડિંગ તોલા ૪, સુવા તોલા ૮, જીરું તોલા [illegible] [illegible] [illegible], [illegible], નાગકેશર, [illegible] દરેકનું [illegible] તોલા ચૂર્ણ [illegible], તેને પકાવવું [illegible] '[illegible]' [illegible] કહે છે. [illegible] આ પાક [illegible] [illegible], [illegible], [illegible], [illegible], [illegible], [illegible] [illegible] છે. [illegible] સૂંઠ ૩૨ તોલા, [illegible] [illegible] [illegible] ૨૦૦ તોલા અને [illegible], જીરું [illegible]

મરી, પીપર, તજ, એલચી, તમાલપત્ર, સૂવા, વરિયાળી, અજમોદ, અજમો, જવક, ચિત્રો અને મોથ એ દરેકના ચચ્ચાર તોલા ચૂર્ણ મેળવીને પકાવવું. તે ચાટવા જેવો થાય એટલે સિદ્ધ થયો સમજવો અને તેને ઘીના ચીકણા વાસણમાં અથવા કાચના વાસણમાં ભરીને રાખી મૂકવો. પ્રસૂતાના અગ્નિબળનો વિચાર કરીને આપવાથી સુવારોગને ગટાડી, બળ, વર્ણ અને પુષ્ટિને આપે છે. આ પાક વયસ્થાપક, હૃદયને પ્રિય લાગે એવો, અગ્નિને વધારનારો અને આમવાત, મક્કલશૂળ અને સુવારોગનો નાશ કરનારો છે. એ પ્રમાણે પ્રસૂતા સ્ત્રીની સુવાવડ અને સુવારોગમાં કહેલી વિધિ પ્રમાણે વર્તન ચલાવી, જે વૈદ્ય પ્રસૂતાનું આરોગ્ય વધારવાને શક્તિવાન થાય છે, તેમજ પ્રસૂતા તથા પ્રસૂતાના પતિ અને વડીલો પ્રસૂતાને તંદુરસ્ત રાખવામાં સહાયભૂત થાય છે, તો તે પ્રસૂતા (વર્તમાનકાળમાં ટૂંકા આવરદાવાળી, રોગી અને નિર્બળ થઇ, કાળના મુખ તરફ દોરાઇ જાય છે તેમાંથી બચી) આરોગ્ય, સુખ અને વૈભવનો લાભ મેળવી, લાંબા કાળ સુધી આયુષ્ય ભોગવી, સંસારસુખમાં આદર્શરૂપ થઇ, બળવાન, બુદ્ધિવાન, ઐશ્વર્યવાન, સંતતિને મૂકી સ્વર્ગનું સુખ ભોગવે છે.

९-प्रसव अने प्रसूतानी सारवार

આપણે પાછલા નિબંધોમાં જણાવી ગયા છીએ કે, સૃષ્ટિના શણગારરૂપ અને સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે, રૂપાળી, ગુણવાળી અને બળવાળી સંતતિ ઉત્પન્ન કરવાની કુદરતે આપણને ફરજ પાડેલી છે; અને તે ફરજ પાડવા સાથે કુદરતી નિયમો આપણને બાંધી આપ્યા છે. તે પ્રમાણે નહિ વર્તનાર માણસ પાપ કરે છે. તે પાપના ફળરૂપ, જે દેશનાં મનુષ્યો એ નિયમને તોડી, અન-

સ્ત્રીપણે વર્તનારા થાય છે તે દેશ પતિત થઇ, પડતો પડતો છેલ્લે ગુલામગીરીમાં સપડાય છે. તે પાપમાંથી મુક્ત થવા માટે કુદરતના નિયમને અનુસરીને વર્તન રાખવું, એનું નામ 'ધર્મ' ગણીને, તે પ્રમાણે વર્તનાર મનુષ્યો ધાર્મિક વૃત્તિના ગણાય છે; અને જે દેશ એ પ્રમાણે વર્તતો હોય, તે દેશ તે ધર્મના પ્રભાવથી ઉન્નતિને પામી, સર્વનો શિરોમણિ, બળવાન, ધનવાન અને વિદ્વાનમાં ગણાઇ, ઇતર દેશો પર આધિપત્ય ભોગવવાવાળો થાય છે. એટલા માટે આપણે સારી સંતતિ ઉત્પન્ન કરવા માટેના કુદરતના નિયમને તાબે થઇ જે ગર્ભને ઉત્પન્ન કર્યો છે, તે ગર્ભને પ્રસવ કરાવી ગર્ભવતીની પ્રસુતાવસ્થામાં તેની માવજત કેમ કરવી, તે આ નિબંધ લખવાનો ઉદ્દેશ છે.

જે સ્ત્રી નવમે, દશમે, અગિયારમે કે બારમે અવતા[illegible] પામી અને તેટલા માસે કે વર્ષે પ્રસૂતા થવાને લાયક જણાવતે વખતે, તે સ્ત્રીને માટે આઠ હાથ લાંબુ, ચાર હાથ પહોળું, પૂર્વ ત્રિભુજ અથવા ઉત્તર ત્રિભુજનું સુશોભિત ઘર, અને ઉત્તમ [illegible] સમાન [illegible] પ્રવેશ કરાવે એવું, બેજ વગરનું, [illegible] તૈયાર કરવું; અને જ્યારે પ્રસૂતાવસ્થાના પૂર્વ [illegible] પેટનું પડી જવું, હૃદયના બંધ ઢીલા થઇ જવા [illegible] માટે [illegible] કેડમાં અને પીડા [illegible] એવું દેખાય, [illegible] છે એમ જાણી, પ્રસૂતિગૃહ [illegible] છે [illegible] પ્રવેશ કરાવવો. તે પછી [illegible]

ત્યારે તે સ્ત્રીને પોચા ઓશિકાવાળી પથારી ઉપર પગ મૂકીને ઉભડક બેસાડવી. તે વખતે તે સ્ત્રીની સારવાર કરનારી અથવા પ્રસૂતિ કરાવનારી, જેના ઉપર કોઇ પણ જાતનો વહેમ ન હોય એવી, પ્રસૂતિની ક્રિયામાં કુશળ, જેના નખ સારી રીતે ઉતરાવી નાખ્યા હોય અને જે પ્રસૂતાનું પ્રસન્ન ચિત્તથી હિત કરનારી હોય, એવી કુશળ, અનુભવી ચાર સ્ત્રીઓને તે કામમાં રોકવી. છોકરું અવતરવાના માર્ગને ચારે કોર તેલ ચોપડ્યા પછી, તેઓમાંથી એક સુયાણીએ તે કષ્ટાતી સ્ત્રીને કહેવું કે, "બાઇ, જો તને બરાબર પીડ ન આવતી હોય તો જોર કરીશ નહિ, પણ જો બરાબર પીડ આવતી હોય તો જોર કરજે. પ્રથમ ધીરે ધીરે થોડું જોર કરજે અને પછી વધારે જોર કરજે. તારો ગર્ભ યોનિના દ્વારમાં આવે ત્યારે ત્યાંથી નીકળીને ઓર સહિત ધરતી પર પડતાં સુધી બહુ-જ જોર કરજે." જો સમય વગર જોર કરવામાં આવે તો પ્રસવ થતું બાળક, મૂંગું, બહેરું, ખૂંધું શ્વાસના રોગવાળું, ઉધરસવાળું, ક્ષયવાળું કે શિથિલ શરીરવાળું આવે છે.

હવે આ વિષય ઉપર થોડુંક વિવેચન કરવાની જરૂર છે. તે એવી રીતે કે, હાલમાં ચાલતા રિવાજ પ્રમાણે, પ્રસૂતાને પ્રસૂતિ-ગૃહમાં એક એવી શય્યા ઉપર સુવાડવામાં આવે છે કે, તે સુવા-ડનાર માણસને તે શય્યા ઉપર ચાર રાત્રિ સૂવાનો હુકમ કર્યો હોય તો તે જરૂર મરી જાય અથવા મરવા પડે. તો આવી તદ્દન શિથિલ થઇ ગયેલી પ્રકૃતિવાળી, શ્રમ અને થાકથી કંટાળી ગયેલી, જેને આરામની ઘણી જરૂર છે એવી સ્ત્રીને તેના મનને આનંદ આપ-વાની ફરજને ભૂલી જઇ, એક દોરીથી ભરેલો ખાટલો અને તે ખાટલા પર કામળ અથવા ટાટના ફાટેલા, ગંધાતા કકડા પાથ-રેલા હોય છે! જેમાંથી ગંધ અને જંતુનો ઉદ્ભવ થાય એવા બિછાના ઉપર દશ દિવસ ગાળવાની ફરજ પાડવામાં આવે છે;

પરંતુ તે સ્ત્રીના મનને શાંતિ આપવાની એટલી બધી જરૂર છે કે, જે સ્ત્રીને સંતતિ ઉત્પન્ન થયેલી છે, તેના ભવિષ્યનું બંધારણ બંધાવવાને માટે છઠ્ઠીનો દિવસ નિર્માણ થયેલો છે. તે છઠ્ઠીને દિવસે વિધાત્રી લેખ લખવા આવે છે એવી દંતકથા આપણામાં ચાલુ છે. અને તેના દાખલા તરીકે છઠ્ઠીને દિવસે રાત્રે એક દીવો પ્રકટાવી, બાળકની પાસે એક બાજઠ ઉપર મૂકી, કોઈ વૃદ્ધ પુરુષના વાપરેલા જૂના કપડાનો કટકો પાથરી, ત્યાં આગળ કંકુ અને કલમ કરવાનું બરૂ ગોઠવી, એવું ધારે છે કે, આજ રાત્રે વિધાત્રી આવીને કંકુના અક્ષરે એના લેખ લખી જશે. જેથી બાળક ભાગ્યશાળી નીવડશે પરંતુ જો વિધાત્રી કંકુના અક્ષરને બદલે કાળા અક્ષરથી લેખ લખી જશે, તો તે બાળક [illegible] થશે એટલા માટે વિધાત્રીને લેખ લખવા માટે કંકુ, [illegible] અને કલમ મૂકવામાં આવે છે; અને અંધારામાં ભૂલ ન થઈ જાય એટલા માટે ત્યાં દીવો અખંડ રાખવામાં આવે છે. પરંતુ [illegible] દૃષ્ટિનું રહસ્ય એવું છે કે, મનુષ્યપ્રકૃતિના [illegible] બનવાને, પહેલા [illegible] પછી, [illegible] પરિક્ષા જેટલો કાળ જાય છે. એટલા માટે [illegible] પ્રથમ દિવસે [illegible] [illegible]

છે અને તેથીજ છઠ્ઠીને દિવસે વિધાત્રી નહિ, પણ વિધાતા એટલે પરમાત્મા અથવા કુદરતથી નિર્માણ થાય છે, તેને "છઠ્ઠીના લેખ" એવું નામ આપવામાં આવ્યું છે. હવે વિચાર કરો કે, પ્રસૂતિ થવાથી નિર્બળ થયેલી અને પ્રસૂતિકાળમાં શરીરની અશુચિ અને પાણી આદિથી ભેજવાળી અને અંધારામાં આચ્છાદિત થયેલી, હવા અને ઉજાસરહિત સ્થાનમાં અકડાયલી પ્રસૂતાના મન પર કેવી જાતની અસર થશે, તેનો વિચાર કર્યા વિના, તેને તૂટેલી, ફાટેલી, ગંધાતી, મેલી અને નહિ વપરાયલી અવાવરુ ગોદડીઓમાં સુવાડી, તેની ઉપર જુલમ ગુજારવામાં આવે છે, તો પછી તે સ્ત્રી આનંદના અને નીતિના વિચારોનું સેવન શી રીતે કરી શકે? અર્થાત્ એવું સમજાય છે કે, જે સુવાવડી સ્ત્રીને અંધારામાં અને અશુચિમાં રાખ્યા પછી કાંઈ રોગ ઉત્પન્ન થાય, તો તેની સારવાર માટે વૈદ્યો અને ડાકટરોની ફી તથા દવાના બિલના સેંકડો રૂપિયા ખર્ચાય પણ એક સુવાવડી સ્ત્રીને સુખ, આરામ અને આરોગ્ય આપવા માટે, જૂજ રકમના બિછાનાની કસર કરવામાં આવે એ કેટલું બધું ખેદકારક અને શોચનીય છે?

ઉપર જણાવી ગયા તેમ પ્રસૂતિગૃહ ઉત્તરાભિમુખ અથવા પૂર્વાભિમુખનું રાખવું, તેનું કારણ એવું છે કે, જો દક્ષિણાભિમુખનું દ્વાર કરવામાં આવે, તો પ્રસૂતાને ઉત્તર દિશાએ માથું રાખવાનો પ્રસંગ આવે; અને ઉત્તર દિશાએ લોહચુંબકનો પહાડ આવવાથી તથા તે લોહચુંબક, લોખંડને આકર્ષણ કરનાર હોવાથી, પ્રસૂત થયેલી સ્ત્રીના શરીરમાં પૌષ્ટિક તત્ત્વ એટલે જે લોહનો ભાગ છે, તેના ઉપર આકર્ષણનું જોર વધવાથી, તેના શરીરના બળને ઘટવાનો અને મગજના જ્ઞાનતંતુને ખેંચવાનો સંભવ હોવાથી, તે પ્રસૂતાને આંકડી, લકવો અથવા એવોજ મહાન વાતવ્યાધિ ઉત્પન્ન થવાનો સંભવ છે. તેવીજ રીતે પશ્ચિમાભિમુખનું

દ્વાર રાખવામાં આવે તો, તે સ્ત્રીને પૂર્વ દિશાએ માથું રાખવાની જરૂર પડે છે. તેથી સૂર્યના ઉદયથી અસ્ત લગીમાં, તેના શરીર ઉપર સીધાં કિરણો પડવાથી પ્રસૂતાના શરીરમાં અત્યંત લોહીનો ઉકાળો થાય અને તેથી, તેના હૃદયનાં ફેફસાં, યકૃત અને પ્લીહા જેવા લોહીના બનાવનારા, લોહીને સુધારનારા અને લોહીને રંગનારા અવયવો ઉપર ભારે અસર થતાં લોહીની ગતિમાં મોટો ફેરફાર થાય છે. તેથી તે સ્ત્રીનું દૂધ વિકારવાળું થાય છે અને તેથી, તે દૂધ પાવનાર બાળકને વૃદ્ધિ પામતું અટકાવી રોગી અવસ્થામાં લાવી નાખે છે. કદાચ કોઈ એવો વિચાર કરે કે, પશ્ચિમાભિમુખ અથવા દક્ષિણાભિમુખનું દ્વાર રાખીશું, તથાપિ તે સ્ત્રીને ઉત્તરાભિમુખ કે પૂર્વાભિમુખ સુવાડીશું નહિ, જેથી ઉપર લખ્યા મુજબની અસર આંથી બચાવી શકીશું; પરંતુ તેમ બનવામાં ઘણી અડચણો છે

ઉપર જણાવવામાં આવ્યું છે કે, પ્રસૂતિગૃહ કરાવનારી સુયાણી હોશિયાર, ધીરજવાળી અને હસમુખી તથા પ્રીતિથી કામ કરનારી અને વિશ્વાસપાત્ર હોવી જોઇએ. વળી તેના નખ લેવડાવેલા હોવા જોઇએ, તેનું કારણ એ કે, સ્ત્રીને પ્રસવ વખતે આમરણાન્ત દુઃખ ઉત્પન્ન થાય છે, તેવા સમયમાં જો સુયાણી ગભરાઈ જાય એવી, ચલિત મનની અને અનુભવ વગરની હોય, તો પોતાના મનની સ્થિતિ સાચવી નહિ શકવાથી, તે કર્કશ તથા ભયભરેલાં વચનો બોલી જાય, તેથી ગર્ભિણીના મન ઉપર એવી ખરાબ અસર થાય કે, જેથી તેને પ્રાણ જવા સુધીનો સંભવ આવી જાય. નખ લેવડાવવાનું કારણ એ છે કે, ગર્ભસ્થાનમાં આંગળી મૂકવી પડે અથવા હાથ મૂકવો પડે અને નખ વધેલા હોય, તો ગર્ભસ્થાનના કોઇ ભાગને અથવા ગર્ભના કુમળા શરીરને નખનો જખમ લાગી જાય, તો નખના જખમને બીજા જખમો કરતાં રુઝવવાનું કામ ઘણું મુશ્કેલ થઇ પડે છે. એ ઉપરાંત સુયાણી સિવાય બીજી બેથી ચાર વૃદ્ધ સ્ત્રીઓ જેઓ એ કામની અનુભવી હોય, તેઓને હાજર રાખવાનું કારણ એ છે કે, તેઓ પોતાના અનુભવથી પ્રસૂતાને શાંતિ આપે, તેઓ તેની સંબંધી હોવાથી, પ્રસૂતાને શાંતિ અને વિશ્વાસ સાથે હિંમત રહે. તેઓના અનુભવથી પ્રસૂતાની પ્રકૃતિમાં કાંઇ ફેરફાર થતો હોય તો તે લક્ષમાં રાખી, તેના સત્વર ઇલાજ કરે અને પ્રસૂતાની યોનિમાં તેલ ચોપડયા પછી તેને ઉભડક બેસાડીને જોર કરવાનું કહેવામાં આવે, અને તે પ્રમાણે જોર કરવાથી બાળક ગર્ભશય્યામાંથી ખસી, યોનિદ્વારમાં આવે, એટલે સ્ત્રીને ચત્તા સુવડાવવાની જરૂર પડે છે. તે અરસામાં દુઃખ તથા ભયને લીધે, સ્ત્રીના ગર્ભસ્થાનના સ્નાયુઓ સંકોચાવાથી ગર્ભ પાછો ઊંચે ચડી જઇ, કાળજાની સાથે જોડાઇ જવાનો સંભવ હોવાથી, એક વૃદ્ધ સ્ત્રી તેના પેટને એવી

રીતે પકડી રાખે કે, ગર્ભ પાછો ઉપર ચડી શકે નહિ. એ ક્રિયાને "ક્ક્લો દેવો" એવું લૌકિક નામ આપવામાં આવ્યું છે. બીજી સ્ત્રીએ પ્રસૂતાના પગને રીતસર પકડી રાખવા કે જેથી ગર્ભની સાથે આવતી વેણુની પીડાને લીધે ઉત્પન્ન થતી શૂળને લીધે, પ્રસૂતા પોતાના પગને પછાડી, પ્રસુતિ થતા બાળકને હાનિ પહોંચાડી શકે નહિ. એવી રીતે કુશળતાથી કાર્ય કરવામાં આવે એટલે સુખરૂપ પ્રસવ થાય. જે વખતે મૂઢ સુયાણી, બાળકને હાથમાં લઈ તે બાળકની નાભિનાળ એટલે નાળ [illegible] વામાં, તેના શરીર પર ચોંટેલી ઓરને દૂર કરવામાં, બાળકની ઉપર એક ઠંડા પાણીનો લોટો રેડવામાં [illegible] પ્રસંગે ઘણીની સ્ત્રીઓ સ્ત્રીના ગર્ભસ્થાનને [illegible] દબાવવામાં અને સ્ત્રીના પેટ ઉપર મજબૂત પટ્ટો [illegible] માં રોકાય છે. જો એવી રીતે કુશળતાથી કાર્ય કરવામાં [illegible] તો સ્ત્રીના ગર્ભસ્થાનમાં એવો કોઈ આઘાત [illegible] કે જેનો ઉપાય મળેલ નહિ અને તે સ્ત્રી [illegible] [illegible] કરે છે. આટલું વર્ણન કર્યા પછી, [illegible] [illegible] કેમ કરવું, એ વિષયને અનુસરે નાખી, [illegible] [illegible] કેમ કરવું, એ વિષયને માટે વિવેચન કરશું.

[illegible]

ઇને, એની મેળે બહાર પડે છે. જો એ મેલીનો થોડો ભાગ પણ ગર્ભસ્થાનમાં રહી જાય તો પ્રસૂતાને સુવાવડમાં ઠેઠ પાકે છે, અથવા તેમાંથી યોનિકંદ, મક્કલ અથવા યોનિમાર્ગનો દીર્ઘ વરમ કે સોજા અને સુવારોગનો જ્વર ઉત્પન્ન થાય છે. એટલા માટે મેલી પડવાની ઘણી આતુરતાથી વાટ જોવામાં આવે છે; અને તે મેલી પડી ગયા પછી, પ્રસવની વેદનાથી અથવા પ્રસવ થતાં યોનિના થયેલા વિકાસથી અથવા પ્રસવ થતાં યોનિને પહોંચેલા જોરથી, યોનિમાં ક્ષત, ફાટ કે સોજો આવ્યો હોય, તે મટાડવા માટે પેટ ઉપર પાટો બાંધ્યો કે તુરત યોનિમાં ગોળ, મીઠું અને સૂકી હળધર ભરી દેવામાં આવે છે. તેથી ઉપર લખેલી પીડાની શાંતિ થવા ઉપરાંત મેલીનો કોઇ પણ ભાગ રહી ગયો હોય, તે આ ઉપચારથી ગળીને બહાર નીકળી જઇ, યોનિ સ્વચ્છ થાય છે. એ પછી જણનારી સ્ત્રીએ પોતાને હિતકારી હોય તે આહારવિહાર કરવા, પરિશ્રમ કરવો નહિ, મૈથુનનો ત્યાગ કરવો, ક્રોધ કરવો નહિ અને ઠંડા પદાર્થનું સેવન કરવું નહિ. જો સુવાવડી સ્ત્રીથી આહારવિહારમાં ભૂલ થાય અને તેને પરિણામે જે વ્યાધિ થાય છે, તે ઘણે પ્રયત્ને મટે છે અથવા મટતોજ નથી, એટલા માટે તેણે પથ્યનુંજ સેવન કરવું જોઇએ. સુવાવડી સ્ત્રીનું સઘળું ખરાબ લોહી નીકળી ગયા પછી પણ તેણે સાવધાન રહી એક માસપર્યન્ત નિત્ય પથ્ય અને ઘીવાળું થોડું થોડું જમવું, શેક લેવો અને તેલનો અભ્યંગ કરાવવો. પ્રસૂતિ પછી દોઢ મહિનો થઈ જાય, અથવા ફરીથી અટકાવ આવે, ત્યારે સુવાવડી કહેવાતી મટે, એવો ધન્વંતરિનો મત છે. એકંદરે એવું છે કે, સ્ત્રીને ઉપદ્રવરહિત અને ચોખ્ખી થયેલી જણાયા પછી પણ સુવાવડને ચાર માસ વીત્યા પછી તે નિયમો છોડવા. આ ઉપરથી સમજાય છે કે, સ્ત્રીને પ્રસૂતિકાળ આવ્યા પહેલાં ગર્ભથી પાંચમે અથવા સાતમે માસે, પોતાના

પિતૃગૃહે મોકલવાનો અને પ્રસૂતિ થયા પછી પાંચમે યા સાતમે મહિને પતિગૃહે આવવાનો જે રિવાજ પડેલો છે, તે ઘણો વિચારપૂર્વક ઘડાયેલો અને સ્તુતિપાત્ર છે. કારણ કે તેથી ગર્ભિણીના અને સુવાવડીના નિયમો બરાબર પાળી શકાય છે. આજકાલ આપણા દેશમાં સ્ત્રીઓમાં સુવારોગ, સંગ્રહણી અને ક્ષયનાં દર્દો વધી પડવાથી જે મરણનું પ્રમાણ વધી પડ્યું છે અને ઘણીખરી સ્ત્રીઓ એક યા બીજી સુવાવડે, યુવાવસ્થાનો કાળ હોવા છતાં અકાળે મૃત્યુને વશ થઈ પોતાનો જન્મ હારી જાય છે, તેનું મુખ્ય કારણ આ રૂઢિ અથવા નિયમનો ભંગ જ છે. આજકાલ વગર કેળવાયલી અને અર્ધજંગલીના નામથી ઓળખાતી પ્રજા કરતાં કેળવાયલી અને ઉચ્ચ પંક્તિનું અભિમાન ધરાવનારી પ્રજામાં એવો એક ચાલ પડી ગયો છે કે, પતિને [illegible] વેપાર રોજગારથી તે સ્ત્રીથી લાંબા સમય સુધી [illegible] નિયમ પાળી શકાતો નથી, તેમ પ્રસૂતિ [illegible] કરી, [illegible] [illegible]

અને પ્રસૂતિ થયા પછી છ માસની ધીરજ રાખી શકતો નથી, એટલીજ દિલગીરીની વાત છે. માટે આયુર્વેદાચાર્યોએ બળવાન, બુદ્ધિમાન અને આરોગ્ય તથા ઐશ્વર્યવાન સંતતિ ઉત્પન્ન કરવા માટે જે દિવસથી ગર્ભ સ્થાપન થાય તે ગર્ભ વધી તેનો પ્રસવ થયા પછી, બાળક ધાવવાનું બંધ કરી અન્ન ખાતું થાય, ત્યાં સુધી પતિપત્નીને બ્રહ્મચર્ય પાળવું એવો સિદ્ધાંત સ્થાપેલો છે. એ સિદ્ધાંતને તોડીને મોહવશ થઈને, જેટલા પ્રમાણમાં ઊલટે માર્ગે ચાલવામાં આવે, તેટલા પ્રમાણમાં તે અધર્મી ગણાય અને તે અધર્મને લીધે થયેલા પાપના ફળ તરીકે ઉપર કહેલા ગુણથી ઊલટા ગુણ-કર્મ-સ્વભાવવાળી અને અલ્પાયુષી તથા રોગી સંતતિ ઉત્પન્ન થાય તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી.

હવે પ્રસૂતા સ્ત્રીને ત્રણ દિવસ અથવા પાંચ દિવસ સુધી ચત્તી ને ચત્તી સુવાડવી અને તેને સંભાળપૂર્વક સાચવવી. જો તેમ કરવામાં નહિ આવે ને કાંઇક પરિશ્રમનું કામ કરવામાં આવે, તો તે સ્ત્રીનું ગર્ભસ્થાન (કાયા) નીચેના ભાગમાં ધસી આવે છે; અને જો સ્ત્રી વધારે વાર બેસી રહે, તો ગર્ભસ્થાન પર બોજો પડવાથી ગર્ભસ્થાન પાકે છે, જેને કેડ પાકી છે એમ કહેવામાં આવે છે. જો કે તે પ્રયત્નથી સારું થાય છે, પણ તેની કમ્મરમાં થયેલો દુખાવો તેની જિંદગીપર્યન્ત રહી જાય છે, તે મટતો નથી. એટલા માટે સ્ત્રીને ચત્તી સુવાડી મૂકવાની ખાસ જરૂર છે. એ પ્રમાણે ત્રણ કે પાંચ વાસા વીત્યા બાદ સ્ત્રીને દરરોજ તેલ ચોળી, ગરમ પાણીથી સ્નાન કરાવવું; અને તેને સ્વચ્છ કપડાં તથા સ્વચ્છ બિછાનું આપવું; તેની સાથે હલકો પણ ઘીવાળો ખોરાક આપવો; પરંતુ ચાલતા જમાનાના રિવાજ પ્રમાણે **દૂધ અથવા ચા તો બિલકુલ આપવાંજ નહિ** વર્તમાનકાળમાં સ્ત્રીઓને બાળકના પેટ પૂરતું પણ દૂધ ઊતરતું નથી તેનું ખરેખરું કારણ ગર્ભાવસ્થામાં અથવા પ્રસૂતાવ-

ખાવામાં દૂધ અને ચા છે. જે પ્રજામાં દૂધ અને ચા આપવામાં આવતાં નથી, તે પ્રજામાં બાળકને ધાવવા ઉપરાંત, દૂધનો એટલો મોટો પાનો ચડતો જોવામાં આવે છે કે, એક તરફ બાળક ધાવતું હોય તો બીજી તરફના સ્તનમાંથી દૂધ વહી જતું દેખાય છે. આ બાબતનો અનુભવ આ જમાનાની સુધરેલી અને ફેન્સી સુવાવડી કરતાં; આજથી પચાશ વર્ષ ઉપરની પ્રસૂતા સ્ત્રીને પૂછવાથી, તે પોતાની હકીકત આ વાતને પુષ્ટિ આપનારી જણાવશે.

ઉપલી હવળાઇ ચટાડ્યા પછી થોડી વારે ભૂખ લાગે ત્યારે ઘઉંની રોટલી, સુંવાળી, સાતપડી કે દશમી અથવા ભાવે તો ઘઉંના લોટનો ગોળમાં બનાવેલો શીરો ખાવા આપવો. રોટલી સાથે ગળપણ તરીકે મધ આપવું. એવી રીતે પાંચ દિવસ ચલાવવું. તે પછી સુવા–મેથીનો ઉકાળો બંધ કરી, બાકીની ક્રિયા કાયમ રાખી, સુવા–મેથીના ઉકાળાને ઠેકાણે **દશમૂળનો** ઉકાળો આપવો. તે દશમૂળ આજકાલ ખરાં મળતાં નહિ હોવાથી અમારી કલ્પના પ્રમાણે નીચે પ્રમાણેની દશમૂળની પડી મેળવાવવીઃ—

દશમૂળની પડીઃ—આકડાંનું મૂળ, દિવેલાનું મૂળ, અરણિનું મૂળ, કાચકીનું મૂળ, ભારંગમૂળ, પહાડમૂળ, ચિત્રામૂળ, લીંબછાલ સૂકી, ગળો, ભોંયરીંગણી પંચાંગ, સૂંઠ, સુવા, વાયવડિંગ, એટલાં વસાણાં લાવી, સ્વચ્છ કરી, તેનો ઉકાળો કરી, તે ઉકાળાનું ચાર તોલા પાણી, એક તોલો સ્વચ્છ મધ નાખીને પાવું. જો આ અમારી કલ્પિત પણ અનુભવેલી પડી ઉપર ધ્યાન ન પહોંચે તો શારંગધર સંહિતામાં લખેલો '**દેવદર્વ્યાદિ ક્વાથ**' પાવો તે ક્વાથ નીચે પ્રમાણે મેળવવોઃ—

દેવદાર, વજ, વજકાવળી, પીપર, સૂંઠ, કાયફળ, મોથ, કરિયાતું, કડુ, ધાણા, મોટી હરડે, ગજપીપર, ધમાસો, ગોખરુ, ભોંયરીંગણી, અતિવિષ, ગળો, કાકડાશિંગ અને શાહજીરું, એ સર્વને સમભાગે એકેક તોલો લઇ, પાણી શેર બે મૂકી, એક અષ્ટમાંશ પાણી બાકી રહે, ત્યારે એક તોલો ચોખ્ખું મધ નાખીને પાવું. એટલે પ્રથમ ઉકાળો પાવો, પછી બોળ ગળાવવો, પછી હિંગળો ગળાવવો, પછી હવળાઇ ચટાડવી; અને તે પછી સૂંઠ તોલો ૧, કોપરું તોલો ૧, ગોળ તોલો ૧ અને ઘી તોલો ૧, એકઠું કરી ચોળીને એક ટંકે ખવડાવવું. આટલો વિધિ સવારમાં કર્યા પછી રાત્રે વાળુ કર્યા બાદ પ્રથમ હવળાઇ ચટાડવી, પછી હિંગળો ગળા-

વધે; પછી ઉકાળો પાવો અને જો એટલું કરવા છતાં વાયુનું જોર વધારે જણાય, તો પાકાં પાન (ચેવલી) નંગ ૫, આદુ તોલા ૨, ફુદીનો તોલા. ૪, એને વાટીને રસ કાઢી તેમાં મધ તોલો ૧ નાખી, જરા ગરમ કરી પાવું; જેથી ખાટા ઓડકાર, પેટનું ચડવું, પેટની અકળામણ વગેરે મટી જઈ, ખોરાક સારી રીતે પચે છે. ઉપર પ્રસૂતિસમયમાં જે ગોળ, મીઠું હળદર (યોનિમા) લેવાનું કહ્યું છે, તે ત્રણ દિવસ લીધા પછી બંધ કરી દેવું અને તે પછી વાયવડિંગ, વાકુંભા, ગુગ્ગ, મેથી, આમાહળદર, સાજી અને લોધર, ખાંડી ભૂકો કરી તેમાં થોડું મધ મેળવી તેની પોટલી કરી, યોનિમા વાપરવા આપવી એ પ્રમાણે ૧૦ વાસા એટલે આ [illegible] ગણિયા પૂર્ણ ત્યાં સુધી, અથવા દશ દિવસ સ્નાન કર્યા સુધી, [illegible] ક્રમ ચાલુ રાખવો. એ ક્રમ [illegible] અત્યંત [illegible] સ્વચ્છ રાખવી. એ [illegible] જે પ્રસૂતિ થયા પછી [illegible]

[illegible]

વાથી ઘણી વાર પ્રસૂતિનો દોષ બાકી રહી જાય છે, તેથી પ્રદર (લિકોરિયા) થવાનો સંભવ છે. પ્રદરના દર્દી વર્તમાનકાળમાં કોઇ પણ પ્રકારની દવા નહિ વાપરનારી કોમોમાં તથા આપણામાં સુધરેલી ઢબે સુવાવડની સારવાર થયેલી પ્રસૂતામાં સેંકડે ૯૦ ટકા દેખાય છે. એ બાર વાસા દરમિયાન માત્ર ઘઉં, ઘી અને મધ ખાવાનું લખવામાં આવ્યું છે; પરંતુ મઠ, મગ, એ બે કઠોળ અને પાણી નાખ્યા વગરનું સૂરણનું શાક, તેલ, મરી અને ગરમ મસાલા સાથે ખાય તો હરકત નથી. આજકાલના સર્વ લોકો સુવાવડીને આમેલું પાણી પાય છે, પરંતુ તે એક ફારસ જેવું છે. કારણ કે એક ઇંટનો કકડો લાલચોળ તપાવી અથવા એક લોખંડનો કકડો લાલચોળ તપાવી તે ઉપર પાંચસાત દાણા લવિંગના મૂકી તે ગરમ કકડા પાણીમાં છમકારે છે અને તે પાણી પ્રસૂતાને પીવા આપે છે. પરંતુ પ્રસૂતાને પ્રથમ દશ વાસામાં અષ્ટાવશેષ અથવા દ્વિપાદશેષ પાણી બનાવીને પીવા માટે આપ્યું હોય, તો ઘણા પ્રકારના વ્યાધિનો નાશ કરે છે અને પછી બાર વાસા બાદ ત્રિપાદશેષ એટલે ઊકળતાં ત્રણ ભાગનું પાણી બાકી રહે, તે પાણીને ગાળીને થંડું પડયા પછી ચાળીસ વાસા લગી પાવામાં આવે તો ઘણું ઉત્તમ છે. કારણ કે એક ભાગ બળેલું પાણી પિત્તની શાંતિ કરે છે, બે ભાગ બળેલું પાણી કફની શાંતિ કરે છે અને આઠ ભાગ બળેલું પાણી વાયુની શાંતિ કરે છે. એટલા માટે આમેલા કરતાં ઉકાળેલું પાણી વધારે ફાયદાકારક છે. પ્રસૂતા સ્ત્રીને આમેલું કે ઉકાળેલું પાણી પાતાં એટલી સાવધાની રાખવાની છે કે, દિવસ ઊગ્યા પછી તૈયાર કરેલું પાણી, દિવસ આથમ્યા પછી પાવું નહિ; અને દિવસ આથમ્યા પછી તૈયાર કરેલું પાણી દિવસ ઊગ્યા પછી પાવું નહિ. કારણ કે એટલો કાળ વીત્યા પછી તે પાણી દુર્જર અથવા ભારે થઇ જાય છે. કેટલાક લોકોમાં એવો રિવાજ છે કે,

પ્રસૂતા સ્ત્રીને દશ વાસામાં તમામ જાતનો ખોરાક, ફરિજયાત આવે છે; અને તેઓ એમ સમજે છે કે, દશ વાસામાં જે જે જાતનો ખોરાક ખાધેલો હોય તો તે સુવાવડી સ્ત્રી સુવાવડમાંથી ઊઠયા બાદ, જ્યારે જ્યારે તે તે ખોરાક ખાય ત્યારે તેના દૂધમાં બગાડ નહિ થતાં તે ખોરાક બાળકને નડતો નથી. એટલા માટે તમામ જાતનો ખોરાક આપવાનો ચાલ છે; પરંતુ એ રિવાજ ઘણો [illegible] અને ભયંકર નુકસાનકર્તા છે. કારણ કે [illegible] શીરો, લાડુ, દૂધપાક, તળેલા ઘઉંની પુરી, વેઢમી, માલપૂડા અને બધી જાતનાં પકવાનો શુરુ કરાય છે તથા ભજિયાં, [illegible], મૂઠિયાં, ઢોકળાં, [illegible], પૂડા, [illegible], [illegible] વગેરે [illegible] કરાય છે અને તે ગુરુ અને વિદાહી, [illegible]

[illegible]

માતો નથી, પણ ચહેરો ઊલટો ફિક્કો માલૂમ પડે છે. એટલા માટે આપણા પરંપરાના રિવાજમાં અનુભવી અને ઘરડાં માણસો સુવાવડી સ્ત્રીને દૂધ આપવાનો સખત પ્રતિબંધ કરે છે; અને જો તે આપવાની ભલામણ કરીએ તો બગડે છે. એ પ્રમાણેની વિધિએ વિચારતાં દશ ઊઠણ સ્નાન અથવા બાળાબળિયાનું પૂજન કરતાં સુધી ઉપર પ્રમાણેના ઉપચાર ચાલુ રાખવા અને તે પછી જરૂર જણાય તો દેવદવ્યોદિ કવાથ ચાલુ રાખવો; પણ જો પેટમાં શૂળ, મળનો અવરોધ, પેટનું ભારેપણું, તાવ, ઊલટી માથાની ચકરી અને મોઢું બેસ્વાદ ન હોય તો પછી કવાથની જરૂર નથી; પરંતુ બોળ, હિંગળો અને હવળાઇ જારી રાખી, તે પછી તેજાનાની રાબડી શરૂ કરવી. તેની વિગત નીચે પ્રમાણે છેઃ—

સૂંઠ, મરી, પીપર, અક્કલકરો, તજ, લવિંગ, એલચી, જાય-ફળ, જાવંત્રી, બદામ, પિસ્તાં, ચારોળી, લાલ દ્રાક્ષ, છીણેલું સૂકું કોપરું, ખસખસ, અસાળિયો અને નાગકેશર—એ સર્વ વસાણાં સમભાગે લઈ, તેમાંનાં કઠણ વસાણાં વાટી વસ્ત્રગાળ કરવાં; મગજ તથા દ્રાક્ષને ઝીણાં છૂંદવાં, સૂકા કોપરાને છીણવું અને ખસખ-સ તથા અસાળિયો આખાં નાખી સર્વને એકત્ર કરી ભરી રાખવું. પછી તેમાં એકથી બે તોલા સુધી ભૂકો લઇ, તેટલાજ ઘીમાં તેને જરા સાંતળી, તેમાં બે તોલા ગોળનું પા શેર પાણી કરી, સાંત-ળેલા મસાલામાં રેડી બે ઊભરા આવવા દેવા અને તે રાબડી બહુ ગરમ પણ નહિ અને બહુ ઠંડી નહિ, એવી મધ્યમસરની પાવી. તે પાયા પછી આગળ બતાવવામાં આવ્યું છે તે પ્રમાણે સૂંઠ, ગોળ અને ઘીવાળી ગોળી ખવડાવવી. તે પછી ભૂખ લાગે તો શીરો રોટલી, સુંવાળી સાત પડી કે દશમી અને તેલ, મરચાં, હિંગ, ગરમમસાલાવાળું સૂરણ, દૂધીનું, કારેલાંનું, પરવળનું, ઘિલોડાંનું, વગર લોટ નાખેલી સેકટાની સિંગનું શાક; અને મગ, મઠ, ચણા-

ની દાળ એટલું કઠોળ ખાવું. કઠોળ શાક તરીકે ખાવાની રજા અપાયેલી છે, પણ તેથી સમજવાનું નથી કે ચણાની દાળનાં ખમણુઢોકળાં, ચણાના લોટની ખાણુગી, મગ, મઠ, ચણા ઘઉંને ભરડીને તેનું બનાવેલું ઢંગેલું અને કપૂરિયાં તથા મૂઠિયાં, ઢોકળાં કે ઢોકળી ખાવાની રજા મળી છે; પરંતુ એવા વિકારી ખોરાકને ખાવાની ખાસ મના કરવામાં આવી છે. એ પ્રમાણે પચ્ચીસ વાસા લગી આ ક્રિયા ચાલુ રાખવી. તે પછી ચાળીસમું નાહવા લગીના વાસામાં જો જરૂર જણાય અને પ્રસૂતાથી ન રહી શકાય તો એક વાર ધોળો ભાત, મોળી દાળ અથવા મોળી કઢીની આઈ અને કુરીનો નાર્મને કરી આપવી. તેમાં વિવેક એ કરવાનો છે, કે જો પ્રસૂતાને અપકોપ હોય, તો ભાત સાથે દાળ આપવી અને જો અપકોપ ન હોય તો કઢી આપવી. પરંતુ જો બની શકે અને રહી શકાય તો ચાળીસમું નાહ્યાં સુધી તેને ભાત, કઢી કે નરમ દાળ આપવાં નહિ. હવે ભાત ખાવા પછી, પ્રસૂતાને નતંબન

ની ગોળી લઈ શકે એટલો પહોળો ન રહ્યો હોય તો ગોળી નાની કરવી અને તે પછી તે લેવડાવવી. વીશ વાસા પછી ચાળીશમું નાહતાં સુધી બંધારાને માટે લોધર, ફટકડી, માયું, વાયવડિંગ, વાકુંભા, આંબાહળદર, કસીલો અને કાળીજીરીને ખાંડી, વસ્ત્રગાળ કરી વેંગણના પાતરાંના રસમાં ગોળી વાળી, છાંયે સૂકવી, તેની ચણીબોર જેવડી ગોળી લેવડાવવી એટલે યોનિસંકોચન થશે. અથવા અજમો તોલો ૧, લોધર તોલો ૧, વાયવડિંગ તોલો ૧, વાંકુભા તોલો ૧, માયું તોલો ૧, ભાંગ તોલા ૨, અને રાતી કરેણનાં સૂકવેલાં ફૂલ તોલા ૨ એને વાટીને શિલારસમાં તેની ચણીબોર જેવડી ગોળી વાળવી અને તે ગોળી લેવડાવવાથી પ્રસૂતાવસ્થામાં અથવા પ્રસૂતા ન હોય એવી અવસ્થામાં યોનિભ્રંશ થયો હોય, યોનિશૂળ થયું હોય, યોનિમાર્ગનો દીર્ઘ વરમ થયો હોય, યોનિમાંથી દુર્ગંધભર્યો સ્રાવ થતો હોય, તો તેને આ ગોળીઓ લેવડાવવાથી ફાયદો થશે. જો આહારવિહારનો નિયમ નહિ સચવાવાથી અથવા ભાર ઊંચકવાથી, યોનિ ધસી આવી હોય તો, અરડૂસાનાં પાંતરાં, અરણિનાં પાતરાં, ચેવલી પાન અને નગોડનાં પાતરાં સરખે ભાગે લીલાં ને લીલા લઇને એક વાસણમાં ભરી, તે વાસણ પર ઢાંકણું ઢાંકી, નીચે તાપ કરીને, તે પાતરાંને બાળી રાખોડી કરવી. એ રાખોડીમાં થોડું મધ મેળવી તેની પોટલી લેવડાવવાથી યોનિનો સંકોચ થાય છે. ધસેલી ઇન્દ્રિય પોતાને સ્થાને જાય છે અને યોનિસ્રાવ બંધ થાય છે. એ પ્રમાણે સામાન્ય સુવાવડનો વિધિ લખવામાં આવ્યો. હવેથી સુવાવડમાં થતા ઉપદ્રવની શાંતિ અને પ્રસૂતાના શરીરનું રક્ષણ કેમ કરવું, એ વિષે આપણે વિચારીએ.

કદાચ કોઇ પ્રસૂતાના મુખમાં અત્યંત ગરમી હોય અને તીખી વસ્તુ ખાઈ શકતી ન હોય, તો તેને હવળાઈ આપવી બંધ કરી, બે રતીને આસરે કાચો હિંગળોક અને એક સોનાનો

વરખ પ્રસૂતિ થયા પછી દસ વાસા સુધી મધમાં ચટાડવો. દશ વાસા પછી તેજાનાની રાબડી, ગરમીને લીધે ન પી શકે તો, તેને બદામ, પિસ્તાં, ચારોળી, એલચી, અખરોટ, ચીલગોઝા, કાકડી, ચીભડી, તડબૂચ અને દૂધીનો મગજ તોલો તોલો લઈ, તેમાં સફેદ મરી તોલો એક નાખી, પાણીમાં ગોળ અગર સાકર સાથે રાબડી બનાવીને પાવી. સાકરને બદલે ગોળ વાપરવો એ અતિ ઉત્તમ છે; કારણ કે ગોળના પાણીથી મગજની ગરમી અને પેમાળની ગરમી, તેના [illegible] જુલાબના ગુણને લીધે ધોવાઈ જાય છે; તેમજ હૃદય, કોઠો અને અગ્નિની શુદ્ધિ થાય છે. સાકર ઘણી સ્વાદવાળી તથા રૂપાળી છે, પણ આવા ગુણ [illegible] ધરાવતી નથી. ઘણી પ્રસૂતાને સુવાવડમાં પાછલો અરજ [illegible] પડે છે. તે અરજને લીધે તેનાથી કશું ખવાતું નથી [illegible] તેમાં ખાટાં લીંબુને સેકી, તેને મીઠાના [illegible] નાખી, [illegible] હોયડા કરવા. તે [illegible] અને એલચી [illegible] છોડાં સાથે વાટી, તેને [illegible] તે [illegible] દિવસમાં [illegible] વાર પાવું, જેથી અનાજ [illegible] રુચિ થશે. કેટલીક પ્રસૂતાને [illegible] થાય છે અને તે [illegible]

વા વાયવડિંગ, ઇંદ્રજવ, અતિવિષ, અજાીરુ; કાચકાની મીંજ કમોથી અજમો-એને વાટીને વસ્ત્રગાળ કરીને, તેની મધમાં ણા જેવડી ગોળી કરીને દિવસમાં ત્રણવાર બબ્બે અથવા ત્રણ ગોળી પાણી સાથે ગળાવવી. જો તેને **ખાંસી લાગુ** પડી ગઇ તો, ખેરસાર, લવિંગ, શેકેલું જીરું, જેઠીમધનું મૂળ, અજમો સિંધવક્ષારનું બારીક ચૂર્ણ કરી મધમાં ચટાડવું અથવા તે ને પાનમાં મૂકી તેની બીડી મોંમાં રાખી તેનો રસ ગળાવવો. જો તાવસ્થામાં **ઝાડા વિશેષ થતા** હોય તો અતિવિષ, જાયફળ, ત્રી, વાયવડિંગ, અજિસ, કડાછાલ અને મોચરસ સમભાગે તેનું ચૂર્ણ કરી, તે ચૂર્ણમાંથી ૦ા તોલો ચૂર્ણ લઇ, તેને ણીમાં વાટી ચાર તોલા પાણી કરી, તેમાં ઘડાની પાતળી રી અગ્નિમાં લાલચોળ તપાવી, પેલા પાણીમાં છમકારીને સમાં ત્રણવાર પાવું એટલે ઝાડા બંધ થશે. એવીજ રીતે પ્રસૂ- ને **મરડો થયો** હોય એટલે પેટમાં દુઃખીને આમ, જળસ, તથા ડીવાળો થોડો થોડો ઝાડો થતો હોય તો, મરડાની ગોળી હીમજી- ડે તોલા ૮, આમળાં તોલા ૬, વરિયાળી તોલા ૨, કડછાલ તોલા અતિવિષ તોલા ૨, પીપરીમૂળ તોલા ૨, અજમોદ તોલા ૨, કાક- સિંગ તોલા ૨, ઇંદ્રજવ તોલા ૨, વાળો તોલા ૨, ચિત્રામૂળ તોલા અને સૂંઠ તોલા ૨, એ સર્વને લઇને ખાંડી વસ્ત્રગાળ કરી, તેને દ્વિવે- ામૂળના ઉકાળામાં વાટી ચણા જેવડી ગોળીઓ વાળવી, તેમાંથી બે ગોળી દિવસમાં ત્રણવાર જો લોહી પડતું હોય તો સુખડના ણીસાથે અને જો લોહી ન પડતું હોય અને એકલો મરડો હોય ફક્ત પાણી સાથે આપવાથી આમજળસ અને લોહીવાળા ઝાડા ધ થાય છે. એ ગોળી સુવાવડ ન હોય તો પણ સ્ત્રી-પુરુષ અને ળકોને આપી શકાય છે. ઘણી વખત સુવાવડમાં ઉષ્ણવાયુ એટલે ત્વા બળે છે અને બબ્બે ટીપાં પેસાબ ઊતરી, પેઢામાં ફાટ

થાય છે. તેવે વખતે સુખડ ઘસીને તેના પાણીમાં જરાક સાકર નાખીને પાવાથી અથવા અડાયાની રાખોડી તોલા એને આશરે પાણી શેર ૦। માં રાત્રે પલાળી મૂકી, તે પાણી સવારે કપડાથી ગાળીને પાવાથી ઊનવા મટે છે. ઘણી વાર સુવાવડી સ્ત્રીને યોનિકંડુ એટલે યોનિના હોઠ ઉપર અને બાજુમાં પુષ્કળ ખૂજલી થાય છે તેવા વખતમાં તે ખૂજલી ઉપર તેલ ચોપડવું અથવા અડાયાની રાખોડી ઘસવાથી તે મટે છે કેટલીક સ્ત્રીઓને ગર્ભાવસ્થામાં [illegible] મોઢું આવે છે અને તે [illegible] ઘણી વાર બાળકનો પ્રસવ થયા પછી એની મેળે ઊતરી જાય છે. પરંતુ ઘણીવાર એવું બને છે કે, એ મોઢું બાળકના જન્મ્યા પછી પણ ઊતરતાં નથી અને સુવાવડી સ્ત્રીની ઘણી ભયંકર અવસ્થા થઇ પડે છે. તેવે વખતે [illegible] ચિકિત્સામાં ગોમૂત્ર અને લોહભસ્મ અથવા 'પુનર્નવાદિ [illegible] [illegible] ઉપર [illegible] છે પરંતુ [illegible] [illegible] અને [illegible] નથી [illegible] [illegible] 'પંચામૃત પર્પટી' [illegible] [illegible]

રસને કાઢી લઇ, તેને ખરલમાં ઘણો ઝીણો વાટી શીશીમાં ભરી લેવો. આ પર્પટીરસથી સોજા, તાવ, સંગ્રહણી, અતિસાર પ્રસૂતાની ખાંસી અને અમૂંઝણ મટી જાય છે અને શક્તિ પણ આવે છે. પ્રસૂતા સ્ત્રીને ઘણી વાર તાવ આવ્યા પછી આહારવિહારની ખામીને લીધે તે તાવ વિષમજ્વરના રૂપમાં ફેરવાઇ જાય છે; એટલે તાવ ઘણો આવે છે, પણ હાથપગ ઠંડા રહે છે. તે તાવનો ઉપચાર કરતાં ભૂલ થાય અથવા કુપથ્યનું સેવન કરવામાં આવે, તો તેમાંથી જીર્ણજ્વર અથવા ખાંસી સાથેનો જીર્ણજ્વર થઇને ક્ષયના રૂપમાં ફેરવાઇ જાય છે; અને તે તાવ, પ્રસૂતિજ્વરના નામથી ઓળખાય છે. તેવી અવસ્થામાં જો એકલો જીર્ણજ્વર હોય તો, લઘુવસંત-માલતિ, મધ-પીપરના અનુપાન સાથે આપવી; પણ જો ખાંસી સાથેનો જ્વર હોય કે જેમાં ક્ષય થવાનો સંભવ છે, તેવા તાવમાં સુવર્ણવસંતમાલતિ ઘણું સારું કામ કરે છે. **લઘુવસંતમાલતિ** બનાવવાની રીતઃ-ખાપરિયાની ખાપ તોલા આઠ, કાળાં મરી તોલા ચાર, હિંગળોક તોલા ૨ એને ખૂબ ઝીણાં વાટીને તેમાં ત્રણ તોલા માખણ નાખીને ખરલ કરવું; એ ખરલ થઇ રહ્યા પછી તેમાં ખાટા લીંબુનો રસ જ્યાં સુધી માખણની ચીકાશ દૂર થઇ જાય ત્યાં સુધી નાખતા જવું અને ઘૂંટતા જવું. જ્યારે સંપૂર્ણ માખણ મરી જાય, ત્યારે તેની અધાં અધાં વાલની ગોળીઓ બનાવી; તેમાંથી બબ્બે ગોળી, દિવસમાં ત્રણ વાર મધ-પીપર સાથે આપવી. અથવા એકલા મધ સાથે આપવી; અથવા ફક્ત પાણી સાથે આપવાથી પણ સ્ત્રી અને પુરુષના જીર્ણજ્વરને મટાડે છે, **સુવર્ણવંસતમાલતિ** બનાવવી હોય તો. સોનાનો વરખ તોલો એક વગર વીંધેલાં ઝીણાં મોતી તોલા ૨, હિંગળોક તોલા ૪, કાળાં મરી તોલા ૮ અને ખાપરિયાની ખાપ તોલા ૧૬ લઇ, ઝીણાં વાટી લઘુવસંતમાલતિની, રીત પ્રમાણે, માખણ તથા લીંબુના રસમાં

પ્રમાણે રાત્રે પણ પાવો, પેટનો ફુલાવો અને શ્વેતપ્રદર બંધ થાય છે તથા **સોમરોગ**(યોનિદ્વારમાંથી સ્ત્રીને ખબર પડયા વિના ૦ા શેરથી ૦ાા શેર સુધી પાણી વહી જાય છે)ને પણ મટાડે છે. સુવાવડી સ્ત્રીની સુવાવડ ગયા પછી કમળમુખમાં વાયુનો વિકાર રહી જવાથી, જેમ સારા માણુસને ગુદાદ્વારથી આધોવાયુ અવાજ કરીને અથવા અવાજ કર્યા વિના બહાર નીકળે છે,તે પ્રમાણે સ્ત્રીને ઊઠતાં, બેસતાં, ચાલતાં,ફરતાં અને ખાસ કરીને સુરતસમાગમ વખતે અવાજ થઇ વાયુ નીકળે છે, જેથી સ્ત્રીઓને મહા લજ્જા ઉત્પન્ન થાય છે. તેવા રોગમાં સ્ત્રીને પૌષ્ટિક ખોરાક આપવો અને જાવંત્રી તોલા બે, નગોડનાં લીલાં પાતરાં તોલો એક, વાટીને બાર તોલા તલના તેલમાં ઉકાળતાં તે પાતરાં બળી જાય ત્યારે તે તેલને કપડાથી ગાળી શીશીમાં ભરી રાખવું. તેમાં પૂમડું બોળી યોનિમાં લેવડાવવાથી **યોનિદ્વારનો અવાજ કરતો વાયુ બંધ થાય છે.**

પ્રસૂતા સ્ત્રી ચાળીસ દિવસમાં ઓછામાં ઓછો દશ તોલા બોળ ગળે તો તેની કમ્મરમાં દુખાવો રહેતો નથી. તે પ્રમાણે ચાળીસ દિવસમાં ઓછામાં ઓછી સવાશેર સૂંઠ ખાય તો તેનો જઠરાગ્નિ મંદ પડતો નથી, એટલુંજ નહિ પણ તેનું ધાવણ એટલું શુદ્ધ થાય છે કે, તેનું બાળક નીરોગી અને બળવાન થાય છે. પ્રસૂતા સ્ત્રી ચાળીસ દિવસમાં ઓછામાં ઓછો પાંચ તોલા હિંગડો ગળે, તો તેના પેટમાં પવનનો અને મળાશયમાં મળનો અવરોધ થતો નથી; તેથી તેને અજીર્ણ થઇ, પેટના વ્યાધિ થતા નથી. પ્રસૂતા સ્ત્રી ચાળીસ દિવસ સુધી વાયડાં શાકો, ભાત, કઢી, નરમ દાળ અને ઉપર કહેલાં વિદાહી તથા ગુર્વાન્નનું સેવન ન કરે તો તે ચાળીસ દિવસ પછી સૂતિકાસ્નાનથી મુક્ત થઇ બહાર આવે, ત્યારે તેનો ચહેરો લોહી ભરેલો, સશક્ત ને તેજસ્વી દેખાય છે. એ પ્રમાણે ટૂંકમાં અને અમારા અનુભવ પ્રમાણે સુવાવડનો વિષય પૂરો કરતાં

તે પ્રત્યક્ષ રીતે કહેવાનો સમય આવી લાગ્યો છે. જ્યાં સુધી આર્યાવર્તમાં આયુર્વેદાચાર્યો અને વૈદિક ધર્માચાર્યોના બાંધેલા પ્રબંધ પ્રમાણે વર્તવામાં આવતું હતું, ત્યાં સુધીના મિથ્યા આહાર અને મિથ્યા વિહારથી થતા ઉપદ્રવોથી ગર્ભિણી સ્ત્રીને, ગર્ભસ્થિત બાળકને અને પ્રસવ થયા પછીના બાળકને જે રોગો થતા હતા, તેની ચિકિત્સા આયુર્વેદાચાર્યો લખી ગયા છે; પરંતુ જ્યારથી વૈદકશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રનાં બાંધેલાં બંધન તોડીને, વર્ણાશ્રમધર્મ ત્યજીને, મનુષ્યો સ્વચ્છંદાચારી થયા અને તે સ્વચ્છંદને લીધે બાળકના શરીરમાં વિક્રિયા થઇ, બાળક જન્મ્યા પછી તે વિક્રિયાને લીધે રોગી બની, જે રોગનાં સ્વરૂપ પ્રગટ દેખાડે છે તેનું વર્ણન કરવાનું તે પછીના વિદ્વાનોને માથે આવી પડયું છે. પરંતુ તે બાબતમાં આયુર્વેદના ઉપાસકો વધારે શોધખોળ કરી તેની ચિકિત્સા અને કારણનો નિર્ણય કરવાને, કેટલાંક ચોક્કસ કારણોને લીધે પાછળ પડેલા છે. માટે આપણે તે સંબંધી કાંઇક તર્કથી, કાંઇક અનુભવથી અને કાંઇક આયુર્વેદના આધારથી, બાળકના રોગો અને તેની સારવાર કરવાના વિચાર, પ્રજા સંમુખ રજૂ કરવા જોઇએ, એવા વિચારથી આ નિબંધ લખવા દોરાઇએ છીએ. અમે માનીએ છીએ કે તે અપ્રાસંગિક ગણાશે નહિ.

"માતાપિતાની કુચેષ્ટાથી ગર્ભ પર થતી અસર" ના નિબંધમાં આપણે ઘણું જોઈ ગયા છીએ; પરંતુ બાળક પર જેની પ્રત્યક્ષ અસર થાય, એવા દાખલા સંપૂર્ણ રીતે આપી શકયા નથી. આપણા શાસ્ત્રકારોએ "પુંસવન સંસ્કાર" કર્યા પછી સ્ત્રીને અગૃહિણી ગણી, તેના પિતાને ત્યાં વિદાય કરવાનો જે પ્રબંધ રચેલો, તે પ્રબંધને તોડીને આપણે પશુવૃત્તિ ધારણ કરી, ગર્ભવાળી સ્ત્રીની સાથે પ્રસવના પૂરા માસ થતા સુધી, સંસારસુખ ભોગવવાનું ચાલુ રાખીએ છીએ. પણ આપણને વારંવાર પરોક્ષ રીતે ઘરની

હવે વિચાર કરવો જોઈએ કે જે બાળકને પ્રસવ થયા પછી તેનું તાળવું પોચું પડી જાય છે, જેને આપણે 'ગળું પડયું છે' અથવા તાળવું પડયું છે એમ કહીએ છીએ, તેના ઉપાય તરીકે, તે બાળક જે જમીન પર પેશાબ કરે તે પેશાબવાળી છાણુથી લીંપેલી જમીનની માટી ઉખેડી, તેને તાળવાના ખાડા ઉપર મૂકી, તે ઉપર દિવેલ ચોપડી પોચા પડેલા માથાનું આઘાતથી રક્ષણ કરવા માટે તે પોપડાને સુકાવા દઈએ છીએ, જેથી બાળકનું માથું કઠણ થાય છે. પરંતુ બ્રહ્મરંધ્રમાં અને તેની આસપાસ બ્રહ્મવિદ્યાને જાણી, સદાચારથી વર્તી, આદર્શરૂપ બની, જગતને ઉપકાર કરવાની વૃત્તિનાં જે સ્થાનો છે તે દબાઈ જવાથી અને જગતને નુકસાન પહોંચાડનારાં સ્થાનો બળવાન થવાથી જે અનર્થો ઉત્પન્ન થાય છે, તેવાં બાળકો ઉત્પન્ન કરવામાં પશુવૃત્તિવાળાં માબાપો, ધર્મશાસ્ત્રના બંધનને તોડીને કેવા અનર્થોનાં ભોક્તા થાય છે, તેને માટે વર્ણન કરવાની અમારામાં શક્તિ નથી. જે કહેવા માગીએ છીએ તેને ઉપલક દૃષ્ટિથી અવલોકન કરનારા વિદ્વાનો, અતિશયોક્તિ ભરેલું ગણી કાઢશે એવી અમારી ખાતરી છે. છતાં અમે કહી શકીએ છીએ કે, જ્યારથી આ ધર્મશાસ્ત્રની રૂઢિનો ભંગ કરી, સ્ત્રીને અગૃહિણી (અધરણી) થયા પછી, પિતાને ઘેર વિદાય નહિ કરવાનો ચાલ વધતો ગયો, ત્યારથી આપણા દેશમાં હીનભાગ્યશાળી, સ્વાર્થવૃત્તિવાળી અને બીજાને નુકસાન પહોંચાડી પોતાનો સ્વાર્થ સાધવાવાળી પ્રજા ઉત્પન્ન થતી ગઈ. જેમ જેમ વીર્યનો વપરાશ વધતો ગયો તેમ તેમ મનુષ્યના માથાની ખોપરી સંકોચાતી ગઈ, જેથી સદ્ગુણોને રહેવાનાં સ્થાનોનો સંકોચ થવાથી, સદ્ગુણની વૃત્તિ ખીલવવાનાં સાધનોનો નાશ થતો ગયો, એટલે દુર્ગુણનો વધારો થયો. એટલું કહ્યા પછી, એવી સ્થિતિમાં જન્મેલા બાળકનું ગળું પડે છે તેને લીધે તે બાળકનાં હાડકાં પોષાતાં નથી, શરીર પર

હીનદશાને પામતા આવ્યા છીએ. જો આ પ્રમાણેજ ચાલુ રહેશે, તો પરિણામે આપણા દેશમાં, કેટલી નિર્બળ, ભીરુ, રોગગ્રસ્ત અને અલ્પાયુષી પ્રજા ઉત્પન્ન થશે તેનું અનુમાન કરી શકાતું નથી.

બાળકને ત્રણ વર્ષની ઉંમર થતાં પહેલાં, એટલે તે જ્યાં સુધી ધાવણ ઉપર જીવે છે, તે દરમિયાનમાં તેને એક એવો રોગ થાય છે કે, બાળક સુકાઇને માત્ર હાડપિંજર બની જાય છે. જેનું નિદાન આયુર્વેદના ગ્રંથોમાં જોવામાં આવતું નથી. હાલના કેટલાક વૈદ્યો તેને 'બાળશોષ' એવું નામ આપે છે, પરંતુ અમારા ગુજરાતમાં તેનું નામ 'સુકતાન' તથા 'રેવાસણ' કહે છે. સુકતાનનું લક્ષણ એવું છે કે, તેને થોડો તાવ હોય કિંવા ન હોય, પણ પાતળા ઝાડા આમજળસ સાથે થયા કરે અને બાળક સુકાઇને કેવળ અસ્થિ-રૂપ થઈ જાય. રેવાસણનું લક્ષણ એવું છે કે, બાળકને ઝાડા થાય નહિ પરંતુ ઝીણો તાવ લાગુ પડી જાય; જેથી બાળક સુકાઇને હાડપિંજર જેવું બની જાય. આ રોગ પણ આપણા ધર્મશાસ્ત્રની પ્રાચીન પદ્ધતિનું ઉલ્લંઘન કરવાનું ફળ છે. એની ઉત્પત્તિ એવી છે કે, સ્ત્રીને નાનું છોકરું ધાવણું હોય, તે છોકરું ખોયા અગર પથારીમાં સૂનેલું હોય અને તે વખતે સ્ત્રીપુરુષનો સંયોગ થાય, તે અરસામાં પેલું છોકરું જાગી ઊઠે અને રડવા માંડે, જેથી તેને લઇ છાનું રાખવા માટે ધવડાવવાની જરૂર પડે. અથવા ન ધવડાવે તો પણ પોતાના હાથમાં તથા ખોળામાં કે પાસામાં દાબી દે ને છાનું રાખવાની જરૂર પડે, તેથી આ રોગ થાય છે. કારણ એવું છે કે સુરતસમાગમથી સ્ત્રીનું અંગ શ્રમિત થઇ તૃસ થાય છે અને તેથી હાથ અને પગમાંથી જે ઓરા (વીજળીનો પ્રવાહ) વહે છે, તેની સાથે ગરમી અશુદ્ધ થઈ બાળકના શરીરમાં પ્રવેશ કરે છે; અને તે સમયમાં માતાના સ્તનનું દૂધ જાડું, પીળું, આદ્રું કે વિરસ થઇ જાય છે, તેથી બાળકને દૂધ પચતું નથી; એટલે તેને ઝાડાનો

ધોવણ સાથે, બીજા સાત દિવસ છાસની પરાછ (છાસ ઉપરનું ઠરેલું પાણી) સાથે અને તે પછીના સાત દિવસ મધમાં ચટાડવું. અને પછી જ્યાં સુધી જરૂર જણાય ત્યાં સુધી મધમાં અથવા માત્ર પાણી સાથે અથવા માતાના દૂધ સાથે આપ્યા કરવું. જો તાવવાળું રેવાસણુ હોય તો ઉપર પ્રમાણેના વજનથી એ ચૂર્ણ કે જેનું નામ અમે 'માલતિચૂર્ણ' રાખેલું છે, તે માત્ર મધ સાથે અથવા પાણી સાથે એક માસપર્યંત આપવામાં આવે, તો બાળક રોગમુક્ત થઇ પુષ્ટ બને છે. આ માલતિચૂર્ણની એક વાલ માત્રા દિવસમાં ત્રણ વખત પકાવેલી, ધાપણ એક વાલ મેળવી સુવાવડથી લાગુ પડેલા જીર્ણજ્વરથી કૃશ થઇ ગયેલા એટલે સુકાઇ ગયેલા શરીરવાળી સ્ત્રીને આપવામાં આવે તો તેને પણ પુષ્ટિ આપી, જીર્ણજ્વરથી મુક્ત કરે છે. સુવાડવની નબળાઇથી નબળી પડેલી સ્ત્રીને સુવારોગમાં સપડાવવાનું કારણ પહેલે નંબરે પ્રસૂતિ સમયની વિક્રિયા, બીજે નંબરે પથ્યાપથ્યની ખામી અને ત્રીજે નંબરે પતિની કામવાસના છે, જેને પત્નીએ અનિચ્છાએ પણ તાબે થવું પડે છે. માટે પતિપત્નીએ તેનો વિચાર કરી, પત્નીએ પોતાના બાળકના સુખને માટે અને પતિએ પત્નીની તંદુરસ્તીને માટે ખાસ કાળજી રાખવાની જરૂર છે. અને એટલાજ માટે જ્યાં સુધી બાળક ધાવે છે ત્યાં સુધી પતિપત્નીએ બ્રહ્મચર્ય પાળવા માટે જુદા રહેવાની ફરમાશ આયુર્વેદે કરેલી છે. માતાએ સંતાનને દૂધ કેમ પાવું તે આગળ લખાશે, પરંતુ આટલી સૂચના કરવામાં આવે છે કે, બાળકને દૂધ પાતી વખતે કોઇની દૃષ્ટિ ન પડે એવા એકાંત સ્થાનમાં બેસીને પાવું અથવા ધવડાવવું. અને જો તેવું સ્થાન ન હોય, તો ખોળામાં લઇને ખોળામાંથી છોકરું ન દેખાય તેવી રીતે પોતાનું લૂગડું ઓઢાડીને તેને સ્તનપાન કરાવવું. સવારે અથવા સાંજે તે બાળકના માથા ઉપર રાઇ અને મીઠું દરરોજ ઉતારીને દેવતામાં નાખવાં. હાલના

વાટી, તેમાં પેલું ચૂર્ણ થોડું થોડું મેળવતા જઇ, ખરલમાં વાટતા જવું, એટલે ગુલાબી રંગનો ભૂકો થશે, એનું નામ અમારા દવાખાનામાં 'ગુલાબી' રાખેલું છે.' એ ચૂર્ણમાંથી એક રતીથી એક વાલ સુધી, બાળકની ઉમ્મરના પ્રમાણમાં પાણી સાથે આપવાથી, બાળકના ઝાડા, અતિસાર અને મરડો બંધ થઇ જાય છે. આ ઉપાયમાં આંબાની ગોટલી અને જાંબુના ઠળિયા, તેની મોસમમાં સંગ્રહી રાખવા જોઇએ. પણ ખરી વાત એ છે કે, એ ચૂર્ણ એ મોસમમાંજ તૈયાર કરવું જોઇએ. કારણ કે વાસી થયા પછી એટલે ચોમાસું ગયા પછી, આંબાની ગોટલી કાળી પડી જાય છે અને જાંબુના ઠળિયા સડી જાય છે, એટલા માટે એની મોસમમાંજ એ ચૂર્ણ તૈયાર કરી રાખવું. આ ચૂર્ણમાં હિંગળોક નાખવાનું કારણ એવું છે કે, જો હિંગળોક ન નાખીએ તો થોડા વખતમાં એ આખું ચૂર્ણ સડી તેમાં જાળાં બંધાઈ, જંતુ પડી જાય છે, એટલે ચૂર્ણને ફેંકી દેવું પડે છે. હિંગળોક મેળવીએ છીએ, એટલે તે સડીને જીવડા પડવાના ભયમાંથી મુક્ત થાય છે. હિંગળોક આ ચૂર્ણ સાથે મળવાથી બાળકને કોઇ પણ જાતની વિક્રિયા થતી નથી, પણ ઊલટું ઝાડો બંધાઇ, તે સશક્ત બને છે. બાળકને દશ વાસાની અંદર મોઢામાં 'થૂલિયું' એટલે એક જાતની ગરમી આવી જાય છે. તેમાં એવું જોવામાં આવ્યું છે કે, જે માતાએ ગર્ભાવસ્થામાં અતિ ખાટું, અતિ તીખું અને અતિ ઊનું ખાધું હોય, તેના બાળકને જીભ ઉપર ગરમી આવી જાય છે, જેને થૂલિયું કહે છે. એને થૂલિયું કહેવાનું કારણ એવું છે કે, જીભ ઉપર ઘઉંના થૂલાની માફક ફોલ્લીઓ થાય છે. એ પ્રમાણે થયું હોય તો રાતા રેશમી પટોળાના કપડાના કટકાને બાળી તેની રાખ તે બાળકના મોંમાં ભભરાવવી અથવા મધ મેળવીને જીભ પર ચોપડવી; અથવા ફૂલિયું નામની વનસ્પતિ, જેના છોડ એક ફૂટ કરતાં ઊંચા થતા નથી, તેનાં પાતરાં

ટી જાય છે. જ્યારે બાળકને મધપાક થયો હોય ત્યારે તેની ાતાને, હિંગ, આદુ, ચણા અને ખાંડવાળો ખોરાક આપવો હિ. ઘણી વાર એવું બને છે કે, બાળક ત્રણ મહિનાનું થયા છી તે ધાવે છે કે તરત ઊલટી થાય છે. તેમાં જો તે બાળકને ઊલટીમાં દૂધજ નીકળે, તો ઘરડાં માણસો તેને 'ભળે છે,' એવું નામ આપે છે. એટલે એથી છોકરું વધે છે પણ એ કાંઇ રોગ નથી. પરંતુ બાળક ધાવીને દહીં જેવું ઓકે, તો જાણવું કે તેની છાતીમાં પિત્ત થયું છે. એવી દહીં જેવી ઊલટી થતી હોય, તો કપૂરકાચલી એક રતીભારનો અસરે દૂધમાં ઘસીને પાવી એટલે ઊલટી બંધ થઇ જશે. ઘણી વાર બાળકની માતાના કુપથ્યથી બાળકને **વરાધ, વાવળી,** તથા **સસણી થાય છે.** તે વરાધ-માં દુંદ વરાધ, સૂકિયા વરાધ અને વરાધ એવા ત્રણ પ્રકાર છે. આ રોગ આયુર્વેદમાં ખાંસી અને શ્વાસના નામ સિવાય વધારે વર્ણવેલો જણાતો નથી, પણ હાલમાં એ રોગ ઠામઠામ જોવામાં આવે છે. તેમાં પ્રથમ **વરાધનું લક્ષણ** એવું છે કે, બાળકને ઝાડો કે ઊલટી થાય નહિ, પેટ ચડે અને શ્વાસ ચાલે તેને દુંદ વરાધ કહે છે. જે વરાધમાં પેટ ચડે, ઝાડા પાતળા થાય તાવ સખત હોય અને હાંફ ચાલતી હોય તથા પેટમાં ચૂંક આવતી હોય, તેને સૂકિંયા વરાધ કહે છે; અને જેને ઝાડા, ઊલટી કે ચૂંક અને તાવ ન હોય, પણ માત્ર પેટ ચડી હાંફ ચાલતી હોય, તેને વરાધ કહે છે. તેવી રીતે **વાવળીનું લક્ષણ** એવું છે કે, બાળકને તાવ આવે, ઝાડા પાતળા, કુચાપાણી જેવા અને લીલા રંગના થાય અને તેની સાથે શ્વાસ ચાલતો હોય. **સસણીનું લક્ષણ** એવું છે કે, તાવ થોડો હોય, ઝાડો ઊતરતો ન હોય, પેટ ચડેલું નહોય, પણ છાતીમાં કફ અવાજ સાથે બોલતો હોય અને શ્વાસ તથા ખાંસી હોય; એ પ્રમાણે બાળકોને આ ત્રણ પ્રકારના રોગ ઘણી વાર પ્રાણ-

ઇંદ્રજવ ૪, રેવંચીનો શીરો ૧, ગરણીનાં બી ૪ અને મનસીલ ૨ ભાગ લઇને સર્વેને ઝીણાં વાટવાં. તેમાં હિંગળોક, મનસીલ, માણેકરસ અને કેશરને જુદાં ત્રણ દિવસ લગી ખરલમાં વાટવાં. પછી તેમાં બાકીનાં ઓસડ વસ્ત્રગાળ કરીને થોડાં થોડાં ઉમેરતા જવું અને ખરલ કરતા જવું. એવી રીતે ખરલ થઇ રહ્યા પછી પાકાં ચેવલી પાનના રસમાં ત્રણ દિવસ ઘૂંટી મગ જેવડી ગોળી વાળવી. એનું નામ 'માણેકરસાદિ ગુટિકા' અમે પાડ્યું છે, કારણ કે એ પાઠ શાસ્ત્રનો નથી પણ અમારો ગોઠવેલો છે.

ઓંઅલી—કાળા તંબાકુના દાંડા લઇને તેને સાફ વીણી કાઢી તેની સાથે જે તંબાકુના ઝાડના થડનો ભાગ આવેલો હોય તો તે કાઢી નાખી, માત્ર જાડી નસોના એકેક ઇંચના કકડા કરી, તેને ઠીંકરાના વાસણમાં મૂકી તેના ઉપર ઢાંકણું ઢાંકી નીચે તાપ કરી એવી રીતે બાળવા કે તેના કોયલા બની જાય, પણ રાખોડી બને નહિ, એ વાત ધ્યાનમાં રાખવી. તે એવી રીતે કે, ધુમાડો નીકળતો બંધ થાય કે તુરત, તેને બીજા વાસણમાં ઠાલવી લઈ, તેના ઉપર ઢાંકણુ ઢાંકવું, એટલે બહારની હવા બંધ થવાથી તેના કોયલા બની જશે. તે કોયલાને જુદા રાખી જેટલા વજનના દાંડા લીધા હોય તેટલા વજનનો સિંધવક્ષાર લઈ, તે સાથે ભેગો ખાંડી વસ્ત્ર-ગાળ કરી, શીશીમાં ભરી, મજબૂત બૂચ મારી મૂકવો. આ દવા બનાવતાં એટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે, કોયલા બનાવવા, ખાર મેળવીને ખાંડવું અને તેને ચાળીને શીશીમાં ભરતાં સુધીની ક્રિયા એકજ દિવસમાં પૂરી કરવી. જો કોયલા વાસી રહેશે તો બહારની હવાથી તે નરમ થઇ જશે, એટલે એ ઓસડમાં ધારેલો ગુણ રહી શકશે નહિ. માટે સાવધાની રાખી દવા બનાવવી. આ પ્રયોગ અમારો ગોઠવેલો છે, એટલે શાસ્ત્રમાં નથી.

અથવા તેથી ઓછો, એ બેને સાથે વાટી પાણી મૂકી રસ કાઢવો; અને તે રસને જરા ગરમ કરી તેમાં ઉપર લખેલી ' ખોંખલી ' ની દવામાંથી એક રતીથી એક વાલ સુધીનું પડીકું મેળવીને દિવસમાં ત્રણ વાર પાવું, જેથી ખાંસી અને સસણી (શ્વાસ) મટી જાય છે.એ પ્રમાણે વરાધ,વાવળી તથા સસણીની જાતો પારખી તેના ઉપચારમાં આ ત્રણ પ્રકારની દવા આપવાથી ઘણોજ ફાયદો થાય છે અને હજારો બાળકો સારાં થાય છે. પરંતુ વરાધ અને વાવળીવાળા બાળકની માતાને ચીકટ તથા દૂધ ખાવા દેવું નહિ. પણ સસણીવાળું બાળક હોય તો તેની માતાને ચીકટ બંધ કરી દૂધ ખાવાની રજા આપવી. જો એકથી ત્રણ વર્ષના બાળકને કૃમિ થયા છે એમ માલૂમ પડે એટલે તે બાળકને ઊલટી થાય, મોઢું ગંધાય, તાવ આવે પણ હાથ પગ ઠંડા રહે, આંખોનાં ચક્કર ફેરવે, ચમકે આંકડી આવે અથવા કંપે તો જાણવું કે, એ બાળકને કૃમિ થયા છે. તેવી અવસ્થામાં ઉપર બતાવેલા **કૃમિકુઠાર રસની** ગોળી, બાળકની ઉમ્મરના પ્રમાણમાં દર વખતે એકથી ત્રણ સુધી દિવસમાં ત્રણ વાર માત્ર પાણી સાથે આપવાથી અને દશ વાસા ઉપરનું તથા છ માસની અંદરનું બાળક હોય તો માત્ર એક ગોળી દૂધ સાથે મેળવીને આપવાથી કૃમિનો નાશ થાય છે. તે એવી રીતે કે કેટલાક બાળકને કૃમિ પડી જાય છે ને નવા ઉત્પન્ન થતા નથી; કેટલાકના સમાઈ જાય છે. આ ગોળીમાં એવો ચમત્કાર છે કે, જેમ 'સેન્ટોનાઇન' એકલું અથવા ખાંડમાં મેળવેલી તેની બનાવટો બાળકને ખવડાવવામાં આવે છે, પણ તેની પાછળ દિવેલનો જુલાબ આપવો પડે છે અને જો દિવેલનો જુલાબ આપવામાં ન આવે, તો તે બાળક પીળું પડી જાય છે; તેમ આ ગોળી ખવડાવ્યા પછી દિવેલનો કે બીજા કોઇનો જુલાબ આપ-

નહિ, એવી સંભાળ રાખવી. બાળકની માતાને લૂખો રોટલો અને મીઠું નાખીને બાફેલી ચોલાઇની ભાજીનું શાક ખાવા આપવું. બાળકના ત્રણે પ્રકારના રતવા ઉપર 'રતવેલીઓ' નામનો વેલો જે કાઠિયાવાડમાં પ્રસિદ્ધ છે, તેને ઘસીને બાળકને પાવો, તથા શરીર ઉપર ગુલેઅરમાની અને ગુલાબજળ ચોપડયા કરવું. એથી પહાડ ઓગળી જાય છે અને ચાંદાં સુકાઇ જાય છે ને વખતે બાળક બચી પણ જાય છે. અથવા સફેદ કાથો, સંખજીરું, કલઇ, સફેતો અને સોનાગેરુ સમભાગે લઈ તેને વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ગુલાબજળ અથવા પાણી સાથે ચોપડયા કરવાથી, ત્રણે પ્રકારના રતવા મટી જાય છે. આ રતવાનો રોગ, ઘણે ભાગે સ્ત્રીના ગર્ભ-સ્થાનની ગરમીને લીધે થાય છે અને લૌકિકમાં 'તે સ્ત્રીને કોઠે રતવા છે' એમ કહેવાય છે; અને બને છે પણ એમ કે, જે સ્ત્રીને કોઠે રતવા હોય તેના દરેક બાળકને એકજ જાતનો અને અમુક માસ-નું બાળક થયા પછી, તેજ માસમાં રતવા નીકળી બાળક મરણ પામે છે. એ પ્રમાણે જેટલાં બાળક થાય તે સર્વને તેજ પ્રમાણે રતવા નીકળે છે અને મરણ પામે છે. આવા ભયંકર રોગને માટે માતાના કોઠામાંથી રતવાની જડને ઉખેડી નાખવા માટે અમારો ખાસ અનુભવેલો અને સેંકડો સ્ત્રીઓના કોઠાના રતવાને મટાડી, બાળકને જન્મ્યા પછી રતવા થાય નહિ તેવો, તેમજ કેટલીક સ્ત્રીઓને ગર્ભસ્થાનમાંથીજ રતવાવાળું, સડેલું, લીલું થઇ ગયેલું બાળક જન્મે છે, તેને પણ અસરકારક રીતે આરોગ્ય આપનારો ઇલાજ નીચે લખીએ છીએ:—

ગુલેબનફ્શા શેર ૦।। લઇને તેમાંથી કચરો તથા માટી વીણી કાઢી, તેને દશ શેર પાણીમાં નાખી ઉકાળવો અને જ્યારે ત્રણ શેરને આશરે પાણી બાકી રહે ત્યારે તેમાં પોણાબશેર સાકર નાખી ચાસણી કરી શરબત બનાવવું એટલે એક બાટલી શરબત થશે.

નથી પણ તે અન્નને સ્નેહાળ બનાવી, અન્ન પચે એવા કોઠાવાળાને પુષ્ટ બનાવવા માટેનું એક સ્નેહન દ્રવ્ય છે. માટે અન્ન ખાવાને સારુ જ્યારે કુદરત દાંત આપે, ત્યારેજ તેને અન્ન સાથે ઘી આપવું. તે દરમિયાનમાં માતાના દૂધથી બાળકનું પેટ ન ભરાય, તો ગાયનું, બકરીનું અને છેવટે તે જો નજ મળે તો ભેંશનું દૂધ લાવી, તેમાં અધું પાણી ઉમેરી, તેમાં પાંચદશ દાણા વાયવડિંગના જરા ખોખરા કરીને નાખી, તેને ધીમે તાપે ઉકાળી, માત્રપાણી બળી જાય અને દૂધ બાકી રહે ત્યારે નીચે ઉતારી, ઠંડું પાડી કપડાથી ગાળી લઇ શીશીમાં ભરી મૂકવું અને તે દૂધ બાળકને પાવું. પણ એટલું તો યાદ રાખવું કે, એક વાર ઉકાળેલા દૂધને ફરીથી ઊનું કરવું નહિ. સવારના ઉકાળેલા દૂધને સૂર્યાસ્ત પછી પાવું નહિ ને રાતને માટે ફરીથી બીજું દૂધ બનાવી લેવું અને તે દૂધ સૂર્યોદય થયા પછી પાવું નહિ. અને " આ દૂધ મારા બાળક માટે લાવ્યો છું, મારું બાળક આટલું બધું દૂધ પીએ છે " એવું કોઇને મોઢે કહેવું નહિ. તેમ જ્યારે જ્યારે દૂધ પાવાનું હોય ત્યારે ત્યારે એકાંતમાં કોઇની નજર ન પડે તેવે સ્થળે બેસીને પાવું. પણ જો કોઇને મોઢે "મારું બાળક આટલું દૂધ પીએ છે" એમ કહ્યું અને સાંભળનાર માણસ આશ્ચર્યથી એટલોજ શબ્દ બોલશે કે, " અહો! આટલું બધું દૂધ પીએ છે!" એટલું કહેવાથીજ, તેજ દિવસથી તે બાળક દૂધ પીતું અટકી જશે. એટલા માટે ફરીફરીથી કહેવામાં આવે છે કે બાળકના દૂધની વાત કોઈને કરવી નહિ, તેમ બાળકને સ્તનપાન કે દૂધપાન પણ કોઈના દેખતાં કરાવવું નહિજ. જો બાળકને દાંત આવતા પહેલાં ઘી આપવામાં આવશે, તો તેને વાવળી કે સસણીનો રોગ જલદી લાગુ પડી જશે. તેમજ જ્યારે બાળકના દાંત ફૂટવાનો વખત થશે, ત્યારે તે બાળકને પાતળા ઝાડા થશે અને શરીર એટલું બધું લધડી જશે કે માતાપિતા ફિકરમાં પડી જશે. અને

સુધી અને મોટા માણસને આઠ વાલ સુધી, ગાળેલા ગાયના મૂત્રમાં આપવું. મળારખી તથા નાળકોટવાળાને ઘી અથવા તેલ બિલકુલ આપવું નહિ. બનતાં સુધી મોળું દૂધ અને ભાત આપવો. ભાત ન ખાઇ શકે તો એકલા દૂધ ઉપર રાખવો, પણ મીઠું મરચું કે મસાલો કાંઇજ આપવું નહિ. મોટા માણસથી ન રહેવાય તો જુવારની ધાણી અને શેકેલા ચણા ખાવાને આપવા પણ તેથી એમ ન સમજવું કે પૌંઆ ને દૂધ ભેગું કરી ખાઇ શકાશે. પરેજી કાળજીપૂર્વક પાળવામાં આવશે તો દર્દી જરૂર સારો થશે; પણ એટલી વાત ખૂબ યાદ રાખવી કે, જે બાળક અથવા બાળકીને, મરદ અથવા સ્ત્રીને નાળકોટ થયો હોય અને તેની ઇંદ્રિય ઉપર પાણીથી ભરેલો ચળકતો સોજો જણાય તો તેનું ઓસડ વૈદે કરવું નહિ; કારણ કે ઇંદ્રિય ઉપર સોજો આવ્યા પછી તેને પરમેશ્વર સિવાય બીજો કોઇ બચાવી શકે તેમ નથી.

હાલમાં કેટલાંક માબાપો છોકરાંની માતાને ધાવણ નહિ આવવાથી અથવા ધાવણ ઓછું આવવાથી અથવા ધાવણ આવતું હોય છતાં, છોકરું ધાવે તો તેની માતાનો બાંધો ચુસાઇ જવાના ભયથી અથવા સ્તન તૂટી જવાના ભયથી તેઓ બાળકને ધવડાવતાં નથી; પણ તેને દૂધ અને ચા પાવાની ટેવ પાડે છે. જો કે તેથી બાળકને સંતોષ તો વળે છે, પરંતુ પોષણ મળતું નથી. જેથી બાળકનાં હાડકાં બિલકુલ પોષાયા વિનાનાં સૂકાં રહી જાય છે અને બાળક બાંધા વગરનું પાતળું અને નિર્માલ્ય થઇ જાય છે. જેથી જુવાનીમાં ક્ષય જેવા વ્યાધિને શરણે થઇ મરણ પામે છે; અને કદાચ ક્ષય ન થાય તો અલ્પવીર્ય અથવા વીર્યહીન અથવા નપુંસક જેવો ચીડિયા સ્વભાવનો, મગજની શક્તિ વિનાનો, કામ કરવામાં કાયર અને કોઇ પણ જાતના ચીકણા રોગને ભોગવતો જોવામાં આવે છે. માટે અમે ભલામણ કરીએ છીએ કે, આખી

જિંદગીપર્યંત ચા ન પીવી એ તો આ ફેશનેબલ અને ચાલુ રૂઢિ
જમાનામાં અમારાથી કહી શકાતું નથી, પણ બાળકની
ખાતર, તેની જિંદગીના ભલા ખાતર, તેને પાંચ વર્ષની ઉ
થયા પછી ભલે વધારે દૂધવાળી થોડી ચા પાવી, પણ એટલું
રાખવું કે જ્યાં સુધી વીર્ય પરિપક્વ થયું નથી અને બાળ
શારીરિક પૂરી તંદુરસ્તી પ્રાપ્ત થઈ નથી, ત્યાં સુધી ચા ન અપા
તો અતિ ઉત્તમ છે

'નનામા ઝાડ' (ચોર આમળો) ને સૂર્ય ઊગતાં પહેલાં ભેટાડે છે; કોઇ ઊંટની ગાંડ સુંઘાડે છે, કોઈ ખોંખલી (ફોહલી) નું દર સુંઘાડે છે તો કોઇ મોચીની કે ખાલપાની કૂંડીનું પાણી પાય છે. કોઇ કસાઇને ઓટલે તેને બેસાડે છે. કોઇ ગળામાં કોડી અને અજમાની પોટલી બાંધે છે. કોઇ છોકરાની માતાનાં નવાં લૂગડાં ઉપર ધોળું ચીગડું મારે છે. કોઇ નકટી નામની હોડીના ઘાટની બે ખાનાવાળી એક વનસ્પતિ ગાંધીને ત્યાં મળે છે તે ડોકે બાંધે છે. કોઈ બાવળના ઝાડ ઉપર કાંટાનું બખ્તર બનાવી તેની અંદર એક જીવડો રહે છે, જેને ગામડાના લોકો કાંટાની ડોશીને નામે ઓળખે છે તે લાવી, તેને ગળામાં બાંધે છે. એમ કરતાં કરતાં જ્યારે ઉધરસ નરમ પડતી નથી ત્યારે 'એ તો એની મુદતે જશે' એમ માની સંતોષ પકડે છે. પણ એ બાબતમાં અમારો અનુભવ એવો છે કે, 'વરાધવાવળી'ના પ્રકરણમાં બતાવેલી '**ખોંખલી**' નામની દવા અર્ધા વાલથી એક વાલ સુધી પાન એક પાકું તથા એલચી નંગ બે છોડાં સાથે, જરા પાણી મૂકી, ખૂબ ઝીણું વાટી તેનો રસ કાઢી તે રસને જરા ગરમ કરી, તે પછી તેમાં પેલું ઓસડ નાખી દિવસમાં બે અથવા ત્રણ વખત પાવાથી તે બાળકને ઘણો ફાયદો કરે છે. એ નઠારી ઉધરસ ઘણા જોરમાં આવતી હોય તેને આ ખોંખલી નામના ઓસડથી જલદી ફાયદો થાય છે અને ઉધરસ ધીમી ગતિવાળી હોય તો તેનાથી ધીમે ધીમે ફાયદો જણાય છે. આ ખોંખલી નામની દવા સાધારણ લૂખી ઉધરસવાળાને મધમાં ચટાડવાથી સારો ફાયદો કરે છે. માટે આ દવા બનાવીને વાપરવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

નાનાં બાળકની ઘણી વાર આંખો દુખવા આવે છે, આંખમાં ખીલ થાય છે, આંખે ચીપડા વળે છે, આંખ ચોંટી જાય છે, બાળક આંખ ઉઘાડી શકતું નથી અને આંખમાં કાંકરો ખૂંચવાથી દિવસ

ઓસડ નકામું થઇ જશે. માટે બનાવનારે તે ચાસણી ઠંડી પડયા પછી, મધ જેવી જાડી રહે છે કે નહિ તેની તપાસ કરી બુદ્ધિપૂર્વક ચાસણી બનાવવી. આ ઉપાય શારંગધર સંહિતામાં 'બબ્બુ-લાદિ સ્વરસ' એ નામથી લખેલો છે. માત્ર તેમાં અમે સંચોરો અને સિંધવ ઉમેરીને, તે દવા બનાવીએ છીએ અને તેથી ઘણોજ ફાયદો થતો જોવામાં આવે છે. જો બાળક એક માસ કરતાં પણ નાનું હોય અને તેની આંખો દુખવા આવે, તો આ 'બબ્બુલાદિ સ્વરસ' સળીથી ઘણાજ થોડા પ્રમાણમાં આંજવો. એ બબ્બુલા-દિ સ્વરસ નાના બાળકથી માંડીને, મોટા માણસ સુધી, દરેકની આંખમાં આંજી શકાય છે. એ સ્વરસ આંજવાથી આંખ દુખવા આવી હોય, આંખે ચીપડા વળતા હોય, આંખ ચોંટી જતી હોય, આંખમાંથી પાણી ગળતું હોય, આંખમાં કાંકરા ખૂંચતા હોય, આંખમાં અગન બળતી હોય, આંખમાં ખીલ વધ્યા હોય, વગેરે [આંખના મોતિયા, કાચબિંદુ, પરવાળાં (ખેવડા વાળ ઊગે છે તે) અને ડૅપો; એટલા રોગ સિવાયના] તમામ રોગો ઘણીજ સરસ રીતે મટે છે. જો કોઇ બાળકને ઉપર લખ્યા પ્રમાણે ખીલ પર લીંબુ જેવડો મોટો સોજો આવી જાય તો ઉપર લખેલા સ્વરસમાં સળી બોળી તે સ્વરસવાળી સળી ઉપર લખેલા લાલ સુરમામાં બોળી, તે બાળકની આંખમાં આંજવાથી બે કે ત્રણ દિવસમાં તદ્દન આરામ થઇ જાય છે. સોજો કયાં અને કેવી રીતે જતો રહે છે, તેની ખબર પણ પડતી નથી. જો કોઇની આંખમાં ફૂલાં પડયાં હોય, તો પણ ઉપર પ્રમાણે સ્વરસમાં સળી બોળી, તે સળી લાલ સુરમામાં બોળી આંજવાથી, ફૂલાં પણ મટી જાય છે. આંખમાં સાધારણ ખીલ પડયા હોય અને આંખ વ્રચરમાઇ ગઇ હોય એટલે આંખ દુખવા આવી આંખ મારી ગઇ હોય, ત્યારે એકલો સ્વરસ આંખમાં આંજી, આંખની પાંપણ અને પોપચાં પર 'આંખે ચોપડ-

વવું. જયારે પાલુરો લાગે છે અથવા સ્રીને દૂધ આવતું નથી, ત્યારે ઘણે ભાગે બાળકને માટે ધાવ રાખવામાં આવે છે, પરંતુ ધાવનું દૂધ ભાગ્યેજ કોઈ બાળકને માફક આવે છે. કારણ કે બાળક જેટલા મહિનાનું હોય તેટલા મહિનાની સુવાવડી ધાવ મળવી મુશ્કેલ છે. અને જો ધાવ બાળકના કરતાં વધારે માસની સુવાવડી હોય, તો તે બાળકને તેનું દૂધ પચતું નથી. બીજું કારણ એવું છે કે, જે માતાના પેટમાં બાળક ઉત્પન્ન થયું હોય તે માતાની પ્રકૃતિ પ્રમાણે બાળકના શરીરનું બંધારણ થયું હોય છે. અને તે કરતાં પણ વધારે વખતની અને જુદી માતાના જુદા ખાનપાથી અને જુદી પ્રકૃતિથી, દૂધમાં વિરુદ્ધ ગુણ ઉત્પન્ન થવાથી તે દૂધ, બાળકને માફક આવતું નથી. તેમાં જો આપણી જાતિ કરતાં હીનજાતિની ધાવ મળી આવે, તો બાળકના શરીરને નુકસાન કરે,એટલુંજ નહિ પણ તેના માનસિક વિચારને પણ નુકસાન કરે છે. એટલા માટે નીચ જાતિની ધાવ રાખવા કરતાં, ગાય-બકરી કે ભેંસનું દૂધ ઘણું ઉત્તમ ગણ્યું છે અને જો ધાવ રાખવાની ઇચ્છા હોય તો, પોતાની જાતવાળી, મધ્ય અવસ્થાવાળી સારા સ્વભાવવાળી, સર્વદા આનંદમાં રહેનારી, ઘણા અને સાફ દૂધવાળી, પુત્ર ઉપર બહુ પ્રેમ રાખનારી, પોતાને આધીન રહેનારી, થોડું મળવાથી સંતોષ પામનારી, કપટ વગરની અને બાળકને પેટના પુત્ર સમાન ગણનારી ધાવ રાખવી. પણ જે સ્રી શોકથી વ્યાકુળ, ભોગથી પીડાયેલી, થાકેલી, સર્વદા વ્યાધિવાળી, બહુ ઊંચી, બહુ નીચી, બહુ જાડી, બહુ પાતળી, ગર્ભવાળી, તાવવાળી, લાંબા તથા ઊંચાં સ્તનવાળી, અજીર્ણ રહ્યા છતાં જમનારી, પથ્ય વગરની, ક્ષુદ્ર કામમાં આસક્ત, દુઃખથી પીડાયેલી કે ચંચળ વૃત્તિની હોય, તેને ધાવ તરીકે રાખવાથી બાળક રોગી થાય છે. પાકા આહારથી થયેલા રસનો મધુર સાર સઘળા દેહમાંથી સ્તનમાં આવતાં તે સાર

વાની ગોળી' ઠંડા પાણીમાં ઘસીને ચોપડવી. કેટલીક વાર તો એવું જોવામાં આવ્યું છે કે, આંખના કાળા ડોળા અને સફેદ ડોળાના સાંધા પર, અથવા સફેદ ડોળા પર મગની દાળ જેવડી ફોલ્લી થાય છે અને આખો ડોળો લાલ બની જાય છે. તે પછી પેલી ફોલ્લી ફૂટી જઇ આંખના ડોળામાં મગની દાળ જેવડો ખાડો પડે છે અને તે ખાડામાંથી પરુ વહે છે. તેવી આંખમાં જો કોઇ દવા નાખીએ અને પેલા ખાડામાંથી આંખની ભીતરના કાચમાં ઊતરી જાય તો, તેને આંધળો થવાનો સંભવ છે. તેવી આંખમાં માત્ર 'બબ્બુલાદિ સ્વરસ' આંજવાથી અજાયબ જેવો ફાયદો થાય છે. કેટલીક વાર આંખની નાક તરફની બાજુથી મસાનું પડ વધીને કાળા ડોળા તરફ આવે છે અને આંખની બીજી બાજુથી બીજું મસાનું પડ કાળા ડોળા તરફ વધતું આવે છે. જો તેને અટકાવવામાં ન આવે તો આખી આંખ, મસાના પડથી ઢંકાઈ જાય છે. એવી અવસ્થામાં બબ્બુલાદિ સ્વરસવાળી સળી રાતા સુરમામાં બોળીને દિવસમાં એક વાર સવારે અથવા રાત્રે આંજવાથી મસો વધતો અટકી જઇ, આંખ સારી થઇ જાય છે.

જો કોઇ સ્ત્રીને એક બાળક ધાવણું હોય અને તેવી અવસ્થામાં બીજો ગર્ભ રહે ત્યારે જો તે છોકરું તે માતાને ધાવે, તો તે બાળક દૂબળું, તેજ વિનાનું અને પીળું થતું જાય છે, હાથપગ કંતાય છે અને પેટ મોટું થાય છે. કેટલાકને ઝાડા થાય છે અને કેટલાકનો ઝાડો બિલકુલ બંધ થઇ જાય છે, જેને લૌકિકમાં 'પાલુરો લાગ્યો છે' એમ કહેવામાં આવે છે. તેવા રોગમાં તે બાળકને આગળ કહેલા 'માલતિચૂર્ણ' નો ઉપયોગ કરવાથી ઘણો ફાયદો થાય છે. પરંતુ એવી અવસ્થામાં તે બાળકને તેની માતાનું દૂધ ધાવવું બંધ કરી દેવું જોઇએ અથવા બીજી ધાવને આપવું કે આગળ કહી ગયા તે પ્રમાણે દૂધ બનાવીને તે દૂધ પીતા શીખ

વવું. જ્યારે પાલુરો લાગે છે અથવા સ્ત્રીને દૂધ આવતું નથી, ત્યારે ઘણે ભાગે બાળકને માટે ધાવ રાખવામાં આવે છે, પરંતુ ધાવનું દૂધ ભાગ્યેજ કોઈ બાળકને માફક આવે છે. કારણ કે બાળક જેટલા મહિનાનું હોય તેટલા મહિનાની સુવાવડી ધાવ મળવી મુશ્કેલ છે. અને જો ધાવ બાળકના કરતાં વધારે માસની સુવાવડી હોય, તો તે બાળકને તેનું દૂધ પચતું નથી. બીજું કારણ એવું છે કે, જે માતાના પેટમાં બાળક ઉત્પન્ન થયું હોય તે માતાની પ્રકૃતિ પ્રમાણે બાળકના શરીરનું બંધારણ થયું હોય છે. અને તે કરતાં પણ વધારે વખતની અને જુદી માતાના જુદા ખાનપાથી અને જુદી પ્રકૃતિથી, દૂધમાં વિરુદ્ધ ગુણ ઉત્પન્ન થવાથી તે દૂધ, બાળકને માફક આવતું નથી. તેમાં જો આપણી જાતિ કરતાં હીનજાતિની ધાવ મળી આવે, તો બાળકના શરીરને નુકસાન કરે, એટલુંજ નહિ પણ તેના માનસિક વિચારને પણ નુકસાન કરે છે. એટલા માટે નીચ જાતિની ધાવ રાખવા કરતાં, ગાય-બકરી કે ભેંસનું દૂધ ઘણું ઉત્તમ ગણ્યું છે અને જો ધાવ રાખવાની ઇચ્છા હોય તો, પોતાની જાતવાળી, મધ્ય અવસ્થાવાળી સારા સ્વભાવવાળી, સર્વદા આનંદમાં રહેનારી, ઘણા અને સાફ દૂધવાળી, પુત્ર ઉપર બહુ પ્રેમ રાખનારી, પોતાને આધીન રહેનારી, થોડું મળવાથી સંતોષ પામનારી, કપટ વગરની અને બાળકને પેટના પુત્ર સમાન ગણનારી ધાવ રાખવી. પણ જે સ્ત્રી શોકથી વ્યાકુળ, રોગથી પીડાયેલી, થાકેલી, સર્વદા વ્યાધિવાળી, બહુ ઊંચી, બહુ નીચી, બહુ જાડી, બહુ પાતળી, ગર્ભવાળી, તાવવાળી, લાંબા તથા ઊંચાં સ્તનવાળી, અજીર્ણ રહ્યા છતાં જમનારી, પથ્ય વગરની, ક્ષુદ્ર કામમાં આસક્ત, દુઃખથી પીડાયેલી કે ચંચળ વૃત્તિની હોય, તેને ધાવ તરીકે રાખવાથી બાળક રોગી થાય છે. પાકા આહારથી થયેલા રસનો મધુર સાર સઘળા દેહમાંથી સ્તનમાં આવતાં તે સાર

વણરૂપે થાય છે, અને જણ્યાને ત્રણ રાત અથવા ચાર રાત પછી, દયમાં રહેલી ધમનીઓ ખુલ્લી પડીને, ધાવણની પ્રવૃત્તિ કરે છે.

સ્ત્રીને પુત્રના સ્પર્શથી, દર્શનથી સ્મરણથી અને તેણે સ્તન કડવાથી, વીર્યની પેઠે ધાવણ છૂટે છે. પુત્ર ઉપર નિરંતર રહેતો નેહજ, ધાવણનો પ્રવાહ થવામાં કારણભૂત છે. પુત્ર ઉપર પ્રેમ હિ રાખવાથી, ભયથી, શોકથી ક્રોધથી ભૂખ્યા રહેવાથી અથવા બીજો ગર્ભ રહેવાથી, સ્ત્રીઓનું દૂધ ઓછું થઈ જાય છે. માતાએ નારે આહાર કરવાથી અયોગ્ય વિહાર કરવાથી, તેના શરીરમાં દોષોનો પ્રકોપ થાય છે. જેથી ધાવણ ખરાબ થાય છે. અયોગ્ય આહાર અને અયોગ્ય વિહાર કરનારી સ્ત્રીના વાયુ, પિત્ત અને કફ, ધાવણને બગાડી નાખે છે અને તેથી બાળકના શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે. જો ધાવણ પાણીમાં નાખતાં, પાણી ઉપર તર્યા કરે અને સ્વાદમાં કપાય હોય તો તેને વાયુથી ખરાબ થયેલું જાણવું. જો પાણીમાં નાખતાં જેની પીળી પીળી કણીઓ થઈ જાય અને સ્વાદમાં ખાટું તથા તીખું હોય તો તેને પિત્તથી ખરાબ થયેલું જાણવું. અને જો પાણીમાં નાખતાં બૂડી જાય અને ચીકણું હોય તો ધાવણ કફથી ખરાબ થયેલું જાણવું. જેમાં બે નિશાનીએ મળતી આવે, તે બે દોષથી અને ત્રણે નિશાની મળતી આવે તે ત્રણે દોષથી બગડેલું જાણવું. એવા બગડેલા ધાવણને સુધારવા માટે બાળકની માતાએ મગનું ઓસામણ પીવું. અથવ ભારંગી, દેવદાર, વજ, અતિવિષ, એને વાટીને પીવાં અથવા કાળં પહાડ, પીલુડી, મોથ, કરિયાતું, દેવદાર, સૂંઠ, ઇંદ્રિજવ, ઉપલે અને કડુ એનો કવાથ પીવાથી પણ ધાવણ સાફ થાય છે જે ધાવણ પાણીની સાથે મળી જાય, જેનો રંગ બદલાયે હોય, તાંતણાવાળું ન હોય અને ધોળું, પાતળું તથા ટાઢું હોય ધાવણ સાફ છે એમ જાણવું બાળકને માતાએ અથવા આયાએ

પોતાનાં અંગ સ્વચ્છ કરી, સારાં કપડાં પહેરી, પૂર્વ દિશામાં મુખ રાખી, આસન પર બેસી, પછી જમણા સ્તનને પાણીથી સારી પેઠે ધોઇ, જરા દૂધ કાઢી નાખી, બાળકનું મોઢું ઉત્તર દિશામાં રહે તેવી રીતે ધીરેથી ખોળામાં લઇ ધવડાવવું. સ્તનમાંથી થોડું દૂધ કાઢી નાખ્યા વિના તે દૂધને જો બાળક ધાવે છે, તો બાળકને વમન, ઉધરસ અને શ્વાસની પીડા થાય છે. બાળકને દૂધ ધવડાવતી વખતે, માતાએ પોતાના મનમાં એવા વિચાર કરવા કે, મારા સ્તનમાં ક્ષીરસાગર દૂધની વૃદ્ધિ કરજો, મારું બાળક સર્વદા કલ્યાણને પામનાર અને બળવાન થજો. જેમ દેવતાઓ અમૃત પીને લાંબું આયુષ્ય ભોગવે છે, તેમ મારો પુત્ર મારું અમૃતરસ જેવું દૂધ પીને, લાંબા આયુષ્યવાળો થજો. આવો વિચાર કરી બાળકને દૂધ ધવડાવવું. જો બાળકને દૂધની તાણ પડતી હોય તો સતાવરી તોલો અધો દૂધમાં ઘસીને તેમાં બીજું દૂધ પાશેરને આશરે મેળવીને તે દૂધ માતાને પાતા રહેવું જેથી દૂધ વધે છે. અથવા ખજૂરીના ઝાડના થડમાં જથાબંધ લીલાં મૂળિયાં ઊગે છે અને તે તમામ ઝાડને નહિ, પણ કેટલીક ખજૂરીનાં ઝાડને ખાસ ઊગે છે તે મૂળિયાં લાવી, તેમાંથી બે મૂળિયાં ચોખાના ધોવણમાં ઘસી, આ રવિવારથી પેલા રવિવાર લગી આઠ દિવસ પાય, તો જરૂર દૂધ વધુ ઊતરે છે. આ મૂળિયાંથી આગળની બેત્રણ સુવાવડમાં બિલકુલ દૂધ નહિ ઊતરેલી સ્ત્રીને પાંચ રવિવાર સુધી પાવાથી તેને દૂધ ઊતરેલું જણાય છે. આગળ કહેવામાં આવ્યું છે કે, માતાએ સ્વસ્થતાપૂર્વક ઉગમણે મોઢે બેસીને જમણા સ્તનને ધોઇને, થોડુંક દૂધ કાઢી નાખીને, બાળકને ઉત્તર દિશા તરફ સુવાડીને ધવરાવવું. આ વિચાર હસવા સરખો અને માતાને અગવડભર્યો લાગશે અને કોઇ શંકા કરશે કે, પૂર્વ દિશા તરફ બેસવાથી જમણું સ્તન દક્ષિણ દિશામાં જાય છે અને બાળકનું મુખ ઉત્તર દિશામાં

હરકત નથી. પરંતુ એથી ઊલટું દક્ષિણ દિશામાં માથું રાખીને દૂધપાન કરાવવાથી દક્ષિણ દિશાનો આગ્નેયવાયુ જે ઝેરી ગણાય છે, તે બાળકના કોમળ મસ્તકમાં પ્રવેશ કરી, વખતે ભયંકર રોગને ઉત્પન્ન કરે છે. એટલા માટે બાળકનું માથું ઉત્તર દિશામાં રાખવાનું આયુર્વેદે ફરમાવ્યું છે. એ નિયમનો ભંગ કરી આજે બાળકોને ગમે તે રીતે ધવડાવવામાં આવે છે, તેથી ઘણી સ્ત્રીઓનાં સ્તનને બાળકનું માથું અડકી જાય છે, અથવા માથું સ્તન સાથે અફળાય છે, જેથી સ્તનમાં રહેલી કેશવાહિનીઓમાં અવ્યવસ્થા થવાથી સ્તનમાં ગાંઠ ઘાલે છે અને તેમાં અસહ્ય દુખાવો થાય છે; એટલુંજ નહિ પણ ઘણી વાર સ્તન પાકે છે. તેથી સ્ત્રીની તથા બાળકની પ્રકૃતિમાં ઘણો ભારે બગાડ થાય છે; એટલા માટે બાળકનું માથું પોતાના સ્તનને ન અડકે એવી સંભાળ માતાએ જરૂર રાખવી. કદાચ દૈવયોગે સ્તનમાં પહાડ ઘાલે અને દુખાવો થાય તો કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ તે સ્તન ઉપર કાળી માટી અને મીઠું ચોપડાવે છે; પરંતુ તેથી ઘણી વાર સ્ત્રીને દૂધ આવતું અટકી જાય છે. એટલા માટે કાળી માટી ચોપડવી નહિ, પણ રાતી માટી એટલે સોનાગેરુ અથવા ગુલેહરમાની પાણીમાં મેળવી કઢી જેવી કરી વારંવાર ચોપડવી, જેથી ગાંઠ પીગળી જાય છે અને દૂધ વહેતું રહે છે.

ઉપર કહ્યું તેમ, માતાએ પોતાના સ્તનને, બાળકને ધવડાવતાં પહેલાં ધોવું જોઇએ. તે મુજબ જે સ્ત્રી પોતાના સ્તનને ધોતી નથી, તે સ્ત્રીને સ્તનની ડીંટડીની આસપાસ મેલના પોપડા વળે છે અને જ્યારે બાળક ધાવે, ત્યારે તે પોપડા ઊખડી જઈ, તે જગ્યાએ પાક થાય છે, જેથી બાળકને ધવડાવતાં તેની માતાને અસહ્ય દુખાવો થાય છે. એટલુંજ નહિ પણ તે ફાટમાંથી નીકળતું પરુ, બાળકના પેટમાં જાય છે અને બાળકને ધાવતાં જે દુખાવો થાય છે તેથી પૂરું દૂધ તે ધવડાવી શકતી નથી; એટલે પાનો ચઢેલું દૂધ સ્તન-

માં આવી, મહાપીડા ઉત્પન્ન કરે છે. જ્યારે એવી પીડાથી સ્તનમાં સોજો આવ્યો હોય, ગાંઠ વધતી જતી હોય, સ્તન પાક પર ચડવા માંડયું હોય, ત્યારે ઘણાક ચિકિત્સકો એ સ્તનને પકવવા માટે આળસીનો કે ઘઉંના ચૂલાનો શેક કરાવે છે; અને પછી પાકતા સ્તનવાળી સ્ત્રીની પીડા ઓછી કરવા માટે તેના સ્તનને શસ્ત્રક્રિયાથી ચીરી, અંદરનું પરુ કાઢી નાખે છે. અત્રે ચિકિત્સકને બે વાત સંભાળવાની હોય છે. એક તો કાચું ચીરેલું હોવાથી તેને પકવવા માટે, પોલ્ટિસ જારી રાખવું પડે છે અને પરુ નીકળવા માટે જખમનું મોં ખુલ્લું રાખવું પડે છે. એવી રીતે ચિકિત્સા કરવાથી સ્ત્રીના સુખનો અને બાળકના દૂધનો નાશ થાય છે. પરંતુ સ્તન પાકતું જાય, બાળક ધાવતું જાય અને સ્તન સારું થાય, એવી ચિકિત્સા કરવી હોય, તો સ્ત્રીના સ્તન ઉપર કોઈ પણ જાતનો શેક કરવો નહિ તથા નસ્તર લગાડવું નહિ; પણ જો જરૂર પડે તો અને તેને પકાવવાની ઉતાવળ કરવી હોય તો તેને કાળી દ્રાક્ષના ઠળિયા કાઢી નાખી, ખૂબ બારીક વાટી, પાણી છાંટયા વિના તેની પટ્ટી બનાવી, સ્તન ઉપર લગાડવી. એથી ઓગળવાનો ભાગ ઓગળી જશે અને પાકવાનો ભાગ જલદી પાકીને પરુ ઉપર આવી જશે. દરદ એની મેળે ફૂટી જશે અને જો એજ પટ્ટી ચાલુ રાખવામાં આવશે તો દરદ અંદરથી રુઝાતું આવી તેના મોઢામ રબરની ટયૂબ કે બત્તી દાખલ કર્યા સિવાય, અથવા જખમમાં દેવ પૂર્યા સિવાય, જખમ નીચેથી રુઝાતો આવશે અને જખમનું મો ખ થશે નહિ. જો એ સ્તનપાકમાં પિત્તનું પ્રાધાન્ય હશે, તે કાળી દ્રાક્ષનો પ્રયોગ બસ થશે. પણ કફની પ્રધાનતાવાળુ સ્તન (દાહક ગુણ વિનાનું) હશે તો તેને બેરજાના મલમની જરૂર પડશે. માટે તે મલમ નીચે પ્રમાણે બનાવવો:—

તલનું ચોખ્ખું તેલ શેર એક તથા ઊંચા પ્રકારનું સિંદૂર અર્ધ

શેર લઇ, પાંચ શેર ચોખા ચડે એવડું વાસણ લઇ, તેમાં પ્રથમ તેલ નાખી, ગરમ કરી, તેમાંથી ધુમાડા નીકળવા માંડે, ત્યારે તેમાં સિંદૂર નાખી લોખંડના તવેથાથી હલાવવું. જેને તવેથો પકડતાં નહિ આવડતું હોય, તે છાંટા ઊડવાથી દાઝશે અને હાથપગને સમાલવા જશે તો મલમ ઊભરાઇને ચૂલામાં પડશે, તેથી મોટો ભડકો થઇ મલમ બનાવનારનું ઘર બળી જશે. માટે આ ચાસણી સંભાળપૂર્વક કરવાની છે. જ્યારે તેલ ને સિંદૂર કાળું બની જાય, ત્યારે તવેથા વતી તેમાંનો મલમ લઇ, પાણીના પાત્રમાં બેચાર ટીપાં પાડવાં અને પછી તપાસી જોવો કે ગોળી વળે એવો થયો છે કે નહિ. જો ચાસણી તપાસવામાં નહિ આવે અને મલમ ખરો થઈ જશે, તો તેની પટ્ટી થશે નહિ અને જો મલમ કાચો રહી જશે તો બાંધો પકડશે નહિ. એટલા માટે ચાસણી ઉપર ખૂબ ધ્યાન રાખવું. તેની રીત એવી છે કે, ઠંડા પાણીમાં મલમનું ટીપું નાખવાથી પાણીમાં છૂટું દેખાય તો જાણવું કે ચાસણી કાચી છે અને જો પાણીમાં ટીપું નાખ્યું કે ડૂબી જાય, તો જાણવું કે ચાસણી ખરી થઇ ગઇ છે, એટલે મલમ ફેંકી દેવાનો થયો છે. એવી રીતે બરાબર ચાસણી થયેલો મલમ તૈયાર કરીને, તે એક શેર તેલનો મલમ હોય તેને પાછો ધીમા તાપ ઉપર મૂકીને, ખદખદે નહિ એવો ગરમ કરવો, એટલે તે પાતળો થશે ત્યારે તેમાં બેરજો શેર ચાર, થોડે થોડે નાખતા જવો અને હલાવવો. એવી રીતે ચાર શેર બેરજો ઓગળી જાય એટલે નીચે ઉતારીને ઠંડું પડવા દેવું. આવી રીતે બેરજાનો મલમ તૈયાર કરી તેની પટ્ટી બનાવી, સ્ત્રીના કફપ્રધાન પાકતા સ્તન પર મારવી, જેથી સ્તન જલદી પાકી પરુ નીકળી જશે અને સ્તન રુઝાઇ જશે, તથા તેમાંનું દૂધ જીવતું રહેશે. જો સ્તનમાં દૂધ વધારે ભરાઇ આવે તો તેને કોઈ સારી બાઇ માણસે ધાવીને થૂંકી નાખવું જોઇએ, અથવા વિલાયતી કાચ અને

રબરનો કુક્કો (યંત્ર) આવે છે, તે વડે સહેલાઇથી દૂધ ખેંચી લેવાય છે; તે પછી બાળકને ધવડાવવામાં આવે તેથી બાળકને કોઈ પણ પ્રકારનો રોગ થતો નથી; કારણ કે દૂધને વહેવાવાળી નસો બગડી હોય તો, ડીંટડીમાંથી દૂધ આવતું હોય તો ધાવવાને હરકત નથી.

કેટલીક વાર નાના બાળકને સખત તાવ આવે છે અને તે તાવ આવવાનું કારણ જેમ મોટા માણસને મિથ્યા આહાર અને મિથ્યાવિહારે કરીને આમાશયમાં રહેલો જે દોષ, તે રસને અનુગામી થઇને કોઠામાં આવવાથી, શરીર તપે છે તેને તાવ કહે છે; તેમ બાળકને માતાના મિથ્યા આહાર અને વિહારે કરીને તાવ આવે છે. મોટા માણસને જેટલા પ્રકારના તાવ આવે છે તેટલા પ્રકારના તાવ, નાના બાળકને પણ આવે છે. પણ જેટલા પ્રકારના ઔષધોપચાર મોટા માણસને કરવામાં આવે છે, તેટલા પ્રકારના ઔષધોપચાર નાના બાળકને કરી શકાતા નથી. જેમ મોટા માણસને લંઘન કરાવવાની જરૂર છે, તેમ બાળકને પણ લંઘનની જરૂર છે. પરંતુ બાળકને દૂધ આપવાનું બંધ નહિ કરતાં, તેની માતાનો ગુરુઅન્ન અને વિદાહી આહાર બંધ કરવાથી બાળકને લંઘન થઈ શકે છે. જો એક માસની અંદરનું બાળક હોય અને તેને તાવ આવતો હોય, તો તેની માતાને ઓસડ ખવરાવવાથી, તે બાળકનો તાવ જાય છે. પણ ત્રણ માસ ઉપરનું બાળક થાય અને તેને તાવ આવે, તો તે બાળકને ઓસડ આપવાની જરૂર છે અને તેની માતાને પથ્ય પળાવવાની જરૂર છે. માટે શરદઋતુ ઊતર્યા પછી, હેમંતઋતુના અરસામાં જુવાર, બાજરી કે કપાસના ખેતરમાં "કડવી નાઈ" ને નામે ઓળખાતો એક છોડ ઊગે છે. તે છોડ નવ આંગળ ઊંચો, ડાળાં અને ઝાંકડાં પાંદડાંવાળો, પીળાં, ભૂરાં અને ધોળાં ફૂલવાળો, સ્વાદમાં બહુજ કડવો થાય છે. તેને ઉખેડી લાવી, છાયામાં સૂકવી, સુકાવા પછી જેટલું વજન

થાય તેમાં ચોથે ભાગે કાળાં મરી મેળવી, ઘણુંજ બારીક વસ્ત્ર-ગાળ ચૂર્ણ કરી રાખવું. એ ચૂર્ણનું નામ અમે "રાસ્ના" પાડેલું છે. એ ચૂર્ણની માત્રા એક રતીથી એક વાલ સુધી નાના બાળકને અને બે વાલ સુધી મોટા માણસને પાણી સાથે દિવસમાં ત્રણ વખત આપવાથી તાવ જાય છે. આ ચૂર્ણથી સુદર્શન ચૂર્ણ કરતાં પણ વધારે ફાયદો જણાયો છે. જો બાળકને તાવની સાથે પાતળા ઝાડા થતા હોય તો ફટકડીને ફુલાવીને તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરીને એક શીશામાં ભરી રાખવું. જે બાળકને આપવું હોય તેને "રાસ્નાનું ચૂર્ણ" અને ફુલાવેલી ફટકડી ઉર્ફે "સૌરાષ્ટિ" તે અર્ધા ભાગે લઇ, એને મેળવી પાણી સાથે આપવાથી તાવ સાથે પાતળા ઝાડા થતા હોય તે મટે છે. ઉપર બતાવી ગયા તેમ વરાધ–વાવળી કે સસણીની સાથે જે બાળકને તાવ આવતો હોય, તે તાવ-નો કાંઇ પણ ઉપાય કરવો નહિ. કારણ કે સસણી વરાધ કે વાવળીમાં તાવ એજ બાળકનું જીવન છે. જો તાવનો ઉપાય કરતાં તાવ જતો રહ્યો અને હાંફણ બાકી રહી ગઇ તો એ હાંફણ મટતી નથી. પણ હાંફણનો ઉપાય કરવાથી એ હાંફણ નરમ પડી કે, તાવ પોતાની મેળેજ ચાલ્યો જાય છે. માતાના અતિ કુપથ્યથી અન્નનો રસ દગ્ધ થઈ દૂધ દ્વારા બાળકના શરીરના પિત્ત અને કફમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરી તાવ લાવે છે જેથી બાળકના હાથપગ ઠંડા થઇ, માથું ગરમ થઇ જાય છે. હાથપગ અને માથું ગરમ થાય છે અને બાકીનું શરીર ઠંડું પડી જાય છે. એવા 'વિષમજ્વરમાં' બાળકના માથા ઉપર ઠંડા પાણીનાં પોતાં મુકાવવાં, જેથી હાથપગ ગરમ થશે અને 'રાસ્ના સાથે સૌરાષ્ટિ' આપવાથી તાવ જશે. પણ હાથ-પગ ગરમ અને શરીર ઠંડું થઇ જાય, એવા તાવવાળાં બાળક ભાગ્યેજ જીવે છે. તો પણ તેમાં આગળ બતાવેલું 'નળબંધ' નામનું ચૂર્ણ વધારે કામ કરે છે. જો બાળકને કૃમિની સાથે તાવ આવતો

રબરનો ફુક્કો (યંત્ર) આવે છે, તે વડે સહેલાઇથી દૂધ ખેંચી લેવાય છે; તે પછી બાળકને ધવડાવવામાં આવે તેથી બાળકને કોઈ પણ પ્રકારનો રોગ થતો નથી; કારણ કે દૂધને વહેવાવાળી નસો બગડી હોય તો, ડીંટડીમાંથી દૂધ આવતું હોય તો ધાવવાને હરકત નથી.

કેટલીક વાર નાના બાળકને સખત તાવ આવે છે અને તે તાવ આવવાનું કારણ જેમ મોટા માણસને મિથ્યા આહાર અને મિથ્યાવિહારે કરીને આમાશયમાં રહેલો જે દોષ, તે રસને અનુગામી થઇને કોઠામાં આવવાથી, શરીર તપે છે તેને તાવ કહે છે; તેમ બાળકને માતાના મિથ્યા આહાર અને વિહારે કરીને તાવ આવે છે. મોટા માણસને જેટલા પ્રકારના તાવ આવે છે તેટલા પ્રકારના તાવ, નાના બાળકને પણ આવે છે. પણ જેટલા પ્રકારના ઓષધોપચાર મોટા માણસને કરવામાં આવે છે, તેટલા પ્રકારના ઓષધોપચાર નાના બાળકને કરી શકાતા નથી. જેમ મોટા માણસને લંઘન કરાવવાની જરૂર છે, તેમ બાળકને પણ લંઘનની જરૂર છે. પરંતુ બાળકને દૂધ આપવાનું બંધ નહિ કરતાં, તેની માતાનો ગુવોંત અને વિદાહી આહાર બંધ કરવાથી બાળકને લંઘન થઈ શકે છે. જો એક માસની અંદરનું બાળક હોય અને તેને તાવ આવતો હોય, તો તેની માતાને ઓસડ ખવડાવવાથી, તે બાળકનો તાવ જાય છે. પણ ત્રણ માસ ઉપરનું બાળક થાય અને તેને તાવ આવે, તો તે બાળકને ઓસડ આપવાની જરૂર છે અને તેની માતાને પથ્ય પળાવવાની જરૂર છે. માટે શરદઋતુ ઊતર્યા પછી, હેમતઋતુના અરસામાં જુવાર, બાજરી કે કપાસના ખેતરમાં "કડવી નાઈ" ને નામે ઓળખાતો એક છોડ ઊગે છે. તે છોડ નવ આંગળ ઊંચો, લાંબાં અને સાંકડાં પાનવાળો, પીળા, ભૂરા અને ધોળા ફૂલવાળો, સ્વાદમાં બહુજ કડવો થાય છે. તેને ઉખેડી લાવી, છાંયાના સૂકવી, સુકાયા પછી જેટલું વજન

થાય તેમાં ચોથે ભાગે કાળાં મરી મેળવી, ઘણુંજ બારીક વસ્ત્ર-ગાળ ચૂર્ણ કરી રાખવું. એ ચૂર્ણનું નામ અમે "**રાસ્ના**" પાડેલું છે. એ ચૂર્ણની માત્રા એક રતીથી એક વાલ સુધી નાના બાળકને અને બે વાલ સુધી મોટા માણસને પાણી સાથે દિવસમાં ત્રણ વખત આપવાથી તાવ જાય છે. આ ચૂર્ણથી સુદર્શન ચૂર્ણ કરતાં પણ વધારે ફાયદો જણાયો છે. જો બાળકને તાવની સાથે પાતળા ઝાડા થતા હોય તો ફટકડીને ફુલાવીને તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરીને એક શીશામાં ભરી રાખવું. જે બાળકને આપવું હોય તેને "રાસ્નાનું ચૂર્ણ" અને ફુલાવેલી ફટકડી ઉર્ફે "**સૌરાષ્ટિ**" તે અર્ધા ભાગે લઇ, બેને મેળવી પાણી સાથે આપવાથી તાવ સાથે પાતળા ઝાડા થતા હોય તે મટે છે. ઉપર બતાવી ગયા તેમ વરાધ-વાવળી કે સસણીની સાથે જે બાળકને તાવ આવતો હોય, તે તાવ-નો કાંઇ પણ ઉપાય કરવો નહિ. કારણ કે સસણી વરાધ કે વાવળીમાં તાવ એજ બાળકનું જીવન છે. જો તાવનો ઉપાય કરતાં તાવ જતો રહ્યો અને હાંફણ બાકી રહી ગઇ તો એ હાંફણ મટતી નથી. પણ હાંફણનો ઉપાય કરવાથી એ હાંફણ નરમ પડી કે, તાવ પોતાની મેળેજ ચાલ્યો જાય છે. માતાના અતિ કુપથ્યથી અન્નનો રસ દગ્ધ થઈ દૂધ દ્વારા બાળકના શરીરના પિત્ત અને કફમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરી તાવ લાવે છે જેથી બાળકના હાથપગ ટંડા થઇ, માથું ગરમ થઇ જાય છે. હાથપગ અને માથું ગરમ થાય છે અને બાકીનું શરીર ટંડું પડી જાય છે. એવા 'વિષમજ્વરમાં' બાળકના માથા ઉપર ટંડા પાણીનાં પોતાં મુકાવવાં, જેથી હાથપગ ગરમ થશે અને 'રાસ્ના સાથે સૌરાષ્ટિ' આપવાથી તાવ જશે. પણ હાથ-પગ ગરમ અને શરીર ટંડું થઇ જાય, એવા તાવવાળાં બાળક ભાગ્યેજ જીવે છે. તો પણ તેમાં આગળ બતાવેલું 'નળબંધ' નામનું ચૂર્ણ વધારે કામ કરે છે. જો બાળકને કૃમિની સાથે તાવ આવતો

હોય, તો તે બાળકને નળબંધ સાથે સૌરાષ્ટ્રિ મેળવીને આપવાથી તાવ જાય છે. આયુર્વેદાચાર્યોએ એવું લખ્યું છે કે, મોટા માણસને જે ઓસડ આપી શકાય છે, તે નાના બાળકને પણ આપી શકાય છે; કારણ કે વયમાં નાનાંમોટાં છે કાંઇ રોગ નાનોમોટો નથી. માટે વયના પ્રમાણમાંજેટલા પ્રમાણમાં મોટા માણસને દવા અપાય તેવી દવા, નાના પ્રમાણમાં બાળકને પણ આપી શકાય. પરંતુ અમારો અનુભવ એવો છે કે, નાના બાળકને રસાયણી પ્રયોગના કોઇ પણ ઉપચાર કરવા એ ભયભરેલું છે. નાના બાળકને ઊલટી સાથે તાવ હોય તો, રારના તથા સૌરાષ્ટ્રિની સાથે એકેક ગોળી આગળ બતાવેલી **છર્દિરિપુની**, પાણીમાં વાટી આપવાથી ઊલટીને બંધ કરી તાવને મટાડે છે. નાના બાળકને દરરોજ ચાલુ અન્યેદ્યુષ્ક, તૃતીયક, ચતુર્થક નામના તાવ પણ આવે છે. એ તાવમાં એકલી સૌરાષ્ટ્રિ આપવાથી ઘણું સારું કામ થાય છે. પરંતુ એ તાવમાં સતત અને સંતત એ અવધિયા તાવ છે એટલે તે સાત દિવસે અથવા ચૌદ દિવસે, નવ દિવસે અથવા અઢાર દિવસે, અગિયાર દિવસે અથવા બાવીશ દિવસે ઊતરે છે; અને અવધ પહેલાં એ તાવને કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે તો દર્દીને સન્નિપાત થઇ, વખતે તેનું મરણ નિપજાવે છે. એટલા માટે એવા અવધિયા તાવમાં ૭, ૯ કે ૧૧ દિવસ પછી સૌરાષ્ટ્રિનો ઉપયોગ કરવો; અને તે પહેલાં પાચક દવા તરીકે, અતિવિષ, કાકડાશિંગ, વાયવડિંગ, સિંધવ એનું ચૂર્ણ કરી, તે ચૂર્ણમાંથી એક વાલ ચૂર્ણ લઇ, તેને એક કાચના પ્યાલામાં મૂકી તેના ઉપર બાળકને પાઇ શકાય એટલું ખખળતું ઊનું પાણી રેડી ઢાંકી દેવું ટાઢું થયા પછી તે પાણીને કપડાથી નિચોવ્યા કે દાબ્યા સિવાય ગાળી લેવું. એ પાણી દિવસમાં ત્રેવણ વાર આપવું, એટલે બાળકનો આમ પાચન થઇ જશે અને પછી એ સૌરાષ્ટ્રિ આપવામાં આવે તો તાવ જતો રહેશે.

જે બાળક એકથી ત્રણ માસનું હોય અને તેને તાવ આવે તો રાઈ, સરસવ, મીઠું, ગૂગળ, લોબાન–શેરીલોબાન, ઘોડાવજ, વાયવડિંગ, લીમડાનાં પાતરાં એનું ચૂર્ણ કરી બાળક સૂતું હોય ત્યાંથી થોડે છેટે, એ ચૂર્ણનો ધૂપ કરવો. જેથી તે ધૂપની ગંધ બાળકના શ્વાસોચ્છવાસ દ્વારા, બાળકના શરીરમાં પ્રવેશ કરી, તાવને અટકાવે છે અથવા ઉતારે પણ છે. આ ધૂપના ચૂર્ણનું નામ અમે 'માહેશ્વધૂપ' રાખેલું છે. જે બાળકને તાવની સાથે એંચ આવતી હોય, જેને લોકો 'બળક આવી છે' એમ કહે છે, અને જેના કારણમાં કૃમિ પ્રાધાન્ય ભોગવે છે તેવા તાવમાં આગળ બતાવેલી કૃમિકુઠાર રસની ગોળીઓ અદ્ભુત કામ બજાવે છે. આટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે, જ્ય સુધી બાળકને તાવ આવે ત્યાં સુધી તેને નવડાવવું નહિ, શરીર તેલ કે ઘી ચોપડવું નહિ, હવા અને અજવાળાનો લાભ આપવો પણ તેના હાથ કે પગ ઉઘાડા રાખવા નહિ. હાથપગ ઉઘાડ રાખેલા હોય અને બાળકને સતતજ્વર આવતો હોય તેવા અરસામાં, બાળકના હાથ કે પગ ઉપર પવનનો ઝપાટો લાગે તો, તેથ જ્ઞાનતંતુને નુકસાન પહોંચી, તે બાળકના હાથ કે પગ જૂઠા પ જાય છે, જે જીવતાં સુધી મટતા નથી. માટે બાળકના હાથપગ સંભાળથી ઢાંકી રાખવા. આ ફેન્સી જમાનામાં, બાળકને કાળ કાટવાનું ઝભલું પહેરાવવાનો રિવાજ, જંગલી અને અસભ્ય લા છે. પણ ગળીથી રંગેલા કાળા કપડાના ઝભલાથી બાળક કે દુનિયામાં પ્રથમ શિયાળો, ઉનાળો કે ચોમાસું ભોગવે છે, તે વાતાવરણની અસરથી બાળકની ચામડીનો અને તેના શરીરને બચાવ કરવા માટે, કાળાં કાટવાનાં ઝભલાં પહેરાવવાનો રિવા આપણા ઘરડાઓએ પાડેલો હતો. હવે તો તે રિવાજ ગયો અને તેથ જે બાળકનું પેટ હંમેશા ઢાંકેલું રહેતું હતું તે પેટ ઉઘાડું રહે

માંડયું. જેથી બાળકની ડૂંટી દ્વારા પવન નાભિમાં પ્રવેશ કરી, પેટમાં એક જાતની શૂળ ઉત્પન્ન કરે છે. નાભિના સ્થાનમાંથી રસને વહેવાવાળી અને લોહીને વહેવાવાળી શિરાઓ પ્રકટ થયેલી તથા પવનને ધમવાવાળી ધમનીઓ પ્રકટ થયેલી છે. તે શિરાઓ અને ધમનીઓમાં બહારના વાયુનો પ્રવેશ થવાથી, બાળકને નાનાપ્રકારના રોગો ઉત્પન્ન થવાનો સંભવ છે. એટલા માટે બાળકનું રક્ષણ કરનારાઓએ બાળકનું પેટ કોઈ પણ અવસ્થામાં, ભૂલેચૂકે પણ ઉઘાડું ન રહી જાય, તેની સંપૂર્ણ કાળજી રાખવી જોઈએ. કેટલીક માતાઓમાં પોતાના બાળકને રખેને શરદી લાગી જશે એવા ભયથી નાના બાળકને ઊનનાં કપડાં પહેરાવવાનો શોખ થાય છે. તેમાં ખાસ કરીને ઊનનાં મોજાં અને ઊનના ઓચલા (કાનઢાંકણી ટોપી જેવું) પહેરાવવાનો રિવાજ પડી ગયો છે. ઘણી વાર તો એવું જોવામાં આવે છે કે, માથાના ઓચલા બાળકથી ન ઊંચકાય એટલા વજનના મોટા મોટા ફૂમતાવાળા, ઝાલરોવાળા પહેરાવે છે. તે માતાઓનાં મનને જાણે છોકરું એટલે એક લાકડાનું પૂતળું જ હોય, એમ લાગતું હોવું જોઈએ; જો એમ ન લાગતું હોય તો એવો મોટો ઓચલો પહેરાવી 'બાળકનું માથું અને કાન ઢાંકી દઈ તેના ગળામાં કસ બાંધી, બાળકને ગભરાવી નાખનારી ક્રિયા કરતાં પહેલાં તેને વિચાર આવવો જોઈએ કે, આવો ભારી વજનનો ઓચલો પહેરાવવાથી બાળકને કેટલો પરિતાપ થશે! પણ ફેશનની ફિશિયારી આગળ વિચાર અને સામાની લાગણી તપાસી શકાતી નથી. બાળકના શરીર ઉપર ઊનનું કાપડ પછી તે ફલાલિન હો, બનાત હો કે ઊનનું ગૂંથેલું કપડું હો, પરંતુ તેની ગરમીથી પસીનો થાય છે, અને તે ઊનનું કપડું હરરોજ ધોવામાં ન આવવાથી, તેમાં ઝીણાં જંતુ ઉત્પન્ન થઈ બાળકની ચામડીનાં છિદ્રો દ્વારા તેના

લોહીમાં પ્રવેશ કરી, બાળકનાં ફેફસાં અને હૃદયને નબળાં પાડી નાખે છે. જે વખતે બાળકની છાતીને ખુલ્લી રાખી હવાનો સ્પર્શ થવાની જરૂર છે, તે વખતમાં હૃદય ઉપર ગરમ કપડું રહે-વાથી, હવા નીકળી શકતી નથી અને પ્રવેશ પણ કરી શકતી નથી; એટલે ઘણા રોગો ઉત્પન્ન થવાનો સંભવ છે. હૃદય ઉપર ખુલ્લી હવા લાગવાથી હૃદયને પુષ્ટિ મળે છે એવા હેતુથી, પશ્ચિમના વિદ્વાનો 'હાર્ટડિઝીઝ' એટલે હૃદયની શૂળવાળા દરદીને છાતી ઉપર મારવા માટે 'બેલેડોના પ્લાસ્ટર' ની પટ્ટી આપે છે. તે પટ્ટીને પણ પ્રમાણસર જાળી જેવાં કાણાં પાડે છે. તેનો હેતુ છા-તીમાં હવાનો પ્રવેશ કરાવવા સારુ અને છાતીનો પસીનો બહાર કાઢવા સારુ તે કાણાં પાડેલાં છે. તો પછી આપણા લોકો છાતી ઉપર ગરમ કપડું રાખી, શો ફાયદો ઉઠાવતા હશે, તે સમજી શકાતું નથી. કેટલાક મોટા માણસો પણ, ઉનાળાની ઋતુ હોવા છતાં, ગરમ ગંજીફરાક પહેરી રાખે છે, અને એવી બડાઈ મારે છે કે, આ ગરમ ગંજીફરાક પહેરવાથી પસીનો વળે છે પણ તેથી શરીરમાં તેની સીનાશને લીધે ઠંડક રહે છે. પરંતુ અમે ઘણા પુરુષો કે જે ગરમ ગંજીફરાક પહેરનારા છે, તેઓને છાતીના દુખાવાની ફરિયાદ કરતા સાંભળ્યા છે. છાતીમાં દુખાવાની ફરિ-યાદ કરનારાને અમે પ્રથમ એજ પ્રશ્ન પૂછીએ છીએ કે, તમે ગરમ ગંજીફરાક પહેરો છો? તેના જવાબમાં તે જો હા કહે તો ગરમ ગંજીફરાક નહિ વાપરવાની તેને સખત ભલામણ કરીએ છીએ. જેથી કોઈ પણ જાતની ઔષધિ આપ્યા સિવાય, થોડા દિવ-સમાં તેનો દુખાવો મટી જાય છે. પરંતુ જેને ગરમ ગંજીફરાક પહેરવાની ટેવ પડી હોય છે તેને તે પહેર્યા વિના ચાલતું નથી. તો અમે તેને શરીર ઉપર સુતરાઉ ગંજીફરાક પહેરી, તેના ઉપર ગરમ ગંજીફરાક પહેરવાની છૂટ આપીએ છીએ.

આખી દુનિયાનાં બાળકોને 'શીતળા'ના નામથી ઓળ
અને આયુર્વેદે 'મસુરિકા'ના નામથી વર્ણવેલો તથા
દેશમાં શીતળા, સૈયડકાકા, માતા, દેવકાકાવગેરે નામથી પ્ર
પામેલો એક ભયંકર રોગ ચાલુ છે. આપણા લોકો તેને
પ્રકોપ માનીને કોઇ પણ ઉપચાર નહિ કરતાં, તેની બાધાર
રાખે છે. આપણા દેશના મુસલમાન લોકો પૈકી જેઓ
મુસલમાન થયેલા છે, તેઓમાંના કેટલાક બાધા–આખડી
છે, પણ તેઓ પૂજવા જતા નથી. છતાં કોઇ હિંદુને હાથે
ચઢાવી દે છે; અને બાકીના મુસલમાનો બિલકુલ બાધા રા
નથી. તે પ્રમાણે પશ્ચિમના વિદ્વાનો કે ખ્રિસ્તી પ્રજા બાધા રા
નથી; પરંતુ "વેક્સિનેશન" નામે એક રીત શોધી કાઢી છે
શીતળા નીકળેલા ફોલ્લામાંથી ચેપ લઇ બીજા બાળકના શરી
શીતળા નીકળતા પહેલાં દાખલ કરે છે, જેને "શીતળા કઢાવ
એમ કહેવામાં આવે છે. એ ચેપ લગાડયા પછી, તે ઠેકાણે શી
ળાના ફોલ્લા નીકળે છે, અને તેની બાધા–આખડી રાખવા
આવે છે, તેથી શીતળાથી આખું શરીર બગડતું નથી. અને જે
શીતળા કઢાવવામાં ન આવ્યા હોય તેને ભયંકર શીતળા નીક
ઘણાને ખોડખાંપણવાળા બનાવી ઘણાનું મોત નિપજાવે છે. શી
ળામાં, શીતળા, અછબડા, અને ગોબરુ એ ત્રણ
આવે છે, અને એ ત્રણે જાત લોહીગત, માંસગ
અસ્થિગત હોય છે; એટલે લોહી, માંસ, મેદ
તે પહોંચેલી હોય છે. તેનું વર્ણન કરતાં અમારે
એ શીતળા માતાપિ વીર્યરજના દોષથી
લીધે, બાળકને માં એક વાર નીક
પણ બાધાઆખ વાના કે મટવા
શીતળા, અછબ દીમાંથી આવે

સુખડી ગમે તેટલી વધારે અથવા ભયંકર હોય, છતાં તેને બાધા-આખડી રાખવામાં ન આવે તો પણ, તે શીતળા સુકાઇ ગયા પછી, તે બાળકને શીતળા આવી ગયા છે તેની કાંઇ પણ નિશાની દેખાતી નથી; પણ ઊલટું ચામડીનું રૂપ વધે છે. તેવી રીતે જો માંસમાંથી શીતળા આવ્યા હોય તો તે શીતળા મટયા પછી, તે બાળકની ચામડીમાં ખાડા પડવાનાજ. જેને આપણે શીતળાના વ્રણના નામથી ઓળખીએ છીએ. જે શીતળા મેદમાંથી આવેલા હોય તેને માટે માતા-પિતા ગમે તેટલી ખર્ચાળ અને ગમે તેવી મુશ્કેલી ભરેલી બાધા–આખડી રાખે તો પણ, શીતળાદેવી તેની બાધા–આખડીનો કાંઇ પણ સ્વીકાર કર્યા સિવાય, તે બાળકનો પ્રાણ લે છે. અથવા જો કોઇ બાળક બચી ગયું, તો તેને આંખે, કાને અથવા હાથેપગે, જીવતાં સુધી કાયમ રહે એવી, ખોડ રહે છે. જે શીતળા અસ્થિ એટલે હાડકાંમાંથી આવેલા હોય, તે શીતળામાં ગમે તેટલી અધરી બાધા રાખવામાં આવે, તો પણ તે બાળક બચતું નથી. આ સ્થાનો ત્રણે જાતના શીતળાને માટે છે. તેમાં માંસગત શીતળા ખોડ મૂકી જાય છે પણ માંસગત અછબડા અને ગોબરુ તો પ્રાણ લઇને જાય છે. એટલું તો ખરું કે આ શીતળા નામના રોગમાં કોઇ પણ જાતનો ઔષધોપચાર કારગત થતો નથી. તેથી ભોળા લોકોને શીતળાદેવી પર શ્રદ્ધા હોવાથી તેની બાધાઆખડી રાખે છે અને જેમજેમ ઉપદ્રવ વધતો જણાય, તેમ તેમ વધારે બાધા રાખવામાં આવે છે. જ્યારે ઘરમાં શીતળા આવ્યા હોય ત્યારે ઘરમાં શીતળા સિવાય બીજા કોઇ દેવનું પૂજન થતું નથી. ઘરમાં કોઇ પણ મિત્ર કે અતિથિ આવ્યા હોય, તેને આદરમાન આપી શકાતું નથી, ઘરના પુરુષવર્ગથી હજામત કરાવાતી નથી તેમ કપડાં ધોવાતાં નથી કે ધોવા અપાતાં નથી ઘરમાં તે બાળકની માતા સિવાય કોઇ રજસ્વલા થાય તો તેનો પડછાયો શીતળા ઉપર પાડી શકાતો

નથી, અને એકંદરે કહીએ તો શીતળા આવેલા હોય તે ઘરમાં, અનાજ ખાવું અને પાણી પીવા સિવાયનો બધો વ્યવહાર બંધ કરવો પડે છે. છતાં સાધારણ બાધા–આખડી ઉપરાંત ઉપદ્રવની બાધા જુદી રાખવી પડે છે; જેમકે ખાંસી ઊપડે તો ખેળ ચઢાવવાની બાધા માને છે, આંકડી ઉપડે તો રૂપાની આંકડી ચડાવે છે, હાથ-પગ રહી જાય તો સમડીના લાકડાના હાથ–પગ ચઢાવે છે, આંખો ઊઘડતી ન હોય તો, રૂપાની કે કાચની આંખ ચડાવવાની બાધા માને છે. એટલી એટલી માનતા લેવા છતાં પણ, શીતળા દેવી પ્રસન્ન ન થાય તો માથા ઉપર બળતી સગડી, લીમડાની ડાળી અને આખરે નરક ભરેલું ખાસડું મોંમાં ઘાલીને શીતળા દેવીની પૂજા કરવાની બાધા રાખે છે. આ ઉપરથી આપણા દેશમાં પોતાના પુત્રો ઉપર માતાનો વાત્સલ્યપ્રેમ કેટલો છે તેની પરાકાષ્ઠા જણાય છે! પુત્રરત્નને માટે બીજા દેશોમાં પણ વાત્સલ્ય પ્રેમ હોય છે, પરંતુ આર્યાવર્તે તો તેની હદ કરી છે! ખરી રીતે જોતાં શીતળા એક પ્રકારનો 'રોગ' છે અને તેના સામાન્ય ઉપચાર કરવાથી સાધ્ય હોઈ તે સુખરૂપ મટે છે; કષ્ટસાધ્ય દુઃખરૂપ નીવડે છે અને અસાધ્ય હોય તે પ્રાણ લે છે, છતાં આપણે સંભાળ રાખવાની ખાસ જરૂર છે. શીતળા માતપિતાના રજ–વીર્ય સાથે સબંધ ધરાવતા હોવાથી, આસપાસના વાતાવરણની અને ખબર લેવા આવનારા લોકોના વિચારની તેના ઉપર જલદી અસર થાય છે. તેથી જે લોકોનાં મન બળવાન હોતાં નથી તેને આલંબનરૂપે બાધા–આખડી રાખી શીતળાદેવીના ઉપર વિશ્વાસ રાખી તેનું ધ્યાન ધરવાથી મનને સંતોષ રહે છે અને એટલા માટેજ જેને શીતળા આવેલા હોય તેની પાસે બ્રાહ્મણ અથવા ગોર દ્વારા 'શીતળાષ્ટક' નો નિત્ય પાઠ કરાવવામાં આવે છે. આપણા દેશમાં એવો રિવાજ છે કે, શીતળાની મોસમ ચાલતી હોય ને અમ

સામાં બાળકને તાવ આવે તો ઘણાં માણસો તથા વૈદ્યો જાણી શકે છે કે આ તાવ શીતળાનો છે, જેથી તેનો કાંઇજ ઉપચાર કરતા નથી, એ કાર્ય ઘણું વાજબી છે; અને શીતળા આવ્યા પછી લીમડાનાં તોરણ બાંધવાં, દર્દીની આસપાસ લીમડો રાખવો, લીમડાની ડાળીથીજ તેને પવન નાખવો તથા ઘણાં માણસો ભેગાં થઇ વાતાવરણને બગાડી ન નાખે એવા હેતુથી કોઇને આદર-માન નહિ આપવું તથા ઘણી સ્ત્રીઓ એકઠી થઈ, આખા ગામની કૂથલી અને નિંદા કરે છે, તેની ખરાબ અસર શીતળાવાળા બાળકને થાય નહિ તેટલા માટે ' શીતળાને વચકું પડી જશે' એવી માન્યતા ઠરાવેલી છે તે યોગ્ય છે. એ સિવાયની બીજી ગરબડો નકામી છે એમ અમારું માનવું છે. પરંતુ જેના મનમાં શીતળા-નો ભય લાગતો હોય, તેને માટે ગમે તેમ કરવાની છૂટ છે.

જ્યારે ગામ કે મહોલ્લામાં શીતળાનો ઉપદ્રવ શરૂ થાય, ત્યારે દરેક માબાપે પોતાનાં બાળકોને દિવસમાં એક વાર બપોર-ના વખતે સુખડ ઘસીને તેમાં જરા સાકર નાખીને પાવી અને સુખડ ઘસીને તેનું પાણી બનાવીને આખે શરીરે ચોપડવું; જેથી શીતળા આવતા અટકી જશે અને કદાચ આવશે તો તે લોહી અથવા માંસમાંથીજ આવશે એ વાત નક્કી છે. જે બાળકને શીતળા આવે તેને શરૂઆતમાં ગોળ અને ચણા ખવાડવામાં આવે તો શીતળા જલદી બહાર નીકળી જઇ દાણા ઘણા સારા ભરાય છે, એટલુંજ નહિ પણ તેમાં ઉપદ્રવ ઓછા થાય છે. જ્યારે નવ દિવસે નીર ભરાઇ રહે એટલે દાણા ખીલી રહે ત્યારે નવમા દિવસની પાછલી રાત્રે તેને રક્ષા ચઢાવવામાં આવે છે. તે દિવસથી અડાયા-ની રાખોડી બનાવી તેને જાડે કપડે ચાળી તે આખે શરીર ઘસવી. ઘણા લોકો શીતળાની ચામડી ખેંચાતી હોવાના ભયથી તેને ઘી લગાડી ઉપર રાખોડી દાબે છે, તેથી ચામડી નરમ બની વેદના ઓછી

થાય છે ખરી, પણ ઘી અને રાખોડીનો યોગ થવાથી ચામ રંગ કાળો પડી જાય છે, તે જીવતાં સુધી બદલાતો નથી. માં સાથે રાખોડી લગાડવી નહિ. પણ જો જરૂર જણાય તો રાખો ચાળ્યા પછી પાણીમાં પલાળી રાખી, બે દિવસ વાસી પછી તે રાખોડી ચોપડવાથી રસી ઝરતાં ખાડા પડી ગયેલા પાક પર ચડેલા તથા ખેંચાતી ચામડીવાળા શીતળાને ઘણો ફાય થાય છે. જેમ જેમ વધારે દિવસ અને વધારે વખત અડાયા રાખોડી ચોળવામાં આવે તેમ તેમ ચામડીનો રંગ ગૌરવર્ણો ચહેરો તેજસ્વી થાય છે. જ્યારે શીતળાના દાળ–છોડાં ઊખડી જા ત્યારે આપણાં લોકો શીતળા દેવીના સ્થાનક ઉપર બાળકને તે જઈ તેની બાધા ચઢાવે છે. પરંતુ તેની ખરી બાધા અં પૂજા જેના શરીરમાં શીતળા આવેલા છે, જેને આપણે દે તરીકે માનીએ છીએ, તો તે બાધા અને પૂજા, તે શતળા આવેલા બાળકનેજ ચડાવવી જોઈએ. જે બાળકને હાથેપગે ખોડ આવવા જેવો સંભવ હોય, તે બાળકને માટે સમડીના લાકડાના હાથ–પગ શીતળાને ચડાવ્યા કરતાં, તેના લાકડાંને ઘસીને તેના હાથેપગે ચોપડવાથી, હાથ–પગ સારા થાય છે અને ગાંઠો પીગળી જાય છે. તેવીજ રીતે રૂદિયાં–રૂદિયાં એટલે ઘઉંના લોટનાં ઘીમાં તળેલાં નાનાં બિસ્કિટ જેવાં ગોળ ચકતાં ચડાવે છે, તે એમ સૂચવે છે કે એ ખોરાક શીતળાવાળા બાળકને ખવડાવવાથી તેને નડતો નથી અને શક્તિ આપે છે; તથા ખાસ કરીને ચોલાફળીની ભ જી. લીંબડાનાં પાતરાં, ટાઢકિયાં એટલે ધાણા, વરિયાળી, એલ ચી, સાકર અને લીંબોળીનાં પડીકાં, ચડાવવામાં આવે છે. તેનો હેતુ એવો છે કે, શીતળાની ગરમી બહુ વધી ગઈ હોય અને ઝાડ કને ઝાડા પાતળા થતા હોય, મોં આવી ગયું હોય, આંખ પર ઝાંખ લાગતી હોય તો એક પાતરું લીંબડાનું, સાત પાતરાં દે. ક -

ઈની ભાજીનાં, એક વાલ વરિયાળી, બે વાલ ધાણા, બે દાણા એલચીના અને એક લીંબોળી, એને વાટીને તેનું પાણી બનાવી કપડે ગાળી લઇ, તેમાં થોડી સાકર મેળવી દિવસમાં બે વખત પાવાથી, ગરમી શાંત થઇ જાય છે. આ પ્રયોગ શીતળા આવ્યા પછી જેટલે દિવસે શીતળા પૂજાય, તે પૂજાયા પછી તેટલા દિવસ પાવાથી, તમામ ગરમી નીકળી જઇ, શરીર તંદુરસ્ત બને છે. શીતળાની શરૂઆતથી શીતળા ગળામાં અને મોઢામાં ભરાઈ ગયા હોય તેવા વખતમાં, તે બાળકને થોડું દૂધ અને ઘી ગરમ કરીને પાયા કરવું, ને તેથી પણ વધારે ભયંકર રૂપ પકડયું હોય તો એકલું ઘી તેના મોંમાં, રૂના પૂમડા વડે મૂકયા કરવું. જો ખાંસીહાંફ જોર મારતાં હોય તો જેઠીમધનું છોડું પાણીમાં ઘસી, દિવસમાં બેત્રણ વાર પાવાથી ખાંસી વગેરે મટી જાય છે. આ જમાનાની નવી શોધ પ્રમાણે પશ્ચિમના વિદ્વાનો 'ક્રોમોપથી' ના કાયદા પ્રમાણે શીતળાની આસપાસ રાતા પડદા બાંધવાનું ફરમાવે છે. પરંતુ તે આપણા દેશને બંધબેસતું નથી, ભલે તે દેશમાં ફાયદો કરતું હોય. આપણા દેશમાં તો શીતળાની આસપાસ બારીબારણે લીલા પડદા બાંધવા, દર્દીની ઉમ્મર મોટી હોય તો તેને લીલાં કપડાં પહેરવાઓઢવા આપવાથી વધારે ફાયદો થાય છે. અને એટલા માટેજ અમારા પૂર્વજોએ ઠંડકને આપનારો, પિત્તની શાંતિ કરનારો, શીતળાની મોસમમાં નવપલ્લવ થનારો, કોઈ પણ ઉપદ્રવ નહિ કરતાં મનને ગમનારો, લીંબડો પસંદ કરી તેને પ્રાધાન્ય આપ્યું છે.

સરકાર તરફથી પણ શીતળાના રોગ માટે એક જુદું ખાતું ખોલી ડોકટરી ઉપચારો કરાય છે અને તેથી કેટલોક ફાયદો પણ થયો છે. પરંતુ તેનાથી એક ઉપાધિ વધી પડી કે જે બાળકને શીતળા આવ્યા હોય તે બાળકનો ચેપ લઇ બીજા બાળકમાં મૂકવામાં આવે, તેથી સાધારણ રીતે કોઈ પણ જાતનું નુકસાન દેખાતું નથી.

છોકરાનો ચેપ લીધો હોય, તે છોકરાના વંશમાં, કાયિક એટલે પેઢીધર ઊતરતા રોગો, જેના શરીરમાં ચેપ મૂકયો હોય તે બાળકના શરીરમાં પ્રવેશ કરી, તેના વંશમાં દાખલ થઈ જાય છે. દાખલા તરીકે એક પિતાને પ્રમેહ અથવા ટાંકીનો રોગ થયો હોય અને તે રોગ સારો થઇ ગયા પછી, તેના વીર્યથી બાળક ઉત્પન્ન થાય, તો તે બાળકને પિતાના પ્રમેહને લીધે, પેશાબની સાથે ધાતુ પડવાનો અથવા જે જગ્યાએ પેશાબ કરેલો હોય તે જગ્યાએ સફેદ ડાઘો પડવાનો, અથવા તેના પેશાબમાં પથરી બંધાવાનો, કે પેશાબમાં રેતી પડવાનો રોગ થવાનોજ. અને જો ટાંકી (ફિરંગ રોગ) થઇ ગયા પછી તે સારી થઇ ગઇ હોય અને તે પછી બાળક ઉત્પન્ન થાય, તો તેને બહ અથવા રાંઘણવાયુ (પાંગળાપણું) કંપવાયુ કે અર્ધાંગવાયુ થવાનો. એવા બાળકના પિતાની તપાસ કરતાં તેને પ્રમેહ કે ટાંકીનો રોગ થયો નથી એમ સાબિત થાય તો પછી તેની માતાએ બીજાના વીર્યથી એ બાળક ઉત્પન્ન કરેલું છે એમ કહી શકાય. પરંતુ તેની તપાસમાં પણ તે સ્ત્રી પતિવ્રતા નીવડે, તો તે રોગ કયાથી આવ્યો, એની તપાસ કરવાની સ્વાભાવિક રીતે ફરજ પડે. તે તપાસને અંતે સાબિત થયું કે, જે બાળકનો ચેપ લઈ આ બાળકને શીતળા કઢાવેલા, તે બાળકનાં માતાપિતાને આ રોગ થયેલો અને તેના ચેપ દ્વારા આ છોકરાના શરીરમાં આવિર્ભાવ થયેલો. એ બાબતને માટે અમો ભૂલતા ન હોઇએ તો, ઘણાં વર્ષ ઉપર એક ઇંગ્લંડના છાપામાં છપાયલી બાબત, ગુજરાતના છાપામાં છપાયલી અમારા વાંચવામાં આવેલી. તેમાં જણાવેલું છે, ઇંગ્લંડમાં એક લિબરલ સ્ત્રી પોતાના બાળકને શીતળા કઢાવવા ગઈ તેના બાળકના શરીરમાં એક કૉન્ઝરવેટિવ બાળકનો ચેપ મૂકવાનો ડૉક્ટરે વિચાર કર્યો. તે વખતે તે માતાએ વાંધો ઉઠાવ્યો કે મારા છોકરાના શરીરમાં હું કૉન્ઝરવેટિવનું [illegible]

દાખલ કરવા દઈશ નહિ. તે ઉપરથી અમારા અનુમાનને વધારે પુષ્ટિ મળી કે, અમારા દેશમાં દિન પર દિન ઉચ્ચવર્ણમાં ગણાતી કોમમાં આહાર, વિહાર અને સ્વભાવ, અનાયાસે નીચવર્ણના જેવા થતા જાય છે અને પ્રજાનું આત્મબળ તથા ધર્મબળ અને શ્રદ્ધાબળ ઘટતું જાય છે, તેનું ખરું કારણ આ શીતળાનો ચેપ છે. કારણ કે કોઈ પણ બાળકને ઊંચવર્ણના બાળકનો ચેપ લઈ બીજા બાળકને મૂકવા દેવાને ઊંચવર્ણના લોકો રાજી હોતા નથી. તેથી વેકિસનેટરો નીચવર્ણના બાળકની માતાને અમુક પૈસા આપી અથવા કાંઈ પણ નહિ આપતાં તેઓના બાળક પૈકી જે બાળક સશક્ત અને ઉપરથી નીરોગી જણાતું હોય તેનો ચેપ લઈ, ઊંચવર્ણના બાળકમાં મૂકતા હતા; તેનું પરિણામ એવું આવતું હતું કે, તે સશક્ત જણાતા બાળકના શરીરમાં પેઢીધર ઊતરતા એટલે હરસ કુષ્ઠ, ક્ષય, દમ, ગુલ્મ, પ્રમેહ, ટાંકી વગેરે રોગો દાખલ થઈ જતા અને જો તેવા રોગવાળું બાળક ન હોય તો પણ તેના શરીરમાં વંશપરંપરાથી ઊતરી આવેલાં દુર્વ્યસનો, અભક્ષ્યાભક્ષ્ય કરવાની ટેવ અને અધર્મની વૃત્તિ, એ તો જરૂર દાખલ થતાંજ, જેનો પ્રત્યક્ષ પુરાવો વર્તમાનકાળની પ્રજાનું વર્તન છે! પરંતુ જ્યારે સરકારના મનમાં આ વાત બરાબર ઊતરી કે તુરત, શીતળા આવેલા બાળકનો ચેપ લઈ બીજા બાળકના શરીરમાં મૂકવાનો રિવાજ બંધ કરવામાં આવ્યો; અને ખર્ચનો મોટો બોજો ઉઠાવીને પણ, દર વર્ષે લાખો બાળકોને માટે, ગૌશીતળાનો ચેપ કાચની ટ્યૂબમાં ભરીને વેકિસનેટરોને જોઈતા પ્રમાણમાં પૂરો પાડવાનું ભગીરથ કાર્ય પોતાને માથે લઈ, બાળકોમાં થતું રોગનું સંકરત્વ તથા વર્ણનું સંકરત્વ અટકાવ્યું.

આયુર્વેદે મસુરિકા નામથી લખેલા અને પ્રજાએ શીતળાના નામથી ઓળખેલા આ ભયંકર રોગનો વિષય પૂરો કરતાં, અમે

છોકરાનો ચેપ લીધો હોય, તે છોકરાના વંશમાં, કાયિક એટલે પે
ઢીધર ઊતરતા રોગો, જેના શરીરમાં ચેપ મૂકયો હોય તે બાળક
ના શરીરમાં પ્રવેશ કરી, તેનાવંશમાં દાખલ થઈ જાય છે. દાખલા
તરીકે એક પિતાને પ્રમેહ અથવા ટાંકીનો રોગ થયો હોય અને
તે રોગ સારો થઇ ગયા પછી, તેના વીર્યથી બાળક ઉત્પન્ન થાય,
તો તે બાળકને પિતાના પ્રમેહને લીધે, પેશાબની સાથે ધાતુ પડ-
વાનો અથવા જે જગ્યાએ પેશાબ કરેલો હોય તે જગ્યાએ સફેદ
ડાઘો પડવાનો, અથવા તેના પેશાબમાં પથરી બંધાવાનો, કે
પેશાબમાં રેતી પડવાનો રોગ થવાનોજ. અને જો ટાંકી (ફિરંગ
રોગ) થઇ ગયા પછી તે સારી થઇ ગઇ હોય અને તે પછી બાળક
ઉત્પન્ન થાય, તો તેને બદ્દ અથવા સંઘણવાયુ (પાંગળાપણું) કંપ-
વાયુ કે અર્ધાંગવાયુ થવાનો. એવા બાળકના પિતાની તપાસ કરતાં
તેને પ્રમેહ કે ટાંકીનો રોગ થયો નથી એમ સાબિત થાય તો પછી
તેની માતાએ બીજાના વીર્યથી એ બાળક ઉત્પન્ન કરેલું છે એમ
કહી શકાય. પરંતુ તેની તપાસમાં પણ તે સ્ત્રી પતિવ્રતા નીવડે,
તો તે રોગ કયાથી આવ્યો, એની તપાસ કરવાની સ્વાભાવિક
રીતે ફરજ પડે. તે તપાસને અંતે સાબિત થયું કે, જે બાળકનો
ચેપ લઈ આ બાળકને શીતળા કઢાવેલા, તે બાળકનાં માતાપિ-
તાને આ રોગ થયેલો અને તેના ચેપ દ્વારા આ છોકરાના શરી-
રમાં આવિર્ભાવ થયેલો. એ બાબતને માટે અમે ભૂલતા ન
હોઇએ તો, ઘણાં વર્ષ ઉપર એક ઇંગ્લેંડના છાપામાં છપાયલી
બાબત, ગુજરાતના છાપામાં છપાયલી અમારા વાંચવામાં આવેલી.
તેમાં જણાવેલું કે, ઈંગ્લેંડમાં એક શિતરવ સ્ત્રી પોતાના બાળકને
શીતળા કઢાવવા ગઈ. તેના બાળકના શરીરમાં એ કૉન્ઝરવેટિવ
બાળકનો ચેપ મૂકવાનો ડૉકટરે વિચાર કર્યો. તે વખતે તે માતાએ
વાંધો ઉઠાવ્યો કે મારા છોકરાના શરીરમાં હું કૉન્ઝરવેટિવનું લો.હી

દાખલ કરવા દઈશ નહિ. તે ઉપરથી અમારા અનુમાનને વધારે પુષ્ટિ મળી કે, અમારા દેશમાં દિન પર દિન ઉચ્ચવર્ણમાં ગણાતી કોમમાં આહાર, વિહાર અને સ્વભાવ, અનાયાસે નીચવર્ણના જેવા થતા જાય છે અને પ્રજાનું આત્મબળ તથા ધર્મબળ અને શ્રદ્ધાબળ ઘટતું જાય છે, તેનું ખરું કારણ આ શીતળાનો ચેપ છે. કારણ કે કોઈ પણ બાળકને ઊંચવર્ણના બાળકનો ચેપ લઈ બીજા બાળકને મૂકવા દેવાને ઊંચવર્ણના લોકો રાજી હોતા નથી. તેથી વેક્સિનેટરો નીચવર્ણના બાળકની માતાને અમુક પૈસા આપી અથવા કાંઈ પણ નહિ આપતાં તેઓના બાળક પૈકી જે બાળક સશક્ત અને ઉપરથી નીરોગી જણાતું હોય તેનો ચેપ લઈ, ઊંચવર્ણના બાળકમાં મૂકતા હતા; તેનું પરિણામ એવું આવતુ હતું કે, તે સશક્ત જણાતા બાળકના શરીરમાં પેઢીધર ઊતરતા એટલે હરસ કુષ્ટ, ક્ષય, દમ, ગુલ્મ, પ્રમેહ, ટાંકી વગેરે રોગો દાખલ થઈ જતા અને જો તેવા રોગવાળું બાળક ન હોય તો પણ તેના શરીરમાં વંશપરંપરાથી ઊતરી આવેલાં દુર્વ્યસનો, અભક્ષ્યાભક્ષ્ય કરવાની ટેવ અને અધર્મની વૃત્તિ, એ તો જરૂર દાખલ થતાંજ, જેનો પ્રત્યક્ષ પુરાવો વર્તમાનકાળની પ્રજાનું વર્તન છે! પરંતુ જ્યારે સરકારના મનમાં આ વાત બરાબર ઊતરી કે તુરત, શીતળા આવેલા બાળકનો ચેપ લઇ બીજા બાળકના શરીરમાં મૂકવાનો રિવાજ બંધ કરવામાં આવ્યો; અને ખર્ચનો મોટો બોજો ઉઠાવીને પણ, દર વર્ષે લાખો બાળકોને માટે, ગૌશીતળાનો ચેપ કાચની ટયૂબમાં ભરીને વેક્સિનેટરોને જોઈતા પ્રમાણમાં પૂરો પાડવાનું ભગીરથ કાર્ય પોતાને માથે લઇ, બાળકોમાં થતું રોગનું સંકરત્વ તથા વર્ણનું સંકરત્વ અટકાવ્યું.

આયુર્વેદે મસુરિકા નામથી લખેલા અને પ્રજાએ શીતળાના નામથી ઓળખેલા આ ભયંકર રોગનો વિષય પૂરો કરતાં, અમે

ભલામણ કરીએ છીએ કે, જેમ બને તેમ શીતળાને માટેના વહેમો ઓછા કરી, શીતળાને*માટે પૂજનવિધિ માટે ઠરાવેલાં દ્રવ્યો ભલે શીતળાને ચડાવી આવો, પણ ખરી રીતે શીતળાથી પીડાતા અને શીતળાની ગરમી જે બાળકના શરીરમાં અવશેષ રહી ગયેલી હોય તે બાળકને, તે પૂજાપામાં આવતાં વસાણાં તથા વસ્તુઓ પાવાથી ઘણોજ ફાયદો થશે; અને તેથી વધારે ફાયદો મેળવવો હોય તો સરકારે એક વાર શીતળા કઢાવ્યા પછી પાંચ વર્ષે, દશ વર્ષે કે પંદર વર્ષે ફરીથી શીતળા કાઢવાનું કામ આરંભ્યું છે તેનો લાભ લઇ, પોતાના બાળકને ફરીથી શીતળા કઢાવવા તત્પર રહેવું, એવી અમારી ખાસ વિજ્ઞાપના છે. કારણ કે શીતળા કઢાવવાથી માતપિતાના રજવીર્યથી ઉત્પન્ન થયેલી ગરમી નાશ પામે છે. એટલુંજ નહિ પણ ફરીથી શીતળા કઢાવવામાં આવે, તો અમારા વિચાર પ્રમાણે, બાળકના શરીર ઉપર ચામડીનાં થતાં તમામ દર્દોનો નાશ થાય છે એટલા માટે ફરીથી સૂચના કરીએ

*આ રોગ ચેપી છે તેથી ઘરનાં માણસોએ દર્દીથી અળગા રહેવું, એટલે કે જરૂર સિવાય વધારે માણસોએ દર્દીના સંબંધમાં આવવું નહિ. શીતળા, ઓરી, અછબડા અને મોટા બળિયા વગેરે દર્દોને પડદામાં રાખવામાં આવે છે, તેમ બીજા માણસોનો છાંયો બંધ કરવામાં આવે છે, તે રિવાજ ઘણોજ ઉત્તમ છે. આ પ્રમાણે આ રોગ ચેપી હોવાથી દર્દીની સૂવાની જગા સ્વચ્છ રાખવી, સ્વચ્છ પવન આવવા દેવો. અગરબત્તી, સુગંધી ધૂપો સળગાવવાં. શીતળા ઓરી, અછબડા અને બળિયા એ માતાના દર્દો છે એમ લોકોનું માનવું છે, અને માતાજી મહારાણી એમ કહે છે. પણ નીચેના ઉપાયો માતાજીની આજ્ઞા સમજીને કરવા આવશ્યક છે.

અનુભવી ઉપાયો:—શીતળાના સાધારણ દુખવામાં બહુ ચિંતા રાખવાનું કારણ નથી અને કોઇ પણ ઉપાય વગર મટી જાય છે; પણ સખ્ત દુખવાથી બાળકો અને મોટી ઉંમરનાં

છીએ કે, વીશ વર્ષની નીચેનાં અને જરૂર હોય તો એથી મોટી ઉમ્મરનાં માણસોએ પણ ગોશીતળા ખુશીથી કઢાવવા. એટલું કહીને અમે આ શીતળાનો વિષય પૂરો કરીએ છીએ, જેમાં કોઇ-પણ જાતની ખામી રહી ગઇ હોય, તો શરીરવિદ્યાના જાણનાર તથા પ્રકૃતિશાસ્ત્રના જાણનાર અને સાયન્સના જાણનારા વિદ્વાન ગૃહસ્થોએ સુધારો કરી, પ્રજા ઉપર ઉપકાર કરવો.

ઘણાંખરાં નાનાં બાળકોને ગુદાને સ્થાને અને બાળકીઓને ગુદા તથા પેશાબને સ્થાને ગરમી જણાઇ તે જગ્યા રાતા રંગની અને જરા જરા પાકતી, દુખતી અને અગન બળતી જણાય છે. તેને લોકભાષામાં "આગરુ" થયું છે એમ કહેવામાં આવે છે. તેના મુખ્ય કારણમાં માતાના લોહીનો બગાડ તથા ધોવાની ખામી છે. એવું દર્દ દેખાય ત્યારે સોનાગેરુ, કલઈસફેતો, સફેત કાથો અને શંખજીરું સરખે ભાગે લઈ, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, જો રસી

માણસો બન્નાંય બચી શકતાં નથી. સખ્ત હુમલામાં આખું શરીર બળિયાથી ઊભરાઇ ગંધાઇ ઊઠે છે, અને તે વખતે દર્દીને આરામ મળે, ચેપ ઓછો થાય અને જખમ ઊંડા ન જાય તેવા ઉપાયો કરવા. (૧) ઝાડો કબજ રહેતો હોય તો હરડેનું ચૂર્ણ દરરોજ ઉંમરના પ્રમાણમાં આપવું. અગર એરંડિયું (દિવેલ) આપવું. (૨) વાદળી લિન્ટનું કપડું અગર ૨ પાણીમાં બોળીને વારંવાર બળિયાના પોપડા ઉપર રાખવું. (૩) આંખો મીંચાઇ ગઇ હોય તો ત્રિફળાં (હરડાં, બહેડાં અને આંબળાં) ના અથવા મહુડાંના અથવા સાદા ગરમ પાણીથી આંખો ધોવી તથા શેક કરવો. (૪) ગળામાં સોજો આવ્યો હોય તો અંદરના વ્રણ સારા કરવા માટે મહુડાં તથા આંબળાં સરખા વજને પાણીમાં ઉકાળીને તે ગરમ પાણીના કોગળા કરાવવા; અગર તે પાણીમાં મધ નાખીને પાવું. (૫) આંખોમાં વ્રણને લીધે બળતરા તથા ચળ આવતી હોય તો દરરોજ દિવેલનું ટીપું નાખવું. (૬) શરીર પર ભીંગડાં સખત હોય અને વાસ મારતી હોય તો આખા શરીર પર હસેકા પાણીનો વાદળીથી

ઝરતી હોય તો તેના પર કોરું દાબવું અને રસી ઝરતી ન હોય, તો ધોયેલા ઘીમાં મેળવી ચોપડવું. ઘી ઓછામાં ઓછું ૨૧ વાર ધોયેલું હોવું જોઇએ. જેમ જેમ ઘીને વધારે પાણીથી ધોવામાં આવે, તેમ તેમ તેમાં રુઝાવવાની શક્તિ વધારે આવે છે. બીજો એક મલમ બનાવી લગાડવાથી પણ જલદી આરામ થાય છે. તેનું નામ અમે **"ધોળો મલમ" "પાણીનો મલમ"** રાખ્યું છે. તલનું તેલ તોલા સોળ લઇ તપેલીમાં મૂકી, સગડી ઉપર કોલસાના તાપમાં મૂકવું. તેમાંથી ધુમાડા નીકળવા માંડે, એટલે તેમાં રાળ તોલા ચારનું ચૂર્ણ કરી, તેલમાં નાખી નીચે ઉતારવું એટલે રાળ તેલમાં પીગળી જશે. તેને કપડાથી ગાળી લઇ એક થાળીમાં નાખી

કે સુંવાળા કપડાથી શેક કર્યા પછી તેના ઉપર ગાયનું ઘી, દિવેલ, સીંગોળીનું તેલ અથવા વેસેલાઇન લગાડવું. (૭) દાણા બહાર નીકળી અંદર સમાતા જણાય તો કાંચનારના ઝાડની છાલનો કવાથ કરી તેમાં થોડું મધ નાખી પાવાથી દાણા બહાર પાછા આવે છે. (૮) આમાં તાવનું જોર વધારે રહે છે, માટે લીમડાની અંતરછાલ, ખડસલિયો, પટોળ, વાળો, કાલીપાટ, સુખડ, રતાંજળી, કડુ, આંમળાં અને અરડૂસીનો કવાથ સરખા વજને ઉંમરના પ્રમાણમાં કરી તેમાં સાકર નાખી પાવો. (૯) ગુલકંદ, ગુલાબપાક અથવા લીંબડાની અંતરછાલનું હિમ સાકર નાખીને આપવાથી શીતળા તથા ઓરી શાંત પડે છે. (૧૦) દાણા ફૂટીને તેમાંથી રસી વહે છે ત્યારે દુર્ગંધ છૂટે છે. તે વખતે પ્રથમ બનાવેલા પાણીથી ધોઇ નાખી જસત (ક્માંજ્ગ) અથવા શંખજીરાનો ભૂકો દબાવવો. (૧૧) કેટલીક વખતે ગરમીને લીધે ઝાડા બંધ થાય છે; માટે પાણા, અતિવિષની કળી, વરિયાળી અને ખસખસનું સાકરમાં શરબત કરી પાવું. (૧૨) શક્તિ જણાય તો કાલાનવ ઉંમરના પ્રમાણમાં આપવો.

લેખકઃ—વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર—"વૈદ્ય સંજીવન વિભાગ ૧ લો મ.થી")

ઠંડું પડવા દેવું. તે ઠંડું પડયા પછી તેમાં થોડું થોડું મીઠું પ
ઉમેરતા જવું અને ફીણતા જવું. જેમ જેમ ફીણતા જઇએ, તે
તેમ તે રાળ અને તેલ ફૂલતું જશે અને માખણ જેવો રંગ ત
આકાર પકડતું જશે. જ્યારે ભેંસના માખણ જેટલી કઠણાશ તથ
સફેદી આવે, ત્યારે એ મલમ તૈયાર થયો એમ જાણવું. એ
મલમ તૈયાર થયા પછી. તેને એક કાચના પાત્રમાં રાખી, તેન
ઉપર પાણી રેડી મૂકવું. જ્યાં સુધી તે પાણીમાં ડૂબેલો રહેશે ત્યાં
સુધી તે બગડશે નહિ. થોડે થોડે દિવસે તે પાણી બદલતાં જવું.
જો પાણી બદલશો નહિ તો તે પાણી કાળું પડી જશે અને મલમમાં
ઉપર પોપડો વળશે. પણ જો પાણી બિલકુલ નાખવામાં નહિ આવે,
તો વાતાવરણની ગરમીથી જેમ જેમ પાણી સુકાતું જશે, તેમ
તેમ મલમ ચીકણો થતો જશે. એટલે ચોપડવાના કામમાં આવશે
નહિ પણ ફેંકી દેવો પડશે. માટે એ મલમને પાણીમાંજ રાખી
મૂકવો. એ મલમ ચોપડવાથી આગરું, ચાંદાં, સડતા ફોલ્લા અને
દાઝેલા ઉપર ઘણોજ ફાયદો થાય છે, એવો અમારો અનુભવ છે.

મોટા માણસની માફક નાનાં બાળકો બોલીને પોતાને થતાં
દુઃખની હકીકત કહી શકતાં નથી; તેથી ઘણી વખતે માતપિતા
તથા વૈદ્યો તેની ચિકિત્સામાં ભૂલ કરે છે. તેટલા માટે નીચે પ્રમા-
ણેની સંજ્ઞાઓ ધ્યાનમાં રાખી હોય તો, રોગને પારખવામાં ઘણી
સહાયભૂત થઇ શકે છે. બાળકના રડવા ઉપર તેને ઓછી કેવધતી
પીડા થાય છે તે સમજાય છે. તે બાળક વારંવાર જે ઠેકાણે હાથ
અડકાડે છે અને જે ઠેકાણે આપણો હાથ અડકાડતાં વધારે રડે છે
અથવા સમજાણું હોય તો આપણો હાથ ખસેડી નાખે છે, તે ઠે
કાણે કોઇ પણ જાતનું દુઃખ છે એમ સમજવું. જો બાળક આંખ
ભીંચીને રડતું હોય તો, તેનું માથું દુખે છે એમ જાણવું. ઝાડાનું
બંધ થવું, ઓકારીનું આવવું, માતાના સ્તનને કરડવું, પેટમાં ગડ-

ગડાટ થયો, પેટ ચડવું અને પેટ ઊછળવું, એ લક્ષણથી બાળકના કોઠામાં પીડા છે એમ જાણવું. મળમૂત્રમાં ગંધ આવવી, ચારે તરફ આંખ ફાડીને જોવું એ લક્ષણ હોય તો, તેની ગુદામાં અથવા પેશાબમાં કોઈ પ્રકારની પીડા છે એમ જાણવું. વૈદ્યોએ બાળકનું નાક, મોઢું, કાન, હાથ, પગ અને બીજા અવયવો તથા સાંધાઓને વારંવાર તપાસતા રહેવું, જેથી નહિ બોલી શકતા બાળકનો ગુપ્ત રોગ ધ્યાનમાં આવી જશે; અને તે પ્રમાણે ચિકિત્સા કરવાથી બાળકને જલદી આરામ થશે.

એક "કુકૂણક"નામનો રોગ દૂધના દોષથી બાળકનેજ થાય છે. તેનું લક્ષણ એવું છે કે, બાળકની આંખમાં ચળ આવે છે, આંખ ગળે છે અને તે બાળક કપાળ, આંખ અને નાકને ચોળે છે, તથા તે તડકા સામું જોઈ શકતું નથી અને આંખ ઉઘાડતું નથી. એવો રોગ થયો હોય તો હરડાં, બેડાં, આમળાં, લોધર, સાટોડી, આદુ, રીંગણીમૂળ અને દોડકીનું મૂળ, એને વાટીને એક ગોળો બનાવી મૂકવો. પછી તે ગોળાને ઘસીને જરા ઊનો કરીને બાળકથી ખમાય તેવો કપાળે ચોપડવો જેથી એ રોગ મટે છે.

બાળકને લોહીવાળા ઝાડા થતા હોય તો મોચરસ, લજામણુ, ધાવડીનાં ફૂલ અને કમળનું કેશર એના ચૂર્ણને પાણીમાં ઉકાળી પાવાથી રક્તાતિસાર બંધ થાય છે. જો બાળકને પ્રવાહિકા (મરડો) થયો હોય તો લોધર, ઇંદ્રજવ, ધાણા, આમળાં, વાળો અને મોથ; એનું ચૂર્ણ કરી મધમાં ચટાડવાથી તાવ અને પ્રવાહિકાનો નાશ થાય છે. ઘણી વાર બાળકને બદ્ધકોષ્ઠ થાય છે, તેમાં બાળક પુષ્કળ ખાય છે અને ભૂખ્યું ને ભૂખ્યું જણાય છે. તેવા રોગમાં 'લઘુવસંત માલતિ' ઘણો ફાયદો કરે છે. જો બાળકને હિક્કા (હેડકી) થઈ હોય તો. એક ચોખાભાર માદ્દેફરસ લઈ, તેને [illegible] [illegible]ના પાણીમાં મેળવી પાવાથી, હેડકી બંધ થઈ જાય છે. જો

બાળકને પેશાબ ઘણી વારે થતો હોય, **પેશાબ કરતાં રડતો હોય** તો ગળોનું સત્ત્વ અર્ધા વાલ સુધી દિવસમાં ત્રણ વખત મધ સાથે ચટાડવું અથવા દૂધમાં કે પાણીમાં મેળવીને પાવું. જો બાળકને **મૂત્ર ટપકયા કરતું** હોય તો એલચી નંગ એક છોડાં સાથે પાણી મૂકી ઝીણી વાટી દિવસમાં ત્રણ વખત પાવી, જેથી પેશાબ ટપકતો બંધ થઇ જાય છે. જો બાળકની **નસકોરી ફૂટતી** હોય એટલે નાકથી લોહી પડતું હોય, તો દાડમના ફૂલનો રસ નાકમાં મૂકવો. જો બાળકના **કાનમાં ચસકા મારતા** હોય તો એકબે ટીપાં સરસિયા તેલનાં મૂકવાથી ચસકા મટે છે. પણ જો **પરુ વહેતું** હોય તો કાગળની ભૂંગળી બનાવી સમુદ્રફીણનું ચૂર્ણ અથવા ફુલાવેલી ફટકડીનું ચૂર્ણ, અથવા અબિલ ફૂંકવાથી કાન પાકતો મટી જાય છે. અથવા આવળનાં ફૂલને છાયે સૂકવી તેનું બારીક ચૂર્ણ કરી, સળી ઉપર રૂ લપેટી તેનાથી પરુ લૂછી કાઢી તેમાં તે ફૂલનો ભૂકો ફૂંકવાથી આરામ થાય છે. જો કાનમાં **નાસુર પડી ગયું** હોય અને પરુ વહ્યા કરતું હોય, તો વડનાં પાકાં પાન, કરંજનાં પાન, ગૂંદીનાં પાન અને કાળિયાં સરસનાં પાન ભેગાં વાટીને તેની વડી બનાવી તેલમાં તળી કાઢી, તે તેલને ગાળી શીશીમાં ભરી મૂકવું. એ તેલ કાનમાં મૂકવાથી, કાન રુઝાઇ જાય છે. જો બાળકને **અછબડા** થયા હોય એટલે હાથના કાંડાંથી હથેલીનો પાછલો ભાગ, પગના કાંડાંથી પગની પાટલી સુધી મગના દાણા જેવડા, રાતી લોંચવાળા સંખ્યાબંધ ફોલ્લા થાય છે અને બે મટે છે, ચાર સુકાય છે અને આઠ નવા નીકળે છે. એવું જો થયું હોય તો, તેનો ઉપાય રવિવાર, મંગળવાર કે ગુરુવારને દિવસે એક ડાળી પીપળાની, કે જેના ઉપર સાત પાંદડા હોય તે મંગાવી, તેના દરેક પાંદડા ઉપર નીચેનો શ્લોક લખવોઃ—

समुद्रस्य परे पारे लंकानाम महापुरीम् ।
वायुनापुत्र गच्छांते यत्र राजा बिभीषणः ॥

કોઠામાં પીડા છે એમ જાણવું. મળમૂત્રમાં ગંધ આવવી, ચારે તરફ આંખ ફાડીને જોવું એ લક્ષણ હોય તો, તેની ગુદામાં અથવા પેશાબમાં કોઇ પ્રકારની પીડા છે એમ જાણવું. વૈદ્યોએ બાળકનું નાક, મોઢું, કાન, હાથ, પગ અને બીજા અવયવો તથા સાંધાઓને વારંવાર તપાસતા રહેવું, જેથી નહિ બોલી શકતા બાળકનો ગુપ્ત રોગ ધ્યાનમાં આવી જશે; અને તે પ્રમાણે ચિકિત્સા કરવાથી બાળકને જલદી આરામ થશે.

એક "કુકૂણક"નામનો રોગ દૂધના દોષથી બાળકનેજ થાય છે. તેનું લક્ષણ એવું છે કે, બાળકની આંખમાં ચળ આવે છે, આંખ ગળે છે અને તે બાળક કપાળ, આંખ અને નાકને ચોળે છે, તથા તે તડકા સામું જોઇ શકતું નથી અને આંખ ઉઘાડતું નથી. એવો રોગ થયો હોય તો હરડાં, બેડાં, આમળાં, લોધર, સાટોડી, આદુ, રીંગણીમૂળ અને દોડકીનું મૂળ, એને વાટીને એક ગોળો બનાવી મૂકવો. પછી તે ગોળાને ઘસીને જરા ઊનો કરીને બાળકથી ખમાય તેવો કપાળે ચોપડવો જેથી એ રોગ મટે છે.

બાળકને લોહીવાળા ઝાડા થતા હોય તો મોચરસ, તજ્જણી, ધાવડીનાં ફૂલ અને કમળનું કેશર એના ચૂર્ણને પાણીમાં ઉકાળી પાવાથી રક્તાતિસાર બંધ થાય છે. જો બાળકને પ્રવાહિકા (મરડો) થયો હોય તો લોધર, ઇદ્રજવ, ધાણા, આમળાં, વાળો અને મોથ; એનું ચૂર્ણ કરી મધમાં ચટાડવાથી તાવ અને પ્રવાહિકાનો નાશ થાય છે. ઘણી વાર બાળકને બસમાજીર્ણ થાય છે, તેમાં બાળક પુષ્કળ ખાય છે અને ભૂખ્યું ને ભૂખ્યું જણાય છે. તેવા રોગમાં 'લઘુવસંત માલતિ' ઘણો ફાયદો કરે છે. જો બાળકને હિક્કા (હેડકી) થઇ હોય તો, એક ચોખાપૂર માણેકરસ લઇ, તેને મીઠા ગોળના પાણીમાં મેળવી પાવાથી, હેડકી બંધ થઇ જાય છે. જો

બાળકને પેશાબ ઘણી વારે થતો હોય, **પેશાબ કરતાં રડતો હોય** તો ગળોનું સત્વ અધો વાલ સુધી દિવસમાં ત્રણ વખત મધ સાથે ચટાડવું અથવા દૂધમાં કે પાણીમાં મેળવીને પાવું. જો બાળકને **મૂત્ર ટપકયા કરતું** હોય તો એલચી નંગ એક છોડાં સાથે પાણી મૂકી ઝીણી વાટી દિવસમાં ત્રણ વખત પાવી, જેથી પેશાબ ટપકતો બંધ થઈ જાય છે. જો બાળકની **નસકોરી** ફૂટતી હોય એટલે નાકથી લોહી પડતું હોય, તો દાડમના ફૂલનો રસ નાકમાં મૂકવો. જો બાળકના **કાનમાં ચસકા મારતા** હોય તો એકબે ટીપાં સરસિયા તેલનાં મૂકવાથી ચસકા મટે છે. પણ જો **પરુ વહેતું** હોય તો કાગળની ભૂંગળી બનાવી સમુદ્રફીણનું ચૂર્ણ અથવા ફુલાવેલી ફટકડીનું ચૂર્ણ, અથવા અબિલ ફૂંકવાથી કાન પાકતો મટી જાય છે. અથવા આવળનાં ફૂલને છાયે સૂકવી તેનું બારીક ચૂર્ણ કરી, સળી ઉપર રૂ લપેટી તેનાથી પરુ લૂછી કાઢી તેમાં તે ફૂલનો ભૂકો ફૂંકવાથી આરામ થાય છે. જો કાનમાં **નાસુર પડી** ગયું હોય અને પરુ વહ્યા કરતું હોય, તો વડનાં પાકાં પાન, કરંજનાં પાન, ગૂંદીનાં પાન અને કાળિયાં સરસનાં પાન ભેગાં વાટીને તેની વડી બનાવી તેલમાં તળી કાઢી, તે તેલને ગાળી શીશીમાં ભરી મૂકવું. એ તેલ કાનમાં મૂકવાથી, કાન રુઝાઈ જાય છે. જો બાળકને **અછબડા** થયા હોય એટલે હાથના કાંડાંથી હથેલીનો પાછલો ભાગ, પગના કાંડાંથી પગની પાટલી સુધી મગના દાણા જેવડા, રાતી ભોંયવાળા સંખ્યાબંધ ફોલ્લા થાય છે અને બે મટે છે, ચાર સુકાય છે અને આઠ નવા નીકળે છે. એવું જો થયું હોય તો, તેનો ઉપાય રવિવાર, મંગળવાર કે ગુરુવારને દિવસે એક ડાળી પીપળાની, કે જેના ઉપર સાત પાંદડા હોય તે મંગાવી, તેના દરેક પાંદડા ઉપર નીચેનો શ્લોક લખવો:—

समुद्रस्य परे पारे लंकानाम महापुरीम् ।
वायुना पुत्र गच्छंति यत्र राजा विभीषणः ॥

રફ આંખ ફાડીને જોવું એ લક્ષણ હોય તો, તેની ગુદામાં અથવા શાળમાં કોઇ પ્રકારની પીડા છે એમ જાણવું. વૈદ્યોએ બાળકનું ાક, મોઢું, કાન, હાથ, પગ અને બીજા અવયવો તથા સાંધા-ાને વારંવાર તપાસતા રહેવું, જેથી નહિ બોલી શકતા બાળક-ા ગુપ્ત રોગ ધ્યાનમાં આવી જશે; અને તે પ્રમાણે ચિકિત્સા કર-થી બાળકને જલદી આરામ થશે.

એક "કુકૂણક" નામનો રોગ દૂધના દોષથી બાળકનેજ થાય . તેનું લક્ષણ એવું છે કે, બાળકની આંખમાં ચળ આવે છે, આંખ ળે છે અને તે બાળક કપાળ, આંખ અને નાકને ચોળે છે, તથા તડકા સામું જોઇ શકતું નથી અને આંખ ઉઘાડતું નથી. એવો ગ થયો હોય તો હરડાં, બેડાં, આમળાં, લોધર, સાટોડી, ાદુ, રીંગણીમૂળ અને દોડકીનું મૂળ, એને વાટીને એક ગોળો નાવી મૂકવો. પછી તે ગોળાને ઘસીને જરા ઊનો કરીને બાળ-ી ખમાય તેવો કપાળે ચોપડવો જેથી એ રોગ મટે છે.


બાળકને લોહીવાળા ઝાડા થતા હોય તો મોચરસ, લજ્જા-ધાવડીનાં ફૂલ અને કમળનું કેશર એના ચૂર્ણને પાણીમાં ઉકાળી વાથી રક્તાતિસાર બંધ થાય છે. જો બાળકને પ્રવાહિકા રડો) થયો હોય તો લોધર, ઇંદ્રજવ, ધાણા, આમળાં, વાળો ને મોથ; એનું ચૂર્ણ કરી મધમાં ચટાડવાથી તાવ અને પ્રવાહિ-ો નાશ થાય છે. ઘણી વાર બાળકને ભસ્માજીર્ણ થાય છે, તેમાં ળક પુષ્કળ ખાય છે અને ભૂખ્યું ને ભૂખ્યું જણાય છે. તેવા રોગ-ં 'લઘુવસંત માલતિ' ઘણો ફાયદો કરે છે. જો બાળકને હિક્કા ડકી) થઇ હોય તો, એક ચોખાપૂર માલેકસ લઇ, તેને ગોકા ગના પાણીમાં મેળવી પાવાથી, હેડકી બંધ થઇ જાય છે. જો

श्रीआयुर्वेद निबंधमाळा

भाग २ जा

ત્યારબાદ તે ડાળીને તેલનો ધૂપ દઇ, તે બાળકના ઘરના રાંધવાના ચૂલા ઉપર લટકાવવાં. એ પ્રમાણે રવિવારે પીપળાનાં પાન ઉપર, મંગળવારે આકડાના પાન ઉપર અને ગુરુવારે નાગરવેલના પાન ઉપર લખીને બંધાવવાથી, ઓછાનાં ચાંદાં સુકાઇ જાય છે. આ પ્રયોગમાં શું ચમત્કાર છે અથવા શી યુક્તિ છે, તે સમજાતું નથી; પણ સેંકડો બાળકના ઓછા સારા થઈ ગયા છે, માટે અમે તો એને પ્રભાવિક ગુણવાળો પ્રયોગ માનીએ છીએ.

બાળકોને બીજા ઘણી જાતના રોગો થાય છે અને તે રોગોની ચિકિત્સા મોટાં માણસ પ્રમાણેજ કરવામાં આવે છે; જેના પ્રયોગો ચાલુ હોવાને લીધે અમે વધારે લંબાણ કરતા નથી. બાળકને માટે નિઘંટુ રત્નાકર, ભાવપ્રકાશ, રસરત્નસમુચ્ચય, વગેરે ગ્રંથોમાં ઘણા રોગોના ઘણા ઉપાયો લખેલા છે; પરંતુ તે અનુભવેલા નહિ હોવાથી અમે તેના ઉતારા કરી ટિપણ વધાર્યું નથી. પણ નિઘંટુ રત્નાકરમાં 'માતૃકાઓની પીડા' અને જ્યોતિષશાસ્ત્રના માનેલા નવ ગ્રહો સિવાયના બીજા નૈગમેયાદિ ગ્રહોના નડવાથી બાળકોના જુદા જુદા રોગોનું વર્ણન કરેલું છે. તેમાં તે માતૃકાઓ અને ગ્રહો બાળકને શા કારણથી નડે છે, તે નહિ સમજવાથી અને તે શબ્દોમાં શા અલંકાર રહેલા છે તે અક્કલમાં નહિ ઊતરવાથી તેનું વર્ણન કર્યું નથી. જો કોઇ મહાન તર્કવાદી એ ગ્રહોને જે અલંકારમાં ગોઠવેલા છે તેની શોધ કરી, પ્રયોગ સિદ્ધ કરે, તો બાળકો ઉપર ઘણો ઉપકાર થાય એમ છે, એટલુંજ કહીને વિષયને સંપૂર્ણ કરીએ છીએ.



श्रीआयुर्वेद निबंधमाला

भाग २ जा



श्रीआयुर्वेद निबंधमाळा

भाग २ जो

१–वैद्यविजय

॥ मंगलाचरण ॥

અનુષ્ટુપ છંદ

વંદું જગત્પતિ સ્વામી વિભુ કલ્યાણકારક;
વંદું સર્વજ્ઞ સર્વાત્મા પ્રભુ જગદુદ્ધારક.

શાર્દૂલવિક્રીડિત છંદ ૧

વંદું વિશ્વપતિ દિયો શુભ મતિ રૂડી ગતિ જ્ઞાનમાં,
દીસે સાર અપાર અદ્ભુત કળા વ્યોમાદિ સંસ્થાનમાં;
આકાશે અતિ શોભતા ગૃહગણો તેજસ્વી તેજે ભર્યા,
ચાલે નિમ ધરી સહુ નિજ પંથે ભારે નિયમો કર્યા. ૨
વૃક્ષો નૌતમ જાતનાં અવનિમાં ઊંચાં દીસે ઓપતાં,
પુષ્પો છોડલતા તથા તરુવરો નાના વિધિ શોભતાં;
સંખ્યા સર્વની કેમ હું કહું કથી વિચારતાં વિસરું,
તારી શક્તિ અપાર પાર ન લહું દાસત્વથી કરગરું. ૩

ग्रंथप्रयोजन

વસંતતિલકા છંદ

જે જે થયા કવિવરો ગુજરાત મા
તે તે ગયા લખી બહુ રસ કાવ્ય પ
નીતિ વધે નિયમથી શુભ કાર્ય કી
કિન્તુ શુભૌષધ ભણી નહિ લક્ષ દી
જો શામળે છપયમાં બહુ નિતિ ભાખ
વેદાન્તવાક્ય લખીઅખે મણા ન રાખ
જ્ઞાને નિમગ્ન થઈ અમૃત પાન પીધુ
કિન્તુ શુભૌષધ ભણી નહિ લક્ષ દીધુ
પ્રીતિભર્યા પ્રિયતમેજ રચ્યા રૂપાળા
શૃંગાર વર્ણન કર્યાં વ્રજવાસી બાળા
બાળા રસો વરણવી, સુખ માની લીધું,
કિન્તુ શુભૌષધ ભણી નહિ લક્ષ દીધું.
જૈની કવિ કવિત્વથી સમકિત પામે;
પ્રાક્તન જન્મ કૃત ફળો દુઃખ દેહ વામે,
વૈરાગ્ય પામી મન કર્મથી રે'છ બીધું,
કિન્તુ શુભૌષધ ભણી નહિ લક્ષ દીધું.
નીતિ થકી ગુણ વધે સુખ સર્વ ઠામે,
છંદો રચ્યા રસભર્યાં દલપત્તરામે;
પોતે કવીશ્વર થઈ શુભ કાર્ય દીધું,
કિન્તુ શુભૌષધ ભણી નહિ લક્ષ દીધું.

શાર્દૂલવિક્રીડિત છંદ

પ્રેમાનંદ પુરાણ ભારત રચ્યું પાન્ડુ તણી ખ

એ આદિ ગુજરાતમાં બહુ થયાં કાવ્યો રૂડી ભાતમાં,
દીધું લક્ષ નહીં અરે! કવિવરે વૈદ્યોતણી વાતમાં. ૨૬

ઉદ્દેશ

ઈન્દ્રવિજય છંદ

કવિતા કરીને કીરતિ ઉચરું,
ગુણ ગાઉં કદી ગુણવંત તણા.
પ્રતિ બોધ કરું કોઇ મ્હાજનને
મળે નામ ઈનામ કે ગામ ઘણાં;
પરને ઉપકાર થશે ન કદી,
યદિ દ્રવ્ય મળે કે મળે દક્ષણા;
પરપીડ હરી ફરી સુખ હિયે,
રચના કરૂં ગ્રંથ રહે ન મણા. ૨૭

ઝૂલણા છંદ

ગૂંથણી ગ્રંથની ગૂંથવા મન કરું,
અતિ ધરું હામ છે કામ મોટું;
એક ઉપદેશ મમ ગુરુ તણો મન વસ્યો,
અવર ડંફાણને જાણું ખોટું.
પરને પીડા સમું પાપ જગમાં નથી,
પુણ્ય કો હરણ પર દુઃખ જેવું;
તાપ તનના સમે વ્યાધિને તે દમે,
આદરું ગ્રંથનું રૂપ એવું. ૨૮
વિષય વૈદક તણો વિસ્તર્યો અતિઘણો,
ઋષિ મુનિ દ્વારના ગ્રંથ ઝાઝા;
ભાષા સંસ્કૃતથી સંસ્કાર તે પામિયા,
કાવ્યરસ જામિયા મોટી માઝા;

નીતિ રિતિ પ્રિતિ ભિતિ તજી અનિતિયે ચઢે;
તેને ગુરુ રાજ ધર્મ ગુરુ કે પ્રજા રાગે પીડાય,
વૈદરાજ ઓષધથી સંકટ પ્રજાળે છે. ૩૯

वैदलक्षण

શાર્દૂલવિક્રીડિત છંદ

આયુર્વેદ વિચારજે ગુરુ થકી નિશ્ચે કરીને ભણ્યો,
વેત્તા સર્વ ક્રિયા તણો કુશળ તે ધીમંત શૂરો ગણ્યો;
ઉદ્યોગી સુખ મિષ્ટ વાણી વદતો નિર્લોભ શાંતિ ભર્યો,
સાધ્યાસાધ્ય વિચારી ઓષધ દિયે સદૈદ નિશ્ચે ઠર્યો. ૪૦

निषिद्ध वैद्य

ઉપજાતિ છંદ

મેલો મૂખે કર્કશ વાણી બોલે, ગર્વિષ્ટ ગ્રામીણ કુઠાર તોલે;
આવે કદાપિ અણુ તેડવાથી, ધન્વંતરિ તો પણ કાળ ભાથી. ૪૧

रोगी–लक्षण

તોટક છંદ

ધરી ધૈર્ય અને વિશ્વાસે રહે, નિજ વીતી હકીકત સર્વ કહે,
કરી પથ્ય રહે વશ વૈદ તણો, દુઃખ શાંતિ થયે ઉપકાર ભણો ૪૨
નથી જો ગયો વર્ણ શરીર તણો, રહે ઇંદ્રિય નિગ્રહ રોગી ભણો;
કહે વૈદ યથાવિધિ તેમ કરે, નકી ઓષધ યોગ્ય તે રોગી ખરે. ૪૩

वैद्यनुं कर्तव्य

પ્રમાણિકા છંદ

સુવૈદ કાર્ય ખોટકું કે જોર વ્યાધિ કેટલું,
કરીજ સિદ્ધ રોગને પછી વિચાર યોગને. ૪૪

સમાય રોગ જેહવો ઉપાય આપ તેહવો,
ક્રિયા અસાધ્યે વ્યર્થ છે ન રક્ષવા સમર્થ છે. ૪૫

अष्टविध परीक्षा

દોહરા

સાધ્યાસાધ્ય વિચારવા ધારવા ભેષજ ધર્મ;
વાંચો વાત વિચારીને કહું અષ્ટવિધ કર્મ. ૪૬

दंतपरीक्षा

છપ્પય છંદ

વૈદ્ય બોલવા જાય હોય રોગીની સાતે,
શ્વેત વસ્ત્ર પરિધાન ગ્રહેલું ધ્વજ હાથે;
ખાધું હોય તાંબૂલ વાણી મીઠી મુખ ભાખે,
દૃઢ ચિત્ત સુશીલ વાહનારૂઢજ રાખે;
ધોળાં ફળફૂલ હાથમાં ગ્રહી જાય ભેષજ ગૃહે,
શુભ લક્ષણ એ દૂતનું રોગ શરીરે ના રહે. ૪૭
સ્ત્રી કે બે જણ હોય કોઈ રોગી અંગહીન,
કર્કશ બોલે વાણ શોકમાં હોયે લીન;
ભગવાં કાળાં વસ્ત્ર રક્ત પહેરેલાં હોય,
મુશળ દંડ જો હાથ આંખમાં આંસુ તોય;
દીન વ્યાકુળ રડતો અને તૈલાભ્યંગ કરી કદી,
કાળ સમો એ દૂત રહ્યો ભસ્માગ્નિ સાથે યદિ. ૪૮

ભુજંગી છંદ

યદિ વૈદ્યને તેડવા દૂતવેશે દિશા દક્ષિણે હાથ બાંધીજ બેસે,
નીચે ઊંચે બેસે યદિ એક પાદે, ઊભો દૂત તે નિંદ્ય છે નિર્વિવાદે. ૪૯

સ્રગ્વિણી છંદ

સૂર્ય દિશા તજે દગ્ધ તેને કહો,
જાય જ્યાં તેજ ધુમિત દિશા લહો;

દીસ દિશ જાણીએ જ્યાં તે વાસો રહે,
પ્રથમ ઈશાન એક પ્હોર શાસ્ત્રો કહે.
દગ્ધ ઇશામને પૂર્વ ધુમિત છે,
યામ આઠે રહે એહવી રીત છે;
પ્હોરે પ્હોરે દિશા એમ બદલાય છે,
પાંચ દિશ શાંતિ ત્રણ દોપી કહેવાય છે. ૫
શાંત દિશ આવી દૂત જો કે ઊભો રહે,
વામ દક્ષિણ રહી મધુર વચનો કહે;
એવાં લક્ષણ થકી વૈદ્ય યશ પામશે,
રોગી તન તાપ પીડા બધી વામશે. ૫૨
દગ્ધ ધુમિત દીસામહીં જો કદી,
પૂંઠેથી આવી દૂત વાક્ય બોલે યદિ;
દૂત નિષેધ રોગી નહિ જીવશે,
જીવે તો પણ નહિ યશની પ્રાપ્તિ થશે. ૫૩

ઉપજાતિ છંદ

બોલે મુખે અક્ષર તે ગણી જે, સંખ્યા સહુ અષ્ટજ ભાગ કીજે;
બાકી વધે શું ત્રણ ભાગ દીજે, શૂન્યેજ મૃત્યુ પ્રથમે ન બીજે. ૫૪

વસંતતિલકા છંદ

પ્રશ્નાક્ષરો દૂત તણા ગણી યુક્તિએથી,
કીજે પછી ત્રણગણા મૂળ અંક જેથી;
બાકી વધે ગણિત આઠજ ભાગ દેતાં,
મૃત્યુ થશે સમથી વિષમ સુખ છે ત્યાં. ૫૫

स्वप्नपरीक्षा

ચામર છંદ

જો કદાપિ સ્વપ્નમાંહે ન્હાય તેલ દૂધથી,
ઘી થકી કરે જો સ્નાન માનવાત યોગથી;

શ્યામ વસ્ત્ર પ્હેરી નારી શ્યામ ચંદને હશે,
સ્વસ્થને થશેજ રોગ, રોગી મૃત્યુ પામશે.
ક્ષૌરકર્મ જો કરે કે દેખે દ્રષ્ટ લગ્નને,
આપઘેર નાચરંગ થાય છે ખુશી મને;
ઝાડ પ્હાડ આદિ ઊંચે સ્થાનથી પડે ધસે,
સ્વસ્થને થશેજ રોગ, રોગી મૃત્યુ પામશે. ૫૬
ક્ષૌરના કરેલ નાગા જોગી કે ગોંસાઇ કો,
કાળી લાલ પાઘ શીશ હાથ પાશ હોય કો;
હાથ ખડ્ગ ભાલા ધારી જેની પાસે આવશે,
સ્વસ્થને થશેજ રોગ, રોગી મૃત્યુ પામશે. ૫૭
કાન, નાકહીન પાંગળો કે હોય કૂબડો,
બાંધનાર ચોરને કે મારનાર સેવડો;
ભેંસ ઊંટ કે ગધેડે બેસી પૂંઠે લાગશે,
સ્વસ્થને થશેજ રોગ, રોગી મૃત્યુ પામશે. ૫૮
અન્ન પક્વ લોહ તિલ લાભ એહનાં થશે,
તેલ દારૂ પાન કીધ નેત્ર બેઉએ જશે;
આગમાં બળે કે નીરે ડૂબે શ્વાન કરડશે,
સ્વસ્થને થશેજ રોગ, રોગી મૃત્યુ પામશે. ૫૯

શાર્દૂલવિક્રીડિત છંદ ૬૦

લીલાં ઝાડ સુમ્હેલ કે ગિરિ તણા ઊંચા શિખરે ચઢે,
વિષ્ટાએ નિજ અંગ લેપન કર્યું, સ્વમૃત્યુ પોતે રડે;
રાજા, હાથી, સુવર્ણ, ગો, હય અને બેલો બહુ દેખશે,
નીરોગી ધનલાભ સંપત્તિ લહે રોગી નીરોગી થશે. ૬૧
બેસે ઘોળે વૃપભ કે ગજ પરે ઊંચે સ્થળે જો જમે,
નાવે બેસી નદી તરે અને વળી અગમ્ય સ્ત્રી શું રમે;

સાગર જાય તરી અને મનુષ્યનું માંસ કદી ભક્ષ
નીરોગી ધનલાભ સંપત્તિ લહે રોગી નીરોગી થ
રાતાં ઉજ્જવલ રંગનાં અને વળી પીળાં સુવસ્રો ધર
રાતાં ઉજ્જવલ પીત ચંદન કરી દેખે યદિ સુંદર
મિત્રો ઇન્દ્ર નરેન્દ્રને સજીવ જો સ્વપ્નામહીં દેખશે
નીરોગી ધનલાભ સંપત્તિ લહે રોગી નિરોગી થશે
કન્યા ચક્ર રથ ધ્વજા ફળભર્યાં વૃક્ષોનાં વૃંદો બહુ
માળા પુષ્પ તણી અને દીપકના લાભો થયા તે કહું
અગ્નિ ધૂમ્રરહિત નજરે પડે કે તીર્થ મોટાં હશે,
નીરોગી ધનલાભ સંપત્તિ લહે રોગી નીરોગી થશે.
દેખે મંડળ ચંદ્ર સૂરજ તણા કે દૂધ તાજું પીએ,
મચ્છર સર્પ જળો ડસે ભમરીઓ પાર નદી પામીએ;
કીચડ મિશ્રિત પાણીમાં થઇ કરી પેલે કિનારે જયે,
નીરોગી ધન લાભ સંપતિ લહે રોગી નીરોગી થયે.

નાડીપરીક્ષા

ઉપજાતિ છંદ

ઘેરાયલું રોગથી અંગ જેનું, કરો સુવૈદ્યો નિદાન તેનું
તંતુકી મૂત્ર મળ ચાર, શબ્દ ત્વચા રૂપ અને આકાર
કોપેલ દીસે કફ પિત્ત વાત, દોષ કરો અલ્પ અધિક માપ
જ્ઞાનાર્થ દીજે નાડીપરીક્ષા, આદ્યન્ત તેની કરવી નિરીક્ષા
તારો વીણાના બહુ રાગ બોલે, કળાવતો જંત્રજ [illegible]
તેમજ વૈદ્યો ધમનિ તપાસે, અભ્યાસથી સ્પષ્ટ રોગ ભાસે.
નાના કુપથ્યે મળકોપ પામે, રોગો બધાનું મૂળ એ [illegible]
નિદાનનો અર્થજ રોગ જાણો, રોગો તણો અર્થ નિદાન મ.[illegible]

જે વૈદ્ય નાડી જીભ મૂત્ર જોય, તેનેજ રોગો તણું ભાન હોય;
કરે ચિકિત્સા નહિ સર્વ ઠામે, રોગી મરે વૈદ્ય યશને ન પામે. ૭૦
વ્યાધિ બળાબળ ને દેશકાળ, જોઇ વિચારે દુઃખરૂપ માળ;
પછી ચિકિત્સા કરશે વિચારી, તે વૈદ્ય પામે યશકીર્તિ ભારી. ૭૧
અંગુષ્ઠ જે દક્ષિણ હાથ ફેરો, મારે અધોભાગજ નાડી ફેરો,
દક્ષિણ હાથે કરી સ્પર્શ તેનો, જાણો ત્રિદોષે નકી રોગ એનો. ૭૨
એકાગ્ર ચિત્તે મન શાંત રાખો, દક્ષિણ હસ્તે ધમનિજ દાખો;
સ્ત્રીઓ તણા રોગનિદાનકાળે, નાડીજ ડાબા કરની નિહાળે. ૭૩
ગ્રહી ગ્રહીને ત્રણ વાર મૂકો, નાડીપરીક્ષા કરતાં ન ચૂકો,
મનબુદ્ધિતર્કે લેજો વિચારી, ઉત્પત્તિ રોગો તણી સર્વ સારી. ૭૪
ત્રણ અંગુલિએ સ્પર્શજ કીજે, કફ પિત્ત વાયુ નકી જાણી લીજે;
મંદજ મધ્ય અતિ તીવ્ર જાણો, ત્રિદોષનાં લક્ષણ એ પ્રમાણો. ૭૫
બે બે મળે દ્વંદ્વજ ત્યાં કહીજે, ત્રિદોષ ત્યાં જો તરણે લહીજે,
સાધ્ય, અસાધ્ય અને કષ્ટસાધ્ય, નાડી બતાવે સહુ તે અબાધ્ય. ૭૬
નાડી બતાવે યદિ રોગી આવી, લક્ષણ તેનાં દઉં છું બતાવી;
મળમૂત્ર વેગાદિકના ભરેલા, અભ્યંગ તૈલાદિકનાં કરેલાં. ૭૭
નિદ્રામહીંથી યદિ ઊઠી આવે, સ્નાન કરી કોઇ નાડી બતાવે;
ભૂખ્યો હશે કે અન્ન ખાધું હોય, લાગી તૃષા નીરની મંન તોય. ૭૮
ામાતુરો કે ભયભીત અંગે, મન વાતમાં કે નારી પ્રસંગે,
વા નરોની નહિ નાડી જોવી, જોઇને શું ફોકટ કીર્તિ ખોવી? ૭૯
ીઓતણી વામજ હસ્ત પાદે, દીસે રૂઢિ શાસ્ત્રજ નિર્વિવાદે;
ી અનુભવ પોતાતણો જે, સર્વોપરી તર્કજ જાણી લીજે. ૮૦
ા તણા જે ગુણદોષ જાણે, અભ્યાસ તર્કે સહુ તે વખાણે;
ય બીજો નહિ ચાલે એક, નાડીપરીક્ષા ઠરવો વિવેક. ૮૧

વાયુ તણી નાડી બ્રહ્માસ્વરૂપે, પિત્તદોષ કોપે શંકરરૂપે;
કફ નાડી જાણો વિષ્ણુ સ્વભાવે, ત્રિદોષ દેવો ત્રણથી બતાવે.
અગ્રે વહે વાતજ નાડી જાણો, મધ્યે વહે પિત્તજ તે પ્રમાણે
અંતે વહે છે કફ વ્યાધિ નાડી, રૂપો કહ્યું ભિન્નજ તે પછાડી.
વાંકી ગતિ વાયુની નાડી ચાલે, કૂદે પડે પિત્ત ગતિ ઉછાળે;
મંદ ગતિથી કફ રોગ દીસે, ત્રિદોષમાં તીન ગતિ અતિશે. ૮૪

શાર્દૂલવિક્રીડિત છંદ

ચાલે સર્પ જળો તણી ગતિ અતિ વાયુ તણા વેગમાં,
કાગા મંડૂક તેતરો સમ ચલે પિત્તો તણા યોગમાં;
રાજા હંસ કપોત કુક્કુટ સમી શ્લેષ્મ ગતિએ સહી;
સન્નિપાત ત્રિદોષમાં સહુ મળે એકે અધૂરી નહિ. ૮૫

ભુજંગી છંદ

દીસે તર્જની પાસ વાયુની રીતે, વહે મધ્યમાં અંગુલિ પાસ પિત્તે;
કફાધિક્ય અનામિકા પાસ જાણો, ત્રિદોષે ત્રણે અંગુલિને વખાણો. ૮૬
ગતિ સર્પને દેડકાનીજ ચાલે, વળી વાદીને કૂદતી સ્પષ્ટ ભાળે;
વહે મધ્યમાં તર્જની હેઠે જ્યારે, કહો વાયુને પિત્તની નાડી ત્યારે. ૮૭
જુઓ સર્પને હંસની ચાલ જેમ, અનામિકા તર્જની પાસ તેમ;
વહે મંદ વાંકી કરો લક્ષ તેનું, કહો વાયુને શ્લેષ્મ છે મિશ્ર એનું. ૮૮
હચે દેડકા હંસની ચાલ જેમ, ધરે મધ્ય અનામિકા પાસ એમ;
કૂદે ઊછળે ને વળી મંદ જેહ, કફાધિક્ય ને પિત્ત જાણોજ તેહ. ૮૯
કૂટે કાષ્ઠને જેમ પક્ષી સુથાર, વહી વેગથી તેમ તે વારવાર;
લહો કૂદતીને વળી સ્થિર જ્યારે, સન્નિપાત ત્રિદોષનો રોગ ત્યારે. ૯૦
ગતિ નાડીની હોય જો એક રીને, સુખીની વહે ત્રીશ ને ત્રીશ નિત્યે;
વહી સ્થિરથી તીવને સ્થિર થાય, વહી મૃત્યુ રોગી યમદ્વાર જાય. ૯૧

ફૂલેલીને ગંભીર તે માંસવાહી, રહે ઉષ્ણ જલદી વહે તાવ માંહી;
હશે કામ કે ક્રોધમાં વેગવાન, ભયભીત ચિંતાતુરે ક્ષીણમાન. ૯૨
જડ ઉષ્ણ ને રક્તથી પૂર્ણ જાણો, જડ માત્રને આમવાયુ પ્રમાણો;
વહે વેગથી હલ્લકી અગ્નિ દીપ્તે, રહે સ્થિરવાહી જુઓ તૃપ્તિ યુક્તે. ૯૩
સચાપલ્યતા તે ક્ષુધાતુર પ્રાણી, વહે મંદ ધાતુ ક્ષયી તે વખાણી;
ઘણી મંદ ચાલે કહો અગ્નિમંદ, વિધિએ કહી નાડી તિલકચંદ ૯૪

નાડીનાં અસાધ્ય લક્ષણ

શાર્દૂલવિક્રીડિત છંદ

ચાલે મંદજ મંદ શિથિલ વળી શિથિલ ને વ્યાકુળી,
થાયે વ્યાકુળ ને પછી રહી રહી ધીમી વહે છે વળી;
દેખાયે ક્ષણમાં વળી કર તણા મૂળે ક્ષણે અંગુલિ,
સ્થાનભ્રષ્ટ થઇ વહે વિધવિધે કાળસ્વરૂપે મળી. ૯૫

ઉપજાતિ છંદ

ઘણું કરીને સ્થિર નાડી ચાલે, મધ્યે વળી વિદ્યુત જેમ હાલે;
દિન એક રોગી જરૂર જીવે, બીજે દિને મોતનું પાન પીવે. ૯૬

વસંતતિલકા છંદ

જોતાંજ પિત્ત તણી ગતિ નાડી જણાય,
મધ્યે મળી કફગતિ અનિલ થાય;
ધીમી પછી વહી અતિ તીવ્ર થાય,
ચક્રે ચઢે જયમ વહે જમપુર જાય. ૯૭

નારાચ છંદ

ઘણીજ કાંપતી વળી દેખાય થોડી હાલતી,
ને મંદ જેવી થાય ને જણાય પાછી ચાલતી;

કે ચાલી મંદ તીવ્ર થાય, થાય મંદ એમ રે,
અસાધ્ય જાણી છોડવી નથીજ તેને ક્ષેમ રે. ૯૮

દોહરો

શીઘ્ર વહે મળ કોપમાં, અથવા લાગે શીત;
બીજે દિન મૃત્યુ થશે, એવી એની રીત. ૯૯

ભુજંગી છંદ

વહે તીવ્ર નાડી ગતિ વાયુમાંહી, વળી શીતથી શીતળા હોય ક્યાંહી;
પસીનો વળી ચીકણો સર્વ ઠામે, જીવે સાત રાત્રિ પછી મૃત્યુ પામે. ૧૦૦

તોટક છંદ

અંગ શીત અને મુખ શ્વાસ પળે, ધમની અતિ તીવ્ર ને દાહ બળે;
કરીને સુવિચારજ એમ કહ્યું, દિન પંદર આયુષ બાકી રહ્યું. ૧૦૧

શાલિની છંદ

વાયુનાડી બ્હારથી દીસે નાહીં, અંતર્યામી શીતળા હોય ક્યાંહી;
ગ્લાનિ દીસે નાડી મંદ વહીને, મૃત્યુ પામે ત્રણ રાત્રી રહીને. ૧૦૨

ભુજંગી છંદ

વહે નાડી રોગી તણી સૂક્ષ્મ કિંવા,
અતિ વેગવાળી ઘણી હોય કિંવા;
વહે શીતળા શીતનું જોર ભારે,
તજે વૈદ્ય નાડી નકી એજ મારે. ૧૦૩

વસંતતિલકા છંદ

નાડી વહે ફરી ફરી વીજળીસ્વરૂપે,
દીસે વળી નહિ ફરી યદિ આ જ રૂપે;
ચૈતન્યજ્ઞાન ક્ષણમાં, ક્ષણમાં ન શુદ્ધિ,
જીવે નહીં બહુ થશે સુવિચાર બુદ્ધિ. ૧૦૪

શાલિની છંદ

નાડી ચાલે ઉષ્ણુ વાંકી ગતિએ, સર્પાકારે વેગવાળી થતી એ;
કંઠે જેને રોધતો શ્લેષ્મ ભારે, નિશ્ચે જાણો રોગ રોગીને મારે. ૧૦૫

માલિની છંદ

ક્રૂજતિ ક્રૂજતિ ચાલે, ચંચલા તીવ્ર વેગી,
શીતળ શીતળ દીસે નાસિકા શ્વાસ ભેગી;
કઠિન જીવિત તેનું પ્હોર બે પ્હોર મધ્ય,
નકી જશે યમદ્વારે વૈદ્ય વિચાર સદ્ય. ૧૦૬

ઉપજાતિ છંદ

ત્રિદોષ નાડી અતિ તીવ્ર ચાલે, અગ્નિ સમો તાવ મધ્યાહ્નકાળે;
ત્રીજે જ રોગી દિન એક તેહ, બીજે દિને આવરદાનો છેહ. ૧૦૭

સ્ત્રગ્વિણી છંદ

પગમહીં માત્ર નાડીજ જેની વહે,
શ્રમ કરી હાથમાં બહુ જુવે ના લહે;
બંધ સુખ હોય પણ દંત દેખાય છે,
વૈદ્ય તજ રોગી યમદ્વાર તે જાય છે. ૧૦૮

માલિની છંદ

પિત્ત કફ અને વાયુ એકઠા થાય જ્યારે,
એકજ સમય નાડી આશ્રયે જાય ત્યારે;
કદી કદી નર એવા યત્નથી સાધ્ય થાય,
અતિ ઘણા નર એવા મૃત્યુને દ્વાર જાય. ૧૦૯

જ્વરની નાડી

પ્લવંગમ છંદ

વક્ર ચપળને શીત વાત જ્વરમાં રહે,
તીવ્ર સરળની ચાલ પીત્ત જ્વરમાં કહે;

સ્થિર શીતને સ્નિગ્ધ શ્લેષ્મજ્વર જાણીએ.
ચપલ કઠિન જો હોય વાત પિત્ત આણીએ. ૧૧૦
શ્લેષ્મ વાતની માંહે મંદ દીસે કદા,
સ્થિર શ્લેષ્મને શીત પિત્ત શ્લેષ્મે સદા.
એ વિધ નાડીજ્ઞાન શાસ્ત્રમાંહી કહ્યું,
તિલકચંદ મન ધ્યાન ધરી સર્વે લહ્યું. ૧૧૧

દોહરો

નાડી હંસગતિ વહે કે ગજગતિ સમાન;
સુખ પ્રસન્ન નીરોગીનું નિશ્ચે કરો નિદાન. ૧૧૨

मूत्रपरीक्षा

ઉપજાતિ છંદ

રાત્રિ ઘટિકા રહે ચાર જ્યારે, ઉઠાડવો નિશ્ચય રોગી ત્યારે;
કાંસા તથા કાચના પાત્ર મધ્ય, મૂત્ર ગ્રહો વૈદ્ય વિચારી સદ્ય. ૧૧૩
આદિ અને અંતની ધાર છાંડો, જ્યાં મધ્ય ધારા તહીં દ્રષ્ટિ માંડો;
સૂર્યોદયે મૂત્ર તમે તપાસો રોગો તણા ભેદ બહુ પ્રકાશો. ૧૧૪
પીળું દિસે વાયુ તણે વિકારે, પીતરક્ત વર્ણે પિત્ત હોય જ્યારે;
ફીણયુક્ત પીળું કફ રોગમાંહી, દેખાય કાળું ત્રણ દોષમાંહી. ૧૧૫

છપ્પો

નીલ વર્ણ કે રુક્ષ હોય વાયુની માંહી,
તાંબૂલ વર્ણે તૈલ જેવું પિત્ત હોયે ત્યાંહી;
ચીકણું પીળું જેહ શ્લેષ્મ રોગી તે કહીએ,
રક્તવિકારે ઉષ્ણ ચીકણું લાલ લહીએ.
રસ બિજોરાં જેહવું અથવા કાંઈ સારખું,
જાણ ત્રિદોષ સંદેહ સમું અસાધ્ય નહીં પારખું. ૧૧૬

વસંતતિલકા છંદ

ચોખા તણા ધોવણ જેમ અજીર્ણ મધ્ય,
ધૂઓ સમું અતિઘણું નવ જ્વર સદ્ય;
જે ઉષ્ણ ધૂમ્ર પિત્ત મળ્યું પિત્ત વાત જાણો,
ધોળું અને ફીણ મળ્યું કફ વાત માણો. ૧૧૭

ઉપજાતિ છંદ

કફ પિત્ત રાતું બહુ ધાડું દીસે, જીર્ણજ્વરે પિત્ત રાતું અતિશે;
ત્રિદોષ કોપે સહુ ભાત વર્ણ, ધારો વિધિએ સહુ વાત કર્ણ. ૧૧૮

શાર્દૂલવિક્રીડિત છંદ

જો ઇચ્છા મન રોગ નિશ્ચય તણી રાખો તમે એકદા,
પાત્રે મૂત્ર ભરી પછી સળી વતે બિંદુ સુતૈલે તદા;
બિંદુ તૈલ તણું પડે પ્રસરે જો તે સાધ્ય નિર્વિઘ્નનું,
સ્થિરે કષ્ટજ સાધ્ય ડૂબતું કદા મૃત્યુ થશે તેહનું. ૧૧૯

મદિરા છંદ

તૈલ ધરો જવ મૂત્રમહીં જશે પૂર્વ દિશા ભણી સાધ્ય ગણો,
દક્ષિણ જાય અતિ જ્વર હોય તથાપિ સુઔષધ રોગ હણો;
ઉત્તર તેમ વહે બહુ ક્ષેમ નીરોગી હશે નર એમ કહો,
પશ્ચિમ જાય અતિ સુખ થાય, દિશા કહી ચાર વિચારી લહો. ૧૨૦

દુમિલા છંદ

જવ બિંદુ સુતૈલ ઇશાન દિશા જશે એકજ માસમાં મૃત્યુ થશે,
નૈઋત્ય વહી મહીં છિદ્ર પડે યમદ્વાર ભણી નકી શીઘ્ર જશે;
એક માસ મહીં વળી તેહ મરે જવ અગ્નિદિશા ભણી બિંદુ ધસે.
ભલે સાધ્યતથાપિ ન જીવે કદી યદિવાયવ્ય દિશાભણી બિંદુ ખસે. ૧૨૧

દોહરો

ખડ્ગ દંડ મનુષ્યનો થાય તૈલ આકાર,
નિશ્ચે તે રોગી મરે ઘણા ગ્રંથ મત સાર. ૧૨૨

पद्म हाथी के हंस सम चामर छत्र समान,
बने सरोवर सारखुं साध्य लहो गुणवान. १२३
चाळणी जेवां छिद्र जो थाय तेलनी मांहे,
दोष कहो ए पितृनो मागो प्रभुनी साहे. १२४

उपजाति छंद

मनुष्य के मस्तक बे तणो रे, आकारं दीसे भूत दोषनो रे;
मंत्रादि तंत्रे करी शांत तेने,पछी दियो औषध योग्य एने. १२५

दोहरो

वातविकारे सर्प सम पित्तमां छत्राकार,
मोतीबिंदु कफरोगमां त्रिदोष त्रण प्रकार. १२६

मळपरीक्षा

दोहरा

धूम्र वर्ण त्रुटित अने फीण सहित ते होय,
बांधेलो काळो सदा वात रोगमां जोय. १२७
पीळो ने रातो जरा पित्त विकारे जाण,
पीळो फीण मळ्यो मृदु कफ व्याधिज प्रमाण. १२८
पीळो तांबूल वर्णनो वात पित्त गद तेम,
श्याम पीत तूटेल ते पित्त वायु मळ जेह. १२९
पीळो काळो चीकणो जरा नरम कफ पित्त,
दुर्गंधी त्रुटित अने काचो अजीर्णे पीत. १३०
काळो पीळो श्वेत ने होय गांठ सहित,
बहुरंगी मळ जेहनो त्रिदोषे एवी रीत. १३१

शार्दूलविक्रीडित छंद

वातादि हीण थाय मळने जुओ पीळो ने भारी मळ्यो,
पीळो दुर्गंधी मळ्यो हदि हपे वायुज आमे भळ्यो

ધોળો દુર્ગંધી જળોદરમહીં કાળો ક્ષયરોગમાં,
મંદાગ્નિ પાતળ લહો ત્રુટિત તે તીક્ષ્ણાગ્નિના જોગમાં. ૧૩૨

માલિની છંદ

અરુણ વરણ પીળો શ્યામ ને શ્વેત હોય,
ચકચક અતિ ઉષ્ણ માંસ જેવોજ જોય;
બહુવિધ બહુ રંગી વિચિત્ર ચિત્ર દીસે,
તજ તજ તજ ભાઈ મૃત્યુનું પાન પીશે. ૧૩૩

શબ્દપરીક્ષા

દોહરો

સ્વર મોટો કફ રોગમાં, પિત્તમાં બોલે સ્પષ્ટ,
ધુર ધુર બોલે વાયુમાં ત્રિદોષ તરણે કષ્ટ. ૧૩૪

સ્પર્શપરીક્ષા

દોહરો

ઉષ્ણ અંગ રહે પિત્તમાં, લૂખું દીસે વાત,
કફ શીતળને ચીકણું, ત્રિદોષ તરણે ભાત. ૧૩૫

જીભપરીક્ષા

છપ્પો

ઠંડી સૂકી અને ફુલેલી વાયુ રોગે,
હોય રક્ત ને કૃષ્ણ પિત્ત વાયુને જોગે;
ચીકણી ધોળી હોય શ્લેષ્મનો રોગજ જાણો.
કંટકવાળી કૃષ્ણ શુષ્ક સન્નપાત વખાણો;
દંદ્વજ રોગે જાણવી બેસ્વાદી બેરંગ છે,
ત્રિદોષમાં તરણે મળે જેવો જેનો સંગ છે. ૧૩૬

नेत्रपरीक्षा

દોહરો

રુક્ષવર્ણ જે નેત્રને કિંચિત દીસે લાલ,
સ્થિર રહે નહિ બહુ ફરે વાત નેત્રનો તાલ.
પીળી અથવા લાલ કે લીલી આંખજ થાય,
દીપક દષ્ટે નવ પડે પિત્ત નેત્ર કહેવાય.
પાણી ભરેલી ચીકણી, તેજહીન ને શ્વેત,
તિલકચંદ કફ નેત્ર તે જાણો રોગ સમેત. ૧
સર્વ દોષ મળે એકઠા લક્ષણ સર્વ સહિત,
ત્રિદોષ તેને જાણજો નેત્રપરીક્ષા રીત. ૧

असाध्य नेत्र

છપ્પો

એક નેત્ર રહે બંધ એક ઉઘાડું દીસે,
ઉઘાડું વિકરાળ વાંકડું હોય અતિશે.
નહિ દેખાયે કાંઇ વાંકુ ઉપર ચડેલું,
દેખે ભયંકર દષ્ટ દષ્ટિ પાસેજ પરેલું.
બહુ બારીક શિરા ફૂટે નેત્ર ચેતના હીન છે;
અસાધ્ય મૃત્યુ પામશે જાણો દુઃખમાં લીન છે. ૧૪૧

દોહરા

દીસે ભયંકર એક નેત્ર બીજું હોય જો બંધ,
ત્રણ દિવસ તે જાયશે લાગ્યો મૃત્યુ પંથ. ૧૪૨
રક્ત વર્ણ કાળી જરા દીસે ભયંકર જેહ,
તજે દેહ નિશ્ચે જશે મરણધામમાં તેહ. ૧૪૩

ચોપાઈ

તેજહીણુને કિંચિત કાળી, વૈદ્ય જુઓ એ આંખો ભાળી;
નકી જાશે યમદ્વારે મરી, કરો પરીક્ષા દિલમાં ધરી. ૧૪૪

मुखपरीक्षा

ચોપાઇ

વાતે મધુર મુખ કડવું પિત્ત, મધુર ખારું કફરોગની રીત;
ઘૃત ભર્યું જેમ અજીર્ણે થયું, અગ્નિમંદ કષાયજ કહ્યું. ૧૪૫

स्वरूपपरीक्षा

તોટક છંદ

કર પાદને કેશ તે ફાટી જશે, અંગ શ્યામ સ્વરૂપ અધિક હશે;
સ્મૃતિ બુદ્ધિ સુચેષ્ટિત મૈત્રી નહીં, બબડે મુખ પ્રકૃતિ વાયુ કહી. ૧૪૬
પિત્ત સ્નિગ્ધ સ્વરૂપ છે અગ્નિથકી, તૃષવાન ક્ષુધાતુર ઉષ્ણ નકી,
કર પાદ અને મુખ લાલ રહે, અભિમાન પિત્તે શૂરવીર કહે. ૧૪૭
કફરૂપ છે ચંદ્ર સમાનજુઓ, કહું પ્રકૃતિ સંશય સર્વ ખૂઓ;
બહુ શીતલ અંગ સુશોભિત છે, કહે સત્ય સદા નિરલોભિત છે. ૧૪૮
હાડસંધિ અને દૃઢ માંસવાળી ત્વક્ સ્નિગ્ધ દીસે રગ છે કૂમળી
ભૂખ શોક તૃષાસમ શાંત રહે, ગુણ સાત્વિક બુદ્ધિ મહંત કહે. ૧૪૯

દોહરો

વાયુ પિત્તને કફ તણા કહ્યા પ્રકૃતિ ભેદ,
તિલકચંદ તર્કે લહો અનુપમ આયુર્વેદ. ૧૫૦

काळज्ञान

દોહરો

પ્રથમ પરીક્ષા એ કરો આયુ છે કે કેમ,
આયુને ઔષધ મળે થાય રોગીને ક્ષેમ. ૧

શાર્દૂલવિક્રીડિત છંદ

રોગીના મુખ નેત્રને કરણ તે સૌમ્ય પ્રસન્ન હશે,
નાસા શ્વાસ વહે બરાબર વળી સુગંધ સારી રસે;
જિહ્વા કોમળ તાવ સ્વેદહીન ને કંઠે ન શ્લેષ્મ કદા,
દાહ સ્વલ્પ ન શીત અંગ મહીં જો સાધ્ય તે રોગી સદા. ૨

સ્વલ્પ આયુષ્યનાં લક્ષણ

જે રોગી જળ મધ્ય બિંબ રવિ કે ચંદ્ર તણા પૂર્વ કે-
પશ્ચિમ દક્ષિણ ઉત્તરે યદિ જુએ છિદ્ર સહિતે થકે;
છ બે એક અનુક્રમે ત્રણ વળી મૃત્યુ દિવસો કહ્યા,
ધૂમ્રે દશ દિન જીવશે નર નક્કી નિશ્ચે કરીને લહ્યા. ૩

વસંતતિલકા છંદ

જો જીભ કે ભ્રુકુટિ નાક તણો અગ્ર ભાગ,
જોતાં જણાય નહિ તે બહુ વિઘ્ન લાગ;
કાને બેઉ કર ધરે યદિ શબ્દ ના'વે,
મૃત્યુ થશે નકી નકી યમપૂર જાવે. ૪

તોટક છંદ

નવ દીન ભ્રુકુટિ ન દેખે કહી, દિન પાંચ રહે નહિ નેત્ર થકિ;
નહિ કર્ણ સુણે દિન સાત રહે, ત્રણ દિવસ નાસિકા અગ્ર કહે. ૫

ભુજંગી છંદ

અકસ્માત જાડો અને સ્થૂળ થાશે, થતો સ્થૂળ તે સૂક્ષ્મ રૂપે જણાશે;
થશે શાંત ક્રોધી અને ક્રોધી શાંત, ખટ માસમાં કાળ મેરે કૃતાંત. ૬
થશે જીભ કાળી હશે મુખ રાતું, નથી જીભથી સ્વાદનું જ્ઞાન થાતું;
યદિ દૈવ રક્ષા કરે જો તથાપિ, નકી મૃત્યુ પામે ન જીવે કદાપિ. ૭

શાર્દૂલવિક્રીડિત છંદ

રાત્રે દાહ બળે અને દિવસમાં ઠંડીજ લાગે બહુ,
કંઠે શ્લેષ્મ મુખે નહિ રુચિ વળી રાતાંજ નેત્રો કહું;
નાડી ઝીણી જણાય ને વળી કદી ફૂલેલી જાડી હશે,
જિહ્વા કાળી કઠોર તે પુરુષનું જાણોજ મૃત્યુ થશે. ૮

છપ્પો

અંગે કાળા ડાઘ દંતપંક્તિઓ કાળી,
નાક સમીપે સાર ઠંડી છે જગા રૂપાળી;
હાથ પગોને કાન હોય જો લૂલાં શીત,
એક આંખ છે લાલ અંગ ઠંડું એ રીત.
ઉષ્ણ શ્વાસ છોડે ઘણો કાર્યાકાર્ય સમજે નહીં,
સ્મરણ પ્રભુ એ ઔષધી યમદ્વારે જાશે સહી. ૯

ભુજંગી છંદ

દીસે શીતને મસ્તકે સ્વેદ ભારે, જુવો ચીકણું અંગ રોગીનું જ્યારે;
કફે રોધીયું કંઠનું દ્વાર એવું, જશે મૃત્યુ પામી યમદ્વાર કે'વું. ૧૦

સોરઠા

શરીર ને સ્વભાવ, બદલાયે અણચિંતવ્યો;
લાગે યમનો દાવ મૃત્યુ થાશે તેહનું. ૧૧

ભુજંગી છંદ

સુણે શબ્દ ઝાઝા કદી નાજ સુણે, સુણે તોય તે ઊલટી વાત સુણે,
અકસ્માત એવો થશે રોગ ભારી, બહુ કષ્ટ વેઠી કરે મૃત્યુ યારી.૧૨

વસંતતિલકા છંદ

ઠંડી જણાય અતિ ઉષ્ણજ વસ્તુ જેને,
ઉષ્ણો બહુ વિધિ તણા શીત લાગે તેને;

તિકતો ગળ્યા અને ગળ્યા કડવા જણાય,
જાણે ન સ્વાદ જીભનો યમપુર જાય. ૧૩

શાર્દૂલવિક્રીડિત છંદ

મારે તો સમજે નહીં અને નહીં મારે પોકારે બહુ,
જાણે ધૂળ થકી ભર્યું નિજ તણું દેખે શરીર સહુ;
સુગંધે દુરગંધ ગંધ ન લહે નાસાનું (જ્ઞાન) જાતું રહ્યું,
તે રોગી યમદ્વાર નિશ્ચય જશે જાણી વિચારી કહ્યું. ૧૪

તોટક છંદ

નિજ અંગ તે રાઇ થકીજ ભર્યું, રૂપ રંગ શરીરનું સર્વ ફર્યું;
જુઓ ચંદન ચર્ચિત અંગ છતાં, નીલમક્ષી ડસે પંચત્વ ગતા. ૧૫

સવૈયા એકત્રીસા

રવિ પ્રકાશ રાત્રે દેખાએ દિવસે ચાંદરણાં દેખંત,
ગાડી, પાલખી, વિમાન, ઘોડા આકાશે દેખે અત્યંત;
પૃથ્વી વસ્ત્ર થકી પથરાઈ વાયુ દેહ ધારી દેખાય,
જાણે લોક સહુ જળની માંહે પડે પડેને ડૂબી જાય. ૧૬
કમળ પાંખડી ખીલ્યા પ્રમાણે દેખે પૃથ્વી ફાટી એમ,
આકાશે તારા ચાંદરણાં નહિ દેખે આંખોથી એમ;
દિવસે નક્ષત્રો આકાશે ભડ ભડ ભડ ભડકે બળતા,
તિલકચંદ રોગીઓ એવા યમદ્વારે દીસે પળતા. ૧૭

વસંતતિલકા છંદ

જે આરસીમહીં નહીં પ્રતિબિંબ દેખે,
છાંયા નહીં નિજ તણી તડકેજ પેખે;
દેખે યદિ પણ નહીં મહુ પૂર્ણ ભાસે,
આરોગ્ય રોગી થઈને યમપુર જાશે. ૧૮

२-पीयूषपाणि

यतो यतः समीहसे ततो नो अभयं
शन्नः कुरु प्रजाभ्योऽभयंनः पशुभ्

હે પરમાત્મન્! જ્યાં જ્યાં અમને ભય હોય
અમારું રક્ષણ કરો. તેવીજ રીતે અમારા પ્રજાજ
પશુપક્ષી આદિ પ્રાણીમાત્રને નિર્ભય કરો. આ
કોઈ પ્રાણી નથી કે, તમારા સ્વરૂપને યથાર્થ જાણી
અમારું માનવું એવું છે કે, તમારા સાન્નિધ્ય વિના
એક પણ કાર્ય બની શકતું નથી. એટલા માટે હે
અમો નિર્ગળ પ્રાણીઓ ઉપર કૃપા કરી રોગ, શોક,
આપત્તિના સમૂહથી અમારું રક્ષણ કરો; તથા અમા
જ્ઞાનનો આવિર્ભાવ કરી, તે જ્ઞાનના પ્રકાશથી અમારા
સન્માર્ગદર્શક થવાય એવા હેતુથી આ આયુર્વેદ નિબ
બીજો ભાગ લખવાની ઇચ્છા ધરાવીએ છીએ તે નિર્વિઘ્
થાઓ. ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સદ્‌ગૃહસ્થો! આપે અમારો લખેલો આયુર્વેદ નિબ
નો પ્રથમ ભાગ જેમાં દશ નિબંધોનો સમાવેશ કરવામાં
છે, તે વાંચ્યા પછી તેને અંતે આયુર્વેદ નિબંધમાળા ભાગ
દિગ્દર્શન વાંચવાથી આપને ખાતરી થઈ હશે કે, આ નિ
માળાના બીજા ભાગમાં જે નિબંધોનો સમાવેશ કરવામાં
વાનો છે, તે વૈદ્યોને મનન કરવા લાયક તથા રોગીના રોગને
વવામાં સહાયભૂત થઈ પડશે. એટલા માટે આ નિબંધમા
બીજા ભાગ વડે આપના કરકમળને શોભાવતાં અમને આ
થાય છે. એ નિબંધોનું અવલોકન કરીને એમાં લખેલા વિચા

વૃક્ષો થકી જેમ પડે ફળ પકવ તૂટી, ૨૬
મૃત્યુ થશે નકી જશે દેહ-પ્રાણ છૂટી.

દોહરા

અતિ પછાડે હાથ પગ, ઘડી ઘડી ચાટે હોઠ, ૨૭
ભૂતપ્રેત સમ બોલતો, પ્રેતરૂપ તે ઠોઠ.
વિષ ખાધા વિણ ઇંદ્રિયના છીદ્ર વાળથી રક્ત, ૨૮
વહે મરે તે તત્ક્ષણે રોગી હોય અશક્ત.

તોટક છંદ

ઓષધ અતિ ઉત્તમ વૈદ્ય કરે, તેમ તેમજ રોગ અતિ ઊભરે;
બળ માંસજ ક્ષીણ થશે ક્રમથી, તજ વૈદ્ય શું કામ મરે છ ગતી? ૨૯

ઉપજાતિ છંદ

નિશદિન નિદ્રા આવે અતિશે, નિશદિન નિદ્રા નિહ નામ દીસે;
વાતો કરંતાં યદિ મોહ પામે, શીઘ્ર જશે તે યમને મુકામે. ૩૦

તોટક છંદ

યક્ષ રાક્ષસ ભૂત પિશાચ અને
નજરે પડે રોગી વિચાર મને;
બળવાન છતાં બચશે ન કદી, ૩૧
ધનવંતરિ રક્ષક હોય યદિ.



२—पीयूषपाणि

यतो यतः समीहसे ततो नो अभयं कुरु ।
शन्नः कुरु प्रजाभ्योऽभयंनः पशुभ्यः ॥

હે પરમાત્મન્! જ્યાં જ્યાં અમને ભય દેખાય ત્યાં ત્યાંથી અમારું રક્ષણ કરો. તેવીજ રીતે અમારા પ્રજાબંધુઓને તથા પશુપક્ષી આદિ પ્રાણીમાત્રને નિર્ભય કરો. આ જગતમાં એવું કોઈ પ્રાણી નથી કે, તમારા સ્વરૂપને યથાર્થ જાણી શકે; પરંતુ અમારું માનવું એવું છે કે, તમારા સાન્નિધ્ય વિના આ જગતમાં એક પણ કાર્ય બની શકતું નથી. એટલા માટે હે જગતપિતા અમો નિર્બળ પ્રાણીઓ ઉપર કૃપા કરી રોગ, શોક, ભય અને આપત્તિના સમૂહથી અમારું રક્ષણ કરો; તથા અમારી બુદ્ધિમાં જ્ઞાનનો આવિર્ભાવ કરી, તે જ્ઞાનના પ્રકાશથી અમારા બંધુઓને સન્માર્ગદર્શક થવાય એવા હેતુથી આ આયુર્વેદ નિબંધમાળાનો બીજો ભાગ લખવાની ઇચ્છા ધરાવીએ છીએ તે નિર્વિઘ્ને સમાપ્ત થાઓ. ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સદ્‌ગૃહસ્થો! આપે અમારો લખેલો આયુર્વેદ નિબંધમાળા-નો પ્રથમ ભાગ જેમાં દશ નિબંધોનો સમાવેશ કરવામાં આવેલો છે, તે વાંચ્યા પછી તેને અંતે આયુર્વેદ નિબંધમાળા ભાગ બીજાનું દિગ્દર્શન વાંચવાથી આપને ખાતરી થઇ હશે કે, આ નિબંધ-માળાના બીજા ભાગમાં જે નિબંધોનો સમાવેશ કરવામાં આવ-નાર છે, તે વૈદ્યોને મનન કરવા લાયક તથા રોગીના રોગને હઠા-વવામાં સહાયભૂત થઇ પડશે. એટલા માટે આ નિબંધમાળાના બીજા ભાગ વડે આપના કરકમળને શોભાવતાં અમને આનંદ થાય છે. એ નિબંધોનું અવલોકન કરીને એમાં લખેલા વિચારોનું

મનન કરવાથી તથા નિદિધ્યાસ રાખવાથી આપ આ જગતમાં
રોગના સમૂહને પાછા હઠાવી રોગીને નિરામય બનાવી, કીર્તિવંત
થઈ, આયુર્વેદના શુદ્ધ સિદ્ધાંતોના હેતુને તથા ગાંભીર્યને ઉજ્જવળ
કરશો. એ સિવાય અમારો બીજો કોઈ પ્રકારનો હેતુ નથી. આયુ-
ર્વેદમાં રોગીને આરોગ્ય આપવા માટે ચિકિત્સાના ચાર પાયા
અને એકેક પાયાની ચાર ચાર કળા મળી, સોળે કળાની સંપૂર્ણ
ચિકિત્સા કરવામાં આવે; અથવા સોળે કળાનો યોગ એકત્ર થાય
તો એક વાર અસાધ્ય અને આમરણાન્ત રોગી પણ સાધ્ય અને
નીરોગી થઇ શકે છે. તે પ્રમાણે ચિકિત્સાના ચાર પાયા પૈકી
વૈદ્ય એ પ્રથમ પાયો છે. અને એટલા માટે વૃદ્ધત્રયી અને લઘુ-
ત્રયીનાં આયુર્વેદપ્રણિત પુસ્તકોમાં વૈદ્યનાં લક્ષણ કેવાં જોઇએ,
તેનું યથાર્થ વર્ણન ભાર મૂકીને કરવામાં આવ્યું છે. પરંતુ વર્ત-
માનકાળના વૈદ્યનાં લક્ષણ પૈકી કેટલાં લક્ષણ તેણે પ્રાપ્ત કરેલાં
છે, તેની પરીક્ષા કરવાનું સાધન નહિ હોવાથી દરેક વૈદ્યરાજોને
અમે વિનંતિ કરીએ છીએ કે, પોતાના અહંભાવનો ત્યાગ કરી
પોતે પોતાની પરીક્ષા કરી લેવી કે, અમારા ધારવા પ્રમાણે અને
વૈદ્યજીવનના લખવા પ્રમાણે ગુરુ પાસે વિદ્યા ભણેલો, જેના હાથ-
માં અમૃત હોય એવો, ક્રિયામાં કુશળ, સ્પૃહા વિનાનો એટલે
લોભ વિનાનો, કૃપાળુ અને ધૈર્યવાન, એટલા ગુણો જેનામાં ઉત્પન્ન
થયા હોય તેજ સદ્વૈદ્ય ગણાય છે એટલા માટે આ બધા ગુણો
પૈકી "પીયૂષપાણિ" એટલે જેના હાથમાં અમૃત છે તેજ
વૈદ્ય રોગીને સારા કરી શકે છે. માટે જેના હાથમાં અમૃત નથી
તે વૈદે પોતાના હાથમાં અમૃત લાવવું જોઈએ. તે અમૃત લાવવા
વૈદે લોભરહિત, ધીરજવાન અને કૃપાળુ બુદ્ધિવાળા થવાની જરૂર છે.
વર્તમાનકાળમાં આયુર્વેદ ઉપર તથા આયુર્વેદના અભ્યા-
સી વૈદ્યરાજો ઉપર પશ્ચિમના ચિકિત્સાપાગે એવો પ્રબળ હલ્લો

છે કે, જેમ તેજસ્વી પુરુષની સમીપમાં જતાં દીન-હીન પુરુષને ગ્લાનિ ઉત્પન્ન થાય છે અને તેને ઓજસવાન તેજસ્વી પુરુષ જે વાત કહે તે સત્ય માની ગ્રહણ કરવી પડે છે, તેમ પશ્ચિમની વિદ્યામાં એટલું બધું ઓજસ જોવામાં આવે છે કે, મોટા મોટા આયુર્વેદાચાર્યો પણ તેના ઓજસમાં દબાઇને તેની ચિકિત્સાને માન્ય કરતા જણાય છે. જો કે હાલમાં કેટલાક આયુર્વેદાભિજ્ઞ પંડિતો તેના ઓજસમાંથી છૂટવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ તેટલું ઓજસ પોતાનામાં નહિ હોવાથી ઘણી વાતમાં દબાવું પડે છે. જ્યારે આયુર્વેદના જ્ઞાતા પંડિતોની આવી દશા છે તો પછી થોડુંઘણું જાણીને રાજવૈદ્ય કે વૈદરાજ નામ ધરાવનારા વૈદ્યોને પાછા હઠવું પડે એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી એટલા માટે અમારે કહેવું પડે છે. કે, વૈદ્યોએ પ્રભાવશાળી વૈદ્ય થવા માટે પોતાના ઓજસને વધારવા સારુ પ્રયત્નવાન થવાની જરૂર છે.

આપણા દેશમાં આજકાલ વૈદ્યોનો ધંધો પાછો હઠતો જાય છે અને છેલ્લે એવી કહેવત સુધીની અમારી અવસ્થા થયેલી છે કે, "ન આવડે ભીખ, તો વૈદું શીખ" આવા ઉપનામને લાયક અમે થતા જઈએ છીએ અને થયા છીએ. તેમાંથી બહાર નીકળી એ કલંકને ભૂંસી નાખી, "वैद्यो नारायणो हरिः" એ કહેવત સુધી પહોંચવાની વૈદકનો ધંધો કરનારા દરેક વૈદ્યની ફરજ છે. પણ જ્યાં સુધી મનુષ્ય પોતે પોતાની ભૂલને સમજે નહિ, પણ પોતે જે કરે છે તે વાજબી કરે છે અથવા તેમ કરવાનો પોતાનો હક્ક કે અધિકાર છે એમ માને છે, ત્યાં સુધી તેને સુધરવાની આશા રાખી શકાતી નથી. એટલા માટે અમારા વિચાર તથા અનુભવ પ્રમાણે દરેક વૈદરાજે પોતાની ચાલતી રૂઢિમાં ફેરફાર કરી, પોતાના હાથમાં અમૃતનો કુંભ કેમ ઉત્પન્ન થાય તેની પ્રક્રિયા જાણી, તે મેળવવાને પ્રયત્નવાન થવાની ખાસ જરૂર છે

મનન કરવાથી તથા નિદિધ્યાસ રાખવાથી આપ આ જગતમાં રાગના સમૂહને પાછા હઠાવી રાગીને નિરામય બનાવી, કીર્તિવંત થઈ, આયુર્વેદના શુદ્ધ સિદ્ધાંતોના હેતુને તથા ગાંભીર્યને ઉજ્જવળ કરશો. એ સિવાય અમારો બીજો કોઈ પ્રકારનો હેતુ નથી. આયુર્વેદમાં રાગીને આરોગ્ય આપવા માટે ચિકિત્સાના ચાર પાયા અને એકેક પાયાની ચાર ચાર કળા મળી, સોળે કળાની સંપૂર્ણ ચિકિત્સા કરવામાં આવે; અથવા સોળે કળાનો યોગ એકત્ર થાય તો એક વાર અસાધ્ય અને આમરણાન્ત રાગી પણ સાધ્ય અને નીરાગી થઇ શકે છે. તે પ્રમાણે ચિકિત્સાના ચાર પાયા પૈકી વૈદ્ય એ પ્રથમ પાયો છે. અને એટલા માટે વૃદ્ધત્રયી અને લઘુત્રયીનાં આયુર્વેદપ્રણિત પુસ્તકોમાં વૈદ્યનાં લક્ષણ કેવાં જોઇએ, તેનું યથાર્થ વર્ણન ભાર મૂકીને કરવામાં આવ્યું છે. પરંતુ વર્તમાનકાળના વૈદ્યનાં લક્ષણ પૈકી કેટલાં લક્ષણ તેણે પ્રાપ્ત કરેલાં છે, તેની પરીક્ષા કરવાનું સાધન નહિ હોવાથી દરેક વૈદ્યરાજોને અમે વિનંતિ કરીએ છીએ કે, પોતાના અહંભાવનો ત્યાગ કરી પોતે પોતાની પરીક્ષા કરી લેવી કે, અમારા ધારવા પ્રમાણે અને વૈદ્યજીવનના લખવા પ્રમાણે ગુરુ પાસે વિદ્યા ભણેલો, જેના હાથમાં અમૃત હોય એવો, ક્રિયામાં કુશળ, સ્પૃહા વિનાનો એટલે લોભ વિનાનો, કૃપાળુ અને ધૈર્યવાન, એટલા ગુણો જેનામાં ઉપસ્થિત થયા હોય તેજ સદ્વૈદ્ય ગણાય છે. એટલા માટે આ બધા ગુણો પૈકી "પીયૂષપાણિ" એટલે જેના હાથમાં અમૃત છે તેજ વૈદ્ય રાગીને સારા કરી શકે છે. માટે જેના હાથમાં અમૃત નથી તે વૈદે પોતાના હાથમાં અમૃત લાવવું જોઈએ. તે અમૃત લાવવા વૈદે લોભરહિત, ધીરજવાન અને કૃપાળુ બુદ્ધિવાળા થવાની જરૂર છે.

વર્તમાનકાળમાં આયુર્વેદ ઉપર તથા આયુર્વેદના જાણકારી વૈદ્યરાજો ઉપર પશ્ચિમના ચિકિત્સાશાસ્ત્રે એવો પ્રબળ જમાવ્યો

છે કે, જેમ તેજસ્વી પુરુષની સમીપમાં જતાં દીન-હીન પુરુષને ગ્લાનિ ઉત્પન્ન થાય છે અને તેને ઓજસ્વાન તેજસ્વી પુરુષ જે વાત કહે તે સત્ય માની ગ્રહણ કરવી પડે છે, તેમ પશ્ચિમની વિદ્યામાં એટલું બધું ઓજસ દેખાવામાં આવે છે કે, મોટા મોટા આયુર્વેદાચાર્યો પણ તેના ઓજસમાં અંજાઈને તેની ચિકિત્સાને માન્ય કરવા લલચાય છે. એ કે હાલમાં કેટલાક આયુર્વેદવિશારદ પંડિતો તેના ઓજસમાંથી છૂટવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ તેટલું ઓજસ પોતાનામાં નહિ હોવાથી પછી વાતમાં [illegible] પડે છે. જ્યારે આયુર્વેદના જ્ઞાતા પંડિતોની આવી દશા છે તો પછી થોડુંઘણું ભણીને રાજવૈદ્ય કે વૈદરાજ નામ ધરાવનારા વૈદ્યોને પાછા હઠવું પડે એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. એટલા માટે અમારે કહેવું પડે છે કે, વૈદ્યોએ પ્રમાદમાંથી [illegible] માટે પોતાના ઓજસને વધારવા માટે પ્રયત્નવાન થવાની જરૂર છે.

આપણા દેશમાં આજકા[illegible] છે અને છેવટે એવી કહેવત [illegible] કે, "ન આવડે ભીખ, તો [illegible] છો વૈદનો ધંધ[illegible] લાયક અમે થતા જઈએ છીએ [illegible] નીકળી એ કલંકને ભૂંસી નાખી, એ કહેવત સુધી પહોંચવાની વૈદકનો ધ[illegible] ફરજ છે. પણ જ્યાં સુધી મનુષ્ય પોતે પોતા[illegible] નહિ, પણ પોતે જે કરે છે તે વાજબી કરે છે અથવા તે પોતાનો હક્ક કે અધિકાર છે એમ માને છે, ત્યાં સુધી તે [illegible]રવાની આશા રાખી શકાતી નથી. એટલા માટે અમારા વિચાર તથા અનુભવ પ્રમાણે દરેક વૈદ્યરાજે પોતાની ચાલતી રૂઢિમાં ફેરફાર કરી, પોતાના હાથમાં અમૃતનો કુંભ કેમ ઉત્પન્ન થાય તેની પ્રક્રિયા જાણી, તે મેળવવાને પ્રયત્નવાન થવાની ખાસ જરૂર છે

એટલા માટે દેશી વૈદું કરનારા દરેક વૈદ્યરાજને અમારી ભલામણ છે કે, આપણામાં આપણને પાછા હઠાવવા માટેના અને હાથમાંનું થોડુંઘણું અમૃત હોય તે ઢોળાવી નાખવાના કારણભૂત આપણી જે અવિદ્યા છે, તેને છોડવાનો પ્રયત્ન કરવાની આપણી સર્વની ફરજ છે. મારા અનુભવ પ્રમાણે દેશી વૈદકને દબાવવાનાં, પાછા હઠાવવાનાં અને અપકીર્તિ મેળવવાનાં પાંચ કારણો ઉપસ્થિત થયેલાં છે. એ પાંચ કારણોનો પ્રતિરોધ કરવામાં આવે, તો જરૂર વૈદ્યોના હાથમાં છલાછલ ભરેલો અમૃતકુંભ આવી જાય. તે પાંચ કારણ તરફ અમારા વૈદ્યરાજોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

૧. અમારા ગુજરાતમાં ઘણા વૈદ્યો માત્ર નાડીપરીક્ષા, કાળજ્ઞાન અને યોગશત ભણી ગુરુમુખથી પાંચદશ જાતનાં ઓસડો જાણ્યાં એટલે વૈદ્ય બની જાય છે. ઘણાજ થોડા વૈદ્યો ત્રિપદ, ચિકિત્સાસાર કે શારંગધરના અભ્યાસી હોય છે. પરંતુ અમારું માનવું એવું છે કે, જે વૈદ્યરાજે વૈદકના ધંધામાં સંપૂર્ણ જ્ઞાન મેળવવું હોય, તેણે આદ્યોપાન્ત ભાવપ્રકાશનું અધ્યયન કરવું જોઈએ; અને જેને અધ્યયન કરવાનો અવકાશ ન હોય તો ભાવપ્રકાશને ઘણી વાર વાંચીને તેનું મનન કરવું જોઈએ. કારણ કે ભાવપ્રકાશ એક એવો ગ્રંથ છે કે, જેમાં વૃદ્ધત્રયી, લઘુત્રયી અને રસવિદ્યાનો સારાંશ આવી જાય છે. એટલા માટે વૈદ્યોનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું એ વૈદ્યોનું પ્રથમ કર્તવ્ય છે.

૨. કેટલાક વૈદ્યો પોતાના વિદ્યાર્થીઓને વૈદક શીખવી દવા બતાવે છે. પરંતુ તેમને પોતાને ઘેર ગયા પછી (દવા બનાવતાં આવડતી નહિ હોવાથી) ક્રિયામાં મૂંઝવણ ઉભી થાય છે એટલા માટે દરેક વૈદ્યરાજે વિદ્યાર્થીના અભ્યાસકાળનાં વર્ષો પૂરાં થયા પછી તે વિદ્યાર્થીને પોતાને ઘેર જઈ ઔષધ બનાવે ત્યાં સુધી માટે ફી.ને ત્યાં જેટલી ઔષધિ વપરાતી હોય તેટલી ફી.ની રેખદેખ રાખે

તૈયાર કરાવી વિદ્યાર્થીને પોતાનું દવાખાનું ગોઠવવાની સગવ[illegible]
કરી આપવી જોઈએ, જે હાલમાં નથી.

૩. કેટલાક વૈદ્યોનો એવો ધારો છે કે, દર્દી પોતાના હાથમાં આવ્યા પછી દર્દીને કહેશે કે, તમારે માટે અમુક દવા બનાવવી પડશે માટે તેના ખર્ચના અમુક રૂપિયા આપો. જો એ પ્રમાણે દર્દી પાંચપચાસ કે સો રૂપિયા આપે અને વૈદ્ય તે પ્રમાણે દવા બનાવે, પણ તે દવા તે રોગીને અનુકૂળ ન પડે, એટલે "વૈદ્ય મારા આટલા રૂપિયા ખાઇ ગયો." એવો અપવાદ વૈદ્ય ઉપર આવવાથી આયુર્વેદની ચિકિત્સાને એક કદમ પાછા હઠવું પડે છે.

૪. કેટલાક વૈદ્યોનો એવો નિયમ છે કે, રોગીને જોઇને તેના રોગની અમુક કિંમત ઠરાવી, ઠરાવેલા ઊધડા રૂપિયામાંથી અર્ધા રૂપિયા આગળથી લઇ, અર્ધા રૂપિયા સારું થયા પછી લેવાની શરતે તેના રોગની ચિકિત્સા કરવાનો આરંભ કરે છે. તે આરંભ કર્યા પછી ઠરાવેલી મુદતમાં તે રોગ સારો ન થાય, તો રોગી કહેશે કે, મારા આટલા રૂપિયા ફલાણો વૈદ્ય ખાઇ ગયો! અને જો સારું થાય તો પાછળના રૂપિયા આપવાને માટે રોગી બહાનાં શોધશે અને કહેશે કે, તમારી દવાથી મને કાંઇ સારું થયું નહિ, પણ ફલાણા દેવની બાધા રાખી, ફલાણા સાધુએ દોરો કરી આપ્યો, ફલાણાએ એક ઝાડનું મૂળિયું બતાવ્યું, તેથી મારો રોગ માત્ર આઠ દિવસમાં જતો રહ્યો! એમ કરીને પાછળના રૂપિયા આપવાનું વાંકું બોલે છે, જેથી વૈમનસ્ય ઉત્પન્ન થઇ તે રોગી તે વૈદ્યનો ઉપકાર માનવાને બદલે નિંદા કરનારો થઈ પડે છે, જેથી આયુર્વેદની ચિકિત્સાને થોડું પાછું હઠવું પડે છે.

૫. કેટલાક વૈદ્યોનો એવો ધારો છે કે, રોગીને પોતાની ચિકિત્સાથી આરામ થતો જાણીને પાછળથી ઇનામ લેવાની લાલસા

એટલા માટે દેશી વૈદું કરનારા દરેક વૈદ્યરાજને અમારી ભલામણ છે કે, આપણામાં આપણને પાછા હઠાવવા માટેના અને હાથમાંનું થોડુંઘણું અમૃત હોય તે ઢોળાવી નાખવાના કારણભૂત આપણી જે અવિદ્યા છે, તેને છોડવાનો પ્રયત્ન કરવાની આપણી સર્વની ફરજ છે. મારા અનુભવ પ્રમાણે દેશી વૈદકને હણાવવાનાં, પાછા હઠાવવાનાં અને અપકીર્તિ મેળવવાનાં પાંચ કારણો ઉપસ્થિત થયેલાં છે. એ પાંચ કારણોનો પ્રતિરોધ કરવામાં આવે, તો જરૂર વૈદ્યોના હાથમાં છલાછલ ભરેલો અમૃતકુંભ આવી જાય. તે પાંચ કારણ તરફ અમારા વૈદ્યરાજોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

૧. અમારા ગુજરાતમાં ઘણા વૈદ્યો માત્ર નાડીપરીક્ષા, કાળજ્ઞાન અને યોગશત ભણી ગુરુમુખથી પંચદશ જાતનાં ઓસડો જાણ્યાં એટલે વૈદ્ય બની જાય છે. ઘણાજ થોડા વૈદ્યો ત્રિશતી, ચિકિત્સાસાર કે શારંગધરના અભ્યાસી હોય છે. પરંતુ અમારું માનવું એવું છે કે, જે વૈદ્યરાજે વૈદકના ધંધામાં સંપૂર્ણ જ્ઞાન મેળવવું હોય, તેણે આદ્યોપાન્ત ભાવપ્રકાશનું અધ્યયન કરવું જોઈએ; અને જેને અધ્યયન કરવાનો અવકાશ ન હોય તેણે ભાવપ્રકાશને ઘણી વાર વાંચીને તેનું મનન કરવું જોઈએ. કારણ કે ભાવપ્રકાશ એક એવો સંગ્રહગ્રંથ છે કે, જેમાં વૃદ્ધત્રયી, લઘુત્રયી અને રસવિદ્યાનો સારાંશ આવી જાય છે. એટલા માટે વૈદ્યકનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું એ વૈદ્યોનું પ્રથમ કર્તવ્ય છે.

૨. કેટલાક વૈદ્યો પોતાના વિદ્યાર્થીઓને વૈદક શીખવી દવા બતાવે છે. પરંતુ તેમને પોતાને ઘેર ગયા પછી (દવા બનાવવામાં જોયેલી નહિ હોવાથી) ક્રિયામાં ગૂંચવાડો ઊભો થાય છે. એટલા માટે દરેક વૈદ્યરાજે વિદ્યાર્થીના અભ્યાસક્રમનાં વર્ષો પૂરાં થયા પછી તે વિદ્યાર્થીને પોતાને ઘેર જઈ [illegible] ત્યાં જેટલી ઓષધિ વપરાતી હોય તેટલી [illegible]

તૈયાર કરાવી વિદ્યાર્થીને પોતાનું દવાખાનું ગોઠવવાની સગવડ કરી આપવી જોઈએ, જે હાલમાં નથી.

૩. કેટલાક વૈદ્યોનો એવો ધારો છે કે, દર્દી પોતાના હાથમાં આવ્યા પછી દર્દીને કહેશે કે, તમારે માટે અમુક દવા બનાવવી પડશે માટે તેના ખર્ચના અમુક રૂપિયા આપો. જો એ પ્રમાણે દર્દી પાંચપચાસ કે સો રૂપિયા આપે અને વૈદ્ય તે પ્રમાણે દવા બનાવે, પણ તે દવા તે રોગીને અનુકૂળ ન પડે, એટલે "વૈદ્ય મારા આટલા રૂપિયા ખાઈ ગયો." એવો અપવાદ વૈદ્ય ઉપર આવવાથી આયુર્વેદની ચિકિત્સાને એક કદમ પાછા હઠવું પડે છે.

૪. કેટલાક વૈદ્યોનો એવો નિયમ છે કે, રોગીને જોઈને તેના રોગની અમુક કિંમત ઠરાવી, ઠરાવેલા ઊધડા રૂપિયામાંથી અર્ધા રૂપિયા આગળથી લઈ, અધો રૂપિયા સારું થયા પછી લેવાની શરતે તેના રોગની ચિકિત્સા કરવાનો આરંભ કરે છે. તે આરંભ કર્યા પછી ઠરાવેલી મુદતમાં તે રોગ સારો ન થાય, તો રોગી કહેશે કે, મારા આટલા રૂપિયા ફલાણો વૈદ્ય ખાઈ ગયો! અને જો સારું થાય તો પાછળના રૂપિયા આપવાને માટે રોગી બહાનાં શોધશે અને કહેશે કે, તમારી દવાથી મને કાંઈ સારું થયું નહિ, પણ ફલાણા દેવની બાધા રાખી, ફલાણા સાધુએ દોરો કરી આપ્યો, ફલાણાએ એક આડનું મૂળિયું બતાવ્યું, તેથી મારો રોગ માત્ર આઠ દિવસમાં જતો રહ્યો! એમ કરીને પાછળના રૂપિયા આપવા વાંકું બોલે છે, જેથી વૈમનસ્ય ઉત્પન્ન થઈ તે રોગી તે વૈદ્યનો ઉ... કાર માનવાને બદલે નિંદા કરનારો થઈ પડે છે, જેથી આયુર્વેદ ચિકિત્સાને થોડું પાછું હઠવું પડે છે.

૫. કેટલાક વૈદ્યોનો એવો ધારો છે કે, રોગીને ... કિત્સાથી આરામ થતો જાણીને પાછળથી ઇનામ લેવાની ...

રાખે છે; અને રોગીના ઇષ્ટમિત્રોની ભલામણો પહોંચાડીને ઇનામ મેળવે છે; જેના પરિણામે આયુર્વેદની ચિકિત્સાને અપકીર્તિ મળે છે.

આ પાંચ કારણો પૈકી એક પણ કારણ એવું નથી કે જેની ઉપેક્ષા કરી શકાય. દાખલા તરીકે એક વૈદનો એવો નિયમ હોય કે, દર્દીને ઘેર જઈ તપાસવાની ફી દર ફેરાનો એક રૂપિયો હોય અને દવાના રોજના બે આના લેવાના હોય; અને બીજા વૈદ્યનો એવો નિયમ છે કે દર્દીની સાથે પઠુણ કરીને અર્ધા રૂપિયા આગળથી લેવાના હોય. હવે ધારો કે એક મહોલ્લામાં બે દર્દીઓ છે; તે બેઉ દર્દીને ત્યાં જુદા જુદા નિયમવાળા બેઉ વૈદ્યો પોતાની ચિકિત્સા ચલાવે છે. તેમાં પઠુણ કરનાર વૈદ્યે તે દર્દી પાસે સો રૂપિયા ઠરાવી, પચાસ રૂપિયા આગળથી લઈ, બીજા પચાસ સારું થયેથી લેવાની આશાએ કાળજીપૂર્વક, નિયમસર દરરોજ એક વખત દર્દીને તપાસી સારામાં સારું ઓષધ તે દર્દીને આપે છે. બીજા વૈદ્ય દરરોજ પોતાની ફીનો એક રૂપિયો તથા દવાના બે આના લઈ, કાળજીપૂર્વક સારામાં સારી દવા આપે છે. પરંતુ તે બેઉ પ્રકૃતિના વૈદ્યે કાળજીપૂર્વક ઓસડ કરવા છતાં દૈવેચ્છાથી બેઉ દર્દી સારા થયા નહિ, પરંતુ તેમને બીજા વૈદ્યની સારવારમાં જવું પડ્યું. પણ તેનું ફળ એવું નીવડે છે કે, જે વૈદ્યે માત્ર ફી અને દવાના પૈસા લઈને દવા કરી છે, તેને માટે તે દર્દી અને તેની આસપાસના ટોળામાં (જો કે તે વૈદ્યને બે મહિનામાં ૬૮ રૂપિયા પહોંચ્યા છતાં) એવું કહેવામાં આવે છે કે, વૈદરાજે ઘણી મહેનત કરી, ઘણાં સારાં ઓષધ બદલ્યાં છતાં આપણા કમભાગ્યને લીધે આપણને સારું થયું નહિ, એ વૈદરાજનો કિંચિત્ દોષ નથી. માટે બીજી વાર કામ પડે તો આપણે એજ વૈદરાજને તેડાવવા. બીજી તરફ જે વૈદ્યે પચાસ રૂપિયા આગળથી લીધા છે અને તેણે પણ તેટલી જ મહેનત કરી છે, છતાં રોગી અને તેના સંબંધીઓ [illegible]

વાના કે વૈદ્ય અમારા પચાસ રૂપિયા ખાઈ ગયો ! માટે હવેથી એ વૈદ્ય સાથે આપણે કામ પાડવું નહિ. એવી રીતે દરદની કિંમત ઠરાવી અધો રૂપિયા આગળથી લેનાર વૈદ્યને અપકીર્તિના ભોગ થવું પડે છે. તેમજ જે વૈદ્યો ઇનામની આશા રાખનારા છે, તે વૈદ્યોની દશા એવી થાય છે કે, જરા જરા દર્દીને ફેર પડવા માંડે એટલે તેને તથા તેનાં સગાંને તથા તેના મિત્રોને અને તેના મુની-મને એમ કહેવાનો આરંભ કરે છે કે, જુઓ સાહેબ ! આ રોગ ઘણો ભયંકર છે, પણ એને હુંજ સારા કરી શકું એમ છું. એમને માટે હું જે દવા વાપરું છું તે ઘણીજ કીમતી છે; એટલા માટે શેઠ સાહેબને સારું થયા પછી, મારે માટે કાંઈ યાદગારી કે ઇનામની ગોઠવણ કરશો અથવા કરાવશો. થાય છે એમ કે, તે રોગી સારો થાય છે અને વૈદ્યરાજને ઇનામ મળે છે. પણ તે ઇનામ ઉપર ચાર જણાનો સરખો દાવો લાગુ પડે છે. ચાર પૈકી દરેક માણસ જુદે જુદે વખતે વૈદ્યને માથે ભાર મૂકે છે કે વૈદ્યરાજ ! આ ઇનામ મેંજ અપાવ્યું છે ! હું ન હોત તો શેઠ એક પાઇ પણ આપે એમ હતું નહિ. તે વખતે તો વૈદ્યરાજને તે ઇનામ ઘણું ગળ્યું ગળ્યું લાગે છે, પણ કામ પૂરું થયા પછી તે ઇનામ અપાવનારાઓ ઇનામના બદલામાં વૈદ્ય પાસે જે કામ કાઢી લેવા માગે છે, તે વખતે વગર પૈસે સપાડામાં કામ કરતાં વૈદ્યને કડવું ઝેર લાગે છે. અને જરા જો બેદરકારી બતાવી તો ચારે જણ વૈદ્યની નિંદા કરવા લાગી જાય છે. જેથી બીજી વખત તે વૈદ્યને બોલાવતાં કચવાય છે અથવા કોઈ બોલાવતો હોય તો ઝટ કહેશે કે, વૈદ્ય તો ઘણો લોભિયો છે. એવી રીતે ઇનામ લેનારની પણ કીર્તિ વધતી નથી. માટે અમારો અનુભવ એવો છે કે, વર્તમાનકાળમાં દરેક ધંધામાં ઉપરની ટાપટીપ અને આડંબર અંગ્રેજી ઢબ પર રાખવામાં આવે છે, અને અંદરની રીતભાતમાં દેશી પદ્ધતિ રાખવા-

રાખે છે; અને રોગીના દંભમિત્રોની ભલામણો પહોંચાડીને ઇનામ ગોળવે છે; જેના પરિણામે આયુર્વેદની ચિકિત્સાને અપકીર્તિ મળે છે.

આ પાંચ કારણો પૈકી એક પણ કારણ એવું નથી કે જેની ઉપેક્ષા કરી શકાય. દાખલા તરીકે એક વૈદનો એવો નિયમ હોય કે, દર્દીને ઘેર જઈ તપાસવાની ફી દર ફેરાનો એક રૂપિયો હોય અને દવાના રોજના બે આના લેવાના હોય; અને બીજા વૈદ્યનો એવો નિયમ છે કે દર્દીની સાથે પહુણ કરીને અર્ધા રૂપિયા આગળથી લેવાના હોય. હવે ધારો કે એક મહોલ્લામાં બે દર્દીઓ છે; તે બેઉ દર્દીને ત્યાં જુદા જુદા નિયમવાળા બેઉ વૈદ્યો પોતાની ચિકિત્સા ચલાવે છે. તેમાં પહુણ કરનાર વૈદ્યે તે દર્દી પાસે સો રૂપિયા ઠરાવી, પચાસ રૂપિયા આગળથી લઈ, બીજા પચાસ સારું થયેથી લેવાની આશાએ કાળજીપૂર્વક, નિયમસર દરરોજ એક વખત દર્દીને તપાસી સારામાં સારું ઔષધ તે દર્દીને આપે છે. બીજો વૈદ્ય દરરોજ પોતાની ફીનો એક રૂપિયો તથા દવાના બે આના લઈ, કાળજીપૂર્વક સારામાં સારી દવા આપે છે. પરંતુ તે બેઉ પ્રકૃતિન વૈદ્યે કાળજીપૂર્વક ઓસડ કરવા છતાં દૈવેચ્છાથી બેઉ દર્દી સા- થયા નહિ, પરંતુ તેમને બીજા વૈદ્યની સારવારમાં જવું પડ્યું. પણ તેનું ફળ એવું નીવડે છે કે, જે વૈદ્યે માત્ર ફી અને દવાના પૈસા લઈને દવા કરી છે, તેને માટે તે દર્દી અને તેની આસપાસના લોકોમાં (જો કે તે વૈદ્યને બે મહિનામાં ૬૮ રૂપિયા પહોંચ્યા છતાં) એવું કહેવામાં આવે છે કે, વૈદરાજે ઘણી મહેનત કરી, સારાં સારાં ઔષધ બદલ્યાં છતાં આપણા કમભાગ્યને લીધે આપણને સારું થયું નહિ, એ વૈદ્યરાજમાં બિલકુલ લોભ નથી. માટે બીજી વાર કામ પડે તો આપણે એજ વૈદ્યરાજને બોલાવવા. બીજી તરફ જે વૈદ્યે પચાસ રૂપિયા આગળથી લીધા છે અને તેણે પણ તેટલી જ મહેનત કરી છે, છતાં રોગી અને તેના સંબંધીઓ એવુંજ કહે-

વાના કે વૈદ્ય અમારા પચાસ રૂપિયા ખાઈ ગયો! માટે હવેથી એ
વૈદ્ય સાથે આપણે કામ પાડવું નહિ. એવી રીતે દરદની કિંમત
ઠરાવી અધો રૂપિયા આગળથી લેનાર વૈદ્યને અપકીર્તિના ભોગ
થવું પડે છે. તેમજ જે વૈદ્યો ઈનામની આશા રાખનારા છે, તે
વૈદ્યોની દશા એવી થાય છે કે, જરા જરા દર્દીને ફેર પડવા માંડે
એટલે તેને તથા તેનાં સગાંને તથા તેના મિત્રોને અને તેના મુની-
મને એમ કહેવાનો આરંભ કરે છે કે, જુઓ સાહેબ! આ રોગ
ઘણો ભયંકર છે, પણ એને હુંજ સારા કરી શકું એમ છું. એમને
માટે હું જે દવા વાપરું છું તે ઘણીજ કીમતી છે; એટલા માટે
શેઠ સાહેબને સારું થયા પછી, મારે માટે કાંઈ યાદગારી કે ઈના-
મની ગોઠવણ કરશો અથવા કરાવશો. થાય છે એમ કે, તે રોગી
સારો થાય છે અને વૈદ્યરાજને ઈનામ મળે છે. પણ તે ઈનામ
ઉપર ચાર જણાનો સરખો દાવો લાગુ પડે છે. ચાર પૈકી દરેક
માણસ જુદે જુદે વખતે વૈદ્યને માથે ભાર મૂકે છે કે વૈદ્યરાજ!
આ ઈનામ મેંજ અપાવ્યું છે! હું ન હોત તો શેઠ એક પાઈ
પણ આપે એમ હતું નહિ. તે વખતે તો વૈદ્યરાજને તે ઈનામ ઘણું
ગળ્યું ગળ્યું લાગે છે, પણ કામ પૂરું થયા પછી તે ઈનામ અપા-
વનારાઓ ઈનામના બદલામાં વૈદ્ય પાસે જે કામ કાઢી લેવા માગે
છે, તે વખતે વગર પૈસે સપાડામાં કામ કરતાં વૈદ્યને કડવું ઝેર
લાગે છે. અને જરા જો બેદરકારી બતાવી તો ચારે જણ વૈદ્યની
નિંદા કરવા લાગી જાય છે. જેથી બીજી વખત તે વૈદ્યને બોલાવ-
તાં કચવાય છે અથવા કોઈ બોલાવતો હોય તો ઝટ કહેશે કે, વૈદ્ય
તો ઘણો લોભિયો છે. એવી રીતે ઈનામ લેનારની પણ કીર્તિ વધતી
નથી. માટે અમારો અનુભવ એવો છે કે, વર્તમાનકાળમાં દરેક
ધંધામાં ઉપરની ટાપટીપ અને આડંબર અંગ્રેજી ઢબ પર રાખ-
વામાં આવે છે, અને અંદરની રીતભાતમાં દેશી પદ્ધતિ રાખવા-

ધર્મ તરીકે મૂળ પ્રકૃતિમાં રહેલા પરમાણુ પોતપોતાના કર્મની
સ્થિતિ પરિપક્વ દશાને પામતાં, તે પરમાણુઓ પોતાના ધર્માનુ-
સાર ખરતા જાય છે અને બીજા પરમાણુઓ આવીને વળગતા
જાય છે એ ક્રિયાને લીધેજ પ્રાણીમાત્ર વૃદ્ધિ પામી વધે છે, સ્થિર-
તા પામી સ્થિર રહે છે, અને હીનત્વ પામી નાશ પામે છે. એટલા
ઉપરથી એવો સિદ્ધાન્ત થાય છે કે, સૂક્ષ્મ શરીરના એટલે વાસ-
નાલિંગના સ્વભાવ પ્રમાણે અથવા ધર્મ પ્રમાણે અથવા કાર્ય
પ્રમાણે અથવા વિચાર પ્રમાણે, શરીરમાંથી અહોનિશ એક જાત-
ના પરમાણુનો છૂટો પડેલો પ્રવાહ વહી જાય છે અને તે સ્થાન
જોઈતા સ્વજાતીય પરમાણુઓ ખાલી પડયા હોય છે, ત્યાં ત્યાં
તે જાતના પરમાણુઓ વળગે છે. પાંચ તન્માત્રાઓ અને ચાર
અંતઃકરણ એ નવ તત્ત્વના બનેલા વાસનાલિંગમાં મન એ પ્રાધા
ન્ય ભોગવે છે; અને તે મન આખા શરીરતંત્રને પોતાની મરજીમાં
આવે તેમ ચલાવવાને અધિકારી છે. એટલે આત્માની આસપાસ-
ના સૂક્ષ્મ શરીરમાં પૂર્વજન્મના કૃતકર્મને યોગે જે પરમાણુઓ
સૂક્ષ્મ સાથે આવેલા હોય છે, તેમને અનુકૂળ મન, બુદ્ધિ અને ચિ
બીજા પરમાણુને ખેંચી તેને યોગ્ય સ્થાનકે ગોઠવે છે. તેવી રી
શરીરમાંથી છૂટા પડેલા પરમાણુને મન, બુદ્ધિ, ચિત્ત અને અહ-
કાર મળીને બહાર ફેંકવાનું કામ બજાવે છે. પરન્તુ જેમ આપણા
ઘરમાં પડેલો કચરો સાવરણીથી વાળી ઘરની બહાર ઉડાવી દઈ
શકાય છે, તેમ તે કચરાને યોગ્ય સ્થાને નાખવામાં પણ આવે છે.
પરન્તુ જો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની એકતા સિવાય
કચરો વાળવામાં આવે, તો તે કચરો ઘરની બહાર ગમે ત્
...પણ જો મન, બુદ્ધિ, ચિત્તની એકતા
કચરો યોગ્ય સ્થાનકે ચોકસી થ
કચરો કાઢવાનું કામ

બુદ્ધિ, ચિત્ત અને અહંકારની એકતા વિના કરવામાં આવે ત્યારે તે કચરો ગમે તેમ ઉડાવી દેવામાં આવે છે, તેથી તેનું પરિણામ આપણને સમજાતું નથી; પણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની એકતાથી છૂટા પડેલા પરમાણુરૂપ કચરાને યોગ્ય સ્થાને પહોંચાડવામાં આવે, તો તેનું પ્રતિફળ આપણા જાણવામાં આવી શકે છે. એટલા ઉપરથી હવે આપણને સ્પષ્ટ સમજાય છે કે, શરીરમાંથી નીકળતો કચરો પણ નકામો નથી; પરન્તુ તેને યોગ્ય સ્થાનકે રાખવાની, મૂકવાની અથવા સંગ્રહ કરવાની ગોઠવણ કરવામાં આવી હોય, તો તે કચરાનું ખાતર જેમ જમીનને ફળદ્રૂપ બનાવી ઉત્તમ ફળને આપવાવાળું થાય છે, તેમ શરીરમાંનો કચરો પણ અમૃતરૂપમાં ફેરવાઇ, જગતના કલ્યાણરૂપ આરોગ્ય અને આનંદને આપવાવાળો થાય છે.

ઉપર જણાવવામાં આવ્યું છે કે, દરેક પરમાણુમાં આકર્ષક અને પ્રકર્ષક એવા બે ધર્મો રહેલા છે તથા દરેક પરમાણુ જ્યાં સુધી ચૈતન્યના યોગથી તેના સંપર્કમાં રહે છે ત્યાં સુધી તે ચેતનરૂપ જણાય છે અને છૂટો પડવાથી જડરૂપ થઈ રહે છે. મનુષ્યશરીરમાં રહેલો આત્મા, અંતઃકરણ અને તન્માત્રાને યોગે પોતાને જોઈતા પરમાણુઓનું આકર્ષણ કરી શકે છે, તેમ પોતાના શરીરમાંથી શુભ કે અશુભ પરમાણુને બહાર ફેંકી શકે છે. એ ઉપરથી સાબિત થાય છે કે, આત્માનાં માનેલાં સુખદુઃખ-ધર્મને અનુસરતા જેવા જેવા વિચાર અંતઃકરણમાં થતા જાય છે, તેના તેવા રંગો શરીરમાંથી નીકળતા પરમાણુ ઉપર ચડીને તે પરમાણુઓ તેવા રંગના થઇને બહાર ફેંકાય છે. પરન્તુ ઉપર કહ્યું તેમ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની એકતા સિવાય ઘરમાંના જે પરમાણુઓ બહાર ફેંકવામાં આવે છે, તે પરમાણુઓ જેમ આપણા બારણામાં અનિયમિત રીતે ઊડયા કરે છે તેમ શરીરમાંના નીક-

ળેલા પરમાણુ શરીરની આસપાસ ઊડ્યા કરે છે. એટલે એવું સિદ્ધ કરવામાં આવ્યું કે શરીરમાં રહેલો આત્મા અંતઃકરણ દ્વારા પંચ વિષય સંબંધી જેવા જેવા વિચારનું સેવન કરે, તેવા તેવા વિચારના રંગથી રંગાઇને તેવા પરમાણુઓ બહાર છૂટા પડતા જણાય છે. એટલા માટે કોઈ પણ જાતનો રંગ ચઢ્યા સિવાયના પોતાના મૂળ ગુણવાળા પરમાણુઓને બહાર ફેંકવાની ક્રિયા જે માણસ કરી શકે છે, તેના ઓજસથી તે માણસ જ્યાં જાય છે ત્યાં આરોગ્ય, આનંદ અને શાંતિનો જમાવ થાય છે.

મનુષ્યશરીરમાં રહેલા સૂક્ષ્મ શરીરના ગુણધર્મને લીધે જે પરમાણુ છૂટા પડવાના હોય છે, તે તેના ગુણધર્મ પ્રમાણે શરીરના છેડામાંથી એટલે બે હાથ, બે પગ અને માથું એ પાંચ ઠેકાણેથી હંમેશાં પ્રવાહની પેઠે વહ્યા કરે છે. જો કે આ વાત અથવા આ વહનકાર્ય આપણા જાણવામાં કે જોવામાં આવતું નથી; પરંતુ સિદ્ધપદાર્થવિજ્ઞાનના નિયમ પ્રમાણે એ વાત સત્ય ઠરેલી છે. અને તેનું પ્રત્યક્ષ પ્રમાણ એવું છે કે, એક માણસના કપાળની ભમ્મરની વચમાં બે ઇંચ છેટેથી આપણી આંગળી ધરીએ તો થોડા સમયમાં આપણી આંગળીમાંથી નીકળતો પરમાણુનો પ્રવાહ સામા માણસના કપાળમાં પ્રવેશ થવાથી અથવા અથડાવાથી અથવા તેનો સ્પર્શ થવાથી તેનું કપાળ ખેંચાવા અથવા દુખવા માંડે છે. એ ઉપરથી સાબિત થાય છે કે, માણસના હાથ, પગ અને માથામાંથી અંતઃકરણના વિચાર પ્રમાણે પરમાણુઓ છૂટા .ઈ તે માણસની આસપાસ ફર્યા કરે છે અને આખરે આકાશમાં વિલીન થઇ જાય છે, અથવા અંતઃકરણ જ્યાં મોકલે ત્યાં જઇ ને એકઠા થઇ તેની શુભ અથવા અશુભ અસર નિપજાવે છે. જો કે સિદ્ધપદાર્થવિજ્ઞાનશાસ્ત્રનો અભ્યાસ હાલમાં 'સાયન્સ'ના અંગ્રેજી નામથી શીખવવામાં આવે છે, પરન્તુ વેદાન્તદર્શનમાં

જેને ષડ્ઊર્મિ કહે છે અને જૈનધર્મશાસ્ત્રમાં જેને છલેશ્યા નામથી ઓળખે છે, તેના સ્વરૂપનું વર્ણન આ સિદ્ધાંતને સંપૂર્ણ પુષ્ટિ આપે છે. હવે જાણવાનું અને જણાવવાનું આટલુંજ છે કે, જ્યારથી માણસ જન્મે છે, ત્યારથી મરણપર્યંત એક પણ ક્ષણ એવી જતી નથી કે અંતઃકરણમાં ષડ્ઊર્મિ પૈકી કોઇ પણ ઊર્મિનો અભાવ હોય ! એટલે જેવી ઊર્મિ ઊઠે તેવા રંગથી રંગાઇને શરીરના પરમાણુઓ છૂટા પડવાનો પ્રવાહ ચાલુ રહે. અને જે જાતની ઊર્મિ ઊઠવાથી જે જાતના અથવા રંગના પરમાણુઓ છૂટા પડતા જાય તેજ જાતની ઊર્મિથી મનુષ્યનાં ખાનપાન તથા આહારવિહારને યોગે તેજ જાત અથવા રંગના પરમાણુઓ શરીરમાં એકઠા થતા જાય. એટલે પરમાણુના ગુણ-ધર્મ પ્રમાણે આકર્ષક અને પ્રકર્ષકની ક્રિયા જ્યાં સુધી માણસ જીવે ત્યાં સુધી ચાલુ રહે છે અને તેજ ઊર્મિને પાંચ યમના નામથી આપણે ઓળખીએ છીએ. અર્થાત્ પાંચ યમ પૈકી કોઈ પણ યમને લગતી અંતઃકરણમાં શુભ અથવા અશુભ ઊર્મિ ઊઠે તે પ્રમાણે શુભ અથવા અશુભ ફળ નિપજાવનારા પરમાણુનું આકર્ષણ કે પ્રકર્ષણ થાય.

હિંસા—' सदा सर्वदा सर्व प्राणिपु अनभिद्रोहित्वं सा अहिंसा ' એટલે કોઇ પણ સંજોગમાં કોઇ પણ પ્રાણીનો દ્રોહ થાય એવા વિચાર કરવાથી હિંસા થાય છે. **અસત્ય**—ક્રોધથી, લોભથી, ભયથી અને હાસ્યથી જે વિચાર અથવા વચન અન્યથા બોલવામાં કે વિચારવામાં આવે તેને જૂઠ એટલે અસત્ય કહે છે. **ચોરી**—જે વસ્તુ આપણી નથી અથવા તેને લેવાનો, રાખવાનો કે ભોગવવાનો આપણો અધિકાર નથી છતાં તે વસ્તુ મેળવવાના કે ભોગવવાના વિચાર કરવા તેનું નામ ચોરી છે. **વ્યભિચાર**—જે સ્ત્રી મનુષ્યને ધર્મથી અનુપયોગી છે તેવી સ્ત્રીના સ્પર્શથી, સાંનિધ્યથી, શબ્દથી, દર્શનથી, ચિન્હથી વગેરે યોગ-

થી મન વિહ્વળ થઇ તે સ્ત્રીને મેળવવાના વિચાર કરવામાં આવે તેને વ્યભિચાર કહે છે. લોભ—જે વસ્તુ આપણી નથી અથવા જે વસ્તુ મેળવવાનો આપણો હક નથી અથવા જે વસ્તુ મેળવવાની આપણામાં યોગ્યતા નથી તે વસ્તુ મેળવવાના વિચાર-થી સામા માણસના તાબામાંથી મેળવવાને જે ષડયંત્રની ગોઠવણ ગનમાં કરવામાં આવે તેને લોભ કહે છે. એ રીતે પાંચ યમના પ્રભાવથી જે પ્રવાહ અંતઃકરણમાં વહેવા માંડે તેને ઊર્મિ અથવા લેસ્યા કહેવામાં આવે છે. હવે જો એ પાંચ ઊર્મિનો સમૂહ નાશ થાય તો છઠ્ઠી એકજ શુભ ઊર્મિ બાકી રહે. તેનું સ્વરૂપ એવું તેજો-મય છે કે આ ઠેકાણે અમે તે લખી શકતા નથી પરન્તુ એ છઠ્ઠી શુભ ઊર્મિ અથવા શુક્લ લેસ્યાનું વર્ણન જાણવું હોય તેણે કિરા-તાર્જુન કાવ્યમાં અર્જુનના તપના પ્રભાવથી તેના મસ્તિષ્કમાંથી નીકળતા તેજના પ્રભાવથી જે વનમાં તે તપ કરતા હતા, તે વનમ જે પ્રકાશ પડેલાનું વર્ણન કરેલું છે તે વાંચીને તેના સ્વરૂપનો વિ-ચાર કરી લેવો. અત્રે એટલું જણાવવાનું છે કે હિંસાની ઊર્મિનો રંગ કાળો છે, અસત્યની ઊર્મિનો રંગ નીલવર્ણ છે, ચોરીની ઊર્મિનો રંગ ભૂખરો કિરમજી છે, વ્યભિચારની ઊર્મિનો રંગ ચિત્ર વિચિત્ર છે અને લોભની ઊર્મિનો રંગ રાતો છે. એટલે આપણું સમજાશે કે જેવા જેવા વિચારનું સેવન કરવામાં આવે તેવા તે રંગના પરમાણુ શરીરમાંથી બહાર પડે છે. મનુષ્યના શરીર છેડામાંથી જે પ્રવાહ વહે છે તે પ્રવાહ જેવી જેવી જાતના પંચ વિષય પૈકી જે જે વિષયનો વિચાર કરવામાં આવે તેવી તેવી જા-તના પ્રત્યેક અથવા મિશ્ર રંગનો પ્રવાહ બહાર નીકળતો રહે છે. અને તે પ્રવાહને યોગી લોકો જોઇ શકે છે, અથવા જે પ્રાણીઓને કુદરત તરફથી દિવસે અને રાત્રીએ એકસરખું દેખાય એવી આંખ મળેલી હોય તેમને તે પ્રવાહનો રંગ દેખાય છે.

હવે આટલું વિવેચન કર્યો પછી વૈદરાજોના હાથમાં અમૃત
કેમ ઉત્પન્ન થાય છે, તેનો વિચાર કરીને તે અમૃતમાં ન્યૂનપણું
શી રીતે આવે છે, તે તરફ લક્ષ ખેંચીશું. એક વૈદ્ય એક દર્દીની
ચિકિત્સા કરતો હોય, પરન્તુ થોડા દિવસ ગયા પછી તે દર્દીના
શત્રુ તરફથી કાંઈ ભલામણ થાય અથવા વૈદ્યના અંતઃકરણમાં
દર્દીનો રોગ વધે એવું ઓષધ આપવાનું કાંઈ કારણ ઉપસ્થિત
થાય અને તેને માટે વૈદ્ય જે જે જાતના વિચારની ગોઠવણ કરે તે
તે સમયે વૈદ્યના હાથ કે પગ અને માથામાંથી કાળા રંગના પરમા-
ણુનો પ્રવાહ ચાલુ થાય છે, તથા જે રોગીની ચિકિત્સા કરવાને
માટે વૈદ્યને બોલાવવામાં આવે એટલે તે રોગીની સ્થિતિ અને
સમૃદ્ધિ જોઈને વૈદ્યના મનમાં એવો વિચાર આવે કે, આ ધનવાન
રોગી પાસે કેવી યુક્તિથી વાત કરાય કે જેથી પોતે ભય પામી
મારી યોગ્યતાને ઉત્તમ ગણી મને ઘણું ધન આપે! એવા વિચારથી
તે વૈદ્ય રોગની યથાર્થ ચિકિત્સા નહિ કરતાં રોગનું જે સ્વરૂપ
હોય તેથી મોટું સ્વરૂપ બતાવી પોતાના ઓષધની કિંમત વધારે
બતાવી, જેટલા પ્રમાણમાં જૂઠું બોલવાની ગોઠવણ કરે છે, તેટલા
પ્રમાણમાં તેના શરીરમાંથી નીલવર્ણ પરમાણુનો પ્રવાહ વહે છે.
તથા જે વૈદ્ય રોગીની પાસે જઈને તેને ગમે તેમ સમજાવીને તેની
પાસે પૈસા કઢાવીને તેને માટે ખાસ દવા બનાવીને આપવાનુ
કહીને તે દવાને ઠેકાણે બીજી ભળતી દવા આપીને અથવા બના-
વેલી દવામાંથી રોગીના કહ્યા વગર અમુક ભાગ પોતાના ઘરમાં
રાખી મૂકવા માટેના વિચારોનું સેવન કરે છે, જેથી તે વૈદ્યના હા-
થમાંથી ભૂખરા કિરમજી રંગના પરમાણુનો પ્રવાહ વહેવા માંડે
. તથા જે વૈદ્યના પ્રસંગમાં પોતાના દરદને જણાવવા માટે અથવા-
રીક્ષા કરાવવા માટે અથવા તેનો ઉપચાર કરાવવા માટે કોઈ સ્ત્રી
જે સ્વરૂપવાન અને યુવાન આવી હોય તે સ્ત્રીને જોઈને (જો કે

ગમે તેવી પડદેનશીન અથવા લજ્જાળુ સ્ત્રી હોય તો પણ રાજા, ગુરુ
અને વૈદ્યની સાથે પડદો રાખી શકતી નથી) વૈદ્યનું મન ચલાય-
માન થાય, જેથી તે સ્ત્રીના દર્શન અને સ્પર્શન કાર્યથી તેના
સંબંધમાં અને તેની સમીપમાં કેવી રીતે વાત કરવાથી તે સ્ત્રીની
સાથે વ્યભિચાર કરી શકાશે, તે સંબંધમાં ગૂંચવણ ભરેલા વિચાર
કરવાથી તે વૈદ્યના હાથમાંથી હિંસા, અસત્ય, ચોરી અને કામના
ચાર પ્રકારના મળેલા પરમાણુઓના વિચિત્ર રંગનો પ્રવાહ ચાલુ
થશે. તેવીજ રીતે રોગીના રોગનો, રોગના સ્વરૂપનો, રોગના
નિદાનનો અને રોગને સારા કરવાના ઉપચારનો વિચાર બાજુએ
મૂકી જે વૈદ્ય માત્ર રોગી પાસેથી ધન શી રીતે મેળવી શકાય,
એવા વિચારનું સેવન કરવાથી તેના શરીરમાંથી રાતા રંગના પર-
માણુઓનો પ્રવાહ વહે છે. આ ઉપરથી આપને જણાશે કે જ્યાં
સુધી વડીલ મનુષ્યનાં, ધર્મગુરુઓનાં અને વૈદ્યોનાં અંતઃકરણમાં
ઉપર લખેલા પંચવિષયના વિચારો ગોઠવાતા, ગૂંચવાતા કે
રમણ કરતા હોય ત્યાં સુધી તેમના ઓજસથી કે તેમના હાથર્થ
રોષ્યના કે રોગીના કલ્યાણની આશા રાખવી એ આકાશકુસુમવ-
છે. તેમ જે ગુરુઓ અથવા, જે વૈદ્યો પંચ વિષયના વિચારોમાં
નિમગ્ન થયા પછી, પોતે યશ, કીર્તિ, પુણ્ય, પરોપકાર કે ધનની
ઇચ્છા રાખતા હોય તેઓની ઇચ્છા કોઇ પણ દિવસે પરિપૂર્ણ થ-
વાની આશા રાખવી તે ફોકટ છે. એટલા માટે અમારે ભાર મૂકીને
કહેવું પડે છે કે, જે વૈદ્યો પોતાના હાથમાં અમૃત મેળવવાની
ઇચ્છા રાખતા હોય તે વૈદ્યરાજોએ ઉપર લખેલા પંચવિષયના વિચા
રથી જેટલું બની શકે તેટલું અલગ રહેવું અને એટલાજ માટે દર્દીને
જોઇને અથવા તેની પાસે જઇને તેને માટે દવા બનાવવાનો, રોગનું
નિદાન કરીને તેની કિંમત ઠરાવી અર્ધા રૂપિયા આગળથી લેવાનો
તથા રોગીને સારું થયા પછી ઈનામ લેવાનો જે નિષેધ આગ

આવ્યો છે, તેનો ત્યાગ કરવાથી ઉપર લખેલા પાંચ પ્રકા-
ચના વિચાર કરવાનો અવકાશ વૈદ્યરાજોને રહેશેજ નહિ.
તાના શરીરમાંથી એટલે હાથમાંથી શુદ્ધ અને અમૃત-
ાણુનો ઝરો સદૈવ વહેવાથી વૈદ્યરાજની દષ્ટિ રોગી ઉપર
વૈદ્યરાજના હાથનો રોગીને સ્પર્શ થતાં અને વૈદ્યરાજનો
સે બેસીને વાતચીતનો સમાગમ થતાં તે રોગીની આસ-
થા રોગીના શરીરમાં વૈદ્યરાજના શરીરમાંથી અમૃતમય
ના વહનને લીધે રોગીને એકવાર વગર ઔષધથી શાંતિ
ણાશે. તો પછી એવા અમૃતમય પરમાણુવાળા હાથથી જે
ાવેલી હોય અને તે દવા તેજ હાથથી અમૃતમય થઇને
આપવામાં આવે, તો તે રોગી ગમે તેવા ભયંકર રોગમાં
લો હોય તો પણ તેને શાંતિ તો વળેજ, કારણ કેઃ—

जंतु कश्चिदमरः पृथिव्यां जायते क्वचित् ।
ातो मृत्युरवार्यः स्यात् किन्तु रोगान्निवारयेत् ॥

ર્થાત્ જે દરદી મરવાનો હોય તેને તો વૈદ્ય બચાવી શકતો
રંતુ જેના હાથમાં જેટલા પ્રમાણમાં અમૃત હોય તેટલા
માં તે રોગની શાંતિ કરી શકે છે. એટલી વાત કહ્યા પછી
મેને વિનંતી, ભલામણ અથવા ઉપદેશ કરીએ છીએ કે, ધન,
ીર્તિ અને પુણ્યની ઇચ્છા રાખનારા વૈદ્યરાજોએ જેમ બને
ચવિષયના વિચારનો ત્યાગ કરી પોતાના હાથમાં અમૃત
ાનો પુરુષાર્થ કરવો અને તે પુરુષાર્થ જેટલા પ્રમાણમાં
ધતો કરવામાં આવશે તેને તેટલા પ્રમાણમાં લાભાલાભ-
સિ થશે. કહ્યું છે કેઃ—

परान्नेनोदरंदग्धम् हस्तोदग्धः प्रतिग्रहात् ।
नेत्रंदग्धं परस्त्रिभ्यः कार्यसिद्धिः कुतो भवेत् ॥

અર્થાત્ ઉપરનાં વચન પ્રમાણે જેનાં નેત્ર, મુખ, જિહ્વા અને હસ્ત દગ્ધ થયેલા છે, એટલે પાંચ પ્રકારનાં કર્મમળથી ખરડાયલા છે તે જેમ કાદવમાં ખરડાયલા પગને કાદવથી ધોવાનો પ્રયત્ન નિષ્ફળ થાય છે, તેમ વિષયવાસનાથી ખરડાયલા શરીરનો સ્પર્શ થવાથી વિષયના સેવનની પરાકાષ્ઠારૂપ કાદવમાં ખરડાઇને રોગરૂપ દુર્ગંધની પીડામાં સડબડતા રોગીને નિરામય શી રીતે કરી શકશે? માટે વૈદ્યોએ વૈદકનો ધંધો શરૂ કરતાં પહેલાં પોતાના હાથમાં અમૃત મેળવવાનો ઉદ્યોગ કરવો, અથવા જે વૈદ્યરાજોના હાથ અમૃતમય હોય તેમણે હંમેશાં ડરતા રહેવું કે રખેને અમારા હાથમાંનું અમૃત વિજાતીય દ્રવ્યના મળવાથી કદરૂપું અથવા વિરસ કે સડેલું બની જશે, જેથી અપયશની પ્રાપ્તિ થાય. આટલી સંભાળ રાખીને જે વૈદ્યો આ નિબંધમાં લખેલી પદ્ધતિ પ્રમાણે પોતાનું ઔષધાલય ચલાવશે તેમને કુદરત તરફથી યશ, કીર્તિ અને ધનની ન્યૂનતા રહેશે નહિ, એટલોજ આશીર્વાદ આપી આ વિષયને પૂર્ણ કરીએ છીએ.

षडृतु-दर्पण *

આ પંચભૂતાત્મક અને ષડ્રસાત્મક સૃષ્ટિની રચના જોતા તેના પ્રકટકર્તા પરમકૃપાળુ પરમાત્માના જ્ઞાનનો પાર પામવાને માટે મોટા મોટા મહર્ષિઓ થાકી જાય છે તો પછી એ સૃષ્ટિનું વર્ણન કરવાને અમારા જેવા છદ્મસ્થ જીવોનો પ્રયત્ન શી રીતે

* પ્રાચીન ઋષિપ્રણીત ગ્રંથોમાં ષડ્ઋતુઓનું સ્પષ્ટીકરણ સૂત્રરૂપે કરવામાં આવેલું જોવામાં આવે છે અને તે ઋતુચર્યા તથા દિનચર્યાનું પ્રકરણ આ જમાનાને બંધબેસતું નથી આવતું, પણ તે રાજમહારાજાઓને બંધબેસતું દેખાય છે. તેટલા માટે પ્રજાના

થાય ? એવું જાણવા છતાં ઈશ્વરલીલા એટલે કુદરતના
રણ માટે જે ગુપ્ત નિયમો ઘડાયા છે, તેના રહસ્યનું જેટલું અને
લે સુધી અમારી બુદ્ધિ પહોંચે તેટલું અને તેટલે સુધીનું વર્ણન
ને અમે તે વિદ્યામાં પ્રવેશ કરવા ધારીએ છીએ; અને એ
નમાંથી જે ઉપલબ્ધ થાય તે પ્રજા સન્મુખ રજૂ કરવાની ઇચ્છા
ીએ છીએ. ઋષિમુનિઓ, શાસ્ત્રીઓ અને પંડિતો તથા તત્ત્વ-
નીઓ આ વિષયને માટે અજાણ્યુ નથી. અને તેઓએ આ વિષ-
માં ઊંડા ઊતરીને પ્રજાને પોતાના જ્ઞાનનો લાભ આપેલો છે.
થાપિ કાળના પરિવર્તનની સાથે જગતનું પરિવર્તન થતું હોવાથી
ર્તમાનકાળને અનુસરી આ વિદ્યાનું ગુપ્ત રહસ્ય નવેસરથી ગોઠ-
વીને પ્રજાને જાણમાં લાવવાની ખાસ જરૂર સમજીને, આ નિબંધ
લખવાનું પ્રયોજન ઉપસ્થિત થયું છે.

આ કુદરતી સૃષ્ટિમાં જ્યારથી પૃથ્વીએ સૂર્યની આસપાસ ભ્રમણ કરવાનું શરૂ કર્યું ત્યારથી તે સૂર્યના આકર્ષણમાં પોતાની ગતિએ પોતાની ધરી ઉપર ભ્રમણ કરીને ચક્રાવો ખાતી ખાતી સૂર્યની આસપાસ આપણા એક વર્ષના કાળમાં એક ફેરો ફરી શકે છે. એટલે પૃથ્વી સૂર્યની આસપાસ એક ફેરો ફરે છે તેને આપણે એક વર્ષ ગણીએ છીએ. પરંતુ એક વર્ષમાં પૃથ્વીને એક ફેરો ખાતાં પૃથ્વી સાથે સંબંધ ધરાવતા બીજા ગ્રહોનું તે પૃથ્વીને આકર્ષણ લાગવાથી અને જે સૂર્યની પાછળ પૃથ્વી ફરે છે તે સૂર્યને પોતાની ધરી પર ફરતાં આપણા ૩૬૫ દિવસમાં ૧૨ રાશિમાં ફરવાનું

ઉપયોગમાં આવે અને વર્તમાન ચિકિત્સક પ્રજાને તે માર્ગે દોરવે એવા હેતુથી અમારી જેટલે અંશે બુદ્ધિ પહોંચી તેટલે અંશે આ વર્ણન કર્યું છે. એમાં જે અપૂર્ણતા જણાય તે બીજા વિદ્વાન વૈદ્યોએ પૂર્ણ કરવી; કારણ કે ઇશ્વરી સૃષ્ટિના ગુપ્ત ભેદ એક મનુષ્યને પૂર્ણપણે જાણવામાં આવતા નથી.

હોવાથી, આપણી પૃથ્વી ઉપર એક વર્ષમાં અવનવા ફેરફાર થાય છે. તે ફેરફારોથી મનુષ્યસૃષ્ટિના સ્વેદજ, અંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુ એ ચારે ખાણના જીવો ઉપર જુદી જુદી જાતની અસરો થાય છે. તે અસરો થવાનું કારણ હાલના વિજ્ઞાનશાસ્ત્રના શોધકોએ પ્રણીમાત્ર ઉપર થનારાં રોગનાં જુદી જુદી જાતનાં જંતુઓ શોધી કાઢયાં છે, અને તે જંતુઓથી ચારે ખાણના જીવો ઉપર જુદી જુદી અસર થાય છે એવું નિર્માણ કર્યું છે. પરંતુ તે વિદ્વાનો હજુ આ વિચાર કરી શકયા નથી કે જુદી જુદી જાતનાં જંતુઓ પાકવાનું કારણ શું છે ?

મનુષ્ય તથા પ્રાણીઓનું સુખરૂપ આયુષ્ય ટકાવી રાખવા માટે આયુર્વેદની રચના કરવામાં આવી છે અને જેમ વેદનાં પુસ્તકોમાં દરેક વિદ્યાનાં મૂળતત્ત્વો ભરી રાખવામાં આવ્યાં છે; એટલે દુનિયામાં જેટલી વિદ્યા નવીન રૂપ ધારણ કરી નવીન રૂપમાં પ્રકટ થાય તો પણ તેનું મૂળ વેદમાંથી જડી આવે છે. તેમ આયુર્વેદ એક એવો જ્ઞાનભંડાર છે કે વર્તમાનકાળના વિદ્વાનો જે જે નવી વાતોની શોધ કરે છે તથા ભવિષ્યના વિદ્વાનો નવી શોધો કરશે તો પણ તેનું મૂળતત્ત્વ આયુર્વેદમાં નથી એમ કોઈથી કહી શકાશે નહિ અને તેટલા ઉપરથી વર્તમાનકાળના ન ગણી શકાય એટલા રોગો અને તે રોગો માટે ન ગણી શકાય તેટલા ઉપાયો તથા તેનાં કારણો જે શોધવામાં આવે છે, તે તમામનું મૂળ આયુર્વેદમાં જોવામાં આવે છે; પરંતુ આપણે તેનો વિચાર કરવાની શક્તિ ધરાવતા નથી અથવા વિચાર કરવાની કાળજી ધરાવતા નથી. ઈશ્વરી જ્ઞાનની ગાથા સમજવા માટે ઈશ્વરી ભાષા, ઈશ્વરી લિપિ ભણવા તથા જાણવાની ખાસ જરૂર છે. તે ઈશ્વર શબ્દાતીત છે, અક્ષરાતીત છે, અનિર્વચનીય છે, એટલે તેની ભાષા તથા લિપિ પણ તેવીજ હોવી જોઈએ તેમાં કાંઈ આશ્ચર્ય નથી. એ લિપિના

અક્ષરને ઉકેલવા માટે, તેના જ્ઞાનની સમજ મેળવવા માટે ઈશ્વરના સ્વરૂપનું દર્શન કર્યા સિવાય એ ગુપ્ત ભેદની ગાંઠ ઉકેલી શકાય એમ નથી. જો આપણને ઈશ્વરના ગુપ્ત રહસ્યની ગાંઠ ઉકેલવાની ઇચ્છા હોય તો ઈશ્વરનું સ્વરૂપ એટલે આ કુદરતી સૃષ્ટિનું દર્શન અથવા અવલોકન કરવાનો અભ્યાસ પાડવો જોઈએ. જ્યાં સુધી કુદરતના નિયમ પ્રમાણે ચાલતો સૃષ્ટિક્રમ સમજવામાં નહિ આવે ત્યાં સુધી ઈશ્વરના જ્ઞાનનું ગુપ્ત રહસ્ય કોઇના પણ જાણવામાં આવી શકે એવું નથી.

આ જગતમાં કાળ—એને ભગવાન, સ્વયંભૂ, અનાદિ અને સમર્થ માનેલો છે, એટલે એ કોઇનો ઉત્પન્ન કરેલો નથી. તેમ એ આદિથી, મધ્યથી અને અંતથી રહિત છે. રસવાળા પદાર્થોનું વધવું તથા ઘટવું અને માણસોનું જીવવું તથા મરવું કાળને આધીન છે. એ પદાર્થ જરા વાર પણ થોભતો નથી તેથી, અથવા સંહારવાથી સર્વે પ્રાણીઓને એકઠાં કરી નાખે છે તેથી, અથવા પ્રાણીઓને સુખદુઃખોમાં જોડી દે છે તેથી, અથવા સર્વનો સંક્ષેપ કરી નાખે છે તેથી, અથવા સર્વને મરણની સમીપમાં લઇ જાય છે તેથી કાળ કહેવાય છે. મોટી શક્તિવાળા સૂર્યનારાયણ પોતાની ગતિના વિશેષથી (ઉદયાસ્તથી) એ વર્ષરૂપ શરીરવાળા કાળના અક્ષિનિમેષ, કાષ્ઠા, કળા, મુહુર્ત, અહોરાત્ર પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર અને યુગ એ નામના વિભાગો કરે છે. એ વિભાગોમાં એક લઘુ સ્વરનું ઉચ્ચારણ કરવામાં જેટલો વખત લાગે છે તેટલા વખતને અક્ષિનિમેષ કહે છે. ૧૫ અક્ષિનિમેષ થાય ત્યારે કાષ્ઠા કહેવાય છે. ૩૦ કાષ્ઠા થાય ત્યારે કળા કહેવાય છે, ૨૦ કળા થાય ત્યારે મુહુર્ત કહેવાય છે. ૩૦ મુહૂર્ત થાય ત્યારે અહોરાત્ર એટલે દિવસ અને રાત્ર કહેવાય છે. અને ૧૫ અહોરાત્ર થાય ત્યારે પક્ષ કહેવાય છે. શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ એ રીતે

બે પ્રકારના પક્ષ છે. બે પક્ષ થાય ત્યારે એક માસ કહેવાય છે. બે માસની એક ઋતુ થાય છે. છ સંક્રાંતિનું એક અયન થાય છે. એવી રીતે દક્ષિણાયન અને ઉત્તરાયણ એ બે અયન મળીને વર્ષ થાય છે. અને એવાં પાંચ વર્ષો થાય ત્યારે યુગ એવા નામને પ્રાપ્ત થાય છે. ચક્રની પેઠે ફર્યા કરતો નિમેષથી માંડીને યુગ સુધીનો જે કાળ તે કાળ–ચક્ર કહેવાય છે, એવું આયુર્વેદના જ્ઞાતા મહર્ષિ સુશ્રુતાચાર્યનું માનવું છે. એ કાળનું સ્વરૂપ જેમ જેમ સમજાતું જાય તેમ તેમ ઈશ્વરની કૃતિનું કહો કે કાળ-ભગવાનની કૃતિરૂપ કહો, પણ આ પંચભૂતાત્મક અને પડ્રસાત્મકરૂપે જણાતી કુદરતની લીલામાં આનંદ દેખાતો જાય છે. જો કે સૃષ્ટિની અદ્ભુત રચના અને તેનાં જુદાં જુદાં દ્રવ્યો, જુદા જુદા ગુણ, રસ, અને વિપાકવાળા, જુદી જુદી આકૃતિના તથા જુદા જુદા ધર્મવાળા, રૂપ, રંગ, આકૃતિ, સ્વાદ અને જુદી જુદી શક્તિવાળા જોવામાં આવે છે, તે ઉપરથી એવી રચના રચવાનું ગુપ્ત રહસ્ય શું છે, અને તે આપણાથી જાણી શકાય એવું છે કે કેમ, એનો વિચાર કરવાની આપણને આવશ્યકતા જણાય છે. પ્રત્યક્ષરૂપે આપણને આપણી પૃથ્વી, પૃથ્વી ઉપરના પદાર્થો, સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીને લાગુ પડતાં નક્ષત્રો તથા ગ્રહો જણાય છે અને તેને વધવાઘટવાનો, હાલવાચાલવાનો, પેદા થવા અને મરવાનો, ઉત્પન્ન થવ અને વધવાનો કાળ નિશ્ચિત કરવામાં આવેલો છે; પણ તે કેરીતે, શા કારણથી, વધઘટે કે જન્મેમરે છે, તે આપણી આંખ જોઇ શકાતું નથી. દાખલા તરીકે એક માણસ ગર્ભમાં ઉપસ્થિત થઇ બાળકરૂપે જન્મે છે, જન્મ્યા પછી યુવાવસ્થાને પામી વૃદ્ધાવસ્થા ભોગવી મૃત્યુને શરણ થાય છે ત્યાંસુધીમાં તે ક્યા સમયમાં કેટલો વધ્યો, કાલના કરતાં આજ કેટલો વધ્યો, તે જોવા-જાણવામાં આવતું નથી; માત્ર કાળચક્રનો એક ફેરો થાય ત્યારે આ

માણસનું શરીર આટલું વધ્યું, જુવાન થયું, ઘટ્યું કે ઘરડું થયું એમ સમજી આપણે એ માણસ મોટો થયો એમ કહીએ છીએ.

એટલા ઉપરથી સમજાશે કે જગતના પરિવર્તનમાં સૂર્ય એક રાશિમાં પ્રવેશ કર્યા પછી જેમ જેમ જેટલે જેટલે અંશે તે રાશિ-ને ભોગવતો જાય છે, તેમ તેમ તે રાશિઓની બનેલી ઋતુઓમાં ફેરફાર થતો જાય છે અને તે ફેરફારથી ચારે ખાણના જીવો એટલે પ્રાણિમાત્રમાં ફેરફાર થતો જણાય છે. દાખલા તરીકે ગ્રીષ્મ ઋતુની સંક્રાંતિમાંથી સૂર્ય ચાલતો ચાલતો વર્ષાઋતુની સંક્રાંતિમાં પ્રવેશ કરે એટલે વર્ષાઋતુ બેઠી એમ કહેવાય, પણ જ્યાં સુધી વર્ષાઋતુની એક સંક્રાંતિ એટલે વર્ષાઋતુનો મધ્યકાળ ભોગવતાં સુધી સૂર્ય આવી પહોંચે નહિ, ત્યાં સુધી વર્ષાઋતુ પોતાના સંપૂર્ણ સ્વરૂપમાં પ્રકટપણે દેખી શકાય નહિ. તે પ્રમાણે રાશિઓ અને તેથી ઉત્પન્ન થતી ઋતુઓ તથા અયનોમાં જેમ જેમ સૂર્ય ફરતો જાય તેમ તેમ આખા વર્ષમાં ફેરફાર થતો જણાય છે.

હવે વિચાર કરવાનો એ રહ્યો કે, કુદરતના કાયદા પ્રમાણે
મેષ સંક્રાંતિથી સૂર્ય નીકળી પાછો મેષ સંક્રાંતિમાં આવે
અને પૃથ્વી પોતાના અક્ષાંશમાં ઉત્તરાયણ અને દક્ષિણાયન
પ્રમાણે પાસું બદલે, એટલે પૃથ્વીનો જે ભાગ સૂર્યનાં સીધ
કિરણોમાં આવે ત્યાં પ્રખર તાપ પડે છે. આથી એમ સમજાય
કે આખા વર્ષમાં એવો એક પણ દિવસ નહિ જાય કે પૃથ્વી
કોઇ કોઇ ભાગમાં સૂર્યનાં કિરણ સીધા પડતાં નહિ હોય.
સૂર્યના કિરણ સિધાં પડતાં હોય ત્યાં ગ્રીષ્મઋતુ ગણાય,
જ્યાં સૂર્યનાં કિરણ અત્યંત તીરછાં પડતાં હોય ત્યાં શિશિર
ગણાય. ગ્રીષ્મ અને શિશિરને સરખાવવામાં આવે તો તેના
ભાવમાં એકબીજાથી ઊલટો ફેરફાર જણાય. તેવી રીતે જેમ
કાળનું વહન થતું જાય તેમ તેમ શીતમાંથી ગરમી અને

માંથી શીત વધુઓછા પ્રમાણમાં થાય છે. એટલે જે પ્રમાણે ગરમી અને શીત ઓછાં થતાં જાય તે પ્રમાણેના જીવો, ઔષધો, વનસ્પતિઓ તથા સ્થાવરજંગમ તમામ પૃથ્વીની વિભૂતિનો ઉદય અને અસ્ત જણાતો જાય. એ પ્રમાણે જ્યારે નિયમિત વ્યવહાર ચાલે છે તો પછી જગતમાં જે જાતની જુદા જુદા વર્ષમાં, જુદ જુદા માસમાં અથવા જુદી જુદી ઋતુમાં જે અવ્યવસ્થા દેખા છે તેનું કારણ શોધવાની આપણને આવશ્યકતા જણાય છે. ઉ આપણે જોઈ ગયા છીએ કે પૃથ્વી સૂર્યના આકર્ષણથી પોતા ધરી પર ફરતી સૂર્યની આસપાસ ફરે છે, અને સૂર્યનાં કિરણો પૃથ્વી ઉપર અસર નિપજાવે છે. તેની સાથે સૂર્યમાળામાં સૂર્યની આસપાસ ફરતા બીજા ગ્રહો પણ પોતાનાં કિરણો પૃથ્વી તરફ ફેંકતા જાય છે, જેથી પૃથ્વી ઉપર જુદી જુદી અવ્યવસ્થા દેખાય છે. કારણ કે પૃથ્વીની આસપાસ ફરતા ગ્રહો પોતપોતાના સ્વરૂપ પ્રમાણે જુદા જુદા સ્વભાવના હોવાથી જુદા જુદા રંગનાં કિરણો પૃથ્વી તરફ ફેંકે છે, એટલે સૂર્યનાં સાત કિરણો (રશ્મિ)ના સાત રંગો પૃથ્વી ઉપર આવે છે. તેમાં બીજા ગ્રહોના જુદા જુદા રંગવાળાં કિરણો મળવાથી સૂર્યનાં કિરણના રંગમાં ફેરફાર થા જાય છે, અને એ ફેરફારની અસર વાતાવરણમાં થવાથી તે વાત વરણને લીધે જંતુઓમાં, વનસ્પતિઓમાં, પ્રાણીઓમાં અ મનુષ્યોમાં ફેરફાર થાય એટલુંજ નહિ, પણ તેના રસ, ગુણ, વી વિપાક અને શક્તિમાં ફેરફાર થાય છે; એટલે જે વખતે જે જ વાતાવરણ જોઈએ તે મળી શકતું નથી.

સૃષ્ટિની રચના જોતાં તેનું બંધારણ એવું ગોઠવવામા આવ્યું છે કે સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા દેહધારી જીવો પૈકી મનુષ્ય કે જે ઉત્તમ પ્રાણી ગણાય છે અને જે ઈશ્વરી જ્ઞાન મેળવીને ઈશ્વરની સમીપ જવાને માટેનાં સંપૂર્ણ સાધન ધરાવે છે, તેનું

સંપૂર્ણ રીતે રક્ષણ થાય અને તે મોક્ષને પામે એવા હેતુથી તમામ જડ, ચેતન પ્રાણીઓની ગોઠવણ કરવામાં આવી છે એવું સ્પષ્ટ જણાય છે. એ બાબતનો પૂરેપૂરો વિચાર આયુર્વેદે એટલો બધો ઊંડાણમાં ઊતરીને કર્યો છે કે જો મનુષ્યો તે નિયમને સમજવા માટે કુદરતનું અવલોકન કરતાં શીખે તો ઈશ્વરી જ્ઞાનની ગાથાનો ગુપ્ત ભેદ તેમના સમજવામાં આવી જાય અને જ્યારે એ ભેદ સમજાય ત્યારે ઋતુમાં ગમે તેવા ફેરફાર થાય તો પણ જ્ઞાતા પુરુષના શરીર ઉપર તે ફેરફારથી કોઇ પણ અસર થાય નહિ એટલું ખરું. પણ દરેક માણસ ઈશ્વરી વિદ્યાને સમજી તેની ભાષા તથા લિપિ જે કુદરતને નામે આપણી દૃષ્ટિએ અથવા આપણી જ્ઞાનેન્દ્રિયથી જણાય છે, તે જાણવાને-સમજવાને અશક્ત હોવાથી પૂર્વાચાર્યો એટલે આપણા ઋષિમુનિઓએ આયુર્વેદરૂપ બારાખડી લખીને તમામ ઇશ્વરી વિદ્યા વાંચતાં આવડે એવી ગોઠવણ કરી છે.

ઉપર કહેવામાં આવ્યું છે કે વર્ષની છ ઋતુઓ ઉત્તરાયણ અને દક્ષિણાયનમાં વહેંચાયલી છે અને તે ઋતુના સમયોગથી પ્રાણીમાત્રને સુખી કરવાનું વાતાવરણ તૈયાર થાય છે. જો તે ઋતુનો અતિયોગ, હીનયોગ કે મિથ્યાયોગ થાય તો વાતાવરણમાં ફેરફાર થઈ મનુષ્યોને પ્રતિકૂળ વાતાવરણ ઉત્પન્ન થઇ રોગના પંજામાં સપડાવે છે. પણ જો મનુષ્યો ઋતુનો હીન, મિથ્યા કે અતિયોગ જાણીને પોતાના આહારવિહારમાં ઘટતો ફેરફાર કરે અથવા જેઓને ઘટતો ફેરફાર કરવાનું કહે, તે પ્રમાણે તેઓ વર્તે, તો ઋતુના હીન મિથ્યા અને અતિયોગથી આવનારી ભાવિ આપત્તિમાંથી તેઓ બચી શકે. એટલા માટે આપણે ઋતુના ગુણધર્મ જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ. પ્રથમ ઋતુઓનો સમયોગ એટલે ઋતુ બગડેલી નથી એનો નિશ્ચય કરવામાં આવે તો તે ઉપરથી ઋતુનો હીન, મિથ્યા કે અતિયોગ સમજી શકાય. એટલા

માટે અમે પ્રથમ ઋતુ બગડેલી નથી તે જાણવા માટે નહિ બગડે-
લી ઋતુનાં લક્ષણો લખીએ છીએ.

હેમંતઋતુ—જો હેમંતઋતુમાં ઈશાન અને ઉત્તર તરફનો શીતળ પવન વાતો હોય, દિશાઓ રજથી તથા ધુમ્મસથી વ્યાપ્ત રહેતી હોય, સૂર્ય ઝાકળથી ઢંકાયલો રહેતો હોય, જળાશયો ઠંડીથી વ્યાપ્ત રહેતાં હોય, કાગડા, ગેંડા, પાડા, ઘેટાં તથા હાથીઓ મસ્ત રહેતા હોય અને લોધર, ઘઉં, ઘઉંલા, નાગકેશરનાં વૃક્ષો પુષ્પયુક્ત થઇ રહ્યાં હોય, આકાશમાંથી ઓસ પડી ઝાડ પર ઠરતું
૫ હોય અને હજારી ગોટાનાં ફૂલ તથા સીતાફળીનાં ફળ પાકતાં હોય, તો તે હેમંતઋતુમાં ઋતુનો સમયોગ થયો છે એમ જાણવું.

શિશિરઋતુ—જો શિશિર ઋતુમાં ઠંડી અધિક હોય, દિશાઓ વાયુ સહિત વૃષ્ટિથી વ્યાકુળ થતી હોય, માણસના હાથપગ ફાટી જતા હોય, કપાસ, ઘઉં વેંગણ અને તંબાકુના છો ઉપર હિમ પડતું હોય, જેથી કેટલાંક ઝાડનાં પાન ખરી જા હોય, રાત્રે શિયાળવાં બહુ બોલતાં હોય, જંગલમાં ચણીબોર પાકેલાં હોય અને આકાશ વાદળથી નિર્મળ થઈ ગયું હોય તો તે શિશિરઋતુનો સમયોગ થયો છે એમ જાણવું.

વસંતઋતુ—જો વસંતઋતુમાં દિશાઓ નિર્મળ રહેતી હોય, ખાખરા, કમળો, બોરસળી, આંબા તથા અશોક આદિ નવપલ્લવ વૃક્ષોથી ભરપૂર થયેલાં વનો શોભી રહેલાં હોય, કોયલ ટહુકા કરતી હોય અને ભ્રમરોના ગુંજારવાથી મનનું આકર્ષણ થતું હોય, દક્ષિણ દિશાનો પવન વાતો હોય, વૃક્ષો નવીન પલ્લવો, પુષ્પો તથા ફળોથી દીપી રહેલાં હોય, શેરડીનો રસ પરિપક્વ થયો હોય, આમ્ર, સામર અને લવિંગનાં ઝાડો પુષ્પ તથા ફળથી લચી રહ્યાં હોય તથા કાદવ નહિ, કચરો નહિ, ટાઢ નહિ, તાપ નહિ, ધૂળ ઉડે નહિ,

આકાશમાં વાદળ નહિ, પવન હિમાળુ પણ પણ નહિ તેમ વાયવ્યકોણનો પણ ન હોય તો વસંતઋતુનો સમયોગ થયો છે, એમ જાણવું.

ગ્રીષ્મઋતુ—જો ગ્રીષ્મઋતુમાં સૂર્ય તીક્ષ્ણ કિરણવાળો હોય, ગભરાવનારો નૈર્ઋત્ય ખૂણાનો પવન વાતો હોય, પૃથ્વી ધગેલી રહેતી હોય, નદીઓ પાતળા પ્રવાહોવાળી થઇ ગયેલી હોય, દિશાઓ સળગેલી જેવી દેખાતી હોય, ચક્રવાક પક્ષીનાં જોડાંઓ જળાશયોને માટે ભટકતાં હોય, મૃગો પાણી માટે વ્યાકુળ રહેતાં હોય, દૃઢ લતાઓ, ખડ તથા કોમળ લતાઓ સુકાઇ ગયાં હોય, વૃક્ષો પાંદડાં વગરનાં થઈ ગયાં હોય, આંબા અને દ્રાક્ષનાં ફળ રસદાર બનતાં હોય, વાંદરાં બૂમાબૂમ કરતાં હોય, ઠંડો પાતળો પવન ઉપર જવાથી ગરમાગરમ પવન ફુંકાતો હોય, ખાખરાનાં ઝાડો ફૂલથી શોભી રહ્યાં હોય, સમુદ્રનું પાણી ઘણું ઊછળતું હોય, વહાણો ચાલતાં અટકી પડયાં હોય, સમુદ્રમાં મોટા જુવાળ આવતા હોય, માણસના મુખ ઉપર પરસેવાના રેલા ચાલતા હોય, નદીનાં પાણી ઉષ્ણ અને કૂવાનાં પાણી ઠંડાં જણાતાં હોય, તળાવોનાં પાણી ઘટી ગયાં હોય, ખારા રણમાં પાણી મીઠાં થયાં હોય, અગસ્તના તારાનો અસ્ત થયો હોય, માંકડ બહુ પાકયા હોય, રણમાં ઝાંઝવાનાં પાણી દેખાતાં હોય, વાયુમાં વંટોળિયા થતા હોય, ઝાડના પરસ્પર ઘસાવાથી જંગલમાં દવ લાગતા હોય, આંબા, વડ, પીપળા, પીપર, લીમડા જેવાં વૃક્ષો પુષ્ટ જણાતાં હોય, ચંપેલી, ચંપો, જૂઇ, જાઇ, સેવતી વગેરે સુગંધીદાર ફૂલો ખીલેલાં હોય; ચાંપા, પપેયાં, ફાલસાં, સેતૂર, કેળાં, તડબૂચ, ટેટી, રાયણ અને લીંબોળીનાં ફળો પાકેલાં હોય, પશ્ચિમનો પવન જોરથી ફુંકાતો હોય, સવારમાં મેનાપોપટ બોલે, બપોરે કોયલ બોલે, સાંજે ચકલીઓ બોલે અને રાત્રે ઘુવડ બોલે તો તે ગ્રીષ્મઋતુનો સમયોગ થયો છે એમ જાણવું.

વર્ષાઋતુ—કેટલાક ગ્રંથકારોએ ગ્રીષ્મ પછી પ્રાવૃષઋતુ જણા-લી છે. એટલે જો પ્રાવૃષ ગણીએ તો ઋતુઓ સાત થાય. તેમ કેટલાક ગ્રંથકારોએ હેમંત પછી શિશિરઋતુ ગણેલી છે એટલે એ રીતે પણ ઋતુ સાત થાય. જ્યારે પ્રાવૃષનો અથવા શિશિરનો ત્યાગ કરવામાં આવે તો ઋતુઓ છ ગણી શકાય. કદાચ પ્રાવૃષ અને શિશિર બે ઋતુઓ પર્યાયવાચક છે એટલે બેનો એકજ અર્થ કરવો એમ કહેવાય પણ તે બની શકતું નથી. કારણ કે વર્ષના આદિમાં પ્રાવૃષ અને વસંતની આદિમાં શિશિર આવે છે તેથી ઘણો ગૂંચવાડો ઉત્પન્ન થાય છે. પરંતુ ગ્રીષ્મ, પ્રાવૃષ, વર્ષા, શરદ હેમંત, શિશિર અને વસંત એ પ્રમાણે સાત ઋતુ લખવામાં આવી છે. એટલે એનો તોડ એવી રીતે કરવામાં આવ્યો કે હેમંત અને શિશિરને ભેગી ગણવી અને પ્રાવૃષ અને વર્ષાને ભેગી ગણવી. એવી રીતે ગણવાથી ઋતુઓના વિચારને બાધ આવશે નહિ અને સુશ્રુત આદિ ગ્રંથો વાંચતાં જે ગૂંચવાડો ઊભો થાય છે તેનો સંતોષકારક નિકાલ આવશે. જેથી વર્ષાઋતુ નહિ બગડેલી લખીએ છીએ, તેમાં પ્રથમ પ્રાવૃષઋતુ અને પછી વર્ષાઋતુનો યોગ જાણવો.

વર્ષાની શરૂઆતમાં એટલે પ્રાવૃષઋતુમાં પશ્ચિમ દિશાના પવને ખેંચી આણેલાં વીજળીઓના ચમકાટવાળાં, ભારે ગર્જનાઓવાળાં, જળની વૃષ્ટિ કરતાં વાદળાંઓથી આકાશ ઢંકાયલું રહેતું હોય અને પૃથ્વી કોમળ કાળા રંગના ખડાથી સંપન્ન થયેલી હોય તથા કસુંબી રંગના કીડાઓથી (બીરબોટીથી) શોભી રહેલી હોય, કદંબો ધૂળી કદંબોથી અને કેતકીઓથી શણગાર પામેલી હોય, વખતે વખતે નૈઋત્ય ખૂણાનો વાયુ વાય એટલે ગ્રીષ્મના તાપથી ઠંડક થાય, ઇંડાંવાળી કીડીઓ નીકળે, પક્ષીઓ ઘાસના માળા બાંધે, કાચંડા (શરડા) રાતા થાય, પાતાળ કૂઈ ઓઘે, મીઠાના પાત્રમાં પાણી છૂટે, લોખંડ તથા ધાતુનાં વાસણ-

પર કાટ ચઢે, ચકલીઓ ધૂળમાં નહાય, સૂર્ય કર્ક રાશિનો થાય, વાદળાં રાતાં દેખાય, આકાશમાં મેઘધનુષ્ય તણાય, ટિટોડી ઈંડાં સૂકે, ઈશાન દિશાની વીજળી થાય, ચંદ્રને જળકૂંડાળાં થાય; આકાશ કાળું દેખાય, તારા તથા ચંદ્ર પણ ઝાંખા દેખાય, વાદળાં પર્વતના શિખર જેવાં જણાય, વાદળાં આમતેમ દોડી જમીન સાથે જોડાઈ જઈ જમીન તરફ ઝૂલતાં જણાય, વીજળી ચમકે, વાદળ ગાજે, શરૂઆતમાં વખતે કરા તથા ગાર પડે, મોર ટહુકા કરે, મોટા દેડકા બોલે, કેરીમાં ગળપણ વધે, મરીકંથાર અને જાંબુનાં ફળ પાકે, તે પછી વર્ષાઋતુ સંપૂર્ણરૂપમાં જણાય છે; એટલે નદીઓના કિનારાઓનાં વૃક્ષો જળના પૂરથી ભાંગી ગયાં હોય, વાવો તથા તળાવો રાત્રિવિકાસી કમળથી તથા નીલકમળથી શોભી રહ્યાં હોય, પૃથ્વીના સપાટ પ્રદેશો કે ખાડાઓ પાણીને લીધે બરાબર વરતી શકાતા ન હોય, ખેતરોમાં ઘણાં ઘણાં ધાન્યોના છોડ દીપી રહ્યા હોય, આકાશમાં વાદળાં ગર્જના વગર જળનો સ્રાવ કર્યા કરતાં હોય, વાદળાંઓથી સૂર્ય તથા બીજા ગ્રહો ઢંકાઈ ગયેલા હોય, જમીનમાંથી તૃણો, લતાઓ, વેલીઓ, વધતી જતી હોય, સિંહરાશિનો સૂર્ય થયો હોય, નદીતળાવો પાણીથી ઊભરાઈ જતાં હોય, જાણે પૃથ્વીનું તળિયું ધોવાઈને સાફ થતું હોય, અળસિયાં વગેરે ઘણી જાતનાં જંતુઓનો પાક થતો હોય, સારસ પક્ષીઓ તળાવ તથા નદીઓ છોડી ચાલ્યાં જતાં હોય, બપૈયા બોલતા હોય, મોર કળા કરતા હોય, બગલા ઝાડ પર ચડેલા હોય અને તેમને બગલીઓ ચારો લાવી ખડાવવતી હોય, ઝાડો વેલીઓથી છવાઈ ગયાં હોય, કેવડાના દોડામાં સુગંધી વધી તેનો પૂર્ણ પાક થયો હોય, જમીન પર ભમફોડ (બિલાડીના ટોપ) ઊગ્યા હોય, સૂરજમુખીનાં પીળાં ફૂલ, ગુલાબ, બટમોગરો, પારિજાત, ધંતૂરો અને વનકેશરો ફૂલથી પ્રફુલ્લિત થયાં હોય, અગથિયા, જાસૂદ, કદંબ,

બકુલ અને ચંપેલીનાં ફૂલ ખીલ્યાં હોય; આમલીને કાચા કાતરા દેખાતા હોય, રાત્રે તમરાં બોલતાં હોય; આગિયા ચમકતા હોય, સિંહસંક્રાંતિ પૂરી થતી હોય, કીડી અને મંકોડાને પાંખ આવી હોય, તો વર્ષાઋતુનો સમયોગ થયો છે એમ જાણવું.

શરદઋતુ—જો શરદઋતુમાં સૂર્ય પીળા રંગનો દેખાતો હોય, આકાશ સફેદ વાદળાંઓવાળુ દેખાતું હોય, તથા વાદળાં વિનાનું સ્વચ્છ પણ દેખાતું હોય, તળાવો તથા નદીને કિનારે હંસ, સારસ અને બગલાઓ બેઠેલા હોય, પૃથ્વી નીચા પ્રદેશોમાં કાદવવાળી, ઊંચા પ્રદેશોમાં સુકાયલી, સપાટ પ્રદેશોમાં વૃક્ષોવાળી તથા કાંટાસરિયા, સપ્તપર્ણ, ખપેરિયા, બીબલા, દારૂડિયા, કાળી જીરી અને કલારથી શોભા પામતી હોય, વનસ્પતિઓ પીળાં સોનેરી ક્વચિત રાતાં અને ભૂરાં જાંબલી ફૂલથી શોભી રહી હોય, સાગર (સમુદ્ર) અને સરિતા (નદીઓ) શાંત થયાં હોય, અગસ્તના તારાનો ઉદય થયો હોય, પવનનું તોફાન નરમ પડયું હોય, પૂર્વ દિશાનો વાયુ આવતો હોય, કોઈ વાર પૂર્વ તરફથી વરસાદ આવતો હોય, મીનસંક્રાંતિ પછી પવન પશ્ચિમનો આવતો હોય; હસ્ત અને કન્યાસંક્રાંતિમાં પવન [illegible]નો આવતો [illegible] [illegible]સાદ જ્યાં ચડે ત્યાં પડે; નક્ષત્ર (હાથીઓ)ની સૂંઢ [illegible] [illegible] પીળાં વાદળ થાય; કોઈ વાર કાળાં, કોઈ વાર રા[illegible] [illegible] વાર સૂર્ય તેમાં કોઈ વાર પીળાં અને સે[illegible] [illegible] કોઈ વાર [illegible] દેખાય, [illegible] [illegible]તી. દેખાય, કોઈ વા[illegible] [illegible]ય; [illegible] ચૂપ રહે આકા[illegible] થાય, ચકોર પક્ષ[illegible] માટે બૂમ પાડે, તી[illegible] સ્વચ્છ જણાય, કુમુદિ[illegible] દીપ મજી આવે, નદી[illegible]

પર ઊડે, તળાવથી વાણિયા (પક્ષી) ઊડી જાય, દેડકાં બોલતાં બંધ થાય, ઘાસમાં પગથી પડે ને માર્ગ ખુલ્લા થાય; નદી તળાવે ચક્વાકો બેસે, ધીતેલાં (કમળનાં ફળ) પાકે, તુલારાશિનો સૂર્ય થાય, દિવસરાત સરખાં થાય, અન્નનો પાક દેખાય, બાજરી ને અડદનો પાક થાય, ચિત્રાનો સખત તાપ પડે, કેળાં બહુ પાકે, ભીંડાનાં ઝાડ વધી જાય, કાશડાને (દર્ભને) ધોળાં ફૂલ આવે, બગલા નદીકિનારે બેસે, ગુલબાસ અને પચરંગી ફૂલ સાંજે ખીલે, રાતા બપોરિયાનાં ફૂલ દિવસે ખીલે, ધંતૂરાને ફળ અને ફૂલ આવે અને રાત્રે સ્વચ્છ ચાંદની ખીલે તો શરદઋતુનો સમયોગ જાણવો.

એ પ્રમાણે ઋતુઓનો સમયોગ હોવાથી વનસ્પતિઓ, ઔષધિઓ, અન્નો અને જળો અમૃતરૂપ થાય છે, જેથી મનુષ્ય અને પ્રાણી માત્ર આરોગ્ય અને બળવાન રહે છે. પણ ઋતુઓ પોતાના ગુણોનો અતિયોગ પામેલી હોય અથવા પોતપોતાના ગુણોથી હીન યોગ પામેલી હોય અથવા શીતમાં ઉષ્ણ, ઉષ્ણમાં શીત, વર્ષામાં અવૃષ્ટિ એવી રીતની વિપરીતતા પામેલી હોય અથવા અનુલોમવિલોમ ચિહ્નોવાળી થઈ હોય તો તે ઋતુઓમાં માણસોનાં વાત, પિત્ત અને કફ પ્રકોપ પામે છે. એ પ્રમાણે ઋતુઓના સમયોગનું વર્ણન કરવામાં આવ્યું અને અંતે તેના હીન, મિથ્યા અને અતિયોગનું પ્રકરણ બતાવ્યું. પરંતુ ઋતુઓનો કાળ જ્યાં સુધી નિશ્ચિત નહિ થાય ત્યાં સુધી ઋતુનો હીન, મિથ્યા કે અતિયોગ ગણી શકાય નહિ એટલે સમજી શકાય નહિ. એટલા માટે જ્યોતિષશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર અને સાહિત્ય એટલે શૃંગારશાસ્ત્રે ઋતુઓની ગણના ક્યાંથી ક્યાં સુધી કરેલી છે તેનું વર્ણન કરવાની અત્રે આવશ્યકતા જણાય છે.

સુશ્રુતસંહિતાના કર્તા મહર્ષિ સુશ્રુતાચાર્ય ઋતુનું વર્ણન કરતાં ગ્રીષ્મ, પ્રાવૃષ, વર્ષા, શરદ, હેમંત, શિશિર અને વસંત એ પ્રમાણે

સાત ઋતુઓ ગણાવીને ઉત્તરાયણ અને દક્ષિણાયન એવા બે ભાગ
પાડે છે; પરંતુ દોષના સંચય, પ્રકોપ અને શાંતિ માટે છ ઋતુને
ગ્રહણ કરે છે, એટલે શિયાળામાં શિશિર ઋતુને ગણી ઉનાળામાંથી
પ્રાવૃષઋતુને બાદ કરે છે. ચરકમુનિએ ચરકસંહિતામાં ઋતુના
ગુણદોષનું વર્ણન કરેલું છે પરંતુ ઋતુનો કાળ ક્યાંથી ગણવો
તેનો નિશ્ચય કર્યો નથી. શારંગધરના કર્તા શારંગધરાચાર્ય પ્રાવૃષ,
વર્ષા, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ એ રીતે છ ઋતુઓ ગણાવે
છે, અર્થાત્ હેમંત, વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુનું ઉત્તરાયણ
અને પ્રાવૃષ, વર્ષા, શરદ એ ત્રણ ઋતુનું દક્ષિણાયન માને છે. વાગ્-
ભટ્ટે વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ ઋતુ માનીને
વર્ષા, શરદ અને હેમંત ઋતુનું દક્ષિણાયન અને શિશિર, વસંત
અને ગ્રીષ્મઋતુનું ઉત્તરાયણ માનેલું છે. બ્રહન્નિઘંટુ રત્નાકર,
નિઘંટુ રત્નાકર, ભાવપ્રકાશ આદિ વૈદ્યક ગ્રંથોએ સુશ્રુત પ્રમાણે
ઋતુઓ ગણેલી છે. કવિ નર્મદાશંકરે પોતાના નર્મકવિતા નામના
ગ્રંથમાં છ ઋતુ વાગ્ભટ્ટ પ્રમાણે માનેલી છે અને કવિ દલપતરામ
પોતાના દલપતકાવ્યમાં વર્ષા, શરદ અને હેમંતનું દક્ષિણાયન
અને શિશિર, વસંત અને ગ્રીષ્મનું ઉત્તરાયણ માનેલું છે. એ પ્રમાણે
માનવા છતાં ઋતુનો કાળ ગણવામાં ઘણો ગોટાળો ઉત્પન્ન થાય
છે. કારણકે સુશ્રુત ભાદરવો અને આસો વર્ષાઋતુ, કારતક અને
માગશર શરદઋતુ, પોષ અને મહા હેમંતઋતુ, ફાગણ અને ચૈત્ર
સંતઋતુ, વૈશાખ અને જેઠ ગ્રીષ્મઋતુ ને આષાઢ અને શ્રાવણ
પ્રાવૃષઋતુ ગણે છે. અને વળી ફરીથી એમ પણ માને છે કે શ્રાવણ
અને ભાદરવો વર્ષાઋતુ, આસો અને કારતક શરદઋતુ, માગશર
અને પોષ હેમંતઋતુ, મહા અને ફાગણ શિશિરઋતુ, ચૈત્ર અને
વૈશાખ વસંતઋતુ અને જેઠ અને આષાઢ ગ્રીષ્મઋતુ બાબતી.
વાગ્ભટ્ટના મત પ્રમાણે સુશ્રુતે શ્રાવણથી વર્ષાઋતુ ગણી આષાઢમાં

ગ્રીષ્મઋતુ પૂરી કરેલી છે, તે મતને પુષ્ટિ આપી છે. સારંગધર મેષ અને વૃષભ સંક્રાંતિને ગ્રીષ્મઋતુ, મિથુન અને કર્ક સંક્રાંતિને પ્રાવૃષઋતુ. કન્યા અને સિંહ સંક્રાંતિને વર્ષાઋતુ, તુલા અને વૃશ્ચિક સંક્રાંતિને શરદઋતુ, ધન અને મકર સંક્રાન્તિને હેમંતઋતુ અને કુંભ તથા મીન સંક્રાંતિને વસંતઋતુ ગણે છે. એટલે હેમંત, વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુનું ઉત્તરાયણ તથા પ્રાવૃષ, વર્ષા અને શરદ એ ત્રણ ઋતુનું દક્ષિણાયન માને છે. કવિ દલપતરામ જેઠ સુદ પૂનમથી વર્ષાઋતુ, શ્રાવણ સુદ પૂનમથી શરદઋતુ, આસો સુદ પૂનમથી હેમંતઋતુ, માગસર સુદ પૂનમથી શિશિરઋતુ, મહા સુદ પૂનમથી વસંતઋતુ અને ચૈત્ર સુદ પૂનમથી ગ્રીષ્મઋતુ બેઠી એમ માને છે. જ્યોતિષશાસ્ત્રના પંચાંગ પ્રમાણે કર્ક અને સિંહ સંક્રાન્તિમાં વર્ષાઋતુ, કન્યા અને તુલા સંક્રાન્તિમાં શરદઋતુ, વૃશ્ચિક અને ધન સંક્રાંતિમાં હેમંતઋતુ, મકર અને કુંભ સંક્રાંતિમાં શિશિરઋતુ, મીન અને મેષ સંક્રાન્તિમાં વસંતઋતુ અને વૃષભ અને મિથુન સંક્રાન્તિમાં ગ્રીષ્મઋતુ ગણેલી છે.

ઉપર પ્રમાણે અવલોકન કરતાં આપણે પ્રથમ શિશિર અને પ્રાવૃષઋતુનો નિર્ણય કરવાની જરૂર પડે છે. જો એનો નિર્ણય ન થ તો ઋતુઓ સાત ગણવી પડે, કારણકે પ્રાવૃષ અને શિશિરઋતુએ કાંઈ પર્યાયવાચક શબ્દ નથી; પરંતુ પ્રાવૃષઋતુ ગ્રીષ્મને અંતે અને શિશિરઋતુ હેમંતને અંતે આવે છે અને તે પ્રમાણે ગણતાં ત્રણ ત્રણ ઋતુનું એકેક અયન થવાને બદલે એક અયનમાં ચાર ઋતુ ગણવી પડે અને જો તેમ ન ગણીએ તો એક તરફ ચોમાસું ચાર ઋતુનું અથવા શિયાળો ચાર ઋતુનો ગણવો પડે પણ તેમ ગણવું એ વાસ્તવિક કહેવાય નહિ. પરંતુ જો પ્રાવૃષઋતુને વર્ષાઋતુનો પર્યાયવાચક શબ્દ ગણીએ તો છ ઋતુની ગણના બરાબર આવી રહે. એટલે

વર્ષા, શરદ અને હેમંતનું દક્ષિણાયન અને શિશિર, વસંત તથા ગ્રીષ્મનું ઉત્તરાયણ બરાબર બંધબેસતું આવે.

હવે કઇ ઋતુ ક્યારથી શરૂ થાય છે, તે બાબતનો નિર્ણય કરતાં એટલું જાણવાનું કે જે તિથિએ જ્યોતિષશાસ્ત્રના પંચાંગ પ્રમાણે જે ઋતુનો ઉદય થયો હોય તે તિથિએ તે ઋતુનો ઉદય થયેલો જણાતો નથી. એટલે ઉત્તરાયણ અને દક્ષિણાયન આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ છે. કારણ કે મકરસંક્રાંતિથી જ્યારે ઉત્તરાયણ થાય; એટલે સૂર્ય ઉત્તર દિશા તરફ જતો દેખાય તે વખતથી એકેક મિનિટ અથવા અમુક સમય દિવસ વધતો જાય અને રાત્રી ઘટતી જાય તેમ કર્ક સંક્રાન્તિ અથવા દક્ષિણાયન જ્યારથી શરૂ થાય, ત્યાથી દરરોજ એકેક મિનિટ અથવા અમુક સમય દિવસ ઘટતો જાય અને રાત્રી વધતી જાય. આ વાતમાં કોઇ પણ આચાર્યનો મતભેદ નથી. તેમ પ્રત્યક્ષ પ્રમાણથી ઉત્તરાયણ અને દક્ષિણાયન નક્કી કરી શકાય છે. અને એકેક અયનમાં ત્રણ ત્રણ ઋતુ આવે છે એ વાત નિર્વિવાદ છે. આપણે એટલા ઉપરથી નક્કી વિચાર પર આવીશું કે જ્યોતિષશાસ્ત્રમાં લખેલી વર્ષા, શરદ અને હેમંત એ ત્રણ ઋતુઓ દક્ષિણાયનની છે અને શિશિર, વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુઓ ઉત્તરાયણની છે. ઉત્તરાયણની શરૂઆતથી દિવસ લાંબા થવા માંડે છે અને રાત્રી ટૂંકી થવા માંડે છે તેમ દક્ષિણાયનની શરૂઆતમાં દિવસ ટૂંકા અને રાત્રી લાંબી થવા માંડે છે. પરંતુ એ નિયમ તપાસતાં જ્યોતિષશાસ્ત્રાનુકૂળ પંચાંગને જોતાં એમ જણાય છે કે પંચાંગમાં લખેલી જે તિથિએ ઉત્તરાયણ થવાનું હોય છે તે તિથિ પહેલાં ૨૧ દિવસ અથવા ૨૩ દિવસ પહેલાંથી દિવસ વધતો અને રાત્રી ઘટતી જણાય છે. એટલે આ ઉપરથી પંચાંગમાં લખેલી તિથિએ ઉત્તરાયણ અથવા દક્ષિણાયન થતું નથી એ વાત સિદ્ધ થાય છે.

આ તકરારનો નિકાલ લાવવા માટે જ્યોતિષશાસ્ત્રના પૂર્વાચા

અને અમારા મિત્ર સુરત–સંઘાડિયાવાડ નિવાસી વિદ્વાન જોશી ભાનુશંકર દુર્લભરામને પૂછતાં તેમણે પોતાના ગ્રહઅવલોકન અને રાશિનિર્ણયના અનુભવ ઉપરથી એવો નિર્ણય આપ્યો કે, હાલમાં ઘણા વર્ષથી આપણા દેશમાં ગ્રહોનો વેધ થતો નથી, એટલે દર વર્ષે અમુક ઘડી, પળ, વિપળ, કળા અને વિકળાનો ગણિતમાં ફેર પડતો જાય છે. એટલે જ્યાં સુધી વેધશાળામાં બેસીને જોશીઓ ગ્રહનો વેધ કરીને કયો ગ્રહ આ સમયે કઇ રાશિમાં, કેટલા અંશે, કેટલી કળાએ, કેટલી વિકળાએ છે, તે પ્રત્યક્ષ જોઇને નોંધ કરી તે પ્રમાણે ગ્રહોને ગોઠવે નહિ ત્યાં સુધી આ ગડબડનો નિકાલ આવે નહિ. પણ જે વિદ્વાન જોશીઓએ સૂર્યસિદ્ધાંત વગેરે સિદ્ધાંતના ગ્રંથો જોયેલા છે અર્થાત્ અભ્યાસ કરેલો છે, તેઓ સિદ્ધાંતના ગ્રંથોના ગણિત પ્રમાણે પોતે ગણિત ઉપજાવી ગ્રહોની ચાલની કસર કાપી ઋતુઓનો નિર્ણય કરે છે. એટલે દરેક અયનમાં અથવા ઋતુમાં દિવસનો તફાવત ગણીને તેઓ ઋતુ અથવા અયનને ગોઠવે છે એ ખુલાસા-વૈદકશાસ્ત્રે માનેલી અને પંચાંગમાં લખેલી ઋતુનો નિર્ણય થઇ જાય છે, જેથી અંગ્રેજ જ્યોતિષીઓની ગણના પ્રમાણે ટૂંકામાં ટૂંકો દિવસ અને લાંબામાં લાંબી રાત્રી ૨૨ ડિસેમ્બરે અથવા એ અરસામાં થાય છે, તથા લાંબામાં લાંબો દિવસ અને ટૂંકામાં ટૂંકી રાત્રી ૨૨ મી જૂને અથવા એ અરસામાં થાય છે. જેથી ઋતુ-ગણનાના કામમાં આ નિર્ણય છેલ્લામાં છેલ્લો અને સત્ય છે એમ માનવાને હરકત નથી. એ ઉપરથી અમે એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે કવિ દલપતરામ ડાહ્યાભાઇએ જે ઋતુનો નિર્ણય કર્યો છે તે આ વાતને ઘણો બંધબેસતો આવે છે. એટલા માટે કે જે લોકો શાસ્ત્રનું કે પંચાંગનું અવલોકન કરી શકતા નહિ હોય તેઓ પણ આસો સુદ પૂનમે શરદઋતુ પૂર્ણ થઇ, માગશર સુદ પૂનમે હેમંત-ઋતુ પૂર્ણ થઈ, મહા સુદ પૂનમે શિશિરઋતુ પૂર્ણ થઈ ચૈત્ર સુદ

વર્તે છે અને ૬ ઋતુમાં સૂર્ય ૧૨ સંક્રાંતિમાં પ્રવેશ કરે છે અને તે ૧૨ સંક્રાન્તિ ૧૨ માસે પૂરી થાય છે. છતાં શિયાળો (ટાઢની મોસમ) ઉનાળો (તાપની મોસમ) અને ચોમાસું (વરસાદની) મોસમ એવી રીતે ૩ મોસમ ચાર ચાર માસની ગણાય છે, છતાં તાપની મોસમ વરસમાં બે વખત આવે છે અને ટાઢ તથા વરસાદની મોસમ વરસમાં એકેક વાર આવે છે. તેમાં ખાસ કરીને શરદ્‌ઋતુ દક્ષિણાયનના તાપની ઋતુ છે પરંતુ તે હેમંતઋતુના ભેગવાળી હોવાથી તેમાં જમીનને સૂકવવાવાળો ભૂખર એટલે પૂર્વનો પવન આવે છે. તેવી રીતે ગ્રીષ્મ અને વર્ષાની વચમાં પ્રાવૃષ ઋતુ આવે છે, જેમાં ગ્રીષ્મના તાપનો અને વર્ષાના વરસાદનો ભેગ હોય છે. તેજ પ્રમાણે વસંતઋતુમાં શિયાળાની ટાઢનો અને ગ્રીષ્મના તાપનો ભેગ હોય છે; એટલે જે જે ઋતુમાં જે જે ઋતુના ભેગ થવાનું કુદરતે નિર્માણ કરેલું છે, તે ઋતુમાં ભેગવાળી વનસ્પતિઓ ઊગે અથવા મનુષ્યપ્રકૃતિમાં ભેગવાળા દોષોનો ઉપદ્રવ જણાય તો તે ઉપદ્રવ ગણાય નહિ. એટલે જે ઋતુમાં જે થવાનું છે તે થાય છે તેથી કાંઈ આપણે ઋતુનો હીન, મિથ્યા કે અતિયોગ ગણી શકીએ નહિ. એ ઉપરાંત બીજો નિયમ એવો યાદ રાખવાનો છે કે જે ઋતુનો [illegible] વખતે ઉદય થાય તે વખતે તે ઋતુના પ્રથમના ૧૫ દિવસ પાછ[illegible] ગયેલી ઋતુના ભેગવાળા હોય છે, અને ચાલુ ઋતુના પાછ[illegible] ૧૫ દિવસ આગળ આવનારી ઋતુના ભેગવાળા થતા જાય છે. [illegible] એટલે ચાલુ ઋતુમાં જેમ જેમ સૂર્ય પોતાની રાશિને ભોગવતો જાય છે તેમ તેમ પાછળની ઋતુનો ભેગ ઘટતો જાય છે અને દોઢ મહિના પછી જેમ જેમ સૂર્ય પોતાની રાશિને ભોગવતો જાય તેમ તેમ આગળની આવનારી ઋતુનો ભેગ વધતો જાય છે. એટ[illegible] ખરી રીતે જોતાં છ ઋતુના છ મહિના શુદ્ધ ઋતુના ગુણધર્મવા[illegible] હોય છે, અને ઋતુની આગળના અને પાછળના પંદર પંદર દિ[illegible]

બબ્બે ઋતુના ગુણ-ધર્મવાળા હોય છે. હવે આપણે વિચાર કરવો જોઈએ કે પ્રાવૃષ ઋતુમાં વરસાદની શરૂઆત થાય છે, પરંતુ તેમાં ગ્રીષ્મઋતુના પાછલા કાળનો ભેગ હોવાથી વર્ષાઋતુ ખરેખરી ગણી શકાતી નથી. પણ જો પ્રાવૃષઋતુ પોતાના ગુણધર્મ પ્રમાણે વર્તેલી જણાય તો વર્ષાઋતુ અમૃતમય વૃષ્ટિ કરી છયે રસને ઉત્પન્ન કરવાવાળી વૃષ્ટિને લાવશે એમ અનુમાન કરી શકાય છે. આખા વર્ષમાં છ ઋતુઓ પૈકી જે સમયમાં વર્ષાઋતુનો હીનયોગ, અતિયોગ કે મિથ્યાયોગ થયો હોય તો તેનો પ્રભાવ આખા વર્ષની બીજી પાંચે ઋતુઓ ઉપર પડે છે. કારણ કે વર્ષાઋતુનો સમયોગ થવાથી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થતી નથી; પણ જ્યાં જ્યાં જેટલી વૃષ્ટિની જરૂર છે ત્યાં ત્યાં તેટલી તેટલી વૃષ્ટિ થવાથી જમીનમાં રહેલી વનસ્પતિનાં બીજોને જે જે ઋતુમાં ઊગવાનો, વધવાનો અને ફળફૂલ આવી મરી જવાનો ગુણ રહેલો છે તે ગુણને પુષ્ટિ આપવાવાળું પાણી તેને મળી જાય છે; અને જો વર્ષાઋતુનો હીનયોગ થયો હોય એટલે અનાવૃષ્ટિ થઈ હોય તો પ્રથમના વરસાદથી વનસ્પતિઓ જો કે જુદા જુદા ગુણધર્મવાળી છે તો પણ તે ઊગી નીકળે છે અને કેટલીક વનસ્પતિઓનાં બીજ જમીનમાં હોવા છતાં પણ વર્ષાઋતુમાં ઊગવાનો ગુણધર્મ નહિ હોવાથી તે મૂર્છાવસ્થામાં સજીવપણે પડી રહે છે. પરંતુ વર્ષાઋતુના હીનયોગને લીધે અનાવૃષ્ટિ થવાથી વર્ષાઋતુમાં ઊગીને શરદ કે હેમંતમાં અથવા વસંતમાં ફળફૂલ આપનારી વનસ્પતિઓ સુકાઈ જાય છે. તેમજ જે બીજ મૂર્છાવસ્થામાં સજીવપણે જમીનમાં પડી રહેલાં હોય છે તે પણ પોતાને ઊગવાની ઋતુ આવે તોપણ ઊગી શકતાં નથી અથવા ઊગી નીકળે તો પણ તે રસપૂર્ણ થઈ ફળફૂલને આપવાવાળાં થઈ શકતાં નથી.

હવે કર્કસંક્રાન્તિથી દક્ષિણાયનનો પ્રાદુર્ભાવ થાય છે એટલે દિન પર દિન રાત્રિ લાંબી થતી હોવાથી ચંદ્રનું બળ

હવા, પાણી,
છે. અને જેમ જેમ ચંદ્રનું બળ વધતું જાય તેમ તેમ
વનસ્પતિ, જીવજંતુઓ અને મનુષ્યોનું બળ પણ વધતું જાય છે.
એટલે એવું સાબિત થયું કે જે વર્ષમાં વર્ષાકાળ સમયોગવાળો
નીવડે તે વર્ષની બીજી તમામ ઋતુઓ સમયોગવાળી એટલે
સુખકર્તા નીવડે; પણ જે વર્ષમાં વર્ષાઋતુ હીન, મિથ્યા કે અતિ-
યોગવાળી નીવડેલી હોય તે વર્ષમાં બીજી તમામ ઋતુઓ હીન,
મિથ્યા કે અતિયોગવાળી નીવડે છે. આપણે આગળ જણાવી
ગયા કે વર્ષાઋતુમાં ખાટો રસ, શરદઋતુમાં ખારો રસ અને
હેમંતઋતુમાં મધુર રસ બળવાન થાય છે; પરંતુ વર્ષાઋતુમાં ખાટાં
ફળો જોવામાં આવતાં નથી, પણ વિશેષે કરીને મોળાં ફળો
ઉત્પન્ન થતાં જણાય છે. એટલા ઉપરથી કોઇ એમ અનુમાન કરે
કે જે ઋતુમાં જે રસ બળાવાન થવાનું કહેલું હોય તે સરની વન-
સ્પતિ ઉપર અસર થવી જોઇએ. અર્થાત્ તે સરના ગુણ-
ધર્મવાળી વનસ્પતિ તૈયાર થવી જોઇએ, પણ એમ થવાનું
અસંભવિત છે. કારણ કે વર્ષાઋતુમાં પિત્તનો સંચય થાય
છે અને વાયુનો કોપ થાય છે, તથા કફનું સંશમન થાય છે.
એટલે જ્યારે પિત્ત વિદગ્ધપણાને પામેલું હોય છે ત્યારેજ પિત્ત-
નો સ્વાદ ખાટો થાય છે; પણ શુદ્ધ પિત્તનો સ્વાદ તીખો અને
કડવો છે; એટલે જે સમયમાં પિત્તનો સંચય થતો હોય જેથી
પિત્તના ઉગ્ર સ્વભાવને લીધે જળતત્ત્વ જે સૌમ્ય સ્વભાવવાળું છે
પિત્તનું આચ્છાદન કરે છે; અને જેમ જેમ પિત્તનું આચ્છાદન
! જાય તેમ તેમ પિત્તની ઉષ્ણતાને લીધે પ્રાણીના શરીરમાં બળ
તું જાય છે. તેથીજ વર્ષાકાળની શરૂઆત થાય કે તરત પૃથ્વી
ાંથી અસંખ્ય વનસ્પતિઓ ઊગી નીકળી વધવા માંડે છે. એ
રસાદના પાણીથી ઊગતી વનસ્પતિઓ છયે રસ અને તેના
સ્વાદવાળી હોય છે; પરંતુ વર્ષાઋતુમાં વાયુનો કોપ હોવાથી વા

પ્રધાન મધુરરસ એટલે મધુરનો પ્રથમ ભાગ કે જેને આપણે મોળો રસ કહીએ છીએ તેની અતિશયતા દેખાય છે. જેમ જેમ વરસાદ આવતો જાય છે અને પૃથ્વીમાં પાણીનું સિંચન થાય છે, તેમ તેમ મોળો રસ (જો કે બીજા રસોના તત્ત્વવાળી વનસ્પતિ ઊગેલી હોય છે તો પણ તેમાં) તેના મૂળ રસવાળો સ્વાદ નહિ આવતાં મોળાપણું વિશેષે કરીને હોય છે. વર્ષાઋતુમાં પિત્તનો સંચય થવાથી જેના ગર્ભમાં તીખા અને કડવા રસો હોય છે, તે વનસ્પતિઓ એકદમ વધવા માંડે છે. તેવીજ રીતે જેના ગર્ભમાં મધુરરસ હોય છે તે મોળા રસના નામથી જ્યાં સુધી પોતાને સંપૂર્ણ મધુરતા મેળવવાનો કાળ આવે નહિ ત્યાં સુધી વધ્યા કરે છે. એ પ્રમાણે છયે રસમાં ગોઠવાયેલી ૬૩ સ્વાદવાળી કેટલીક વનસ્પતિઓ ઊગીને વધે છે અને કેટલીક વનસ્પતિઓનાં બીજ કે જેઓ સંપૂર્ણ પિત્તપ્રકૃતિનાં છે, તેઓ જમીનમાં રહીને પોષાય છે. દાખલા તરીકે વર્ષાઋતુની શરૂઆતમાં કડવા રસની વનસ્પતિ એટલે કૂંવાડિયા, કાચકી, કડુ, કરિયાતું વગેરે ઊગવા માંડે છે. પરંતુ જ્યારે શરદઋતુમાં પિત્તનો કોપ થાય છે ત્યારેજ તે સંપૂર્ણ રસવાળી થાય છે. વર્ષાઋતુની શરૂઆતમાં જ્યારે ગ્રીષ્મઋતુનો ભોગ હોય છે, ત્યારે ગ્રીષ્મના અગ્નિતત્ત્વને લીધે અગ્નિતત્ત્વનો સ્વાદ ખાટો હોવાથી ગ્રીષ્મને અંતે અને વર્ષાની શરૂઆતમાં જંતુઓમાં અને વનસ્પતિઓમાં રાતો રંગ પ્રવેશ પામે છે. આથી રાતા રંગના કીડાઓ જમીનમાં પાકે છે અને વૃક્ષો ઉપર કરેણ, બપોરિયા, ગુલબાસ અને જાસૂદ જેવાં ખાસ રાતા રંગનાં ફૂલો આવતાં જણાય છે. પછી જેમ જેમ સૂર્ય કર્કસંક્રાંતિ પૂરી કરી સિંહ-સંક્રાંતિને ભોગવતો જાય છે, તેમ તેમ રાતા રંગનાં પુષ્પો અને જંતુઓ બદલાઈને ગુલાબી રંગ ધારણ કરે છે. એટલે ગોકળ-ગાયો, ભાદરવા નામના કીડા અને અળસિયાં ગુલાબી રંગ ધારણ

કરે છે અને ગોટાકરણ કે ગુલાબ જેવી વનસ્પતિઓને ગુલાબી રંગનાં પુષ્પો આવતાં જણાય છે. અને વર્ષાઋતુના મધ્યભાગમાં જ્યારે શુદ્ધ વાયુનો કોપ હોય છે અને કફની શાંતિ થઇ ગયેલી હોય છે; એટલે કફના મીઠા સ્વાદવાળી વનસ્પતિઓનો લોપ થઇ વાયુના મોળા સ્વાદવાળાં ફળો એટલે—કાકડી, ચીભડાં ગવાર, વગેરે ફળો પાકેલાં દેખાય છે. તેવી રીતે વર્ષાઋતુના અંતભાગમાં જ્યારે શરદઋતુનું પિત્ત મિશ્ર થાય છે, ત્યારે પાંચે તત્ત્વો એકઠાં મળી સફેદ વસ્તુને પ્રકટ કરે છે. જેથી સફેદ જીવો કે જેમને કોડી, શંખ, છીપ ને ખાંગડા જેવા પડમાં રહેવાનું હોય છે તેવા જીવો ઉત્પન્ન થાય છે; અને તેજ પ્રમાણે વનસ્પતિમાં જાઇ, જૂઇ, ચંપેલી, સાહેલી અને મોગરાનાં ફૂલો ઉત્પન્ન થાય છે; અને વનસ્પતિમાં ધોળો રસ વધવાથી આકડા, કંટાળા થોર, વડ, ગુલ્લર (ઉમરડો) આદિ લઇને દૂધવાળી વનસ્પતિ બળવાન થતી જણાય છે. એટલે વર્ષાઋતુના પાછલા ભાગમાં શરદઋતુનો કાંઇક અંશે પ્રાદુર્ભાવ થવાથી જે પિત્તનો કોપ થાય છે, કફનો સંચય થાય છે અને વાયુનું શમન થાય છે. એ વાયુનું શમન થવાથી પિત્ત જે જળતત્ત્વની નીચે દબાઇ રહ્યું હતું તેનો ખીલવાનો સમય આવે છે. જેથી વનસ્પતિઓને પીળાં ફૂલ આવવા માંડે છે, તેમ જંતુઓમાં અગ્નેય તત્ત્વોવાળી એટલે પિત્તના રંગવાળી પીળી અને લીલી માખીઓ તથા એવાં જંતુઓ ઉત્પન્ન થાય છે, કે જે મનુષ્યના શરીર પર બેસવાથી કે મસળાવાથી દાહ અથવા દાહ સાથેના ફોલ્લા ઉત્પન્ન કરે છે. આકાશમાં તુલા અને વૃશ્ચિક રાશિમાં સૂર્ય આવે છે જેથી પિત્તનો પ્રકોપ થાય છે; અને પિત્તમિશ્રિત હેમંતઋતુનો ભોગ થવાથી પિત્તનો પીળો રંગ બદલાઇને રતાશ પડતો પીળો એટલે નારંગી રંગ વાતાવરણમાં પસરેલો જણાય છે. આથી પીળાં ફૂલના કાંટાસરિયા, જેને સોનેરી રંગનાં ફૂલ આવે છે તે

તથા ગલગોટા, પીળી કરેણુ, રાજચંપો અને કેતકીને પીળાં સોનેરી રંગનાં અથવા રાતાં પુષ્પો આવે છે. પછી જેમ જેમ શરદઋતુનો મધ્યભાગ આવતોજાય છે, તેમ તેમ કોઈ કોઇ વનસ્પતિઓ કે જેમાં ત્રિદોષ પ્રકૃતિને દબાવવાનો ગુણ રહ્યો છે, તે વનસ્પતિઓમાં એકેક પુષ્પમાં બબ્બે ત્રણત્રણ રંગનાં ફૂલો જોવામાં આવે છે. જેમ કે પીળાં, રાતાં અને ધોળાં ફૂલનો ગુલબાસ, પીળા, રાતા અને સોનેરી રંગવાળા વચ્છનાગ વગેરે. એટલે વર્ષાનો મોળો, શરદનો તીખો તથા કડવો અને હેમંતનો મધુર એ ત્રણ સ્વાદવાળાં તથા ગુણધર્મવાળાં વૃક્ષો, વેલાઓ, છોડો અને ગુલ્મો જોવામાં આવે છે. જ્યારે વર્ષાઋતુ શાંત થઈ શરદઋતુ પૂર બહારમાં ખીલીને હેમંતમાં પ્રવેશ કરે છે, એટલે હેમંતઋતુના મિશ્રણથી જેમાં અગ્નિતત્ત્વ વધારે છે અને વાયુતત્ત્વનો અંતરભાગ છે અને કફનો પડદો ઢંકાયલો છે, એવા મધુર રસનાં ધાન્યો જેવાં કે અડદ, બાજરી, ડાંગર, હલકી જુવાર, સામો, બંટી વગેરે ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે જે જે ઋતુમાં જે જે રસને બળવાન ગણવામાં આવ્યો હોય, તે તે રસ વનસ્પતિના ગર્ભમાં એકઠો થાય છે એમ સમજવું; અને જે ઋતુમાં જે રસ કોપને પામે છે એમ લખેલું હોય, તે ઋતુમાં તે જાતની વનસ્પતિઓ રસપૂર્ણ જણાય છે. જે ઋતુમાં જે રસનું સંશમન થવાનું લખેલું હોય છે, તે ઋતુમાં તે રસને પાકીને તેનાં ફળો આવીને તેની રસપૂર્ણતા મટી જઇને, તે ઝાડનાં પુષ્પો તથા પત્રોનો નાશ થાય છે. અર્થાત્ સંચયમાં રસ ગર્ભમાં એકઠો થાય છે, કોપમાં પ્રકટપણે દેખાય છે અને શમનમાં તે ફળરૂપ બની, જગતને ઉપકાર કરવા માટે દિવ્યરૂપ થઈ પૃથ્વી ઉપર રહી જાય છે અને તેનાં ઉત્પાદક તત્ત્વો કાળધર્મને પામી જાય છે. જેમ વનસ્પતિનો છોડ ઊગ્યા પછી તેનું વીર્યરૂપ પુષ્પ કે ફળ ગણાય છે, જેમ ખાધેલા અન્નનો રસ

બન્યા પછી તેનું વીર્ય ફળરૂપ ગણાય છે; તેમ ઋતુઓના સંચય, પ્રકોપ અને શમનરૂપ આવૃત્તિથી તેના ફળરૂપ જગતમાં આરોગ્ય વ્યાપી રહે છે. જેમ ઋતુના હીન, મિથ્યા અને અતિયોગથી જીવજંતુ અને વનસ્પતિઓમાં તેના ગુણધર્મનું વિષમપણું ઉત્પન્ન થાય છે, તેમ તેવા પદાર્થોના દર્શનથી, સ્પર્શનથી, સ્વાદથી, ખોરાકથી કે સંસર્ગથી તેવી જાતનું વિષમપણું મનુષ્યશરીરમાં ઉત્પન્ન થાય છે, જેને આપણે દુઃખ, રોગ કે મોતના નામથી ઓળખીએ છીએ.

વર્ષા, શરદ અને હેમંતનું વર્ણન કરતાં ખાટો, ખારો અને મધુર રસ બળવાન થાય છે એમ કહ્યું; એટલે તે રસો ગર્ભમાં બળવાન થાય છે તેનું નિરાકરણ ઉપર કરવામાં આવ્યું. હવે શિશિર, વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુઓનું દક્ષિણાયન થાય છે, તેમાં શિશિરમાં કડવો, વસંતમાં તૂરો અને ગ્રીષ્મમાં તીખો રસ બળવાન થાય છે. ઋતુનો સંચય, કોપ અને શમન તપાસતાં સમજાય છે કે, દરેક રસ ત્રણ ત્રણ ઋતુ પછી પ્રકોપને પામી તેની શાંતિ થાય છે. જેવી રીતે ગ્રીષ્મઋતુમાં તીખા રસનો સંચય થાય છે, એટલે તીખો રસ પ્રત્યક્ષ નહિ જણાતાં વનસ્પતિના ગર્ભમાં બળ પામે છે; તે તીખો રસ વર્ષાના અંત પછી શરદમાં કોપ પામી શરદને અંતે એટલે હેમતમાં તેનું શમન થાય છે. તેથી તીખા રસપ્રધાન વનસ્પતિ જેવી કે આદુ, મરચાં મરેઠી વગેરે ફળરૂપ પૂર્ણ અવસ્થામાં, હેમંતની શરૂઆતમાં જ્યારે પિત્તનું શમન થાય છે ત્યારે, પ્રત્યક્ષ દેખાય છે અને તે પછી તે વનસ્પતિઓ એટલે તીખા રસવાળી ફળરૂપે જણાતી નથી. તે પ્રમાણે હેમંતઋતુનો કડવો રસ જે ગર્ભમાં રહી વસંતમાં વૃદ્ધિ પામી ગ્રીષ્મમાં શાંત થા[illegible] છે, એટલે લીમડા, સરગવા આદિ કડવા રસપ્રધાન વનસ્પ[illegible] ફળફૂલ આવી તેની નિવૃત્તિ થાય છે, તે પ્રમાણે વસંતઋ[illegible]

તૂરો રસ બળવાન થઈ, તે રસ પ્રાવૃષઋતુ (ચોમાસા) માં ફળફૂલવાળો થાય છે, જેવો કે જાંબુ, મરીકંથાર, ટિંબરું વગેરે.

એ પ્રમાણે આપણે અવલોકન કરતાં શીખવું જોઈએ કે, શાસ્ત્રમાં જે રસનો જે ઋતુમાં સંચય થવાનું નિર્માણ કરેલું હોય, તે રસ તેના ગર્ભમાં બળવાન થાય છે અને જે રસનું પ્રકોપ થવાનું લખ્યું હોય તે ઋતુમાં તે વનસ્પતિઓ નવપલ્લવ એટલે રસપૂર્ણ થાય છે. અને જે ઋતુમાં જેનું શમન થવાનું લખ્યું હોય તે ઋતુમાં તેને ફળફૂલ આવી તેની શાંતિ થાય છે. હવે વિચાર કરવાનો રહ્યો કે જેમ શરદઋતુમાં ખારો રસ બળવાન થાય છે અને શિશિરઋતુમાં કડવો રસ બળવાન થાય છે તથા હેમંતઋતુમાં મધુર રસ બળવાન થાય છે. તેના યોગે ખારા રસ અને સહેજ કડવા રસ સાથે મળેલા તૂરા રસવાળાં ધાન્યો એટલે મગ, મઠ, ચોળા, વાલ, ચણા વટાણા અને મસૂર જેવા તૂરા, ખારા, કડવા અને મધુરસવાળાં ધાન્યો શિશિર, વસંત અને ગ્રીષ્મની શરૂઆતમાં ફળો આપીને અટકી જાય છે. હેમંતઋતુમાં ગર્ભમાં રહેલો મધુરરસ જેમ જેમ સૂર્ય પોતાની રાશિને ભોગવતો જાય તેમ વધતો વધતો શિશિરને અંતે વસંતની શરૂઆતમાં મધુરતા વધીને સંપૂર્ણ ગળ્યો થઈ વસંતને અંતે શાંતિ પામી જાય છે. એટલે શેરડીનો પાક વસંતઋતુ પછી ખલાસ થઈ જાય છે. અને ગ્રીષ્મમાં ખાટા રસનો કોપ થવાથી કેરી, કમરખ, કરમદાં વગેરે ખાટાં ફળો દેખાય છે; અને પ્રાવૃષમાં ખાટા રસની શાંતિ થવાથી એ ખાટાં ફળો ગળ્યાં બની જાય છે. એટલે આપણે જાણી શકયા કે, સૂર્ય જેમ જેમ રાશિને ભોગવતો જાય તેમ તેમ સૂર્યના ઓછાવધતા તાપથી અને ચંદ્ર જેમ જેમ રાશિને ભોગવતો જાય તેમ તેમ તેના ઓછાવધતા રજ (શીતળતા)થી તે વનસ્પતિઓમાં તેના ગુણધર્મ પ્રમાણે રસને સ્થાયીભાવ આપતો જાય છે. પૃથ્વીના ઉત્તરાયણ અને દક્ષિણાય-

બન્યા પછી તેનું વીર્ય ફળરૂપ ગણાય છે; તેમ ઋતુઓના સંચય, પ્રકોપ અને શમનરૂપ આવૃત્તિથી તેના ફળરૂપ જગતમાં આરોગ્ય વ્યાપી રહે છે. જેમ ઋતુના હીન, મિથ્યા અને અતિયોગથી જીવજં-તુ અને વનસ્પતિઓમાં તેના ગુણધર્મનું વિષમપણું ઉત્પન્ન થાય છે, તેમ તેવા પદાર્થોના દર્શનથી, સ્પર્શનથી, સ્વાદથી, ઓરાકથી કે સંસર્ગથી તેવી જાતનું વિષમપણું મનુષ્યશરીરમાં ઉત્પન્ન થાય છે, જેને આપણે દુઃખ, રોગ કે મોતના નામથી ઓળખીએ છીએ.

વર્ષા, શરદ અને હેમંતનું વર્ણન કરતાં ખાટો, ખારો અને મધુર રસ બળવાન થાય છે એમ કહ્યું; એટલે તે રસો ગર્ભમાં બ-ળવાન થાય છે તેનું નિરાકરણ ઉપર કરવામાં આવ્યું. હવે શિશિર, વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુઓનું દક્ષિણાયન થાય છે, તેમાં શિ-શિરમાં કડવો, વસંતમાં તૂરો અને ગ્રીષ્મમાં તીખો રસ બળવાન થાય છે. ઋતુનો સંચય, કોપ અને શમન તપાસતાં સમજાય છે કે, દરેક રસ ત્રણ ત્રણ ઋતુ પછી પ્રકોપને પામી તેની શાંતિ થાય છે. જેવી રીતે ગ્રીષ્મઋતુમાં તીખા રસનો સંચય થાય છે, એટલે તીખો રસ પ્રત્યક્ષ નહિ જણાતાં વનસ્પતિના ગર્ભમાં બળ પામે છે; તે તીખો રસ વર્ષાના અંત પછી શરદમાં કોપ પામી શરદને અંતે એટલે હેમંતમાં તેનું શમન થાય છે. તેથી તીખા રસ-પ્રધાન વનસ્પતિ જેવી કે આદુ, મરચાં મરેઠી વગેરે ફળરૂપ પૂર્ણ અવસ્થામાં, હેમંતની શરૂઆતમાં જ્યારે પિત્તનું શમન થાય છે ત્યારે, પ્રત્યક્ષ દેખાય છે અને તે પછી તે વનસ્પતિઓ એટલે તીખા રસવાળી ફળરૂપે જણાતી નથી. તે પ્રમાણે હેમંતઋતુનો કડ-વો રસ જે ગર્ભમાં રહી વસંતમાં વૃદ્ધિ પામી ગ્રીષ્મમાં શાંત થાય છે, એટલે લીમડા, સરગવા આદિ કડવા રસપ્રધાન વનસ્પતિને ફળફૂલ આવી તેની નિવૃત્તિ થાય છે, તે પ્રમાણે વસંતઋતુમાં

તૂરો રસ બળવાન થઇ, તે રસ પ્રાવૃષઋતુ (ચોમાસા) માં ફળફૂલવાળો થાય છે, જેવો કે જાંબુ, મરીકંથાર, ટિંબરું વગેરે.

એ પ્રમાણે આપણે અવલોકન કરતાં શીખવું જોઇએ કે, શાસ્ત્રમાં જે રસનો જે ઋતુમાં સંચય થવાનું નિર્માણ કરેલું હોય, તે રસ તેના ગર્ભમાં બળવાન થાય છે અને જે રસનું પ્રકોપ થવાનું લખ્યું હોય તે ઋતુમાં તે વનસ્પતિઓ નવપલ્લવ એટલે રસપૂર્ણ થાય છે. અને જે ઋતુમાં જેનું શમન થવાનું લખ્યું હોય તે ઋતુમાં તેને ફળફૂલ આવી તેની શાંતિ થાય છે. હવે વિચાર કરવાનો રહ્યો કે જેમ શરદઋતુમાં ખારો રસ બળવાન થાય છે અને શિશિરઋતુમાં કડવો રસ બળવાન થાય છે તથા હેમંતઋતુમાં મધુર રસ બળવાન થાય છે. તેના યોગે ખારા રસ અને સહેજ કડવા રસ સાથે મળેલા તૂરા રસવાળાં ધાન્યો એટલે મગ, મઠ, ચોળા, વાલ, ચણા વટાણા અને મસૂર જેવા તૂરા, ખારા, કડવા અને મધુરસવાળાં ધાન્યો શિશિર, વસંત અને ગ્રીષ્મની શરૂઆતમાં ફળો આપીને અટકી જાય છે. હેમંતઋતુમાં ગર્ભમાં રહેલો મધુરરસ જેમ જેમ સૂર્ય પોતાની રાશિને ભોગવતો જાય તેમ વધતો વધતો શિશિરને અંતે વસંતની શરૂઆતમાં મધુરતા વધીને સંપૂર્ણ ગળ્યો થઇ વસંતને અંતે શાંતિ પામી જાય છે. એટલે શેરડીનો પાક વસંતઋતુ પછી ખલાસ થઇ જાય છે. અને ગ્રીષ્મમાં ખાટા રસનો કોપ થવાથી કેરી, કમરખ, કરમદાં વગેરે ખાટાં ફળો દેખાય છે; અને પ્રાવૃષમાં ખાટા રસની શાંતિ થવાથી એ ખાટાં ફળો ગળ્યાં બની જાય છે. એટલે આપણે જાણી શકયા કે, સૂર્ય જેમ જેમ રાશિને ભોગવતો જાય તેમ તેમ સૂર્યના ઓછાવધતા તાપથી અને ચંદ્ર જેમ જેમ રાશિને ભોગવતો જાય તેમ તેમ તેના ઓછાવધતા રજ (શીતળતા)થી તે વનસ્પતિઓમાં તેના ગુણધર્મ પ્રમાણે રસને સ્થાયીભાવ આપતો જાય છે. પૃથ્વીના ઉત્તરાયણ અને દક્ષિણાય-

બન્યા પછી તેનું વીર્ય ફળરૂપ ગણાય છે; તેમ ઋતુઓના સંચય,
પ્રકોપ અને શમનરૂપ આવૃત્તિથી તેના ફળરૂપ જગતમાં આરોગ્ય
વ્યાપી રહે છે. જેમ ઋતુના હીન, મિથ્યા અને અતિયોગથી જીવજં-
તુ અને વનસ્પતિઓમાં તેના ગુણધર્મનું વિષમપણું ઉત્પન્ન થાય છે,
તેમ તેવા પદાર્થોના દર્શનથી, સ્પર્શનથી, સ્વાદથી, ખોરાકથી કે
સંસર્ગથી તેવી જાતનું વિષમપણું મનુષ્યશરીરમાં ઉત્પન્ન થાય છે,
જેને આપણે દુઃખ, રોગ કે મોતના નામથી ઓળખીએ છીએ.

વર્ષા, શરદ અને હેમંતનું વર્ણન કરતાં ખાટો, ખારો અને
મધુર રસ બળવાન થાય છે એમ કહ્યું; એટલે તે રસો ગર્ભમાં બ-
ળવાન થાય છે તેનું નિરાકરણ ઉપર કરવામાં આવ્યું. હવે શિશિર,
વસંત અને ગ્રીષ્મ એ ત્રણ ઋતુઓનું દક્ષિણાયન થાય છે, તેમાં શિ-
શિરમાં કડવો, વસંતમાં તૂરો અને ગ્રીષ્મમાં તીખો રસ બળવાન
થાય છે. ઋતુનો સંચય, કોપ અને શમન તપાસતાં સમજાય છે
કે, દરેક રસ ત્રણ ત્રણ ઋતુ પછી પ્રકોપને પામી તેની શાંતિ થાય
છે. જેવી રીતે ગ્રીષ્મઋતુમાં તીખા રસનો સંચય થાય છે, એટલે
તીખો રસ પ્રત્યક્ષ નહિ જણાતાં વનસ્પતિના ગર્ભમાં બળ પામે
છે; તે તીખો રસ વર્ષાના અંત પછી શરદમાં કોપ પામી શરદને
અંતે એટલે હેમતમાં તેનું શમન થાય છે. તેથી તીખા રસ-
પ્રધાન વનસ્પતિ જેવી કે આદુ, મરચાં મરી વગેરે ફળરૂપ
પૂર્ણ અવસ્થામાં, હેમંતની શરૂઆતમાં જ્યારે પિત્તનું શમન થાય
છે ત્યારે, પ્રત્યક્ષ દેખાય છે અને તે પછી તે વનસ્પતિઓ એટલે
તીખા રસવાળી ફળરૂપે જણાતી નથી. તે પ્રમાણે હેમંતઋતુનો ક-
વો રસ જે ગર્ભમાં રહી વસંતમાં વૃદ્ધિ પામી ગ્રીષ્મમાં શાંત થાય
છે, એટલે લીમડા, કરિયાતા આદિ કડવા રસપ્રધાન વનસ્પતિને
ફળફૂલ આવી તેની નિવૃત્તિ થાય છે, તે પ્રમાણે વસંતઋતુનાં

તૂરો રસ બળવાન થઇ, તે રસ પ્રાવૃષઋતુ (ચોમાસા) માં ફળફૂલવાળો થાય છે, જેવો કે જાંબુ, મરીકંથાર, ટિંબરું વગેરે.

એ પ્રમાણે આપણે અવલોકન કરતાં શીખવું જોઇએ કે, શાસ્ત્રમાં જે રસનો જે ઋતુમાં સંચય થવાનું નિર્માણ કરેલું હોય, તે રસ તેના ગર્ભમાં બળવાન થાય છે અને જે રસનું પ્રકોપ થવાનું લખ્યું હોય તે ઋતુમાં તે વનસ્પતિઓ નવપલ્લવ એટલે રસપૂર્ણ થાય છે. અને જે ઋતુમાં જેનું શમન થવાનું લખ્યું હોય તે ઋતુમાં તેને ફળફૂલ આવી તેની શાંતિ થાય છે. હવે વિચાર કરવાનો રહ્યો કે જેમ શરદઋતુમાં ખારો રસ બળવાન થાય છે અને શિશિરઋતુમાં કડવો રસ બળવાન થાય છે તથા હેમંતઋતુમાં મધુર રસ બળવાન થાય છે. તેના યોગે ખારા રસ અને સહેજ કડવા રસ સાથે મળેલા તૂરા રસવાળાં ધાન્યો એટલે મગ, મઠ, ચોળા, વાલ, ચણા વટાણા અને મસૂર જેવા તૂરા, ખારા, કડવા અને મધુરસવાળાં ધાન્યો શિશિર, વસંત અને ગ્રીષ્મની શરૂઆતમાં ફળો આપીને અટકી જાય છે. હેમંતઋતુમાં ગર્ભમાં રહેલો મધુરરસ જેમ જેમ સૂર્ય પોતાની રાશિને ભોગવતો જાય તેમ વધતો વધતો શિશિરને અંતે વસંતની શરૂઆતમાં મધુરતા વધીને સંપૂર્ણ ગર્ભો થઇ વસંતને અંતે શાંતિ પામી જાય છે. એટલે શેરડીનો પાક વસંતઋતુ પછી ખલાસ થઇ જાય છે. અને ગ્રીષ્મમાં ખાટા રસનો કોપ થવાથી કેરી, કમરખ, કરમદાં વગેરે ખાટાં ફળો દેખાય છે; અને પ્રાવૃષમાં ખાટા રસની શાંતિ થવાથી એ ખાટાં ફળો ગળ્યાં બની જાય છે. એટલે આપણે જાણી શકયા કે, સૂર્ય જેમ જેમ રાશિને ભોગવતો જાય તેમ તેમ સૂર્યના ઓછાવધતા તાપથી અને ચંદ્ર જેમ જેમ રાશિને ભોગવતો જાય તેમ તેમ તેના ઓછાવધતા રજ (શીતળતા)થી તે વનસ્પતિઓમાં તેના ગુણધર્મ પ્રમાણે રસને સ્થાયીભાવ આપતો જાય છે. પૃથ્વીના ઉત્તરાયણ અને દક્ષિણાય-

નમાં જેમ જેમ સૂર્ય અને ચંદ્ર રાશિઓને ભોગવતા જાય છે, તેમ તેમ રાશિ, સૂર્ય, ચંદ્ર અને બીજા ગ્રહોનાં તેજ, આકર્ષણ તથા ગતિને લીધે જુદી જુદી દિશામાંથી જુદા જુદા ગુણધર્મવાળા વાયુને વહન થવું પડે છે. અને જે ઋતુમાં જે દિશાનો વાયુ આવવો જોઇએ તે નહિ આવવાથી અથવા અતિ આવવાથી અથવા વહેલો આવવાથી અથવા મોડો આવવાથી, અથવા ઓછો આવવાથી અથવા વધતો આવવાથી, તે તે ગુણધર્મવાળી ઋતુઓમાં ઊગતી વનસ્પતિઓ, વહેતાં પાણીઓ, ફરતાં જંતુઓ અને જીવતાં મનુષ્યો ઉપર તેના હીન, મિથ્યા કે અતિયોગની અસર થાય છે. એ રાશિઓના ક્રમ તથા સ્થાનનો જરાક વિચાર કરવાની જરૂર છે.

આપણે આકાશ તરફ રાત્રી નિર્મળ થયા પછી દૃષ્ટિ ફેરવીશું તો આકાશમાં નાનામોટા અસંખ્ય તારાઓ નજરે પડે છે. એ તારાઓમાંથી જે જે તારાઓને આપણી ગ્રહમાળા સાથે આકર્ષણ કે પ્રકર્ષણનો સંબંધ જણાયલો, તે તેતારાનાં મંડળોનો નિશ્ચય કરી 'રાશિ' એવું નામ આપવામાં આવ્યું છે. 'રાશિ' શબ્દનો સામાન્ય અર્થ ઢગલો કે જથ્થો થાય છે. એવા તારાઓના જથ્થાના વિભાગ પાડી જ્યોતિષશાસ્ત્રે તેની ૧૨ રાશિ ગણેલી છે. એટ આકાશમાં કયો ગ્રહ કઇ રાશિમાં છે અથવા કઇ રાશિને કેટ અંશે ભોગવે છે, તેનું ગણિત સિદ્ધાંતના ગ્રંથોમાં નક્કી કરેલું છે, જે જોતાં આપણને આશ્ચર્ય થાય છે. આપણી પૃથ્વીને બીજા તમામ ગ્રહો કરતાં સૂર્ય અને ચંદ્ર સાથે ઘાટો સંબંધ હોવાથી, સૂર્ય અને ચંદ્રની અસર આપણા ઉપર સીધી થાય છે અને બાકીના ગ્રહોની અસર તે તે ગ્રહો જે જે રાશિ ભોગવતા હોય તે તે રાશિના ગુણધર્મ સાથે મળીને પૃથ્વીના વાતાવરણમાં ફાર રીતે ફેરફાર કરવામાં કારણભૂત થાય છે. એટલે આકાશમાં અશ્વિ ૩, ભરણી ૩, કૃત્તિકા ૬, રોહિણી ૫, મૃગશીર્ષ ૩, આર્દ્રા ૧, પુન

૪, પુષ્ય ૩, અશ્લેષા ૫, મઘા ૫, પૂર્વા ૨, ઉત્તરા ૨, હસ્ત ૫, ચિત્રા
ા, સ્વાતી ૧, વિશાખા ૪, અનુરાધા ૪, જયેષ્ઠા ૩, મૂળ ૧૧, પૂર્વા-
ાઢા ૩, ઉત્તરાષાઢા ૪, અભિજિત ૩, શ્રવણ ૩, ધનિષ્ઠા ૪, શતભિષા
૦૦, પૂર્વાભાદ્રપદ ૨, ઉત્તરાભાદ્રપદ ૨, રેવતી ૩૨ એમ તારાઓ-
નાં એ ૨૮ નક્ષત્રો બનેલાં છે. તેમાં અભિજિત સંધિગત હોવાથી
પ્રત્યક્ષ નહિ ગણતાં ૨૭ નક્ષત્રો ગણીને તેને ૧૨ રાશિમાં ગોઠવેલાં
છે. તે ૨૭ નક્ષત્રો પૈકી અશ્વિની, ભરણી, મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્ત-
રાફાલ્ગુની, સ્વાતિ, વિશાખા પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા એ નવ
નક્ષત્રો ઉત્તરાચારી, એટલે આકાશના ઉત્તર ભાગમાં રહેલાં છે. તથા
કૃત્તિકા રોહિણી, પુષ્ય, અશ્લેષા, ચિત્રા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા
અને રેવતી એ નવ નક્ષત્રો મધ્યચારી એટલે આકાશના મધ્ય
ભાગમાં રહેલાં છે. મૃગશીર્ષ, આર્દ્રા, પુનર્વસુ, હસ્ત, અનુરાધા,
જયેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા, એ નવ નક્ષત્રો દક્ષિણાચારી
એટલે આકાશમાં દક્ષિણ ભાગમાં ગોઠવાયલા છે. એ ૨૭ નક્ષત્રો, ૧૨
રાશિઓ અને ૯ ગ્રહો એ દરેકને વિષુવવૃત્ત એટલે આકાશગંગાની
નીચેથી ફરવાનો માર્ગ છે. જેમ જેમ સૂર્ય રાશિને ભોગવતો જાય
અને એક અયનમાંથી બીજા અયનમાં જાય, તેમ તેમ આકાશગંગા-
ના છેડા ઉત્તરાભિમુખ અને દક્ષિણાભિમુખ વાંકા થતા જાય છે. હવે
એ ૧૨ રાશિમાં ચંદ્ર સવાબે દિવસમાં ૧ રાશિ ભોગવે છે અને સૂર્ય
. માસે ૧ રાશિ ભોગવે છે. તે ઉપરથી સૂર્ય ૧૨ રાશિની બનેલી
૬ ઋતુઓનાં બે અયનમાં ૧ વર્ષમાં ફરી રહે છે; અને ચંદ્ર બારે-
રાશિ ૧ માસમાં ફરતો હોવાથી તે દિવસનો ૧ ચાન્દ્રમાસ ગણ-
વામાં આવે છે. એ ચાન્દ્રમાસ અને સૌર્યમાસની ગણતરીમાં ફેર
આવવાથી પાંચ વર્ષમાં એટલે એક કાળચક્રમાં બે અધિક માસ
આવે છે. અધિક માસ તે ગણાય છે કે, જેમાં સૂર્યસંક્રાંતિ બદલે
નહિ. એટલે જે માસમાં સૂર્યસંક્રાંતિ હોય નહિ તે અધિકમાસ

ગણાય છે. ૧૨ રાશિ પૈકી મેષ અને વૃશ્ચિકરાશિનો સ્વામી મંગળ છે, મિથુન અને કન્યા રાશિનો સ્વામી બુધ છે, ધન અને મીન રાશિનો સ્વામી ગુરુ છે, વૃષભ અને તુલારાશિનો સ્વામી શુક્ર છે, મકર અને કુંભ રાશિનો સ્વામી શનિ છે, કર્ક રાશિનો સ્વામી ચંદ્ર છે અને સિંહ રાશિનો સ્વામી રવિ છે. એજ પ્રમાણે કર્ક, મીન અને વૃશ્ચિક રાશિનો વર્ણ બ્રાહ્મણ છે. મેષ, સિંહ અને ધન રાશિનો વર્ણ ક્ષત્રિય છે, વૃષભ, કન્યા અને મકર રાશિનો વર્ણ વૈશ્ય છે અને મિથુન, તુલા તથા કુંભ રાશિનો વર્ણ શુદ્ર છે. ૯ ગ્રહ પૈકી સૂર્યનો રંગ પારા જેવો છે, ચંદ્રનો રંગ તાંબા જેવો છે, બુધનો રંગ ચોખ્ખો પીળો છે, ગુરુનો રંગ સોનેરી પીળો છે, શુક્રનો રંગ નીલમણિ જેવો છે, શનિનો રંગ ઘેરા આસમાની છે અને રાહુનો રંગ કાળો છે. જેમ પારામાં ૭ રંગ રહેલા છે અને જેમ સઘળાં રસાયણોનું ઉપસ્થિત સ્થાન પારો છે, તેમ આખી દુનિયા[illegible] ઉપસ્થિત સ્થાન સૂર્ય છે. તે સૂર્યના એકેક કિરણને લઈને [illegible] ગ્રહ બનેલો હોય, એમ અનુમાન થાય છે. જેમ તમામ રં[illegible] કાળા રંગમાં તિરોભાવ પામી જાય છે તેમ રાહુ એટલે પૂ[illegible] રંગ કાળો અર્થાત્ પ્રકાશ વિનાનો હોવાથી. તેમાં સૂર્ય આ[illegible] લઈને તમામ ગ્રહોના જુદા જુદા રંગનાં કિરણો આવિર્ભાવ પા[illegible] સ્થતરૂપે તિરોભાવને પામે છે. તેથી પૃથ્વીની અસર બીજા ગ્રહ પર થતી નથી પરંતુ બીજા ગ્રહોની અસર પૃથ્વી ઉપર થ[illegible] તેનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે, પૃથ્વીમાં છયે રસના ૬૩ રસાદ[illegible] જુદી જુદી આકૃતિ, સ્વાદ, રંગ અને સ્વભાવનાં બીજ રહેલાં છે. પરંતુ તે જ્યારે જ્યારે સૂર્ય, ચંદ્ર અને બીજા ગ્રહોનાં કિર[illegible] જેવી જેવી રીતે પૃથ્વી ઉપર આવે છે, તે સ્વાભાવિક ગુણ[illegible] કિરણોના આકર્ષણથી પૃથ્વીમાં રહેલાં અને જમીન પર ગ્રહે[illegible] તથા આકાશમાં ફરતાં તમામ બીજોને પ્રાદુર્ભાવ કરે છે. [illegible]

સૂર્ય અને ચંદ્ર નિયમિત રીતે રાશિને ભોગવતા હોવા છતાં, વાતાવરણમાં અવનવા ફેરફાર થઈ ઋતુઓમાં હીન, મિથ્યા અને અતિ-યોગ ઉત્પન્ન કરે છે. સૂર્ય અને ચંદ્રની ફરવાની ગતિ જેમ જેમ રાશિમાં બદલાતી જાય છે તેમ તેમ રાશિના ગુણધર્મ પ્રમાણે વાતાવરણના સ્વભાવમાં ફેરફાર થતો જણાય છે. જેમ આકાશને અવિચ્છિન્નપણું હોવાથી તેમાં કાંઇ ફેરફાર થતો નથી, પરંતુ આકાશમાંથી ઉત્પન્ન થયેલી સ્પર્શતન્માત્રા એટલે વાયુતત્ત્વ જેનો સ્વભાવ આખા જગતને જોડતા રસ, ગુણ, વીર્ય, વિપાક અને શક્તિ વહેંચી આપવાનું કામ કરવાનો છે; તે પ્રમાણે બ્રાહ્મણ સ્વભાવના મનુષ્યોને ચારવર્ણના લોકોના વિભાગ પાડીને તેમને પોતપોતાને માર્ગે પ્રવર્તાવવાનું કામ સોંપેલું હોવાથી કર્ક, મીન અને વૃશ્ચિક રાશિને બ્રાહ્મણધર્મવાળી ગણવામાં આવી છે. સ્પર્શતન્માત્રા પછી રૂપતન્માત્રા જેને અગ્નિતત્ત્વ કહેવામાં આવે છે, તેનું કામ જગતના તમામ જીવોનું રક્ષણ કરી અગ્નિના યોગ વસ્તુના ગુણ-ધર્મનું પૃથક્કરણ કરી રક્ષણ કરવાનું છે. તેમ મનુષ્યોમાં ક્ષત્રિયનું કામ પણ ત્રણ વર્ણનું રક્ષણ કરવું એજ હોવાથી, તે ગુણધર્મવાળી મેષ, સિંહ અને ધન રાશિને ક્ષત્રિય સ્વભાવવાળી ગણવામાં આવી છે. જેમ રૂપતન્માત્રા પછી રસતન્માત્રા એટલે જળતત્ત્વ જગતનાં તમામ દ્રવ્યોને આર્દ્રપણું આપી, જગતના પરમાણુઓને જે જે દ્રવ્યોમાં જે જે પરમાણુઓનો ખપ હોય તે તે દ્રવ્યને મેળવીને વધવાઘટવારૂપ ક્રિયા કરી જગતને પોષણ આપે છે; તેમ મનુષ્ય-સમૂહમાં વૈશ્ય પ્રકૃતિવાળા માણસો જગતને વૈશ્યત્વથી પોષણ આપે છે. તેવી રીતે વૃષભ, કન્યા અને મકર એ ત્રણ રાશિઓ વૈશ્ય-ધર્મવાળી હોવાથી જગતને પોષણરૂપ મનાય છે. જેમ પાંચમી ગંધતન્માત્રા એટલે જેમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એવા પાંચ તન્માત્રાના સ્વભાવ મળવાથી, ગંધતન્માત્રાવાળી પૃથ્વી

ઉત્પન્ન થયેલી છે કે, જે ચારે તન્માત્રાઓ તથા ચારે તત્ત્વોને
આધારભૂત છે. તેમ મનુષ્યપ્રાણીમાં શૂદ્રરૂપ ગણાતા મનુષ્યો ત્રણે
વર્ણની સેવા બજાવે છે. એટલે જો શૂદ્રપ્રકૃતિના મનુષ્યો હોયજ
નહિ તો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય સ્વભાવના મનુષ્યોનો કાર્ય-
નિર્વાહ ચાલી શકેજ નહિ. તેવી રીતે મિથુન, તુલા અને કુંભ
રાશિઓ જગતને આધારરૂપ હોવાથી તેમને શૂદ્ર સ્વભાવવાળી
હોવાનું કહેલું છે. હવે જે જે રાશિના જે જે સ્વામી મુકરર કરેલા
છે તે એટલા માટે કે, તે રાશિમાં તે ગ્રહ આવે ત્યારે તે રાશિના
અને ગ્રહના ગુણધર્મ એક થઇ જાય. પણ જો બ્રાહ્મણની રાશિ
માં શૂદ્રગુણવાળો અને શૂદ્રની રાશિમાં બ્રાહ્મણગુણવાળો ગ્ર
પ્રવેશ કરે, તો બ્રાહ્મણની રાશિમાં ગયેલો શૂદ્રગ્રહ નિર્બળ
જાય, એટલે તેજહીન થાય. એથી ઊલટું શૂદ્રની રાશિમાં બ્રાહ્મ-
સ્વભાવવાળો ગ્રહ જાય ત્યારે રાશિનો સ્વભાવ દબાઇને બ્રાહ્મણનો
ગુણ વૃદ્ધિ પામે. આપણે જોતા આવ્યા છીએ કે બ્રાહ્મણો રજોગુ-
ણી છે; ક્ષત્રિયો સત્ત્વગુણી ગણાય છે, વૈશ્યો તમોગુણી હોય છે
અને શૂદ્રોમાં ત્રિગુણાત્મક બુદ્ધિ હોય છે; અને તેથીજ શૂદ્રો ત્ર
વર્ણના લોકોની સેવા કરવાનાં કામમાં ઉપયોગી થઇ શકે છે. આ
લા ઉપરથી એવા અનુમાન ઉપર આવી શકાય છે કે, ઋતુઓના
ફેરફાર તે ગ્રહોની ચાલ, તેના સ્વભાવ, રાશિની જાતિ, તેન
સ્વભાવ અને તેથીજ થાય છે. કહેવાની મતલબ એ છે કે, ઋતુઓ
ના હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગ જાણવાને માટે જ્યો
પ્રવૃત્ત થવું હોય તેણે ગ્રહો અને રાશિઓના ગણિતને ધ્યાનમાં
લઈ કઈ ઋતુમાં કયો ગ્રહ બળવાન થયો છે અથવા નિર્બળ થયે
છે તે લક્ષમાં રાખી, વિચાર કરવાથી સહજ સમજાશે કે, અમ
વી ઋતુમાં અમુક રસનો અથવા અમુક રોગનો હીન, મિથ્યા
અતિયોગ થશે. આટલું વિવેચન કર્યા પછી આપણે કંઈક પ

અવલોકન કરવાની જરૂર છે, કારણ કે ઋતુનો હીન, મિથ્યા કે
અતિયોગ જાણવાનો સહેલામાં સહેલો અને દરેક મનુષ્ય (વૈદ્ય)
અવલોકન કરી શકે તેવો રસ્તો જાણવાની આપણને જરૂર છે.

એટલું તો યાદ રાખવું જોઇએ કે કોઈ પણ ઋતુમાં કોઈ પણ
એકલા રસનો સંચય, કોપ કે શમન થતું નથી; પરંતુ દરેકમાં
એક દોષનો સંચય, એકનો કોપ અને એકનું શમન થાય છે; જેથી
ઋતુના અવલોકનમાં કેટલાકને ભ્રમ ઉત્પન્ન થાય છે. પણ જો
એકજ દોષ કોપે અથવા એકજ રસનો સંચય થાય અને બીજા
રસો શાંત થઇ જાય, તો તે વિષરૂપ બની આખા વિશ્વનો નાશ
કરે. જેમ મનુષ્યશરીરમાં વાયુ, પિત્ત અને કફ પૈકી એક દોષ
કોપે છે તો તેની સાથે પણ બીજા દોષ હીનપણે રહી શકે છે અને
તેથીજ રોગી માણુસ ઘણો કાળ સુધી જીવી શકે છે. તે પ્રમાણે
ઋતુમાં પણ સંચય, કોપ અને શમનની ક્રિયા ચાલતી હોવા છતાં
તેનો સમૂળ નાશ થતો નથી. એટલે આપણે એમ જાણવું જોઇએ
કે, પ્રાવૃષઋતુ જે વર્ષાનો પ્રથમ કાળ છે તેમાં વાયુનો કોપ અને
પિત્તનો સંચય થાય છે. એટલે રજોગુણી વનસ્પતિનો પ્રાદુર્ભાવ
જણાય છે, જેથી વનસ્પતિને ધોળાં ફૂલ વિશેષે કરીને આવે છે.
પણ જ્યારે વર્ષાકાળ સંપૂર્ણ રૂપમાં આવે છે ત્યારે જે જે વનસ્પ-
તિમાં પિત્ત બળવાન થાય છે તેને પીળાં ફૂલ આવવા માંડે છે
અને જે જે વનસ્પતિમાં પિત્ત બળવાન થઇ ઉપર કફનું આચ્છા-
દાન થતું જાય છે, એટલે તે વનસ્પતિનાં ફૂલોમાં રાતો રંગ વધતો
જાય છે. તે પછી શરદઋતુમાં જ્યારે પિત્તનો કોપ થાય છે ત્યારે
પિત્તના ગુણધર્મ પ્રમાણે તમામ વનસ્પતિને પીળાં અને ભૂરાં
એટલે પિત્તના રંગ જેવાં પુષ્પો આવે છે. તે પીળાં પુષ્પોમાં જેમ
જેમ કફનું આચ્છાદન થતું જાય છે તેમ તેમ તેમાં રાતો રંગ
ઉમેરાતો જાય છે, જેમ જેમ રાતો રંગ વધતો જાય છે તેમ તેમ

હેમંતઋતુનું આગમન થતું જાય છે. એટલે હેમંતઋતુના ગુણ-ધર્મ પ્રમાણે કફનો સંચય થાય છે, પિત્તનું શમન થાય છે અને વાયુનો કોપ થાય છે. જેથી હેમંતઋતુમાં જેમ જેમ સૂર્ય રાશિને ભોગવતો જાય છે તેમ તેમ રાતો રંગ વધીને ધોળા રંગનો અથવા પીળંચટા ધોળા રંગનો આવિર્ભાવ થતો જાય છે. એટલે જુવાર, બાજરી, અડદ વગેરે સફેત રંગપ્રધાન મધુરરસવાળાં ફળ, ફૂલ અન્ન અને કઠોળ પરિપક્વ થાય છે. જો હેમંતઋતુમાં વાયુનો કોપ ન થાય, અન્ન પાકે નહિ અને જો કફનો સંચય ન થાય તો અનાજમાં મધુરતા, મીઠાશ અને વજન વધે નહિ. એટલા માટે હેમંતઋતુમાં કફનો સંચય અને વાયુનો કોપ ગણવામાં આવ્યો છે. પરંતુ જો હેમંતઋતુમાં પિત્તનો કોપ ચાલુ રહે અને કફનો સંચય અટકી પડે, તો પરિપક્વ દશાને પામવાની અણી ઉપર આવેલાં અન્ન અને ફળોનો વિનાશ થઈ જાય. તે પ્રમાણે હેમંતઋતુનો પાછલો ભાગ જે શિશિરઋતુને નામે ઓળખાય છે, તેમાં કફનો સંપૂર્ણ સંચય, પિત્તની શાંતિ અને વાયુનો પૂર્ણ કોપ થવાથી જેમ જેમ સૂર્ય રાશિ જાય, તેમ તેમ મધુરરસમાં પિત્તને લીધે કડવા અને ખાટા રસનો ઉમેરો થવાથી કઠોળ અને તેવીજ જાતના બીજા ભાજી-પાલાઓ ઉત્પન્ન થાય છે. તે પછી વસંતઋતુમાં કફનો કોપ થવાથી પિત્તનો સંચય થાય છે અને વાયુની શાંતિ થાય છે. એટલે વાયુ સમાનભાવને પામવાથી છયે રસના ૬૩ સ્વાદવાળી તમામ વનસ્પતિઓ નવપલ્લવ અને ફળફૂલયુક્ત થાય છે. એટલે વસંતઋતુ પછી ગ્રીષ્મઋતુ બેસે કે સૂર્યનો પ્રખર તાપ પડવાથી અગ્નિ ખાને લીધે પિત્ત દગ્ધ થઈ જાય છે, જેથી હવામાં દગ્ધ પિત્તના સ્વભાવ પ્રમાણે ખાટો રસ ઉત્પન્ન થાય છે. અને તે ખાટો રસ જેમ જેમ સૂર્યરાશિ ભોગવતો જાય તેમ તેમ એટલે ગ્રીષ્મઋતુના અંત ભાગમાં મધુરપણાને પામતો જાય છે. જેથી ખાટાં ફળો સ્વ

સ્વભાવવાળાં અને તૂરાં ફળો ખટાશવાળાં થાય છે. તેમ જે ફળો
પરિણામ પામવાના સ્વભાવવાળાં નથી તે જેવાં કે વડ, પીપળો,
રાયણ વગેરે વધારે મધુર થાય છે. આટલા ઉપરથી અવલોકન
કરનારને સમજાશે કે, જે ઋતુમાં તે ઋતુનો સમાનયોગ થયો હોય
તે ઋતુમાં અન્ન, ફળ, પુષ્પ, લતાઓ તેવા સ્વભાવવાળાં ઊગે
છે, વધે છે અને ફળફૂલ આપીને શાંત થઈ જાય છે.

આપણે એમ જાણવું જોઇએ કે, વર્ષાઋતુ શ્રાવણ સુદિ પૂનમે
પૂર્ણ થાય છે. પણ જે ઋતુમાં એટલે તેની પાસેની આવતી શરદ-
ઋતુમાં શરદઋતુનાં ચિહ્ન દેખાય નહિ, એટલે વાદળાં ધોળા
રંગનાં થાય નહિ, મેઘ ગાજે નહિ અને વીજળી થાય નહિ
।। શરદઋતુનાં ચિહ્ન દેખાતાં નથી, પણ વર્ષાઋતુનો અતિયોગ
થયો છે અને શરદઋતુનો હીનયોગ થયો છે એમ માનવું. તેવી
રીતે શરદઋતુનો અમલ આસો સુદિ પૂનમ સુધીનો છે. તે ઉપરાંત
જો શરદનો તાપ ચાલુ રહે અને હેમંતનો ભૂખર પવન આવી
શિયાળાનાં ચિહ્ન દેખાડે નહિ, તો શરદઋતુનો અતિયોગ અને
હેમંતઋતુનો હીનયોગ ગણાય. તેજ પ્રમાણે શિશિરઋતુ જે
હેમંતઋતુનો પાછલો ભાગ માનેલો છે અને ચૈત્ર સુદિ પૂનમ
સુધીમાં વસંતઋતુનો અંત આવે છે; પણ ચૈત્ર સુદિ પૂનમ પછી
દિવસે તાપ પડે અને રાત્રે ટાઢ પડે તો વસંતઋતુનો અતિયોગ
અને ગ્રીષ્મનો હીનયોગ ગણાય. તેજ પ્રમાણે વર્ષાઋતુમાં વરસાદ
ઓછો વરસે અને શ્રાવણ સુદિ પૂનમ પહેલાં શરદઋતુમાં ઊગતી
અને ખીલતી વનસ્પતિઓ દેખાય તો વર્ષાઋતુમાં હેમંતનો મિથ્યા-
યોગ થયો છે. તેજ પ્રમાણે શરદમાં હેમંત કે શિશિરનો, હેમંત
કે શિશિરમાં વસંતનો અને વસંતમાં ગ્રીષ્મનો તથા ગ્રીષ્મમાં વર્ષાનો
એટલે પ્રાવૃષનો મિથ્યાયોગ થાય છે. એવી રીતે ઋતુના હીન, મિથ્યા
અને અવિયોગથી જે જે ઋતુનો જે જે ઋતુમાં મિથ્યાયોગ થાય

તે તે ઋતુમાં મિથ્યાયોગવાળી ઋતુના ગુણધર્મને લીધે તે
તુમાં કોપ પામનારા દોષોના રોગો જણાય છે. પણ કોઈ વખતે
ક ઋતુની જોડેની ઋતુનો મિથ્યાયોગ નહિ થતાં, તેની પાછળ-
ી એટલે ત્રીજી ઋતુનો મિથ્યાયોગ થાય છે. તો તે વખતમાં
આખા દેશમાં ભયંકર મરકી-રોગચાળો ફાટી નીકળે છે. દાખલા
તરીકે સંવત ૧૯૭૪ ના ભાદરવા મહિનામાં શરદઋતુમાં વસંત-
ઋતુનો મિથ્યાયોગ થયો હતો. એટલે તે ઋતુમાં આંબાને મોર
અને કેરી ઉત્પન્ન થયાં હતાં તેથી કફ-પિત્તજ્વર અને કંઠકુબ્જ.
સન્નિપાત જે કફપ્રધાન રોગ ગણાય છે, તેનો ઉપદ્રવ થવાથી
આખો દેશ ઇન્ફ્લુએન્ઝાના હુમલાથી ભારે આપત્તિમાં સપડાયો
હતો. અને તેજ પ્રમાણે હેમંત-શિશિરમાં ગ્રીષ્મનું આવાગમન
દેખાવાથી વિદ્વાન વૈદ્યોને પીળો તાવ એટલે હારિદ્રક સન્નિપાત
નામનો કાળરૂપ જ્વર આવવાનો ભય જણાતો હતો. પરંતુ ઈશ્વ-
રકૃપાથી માળવા પ્રાન્તમાં બરફ અને વરસાદનું ભારે જોર થવાથી
હવામાં આવતો ગ્રીષ્મકાળ અટકી ગયો અને શિશિરઋતુનો
સમયોગ થવાથી, દેશમાં શાંતિ પથરાઇ ગઇ. તેજ પ્રમાણે કુદરત
મનુષ્યના રક્ષણ માટે અણધારી મદદ મોકલે છે; તો પણ જ્યારે
જ્યારે ત્રીજી આવતી ઋતુનો પહેલી ઋતુમાં મિથ્યાયોગ થાય છે
ત્યારે ત્યારે મહામારી અથવા એવાજ પ્રકારની કોઇ બીમારી
સર્વત્ર ફેલાઇ જાય છે. આ ઉપરથી એમ સમજવું જોઇએ કે, ઋતુ-
નો સામાન્ય રીતે હીન, મિથ્યા કે અતિયોગ થવાથી પ્રાકૃતજ્વર
ઉત્પન્ન થાય છે અને તેની નિદાનપૂર્વક ચિકિત્સા કરવાથી વૈદ્યોના
કબજામાં આવી શકે છે. પણ જો ત્રીજી ઋતુનો મિથ્યાયોગ થયો
હોય તો વિકૃતજ્વર પેદા થાય છે તેને વૈદ્યોના કબજામાં રાખવું
ઘણું મુશ્કેલ થઇ પડે છે; અર્થાત વિકૃતજ્વરને નિદાનદૃષ્ટ્યાં
અસાધ્ય ગણવામાં આવ્યો છે; તેને કષ્ટસાધ્ય કે યાપ્ય કરવું તે

ઈશ્વરેચ્છા હોય તોજ થઈ શકે છે. આટલું કહ્યા પછી હવે જ્યારે જ્યારે ઋતુમાં હીન, મિથ્યા કે અતિયોગ થયો હોય ત્યારે ત્યારે મનુષ્યે પોતાની ચર્યા કેવા પ્રકારની રાખવી જોઈએ, તેનો ઉલ્લેખ કરતા પહેલાં પૂર્વાચાર્યોએ ઋતુમાં સમયોગ ચાલતો હોય, ત્યારે મનુષ્યોએ કેવા પ્રકારનો આહારવિહાર અને વ્યવહાર રાખવો જોઈએ તે પર્વરૂપે ગોઠવ્યું છે, તેનું અવલોકન કરવાની જરૂર છે.

આપણા દેશમાં સામાન્ય અને વિશેષ એવાં બે જાતનાં પર્વો ગોઠવાયેલાં છે. સામાન્ય પર્વો આખા દેશમાં પસરેલાં છે. અને તે પર્વોમાં તમામ મનુષ્યો જાતિભેદ, વર્ણભેદ, મત, પંથ અને સંપ્રદાયનો ભેદ છોડી દઈ પૂર્ણપણે ભાગ લે છે; અને વિશેષ પર્વોમાં પોતપોતાના મત, પંથ, સંપ્રદાય, જાતિ અને દેશ પરત્વે ભાગ લેવામાં આવે છે. એટલા માટે આ સ્થળે ઋતુના ગુણ-ધર્મનો વિષય હોવાથી, સામાન્ય પર્વોના વિચાર કરવાની જરૂર પડે છે; કારણ કે તે મનુષ્ય માત્રને લાગુ પડે છે. જ્યારે સૂર્ય ઉત્તરાયણનો થાય છે એટલે જે દિવસથી દિવસ વધતો જાય છે અને રાત્રી ઘટતી જાય છે, અર્થાત્ જે દિવસથી સૂર્યનું બળ વધતું જાય છે અને ચંદ્રનું બળ ઘટતું જાય છે, ત્યારથી મનુષ્યોમાં અથવા ચારે ખાણના જીવોમાં રસનો ઘટાડો થતો જાય છે. એટલા માટે મકરસંક્રાંતિને શિશિરઋતુ ગણી તે ઋતુને બંધબેસતો ખોરાક તે પર્વમાં ખાવાનો-ખવડાવવાનો રિવાજ દાખલ થયેલો છે. પણ તે રિવાજ જ્યારે ઋતુનો સમયોગ થયો હોય ત્યારે પ્રકૃતિને અનુકૂળ થઈ પડે છે; પણ જો અતિયોગ, હીનયોગ કે મિથ્યાયોગ થયો હોય તો તે પ્રકૃતિનો વિષમયોગ કરનારો નીવડે છે. એટલે આપણે એટલું યાદ રાખવું જોઈએ કે, દરેક સંક્રાંતિમાં અથવા દરેક ઋતુમાં વાતાવરણમાં તે ઋતુના ગુણધર્મનો હીન, અતિ કે મિથ્યાયોગ થયો હોય તે પ્રમાણે મનુષ્યશરીરનાં વાયુ, પિત્ત અને

કફનાં ૧૫ સ્થાનોમાં હીન, મિથ્યા અને અતિયોગ થાય છે. આટલું યાદ રાખ્યા પછી દરેક પર્વોના આહાર-વિહાર અને દાન તપાસીશું તો તેના ગુણધર્મ પ્રમાણે દોષોના સંચય, કોપ અને શાંતિનો વિચાર સમજી શકીશું.

મકરસંક્રાંતિમાં મગ, ચોખા, બોર, તલ, ગોળ અને શેરડી તથા લીલા ચણાનું દાન આપવાનો તથા મગની ખીચડી અથવા નવી જુવારનો કે નવા ઘઉંનો ખીચડો ખાવાનો રિવાજ છે. તેમ અમારા સુરતમાં કેળાં, ઘી અને ખાંડ સાથે રોટલી ખાવાનો રિવાજ છે. એ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે, ટાઢની મોસમમાં વાયુનું પ્રબળપણું એટલે રસને સુકાવવાનો ગુણ હોવાથી, જો પ્રજા સ્નેહદ્રવ્ય એટલે તલ, ગોળ, કેળાં અને ઘઉંના પદાર્થો ખાય નહિ તો વાયુ બળવાન થઇ શરીરમાંના રસ તથા રક્તને સુકાવી નાખે છે; અને એમ પણ સમજાય છે કે, મધુર પદાર્થો કે જેમનો કફનો પ્રકોપ કરવાનો સ્વભાવ છે પણ તે પિત્તનું શમન કરે છે. એટલા માટે પિત્તનો સંચય થતાં અટકાવવા સારુ પિત્તની શાંતિવાળાં મધુર દ્રવ્યો અને સ્નેહવાળા તલ જેવા પદાર્થો ખાવાનું નિર્માણ કરેલું છે. તેમાં જેઓની પ્રકૃતિમાં વાયુ કે કફ બંધાયલો હોય, તેઓ જો વસંતઋતુમાં કદાચિત મધુર દ્રવ્યનું સેવન કરે તો કફ વધી પડી, ખટમધુર અને રોગમાં સપડાઇ જાય. એટલા માટે બોર જેવા સમાનજાતને ચણા જેવા ક્ષારમધુર પદાર્થો ખાવાથી તેઓનો અગ્નિ મનુષ્યોને માટે મગ-પામે છે. તેવી રીતે પિત્તપ્રધાન પ્રકૃતિના સાથ પાડેલો ની ખીચડી અને ઘઉંજુવારનો ખીચડો ખાવાનો કોપ થાય ત્યારે તેઓનું છે, જેથી ગ્રીષ્મઋતુમાં પિત્તનો પ્રબળ પૂરી થવા પછી વસંતઋતુનું શરીરનું રક્ષણ થાય. એ પ્રમાણે શિશિરઋતુ એટલે વસંતઋતુનાં જ્યારે ઉત્તરાયણના મધ્ય ભાગમાં આવે છે. હોળીને માટે ફળ, કાષ્ઠાં હોળી (હુતાશની)નું પર્વ આવે છે.

જુદી જુદી માન્યતા ઉત્પન્ન થયેલી જણાય છે. પરંતુ અમારા વિચાર પ્રમાણે હોળીનો તહેવાર એટલે વસંતોત્સવ રાજાપ્રજાએ મળીને ઊજવવાનો પ્રાચીન રિવાજ છે. એટલે વનમાં જઈને ઋતુ-સૌંદર્યથી આનંદ પામીને પ્રફુલ્લ બનેલાં વનસ્પતિ-દ્રવ્યોને સાથે લઈને, ગ્રીષ્મકાળના પ્રખર તાપમાં પ્રવેશ કરવા માટે, પોતાના શરીરને લાયક બનાવવા અર્થે તૈયારી કરી મૂકવા સારુ વસંતોત્સવ ઊજવવાની જરૂર છે. હોળીને નામે હવાશુદ્ધિ કરવા ગામેગામ અને ઠામેઠામ મોટા મોટા યજ્ઞો કરી, તેમાં હોમેલાં હુતદ્રવ્યોથી હવામાં એટલે આકાશના વાતાવરણમાં એવાં દ્રવ્યોનો ફેલાવો કરવો, કે જેથી ગ્રીષ્મઋતુનાં તપતાં કિરણો જે વાતાવરણમાંથી પૃથ્વી ઉપર આવે, તે વસંતયજ્ઞના ફેલાયેલા કફપ્રધાન વાતાવરણમાંથી શીતળ થઈને આવે. જેથી ગ્રીષ્મઋતુમાં પિત્તનો પ્રકોપ ઓછો થવાથી મનુષ્યનું બળ કાયમ રહે. એટલા માટે હોળીની સમિધો તરીકે યજ્ઞની સમિધોને નહિ લેતાં પરચૂરણ વનસ્પતિઓ કે જે ઉપલબ્ધ થઈ શકે તેમનો તથા છાણાંનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ યજ્ઞમાં અમુક દ્રવ્યનો પુરોડાશ કરવામાં આવે છે અને તે દ્વારા આહુતિઓ આપવામાં આવે છે; તેમ નહિ કરતાં તે ઋતુમાં ઉત્પન્ન થયેલાં ફળો, અન્નો અને પુષ્પો ચડાવવામાં આવે છે. અને જે કાચાં અન્નો હોય છે તેમને શેકીને ચડાવવામાં આવે છે. મતલબ કે, હોળીમાં ખાસ કરીને અબીલ એટલે શિંગોડાંના લોટમાં મોગરાના તેલનો પટ દીધેલો અને ગુલાલ કે જેમાં શિંગોડાંના લોટને કસુંબાના રંગથી રંગેલો હોય, તે હદપાર ઉડાવવામાં આવે છે. આથી શરીરને અને શરીરમાંના રસ તથા રક્તને ગ્રીષ્મઋતુના તાપથી સુરક્ષિત થવાનું બળ ઉત્પન્ન થાય છે. તેવી રીતે વસંતઋતુમાં કષાય (તૂરા) રસવાળાં આંબાનાં ફળો (મરવા) અને જુવાર તથા ઘઉંને શેકીને તેનો બનાવેલો સાથવો

ખાવાનો રિવાજ હતો, તેને બદલે હાલમાં ધાણીચણા ખાવાનો રિવાજ છે. વસંતોત્સવમાં એક એવો રિવાજ જોવામાં આવે છે કે, જે લોકોનો વાજિંત્ર વગાડવાનો ધંધો નથી એવા લોકો પણ વાજિંત્ર વગાડે છે. તેનું મૂળ કારણ એવું છે કે, મહર્ષિ સુશ્રુતાચાર્યે સુશ્રુત સંહિતામાં કહ્યું છે કે, જ્યારે વાતાવરણ વિષવાળું થઇ જાય છે અને તે વિષથી પ્રજા મહામારી જેવા ભયંકર રોગમાં સપડાય છે, ત્યારે વાજિંત્રો ઉપર અમુક વિષને હરવાવાળાં દ્રવ્યોનો લેપ કરીને તે વાજિંત્રો દરેક મનુષ્યે ખૂબ જોરથી વગાડવાં. આથી વાજિંત્રના નાદની સાથે વિષહારી દ્રવ્યો આકાશમાં ફેલાવાથી વિષવાળાં જંતુનો ઉપદ્રવ શાંત થાય છે. એટલા માટે હોળીના દિવસોમાં એટલે વસંતના ઉત્સવમાં તમામ લોકોએ વાજિંત્ર વગાડવાનો ચાલ હાલ પણ જોવામાં આવે છે. કારણ કે વસંતઋતુમાં બળવાન થયેલા રસોવાળી ઔષધિનો સૂર્ય લોપ કરે, તે પહેલાં વનસ્પતિઓનાં તત્ત્વોને આકાશમાં ફેલાતાં કરી દેવાં, કે જેથી ગ્રીષ્મઋતુના પ્રખર તાપથી વાતાવરણમાં ઝેરી જંતુઓ ઉત્પન્ન થાય નહિ. અમારા સુરત શહેરમાં વસંતોત્સવમાં દરેક મહોલ્લે મહોલ્લે હોળીઓ પ્રગટે છે અને તેમાં દરેક ઘરથી હોળીના પૂજન તરીકે અબીલ, ગુલાલ, ધાણી, આંબાના મરવા અને એકેક નાળિયેર ખાસ કરીને ચડાવવામાં (હોમવામાં) આવે છે. એટલે ગ્રીષ્મઋતુમાં કોપનારા પિત્તનું શમન ખાસ કરીને નાળિયેર કે જે તેલવાળો પદાર્થ છે અને તેલ હંમેશાં ઝેરી જંતુના અથવા પિત્તના પ્રકોપને શમાવનારું છે; તેના પરમાણુ આકાશમાં ફેલાવવાની ખાસ જરૂર હોવાથી અને તે પરમાણુને ઉતાવળથી આકાશમાં ઊંચે મોકલવા માટે ત્રણ દિવસ સુધી જુદા જુદા શહેરના ભાગમાં ઘેરૈયા નીકળે છે. તેમાં સારા સારા આબરૂદાર વેપારી ઘેરૈયાઓ પણ તાસાં અને ઢોલક વગાડતા અને તેની સાથે વિવેક-

ના દીવા તરીકે મોટી મસાલો કે જેના ભડકા બબ્બે ગજ ઊંચા
થાય તે લઇને ફરે છે. દરેક મહોલ્લામાંથી આવું એકેક ટોળું નીકળી
બગડી જાય છે ત્યારે ખાટો થાય છે. એ પિત્તનું સ્થાન અગ્ન્યાશ-
ય છે. એ અગ્ન્યાશયમાં રહેલા પિત્તને પાચકપિત્ત કહે છે અને
ચામડીમાં રહેલા પિત્તને ભ્રાજકપિત્ત કહે છે. યકૃત અને પ્લીહા-
માં રહેલા પિત્તને રંજકપિત્ત કહે છે. આંખમાં રહેલા પિત્તને
આલોચક પિત્ત કહે છે અને હૃદયમાં રહેલા પિત્તને સાધકપિત્ત
કહે છે. તેવી રીતે કફ સ્નિગ્ધ, ગુરુ, શ્વેત, પિચ્છિલ, શીતળ તથા
તમોગુણી છે, સ્વાદમાં મીઠો છે અને જ્યારે બગડે છે ત્યારે ખારો
થાય છે. એ કફનું મૂળસ્થાન આમાશય છે. તે આમાશયમાં રહેલા
કફને ક્લેદન કફ કહે છે, માથામાં રહેવાવાળા કફને સ્નેહન કફ
કહે છે, કંઠમાં રહેવાવાળા કફને રસન કફ કહે છે, હૃદયમાં રહે-
વાવાળા કફને અવલંબન કફ કહે છે અને સાંધાઓમાં રહેવાવાળા
કફને સંશ્લેષણ કફ કહે છે. એ રીતે વાયુ, પિત્ત અને કફ મળીને
આખા શરીરતંત્રને ચલાવે છે અને જ્યારે એ ત્રણેનો અતિયોગ,
હીનયોગ કે મિથ્યાયોગ થાય છે, ત્યારે શરીરમાં રોગ થાય છે.

જો કે મનુષ્યના જીવન માટે ખાન અને પાનની યોજના કુદર-
તે કરેલી છે અને તે ખાનપાનમાં મનુષ્ય બલ્કે પ્રાણીમાત્ર રચીપ-
ચી રહેલાં છે. પ્રાણીમાત્રમાં ઈર્ષા, દ્વેષ, વૈર, લોભ, લાલચ વગેરે
જે માનસિક વ્યવહારો જોવામાં આવે છે અને જેને વશ થઈને મ-
નુષ્યો આખા જગતમાં ઊથલપાથલ કરી મૂકે છે, તે માત્ર ખાનપા-

નના લોભથીજ થાય છે. પરંતુ તે જો અધ્યાત્મજ્ઞાનના યોગે એટલું સમજી જાય, કે દુનિયામાં જન્મ પામીને, યોગ્ય ખાનપાન કરીને કરેલાં કર્મનો ક્ષય કરવા માટે ઈશ્વરની આજ્ઞા પાળવા સારુ મારો આ જન્મ થયો છે, એમ જો ખરી રીતે માને તો દુનિયામાંથી ભય, શોક અને ક્રોધનો સમૂળ નાશ થાય અને આખું જગત શાંતિમય અને આનંદનું ધામ દેખાય. પરંતુ કર્મની પ્રેરણાથી રજ, તમ, સત્ત્વગુણના હીન, મિથ્યા અને અતિયોગથી વાસનાલિંગની વૃત્તિઓ, પૂર્વજન્મનાં કર્મથી બંધાયેલા આત્માને ઘસડી જઈ, તેને સાક્ષીભૂત રાખી, બીજાં પ્રાણીના સ્વાર્થ, હક્ક, દુઃખ અને જરૂરિયાતનો વિચાર નહિ કરવા દેતાં, તેની પાસે સ્વાર્થી, એકલપેટાં અને બીજાં પ્રાણીઓને દુઃખ ઉપજાવનારાં કૃત્યો કરાવે છે. આથી દુનિયાને દુઃખરૂપ જોઈ પોતે આનંદ માનનારો પ્રાણી, પોતામાં રજ, તમ અને સત્ત્વગુણનો હીન, મિથ્યા અને અતિયોગ કરીને જે વિચારોનું સેવન કરે છે, તે વિચારો દ્વારા, તેવા ગુણવાળાં ખાન અને પાનથી પોષાય છે. તેથી શરીરમાં રહેલા વાયુ, પિત્ત અને કફ અસામ્યભાવને પામી, શરીરમાં અવ્યવસ્થા કરી, તેના દુષ્કર્મ વિચારના ફળરૂપ રોગોની ઉત્પત્તિ કરી, તેનેજ પોતાના કૃતકર્મનું ફળ ભોગવાવે છે.

રજો, તમો અને સત્ત્વગુણાત્મક વસ્તુઓ જે ખાનપાનમાં આવે છે અને તેથી ઉત્પન્ન થયેલા ષડ્રસનો સ્વાદ લેવાનો આનંદ જુદી જુદી પ્રકૃતિના, જુદાં જુદાં મનુષ્યોને, જુદા જુદા સ્વાદ પ્રિય હોય છે. જે જે સ્વાદ ઉપર જે જે મનુષ્યને જેવી જેવી રુચિ કે અરુચિ હોય, તેવા તેવા સત્ત્વ, રજ અને તમોગુણી પ્રકૃતિનો આ મનુષ્ય છે એમ કહેવાય છે. તેવાં ખાન અને પાનના રસાસ્વાદ તથા સ્વાદમાં પ્રિય–અપ્રિય વિચાર પરાવનારાનાં ખાનપાન ઉપરથી તે વાયુ, પિત્ત કે કફ પ્રકૃતિનો છે એમ જાણી શકાય છે. મનુષ્યના

જીવનને માટે ખાન અને પાન ગમે તે સ્વાદવાળું હોય, તો પણ તે પંચભૂતાત્મક અને ષડ્રસાત્મક હોય છે અને તેથીજ જેમ જગતમાં વાયુ પ્રાધાન્ય ભોગવી પંચભૂતાત્મક અને ષડ્રસાત્મક સૃષ્ટિને ઉત્પન્ન કરી, વૃદ્ધિ કરી, નાશ કરે છે; તેમ શરીરમાં રહેલો વાયુ પંચભૂતાત્મક શરીરને ષડ્રસાત્મક ખાનપાનથી પાળી, પોષી વૃદ્ધિ કરી તેનો નાશ કરે છે. તેથી વાયુને મહાબળવાન ગણવામાં આવ્યો છે; અને તે બળને લીધે શરીરમાં રહેલા પિત્ત, કફ, મળ અને ધાતુઓને સમાનભાવે રહી ચલાવે છે. તે જો અસમાનભાવને પામે, તો જ્યાં જ્યાં જેટલા જેટલા પ્રમાણમાં પિત્ત અને કફ જોઈએ ત્યાં ત્યાં તેટલા તેટલા પ્રમાણમાં નહિ પહોંચાડવાથી તેનો હીનયોગ થાય છે, અને જોઈએ તે કરતાં વધારે પહોંચાડવાથી તેનો અતિયોગ થાય છે. તેમજ જે સ્થાનમાં જે જોઈએ, તેનાથી બીજું એટલે કે પિત્તના સ્થાનમાં કફને અને કફના સ્થાનમાં પિત્તને પહોંચાડવાથી, તેનો મિથ્યાયોગ થાય છે. એ હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગને લીધે શરીરમાં રહેલા, ઉત્પન્ન થતા અને વધતા તથા પોષાતા મળ તથા ધાતુઓમાં હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગ થાય છે. તેથી શરીરનું પોષણકાર્ય અટકી પડી, મોટી અવ્યવસ્થા ઉત્પન્ન થઈ, ત્રિદોષના કોપથી શરીર અને પ્રાણનો વિયોગ થાય છે. એટલે આત્માને બીજું શરીર બદલવાનો વખત આવી લાગવાથી, આ દેહ છોડી બીજો દેહ ધારણ કરવાની ફરજ પડે છે, તેને આપણે 'મરણ પામ્યો, પંચત્વ પામ્યો, દેવલોક થયો' વગેરે નામો આપી સંતોષ માનીએ છીએ. હવે એ મહાબળવાન વાયુ પિત્તમાં, કફમાં, મળમાં કે ધાતુઓમાં હીન, મિથ્યા કે અતિયોગ કરે છે, તેનું મુખ્ય કારણ શું છે અને તે ઉપદ્રવ શરીરના કયા કયા ભાગમાં, કયા કયા રોગને નામે ઓળખાય છે, તેનું વર્ણન કરવાને સુગમતા થઈ પડશે. ધારો કે

નના લોભબીજ થાય છે. પરંતુ તે જો અધ્યાત્મજ્ઞાનના યોગે એટલ સમજી જાય, કે દુનિયામાં જન્મ પામીને, યોગ્ય ખાનપાન કરીને કરેલાં કર્મનો ક્ષય કરવા માટે ઈશ્વરની આજ્ઞા પાળવા સારુ મારો આ જન્મ થયો છે, એમ જો ખરી રીતે માને તો દુનિયામાંથી ભય, શોક અને ક્રોધનો સમૂળ નાશ થાય અને આખું જગત શાંતિમય અને આનંદનું ધામ દેખાય. પરંતુ કર્મની પ્રેરણાથી રજ, તમ, સત્ત્વગુણના હીન, મિથ્યા અને અતિયોગથી વાસનાલિંગની વૃત્તિઓ, પૂર્વજન્મનાં કર્મથી બંધાયેલા આત્માને ઘસડી જઈ, તેને સાક્ષીભૂત રાખી, બીજા પ્રાણીના સ્વાર્થ, હક્ક, દુઃખ અને જરૂરિયાતનો વિચાર નહિ કરવા દેતાં, તેની પાસે સ્વાર્થી, એકલપેટાં અને બીજાં પ્રાણીઓને દુઃખ ઉપજાવનારાં કૃત્યો કરાવે છે. આથી દુનિયાને દુઃખરૂપ જોઈ પોતે આનંદ માનનારો પ્રાણી, પોતામાં રજ, તમ અને સત્ત્વગુણનો હીન, મિથ્યા અને અતિયોગ કરીને જે વિચારોનું સેવન કરે છે, તે વિચારો દ્વારા, તેવા ગુણવાળાં ખાન અને પાનથી પોષાય છે. તેથી શરીરમાં રહેલા વાયુ, પિત્ત અને કફ અસામ્યભાવને પામી, શરીરમાં અવ્યવસ્થા કરી, તેના દુષ્કર્મ વિચારના ફળરૂપ રોગોની ઉત્પત્તિ કરી, તેનેજ પોતાના કૃતકર્મનું ફળ ભોગવાવે છે.

રજો, તમો અને સત્ત્વગુણાત્મક વસ્તુઓ જે ખાનપાનમાં આવે છે અને તેથી ઉત્પન્ન થયેલા ષડ્રસનો સ્વાદ લેવાનો આનંદ જુદી જુદી પ્રકૃતિનાં, જુદાં જુદાં મનુષ્યોને, જુદા જુદા સ્વાદ પ્રિય હોય છે. જે જે સ્વાદ ઉપર જે જે મનુષ્યને જેવી જેવી રુચિ કે અરુચિ હોય, તેવા તેવા સત્ત્વ, રજ અને તમોગુણી પ્રકૃતિનો આ મનુષ્ય છે એમ કહેવાય છે. તેવાં ખાન અને પાનના કરવાવાળા તથા સ્વાદમાં પ્રિય-અપ્રિય વિચાર ધરાવનારાનાં ખાનપાન ઉપરથી તે વાયુ, પિત્ત કે કફ પ્રકૃતિનો છે એમ જાણી શકાય છે. મનુષ્યના

જીવનને માટે ખાન અને પાન ગમે તે સ્વાદવાળું હોય, તો પણ તે પંચભૂતાત્મક અને ષડ્‌રસાત્મક હોય છે અને તેથીજ જેમ જગતમાં વાયુ પ્રાધાન્ય ભોગવી પંચભૂતાત્મક અને ષડ્‌રસાત્મક સૃષ્ટિને ઉત્પન્ન કરી, વૃદ્ધિ કરી, નાશ કરે છે; તેમ શરીરમાં રહેલો વાયુ પંચભૂતાત્મક શરીરને ષડ્‌રસાત્મક ખાનપાનથી પાળી, પોષી વૃદ્ધિ કરી તેનો નાશ કરે છે. તેથી વાયુને મહાબળવાન ગણવામાં આવ્યો છે; અને તે બળને લીધે શરીરમાં રહેલા પિત્ત, કફ, મળ અને ધાતુઓને સમાનભાવે રહી ચલાવે છે. તે જો અસમાનભાવને પામે, તો જ્યાં જ્યાં જેટલા જેટલા પ્રમાણમાં પિત્ત અને કફ જોઈએ ત્યાં ત્યાં તેટલા તેટલા પ્રમાણમાં નહિ પહોંચાડવાથી તેનો હીનયોગ થાય છે, અને જોઈએ તે કરતાં વધારે પહોંચાડવાથી તેનો અતિયોગ થાય છે. તેમજ જે સ્થાનમાં જે જોઈએ, તેનાથી બીજું એટલે કે પિત્તના સ્થાનમાં કફને અને કફના સ્થાનમાં પિત્તને પહોંચાડવાથી, તેનો મિથ્યાયોગ થાય છે. એ હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગને લીધે શરીરમાં રહેલા, ઉત્પન્ન થતા અને વધતા તથા પોષાતા મળ તથા ધાતુઓમાં હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગ થાય છે. તેથી શરીરનું પોષણકાર્ય અટકી પડી, મોટી અવ્યવસ્થા ઉત્પન્ન થઈ, ત્રિદોષના કોપથી શરીર અને પ્રાણનો વિયોગ થાય છે. એટલે આત્માને બીજું શરીર બદલવાનો વખત આવી લાગવાથી, આ દેહ છોડી બીજો દેહ ધારણ કરવાની ફરજ પડે છે, તેને આપણે 'મરણ પામ્યો, પંચત્વ પામ્યો, દેવલોક થયો' વગેરે નામો આપી સંતોષ માનીએ છીએ. હવે એ મહાબળવાન વાયુ પિત્તમાં, કફમાં, મળમાં કે ધાતુઓમાં હીન, મિથ્યા કે અતિયોગ કરે છે, તેનું મુખ્ય કારણ શું છે અને તે ઉપદ્રવ શરીરના કયા કયા ભાગમાં, કયા કયા રોગને નામે ઓળખાય છે, તેનું વર્ણન કરવાને સુગમતા થઈ પડશે. ધારો કે

નના લોભહીન થાય છે. પરંતુ તે જો અધ્યાત્મજ્ઞાનના યોગે એટલું સમજી જાય, કે દુનિયામાં જન્મ પામીને, યોગ્ય ખાનપાન કરીને કરેલાં કર્મનો ક્ષય કરવા માટે ઈશ્વરની આજ્ઞા પાળવા સારુ મારો આ જન્મ થયો છે, એમ જો ખરી રીતે માને તો દુનિયામાંથી ભય, શોક અને ક્રોધનો સમૂળ નાશ થાય અને આખું જગત શાંતિમય અને આનંદનું ધામ દેખાય. પરંતુ કર્મની પ્રેરણાથી રજ, તમ, સત્ત્વગુણના હીન, મિથ્યા અને અતિયોગથી વાસનાલિંગની વૃત્તિઓ, પૂર્વજન્મનાં કર્મથી બંધાયેલા આત્માને ઘસડી જઈ, તેને સાક્ષીભૂત રાખી, બીજાં પ્રાણીના સ્વાર્થ, હક્ક, દુઃખ અને જરૂરિયાતનો વિચાર નહિ કરવા દેતાં, તેની પાસે સ્વાર્થી, એકલપેટાં અને બીજાં પ્રાણીઓને દુઃખ ઉપજાવનારાં કૃત્યો કરાવે છે. આથી દુનિયાને દુઃખરૂપ જોઈ પોતે આનંદ માનનારો પ્રાણી, પોતામાં રજ, તમ અને સત્ત્વગુણનો હીન, મિથ્યા અને અતિયોગ કરીને જે વિચારોનું સેવન કરે છે, તે વિચારો દ્વારા, તેવા ગુણવાળાં ખાન અને પાનથી પોષાય છે. તેથી શરીરમાં રહેલા વાયુ, પિત્ત અને કફ અસામ્યભાવને પામી, શરીરમાં અવ્યવસ્થા કરી, તેના દુષ્કર્મ વિચારના ફળરૂપ રોગોની ઉત્પત્તિ કરી, તેનેજ પોતાના કૃતકર્મનું ફળ ભોગવાવે છે.

રજો, તમો અને સત્ત્વગુણાત્મક વસ્તુઓ જે ખાનપાનમાં આવે છે અને તેથી ઉત્પન્ન થયેલા ષડ્રસનો સ્વાદ લેવાનો આનંદ જુદી જુદી પ્રકૃતિનાં, જુદાં જુદાં મનુષ્યોને, જુદા જુદા સ્વાદ પ્રિય હોય છે. જે જે સ્વાદ ઉપર જે જે મનુષ્યને જેવી જેવી રુચિ કે અરુચિ હોય, તેવા તેવા સત્ત્વ. રજ અને તમોગુણી પ્રકૃતિનો આ મનુષ્ય છે એમ કહેવાય છે. તેવાં ખાન અને પાનના કરવાવાળા તથા સ્વાદમાં પ્રિય–અપ્રિય વિચાર ધરાવનારાનાં ખાનપાન ઉપરથી તે વાયુ, પિત્ત કે કફ પ્રકૃતિનો છે એમ જાણી શકાય છે. મનુષ્યના

જીવનને માટે ખાન અને પાન ગમે તે સ્વાદવાળું હોય, તો પણ તે પંચભૂતાત્મક અને ષડ્રસાત્મક હોય છે અને તેથીજ જેમ જગતમાં વાયુ પ્રાધાન્ય ભોગવી પંચભૂતાત્મક અને ષડ્રસાત્મક સૃષ્ટિને ઉત્પન્ન કરી, વૃદ્ધિ કરી, નાશ કરે છે; તેમ શરીરમાં રહેલો વાયુ પંચભૂતાત્મક શરીરને ષડ્રસાત્મક ખાનપાનથી પાળી, પોષી વૃદ્ધિ કરી તેનો નાશ કરે છે. તેથી વાયુને મહાબળવાન ગણવામાં આવ્યો છે; અને તે બળને લીધે શરીરમાં રહેલા પિત્ત, કફ, મળ અને ધાતુઓને સમાનભાવે રહી ચલાવે છે. તે જો અસમાનભાવને પામે, તો જ્યાં જ્યાં જેટલા જેટલા પ્રમાણુમાં પિત્ત અને કફ જોઇએ ત્યાં ત્યાં તેટલા તેટલા પ્રમાણુમાં નહિ પહોંચાડવાથી તેનો હીનયોગ થાય છે, અને જોઇએ તે કરતાં વધારે પહોંચાડવાથી તેનો અતિયોગ થાય છે. તેમજ જે સ્થાનમાં જે જોઇએ, તેનાથી બીજું એટલે કે પિત્તના સ્થાનમાં કફને અને કફના સ્થાનમાં પિત્તને પહોંચાડવાથી, તેનો મિથ્યાયોગ થાય છે. એ હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગને લીધે શરીરમાં રહેલા, ઉત્પન્ન થતા અને વધતા તથા પોષાતા મળ તથા ધાતુઓમાં હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગ થાય છે. તેથી શરીરનું પોષણકાર્ય અટકી પડી, મોટી અવ્યવસ્થા ઉત્પન્ન થઇ, ત્રિદોષના કોપથી શરીર અને પ્રાણનો વિયોગ થાય છે. એટલે આત્માને બીજું શરીર બદલવાનો વખત આવી લાગવાથી, આ દેહ છોડી બીજો દેહ ધારણ કરવાની ફરજ પડે છે, તેને આપણે 'મરણ પામ્યો, પંચત્વ પામ્યો, દેવલોક થયો' વગેરે નામો આપી સંતોષ માનીએ છીએ. હવે એ મહાબળવાન વાયુ પિત્તમાં, કફમાં, મળમાં કે ધાતુઓમાં હીન, મિથ્યા કે અતિયોગ કરે છે, તેનું મુખ્ય કારણ શું છે અને તે ઉપદ્રવ શરીરના કયા કયા ભાગમાં, કયા કયા રોગને નામે ઓળખાય છે, તેનું વર્ણન કરવાને સુગમતા થઈ પડશે. ધારો કે

નહિ સહન થવાથી, નબળાં પડેલાં ફેફસાંવાળાઓને પહાડ અ ડુંગર ઉપરની પાતળી હવામાં મોકલવાની ભલામણ કરે છે. પરં શારંગધરાચાર્યના લખેલા અલંકારને સમજીને વિષ્ણુનું ચરણા મૃત પીતાં જેને આવડે, તે માણસ દર્દી થતોજ નથી અને કદાચ દર્દી થાય તો તેને હવાફેરની જરૂર પડતી નથી. એટલી વાત ખરી છે કે, વાયુ પૃથ્વીની ઉપર મળમૂત્રથી તથા પ્રાણીઓના મરણના પ્રમાણમાં તેના અસ્થિમાંસાદિ સડવાથી અને વનસ્પતિઓનાં પાંદડાં આદિ વર્ષાઋતુમાં પડીને સડવાથી પૃથ્વી ઉપરની હવા, તેના સડેલા પરમાણુના યોગથી, વિકારવાળી થવાથી, તે તે પરમાણુઓને સાથે લઇને, પોતાના સ્વભાવ પ્રમાણે તીરછી ગતિએ વહે છે; અને જેમ એક લીંબુમાં ખાટો રસ ભરેલો છે, પરંતુ તે રસ લીંબુની અંદર રહેલા કેશરના પડેપડમાં જુદો રહી શકયો છે; તેમ હવામાં જુદી જુદી જાતના ગુણ, કર્મ અને સ્વભાવવાળા પરમાણુઓ જુદા જુદા ભાગમાં સ્વજાતીય મળીને વહન કરે છે, અને તે વહન કરતાં જે પ્રાણીમાં આકાશતત્ત્વનો ભાગ વધતો હોય અને જળતત્ત્વ ઓછું હોય તેમાં પ્રવેશ કરીને પોતાનું ખરું સ્વરૂપ બતાવે છે. દાખલા તરીકે જ્યારે દક્ષિણાયન ચાલતું હોય અને તેમાં ઉત્તરાયનનો પાસે જોગ આવતો હોય, ત્યારે સૂર્યનાં સીધાં કિરણો દક્ષિણ દિશામાં પડવાથી ત્યાંની હવા પાતળી થઈ આકાશમાં ચાલી જવાથી, ઉત્તર દિશામાંથી હિમાળુ પવન પોતાની સાથે બરફને લઇને દોડતો આવે છે. એ પવનમાં પવનનું રૂક્ષપણું અને પાણીમાં રહેલો કફ, જેની શીતળતા બે સાથે રહીને જેમાં આકાશતત્ત્વ વધતું છે એવા, કપાસના અને તંબાકુના છોડ ઉપર, તેની અસર નિપજાવી થોડાજ વખતમાં તેને સૂકવી નાખે છે. પણ બીજાં વૃક્ષો કે જેમાં આકાશતત્ત્વ ઓછું છે, તેને તે પવન અસર કરી શકતો નથી. એ ઉપરથી એટલું સાબિત થાય છે કે,

હેવા છૂટી પડીને વહેતી નથી, પરંતુ લીંબુમાં રહેલા રસની જુદા જુદા પ્રવાહમાં વહે છે; અને જ્યાં તેને પ્રવેશ કરવાનું સ્થ જડી આવે છે, ત્યાં તે પ્રવેશ કરી, પોતાની સાથે જે જાતના પ માલુ લેતી આવેલી હોય, તેના ગુણધર્મ પ્રમાણે અસર ઉપજા છે. એટલા માટે મનુષ્યમાત્રે વિષ્ણુના પાદામૃતનું પાન કરવાની હંમેશ ટેવ રાખવાની જરૂર છે. જેમ મનુષ્યના શરીરમાં, નાભિમાં, પ્રાણવાયુ રહે છે એમ કહેવામાં આવ્યું, પરંતુ વાયુના પ્રકરણમાં પાનવાયુનું સ્થાન હૃદયમાં કહ્યું છે, તેજ પ્રમાણે પૃથ્વી પર જે વાયુ આપણને સ્પર્શ કરે છે, તે પ્રાણવાયુ નથી. જેમ સૃષ્ટિમાં રહેલો પ્રાણવાયુ જે અંગ્રેજીમાં 'ઈથર 'ના નામથી ઓળખાય છે, જેનો સ્વભાવ હંમેશાં અચળ છે, તેમ નાભિમાં રહેલો પ્રાણવાયુ પણ અચળ છે. એટલા માટે अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथा परे । એટલે અપાનવાયુને પ્રાણવાયુ સાથે મેળવવો અને પ્રાણવાયુને અપાનવાયુ સાથે મેળવવો, એવી જે ક્રિયા, તે નાભિમાં રહેલા પાનવાયુને ખેંચીને હૃદય સુધી લાવે છે. અને હૃદયને સ્પર્શ કરીને નાસિકા દ્વારા બહાર નીકળીને વિષ્ણુપાદામૃતને પહોંચવા માટે કુદરતી-સ્વાભાવિક ક્રિયા થયા કરે છે. એ ક્રિયા જેટલા પ્રમાણમાં થોડી થોડી બંધ થતી જાય, તેટલા પ્રમાણમાં શરીરને અમૃતનું પોપણુ નહિ મળવાથી શરીર ઘસાતું જાય છે. તેને ઘસાતું અ-ટકાવવા માટે મનુષ્યે પોતાના પ્રાણવાયુને વિષ્ણુપદ સુધી પહોંચાડવાની ક્રિયા શીખવાની જરૂર છે. કારણ કે સૃષ્ટિમાં રહેલો વાયુ ચળ છે અને તે વાયુની નીચે રહેલો પ્રાણવાયુ અચળ છે; તે પ્રાણવાયુની નીચે પ્રવેશી રહેલો અથવા વ્યાપી રહેલો અખંડ, પૂર્ણ, અચળ, અભેદ્ય એવો વિષ્ણુ પ્રવેશી રહેલો છે, અને એ પ્રવેશવાના ગુણને લીધેજ પરમેશ્વરનું એક નામ વિષ્ણુ આપવામાં આવ્યું છે. તે વિષ્ણુના પાદ સુધી એટલે તેના એક અંગ

સુધી, આપણો પ્રાણ નિત્ય દરેક શ્વાસોશ્વાસે પહોંચતો રહે છે અને તેથીજ આપણે જીવીએ છીએ. જો આપણો એકજ વખતનો શ્વાસ, પૃથ્વી પર રહેલા પ્રાણવાયુને ભેદીને, વિષ્ણુના પાદનું અમૃત પીધા વિના પાછો શરીરમાં જાય, તો માણસનું હૃદય ચાલતું બંધ પડી માણસ તુરત મરણ પામે; જેને અંગ્રેજીમાં 'હાર્ટફેઇલ' અને યુનાનીમાં 'મુરગે નાગહાની' કહે છે. એટલા માટે આપણે બહારની હવામાં આપણા શ્વાસને મેળવી, તેના ઉપર શરીરની ભીતરના દોષો અને મળોના વિષથી જે પડ ચડેલું હોય, તેને અમૃતના રૂપમાં ફેરવી નાખવું જોઇએ. જે લોકો પરમાણુ ઉપર રંગ ચડાવવાની વિદ્યાને જાણે છે, તે લોકો શ્વાસના ઉપર ચડેલા વિષને અમૃતના રૂપમાં ફેરવવાની ક્રિયાને સમજી શકશે. જેમકે કમરખનું ફળ ખાટા રસથી ભરેલું છે. કમરખમાં રહેલા જળતત્ત્વના પરમાણુ ઉપર ખાટા રસનું પડ ચડેલું છે; તે કમરખને ચીરીને એક આંગળી કળીચૂનો ચોપડ્યો હોય, તો તેની ખટાશ બિલકુલ ઊડી જાય છે. તેવી રીતે કાળીજીરીમાં કડવો રસ અત્યંત ભરેલો છે. તે કાળીજીરીનો ઉકાળો કરીને, તે ઉકાળો ઊકળતો હોય તે વખતે તેમાં થોડું અક્કલકરાનું ચૂર્ણ નાખ્યું હોય તો કાળીજીરીના કડવા પરમાણુઓ બિલકુલ કડવાશ વિનાના થઈ જાય છે. એ પ્રમાણે આપણો શ્વાસ વિષ્ણુપદને પહોંચે, એટલે તેના અમૃતને લીધે શ્વાસમાં રહેલા વિષરૂપ પરમાણુઓ અમૃતરૂપને પામે છે, એ વાત ધ્યાનમાં આવશે. જો કે કુદરતી રીતે આપણો શ્વાસ નાભિમાંથી નીકળી વિષ્ણુપદ સુધી પહોંચ્યા કરે એવી ગોઠવણ કુદરત તરફથી થયેલી છે; પરંતુ મનુષ્યો શારીરિક અને માનસિક વિક્રિયાને લીધે, તેના ક્રમમાં અવ્યવસ્થા કરે છે. જેમ કબીર ભગતે કહ્યું કેઃ—

બેઠત બારા, ચલત અઢારા, સૂતે વીસંવીસા,
મૈથુન કરતાં તેંસઠ તૂટે, કહેતે દાસ કબીરા,

એટલે સ્વરશાસ્ત્રના કાયદા પ્રમાણે એક અહોરાત્રમાં, મનુષ્યના એકવીસ હજાર અને છસો શ્વાસ ચાલવા જોઇએ; તેમાંથી જેટલા ઓછા કરાવી શકાય, એટલું આયુષ્ય વધે છે અને જેટલા વધારે ચલાવવામાં આવે, તેટલું આયુષ્ય ઘટે છે. એટલા માટે મનુષ્યે જેમ બને તેમ પોતાના શ્વાસ જલદી અને ટૂંકા ન ચાલે, પણ ધીમા અને લાંબા ચાલે, એવી ટેવ પાડવી જોઈએ. તે ટેવ પાડવા માટે મનુષ્યે સંધ્યાપ્રાણાયામ કરવાની જરૂર છે; પરંતુ તમામ મનુષ્યો સંધ્યા કરતા નથી અને જેઓ સંધ્યા કરે છે તેઓને પ્રાણાયામ કરતાં આવડતું નથી. એટલા માટે દીર્ઘ શ્વાસપ્રશ્વાસની ક્રિયા નીચે પ્રમાણે કરવાથી આપણા હેતુ પાર પડી શકે છે. દરેક મનુષ્યે સવારમાં પથારીમાંથી ઊઠીને મળમૂત્રનો ત્યાગ કરી, સ્નાન કરી, જમીન ઉપર સાદડી કે શેતરંજી પાથરી, માથા નીચે ઓસીકું મૂકયા વિના ચત્તા સૂઇને, હાથપગ ઢીલા રાખીને, કેડનું બંધન ઢીલું કરીને મુખ બંધ કરીને, નાકેથી શ્વાસ એવી રીતે લેવો કે, પેટની દૂંટી (નાભિ) સાથે પેટ ફૂલતું જાય. એ પ્રમાણે પેટ ભરાયા પછી, મોં બંધ રાખી નાક વાટે એવી રીતે શ્વાસ મૂકવો કે, ધીમે ધીમે પેટ બેસતું જાય. નાક વાટે પવન લેતાં-મૂકતાં, એકસરખો સમય રહેવો જોઇએ. પરંતુ તે સમય, ઘડિયાળથી માપી શકાતો નથી, એટલા માટે ઇશ્વરપ્રાર્થનામાંથી કોઈ કવિતા અક્ષર મેળવાળીનું એકચરણ લઈ તેનો મનમાં એક વાર પાઠ થઇ રહે ત્યાં સુધી શ્વાસ લેવો અને એક વાર પાઠ થઈ રહે ત્યાં સુધી શ્વાસ મૂકવો. પછી જેમ જેમ અભ્યાસ વધતો જાય તેમ તેમ તે કવિતાનું બીજું ચરણ ઉમેરતા જવું. એટલે ચોવીશ અક્ષર બોલાય તેટલા સમય સુધી 'શ્વાસ લેવાની' અને એટલાજ સમય સુધી 'શ્વાસ મૂકવાની' ટેવ પાડવી. એ પ્રમાણે ઓછામાં ઓછી સાત વાર અને વધુમાં વધુ એકવીશ વાર, શ્વાસ લેવાનો નિયમિત

અભ્યાસ રાખતો. અને એટલી વાત જરૂર ધ્યાનમાં રાખવી કે, શ્વાસ લેતાં નાભિ સુધી પહોંચે છે કે કેમ, અને શ્વાસ મૂકતાં નાભિ ખાલી થઈ જાય છે કે કેમ? એ પ્રમાણે ક્રિયા કર્યા પછી, રાત અને દિવસ એવી સંભાળ રાખવી કે, શ્વાસ ટૂંકો થઈ જાય નહિ. જે મનુષ્યો આ પ્રમાણે ક્રિયા કરે છે અને તેમાં કોઇ પણ જાતની ખામી રહી જતી નથી, તેની પરીક્ષા પોતેજ કરવાની છે. જો એ ક્રિયા બરાબર થતી હશે, તો તે ક્રિયા કરનારને મળ સાફ ઊતરશે, પેશાબ પર ઠંડક વળશે, ભૂખ બરાબર લાગશે, ખાધેલો આહાર બરાબર પચી જશે, આંખે તેજ વધશે, માથામાં આવતા ચક્કર અને મગજની ગરમી શાંત થશે અને શરીરમાં શક્તિ વધવા માંડશે. જો આ ક્રિયા બરાબર નહિ થાય અને શ્વાસ લેવા કરતાં મૂકવામાં સમય ઓછો લાગશે, તો ઉપર બતાવેલા ગુણો કરતાં ઊલટી અસર જણાશે. કદાચ કોઇ વખતે જરૂરી કામને લીધે શ્રમથી શ્વાસ જોરમાં ચાલે તો તે વખતે અકળાઇને મોઢેથી શ્વાસ મૂકવો નહિ, પરંતુ મોઢું બંધ રાખી નાકેથી શ્વાસ મૂકવાથી થોડાજ વખતમાં, શ્વાસ નિયમિત થઇ, શ્રમ ઊતરી જશે. જેમ જેમ નાભિથી શ્વાસ ઉપાડી હવામાં ફેંકીશું અને તે હવામાં શુદ્ધ થયેલો શ્વાસ નાક દ્વારા નાભિ સુધી પહોંચાડીશું, તેમ તેમ વિષ્ણુપાદામૃત-નો લાભ વધતો મળતો જશે. પણ જેમ જેમ પેટને હલાવ્યા વિના છાતી ઉપરથી શ્વાસને બારણે ફેંકીશું અને બહારનો પવન છાતી સુધી આવવા દઇશું, તેમ તેમ શરીરમાં નબળાઇ વધારી આયુષ્યને ટૂંકું કરતા જઇશું. આટલા ઉપરથી આપણને સમજાશે કે, પ્રકૃતિ બગડ્યા પછી પહાડોની શીતળ હવામાં હવાફેર માટે જવા કરતાં, શહેરોની ગીચ વસ્તીમાં રહીને પણ શુદ્ધ હવા મેળવી શકાય છે. કુદરતે હૃદય, કંઠ અને તેની ઉપર રહેલા બ્રહ્મરંધ્રરૂપી ગરણી આપણને આપી છે; અને તે એવી યુક્તિવાળી છે કે, શરીરમાંના

મળથી દૂષિત થયેલા પવનને બહાર નીકળતાં અટકાવતી નથી, પરંતુ બહારના પવનમાં રહેલા દોષોને ગાળી ગાળીને શુદ્ધ કરીને લે છે. એટલે ખરાબ હવા આવે તો નાક તરત જાણી જાય છે. એટલા માટે આ ક્રિયા મનુષ્ય માત્રે ખાસ કરવાની જરૂર છે અને જેઓ એ ક્રિયા કરનારા છે તેઓને બગડેલી હવા કંઈ પણ અસર કરી શકતી નથી. એટલા માટે શારંગધરાચાર્યે ઉપરોક્ત બે શ્લોક લખી, મનુષ્યના જીવનને આધિ, વ્યાધિ અને ઉપાધિરહિત રાખવાની ક્રિયા સમજાવી છે. એ પ્રમાણે ક્રિયા કરનારને ચોવીશ અક્ષર એટલે ચોવીશ માત્રા સુધી શ્વાસ લેવા તથા મૂકવાનું માપ કહેવામાં આવ્યું છે. તે માપમાં જો પોતાના ગુરુદ્વારેથી મળેલો આઠ, બાર કે ચોવીશ અક્ષરનો મંત્ર હોય તો તેનું ધ્યાન કરવું; અથવા ગાયત્રી મંત્રનું ધ્યાન કરવું. કારણ કે એ મંત્ર પણ ચોવીસ અક્ષરનો છે. જો તે પ્રમાણેનો કોઈ મંત્ર કે ગાયત્રી ન આવડતી હોય તો, '**અહો દેવ! હું તો સદા દાસ તારો, પ્રભુ તું મને પ્રાણથી પૂર્ણ પ્યારો.**' અથવા '**પ્રભુતા પ્રભુ તારી મોટી મહાન, કૃપાસિંધુ દેજો મને જ્ઞાન-દાન.**' આ પ્રમાણે એક ચરણના બાર અક્ષર અથવા બે ચરણ મળી ચોવીશ અક્ષરનું ધ્યાન, એક શ્વાસમાં ધરવું. એ પ્રમાણે ધ્યાનની સાથે નાભિમાં રહેલા પ્રાણવાયુને બળવાન કરવાથી બાકીના ચારે વાયુ યથાસ્થિત બળવાન થાય છે. આમ તેઓ નિયમિત રીતે કફને, પિત્તને, મળને તથા સાતે ધાતુઓને તેના હીનયોગ, અતિયોગ કે મિથ્યાયોગ કર્યા સિવાય નિયમિત સમરૂપમાં ચલાવે છે. જેથી મનુષ્ય આરોગ્યવાન તથા આયુષ્યમાન થઈ શકે છે. હવે શરીરના પાંચ ભાગમાં રહેલા પાંચ નામ ધરાવતા વાયુઓનો પરસ્પર સંબંધ અને દરેક સ્થાનમાં, સ્થાનપતિ વાયુ હોવા છતાં, તેની સાથે બીજા ચારે વાયુ રહીને શું શું કામ, કેવી કેવી રીતે બજાવી

કોપો, મળો અને ધાતુઓને સુધારી, શરીરની વ્યવસ્થા રાખે છે, તેનું વર્ણન કરવામાં આવે છે.

શરીરમાં રહેલા પાંચ વાયુ, પાંચ પિત્ત અને પાંચ કફ, જે જુદે જુદે નામે ઓળખાય છે અને જુદે જુદે સ્થાને રહે છે, તે સ્થાનોમાં રહેતા સ્થાનપતિ વાયુની તે સ્થાન ઑફિસ છે, એમ આપણે કલ્પના કરવી પડશે. જેમ એક ઑફિસનો મામલતદાર જો કે પોતાની ઑફિસમાં સ્વતંત્ર છે અને તે પોતાના તાબાના નોકરો પાસે જુદાં જુદાં કામો કરાવે છે, પરંતુ તે મામલતદાર જ્યારે કલેક્ટરની ઑફિસમાં જાય છે ત્યારે ત્યાં કલેક્ટરના તાબામાં રહી, તેની ઑફિસનું કામ કરે છે, અને કલેક્ટર, તે ઑફિસનો માલિક ગણાય છે; તેવી રીતે કલેક્ટર, રેવન્યુ કમિશનરનો અને રેવન્યુ કમિશનર સક્રેટરિયટનો તેમજ સેક્રેટરિયટનો માલિક ગવર્નરની ઑફિસમાં, તેનો તાબેદાર ગણાય છે. તેમ શરીરમાં રહેલા અપાનવાયુના સ્થાનમાં, સમાન, પાન, ઉદાન અને વ્યાનવાયુઓ રહેલા છે, છતાં તે સ્થાન અપાનવાયુનીજ સત્તામાં છે. તેવી રીતે સમાન વાયુની સાથે, અપાન, પ્રાણ, ઉદાન અને વ્યાનવાયુઓ રહીને કામ બજાવે છે, છતાં તે સ્થાન સમાનવાયુનુંજ કહેવાય છે. તે પ્રમાણે બીજા સ્થાનોમાં રહેલા વાયુઓ પોતાના સ્થાનમાં સત્તા ભોગવે છે અને બાકીના વાયુઓ તેના કલાર્ક તરીકે પોતાનું કામ કર્યે જાય છે. એવી રીતે પાંચ પ્રકારનાં પિત્ત અને પાંચ પ્રકારના કફ પણ, પોતપોતાના સ્થાનમાં રહે છે, તેની સાથે પણ બીજા ચાર પ્રકારનાં પિત્ત અને ચાર પ્રકારના કફ, સાથે મળીને પોતપોતાનું કામ કરે છે. જ્યાં સુધી અમલદાર તરીકે પોતાના સ્થાનમાં રહેલો વાયુ આળસુ, ઉતાવળિયો કે બીજે સ્થાને જઇ બેસી રહેનારો (હીનયોગ, મિથ્યાયોગ અને અતિયોગવાળો) બને નહિ ત્યાં સુધી,

તેના સ્થાનમાં રહેલા ચારે વાયુઓ નિયમિત કામ કર્યે જાય છે. પણ જેમ અમલદારની બેદરકારીને લીધે ઑફિસના કારકુનો અવ્યવસ્થિત થઈ જાય છે, તેમ સ્થાનપતિ વાયુ અવ્યવસ્થિત થવાથી, તેના તાબાના વાયુઓ અનિયંત્રિત બની જઈ, કામ કરતા નથી. એટલા માટે દરેક સ્થાનમાં રહેતા અને દરેક સ્થાનના માલિક ગણાતા પાંચે વાયુઓ, નિયમિતપણે કામ કરે, તોજ મનુષ્યનું શરીર તંદુરસ્ત રહી શકે છે. આ ઠેકાણે જણાવવાની જરૂર છે કે, શરીરમાં રહેલા પાંચે પ્રકારના વાયુની પાંચે ઑફિસોમાંનો દરેક માલ બીજાઓને પહોંચાડે છે, અને પિત્ત તથા કફ એ બેને, પાંચ પાંચ ઑફિસોમાં વાયુએ મોકલેલો માલ લઇને તે માલમાં ફેરફાર કરી, તેને મળરૂપે, ધાતુરૂપે, બનાવી, શરીરના જે દેશમાં જેની જરૂર હોય તે દેશમાં મોકલવા માટે પોતાની ઑફિસમાં રહેલા વાયુને સોંપી દે છે; એટલે તે વાયુ તે માલને કહેલે ઠેકાણે પહોંચાડી દે છે. એ ઉપરથી એટલું સાબિત થાય છે કે, દરેક વાયુની, પિત્તની અથવા કફની, ઑફિસમાં એક મેનેજર તરીકે અને ચૌદ વાયુ તેના તાબાના નોકર તરીકે જુદાં જુદાં કામ કરે છે.

મનુષ્યશરીરમાં અપાનવાયુ મળને બહાર કાઢી નાખવાનું કામ કરે છે; સમાનવાયુ ખાન અને પાનથી ઉત્પન્ન થતા પદાર્થોના ભાગ પાડે છે, પ્રાણવાયુ શરીરમાં રહેલાં તત્ત્વોને પોષણના પદાર્થો પહોંચાડે છે; ઉદાનવાયુ હૃદયમાંથી મેધા અને બુદ્ધિ તથા વીર્યને લઇ ફેફસાંની પાછળથી બંકનાળને રસ્તે, મગજમાં રહેલી જ્ઞાનેન્દ્રિયોને પહોંચાડે છે અને મગજમાં રહેલી જ્ઞાનેન્દ્રિયો પોતાના ખપ જેટલો માલ રાખીને બાકીનો માલ વ્યાનવાયુને સોંપે છે. તે વ્યાનવાયુ આખા શરીરમાં રહેલા પિત્ત અને કફના જ્ઞાનતંતુને પહોંચાડે છે. જો વાયુની પાંચ ઑફિસો પૈકી કોઈ પણ ઑફિસમાંનો અમલદાર (વાયુ) બેદરકાર થાય, તો નીચલી

થોને ખાન અને પાનમાં વાપરે છે. તે ખાનપાનના પદાર્થોમાંથી શરીરના પોષણને માટે સાતે ધાતુ બની શકે એવા ઉપયોગી ભાગને સમાનવાયુ પાનવાયુ તરફ મોકલી આપે છે, અને તેમાંથી રહેલો મળ તે અપાનવાયુને સોંપી દે છે. એટલે અપાનવાયુ તે મળના કચરાને શરીરની બહાર કાઢી નાખે છે. હવે આપણે એ વિષય પર આવી ચૂકયા કે, જો અપાનવાયુ કચરાને બરાબર વખતસર બહાર ફેંકી ન દે અને પોતાના કાર્યમાં સુસ્તી કરે, તો મળાશયમાં મળનો સંચય થાય, એટલે સમાનવાયુમાંથી અર્થાત્ પકવાશયમાંથી આવતો મળ (કચરો) લઈ શકે નહિ; તેથી સમાનવાયુમાં કચરાની સિલક વધતી જાય અને તે કચરો મળાશયમાં નહિ પહોંચતાં આમાશયમાં રહે ત્યાં સુધી તે 'આમ' ને નામે ઓળખાય છે. હવે એ આમથી ઓળખાતો મળ જયારે મળાશયમાં જાય છે ત્યારે તે પાકો મળ, જેને આપણે મળમૂત્રના નામથી ઓળખીએ છીએ, તે બને છે. અને આમાશયમાં રહેલો મળ 'આમ'-ના નામથી ઓળખાઈ આમાશયમાં રહેલા વાયુ, પિત્ત અને કફને દૂષિત કરે છે. આમ થવાથી આમાશયમાં રહેલા દોષ, પકવાશયમાં આવી, સમાનવાયુની વ્યવસ્થામાં ખલેલ ઊભી કરે છે. એટલે પકવાશયનો સમાનવાયુ, પાનવાયુએ મોકલેલા ખાનપાનને ગ્રહણ કરવા રાજી નહિ હોવાથી, તે ઉદાનવાયુ ઉપર સંદેશો મોકલે છે કે, 'જયાં સુધી મને જરૂર ન જણાય ત્યાં સુધી તમારે માલ મોકલવો નહિ.' એટલે ઉદાનવાયુ પોતાની ઑફિસમાં રહેલા 'રસન' નામના કફને હુકમ કરે છે. એટલે રસન કફ ખાન અને પાનના પદાર્થોને લેવાનું કામ બંધ કરે છે, જેને આપણે 'ભાવતું નથી' અથવા 'રુચિ નથી' એવા નામથી ઓળખીએ છીએ. આ તરફથી રસન કફ ઉદાનવાયુના હુકમથી માલ લેવાનો બંધ કરે, છતાં અપાનવાયુ આળસ કરીને પોતાનું કામ બરાબર બજાવે નહિ, તો

ઑફિસનો માલ ખપે નહિ, અને ઉપલી ઑફિસમાં માલ પહોંચે નહિ. એટલા માટે આપણે એ પંદરે ઑફિસો અને દસ ઇન્દ્રિયો, જે પંદરે ઑફિસને અવલંબીને રહેલી છે. એટલે દશ ઇન્દ્રિયરૂપ દશ પ્રદેશને, પંદર ઑફિસમાંથી માલ (પોષણ) પૂરો પાડવામાં આવે છે. જે જે પ્રદેશમાં માલ ઓછો પહોંચે (હીનયોગ) અથવા જે જે પ્રદેશમાં માલ વધારે પહોંચે (અતિયોગ) તથા જે જે પ્રદેશમાં જે જે જાતનો માલ જોઇતો હોય, તેને બદલે કોઈ બીજો જ પહોંચે (મિથ્યાયોગ) તો, તે તે પ્રદેશમાં અવ્યવસ્થા થાય, તેને આપણે રોગના નામથી ઓળખીએ છીએ. તે રોગનું ભાન કરાવનાર અને પ્રકૃતિએ કરેલા બળવાની ખબર આપનાર મન નામની અગિયારમી ઇંદ્રિય છે. તે દરેક ઑફિસમાં દલાલીનું કામ કરી કયા કયા માલની ખોટ છે, કયાં કયો માલ ખપ્યો નથી કયાં કયો માલ બદલાયો છે તેની તપાસ રાખીને, અંતઃકરણની ઑફિસમાં રિપોર્ટ કરે છે. રિપોર્ટ મળવાથી અંતઃકરણની સાથે રહેલા જીવાત્માને તેનું ભાન થાય છે અને જીવાત્મામાં ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ, દુઃખ, જ્ઞાન એ સ્વાભાવિક ગુણો હોવાથી અંતઃકરણના કાર્યને વશ થઈ, મનના આવેલા રિપોર્ટ ઉપર, ઇચ્છા તથા દ્વેષનો હુકમ મોકલતાં પહેલાં, પ્રયત્નવાન થાય છે. જો તે પ્રયત્નમાં નિષ્ફળતા મળે તો તેને દુઃખ થાય છે અને સફળતા મળે તો સુખ થાય છે અને એ સુખ તથા દુઃખ, પોતાના જ્ઞાન સ્વભાવને લીધે જાણી શકે છે. આટલા ઉપરથી આપણે એટલે સુધી સમજી શકયા કે, સમાનવાયુ દરેક વસ્તુના સરખા ભાગ પાડી, જ્યાં મોકલવા હોય ત્યાં મોકલી શકે છે અને તે ભાગ પાડતાં અથવા તેને ગાળતાં જે કચરો પડે, તેને અપાનવાયુ બહાર ફેંકી દે છે.

મનુષ્યો પાંચ તત્ત્વોથી બનેલા, ત્રણ ગુણવાળા અને ૭ રસમાં વહેંચાયલા અગ્નિ અને સોમ, એવા બે વીર્યવાળા પદા-

થોને ખાન અને પાનમાં વાપરે છે. તે ખાનપાનના પદાર્થોમા
શરીરના પોષણને માટે સાતે ધાતુ બની શકે એવા ઉપયોગી ભ
ગને સમાનવાયુ પાનવાયુ તરફ મોકલી આપે છે, અને તેમાંથ
રહેલો મળ તે અપાનવાયુને સોંપી દે છે. એટલે અપાનવાયુ તે
ળના કચરાને શરીરની બહાર કાઢી નાખે છે. હવે આપણે એ
વિષય પર આવી ચૂકયા કે, જો અપાનવાયુ કચરાને બરાબર વખ-
તસર બહાર ફેંકી ન દે અને પોતાના કાર્યમાં સુસ્તી કરે, તો મળા-
શયમાં મળનો સંચય થાય, એટલે સમાનવાયુમાંથી અર્થાત્ પકવા-
શયમાંથી આવતો મળ (કચરો) લઈ શકે નહિ; તેથી સમાનવાયુમાં
કચરાની સિલક વધતી જાય અને તે કચરો મળાશયમાં નહિ
પહોંચતાં આમાશયમાં રહે ત્યાં સુધી તે 'આમ' ને નામે ઓળ-
ખાય છે. હવે એ આમથી ઓળખાતો મળ જ્યારે મળાશયમાં જાય
છે ત્યારે તે પાકો મળ, જેને આપણે મળમૂત્રના નામથી ઓળ-
ખીએ છીએ, તે બને છે. અને આમાશયમાં રહેલો મળ 'આમ'
ના નામથી ઓળખાઈ આમાશયમાં રહેલા વાયુ, પિત્ત અ
કફને દૂષિત કરે છે. આમ થવાથી આમાશયમાં રહેલા દોષ, પકવ
શયમાં આવી, સમાનવાયુની વ્યવસ્થામાં ખલેલ ઊભી કરે છે. એટલે
પકવાશયનો સમાનવાયુ, પાનવાયુએ મોકલેલા ખાનપાનને ગ્રહણ
કરવા રાજી નહિ હોવાથી, તે ઉદાનવાયુ ઉપર સંદેશો મોકલે છે
કે, 'જ્યાં સુધી મને જરૂર ન જણાય ત્યાં સુધી તમારે માલ મોક-
લવો નહિ.' એટલે ઉદાનવાયુ પોતાની ઑફિસમાં રહેલા 'રસન'
નામના કફને હુકમ કરે છે. એટલે રસન કફ ખાન અને પાનના
પદાર્થોને લેવાનું કામ બંધ કરે છે, જેને આપણે 'ભાવતું નથી'
અથવા 'રુચિ નથી' એવા નામથી ઓળખીએ છીએ. આ તરફથી
રસન કફ ઉદાનવાયુના હુકમથી માલ લેવાનો બંધ કરે, છતાં
અપાનવાયુ આળસ કરીને પોતાનું કામ બરાબર બજાવે નહિ, તો

પક્વાશયમાં રહેલો સમાનવાયુ પાચકપિત્તને આમાશયમાં રહેલા આમરૂપી મળને પચાવવાનો હુકમ કરે છે. આ રીતે આમને પચતાં જે સમાનવાયુને અને પાચનપિત્તને વધારાનું જોર કાઢવું પડે, તેથી માણસનું શરીર ગરમ થાય, જેને આપણે તાવના નામથી ઓળખીએ છીએ. અને એટલા માટે આયુર્વેદાચાર્યોએ તાવની ચિકિત્સામાં લંઘન, પાચન અને શોધનના પ્રયોગો કરવાનું કહેલું છે. આમાશયમાં રહેલો આમરસને અનુગામી થઈને પક્વાશયમાં આવે છે એટલે શરીર તપે છે, એવો નિદાનશાસ્ત્રનો સિદ્ધાંત આ વ્યવસ્થાથી સાબિત થાય છે. પરંતુ આમાશયમાં રહેલા મળને પચાવતા હોઇએ તે વખતે પિત્તાશયમાં પિત્ત વધેલું હોય અથવા કફાશયમાં કફ વધેલો હોય, તો તે સ્થાનોનાં તાબાનાં સ્થાનોમાં તેની અવ્યવસ્થા જણાય છે. એટલે આમાશયમાં રહેલા આમને પચાવતાં સમાનવાયુના ભાગ પાડતાં અને બીજા વાયુને તે તે ભાગ પહોંચાડતાં જે અગવડ ઊભી થાય છે, તેથી તાવનાં દરેક સ્વરૂપ જુદાં પડે છે. આ જુદાં જુદાં પડેલાં સ્વરૂપમાં જુદા જુદા ઉપદ્રવો થાય છે. જો કે તાવ (જ્વર) એકજ પ્રકારનો છે પરંતુ તેના આઠ ભાગ પાડવામાં આવ્યા છે, છતાં ઉપદ્રવભેદે કરીને તે આઠ ભાગના ઘણા ભાગો એટલે ઘણા નામના તાવોની કલ્પના કરવામાં આવી છે. તે એટલી સગવડ માટે કે, તે તાવનું નામ દેતાંજ ચિકિત્સક સમજી શકે કે, ઉપર કહેલી પંદર ઑફિસોમાં રહેલા મુખ્ય અમલદાર પૈકી કયો આળસુ, ઉતાવળિયો કે બેદરકાર બનેલો છે. તે જાણ્યા પછી તે અમલદાર (વાયુ, પિત્ત અને કફ) પૈકી જે અમલદારના દોષથી અવ્યવસ્થા થઈ હોય તેને સુધારવાની વ્યવસ્થા કરવી એ તેનું કામ બાકી રહે છે. હવે નિદાનશાસ્ત્રે કહેલા જ્વરો, કઈ કઈ ઑફિસમાં ગડબડ થવાથી કયા કયા નામે ઓળખાય છે, અને તેના ઉપદ્રવો કયા કયા કારણથી થાય છે, તેનો વિચાર કરીએ.

૧. મળાશયમાં રહેલો અપાનવાયુ, પકવાશયમાં રહેલા સમાનવાયુએ મોકલાવેલો કચરો (મળ) બહાર કાઢી શકતો નથી, એટલે તે કચરો આમનું રૂપ ધારણ કરી, મળાશયમાં પડી રહે છે. જેથી સમાનવાયુની ઓફિસમાં કામ વધવાથી, ચામડીમાં રહેલા ભ્રાજક પિત્તને બીજું પિત્ત પહોંચાડી શકાતું નથી, એટલે આખા શરીરમાં રહેલો સંશ્લેષણ કફ વધી પડે છે. તેથી આખે શરીરે ટાઢ વાય છે અને પિત્તના સ્થાનમાં કફ અને કફના સ્થાનમાં પિત્ત જવાઆવવાથી, ઘડીમાં શરીર ઊનું દેખાય છે અને ઘડીમાં ટાઢું દેખાય છે. અપાનવાયુની બેદરકારીથી, સમાનવાયુ કંઠસ્થાનમાં રસન કફ પહોંચાડી શકતો નથી. આથી ઉદાનવાયુ ઉપરનું દબાણ ઓછું થવાથી વાયુના સ્વભાવ પ્રમાણે ગળું, મુખ અને હોઠ સુકાઈ જાય છે, તેમ મસ્તકમાં સ્નેહન કફ નહિ પહોંચવાથી આલોચક પિત્તની વૃદ્ધિ થઇને ઉદાનવાયુ ઊંઘને આવવા દેતો નથી. સમાનવાયુની અવ્યવસ્થા થવાથી હૃદયમાં રહેલું સાધક પિત્ત પ્રાણવાયુ ઉપાડી શકતો નથી; તેથી પાનવાયુ અને ઉદાનવાયુને ઘર્ષણ લાગવાથી છીંક આવતી નથી. તેવી રીતે પ્રાણવાયુ મંદ પડવાથી હૃદયમાં રહેલો અવલંબન કફ, રુધિરને બળ આપતો નથી, જેથી સાધક પિત્ત ચામડીમાં ભ્રાજક પિત્તને જવા દેતું નથી. તેથી વ્યાનવાયુ વધી જવાથી શરીરના તમામ સાંધા દુખે છે, એટલે શરીર ભારે લાગે છે. માથામાં રહેલો ઉદાનવાયુ, હૃદયમાં રહેલો પ્રાણવાયુ અને ગાત્રોમાં રહેલો વ્યાનવાયુ વધી જવાથી માથું, હૃદય અને ગાત્રોમાં પીડા થાય છે. મળાશયમાં રહેલો અપાનવાયુ પોતાનું કામ નહિ કરવાથી ઝાડો સાફ આવતો નથી અને સમાનવાયુમાનો જુદો પડેલો ભાગ નહિ ખેંચાવાથી પેટમાં દુખે છે, ટ ચડે છે અને પાનવાયુને તથા ઉદાનવાયુને ધક્કો લાગવાથી ાસાં ઘણાં આવે છે. આ ઉપરથી શારીરશાસ્ત્રના જાણનારા

ચિકિત્સકોએ, આટલી જાતના ઉપદ્રવ સાથે, જે તાવ આવેલો હોય છે તેને " વાતજ્વર " નામ આપ્યું છે. એવા ઉપદ્રવવાળો વાતજ્વર જણાય, તો પકવાશયમાં રહેલા સમાનવાયુની ઑફિસમાં રહેલા કાચા આમરૂપ મળને પચાવવા માટે, તે દર્દીને પ્રથમ સાત દિવસ સુધી લંઘન કરાવવું. લંઘન સાત દિવસનું કહ્યું છે પરંતુ સાત દિવસ પહેલાં કંઠમાં રહેલો રસન કફ સુધરે તો જાણવું કે, સમાનવાયુની ઉપર આવી પડેલો બોજો ઓછો થયો છે, એટલે તે દર્દીને રુચિકર હલકો ખોરાક આપવો. પરંતુ ત્રણ દિવસમાં રસન કફ સુધરે નહિ, તો સૂંઠ, દેવદાર, ધાણા, ભોંયરીંગણી અને ગળો એકેક તોલો લઇ, જરા ખાંડી, એક શેર પાણીમાં વાસણ ઉપર ઢાંકણું ઢાંકયા વિના ઉકાળી, ચાર તોલા પાણી રહે ત્યારે કપડાથી ગાળી પાવું. એવી રીતે સાંજસવાર મળી આ ઉકાળો સાત ટંક પાવો, એટલે સાતમે દિવસે સમાનવાયુમાં રહેલો આમ, પચીને તેમાં રહેલો મળ અપાનવાયુની પાસે જઇ, તેની સાથે આવેલું પાચક પિત્ત અપાનવાયુને જાગૃત કરીને, મળને બહાર કાઢી નાખવાની ફરજ પાડશે. એ પ્રમાણે ફરજિયાત કામ સોંપવા છતાં અપાનવાયુ એ હુકમનું અપમાન કરે, તો શુદ્ધ પારો એક ભાગ, શુદ્ધ ગંધક એક ભાગ, ફુલાવેલો ટંકણ એક ભાગ, શુદ્ધ કરેલો નેપાળો બે ભાગ, સિંધવ એક ભાગ, મરી એક ભાગ, આમલીની છાલનો ક્ષાર એક ભાગ, સાકર એક ભાગ, એ સર્વને ઝીણાં વાટી, લીંબુના રસમાં એક દિવસ ખરલ કરી, બે ચણોઠીભાર પાણી સાથે આપવાથી, અપાનવાયુને તમામ કચરો કાઢવાની ફરજ પાડશે. એનું નામ " સૂર્યશેખર રસ " છે. અપાનવાયુ સુધર્યા છતાં, [illegible]વાયુમાં અવ્યવસ્થા જણાય, એટલે ભૂખ લાગે નહિ, મોઢું [illegible] ને તાવ આવ્યા કરે, તો સાત દિવસ પછી હિંગળોક, શુદ્ધ વચ્છનાગ સરખે ભાગે લઇ, ત્રણ દિવસ સુધી

ઠોરાં વાટી, પાણી મેળવી, અધી' રતીની ગોળી વાળી રાખવી. એ ગોળીનું નામ "હિંગળેશ્વર રસ" છે. એ ગોળી એક અથવા બે, દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી પાચક પિત્ત-નો વધારો કરે છે, જેથી સમાનવાયુ પોતાના કામમાં વધારે બળવાન થઈ, ખાન અને પાનને પચાવી શકે છે. આથી વાયુ, પિત્ત અને કફની પંદરે ઑફિસો વ્યવસ્થિત કામ કરવા લાગી જાય છે. પરંતુ સમાનવાયુ સુધરી ગયો હોય અથવા વાતજ્વર સિવાયનો બીજો જ્વર આવતો હોય, તેમાં જો કોઈ ચિકિ-ત્સક આ હિંગળેશ્વર રસ આપે, તો પકવાશયમાંનું પાચક-પિત્ત વધી પડવાથી, તે અગ્નિને દબાવવા માટે ચામડીમાંથી વ્યાનવાયુ દોડતો આવે છે, એટલે ચામડીમાં રહેલા સંશ્લેષણ કફને વહેવામાં અટકાવ થાય છે; તેથી ભ્રાજકપિત્ત આખા શરીર-માં જેમ કીડી ચટકા મારતી હોય તેમ ચટકા મારે છે. એટલા માટે એ રસ સમાનવાયુ સુધરતાં સુધી અને વાતજ્વરમાંજ આ-પવો. વાતજ્વરના જુદા જુદા ઉપદ્રવો પંદર ઑફિસો પૈકી જુદી જુદી ઑફિસોમાં અવ્યવસ્થા થવાથી થાય છે. પરંતુ પાચકપિત્ત, સમાનવાયુ અને અપાનવાયુની ઑફિસમાં વ્યવસ્થાપૂર્વક કામ ચાલ્યું કે બીજી તમામ ઑફિસો રીતસર કામ કરવા મંડી પડે છે.

૨. જ્યારે મનુષ્યો સત્ત્વગુણી ખાનપાનનું વિશેષ સેવન કરે છે, ત્યારે મળાશયમાં રહેલો અપાનવાયુ બગડી આમાશયમાં રહે-લા ક્લેદનકફને સૂકવી નાખે છે; જેથી પકવાશયમાં રહેલું પાચક-પિત્ત વધી પડે છે, ને તે વધેલું પિત્ત હૃદયમાં જઈ સાધકપિત્તમાં વધારો કરી, પાનવાયુને દબાવી, આલોચક પિત્તમાં તેને ઉદાન-વાયુ ખેંચી લે છે. ઉદાનવાયુ પિત્ત વધવાથી સ્નેહન કફને સૂકવે છે. જેથી તે પિત્તને ચામડીમાં રહેલો વ્યાનવાયુ ખેંચી જઈ ભ્રા-જકપિત્તમાં વધારો કરે છે. એટલે મનુષ્યની ચામડી અત્યંત

ઉષ્ણ થાય છે. બીજી તરફ આમાશયમાં રહેલો કફ સુકાય છે, જેને લીધે આમાશયમાં રહેલું પિત્ત દ્રવરૂપ હોવાથી રોકાઈ નહિ રહેતાં, પાતળા ઝાડા થાય છે. ઉદાનવાયુએ સાધકપિત્તને માથામાં ખેંચેલું હોવાથી નિદ્રાનો નાશ થાય છે. પાચકપિત્ત વધવાથી અને અવલંબન કફ સુકાવાથી વધેલું પાચકપિત્ત હૃદયમાં આવી, સાધકપિત્ત સાથે મળે છે, તેથી હૃદયમાં તેનો સમાવેશ નહિ થવાથી તે ઊલટીના રૂપમાં બહાર નીકળી જાય છે. સમાનવાયુ સરખા ભાગ નહિ પાડી શકવાથી, કંઠમાં રહેલા રસનકફને ઘટતો રસ મળતો નથી. એટલે ઉદાનવાયુએ ખેંચેલા પાચક અને ભ્રાજકપિત્તથી ગળું, મુખ અને હોઠ પાકી જાય છે. સમાનવાયુ આખા શરીરમાં રહેલા સંશ્લેષણ કફને જ્યારે ભ્રાજકપિત્તના સ્થાનમાં મોકલી આપે છે, ત્યારે શરીરમાંથી અત્યંત પસીનો છૂટે છે. પકવાશયમાં રહેલું પાચકપિત્ત, સમાનવાયુમાં ઉત્પન્ન થયેલા રસને યકૃતમાં રહેલા રંજકપિત્તને પહોંચાડે છે; પણ રંજકપિત્તની ઉપર પ્રાણવાયુનું દબાણ ઓછું હોવાથી, તેને બરાબર રંગ આપી શકાતો નથી; જેથી તે હૃદયમાં રહેલા સાધકપિત્તમાં શુદ્ધ લોહી બનવાને માટે જાય છે, ત્યાં અવલંબન કફનો વધારો થયલો હોવાથી તે લોહી પીળું બની શરીરમાં ફરવા નીકળે છે. જેથી શરીરની કેશવાહિનીઓમાં પીળા રંગના પરમાણુ વધવાથી તે મનુષ્યનો ઝાડો, પેશાબ, આંખ, જીભ અને ચામડી પીળા રંગની દેખાવા માંડે છે. સાધકપિત્ત દગ્ધ થઈને રસન કફમાં મળે છે, જેથી જીભમાં કડવો સ્વાદ ઉત્પન્ન થાય છે અને તે દગ્ધ થયેલું પિત્ત ઉદાનવાયુ ખેંચીને મસ્તક ઉપર લઈ જાય છે, તેથી દર્દી પ્રલાપ (લવારો) કરે છે. એ પ્રમાણે ઉપદ્રવસહિત જ્યારે લક્ષણો દેખાય, ત્યારે તેને પિત્તજ્વર નામ આપવામાં આવે છે. એવા પિત્તજ્વરવાળા દર્દીને દશ દિવસ લંઘન કરાવવું એવો શાસ્ત્રનો મત

છે, પરંતુ અપાનવાયુ સુધરી ક્લેદનકફને સ્થિર કરે, એટલે ઝાડા બંધ થાય અને પાનવાયુ સુધરી સાધકપિત્તને કબજામાં રાખી અવલંબન કફને સ્થિર કરે; જેથી દગ્ધ થયેલું પિત્ત ઉદાનવાયુને ખેંચવાનું મળે નહિ, એટલે તે કંઠમાં રસનકફને સ્થિર કરે; જેથી જીભની કડવાશ મટી જાય અને લવારો બંધ થઈ જાય. જ્યારે દર્દીને અન્ન ઉપર રુચિ થાય, તે વખતે તેને હલકો રજોગુણી ખોરાક આપવો. રજોગુણ એ વાયુનો સ્વભાવ છે, જેથી પિત્તના અગ્નિથી વાયુ ક્ષીણ થયેલો હોય, તે બળવાન થઈ પોતાનાં પાંચે સ્થાનમાં થયેલી અવ્યવસ્થા સુધારે છે. વાયુનાં પાંચે સ્થાન સુધાર્યાં એટલે કફનાં પાંચે સ્થાનમાં કફ સ્થિર થઈ, પિત્તને કબજામાં રાખે છે, એટલા માટે દશ દિવસનું લંઘન કહેલું છે. દર્દીને બરાબર ભૂખ લાગે એટલે તેને ખોરાક આપવાની જરૂર છે. જો દશ દિવસની મર્યાદાવાળા શાસ્ત્રવચનને વળગી રહી કોઈ ચિકિત્સક પોતાના મમતથી ભૂખ લાગવા છતાં ખોરાક નહિ આપે, તો અતિલંઘન થવાથી દર્દીનું વીર્ય બળી જશે અને દર્દીને પ્રલાપ, મૂર્છા તથા અશક્તિ વધી જશે. એટલા માટે ભૂખ લાગે ત્યારે ખોરાક આપવો. જો દર્દીને પાણીની તરસ લાગે, તો પાણીને ઉકાળીને ત્રિપાદશેષ પાણી બનાવી, ઠંડું કરી, તે પાણી પાવું. અન્ન ન ખવાય અથવા અન્ન ન અપાય, એવી અવસ્થામાં પણ પાણી અટકાવવું નહિ. કેટલાક લોકોનો એવો વિચાર છે કે, અન્ન વિના પાણી આપવાથી આંતરડાં ફૂલી જાય છે; પરંતુ પાણીથી આંતરડાં ફૂલતાં નથી, પણ પાણીમાં રહેલ અગ્નિ અને વાયુ, એ બે મળીને દોષને સુધારી, શરીરને નિરામય બનાવે છે. એટલે પિત્તના તાવમાં પાચક ઔષધિરૂપ, ઉપર કહ્યા પ્રમાણે ઉકાળેલું ત્રિપાદશેષ પાણી આપવાને જરા પણ આંચકો ખાવો નહિ. પિત્તજ્વરમાં કોઈ પણ જાતનાં તીક્ષ્ણ વસાણાં અથવા

શાસ્ત્રોમાં કહેલા રસો પૈકી કોઈ પણ રસ આપવો નહિ; પરંતુ તાવની મુદત પહેલાં તે દર્દીને લીમડાની પાંદડાં વિનાની સૂકી સળી નંગ સાત, ધાણા તોલો અર્ધો અને કાળાં મરી નંગ ચાર, એ સર્વેને પાણી મૂકી ભાંગની પેઠે પુષ્કળ વાટી, કપડે ગાળીને તેમાં ઠીકરી છમકારી દિવસમાં ત્રણ વખત પાવું. એ પાવાથી ઊલટી અને ઝાડા બંધ થઈ જાય છે અને પેટમાં ભૂખ લાગી અન્ન ઉપર રુચિ થાય છે. બીજા ઉપાય તરીકે પ્રથમ ભાગમાં લખવામાં આવેલી "રાસ્ના" નામની દવા અથવા "નળબંધ" નામની દવા બબ્બે વાલ લઈ, તેમાં અર્ધો વાલ ફુલાવેલી ફટકડી મેળવી, દિવસમાં ત્રણ વખત પાણી સાથે આપવાથી પિત્તજ્વરની શાંતિ થાય છે. અથવા પિત્તજ્વરવાળાને વરિયાળી, ધાણા, વાયવડિંગ, નીલોફર, જેઠીમધ, પદ્મક, વાળો, પિત્તપાપડો ઘાસ, કાકડાસિંગ અને કમળકાકડી સમભાગે લઈ, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તે ચૂર્ણમાંથી ૦। તોલો ચૂર્ણ લઈ, તેને ગરમ પાણીમાં ઉકાળી અથવા ઠંડા પાણીમાં વાટી કલ્ક કરી અથવા તે ચૂર્ણ ઉપર ખખળતું પાણી નાખી, તેનો ફાંટ બનાવી, અથવા તે ચૂર્ણને બાર કલાક પાણીમાં ભીંજવી રાખી, તેનું હિમ બનાવી, અથવા એકલા પાણી સાથે ફાકી મરાવી ઉપયોગમાં લેવામાં આવે, તો ઘણા ઉપદ્રવવાળો પિત્તજ્વર શાંત થઈ જાય છે. પિત્તજ્વરવાળાને શરીરે ચંદનનો લેપ કરવો. મોરની પીંછીના, નેતરના, વાળાના અને તાડના પંખાવતી પવન નાખવો, પણ વાંસના પંખાથી પવન નાખવો નહિ; વાંસના પંખાથી પવન નાખવામાં આવે તો શરીરમાં રક્તપિત્ત વધી જાય છે. કોઈ જાતનો પંખો ન મળે તો સફેદ કપડાથી પવન નાખવો પણ દર્દીને ઉઘાડો સૂવા દેવો નહિ અને બહારનાં હવાઉજાસને આવતાં અટકાવવાં નહિ.

૩. જ્યારે મનુષ્યો તમોગુણપ્રધાન ખાનપાનનું અતિશય

સેવન કરે છે, ત્યારે આમાશયમાં રહેલો કલેદનકફ વૃદ્ધિ પામી, પકવાશયમાં રહેલા પાચકપિત્તને મંદ કરી નાખે છે. એટલે સમાનવાયુ ભ્રાજક, રંજક, સાધક અને આલોચક પિત્તને જોઈતું પિત્ત પહોંચાડી શકતો નથી; પરિણામે તે તે પિત્તના સ્થાનોમાં પિત્ત ઘટી જવાથી, કફને પચાવવાની ક્રિયા, લગભગ બંધ પડી જાય છે. એટલું જ નહિ પણ સમાનવાયુ પકવાશયમાંથી વધેલા કફને, કફનાં સ્થાનો ઉપર મોકલતો જાય છે; એટલે શરીરમાં રહેલી પંદરે ઓફિસોમાં પિત્તનું જોર ઘટવાથી આખા શરીરની ચામડી ઉપર પાણીએ ભીંજાવેલાં કપડાં વીંટાળ્યાં હોય એવી શરદી જણાય છે; અને ભ્રાજકપિત્તનો જેટલો ભાગ અવશેષ રહેલો હોય, તે કફથી છૂટો પડી શરીરને થોડું થોડું ગરમ કરે છે. હૃદયમાં રહેલું સાધકપિત્ત ઘટી જવાથી, અવલંબન કફનો વધારો થાય છે. તેથી શરીર ભારે થવાથી શરીરમાં આળસ ઉત્પન્ન થાય છે. સાધકપિત્ત મંદ થવાથી આલોચકપિત્તને ઉદાનવાયુ ખેંચી શકતો નથી અને ઉદાનવાયુ રસન કફને વધારે ખેંચે છે, તેથી દર્દીનું મુખ ચીકણું અને મધુર (મીઠું) થઈ જાય છે. આમાશયમાં રહેલો કલેદનકફ વધી જવાથી, મળાશયમાં કફનો ભાર વધે છે, જેથી ઝાડો અને પેશાબ ધોળાં થાય છે અને સંશ્લેષણ કફ વધવાથી ચામડી અને આંખો ધોળી દેખાય છે. સંશ્લેષણકફની સાથેનું ભ્રાજકપિત્ત કમી થવાથી અને વ્યાનવાયુનો વધારો થવાથી શરીર જડ બની જાય છે તથા ટાઢ વાય છે અને રૂંવાડાં ઊભાં થાય છે. હૃદયમાં રહેલા અવલંબન કફના વધવાથી સાધકપિત્ત ઘટી જાય એટલે દર્દીને ઊલટી થવા માટે ઉબકા આવ્યા કરે પણ ઊલટી થાય નહિ; રસનકફમાં વધારો થવાથી અને તેની સાથે ઉદાનવાયુ મળવાથી ઊંઘ ઘણી આવે છે, સળેખમ જણાય છે, અરુચિ થાય છે અને ખાંસી વધી પડે છે. પણ જો અવલંબન કફની સાથે પાનવાયુ વધી પડયો હોય, તો તે

હાંને શ્વાસ થાય છે. ઉપર પ્રમાણેના ઉપદ્રવો દેખાય એટલે નિદાનશાસ્ત્ર તેને "કફજ્વર" એવું નામ આપે છે.

આવા ઉપદ્રવસહિત કફજ્વર થયો હોય તે રોગીને બાર દિવસ સુધી લંઘન કરાવવું. દરમિયાનમાં જો જીભ સુધરે અને ખાવાની રુચિ થાય તો કફને ઉત્પન્ન કરનારાં તમોગુણી ખાનપાન સિવાય, પિત્તને વધારનારાં ખાનપાનનો ઉપયોગ કરવો. આ જ્વરમાં જો કે પાણીની તરસ લાગતીજ નથી, તો પણ જરૂર જણાય તો તેને અર્ધાવશેષ અથવા અષ્ટાવશેષ પાણી પાવું. રોગીને ગરમ કપડાં ઓઢાડવાં અને બહારના પવનથી બચાવવો. આ ઉપરાંત સૂંઠ, મરી, પીપર, તજ, અક્કલગરો, કાયફળ, ગળો અને ભોંયરીંગણી તોલો તોલો લઇ, તેનો કવાથ કરી દિવસમાં ત્રણ વખત ચાર ચાર તોલા કવાથમાં એક તોલો મધ મેળવીને પાવો. એ પ્રમાણે નવ ટંક એ ઉકાળો પાયા પછી "શીતભંજી રસ" ની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવી.

શીતભંજી રસની બનાવટઃ-શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, તાંબાની ભસ્મ, શુદ્ધ વછનાગ, સૂંઠ, મરી, પીપર, ફુલાવેલો ટંકણખાર એ સર્વે સમભાગે લઇ, પારા ગંધકની કાજળી કરી, બાકીનાં વસાણાં તેમાં મેળવી ખલમાં બારીક વાટ્યા પછી ચિત્રાના રસમાં ત્રણ પુટ આપવા, પછી આદુના રસના ત્રણ પુટ આપવા, પછી પાનના રસના ત્રણ પુટ આપી, મરી જેવડી ગોળીઓ વાળવી. આ શીતભંજી રસ કફનું શોષણ કરી, શરીરને ગરમ બનાવે છે. આ ગોળીમાં એક એવો ચમત્કાર છે કે, જ્યારે કોઇ ચિકિત્સકની દવાથી કોઈ પણ જાતનો તાવ એકદમ છટકી જઇ, શરીરે શીત વ્યાપી જાય ત્યારે બે ગોળી સૂંઠના પાણીમાં ઘસી, રોગીને પાવાથી પા કલાકમાં શરીરનું શીત ઊડી જઈ, પાણીના નીકળતા મોતિયા બંધ થઇ, શરીર ગરમ બને છે. પણ જો પા કલાકમાં આવેલું

શીત મટી જઇ ગરમાવો ન આવે તો તે દર્દીને જીવવાની આશા નથી. એથી ઊલટું જો 'સનત્ જ્વર' આવ્યો હોય અને ઊતરતો જ ન હોય, તેને બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે ઘસીને પાવાથી, તાવ ઊતરી શરીર ઠંડું પડે છે. જો પેટમાં દુખતું હોય, પેટ ચડતું હોય, હાંફ ચાલતી હોય અને છાતીમાં કફ બોલતો હોય, તો બબ્બે ગોળી પાણીમાં ઘસીને આપવાથી દરદને મટાડે છે.

સુતરાજ રસઃ—શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ અને ફુલાવેલો ટંકણખાર સરખે ભાગે લઇ, તેના સમગ્ર વજન જેટલાં ધંતૂરાનાં છાશમાં બાફીને સૂકવેલાં બીજ લઈ તેને બારીક વાટી, એક દિવસ ખરલ કરી, પછી એ વસાણાનું વજન જેટલું થયું હોય, તેને ચોથે ભાગે ધંતૂરાનાં બીજ તથા વછનાગ લઈ, તેનો ઉકાળો કરી, એ ઉકાળાના ત્રણ પુટ આપવા. તે પછી સૂંઠ, મરી ને પીપર એ વસાણાં ચોથે ભાગે લઇ તેનો ઉકાળો કરી, તે ઉકાળાના પાંચ પુટ આપવા. ત્યાર પછી તેની અડદ જેવડી ગોળી- ઓ વાળવી એટલે મૃતપ્રાણદાયી સુતરાજ રસ તૈયાર થયો. એ રસ કફજ્વરમાં અને તેમાંય ખાસ કરીને સળેખમનું જોર વધારે હોય અને રોગીને શરદી બહુ લાગતી હોય તે વખતમાં, બબ્બે ગોળી પાણી સાથે આપવાથી ઘણો ફાયદો કરે છે.

સ્વચ્છંદભૈરવ રસઃ—શુદ્ધ પારો પાંચ ભાગ, શુદ્ધ ગંધક પાંચ ભાગ, શુદ્ધ વછનાગ પાંચ ભાગ, જાયફળ બે ભાગ, પીપર દશ ભાગ, એ સર્વેને ઝીણું વાટી આદાના રસમાં ઘૂંટી મરી જેવડી ગોળીઓ કરવી. એ ગોળીમાંથી એકેક અથવા બબ્બે આ- પવાથી ત્રિદોષમાં, કફજ્વરમાં અને જેમાં છાતી કફથી ભરાઇ ગઇ હોય તે તાવમાં મોટાં તથા નાનાં માણસને ઘણો ફાયદો કરે છે.

કલ્પતરુ રસઃ—શુદ્ધ પારો એક ભાગ, શુદ્ધ ગંધક એક

તથા મોઢામાં શોષ પડે છે. ઉપર બતાવ્યું છે તેમ જે રોગીને ભ્ર થાય છે, તે ભ્રમણાને લીધે, તે લવારો કરે છે. સમાનવાયુએ મો કલેલા જોઇએ તે કરતાં વધારે સાધકપિત્તને હૃદયમાં સ્થાન નહિ મળવાથી તે પિત્ત બહાર નીકળવા માટે પ્રયત્ન કરે છે. પરંતુ રસન કફના ઘેરાવાને લીધે બહાર નીકળી શકતું નથી; એટલે તે રોગીને ઉબકા આવે છે. સાધકપિત્તમાં વધારો થવાથી વ્યાનવાયુ હૃદયમાં પિત્તની શાંતિ માટે આવે છે; જેથી ચામડીમાં સંશ્લેષણ કફનો વધારો થવાથી રોગીનાં રૂંવાડાં ટાઢ વાઇને ઊભાં થાય છે. અપાનવાયુ મળને બહાર કાઢતો નથી, તેથી પકવાશયમાં કાચો આમ એકઠો થવાથી અન્ન પર અભાવો થાય છે. સંશ્લેષણ કફની સાથેનું ભ્રાજકપિત્ત ઘટી જવાથી વ્યાનવાયુ કફને સૂકવી નાખે છે, તેથી સાંધાઓમાં કળતર થાય છે. આવી રીતના ઉપદ્રવવાળો તાવ જે રોગીને આવ્યો હોય તેનું નામ "વાતપિત્તજ્વર" પાડયું છે.

૫. જે માણસ તમોગુણપ્રધાન રજોગુણી ખાનપાનનો વધારે ઉપયોગ કરે છે, તેનો આમાશયમાં રહેલો કલેદન કફ અને મળાશયમાં રહેલો અપાનવાયુ બગડે છે. જેથી સમાનવાયુ તેના બરાબર ભાગ પાડી શકતો નથી; એટલે પકવાશયમાં રહેલા પાચકપિત્તની સાથે ભ્રાજકપિત્તને મોકલવાનો મસાલો મોકલી શકાતો નથી. આથી ત્વચામાં રહેલા વ્યાનવાયુ અને સંશ્લેષણ કફ વધી પડવાથી રોગીના શરીર ઉપર ભીનાં કપડાં વીંટાળ્યાં હોય એવું લાગે છે. વ્યાનવાયુ ભ્રાજકપિત્તના અભાવે, સંશ્લેષણ કફને સૂકવી નાખે છે, તેથી તે રોગીને સંધીવાની પેઠે સાંધામાં તીવ્ર વેદના થાય છે. સમાનવાયુ, સ્નેહગ કફને હૃદયમાં રહેલા અવલંબન કફ [illegible] ખેંચી લઈ જાય છે. એટલે [illegible] ઊંઘ ઘણી આવે છે અને [illegible]એવી પીડા થાય છે.

સમાનવાયુએ મોકલેલા સ્નેહગ કફનો ઉદાનવાયુએ ખેંચેલા કફ કરતાં વધારાનો ભાગ હૃદયમાં રહી જવાથી તે રોગીને ઉધરસ થાય છે. ત્વચામાં રહેલા ભ્રાજકપિત્તને વ્યાનવાયુ શોષણ નહિ કરવાથી શરીર ગરમ થાય છે; અને તે પિત્તને ચામડીમાં રહેલો અપાનવાયુ બહાર ખેંચી લઈ શરીરને ઠંડું પાડે છે ત્યારે રોગીને પસીનો થાય છે. કફ અને વાયુની બે ઑફિસોમાં ગડબડ થવાથી પિત્તનું જોર કમી થવાને લીધે તાવનું જોર મધ્યમ દેખાય છે. એવી રીતનાં લક્ષણ જે રોગીમાં દેખાય છે, તેને નિદાનશાસ્ત્રને જાણનારા ચિકિત્સકો "શ્લેષ્મ-વાતજ્વર" કહે છે.

૬. આમાશયમાં રહેલા ક્લેદન કફને અને પકવાશયમાં રહેલા પાચકપિત્તને સમાનવાયુ વ્યવસ્થિત નહિ રાખી શકવાથી, હૃદયમાં રહેલું સાધકપિત્ત વધી જાય છે, જેથી રોગીનું મોઢું કડવું થઈ જાય છે અને રસન કફમાં વધારો થવાથી મોં ચીકણું લાગે છે. સાધકપિત્ત દગ્ધ થવાથી ઉદાનવાયુને આલોચક પિત્ત મળતું નથી, જેથી માથામાં રહેલો સ્નેહગ કફ આંખો ઉપર આવીને દબાણ કરે છે, તેથી આંખનાં પોપચાં ઊઘડી શકતાં નથી; એટલે દર્દી ઘેનમાં પડી રહે છે અને તેને શુદ્ધિ રહેતી નથી. સાધકપિત્ત દગ્ધ થવાથી અવલંબન કફનો વધારો થાય છે, તેથી ઉધરસ થાય છે અને કોઠામાં ક્લેદન કફ વધવાથી અન્ન પર અરુચિ થાય છે. ચામડીમાં રહેલું ભ્રાજકપિત્ત અને ચામડીમાં રહેલા વ્યાનવાયુને સાધકપિત્ત દગ્ધ થવાથી વારંવાર હૃદયમાં જવું પડે છે. તેથી રોગીને ઘડીમાં ટાઢ વાય છે ને ઘડીમાં તાપ લાગે છે. એવા ઉપદ્રવસહિત જે રોગીને તાવ આવે છે, તેને નિદાનશાસ્ત્ર જાણનારા ચિકિત્સકો "શ્લેષ્મ-પિત્તજ્વર" એવું નામ આપે છે. ઉપરોક્ત-વાત-પિત્તજ્વર, શ્લેષ્મ-વાતજ્વર અને શ્લેષ્મ-પિત્તજ્વર હોય, તો તેમાં લંઘન અને પાચન તથા શોધન બે બે દોષના મિશ્રણ

ભાગ, શુદ્ધ વછનાગ એક ભાગ, શુદ્ધ મનસીલ એક ભાગ, સુવર્ણમાક્ષિક ભસ્મ એક ભાગ, ફુલાવેલો ટંકણ એક ભાગ, સૂંઠ પીપર બે ભાગ અને મરી દશ ભાગ લઇ, પારા-ગંધકની કાજળી કરી, તેમાં બીજાં વસાણાં નાખી, બારીક ખરલ કરવો એટલે કલ્પતરુ રસ તૈયાર થાય છે. આ રસમાંથી એક વાલ અથવા અર્ધો વાલ કફજ્વરમાં આપવાથી, ખાંસી, શ્વાસ, હાંફણસહિત તાવને મટાડે છે. જો કોઇ માણસના દાંત બંધ થઇ ગયા હોય અને મૂર્છા આવી હોય તો આ રસમાંથી એક ચપટી લઇ, નાકમાં ફૂંકવાથી દાંત ઊઘડી જાય છે અને શુદ્ધિ આવે છે. કફજ્વરમાં હૃદયમાં શૂળ મારતું હોય તો હરણનાં આખાં શિંગડાં લઇ, તેના બબ્બે આંગળના કટકા કરી, સંપુટમાં મૂકી, કપડમટ્ટી કરી, ગજપુટ અગ્નિ આપી, સ્વાંગ શીતળ થાય એટલે કાઢી લેવું. તેની કાળી ભસ્મ થશે તે વાટી, શીશીમાં ભરી મૂકવી. તેમાંથી એક વાલ દિવસમાં ત્રણ વખત મધ સાથે ચટાડવાથી શૂળને મટાડી દે છે. તેમ છતાં જો કફજ્વર ચડ્યા સિવાય હૃદયમાં ભયંકર શૂળ મારતું હોય તો એ 'મૃગશૃંગ પુટપાક' એક વાલ ઘી સાથે ચટાડવાથી હૃદયના શૂળને તરત મટાડે છે. તેજ પ્રમાણે સાબરનાં શિંગડાં લાવી, તેના બબ્બે આંગળના કટકા કરી, માટીના વાસણમાં મૂકી, તેનું મુખ બંધ કર્યા વિના ગજપુટ અગ્નિ આપવાથી તેની સફેદ ભસ્મ થશે. તે ભસ્મને ઝીણી વાટી, આકડાના દૂધમાં પલાળી તેની ટીકડીઓ બનાવી, તડકે સૂકવી, ફરીથી વાસણમાં ભરી ગજપુટ અગ્નિ આપી, સ્વાંગ શીતળ થાય એટલે બિલકુલ ઠંડું પડ્યા પછી વાટી, શીશીમાં ભરી મૂકવી. એમાંથી જે રોગીના પાસાંમાં શૂળ મારતું હોય અથવા જે રોગી લવારો કરતો હોય કે જેનો કફ સુકાઇ ગયો હોય, તેવા રોગીને આદુનો રસ અને મધ મેળવી, તેને જરા ગરમ કરી, આ 'સાબરભસ્મ' ની

અર્ધા વાલની માત્રા દિવસમાં ત્રણ વાર આપવાથી, ઘણો ફાયદો કરે છે. તેવીજ રીતે 'માણેકરસ' જે આગળ પ્રથમ ભાગમાં કહેવામાં આવ્યો છે, તે પણ આદુ, ફુદીનો અને મધના એકત્ર અનુપાન સાથે આપવાથી તેટલોજ ફાયદો કરે છે.

૪. જે મનુષ્ય તમોગુણપ્રધાન સત્ત્વગુણી ખાનપાનનું અતિ-સેવન કરે છે, તેના અપાનવાયુમાં વિકાર થવાથી, પકવાશયમાં રહેલો સમાનવાયુ જે રસને યકૃતપ્લીહામાં રંજક પિત્તને પહોંચાડવા, પાનવાયુને આપે છે. તે પાનવાયુ સમાનવાયુએ મોકલેલા તેટલા પિત્તનું ગ્રહણ નહિ કરી શકવાથી, વધેલું પિત્ત તીવ (કલોમ) માં જઇને, જળને વહેવાવાળી નસોને ફુલાવે છે, જેથી તે રોગીને અત્યંત તૃષા ઉત્પન્ન થાય છે. કલોમના મૂળમાં પિત્ત આવવાથી હૃદયમાં રહેલા સાધકપિત્તને ઉદાનવાયુ જોરથી ખેંચી લે છે, જેથી માથામાં રહેલો રસનકફ પાતળો થઈ જવાથી, તે રોગીને મૂર્છા થાય છે. તે મૂર્છા થાય એટલું પિત્ત ઉદાનવાયુ નહિ ખેંચે અને થોડું ખેંચે, જેથી આલોચકપિત્તમાં વધારો થવાથી તે રોગીને ભ્રમ થાય છે. સમાન વાયુએ મોકલેલા રંજકપિત્તમાં-થીવધેલા પિત્તને, કલોમમાં રહેવું પડવાથી, પાનવાયુ પાતળો પડી જાય છે, જેથી વ્યાનવાયુને પાછા આવવું પડે છે; એટલે ચામડીમાં રહેલું ભ્રાજકપિત્ત વધે છે અને સંશ્લેષણ કફ ઘટે છે. તેથી રોગી-ને આખે શરીરે દાહ થાય છે. તેવી રીતે સાધકપિત્તને ઉદાનવાયુ ખેંચી જઈ, માથામાં રહેલા રસનકફને પિગળાવી નાખે છે; તેથી રોગીને ઊંઘ આવતી નથી. માથામાં રહેલા ઉદાનવાયુને હૃદયમાં રહેલો પાનવાયુ ભ્રાજકપિત્ત તથા રસનકફ પૂરાં પાડી શકતો નથી. જેથી ઉદાનવાયુ મગજમાં રહેલા કફને સુકાવી નાખી, રોગીના માથામાં શૂળ ઉત્પન્ન કરે છે. ઉદાનવાયુ સાધકપિત્તને તથા રસનકફને લેવામાં બેદરકાર થાય છે. જેથી રોગીના ગળા

તથા મોઢામાં શોષ પડે છે. ઉપર બતાવ્યું છે તેમ જે રોગીને ભ્રમ થાય છે, તે ભ્રમણાને લીધે, તે લવારો કરે છે. સમાનવાયુએ મોકલેલા જોઇએ તે કરતાં વધારે સાધકપિત્તને હૃદયમાં સ્થાન નહિ મળવાથી તે પિત્ત બહાર નીકળવા માટે પ્રયત્ન કરે છે. પરંતુ રસનકફના ઘેરાવાને લીધે બહાર નીકળી શકતું નથી; એટલે તે રોગીને ઉબકા આવે છે. સાધકપિત્તમાં વધારો થવાથી વ્યાનવાયુ હૃદયમાં પિત્તની શાંતિ માટે આવે છે; જેથી ચામડીમાં સંશ્લેષણ કફનો વધારો થવાથી રોગીનાં રૂંવાડાં ટાઢ વાઈને ઊભાં થાય છે. અપાનવાયુ મળને બહાર કાઢતો નથી, તેથી પકવાશયમાં કાચો આમ એકઠો થવાથી અન્ન પર અભાવો થાય છે. સંશ્લેષણ કફની સાથેનું ભ્રાજકપિત્ત ઘટી જવાથી વ્યાનવાયુ કફને સૂકવી નાખે છે, તેથી સાંધાઓમાં કળતર થાય છે. આવી રીતના ઉપદ્રવવાળો તાવ જે રોગીને આવ્યો હોય તેનું નામ "વાતપિત્તજ્વર" પાડયું છે.

પ. જે માણસ તમોગુણપ્રધાન રજોગુણી ખાનપાનનો વધારે ઉપયોગ કરે છે, તેનો આમાશયમાં રહેલો કલેદન કફ અને મળાશયમાં રહેલો અપાનવાયુ બગડે છે. જેથી સમાનવાયુ તેના બરાબર ભાગ પાડી શકતો નથી; એટલે પકવાશયમાં રહેલા પાચકપિત્તની સાથે ભ્રાજકપિત્તને મોકલવાનો મસાલો મોકલી શકાતો નથી. આથી ત્વચામાં રહેલા વ્યાનવાયુ અને સંશ્લેષણ કફ વધી પડવાથી રોગીના શરીર ઉપર ભીનાં કપડાં વીંટાળ્યાં હોય એવું લાગે છે. વ્યાનવાયુ ભ્રાજકપિત્તના અભાવે, સંશ્લેષણ કફને સૂકવી નાખે છે, તેથી તે રોગીને સંધીવાની પેઠે સાંધામાં તીવ્ર વેદના થાય છે. સમાનવાયુ, સ્નેહગ કફને હૃદયમાં રહેલા અવલંબન કફ તરફ મોકલે છે, જેને ઉદાનવાયુ જોરથી ખેંચી લઈ જાય છે. એટલે આલોચક પિત્ત ઠંડું પડી જઈ રોગીને ઊંઘ વધી આવે છે અને તેની સાથે માથા પર વધુ ભાર મૂક્યો હોય એવી પીડા થાય છે.

સમાનવાયુએ મોકલેલા સ્નેહગ કફનો ઉદાનવાયુએ ખેંચેલા કફ કરતાં વધારાનો ભાગ હૃદયમાં રહી જવાથી તે રોગીને ઉધરસ થાય છે. ત્વચામાં રહેલા ભ્રાજકપિત્તને વ્યાનવાયુ શોષણ નહિ કરવાથી શરીર ગરમ થાય છે; અને તે પિત્તને ચામડીમાં રહેલો અપાનવાયુ બહાર ખેંચી લઈ શરીરને ઠંડું પાડે છે ત્યારે રોગીને પસીનો થાય છે. કફ અને વાયુની બે ઑફિસોમાં ગડબડ થવાથી પિત્તનું જોર કમી થવાને લીધે તાવનું જોર મધ્યમ દેખાય છે. એવી રીતનાં લક્ષણ જે રોગીમાં દેખાય છે, તેને નિદાનશાસ્ત્રને જાણનારા ચિકિત્સકો "શ્લેષ્મ-વાતજ્વર" કહે છે.

૬. આમાશયમાં રહેલા કલેદન કફને અને પકવાશયમાં રહેલા પાચકપિત્તને સમાનવાયુ વ્યવસ્થિત નહિ રાખી શકવાથી, હૃદયમાં રહેલું સાધકપિત્ત વધી જાય છે, જેથી રોગીનું મોઢું કડવું થઈ જાય છે અને રસન કફમાં વધારો થવાથી મોં ચીકણું લાગે છે. સાધકપિત્ત દગ્ધ થવાથી ઉદાનવાયુને આલોચક પિત્ત મળતું નથી, જેથી માથામાં રહેલો સ્નેહગ કફ આંખો ઉપર આવીને દબાણ કરે છે, તેથી આંખનાં પોપચાં ઊઘડી શકતાં નથી; એટલે દીર્ઘ ઘેનમાં પડી રહે છે અને તેને શુદ્ધિ રહેતી નથી. સાધકપિત્ત દગ્ધ થવાથી અવલંબન કફનો વધારો થાય છે, તેથી ઉધરસ થાય છે અને કોઠામાં કલેદન કફ વધવાથી અન્ન પર અરુચિ થાય છે. ચામડીમાં રહેલું ભ્રાજકપિત્ત અને ચામડીમાં રહેલા વ્યાનવાયુને સાધકપિત્ત દગ્ધ થવાથી વારેવારે હૃદયમાં જવું પડે છે. તેથી રોગીને ઘડીમાં ટાઢ વાય છે ને ઘડીમાં તાપ લાગે છે. એવા ઉપદ્રવસહિત જે રોગીને તાવ આવે છે, તેને નિદાનશાસ્ત્ર જાણનારા ચિકિત્સકો "શ્લેષ્મ-પિત્તજ્વર" એવું નામ આપે છે. ઉપરોક્ત-વાત-પિત્તજ્વર, શ્લેષ્મ-વાતજ્વર અને શ્લેષ્મ-પિત્તજ્વર હોય, તો તેમાં લંઘન અને પાચન તથા શોધન બે બે દોષના મિશ્રણ

હોય, તો કાચો મળ તૂટી પડી, જુલાબ આપેલા માણસના શરીરમાં કોઇ નવોજ રોગ પેદા થશે અને તેનું પાપ વૈદ્યને લાગશે.

મહાજ્વરાંકુશ રસઃ-શુદ્ધ પારો એક ભાગ, શુદ્ધ ગંધક બે ભાગ, ધંતૂરાનાં બીજ ત્રણ ભાગ, વછનાગ એક ભાગ, સૂંઠ ચાર ભાગ, મરી ચાર ભાગ અને પીપર ચાર ભાગ, એ સર્વ બારીક વાટી આદુના રસમાં અડદ જેવડી ગોળી વાળવી. એ ગોળી એકથી ત્રણ સુધી દિવસમાં ત્રણ વખત આપવાથી, એક દોષથી ઉત્પન્ન થયેલા અથવા બે દોષથી ઉત્પન્ન થયેલા તાવને મટાડે છે.

પંચવક્ત્ર રસઃ-શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, ફુલાવેલો ટંકણખાર, મરી અને વછનાગ સમભાગે લઈ, બારીક વાટી ધંતૂરાના રસની એક ભાવના આપી, પછી આદુના રસની એક ભાવના આપી, મગ જેવડી ગોળી વાળી, રોગીના દોષનું બળ જોઇને એકથી ત્રણ ગોળી આપવાથી આવતો તાવ અટકી જાય છે. પણ એ ગોળી આપવામાં ભૂલ થાય તો રોગીને નશો ચડે છે અથવા ફેર આવે છે, અથવા લવારો કરે છે. તેવા વખતમાં તેને દહીં અને ભાત ખવડાવવો અથવા લીંબુનો રસ પાવો, એટલે આ ગોળીના ઉપદ્રવની શાંતિ થશે.

વિશ્વતાપહરણ રસઃ-શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, ટંકણ, મારેલું તાંબું, સૂંઠ, મરી, પીપર અને અકલગરો એ સર્વ બારીક વાટી કારેલીના પાતરાંના રસમાં અડદ જેવડી ગોળી વાળવી. એ ગોળી એક અથવા બે, સાકર વાલ બે અને જીરૂં વાલ બે વાટી પાણી કરી આપવાથી હઠીલામાં હઠીલો તાવ જાય છે.

સ્વચ્છંદભૈરવ રસઃ-શુદ્ધ પારો પાંચ ભાગ, શુદ્ધ ગંધક પાંચ ભાગ, શુદ્ધ વછનાગ પાંચ ભાગ, જાયફળ બે ભાગ, પીપર દશ ભાગ લઈ પ્રથમ પારા ગંધકની કાજળી કરી બાકીનાં વસાણાં

મેળવી, બારીક વાટી, આદાના રસમાં મરી જેવડી ગોળી કરવી ને દિવસમાં ત્રણ વાર એક અથવા બબ્બે ગોળી પાણીમાં આપવાથી ત્રિદોષમાં, વાયુમાં, અજીર્ણમાં, મોટા માણસને તથા નાનાં બાળકને ઘણો ફાયદો કરે છે.

ઉપર લખેલા રસો તાવના કામમાં અમારે ત્યાં ઘણી ફતેહમંદીથી કામ કરે છે અને કોઇ પણ જાતનું અનુપાન એની સાથે આપવું પડતું નથી. કદાચ આપવું પડે તો આગળ લખેલા 'નળબંધ' અથવા 'રાસ્ના'નું પડીકું સાથે બાંધી આપીએ એટલે રોગીને અનુપાન લેવા માટે બજારમાં જવું પડતું નથી. આ તાવોમાં ખાસ કરીને હલકો ખોરાક આપવો, કોઈ પણ જાતનો વિદાહી એટલે તેલમાં તળેલો અને ભારે એટલે ઘીમાં તળેલો ખોરાક આપવો નહિ. તેમ જ્યાં સુધી તાવ ગયા પછી શક્તિ આવે નહિ ત્યાં સુધી, કસરત કરવી નહિ, મૈથુન સેવવું નહિ, સ્નાન કરવું નહિ, થાક લાગે એટલું ફરવું નહિ અને નહિ પચે એટલું જમવું નહિ. પકવાન ખાવાની જેમ મના કરવામાં આવી છે, તેમ પૌંઆ–મમરા જેવાં રૂક્ષાન્ન પણ ખાવાં નહિ. એ પ્રમાણે પથ્ય પાળી જે તાવને તેની મુદ્દત એટલે વાયુમાં સાત દિવસ, પિત્તમાં દશ દિવસ અને કફજ્વરમાં બાર દિવસ સુધી ધીરજ રાખી શરીરમાં પાચન તથા શોધન થવા દઈ, મટાડવામાં આવે છે, તે તાવ ફરીથી આવી શકતા નથી. પરંતુ તાવની જાત પારખ્યા સિવાય, તાવને જોઇને ગભરાઇને, જે વૈદ્ય રોગીની ઉતાવળને ધ્યાનમાં લઈ, તાવ કાઢવાને માટે અથવા તાવ અટકાવવાને માટે તેનો આમ પચતાં પહેલાં તાવ કાઢવા પ્રયત્ન કરે છે, અથવા તાવને કાઢે છે, તે જો કે શરીર ઠંડું કરે છે પણ બીજા રોગનાં બીજ વાવે છે.

૭. જે માણસ ઘણા ખાટા, ઘણા ચીકણા, ઘણા તીખા, ઘણા કડવા, ઘણા મધુર અને ઘણા કષાયરસનું સેવન કરે; જે માણસ

હોય, તો કાચો મળ તૂટી પડી, જુલાબ આપેલા માણસના શરીરમાં કોઇ નવોજ રોગ પેદા થશે અને તેનું પાપ વૈદ્યને લાગશે.

મહાજ્વરાંકુશ રસઃ-શુદ્ધ પારો એક ભાગ, શુદ્ધ ગંધક બે ભાગ, ધંતૂરાનાં બીજ ત્રણ ભાગ, વછનાગ એક ભાગ, સૂંઠ ચાર ભાગ, મરી ચાર ભાગ અને પીપર ચાર ભાગ, એ સર્વ બારીક વાટી આદુના રસમાં અડદ જેવડી ગોળી વાળવી. એ ગોળી એકથી ત્રણ સુધી દિવસમાં ત્રણ વખત આપવાથી, એક દોષથી ઉત્પન્ન થયેલા અથવા બે દોષથી ઉત્પન્ન થયેલા તાવને મટાડે છે.

પંચવક્ત્ર રસઃ-શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, ફુલાવેલો ટંકણખાર, મરી અને વછનાગ સમભાગે લઈ, બારીક વાટી ધંતૂરાના રસની એક ભાવના આપી, પછી આદુના રસની એક ભાવના આપી, મગ જેવડી ગોળી વાળી, રોગીના દોષનું બળ જોઇને એકથી ત્રણ ગોળી આપવાથી આવતો તાવ અટકી જાય છે. પણ એ ગોળી આપવામાં ભૂલ થાય તો રોગીને નશો ચડે છે અથવા ફેર આવે છે, અથવા લવારો કરે છે. તેવા વખતમાં તેને દહીં અને ભાત ખવડાવવો અથવા લીંબુનો રસ પાવો, એટલે આ ગોળીના ઉપદ્રવની શાંતિ થશે.

વિશ્વતાપહરણ રસઃ-શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, ટંકણ, મારેલું તાંબું, સૂંઠ, મરી, પીપર અને અકલગરો એ સર્વ બારીક વાટી કારેલીના પાતરાંના રસમાં અડદ જેવડી ગોળી વાળવી. એ ગોળી એક અથવા બે, સાકર વાલ બે અને જીરૂં વાલ બે વાટી પાણી કરી આપવાથી હડીલામાં હડીયો તાવ જાય છે.

સ્વચ્છંદભૈરવ રસઃ-શુદ્ધ પારો પાંચ ભાગ, શુદ્ધ ગંધક પાંચ ભાગ, શુદ્ધ વછનાગ પાંચ ભાગ, જાયફળ બે ભાગ, પીપર દશ ભાગ લઈ પ્રથમ પારા ગંધકની કાજળી કરી બાકીનાં વસાણાં

મેળવી, બારીક વાટી, આદાના રસમાં મરી જેવડી ગોળી કરવી ને દિવસમાં ત્રણ વાર એક અથવા બબ્બે ગોળી પાણીમાં આપવાથી ત્રિદોષમાં, વાયુમાં, અજીર્ણમાં, મોટા માણસને તથા નાનાં બાળકને ઘણો ફાયદો કરે છે.

ઉપર લખેલા રસો તાવના કામમાં અમારે ત્યાં ઘણી ફતેહમંદીથી કામ કરે છે અને કોઇ પણ જાતનું અનુપાન એની સાથે આપવું પડતું નથી. કદાચ આપવું પડે તો આગળ લખેલા 'નળબંધ' અથવા 'રાસ્ના'નું પડીકું સાથે બાંધી આપીએ એટલે રોગીને અનુપાન લેવા માટે બજારમાં જવું પડતું નથી. આ તાવોમાં ખાસ કરીને હલકો ખોરાક આપવો, કોઈ પણ જાતનો વિદાહી એટલે તેલમાં તળેલો અને ભારે એટલે ઘીમાં તળેલો ખોરાક આપવો નહિ. તેમ જ્યાં સુધી તાવ ગયા પછી શક્તિ આવે નહિ ત્યાં સુધી, કસરત કરવી નહિ, મૈથુન સેવવું નહિ, સ્નાન કરવું નહિ, થાક લાગે એટલું ફરવું નહિ અને નહિ પચે એટલું જમવું નહિ. પકવાન ખાવાની જેમ મના કરવામાં આવી છે, તેમ પૌંઆ–મમરા જેવાં રૂક્ષાન્ન પણ ખાવાં નહિ. એ પ્રમાણે પથ્ય પાળી જે તાવને તેની મુદત એટલે વાયુમાં સાત દિવસ, પિત્તમાં દશ દિવસ અને કફજ્વરમાં બાર દિવસ સુધી ધીરજ રાખી શરીરમાં પાચન તથા શોધન થવા દઈ, મટાડવામાં આવે છે, તે તાવ ફરીથી આવી શકતા નથી. પરંતુ તાવની જાત પારખ્યા સિવાય, તાવને જોઇને ગભરાઇને, જે વૈદ્ય રોગીની ઉતાવળને ધ્યાનમાં લઈ, તાવ કાઢવાને માટે અથવા તાવ અટકાવવાને માટે તેનો આમ પચતાં પહેલાં તાવ કાઢવા પ્રયત્ન કરે છે, અથવા તાવને કાઢે છે, તે જો કે શરીર ઠંડું કરે છે પણ બીજા રોગનાં બીજ વાવે છે.

૭. જે માણસ ઘણા ખાટા, ઘણા ચીકણા, ઘણા તીખા, ઘણા કડવા, ઘણા મધુર અને ઘણા કષાયરસનું સેવન કરે; જે માણસ

ઘણો દારૂ, ઘણો તાપ, ઘણો કામ અને ઘણા ક્રોધનું સેવન કરે; જે માણસ ઘણા લૂખા, ઘણા ભારે, ઘણો માંસાહાર અને શીત પદાર્થનું સેવન કરે; જે માણસ ઘણો શોક, ઘણી કસરત, ઘણી ચિંતા અને ઘણો સ્ત્રીપ્રસંગ રાખે; તો તેવા માણસને વાયુ, પિત્ત અને કફ કોપીને ચૈત્ર, વૈશાખ, શ્રાવણ, ભાદરવો, આસો અને કાર્તક માસમાં ઘણું કરીને સન્નિપાતનો રોગ ઉત્પન્ન થાય છે. નિદાન શાસ્ત્રકારે સન્નિપાત અને મોતમાં કાંઈ ફેર ગણ્યો નથી. એટલે જેને સન્નિપાત થયો તેનો કાળ આવી ચૂકયો છે; અને તેમાંથી જીવે તો તેનું મોટું ભાગ્ય માનેલું છે. પરંતુ ઘણો લાંબો વિચાર કરતાં અને નિદાનશાસ્ત્રનું અવલોકન કરતાં સમજાય છે કે, વાયુ, પિત્ત અને કફ એ ત્રણને ત્રણ દોષ કહેલા છે, તેમ એ ત્રણને ત્રણ ધાતુઓ પણ કહેલી છે. હવે જ્યારે એ ત્રણ દોષરૂપે કોપે છે, તો તે સન્નિપાતનો રોગી સારો થાય છે, પણ જો ત્રણ ધાતુરૂપે કોપે તો તે રોગી મરી જાય છે. એટલા માટે ત્રિદોષજ્વર (સન્નિપાત) ધાતુપાક છે કે મળપાક (દોષ) છે, તે નક્કી કરવું એ ચિકિત્સકનું કામ છે. આ ઠેકાણે ત્રિદોષ–સિદ્ધાંત પ્રમાણે, ત્રિદોષજ્વરમાં આગળ કહેલી પંદર ઑફિસોમાં કયાં કયાં હીનયોગ, અતિયોગ, કે મિથ્યાયોગ થાય છે અને તેથી મનુષ્યના શરીરમાં કેવા કેવા ઉપદ્રવો જણાય છે, તેનો વિચાર કરવાની આવશ્યકતા છે.

મળાશયમાં રહેલો અપાનવાયુ, પકવાશયમાં રહેલા સમાનવાયુએ પાડેલા ભાગ પછીનો મળ બહાર ખેંચવામાં આળસુ થાય છે, તેથી પકવાશયમાં રહેલું પાચકપિત્ત, ખોરાકને પચાવવામાં આળસુ થાય છે. અને આમાશયમાં રહેલો ક્લેદન કફ બીજી કફની ઑફિસમાં કફ મોકલવાનું કામ કરતાં આળસુ થાય છે. એટલે એ ત્રણે દોષની ઑફિસમાં, આળસને લીધે હીનયોગ થવાથી, ત્રણે ઑફિસને લાગતી બીજી બારે ઑફિસમાં રહેલા અધિકારીઓ,

માલ મંગાવવાને તથા પોતાનો માલ બીજે ઠેકાણે મોકલવાને ઉતાવળિયા થાય છે, જેથી તે તે ઑફિસોમાં અતિયોગ થાય છે. અને પંદરે ઑફિસોમાં કામ કરતો મનરૂપી દલાલ પૂરી દેખરેખ રાખવામાં આળસુ નીવડવાથી, એક ઠેકાણે પહોંચાડવાનો માલ બીજે ઠેકાણે પહોંચી જાય છે. તેથી તે ઠેકાણે દોષોનો મિથ્યાયોગ થાય છે. એટલે દશે ઇંદ્રિયરૂપી દેશોમાં ખળભળાટ ઉત્પન્ન થાય છે, તેને આપણે ત્રિદોષ અથવા સન્નિપાત કહીએ છીએ. તે એવી રીતે કે, પકવાશયમાં રહેલો સમાનવાયુ, પાચકપિત્તને યકૃતમાં રંજકપિત્તની પાસે ઓછો મોકલે, તે રંજકપિત્તમાંથી પાનવાયુ હૃદયમાં તેને જોરથી ખેંચી લે, જેથી સાધકપિત્તમાં વધારો થઈ, અવલંબન કફ પાતળો પડી જાય; એટલે ફેફસાંમાં સોજો ઉત્પન્ન થાય, જેને આપણે શૂળ (હુક) કહીએ છીએ. તે વધેલા સાધકપિત્તને વ્યાનવાયુ ચામડીમાં ખેંચી જવાથી ભ્રાજકપિત્તમાં વધારો થાય એટલે શરીર તપે છે, તેને આપણે તાવ કહીએ છીએ. તેવી રીતે હૃદયમાં રહેલો અવલંબન કફ પાતળો થવાથી પાનવાયુ તેને સૂકવી નાખે છે. તેથી ફેફસાં અને હૃદયની ક્રિયામાં (સાંધામાં) સંશ્લેષણ કફ ઓછો મળવાથી ખાંસી ઉત્પન્ન થાય છે. એટલે એ રોગીને ત્રિદોષ થયો છે, એમ કહેવામાં આવે છે. જ્યાંસુધી એ ત્રિદોષના ઉપદ્રવો નહિ દેખાતાં માત્ર હુક, ઠાંસો અને તાવ એક સાથે હોય ત્યાં સુધી તે ત્રિદોષ કહેવાય છે. અર્થાત્ વાયુ, પિત્ત અને કફની મુખ્ય ઑફિસમાં ગડબડ થાય તેને ત્રિદોષ કહેવાય, પણ વાયુ, પિત્ત અને કફની પંદરે ઑફિસ અને તે સાથે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની ઑફિસ કે જે, ત્રિદોષની પંદર ઑફિસ અને ઇંદ્રિયોના દશ પ્રદેશ ઉપર સત્તા ચલાવે છે, તેની સત્તાનો જ્યારે અનાદાર થાય, ત્યારે સન્નિપાત થયો છે, એમ કહી શકાય. તે સન્નિપાતમાં વાયુ, પિત્ત અને કફની ધાતુઓ અંતઃકરણની

સત્તામાંથી સ્વતંત્ર થાય, તેને "ધાતુપાક સન્નિપાત" કહે છે, જે મૃત્યુકારક છે. એ ત્રણે ધાતુઓ દોષના રૂપમાં કોપે એટલે અંતઃકરણની સત્તાનો છેક અનાદર ન કરે, પરંતુ દશે ઇંદ્રિયરૂપી દશે પ્રદેશમાં માત્ર હલકા વેગવાળો બળવો જગાડે, તેને "દોષપાક સન્નિપાત" કહે છે, જેને ચિકિત્સકો બચાવી શકે છે. હવે તે સન્નિપાતનાં સામાન્ય લક્ષણો કહીએ છીએ.

જ્યારે ભ્રાજકપિત્ત વધેલું હોય છે, ત્યારે અવલંબન કફની ખોટ પૂરવા માટે પાનવાયુ, ચામડીમાં રહેલા વ્યાનવાયુને સંશ્લેષણ કફ મોકલવાનો હુકમ કરે છે, એટલે સંશ્લેષણ કફ અવલંબન કફ તરફ જાય છે. આથી ભ્રાજકપિત્તનું જોર વધે છે અને ભ્રાજકપિત્ત સંશ્લેષણ કફને પાછો બોલાવે છે તેથી ટાઢ વાય છે. એટલે તે રોગીને ક્ષણમાં દાહ થાય અને ક્ષણમાં શીત લાગે છે. સંશ્લેષણ કફનો હીનયોગ થવાથી સાંધાઓમાં, હાડકાંઓમાં અને માથાની ખોપરીમાં પીડા થાય છે. હૃદયમાં રહેલા સાધકપિત્તનો ભાગ, ઉદાનવાયુ ખેંચીને આલોચકપિત્તને નહિ પહોંચાડતાં મગજ પર લઈ જાય છે અને આલોચકપિત્તના સ્થાન પર સ્નેહગ કફ વધી પડવાથી આંખમાંથી પાણીનો સ્રાવ થાય છે અને આંખનું તેજ ઘટી જાય છે. સાધકપિત્તની પાસે રહેલો અવલંબન કફ પાતળો પડી જવાથી અને ઉદાનવાયુ તે કફને આલોચકપિત્તની ઑફિસમાં મોકલી આપવાથી, કંઠમાં રહેલા રસન કફને બીજો કફ મળતો નથી. એટલે રસન કફના હીનયોગથી ગળું, તાળવું અને જીભ સુકાઈ જાય છે. એટલુંજ નહિ પણ રસન કફના હીનયોગે અને ઉદાનવાયુના અતિયોગે જીભ સુકાઈને લૂખી પડે છે તથા તેના ઉપર આંગળી ફેરવવાથી તે ખરબચડી અને કાંટા જેવી ખૂંચે છે, જેથી કોઈ પણ રસનો સ્વાદ જાણી શકતી નથી. આલોચકપિત્તને સ્થાને સ્નેહગ કફ જવાથી રોગીને તંદ્રા (ઘેન) અને મોહ (બેભાનપણું)

ઉત્પન્ન થાય છે. અને આલોચકપિત્ત પોતાની ઑફિસ છોડીને મગજમાં જવાથી મનનો કાબૂ મગજ ઉપરથી ઘટી જાય છે, તેથી તે રોગી લવારો કરે છે. ઉદાનવાયુની ઑફિસમાં હીનયોગ થવાથી અને ભ્રાજકપિત્તની ઑફિસમાં સ્નેહગ કફનો મિથ્યાયોગ થવાથી, કર્ણેન્દ્રિયના પ્રદેશમાં ખળવો જાગે છે, જેથી તે રોગી કાને સાંભળતો નથી અને કદાચ સાંભળે છે તો તે જુદું જ સાંભળે છે. એટલે ઉદાનવાયુની ઑફિસમાં હીનયોગ, આલોચકપિત્તની ઑફિસમાં મિથ્યાયોગ અને સ્નેહગ કફની ઑફિસમાં અતિયોગ થવાથી, તે રોગીની તમામ જ્ઞાનેન્દ્રિયોના પ્રદેશમાં ખળવો જાગી, અંતઃકરણની સત્તાનો અનાદર થાય છે. એટલે તે રોગી આપણું બોલેલું સાંભળતો નથી અને નહિ બોલાયલા વાક્યનો જવાબ આપે છે. આપણી આપેલી વસ્તુનો સ્વીકાર કરતો નથી, પણ નહિ આપેલી વસ્તુનો સ્વીકાર કરે છે. એટલે ઉદાનવાયુ, આલોચકપિત્ત અને રસગ કફની ત્રણે ઑફિસો જે આખા શરીરને ચલાવવાનું કામ કરે છે, ત્યાંથી મનરૂપી દલાલને બરતરફ થવું પડે છે, જેથી મને સંગ્રહી રાખેલા ગુપ્તમાં ગુપ્ત વિચારો પ્રકટ થઈ જાય છે, એટલે મન સ્વપ્નસૃષ્ટિમાં રહીને તન્માત્રાઓ સાથે વહીવટ ચલાવે છે. આમ રોગી બીજી દુનિયા સાથે વર્તતો હોય એમ જણાય છે અને મનનો અંકુશ ઘટી જવાથી, બીજી તમામ ઑફિસો અવ્યવસ્થિત થાય છે. આથી સાધકપિત્તની ઑફિસમાં ગડબડ થવાથી ખાંસી અને શ્વાસ જણાય છે. રસન કફ સાથે રંજકપિત્ત મળવાથી અને થોડો અવલંબન કફ મળવાથી, ધોળા કફ જેવા અને રાતા લોહી જેવા બળખા પડે છે. ઉદાનવાયુનો હીનયોગ ને રસગ કફનો અતિયોગ થવાથી માથું ભારે થાય છે, તેથી તેને સાધકપિત્ત ઊંચકી શકતું નથી, એટલે તે આમતેમ ઢળી પડે છે. સાધકપિત્ત વધવાથી અને હૃદયમાં રહેલો અવલંબન કફ ઘટવાથી હૃદયમાં વ્યથા થાય

છે. અપાનવાયુ, સમાનવાયુએ મોકલેલા મળને બહાર નહિ કાઢવાથી અને અપાનવાયુમાં પાચકપિત્તનો હીનયોગ થવાથી પસીનો, ઝાડો અને પેશાબ ઘણે કાળે અને ઘણા થોડા પ્રમાણમાં દેખાય છે. વાયુની પાંચે ઑફિસનો હીનયોગ થવાથી અને કફની ઑફિસમાં મિથ્યાયોગ થવાથી તે રોગીનું શરીર સુકાઈ જતું નથી પણ તાજું દેખાય છે. અવલંબન કફ થોડો ઊંચે ચડે છે અને રસન કફ થોડો નીચે ઊતરી, પાનવાયુને કંઠદ્વારમાંથી બહાર નીકળી વિષ્ણુપાદામૃતનું પાન કરતાં અડચણ કરે છે. અને પ્રાણવાયુ બહાર નીકળવાને જોર કરે છે, જેથી ગળા અને છાતીમાં ગડગડાટ થાય છે. ચામડીમાં ભ્રાજકપિત્તનો અતિયોગ થવાથી અને સંશ્લેષણ કફનો હીનયોગ થવાથી, રંજકપિત્તે રંગેલા કેશવાહિનીમાં ફરતા લોહીનો ચામડીમાં દેખાવ થવાથી, ચામડીની સપાટીની બરોબરના રાતા મંડલ (ડાઘા) દેખાય છે. ઉદાનવાયુની અવ્યવસ્થાને લીધે રોગી મૂંગો થાય છે, સમાનવાયુની અવ્યવસ્થાને લીધે પેટ મોટું થાય છે અને સાધકપિત્તના અતિયોગથી દોષોને, ધાતુઓને અને મળોને, વહેવાવાળી નસોના સ્રોતો (મોઢાં) પાકી જાય છે. આમ બધી અવ્યવસ્થા થવાથી એટલે ત્રિદોષની પંદરે ઑફિસોમાં હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગ થવાથી હવે ઇન્દ્રિયો મનના તાબામાંથી નીકળી જઈ જે બળવો કરે છે અને તેથી પંદરે ઑફિસોમાં જે મળ દોષરૂપે એકઠો થાય છે, તેને પાકતાં ઘણો કાળ વહી જાય છે. જ્યારે પાનવાયુ, અપાનવાયુ અને સમાનવાયુ, તેમજ પાચકપિત્ત, રંજકપિત્ત અને સાધકપિત્ત, તથા ક્લેદન કફ, અવલંબન કફ અને રસન કફની ઑફિસના મળો (દોષો) પાકી, શુદ્ધ સ્વરૂપમાં આવે છે, ત્યારે પ્રકૃતિ સ્વસ્થ થતી નજરે પડે છે. એ પ્રમાણેની ઉપદ્રવવાળી અવ્યવસ્થા જણાય તે રોગીને સન્નિપાત થયો છે, એવું નામ આપવામાં આવે છે.

ઉપર પ્રમાણે ત્રિદોષની ત્રણે મુખ્ય ઑફિસોમાં અવ્યવસ્થા થવાથી ત્રિદોષની પંદરે ઑફિસોમાં અવ્યવસ્થા થાય છે, તેને સન્નિપાત કહેવામાં આવે છે. પરંતુ દરેક રોગીના ગુણ, કર્મ અને સ્વભાવ જુદા હોવાથી તેના પ્રકૃતિભેદથી સન્નિપાતના સ્વરૂપમાં જે ભેદ જણાય છે, તેના જુદા જુદા તેર ભેદ નિદાનશાસ્ત્રે વર્ણવ્યા છે.

૧. સમાનવાયુની ઑફિસમાં અસમાનતા થવાથી વાયુ દરેક ઑફિસમાં વધી પડે છે, જેથી અવલંબન કફને પ્રાણવાયુ સૂકવવાથી શ્વાસ અને ઉધરસ થાય છે. મગજમાં રહેલા સ્નેહગ કફને ઉદાનવાયુએ સૂકવવાથી ભ્રમ, મૂર્છા, બકવાદ અને મોહ થાય છે. પાનવાયુ અને ઉદાનવાયુની સમાનતામાં ભેદ પડવાથી, પડખામાં વેદના થાય છે અને બગાસાં આવે છે. તેવી રીતે ઉદાનવાયુ રસન કફને સૂકવવાથી મોઢું લૂખું પડે છે, અને જીભમાં તુરાશ આવે છે. આવાં લક્ષણોવાળા રોગીને '**વાતોલ્વણ સન્નિપાત**' કહે છે અને એ દારુણ સન્નિપાતનું બીજું નામ '**વીસફારક**' આપ્યું છે.

૨. પાચકપિત્તની ઑફિસમાં પિત્તનો અતિયોગ થઇ તે પિત્ત અપાનવાયુના સ્થાનમાં આવવાથી, રોગીને ઝાડા થાય છે અને તે પિત્ત ઉદાનવાયુ સાથે મળવાથી કફને સૂકવી ભ્રમ કે મૂર્છાને ઉત્પન્ન કરે છે. પાચકપિત્ત ઉદાનવાયુ સાથે મળવાથી જ્યારે રસન કફ સુકાઇ જાય છે, ત્યારે મોઢું પાકે છે અને શરીરમાં રાતાં ચાઠાં થાય છે, તથા ભ્રાજકપિત્ત વધવાથી આખે શરીરે દાહ થાય છે. એવાં લક્ષણોવાળા સન્નિપાતને '**પિત્તોલ્વણ**' કહે છે અને એનું બીજું નામ નિદાનશાસ્ત્રે '**આશુકારી**' આપ્યું છે.

૩. હૃદયમાં રહેલા અવલંબન કફનો અતિયોગ થવાથી માથામાં રહેલા સ્નેહગ કફ અને ગળામાં રહેલા રસન કફમાં અતિયોગ થાય છે. તેથી રોગીને બોલવામાં ગદ્દગદપણું થાય છે, નિદ્રા ઘણી આવે છે, તેમ તેથી આલોચકપિત્ત ઘટી જવાથી આંખો

અક્કડ થઈ જાય છે અને રસન કફના વધવાથી, મોઢું મીઠું થાય છે. એવાં લક્ષણોવાળા સન્નિપાતને 'કર્કોલ્વણ સન્નિપાત' કહે છે અને તેનું બીજું નામ 'કમ્પન' આપ્યું છે.

૪. જો સમાનવાયુ અને પાચકપિત્તની ઑફિસમાં અતિયોગ થયો હોય તો પાચકપિત્ત ભ્રાજકપિત્તમાં મળવાથી તાવ રહે છે. પાચકપિત્ત ઉદાનવાયુ સાથે મળવાથી મદ થાય છે, સમાનવાયુ રસન કફને સૂકવવાથી તૃષા સાથે મોઢું સુકાય છે, સમાનવાયુના અતિયોગથી પેટ ચડે છે, અરુચિ થાય છે અને ઉદાનવાયુ રસગ કફને આંખો પર મોકલવાથી આંખ ઊઘડતી નથી. પાનવાયુ અવલંબન કફને સૂકવે છે જેથી ઉધરસ અને શ્વાસ થાય છે. તેવી રીતે વાયુ કફને સૂકવે છે અને પિત્ત વાયુને પાતળો બનાવે છે, એટલે બેઉના મિથ્યાયોગથી શ્રમ થાય છે-અર્થાત્ રોગી શક્તિહીન થઈ જાય છે. એવા લક્ષણવાળા રોગીને 'વાત પિત્તોલ્વણ સન્નિપાત થયો છે' અને તેનું બીજું નામ પંડિતોએ 'બભ્રુ' રાખેલું છે.

૫. સમાનવાયુ અને અવલંબન કફની ઑફિસમાં અતિયોગ થવાથી, અવલંબન કફનો વધારો એટલે સંશ્લેષણ કફમાં અતિયોગ થવાથી, તેને શીતજ્વર આવે છે, સમાનવાયુમાં અતિયોગ થવાથી ભૂખ નાશ પામે છે અને પેટમાં શૂળ ઉત્પન્ન થાય છે. પાનવાયુ અવલંબન કફને સૂકવે છે તેથી પડખાંઓ સજ્જડ થઈ ગયાં હોય એવી પીડા થાય છે. ઉદાનવાયુ સ્નેહન કફને સૂકવે છે તેથી મૂર્છા થાય છે; અને ઉદાનવાયુ રસન કફને સૂકવે છે તેથી તરસ લાગે છે. આલોચકપિત્તના ઘટવાથી ઘેન આવે છે અને અવલંબન કફના સુકાવાથી શ્વાસ ચાલે છે. આ સન્નિપાતને 'વાતશ્લેષ્મોલ્વણ' કહીને તેનું બીજું નામ 'શીઘ્રકારી' કહ્યું છે. આ સન્નિપાતનો રોગી એક દિવસ પણ જીવતો નથી.

૬. જે માણસને પાચકપિત્ત અને અવલંબન કફનો અતિયોગ

થાય છે, તેને પિત્તના અતિયોગને લીધે શરીરની અંદર દાહ થાય છે, અને કફના અતિયોગને લીધે શરીર બહારથી ઠંડું રહે છે અવલંબન કફના અતિયોગથી પડખાંમાં વ્યથા થાય છે, છાતી અને ગળું તથા માથું ઝલાઈ જાય છે; રસન કફ સુકાઇ જવાથી ઘણી મહેનતે કફ પિત્ત જેવું થૂંકે છે. ભ્રાજકપિત્તમાં અતિયોગ થવાથી શરીરે રાતાં ચાઠાં દેખાય છે. અપાનવાયુમાં પિત્ત વધવાથી પાતળા ઝાડા થાય છે. રસન કફ અને અવલંબન કફ, પાનવાયુના માર્ગને રોકે છે તેથી હેડકી અને શ્વાસ થાય છે. આવાં લક્ષણો વાળા રોગીને **'પિત્તશ્લેષ્મોલ્વણ'** સન્નિપાત કહે છે અને તેનું બીજું નામ પંડિતોએ **'ભલ્લુ'** પાડયું છે.

૭. સમાનવાયુ, પાચકપિત્ત અને અવલંબન કફની ઑફિસમાં મિથ્યાયોગ થયો હોય, તો આખા શરીરમાંની બાકીની બાર ઑફિસો અને તેની સાથે સંબંધ ધરાવનારા દશ ઇંદ્રિયોના પ્રદેશોમાં ત્રિદોષના મિથ્યાયોગથી, સઘળે હીનયોગ, મિથ્યાયોગ કે અતિયોગ થાય છે. તેને જોઇને ઘણા લોકો ' રાક્ષસોની ઝડપ લાગી છે, દેવીની ઝડપ લાગી છે, યક્ષણી વળગી છે, બ્રહ્મરાક્ષસની છાંયા પડી છે, અથવા ભૂત વળગ્યું છે ' વગેરે દેવતાઇ ચમત્કારની વાતો કરે છે. પણ ખરું કારણ એ છે કે, ત્રિદોષની પંદરે ઑફિસોમાં હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગ થવાથી, અંતઃકરણની ઑફિસમાં કામ બંધ થઈ જાય છે. અને મનરૂપી દલાલને ઘડી ઘડીમાં જુદી જુદી ઑફિસમાં દોડાદોડ કરવી પડતી હોવાથી, એટલો અવકાશ નથી મળતો કે, જે અંતઃકરણ સાથે વિચાર ચલાવી શકે. તેથી દશે ઇંદ્રિયરૂપ પ્રદેશમાં કાંઈ પણ વ્યવસ્થા રહી શકતી નથી, તેથી ઇંદ્રિયો પોતાના ધર્મને છોડી દે છે. જો ઇંદ્રિયોમાં હીનયોગ થયો હોય તો તે ઇંદ્રિયો શિથિલ થઈ જાય છે, જો અતિયોગ થયો હોય તો તે ઇંદ્રિયો ઉશ્કેરાઈ જાય છે,

પણ મિથ્યાયોગ થયો હોય તો, તે ઇંદ્રિયો પોતાને નહિ કરવાનું કામ કરવાને પ્રયત્નવાન થાય છે. એટલા માટે આ લક્ષણોવાળા સન્નિપાતને '**નિદોષ સન્નિપાત**' કહીને પંડિતોએ તેનું '**કૂટપાલક**' એવું નામ આપ્યું છે.

ઉપર પ્રમાણે પ્રથક્ પ્રથક્ દ્વંદ્વજ અને સંઘાતક (ત્રિદોષ)નાં લક્ષણો કહેવામાં આવ્યાં. પરંતુ ત્રિદોષમાં હીનયોગ, સમયોગ અને અતિયોગ એટલે પ્રવૃદ્ધ વાત, મધ્ય પિત્ત, હીન કફ, એ રીતે જુદા જુદા ઉલવણોથી જે સન્નિપાતો થાય છે, તેનાં લક્ષણ કહીએ છીએ. આ સ્થળે કોઈ શંકા કરે કે, વૃદ્ધિ પામેલો વાયુ જ્વરને ઉત્પન્ન કરશે, પણ પિત્ત મધ્ય એટલે સમાન ભાવે રહેલું તાવને શી રીતે ઉત્પન્ન કરશે ? કારણ કે જે ધાતુ મળને-દોષોને, સમ સ્થિતિમાં રાખે છે, અથવા જે ધાતુ સમસ્થિતિમાં હોય છે, તે બળ તથા પુષ્ટિને આપે છે. એવી શંકા કરનારને જણાવવાનું કે, સન્નિપાતમાં પિત્ત મધ્ય સ્થિતિમાં રહેવા છતાં પણ અસલ સ્થિતિમાં રહેતું નથી, પણ વાયુ તથા કફના બગડવાથી કાંઈક ઓછું બગડે છે, એમ સમજવાનું છે. એટલા માટે જ્યાં જ્યાં સમદોષ કહેવામાં આવે, ત્યાં ત્યાં થોડું થોડું બગડેલું છે એમ સમજવું.

૮. **પ્રવૃદ્ધવાત, મધ્યપિત્ત, હીનકફ** એટલે અપાનવાયુનો અતિયોગ અને અવલંબન કફનો હીનયોગ થવાથી આગળ કહેવા પ્રમાણે વ્યથા, કમ્પ, નિદ્રાનો નાશ અને કબજિયાત સંબંધી રોગો થાય છે અને કફનો હીનયોગ થવાથી ભારેપણું, અગ્નિની મંદતા, ઉપરસ અને નાકમાંથી તથા મોંમાંથી પાણીનું ઝરવું વગેરે કફ સંબંધી પીડા થાય છે. જો કે પિત્ત મધ્યમ પ્રકારે બગડેલું છે, તો પણ દાહ, તૃષા, ઊનાપણું અને પસીનો આદિ ઉપદ્રવો થાય છે. પરંતુ ખાસ ઉપદ્રવ તો આલોચક પિત્તમાં ઉદાનવાયુ વધવાથી લવારો, મોહ, કંપ, મૂર્છા અને શ્રમ થાય છે. તેવી રીતે કફની

હીનતા થવાથી વિશેષે કરીને પક્ષાઘાત થાય છે. એવા ભયં[illegible] સન્નિપાતનું 'સમ્મોહક' એવું નામ પંડિતોએ આપ્યું છે.

૯. મધ્યવાત, પ્રવૃદ્ધપિત્ત, હીનકફ એ સન્નિપાતમાં તે તે દોષનાં બળો પ્રમાણે કંપ, દાહ અને ભારેપણું આદિ થાય છે, પરંતુ પિત્તના અતિયોગને લીધે મોહ, લવારો, મૂર્છા ભ્રમ, સંજ્ઞાનો નાશ, ઇન્દ્રિયોના છિદ્રમાંથી લોહીનું નીકળવું અને નેત્રનું રાતા થવું તથા વાયુ મધ્યમ સ્થિતિમાં રહેવા છતાં માથાનું ઝલાઈ જવું, શરીરનું અક્કડ થવું વગેરે લક્ષણો વિશેષમાં થાય છે. આવાં લક્ષણોવાળો રોગી ત્રણ દિવસમાં મરી જાય છે, અને એનું નામ પંડિતોએ 'પાકળ' આપ્યું છે.

૧૦. હીનવાત, પ્રવૃદ્ધપિત્ત, મધ્યકફ એટલે જેના શરીરમાં સમાનવાયુનો હીનયોગ થાય છે, પાચક પિત્તનો અતિયોગ થાય છે અને કલેદન કફનો સમયોગ થાય છે, જેથી વાયુનાં સ્થાનોમાં શિથિલતા થવાથી પાચકપિત્તનો અતિયોગ દાહ કરે છે. જમણા પડખાની બરોળ, આંતરડાં અને ફેફસાં પાકી જઈને મોંમાંથી તથા ગુદામાંથી પરુ તથા લોહી નીકળે છે. ઉપરાંત પાછળ કહેલા દોષો પ્રમાણે કંપ, દાહ અને ભારેપણું, એ લક્ષણો એવાં ને એવાં થાય છે. આ સન્નિપાતમાં વિશેષે કરીને મરણ થાય છે. આવાં લક્ષણોવાળા સન્નિપાતનું પંડિતોએ 'યામ્ય' એવું બીજું નામ આપ્યું છે.

૧૧. પ્રવૃદ્ધવાત, હીનપિત્ત, મધ્યકફ એટલે વાયુનો અતિયોગ અને પિત્તનો હીનયોગ થઈને કફ જેમાં મધ્યપણે રહ્યો હોય, તે સમાનવાયુના અતિયોગને લીધે પાચકપિત્ત સુકાઈ જાય છે, તથા કલેદન કફ ઠરી જવાથી પિત્તની તથા કફની દશે ઑફિસમાં શીતળતા અને ભારેપણું વધી પડે છે, અને તેમાં પણ લવારો, શ્રમ, મોહ, કંપ, મૂર્છા, ભ્રમ, અરુચિ, અંગોનું જકડાઈ

જવું અને છેલ્લે વિશેષે કરીને મરણ થાય છે. એવાં લક્ષણોવાળા સન્નિપાતને પંડિતોએ 'કકચ' એવું નામ આપ્યું છે.

૧૨. મધ્યવાત, હીનપિત્ત, પ્રવૃદ્ધકફ એટલે સમાનવાયુ મધ્યમ સ્થિતિમાં રહી પાચકપિત્તને સૂકવી નાખી તેને હીનયોગ કરે છે, જેથી કફનો અતિયોગ થાય છે. જો કે કંપ, દાહ, ભારેપણું વગેરે સઘળા એના એ ઉપદ્રવો થાય છે. ભ્રાજકપિત્તનો હીનયોગ થવાથી સંશ્લેષણ કફનો અતિયોગ થાય છે, જેથી પાચકપિત્ત એવા દાહને ઉત્પન્ન કરે છે કે જે મોઢેથી કહી શકાતું નથી. ભ્રાજકપિત્ત આલોચકપિત્ત સાથે મળવાથી અળતાથી રંગાયું હોય એવું મુખમંડળ થાય છે. સાધકપિત્તે ખેંચેલો કફ હૃદયમાંથી બહાર નીકળતો નથી અને પાનવાયુ બગડેલો હોવાથી, સમાનવાયુનું બળ ઘટેલું હોવાથી, જાણે છાતીમાં બાણ વાગ્યું હોય અથવા છાતીને કોઈ ખોદી નાખતું હોય એવી પીડા થાય છે. રસગ કફના અતિયોગથી આંખો ઉપર ભાર વધતો જાય છે. સાધક કફ વધી પડી શ્વાસનળીને રોકવાથી હીચકી અને શ્વાસ દિવસે દિવસે વધતો જાય છે. રસન કફ સાથે ઉદાનવાયુ મળવાથી જીભ કાળી તથા ખરસટ થઈ જાય છે. ગળું જાણે ધાન્યની અણીઓથી વીંટાયેલું હોય એવું થાય છે. આમાશયમાં કલેદન કફનો વધારો થવાથી મળાશય એવું બની જાય છે કે, ઝાડો નીકળવાની ખબર પડતી નથી. જો કે કફનું અત્યંત પરિપૂર્ણપણું થાય છે, તો પણ વાયુને લીધે ગોઢું, હોઠ અને તાળવું સુકાય છે. કંઠમાં રહેલો રસન કફનો અતિયોગ થવાથી અને સાધકપિત્તનો હીનયોગ થવાથી, રોગીને વિપરીત વસ્તુઓની ઇચ્છા થાય છે. આવા મહાન દારુણ સન્નિપાતનું બીજું નામ 'કર્કોટક' આપવામાં આવ્યું છે.

૧૩. હીનવાત, મધ્યપિત્ત, પ્રવૃદ્ધકફ એટલે સમાનવાયુનો હીનયોગ થાય, પાચકપિત્ત મધ્ય સ્થિતિમાં રહે અને

ઠલેદન કફનો અતિયોગ થાય, તો તે દોષોના બળ પ્રમાણે કંપ, દાહ, ભારેપણું વગેરે વગેરે લક્ષણો જણાય છે. પરંતુ વિશેષે કરીને વાયુના હીનયોગથી થોડું થોડું શૂળ થાય છે. અપાનવાયુના હીન-યોગથી કેડમાં વ્યથા થાય છે અને મૂત્રાશયમાં અંડકોષમાં પીડા થાય છે. સમાનવાયુના હીનયોગથી કફનો અતિયોગ થાય છે તેથી અત્યંત ગ્લાનિ થાય છે. ઉદાનવાયુનો હીનયોગ થવાથી માથામાં અને વાણીમાં પીડા થાય છે. સમાનવાયુનો હીનયોગ થઇ પિત્તને દૂષિત કરતો નથી તથાપિ અવલંબન કફનો અતિયોગ થવાથી શ્વાસ, હેડકી, જડતા અને બેભાનપણું થાય છે. જો કે આ સન્નિપાત યોગ્ય ઉપાયથી મટે એવો છે, પરંતુ એ સન્નિપાત મટયા પછી, ભ્રાજકપિત્ત ઉદાનવાયુ સાથે મળીને કાનના મૂળમાં મહાદારુણ વેદનાવાળી ફોલ્લી કરે છે. આ ફોલ્લીના ઉપદ્રવથી રોગી માંડમાંડ જીવી શકે છે. આ મહાભયંકર સન્નિપાતને પંડિ-તોએ 'વૈદારિક' એવું બીજું નામ આપ્યું છે. એ સન્નિપાત જો ત્રણ રાત્રિ યોગ્ય ચિકિત્સા વિના વીતી જાય તો તો પછીથી એની ચિકિત્સાની જે કલ્પના કરવી તે વ્યર્થ છે. એવી રીતે જુદાં જુદાં કારણોથી તથા જુદા જુદા હીન, મિથ્યા અને અતિયોગથી સન્નિ-પાતના તેર ભેદ પાડવામાં અને તેના મુખ્ય ઉપદ્રવના ગુણધર્મ ઉપરથી તેનાં તેર નામ આપવામાં આવ્યાં છે. તેવીજ રીતે બીજા આચાર્યોએ જે સન્નિપાતમાં જે ઉપદ્રવ બળવાનપણે જણાતો હોય, તે ઉપદ્રવ પ્રમાણે તે સન્નિપાતોનાં નામ આપ્યાં છે. જેમકે સાંધા દુખે તો 'સંધીક,' છાતીમાં દુખે તો 'રૂગદાહ,' ભાન જતું રહે તો 'અંતક,' બહુજ લવારો કરે તો 'ચિત્તભ્રમ,' શરીર અતિ ઠંડું ઈ જાય તો 'શીતાંગ,' આંખમાં બહુજ ઘેન આવે તો 'તંદ્રિક,' મમાંથી લોહી થૂંકે તો 'રક્તસ્ટીવી,' કાનના મૂળમાં સોજો વે તો 'કર્ણક,' ગળામાં સોજો આવે તો 'કંઠકુબ્જ,' જીભ કાળી

મનના વિચાર પ્રમાણે બોલતાં ભય અને લજ્જા આવે છે; અને સન્નિપાતના રોગીને ભય તથા લજ્જાનો નાશ થયેલો હોવાથી, તે સ્વપ્નસૃષ્ટિમાં રહી, મનના કાબૂને માનતો નથી. એટલે આપણે 'તેને સન્નિપાત થયો છે,' એમ કહીએ છીએ. બાકી આપણા સૂક્ષ્મ શરીરમાં અને રોગીના સ્થૂળ શરીરમાં એકસરખો સન્નિપાત ચાલુજ રહે છે. એટલા માટે આપણે સૂક્ષ્મ શરીરના એકસરખા સન્નિપાતને પડતો મૂકી, સ્થળ શરીરના સન્નિપાતવાળા રોગીની સારવાર કેમ કરવી, તે વિષે વિવેચન કરીએ છીએ. સન્નિપાતનો રોગી જ્યાં સુધી ત્રિદોષની અવસ્થામાં એટલે ધ્રૂક, ઠાંસો અને તાવ આવે તથા થોડા થોડો લવારો કરે, ત્યાં સુધી તેની જીવવાની આશા રાખી ચિકિત્સા કરવી. પણ તાવની શરૂઆતમાંજ સન્નિપાતના સર્વ ઉપદ્રવો એક પછી એક થવા માંડે અને તે દોષને સમાવવા માટે, પચાવવા માટે અથવા શોધન કરવા માટેની ક્રિયા કરવામાં આવે, છતાં ઉપદ્રવો ઘટે નહિ, તો તે રોગી બચવો કઠણ છે એમ માની યત્નપૂર્વક ચિકિત્સા કરવી. ઘણી વાર એવું જોવામાં આવ્યું છે કે, અસાધ્ય દેખાતા સન્નિપાત સારા થાય છે અને સાધ્ય દેખાતા થોડા ઉપદ્રવવાળા રોગીનું મરણ થાય છે. એટલા માટે વૈદે દૈવ ઉપર વિશ્વાસ રાખી ચિકિત્સા કરવામાં પ્રયત્નવાન થવું.

સન્નિપાતના રોગીને ત્રણે દોષમાં વૈદે પ્રથમ કફનો નિગ્રહ થાય એવી ચિકિત્સા કરવી. જો બે દોષવાળો સન્નિપાત હોય તો તેમાં જે દોષનું પ્રબળ જોર હોય તેનો નિગ્રહ કરવો. જે સન્નિપાતમાં દોષના અંશાંશ નક્કી ન થાય તેવા સન્નિપાતમાં સાધારણ ચિકિત્સા કરવી. સન્નિપાતની ચિકિત્સામાં લંઘન, રેતીનો શેક, નસ્ય, થુંકાવવું અને અંજન, એ પાંચ પ્રયોગો પોતાના અનુભવ પ્રમાણે યોજવા. અમારા અનુભવ પ્રમાણે સામાન્ય તાવમાં કે સન્નિપાતના તાવમાં, લંઘન એ મુખ્ય પ્રયોગ છે. લંઘન કરા-

પડી સુકાઇ જાય તો 'નિહ્વક,' બહેરો, મૂંગો કે આંધળો બની જાય તો 'અભિન્યાસ'ને માત્ર આંખો બગડી જાય તો 'ભગ્નનેત્ર;' એ પ્રમાણે જે જે દોષનો જે જે ઉપદ્રવ વધારે દેખાય, તે તે ઉપરથી તેનાં નામ પાડેલાં છે. સન્નિપાતના જેટલા ભેદ પાડી શકીએ તેટલા ઓછા છે; પરંતુ તે બધામાં ત્રિદોષનો હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગ થવાથી એકેક દોષની પાંચ પાંચ ઑફિસોમાં રહેતા બીજા ચૌદ ચૌદ હીન, મિથ્યા અને અતિયોગ પામેલા દોષો હોવાથી, અંતઃકરણની સાથેનો સંબંધ છોડી દે છે અને તે પંદર ઑફિસોની ઉપર મનની સત્તા ચાલી નહિ શકવાથી દશે ઇન્દ્રિયોના પ્રદેશમાં બળવો થાય છે, તેને સન્નિપાત એવું નામ આપવામાં આવ્યું છે. બાકી જે જે કામમાં માણસ પ્રવૃત્ત થાય છે અને બીજા આસપાસના વિચારોનું ભાન ભૂલી જાય છે, તેને પણ સન્નિપાત કહેવાય છે. જેમ માતાને પુત્ર રમાડતાં, પુરુષને સ્રીસેવન કરતાં, બે પાડોશીને પરસ્પરમાં લડતાં, દારૂ પીને રસ્તામાં પડતાં, આવેશમાં આવી કૂવામાં કે અગ્નિમાં ઝંપાપાત કરતાં, અર્થાત્ એકંદરે ભય, લજ્જા, આમન્યા અને સારાસારનું ભાન ભૂલી જવાય તેવા બધા વિકારો મનના હાથ વિના અને અંતઃકરણની સત્તા વિના ઉત્પન્ન થાય છે, તેથી એ સઘળા દોષો સન્નિપાતમાં ગણાય છે. પરંતુ એ દોષો બીજા એવાજ દોષોથી દબાઈ જતા હોવાથી તેનાથી કોઈ ભય પામતું નથી. જો માણસ બુદ્ધિપૂર્વક વિચાર કરે, તો આખી દુનિયાને એક જાતનો સન્નિપાત થયેલો છે એમ જણાય. આપણે જેટલી જાતના વિચારો કરીએ છીએ તેટલી જાતના વિચારો જો અંતઃકરણમાંથી ગાળીને ન બોલતા હોઈએ, પણ જેટલા વિચાર મનમાં થાય છે તેટલા બધા તેમને તેમ મોઢે બોલીએ તો આપણે ગાંડપણ અથવા સન્નિપાતના રોગી ગણાઈએ. માત્ર આપણા દશે પ્રદેશમાં મનની સત્તા રહેલી છે, તેથી આપણને

મનના વિચાર પ્રમાણે બોલતાં ભય અને લજ્જા આવે છે; અને સન્નિપાતના રોગીને ભય તથા લજ્જાનો નાશ થયેલો હોવાથી, તે સ્વપ્નસૃષ્ટિમાં રહી, મનના કાબૂને માનતો નથી. એટલે આપણે 'તેને સન્નિપાત થયો છે,' એમ કહીએ છીએ. બાકી આપણા સૂક્ષ્મ શરીરમાં અને રોગીના સ્થૂળ શરીરમાં એકસરખો સન્નિપાત ચાલુજ રહે છે. એટલા માટે આપણે સૂક્ષ્મ શરીરના એકસરખા સન્નિપાતને પડતો મૂકી, સ્થૂળ શરીરના સન્નિપાતવાળા રોગીની સારવાર કેમ કરવી, તે વિષે વિવેચન કરીએ છીએ. સન્નિપાતનો રોગી જ્યાં સુધી ત્રિદોષની અવસ્થામાં એટલે કૂક, ઠાંસો અને તાવ આવે તથા થોડો થોડો લવારો કરે, ત્યાં સુધી તેની જીવવાની આશા રાખી ચિકિત્સા કરવી. પણ તાવની શરૂઆતમાંજ સન્નિપાતના સર્વ ઉપદ્રવો એક પછી એક થવા માંડે અને તે દોષને સમાવવા માટે, પચાવવા માટે અથવા શોધન કરવા માટેની ક્રિયા કરવામાં આવે, છતાં ઉપદ્રવો ઘટે નહિ, તો તે રોગી બચવો કઠણ છે એમ માની યત્નપૂર્વક ચિકિત્સા કરવી. ઘણી વાર એવું જોવામાં આવ્યું છે કે, અસાધ્ય દેખાતા સન્નિપાત સારા થાય છે અને સાધ્ય દેખાતા થોડા ઉપદ્રવવાળા રોગીનું મરણ થાય છે. એટલા માટે વૈદે દૈવ ઉપર વિશ્વાસ રાખી ચિકિત્સા કરવામાં પ્રયત્નવાન થવું.

સન્નિપાતના રોગીને ત્રણે દોષમાં વૈદે પ્રથમ કફનો નિગ્રહ થાય એવી ચિકિત્સા કરવી. જો બે દોષવાળો સન્નિપાત હોય તો તેમાં જે દોષનું પ્રબળ જોર હોય તેનો નિગ્રહ કરવો. જે સન્નિપાતમાં દોષના અંશાંશ નક્કી ન થાય તેવા સન્નિપાતમાં સાધારણ ચિકિત્સા કરવી. સન્નિપાતની ચિકિત્સામાં લંઘન, રેતીનો શેક, નસ્ય, થુંકાવવું અને અંજન, એ પાંચ પ્રયોગો પોતાના અનુભવ પ્રમાણે યોજવા. અમારા અનુભવ પ્રમાણે સામાન્ય તાવમાં કે સન્નિપાતના તાવમાં, લંઘન એ મુખ્ય પ્રયોગ છે. લંઘન કરા-

વવાથી વધેલા દોષો પાચન થાય છે અને પાચકપિત્ત પ્રબળ થાય છે, જેથી બીજા દોષો સુધરી રોગી બચી જાય છે. પરંતુ વર્તમાનકાળમાં આયુર્વેદના અભ્યાસીઓનું પણ ત્રિદોષ-સિદ્ધાંત ઉપરથી અને મળો તથા દોષોએ આમનું રૂપ પકડેલું છે તેને નિરામ કરવાને માટેનું લક્ષ ઓછું હોવાથી, તેમજ ખોરાક વિના રોગીનું બળ ઘટી જશે એવી માન્યતા વધતી જવાથી, ઘણા રોગીઓ સંપૂર્ણ સારવાર છતાં મરણને શરણ થાય છે. એટલા માટે જ્યાં સુધી રોગી પૂરેપૂરો ભાનમાં આવે નહિ અથવા ભાનમાં આવ્યા પછી, જીભમાં સ્વાદ ઉત્પન્ન થાય નહિ, અથવા રોગી પોતે "મને બહુ ભૂખ લાગી છે" એવું કહે નહિ, ત્યાં સુધી તેને ખોરાક આપવો નહિ. કદાચ ખોરાક આપવાનો સમય આવે, તો પણ તેને પેયા (ચોખાનું ઓસામણ, સિંધવ અને મરી નાખેલું) આપવી. પેયા પચ્યા પછી યવાગુ (મગ એક રૂપિયા ભાર લઈ એક શેર પાણીમાં ઉકાળી, ચાર તોલા પાણી બાકી રહે ત્યારે તેમાં સૂંઠ અને સિંધવનું ચૂર્ણ નાખી, થોડો સ્વાદ આવે એટલું આમળાનું ચૂર્ણ મેળવી) પાવી. યવાગુ પચી ગયા પછી તેને વિલેપી (એક રૂપિયાભાર ચોખાની કણકી એક શેર પાણીમાં ઉકાળી, સૂંઠ, સિંધવ અને જીરાનું ચૂર્ણ નાખી ચાર તોલા રહે અથવા ચટાય એવું થાય તે) આપવી. વિલેપી પચ્યા પછી તેને મોળો ભાત અને મોળી છાશની કઢી, સાથે જરૂર જણાય તો બાફેલા મગ, સૂંઠ અને સિંધવ નાખી આપવા. પણ સન્નિપાતના રોગીને દૂધ, ઘી અને તેલ તો કદાપિ આપવાં નહિ. દૂધ, તેલ અને ઘી સન્નિપાતની મર્યાદા જે છેવટમાં છેલ્લી ચોવીશ દિવસની છે, ત્યાં સુધી બંધ રાખવાં. પણ જો તે મુદત દરમિયાનમાં ઘી, દૂધ અને તેલ આપવામાં આવે, તો ફરીથી ગયેલો તાવ વિષમજ્વરનું રૂપ ધારણ કરીને આવશે અને તે પછી રોગી ભલે ઘણાં વર્ષ જીવશે,

પણ તે આવેલો વિષમજ્વર તો શાંત થશેજ નહિ. સન્નિપાતના રોગીને દોષના બળ પ્રમાણે ઉકાળેલું પાણી પાવું, તેમ પિત્તના દોષમાં ત્રણ ભાગ રહેલું, કફના દોષમાં બે ભાગ રહેલું અને વાયુના દોષમાં આઠ ભાગ રહેલું પાણી કરીને પાવું. આયુર્વેદ ભલામણ કરે છે કે, સન્નિપાતને લીધે તરસ લાગેલી હોય અને પડખામાં પીડા થતી હોય તથા તાળવું સુકાતું હોય, એવા રોગીને જે વૈદ્ય નહિ ઉકાળેલું ટાઢું પાણી પાય, તેને માણસના રૂપમાં યમરાજ સમજવો. વાયુના તથા કફની અધિકતાવાળા રોગીને રૂક્ષ પદાર્થોથી બનાવેલો શેક કરવો. કેવળ વાયુથીજ થયેલા સન્નિપાત સિવાય બાકીના સન્નિપાતજ્વરમાં સ્નિગ્ધ (ચીકણા) પદાર્થોથી બનાવેલો શેક નિષિદ્ધજ છે. માટે રૂક્ષસ્વેદ રેતીને ઠીબમાં ગરમ કરી લૂગડામાં તેની પોટલી બાંધી, તેના ઉપર કાંજી કે ખાટી છાશ છાંટી શેક કરવો. તે શેકથી વાયુ તથા કફના રોગોને, માથાના શૂળને, અને શરીરની ત્રોડને આરામ થાય છે. એ રૂક્ષસ્વેદ, સોતોને ફૂણા પાડી, જઠરાગ્નિને તેના આશયમાં પહોંચાડી, વાયુ તથા કફના સ્તબ્ધપણાને હરી લઈ, જ્વરને મટાડે છે. સન્નિપાતના રોગીને તન્દ્રા (ઘેન) મોહ (બેભાનપણું) પ્રલાપ (લવારો) હોય તો તેને નસ્ય એટલે નાકમાં ઔષધ ફૂંકવાની જરૂર છે. ચિકિત્સાના ગ્રંથોમાં સન્નિપાતમાં નસ્ય આપવાના ઘણા પ્રયોગો લખેલા છે, પરંતુ અમારા અનુભવ પ્રમાણે કાયફળનું છોડું લાવીને, ખૂબ ઝીણું વાટીને રાખી મૂકી, તેમાંથી એક મગ જેટલો ભૂકો નાકમાં ફૂંકવાથી ઘણો ફાયદો થાય છે. એ ભૂકાથી સાધારણ માણસને પ્રતિશ્યાય (સળેખમ) થયો હોય, નાકમાંથી પાણી ટપકતું હોય, વારેવારે નાક ખંખેરવું પડતું હોય, નાક બંધ થઇ જતું હોય, તો તેમાં એકજ વાર નાકમાં તપખીરની માફક સૂંઘવાથી તરત ફાયદો થાય છે. સન્નિપાતના રોગીને નિષ્ઠીવન (થુંકાવ-

હું) કરવું હોય એટલે જીભ, તાળવું ને ગળું સુકાતું હોય, જીભમાં સ્વાદ માલૂમ ન પડતો હોય, જીભના ઉપર કાતરા પડી ગયા હોય; ત્યારે કાળી દ્રાક્ષ વાટીને જીભે ઘસવી. આદુના રસમાં કાળી દ્રાક્ષ વાટી તેમાં સૂંઠ, મરી અને પીપર ઉમેરી મોઢામાં ઘસવાથી કફ બહાર ખેંચાઇ આવે છે, જેથી જીભ કોમળ થાય છે. એવા એવા ઘણા ઉપચારો લખેલા છે; પરંતુ અમારા અનુભવ પ્રમાણે પાછળ લખેલો 'શ્વાસકુઠાર રસ' એક વાલ લઇ, મધમાં મેળવી, જીભ પર ચોપડવો. એથી એમ થશે કે, જો રોગી બેભાન અવસ્થામાં હશે અને જીભ પર ચોપડેલું ઓસડ પેટમાં જશે, તો ત્યાં કફને જીતશે અને થૂંકી નાખશે તો પણ જીભ કોમળ થશે. જ્યારે સન્નિપાતના રોગીની સંજ્ઞાનો નાશ થાય છે, એટલે તેને બિલકુલ ભાન રહેતું નથી, તેવી અવસ્થામાં તેની આંખમાં અંજન કરવાથી ઘણો ફાયદો થાય છે. અંજનને માટે આયુર્વેદે ઘણા ઉપચારો બતાવ્યા છે. પરંતુ અમારા અનુભવ પ્રમાણે 'વૈદામૃત' નામના નાના પુસ્તકમાં કહેલું 'રસકેશ્વરગુટિકા' નું અંજન ઘણી ત્વરાથી સંજ્ઞા (ભાન) લાવે છે. તે ગુટિકા નીચે પ્રમાણે બનાવવીઃ-

ખાપરિયું, સિંધવ, શેકેલું મોરથુથુ, ટંકણ, સૂંઠ, મરી, પીપર, એ સમભાગે લઇ વાટી વસ્ત્રગાળ કરી લોખંડની પેણીમાં નાખી તે ડૂબે એટલે લીંબુનો રસ નાખી, લોખંડના દસ્તાથી સાત દિવસ ઘૂંટી, પછી સોગટીના આકારની તેની વંબગોળ ગોળી બનાવવી. તે ગોળી છાંયામાં સુકાયા પછી રાખી મૂકવી. એ ગોળી મધમાં ઘસીને આંજવાથી સન્નિપાતમાં ઘણું સરસ કામ કરે છે, એટલુંજ નહિ પણ આંખના ઘણા રોગો તેમાં ખાય કરીને ફુલાં, મસાનું વધવું, ખીલ અને આંખની ઝાંખ ઉપર ઘણી ફાયદાકારક છે.

જો આ ગુટિકા તૈયાર ન હોય, તો ધોળાં મરીનો એક ભાગ

લઈ, પથ્થર ઉપર પાનીથી ઘસી, સન્નિપાતના રોગીને આંખમાં આંજવાથી પણ તેટલોજ ફાયદો થાય છે. એટલે ભાન આવે છે.

સોમલભસ્મ:–ખરસાણી થુવેરની સૂકી ડીરી બાળીને તેની પાંચ રતલ રાખ કરવી. તે રાખને વસ્ત્રગાળ કરવી. પછી એક માટીની ઠીબમાં અધીં રાખ દાબીને ભરવી અને તેના ઉપર સોમલ તોલા ચારનો ગાંગડો મૂકવો. પછી બાકીની રાખ તેના ઉપર દાબવી. ત્યાર પછી તેને ચૂલા ઉપર ચડાવીને મંદાગ્નિ આપવો. બે પહોર થવાથી સોમલની ભસ્મ થઈ જાય છે. આ દવા બનાવતાં બહુ ધ્યાન રાખવાની જરૂર છે. કારણ કે સોમલને તાપ લાગે છે એટલે ફૂલે છે અને તેના ફૂલવાથી રાખોડી દાબેલી હોય તો પણ તેમાં ફાટ પડે છે, અને એ ફાટમાંથી ધુમાડો થઇ સોમલ ઊડી જાય છે. તેથી ફાટ પડે કે તુરત દાબી દઇ, વાસણને ચૂલા પરથી નીચે ઉતારવું. તે ઉતારતાં ઘણી સાવચેતી રાખવાની છે. કેમકે એનો ધુમાડો આંખે લાગશે તો આંધળા થશો અને ફરીથી સારા થવાની આશા નહિ રહે. જો એ ધુમાડો શરીરને લાગશે, તો આખે શરીરે વિસ્ફોટક જેવા ફોલ્લા થશે. એ ફોલ્લા ઘી લગાડવાથી મટી જશે. માટે સાવચેતીથી નીચે ઉતારી ઠંડું થયા પછી રાખને ધીરેથી કાઢી ખીલેલા સોમલને લઈ, વાટી શીશીમાં ભરી મૂકવો. જ્યારે કોઈ રોગીને ત્રિદોષમાં પાંસામાં શૂળ મારતી હોય, અથવા સન્નિપાત થયો હોય, અથવા મૂર્છા આવતી હોય અથવા તાણ આવતી હોય, તો એક મોટા માણસને એક ચોખા જેટલો સૂંઠના ઘસારામાં અથવા આદાના રસમાં એક અથવા બેવાર આપવો. એની અસર તુરત જણાય છે; પણ ભૂલેચૂકે વધારે વજનમાં આપવો નહિ. વધારે વજનમાં આપવાથી ગળું બેસાડી દે છે, જીવ ભમાવે છે, અકળામણ થાય છે, આંખે ગરમી માલૂમ પડે છે, અને શરીર ઠંડું પડી જાય છે. માટે સમાલીને સોમલ

આપવો. એવી એવી વિક્રિયા જણાય તો તેને ખાવાનો કાથો પાણીમાં મેળવીને પાવો, એટલે તરત ઝેર ઊતરી જશે. એ સોમલની માત્રા આપ્યા પછી રોગીને બિલકુલ ખટાશ આપવી નહિ. જો રોગી ખટાશ ખાશે તો તરત ફૂલી જશે. અને તે ઉપદ્રવ મટાડતાં વૈદ્યને ઘણી મહેનત પડશે. વિશેષમાં જણાવવાનું કે, કોઈ પણ સ્ત્રીને, કોઈ પણ બનાવટથી બનેલી સોમલની માત્રા કોઈ પણ રોગમાં આપવી નહિ. જો આપવામાં આવશે તો તેનો રોગ જશે, પણ યકૃત (કલેજું) સૂજી જશે, તેથી તેને જીર્ણજ્વર પેદા થશે અને તે જીર્ણજ્વર જીવતાં લગી જશે નહિ. તે સ્ત્રી દુઃખી થશે અને તેનું પાપ વૈદ્યને લાગશે. માટે સ્ત્રીને સોમલવાળી દવા, કોઈ પણ અવસ્થામાં આપવી નહિ, એવો અમારો અનુભવ છે.

સોમલનાં ફૂલ પાડવાની રીતઃ–જેટલા વરસની મળે તેટલા વર્ષની જૂનામાં જૂની ઈંટ લાવવી. તેની વચમાં ખાડો કરવો, પછી તાંબાની વાડકી બનાવી તેની બરોબર ઈંટમાં એવો ગોળ કાપો પાડવો કે જેથી વાડકીની ધાર તે ઈંટમાં દબાય. પછી પેલા ખાડામાં સોમલનો કટકો મૂકવો અને ઈંટના કાપામાં વાડકી બેસતી કરવી. તેની આસપાસ સંધીએ કાળી માટી, મીઠું, નવસાર અને લોખંડનો વહેર મેળવી લેપ કરી સૂકવવો. સુકાયા પછી તે ઈંટ ચૂલા પર મૂકવી અને તેની નીચે બોરડીનાં લાકડાંનો અગ્નિ કરવો. એટલે ઈંટમાંથી સોમલ ઊડીને તાંબાની વાડકીને ચોંટી, ચળકતાં સફેદ ફૂલ પડશે. જ્યાં સુધી એ ક્રિયા ચાલતી હોય ત્યાં સુધી અગ્નિ મંદ આપવો અને વાડકી ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકયા કરવાં, એટલે ઘણાં સરસ ફૂલ તૈયાર થાય છે. એ ફૂલની એક ચોખાપુર માત્રા સન્નિપાતના રોગીને દિવસના બે વાર સૂંઠના ઘસારા સાથે આપવી અને ખટાશ ખાવા દેવી નહિ. પણ ભાનમાં આવે, ભૂખ લાગે અને ખાવાનું માગે, તો ઘીવાળો

ખોરાક આપવો. આ માત્રા વાયુ અને કફના વિકારમાં ઘણુંજ કામ કરે છે, પરંતુ જેમાં પિત્તપ્રકોપ વધારે દેખાતો હોય, તેમાં આપવાથી ભારે નુકસાન કરે છે.

બાજીભાઈ માત્રાઃ-સોમલ, મનસીલ, હરતાળ, ડોરો કળીચૂનો, ગંધક અને ફટકડી સરખે વજને લઈ, કુંવારના રસમાં ખરલ કરી, પછી એક પિંડો બનાવી સંપુટમાં મૂકી, સંપુટને કપડમટ્ટી કરી ગજપુટ અગ્નિ આપવો. એટલે એની ભસ્મ થશે. એ ભસ્મમાંથી એક ચોખાપુર સૂંઠના ઘસારા સાથે તાવ, મૂર્છા અથવા સન્નિપાતના રોગીને દિવસમાં બે અથવા ત્રણ વાર આપવાથી ઘણો ફાયદો કરે છે. જો કે કોઈ સન્નિપાત સિવાયના રોગીને પડખામાં શૂળ મારતું હોય અથવા અમૂંઝણ (શ્વાસ) જોરથી વધી પડી હોય, તે વખતે આદુ એક તોલો તથા ફુદીનો એક તોલો વાટીને રસ કાઢવો; તે રસમાં મધ ॥ તોલો ઉમેરી ત્રણેને ગરમ કરી, તેમાં એક ચોખાપુર બાજીભાઇ માત્રા નાખી, પાવાથી એક કલાકમાં હાંફણ નરમ પડી જાય છે; પણ એથી શ્વાસનો રોગ સમૂળ નાશ થતો નથી. માત્ર રોગીને રાહત મળશે.

કાળારિ રસઃ-શુદ્ધ પારો બાર ભાગ, શુદ્ધ ગંધક વીશ ભાગ, શુદ્ધ વછનાગ બાર ભાગ, કાળાં મરી વીશ ભાગ, પીપર ચાળીશ ભાગ, લવિંગ સોળ ભાગ, ધંતૂરાનાં બીજ તેર ભાગ, ફુલાવેલો ટંકણ વીશ ભાગ, જાયફળ વીશ ભાગ અને અક્કલકરો વીશ ભાગ એ સર્વ વસાણાં વાટી, પારા ગંધકની કાજળી કરી, તેમાં બાકીનાં વાટેલાં વસાણાં મેળવી, આદાના રસના ત્રણ પટ આપવા. તે પછી લીંબુના રસના ત્રણ પટ આપવા; તે પછી કેળના રસનો એક પટ આપી તેની મરી જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી સન્નિપાતના કોઈ પણ પ્રકારના દર્દીને એકેક અથવા

બબ્બે પાણી સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી ઘણું સરસ કામ કરે છે. એ સિવાય જો કફનું જોર વધારે હોય તો સુતરાજ રસ તથા માણેકરસ આપવો; પણ જો વાયુનું જોર વધારે હોય તો શીતભંજીરસ આપવો. લવારો, મૂર્છા, તંદ્રા, મોહ વગેરે ઉપદ્રવ હોય તો ઉપર બતાવેલી સોમલની કોઇ પણ બનાવટ આપવી. સન્નિપાતના રોગીને વૈદ્યે ગભરાયા વિના, બુદ્ધિપૂર્વક શાંતિથી ઉપચાર કરવા; અને જે ઓસડની યોજના વિચારપૂર્વક કરેલી હોય તેમાં દરરોજ ફેરફાર કરવો નહિ. કારણ કે સન્નિપાતના દોષો પોતાની અવધીએ પાકે છે. આમ હોવાથી ઓસડનો તાત્કાલિક ફાયદો જણાતો નથી. એટલા માટે પ્રથમથીજ યોજના એવી કરવી કે દવા બદલવી પડે નહિ.

સન્નિપાતના રોગીને સારો કરવા માટે ભાવપ્રકાશ, *નિઘંટુરત્નાકર*, રસરત્નસમુચ્ચય, રસરત્નાકર અને ભૈષજ્ય રત્નાવલિમાં ઘણી જાતના ઉપાયો લખેલા છે. તેમાંના જે જે વૈદ્યરાજોએ અનુભવેલા અને અજમાવેલા હોય તે તે કવાથો, ગુટિકાઓ, રસો અને માત્રાઓ આપવાની જરૂર જણાય તેમ પોતાના અનુભવ પ્રમાણે આપવી. અથવા અનુભવ ન હોય તેમણે જુદા જુદા પ્રયોગો અજમાવી અનુભવ મેળવવો. આ ત્રિદોષ–સિદ્ધાંતમાં અમારો અનુભવ અમે લખી જણાવ્યો છે. બીજા વૈદ્યરાજો પણ પોતાના અનુભવેલા ઉપાયો વિધિપૂર્વક ખુલ્લા મનથી વૈદ્યોને માટે પ્રસિદ્ધિમાં મૂકશે તો વૈદ્યોની અને આયુર્વેદની કીર્તિમાં વધારો થશે અને જગત પર મોટો ઉપકાર થશે.

આગંતુકજ્વરઃ—શસ્ત્ર, મુક્કી કે લાકડી વગેરેના મારથી, કામ, શોક, ભય, ક્રોધ અને ભૂતના આવેશથી, કોઈ શત્રુએ કરેલા અત્યાચારથી અથવા બ્રાહ્મણ, ગુરુ, વૃદ્ધ, કે સિદ્ધ,

આદિના શાપથી આગંતુકજ્વર ઉત્પન્ન થાય છે. એ જ્વરને તે તે દોષનાં લક્ષણોથી જાણી લેવો. આગંતુકજ્વર એટલે જેમાં રોગીએ મિથ્યા આહાર અને મિથ્યા વિહારનું સેવન કરેલું હોય, પરંતુ બહારના ઉપદ્રવથી જે તાવ આવે છે, તેને આગંતુ જ્વર, એવું નામ આપવામાં આવ્યું છે. આપણે આગળ જણાવ ગયા છીએ કે, શરીરમાં રહેલા ત્રિદોષની પંદર ઑફિસો જેમાં-ની દરેક ઑફિસમાં ચૌદ કારકુનો અને એક ઑફિસર ગણેલા છે. એ પંદરે ઑફિસ ઉપર અને દશ ઇન્દ્રિયરૂપ પ્રદેશ ઉપર અંતઃકરણની ઑફિસ અમલ ચલાવે છે. જેમ ત્રિદોષની મુખ્ય ત્રણ ઑફિસોમાં અવ્યવસ્થા થાય તો તેની અસર અંતઃકરણને પહોંચે છે, તેવી રીતે દશ ઇન્દ્રિયના દશ પ્રદેશમાં ગરબડ થવાથી તેની અસર સીધી અંતઃકરણને પહોંચે છે. હવે અંતઃકરણ-નો વ્યવહાર પંદર ઑફિસો પૈકી જે ઑફિસ સાથે છૂટો થઈ જાય, તે ઑફિસમાં અવ્યવસ્થા થવાથી જે રોગ ઉત્પન્ન થાય તેને આગંતુક રોગ કહેવામાં આવે છે. દાખલા તરીકે એક ગૃહસ્થના પુત્રના પરદેશથી મરણના સમાચાર પત્ર દ્વારા આવે છે. તે પત્રમાં લખેલા જડ અક્ષરને આંખનો પ્રદેશ જોઈને અંતઃકરણને પહોંચાડે છે. આથી અંતઃકરણ આંખની ઉપર વિશ્વાસ રાખી શોકગ્રસ્ત થાય; એટલે આંખમાં રહેલું સાધકપિત્ત આલોચકપિત્તથી છૂટું પડી હૃદયમાં ઊતરી પડે છે. આમ થવાથી મગજમાં રહેલો ઉદાનવાયુ આંખમાં રહેલા સમાનવાયુને ખેંચી લે, જેથી આંખમાંથી પાણી ટપકવા માંડે છે. પછી હૃદયમાંનો પ્રાણવાયુ સમાનવાયુ તરફ ખેં-ચાઈ જવાથી 'ઓ ઓ' એવો શબ્દ ઝટ નીકળે અને સમાનવાયુ સાથે રહેલું પાચક પિત્ત અપાનવાયુ ખેંચી જાય, તો તે માણસને આડો છૂટી જાય. "તમારો પુત્ર મરણ પામ્યો છે" એટલા અક્ષર જોઈને આંખ એ વાત મનને પહોંચાડે છે, તેથી આટલી અવ્યવસ્થા

થાય છે. પણ જો બે કલાક પછી એવો ટેલિગ્રામ આવે કે, "જે પુત્રને મરણ પામેલો ધારતા હતા તે પુત્ર પોતાના મિત્રો સાથે ફલાણી ગાડીમાં સહીસલામત આવે છે; તેને માટે રસોઈ તૈયાર રાખજો." એટલી ખબર આંખ અંતઃકરણને પહોંચાડે કે તુરત દરેક ઑફિસનો દરેક અમલદાર પોતાનું કામ રીતસર કરવા મંડી પડે છે; તેને આપણે આગંતુક આનંદ માનીએ છીએ. તેવી રીતે કોઈ માણસને માર પડવાથી, પડી જવાથી, ઘસડાવાથી કે અકસ્માત્ વાગવાથી પણ વ્યાનવાયુની ઑફિસમાં અવ્યવસ્થા થાય છે. આમ થવાથી સમાનવાયુએ પાચકપિત્ત અને અવલંબન કફને જે માલ મોકલાવ્યો હોય, તેને વ્યાનવાયુ ગ્રહણ કરી શકતો નથી. આથી વધારાનું પિત્ત અને વધારાનો કફ પોતપોતાના સ્થાનમાં એકઠો થવાથી તેને પચાવવા માટે આશયોને અથવા કળાઓને જે શ્રમ પડે છે તેને લીધે શરીર તપે છે. એટલે આપણે એમ માનીએ છીએ કે, આ માણસને અભિઘાત એટલે વાગવાથી તાવ આવ્યો છે. કોઈ માણસને વિષપ્રયોગ થવાથી-ઝેર ખાવાથી અથવા ઝેરનો સ્પર્શ થવાથી પણ વ્યાનવાયુ બગડીને ભ્રાજકપિત્તમાં વધારો થાય, તો તે માણસનું મુખ કાળું થઈ જાય છે, આમડીમાં દાહ થાય છે અને પાચકપિત્ત અપાનવાયુ તરફ દોડી જવાથી પાતળા ઝાડા થાય છે. સમાનવાયુ પોતાનો ભાગ નહિ પાડી શકવાથી અન્નનો અભાવ થાય છે, તેની અસર સાધકપિત્તમાં થવાથી રસન કફ સુકાઈ જાય છે. એટલે તેને તરસ લાગે છે અને ચામડીમાં રહેલો ક્લેદન કફ સુકાવાથી પિત્ત વધે છે, તેથી શરીરમાં સોય ભોંકાવા જેવી પીડા થાય છે અને માથામાં રસન કફના સુકાવાથી અને આલોચકપિત્તના વધવાથી તે રોગીને મૂર્છા થાય છે. તેમ ઘ્રાણેન્દ્રિયથી કોઈ વિષવાળા ઓસડની વાસ લેવામાં આવે અથવા જો વાતાવરણમાંથી વિષપ્રવાહ ઘ્રાણેન્દ્રિય દ્વારા પ્રવેશ

કરે, તો આલોચકપિત્તમાં વધારો થાય છે અને ઉદાનવાયુ પિત્ત વધવાથી માથામાંથી પાતળો થઈ નીકળી જાય છે. જેથી રસન કફ ઊનો થાય છે, એટલે રોગીને માથામાંથી તાવની શરૂઆત દેખાય છે, મૂર્છા થાય છે અને કપાળ દુખે છે. વળી સમાનવાયુ સાધકપિત્તને જોરથી ઊંચે ચડાવે છે અને પ્રાણવાયુ ઉદાનવાયુની જગ્યા પૂરવા ઉપર ચડે છે. આથી તે રોગીને છાતીમાં ગભરામણ થાય છે, ઊલટી થાય છે અને છીંકો આવે છે, તેને ' અભિશંગ આગંતુકજ્વર ' કહેવામાં આવે છે. આંખદ્વારા કોઈ રૂપાળી સ્ત્રી જોવામાં આવે, અથવા કોઈ સ્ત્રીના ઉપર કોઈ માણસને મોહ થયો હોય, તે સ્ત્રી તેને નહિ મળવાથી તે પુરુષના હૃદયમાં રહેલો પાનવાયુ તે સ્ત્રીના આલોચકપિત્તમાં પ્રવેશ કરવાને પ્રયત્નવાન થાય છે. તેથી તે પુરુષના હૃદયમાં લોહી જોરથી ચાલી મગજ તરફ દોડવા માંડે છે, એટલે અંતઃકરણની ઓફિસમાં રહેલું મન, પોતાની ફરજ ચૂકી છે અને દશ ઇન્દ્રિયોનાં દશ પ્રવેશદ્વાર અને ત્રિદોષની પંદર ઓફિસને સૂની મૂકીને તે સ્ત્રીના મનમાં જવાને ચાલ્યું જાય છે. આથી ચિત્તમાં ભ્રાન્તિ ઉત્પન્ન થાય, આંખમાં રહેલું ભ્રાજકપિત્ત રસન કફ અને સમાનવાયુ ઢીલા પડી જવાથી ઘેન આવે, ધમનિઓમાં રહેલો પવન આખા શરીરમાં જે પવનને ધમે છે, તેમાં ખોટ પડવાથી શરીરમાં આળસ આવે છે; અને સમાનવાયુ રસનકફને સૂકવી નાખે છે તેથી ધમનિઓ લૂખી પડી જાય છે, જેથી અંતઃકરણમાં પીડા થાય છે. એવી રીતના ઉપદ્રવ સહિત જે તાવ આવે છે, તેને " કામથી ઉત્પન્ન થયેલો આગંતુકજ્વર " કહે છે. કોઈ માણસને પોતાની આંખે ભયંકર વસ્તુ જોવાથી, અથવા કાને ભયંકર શબ્દ સાંભળવાથી, તેનો સીધો ધક્કો અંતઃકરણને લાગવાથી અથવા શોક થાય એવી વાત કાને સાંભળવાથી અથવા નજરે જોવાથી, સાધકપિત્ત ઘટી જઈ સમાનવાયુમાં કલેદન કફ ખેંચાઈ આવી, સાધકપિત્તને

ઉદાનવાયુ ખેંચી લઇ જઇ તાવ ઉત્પન્ન કરે છે, જેથી ચિત્તમાં શિથિલતા ઉત્પન્ન થવાથી રોગી ભાન ભૂલી જઇને યદ્વાતદ્વા બકે છે. જે માણસને પોતાની ધારેલી ઇચ્છા નહિ પૂરી થવાથી અથવા સામા માણસે પોતાનું ધાર્યું કહ્યું નહિ કરવાથી, તે વાત મનાવવાને માટે અથવા કહ્યું કરાવવા માટે અંતઃકરણને જે જોશ આવે છે; તેથી સાધકપિત્ત આલોચકપિત્તમાં મળવા માટે ઝપાટાબંધ માથા ઉપર દોડે છે. તેથી આ રોગીનું આખું અંગ ધ્રૂજે છે અને તાવ આવે છે. તેને પણ 'અભિશંગ' નામનો આગંતુકજ્વર કહેવામાં આવે છે. કોઇ માણસ માટે કોઇ માણસ પોતાના મનના સંકલ્પથી તેનું અનિષ્ટ ચિંતવે અને જો ચિંતવનારના મનનો વેગ અતિ બળવાન હોય, તો આકાશમાં રહેલા પ્રાણવાયુ (ઇથર) ને ભેદીને તે સંકલ્પ મધ્યમા વાણીમાંથી નીકળી, બીજા માણસની મધ્યમા વાણીમાં પ્રવેશ કરે છે. જેથી મધ્યમાવાણી કે જેનું હૃદયમાં સ્થાન છે, તે હૃદયમાંના સાધકપિત્તને ઉશ્કેરી ઉદાનવાયુ સાથે મેળવી, હૃદયમાં રહેલા અવલંબન કફને ક્ષીણ કરે છે. જેથી રોગીને તરસ ઘણી લાગે છે અને બેભાન થાય છે. એવા લક્ષણવાળા રોગીને 'અભિચાર' નામનો 'આગંતુકજ્વર' આવ્યો છે, એમ જાણવું. જે રોગીની તન્માત્રાઓ વિકારને પામી અવ્યવસ્થિત થાય, જેથી અંતઃકરણની ઑફિસમાં અવ્યવસ્થા થવાથી તાવ આવે તો તે તાવમાં રોગી હસે છે, રડે છે, ગાય છે, ધૂણે છે અને ધ્રૂજે છે. એવાં લક્ષણોવાળો રોગી કે જેની પાંચે તન્માત્રાઓ વિકાર પામી શરીરમાં રહેલાં પાંચે ભૂતોને કોપાવે છે, જેથી એવા તાવનું નામ પંડિતોએ 'ભૂતાભિશંગ' પાડયું છે. હવે ઉપર કહેલા ચારે પ્રકારના આગંતુકજ્વરનાં કારણો બહારથી આવે છે, છતાં તે કારણો ઉત્પન્ન થયા પછી શરીરના ત્રણે દોષોને પોતપોતાના ગુણ પ્રમાણે કોપાવે છે. એટલે ચિકિત્સકને તો દોષનો કોપ નજરે પડે

છે; પરંતુ એનાં લક્ષણો ઉપર ધ્યાન આપી તેનું બારીક નિરીક્ષણ કરી, તેની ચિકિત્સા કરવાની છે. માનસિક વિકારથી ઉત્પન્ન થયેલા જ્વરમાં માનસિક ઉપચાર કરવા જોઇએ. પરંતુ અભિઘાત નામના આગંતુકજ્વરમાં જે જે પ્રકારના અભિઘાતથી જે જે પ્રકારની પીડા ઉત્પન્ન થયેલી હોય, તે તે પ્રકારની પીડાને દૂર કરવા માટેની યોજના કરવાનું કામ ચિકિત્સકને માથે રહેલું છે. તેની ચિકિત્સા નીચે પ્રમાણે કરવી જોઇએ. જો પડી જવાથી પગ અથવા હાથ મચકોડાયો હોય, તો તેને તેલ અને હળદર ચોળીને મસળવો અને તે ઉપર આમલીનાં પાતરાં જરા મીઠું નાખી પાણીમાં [illegible]માફી પાટા બાંધવાથી, કળતર અને દુખાવો મટી જાય છે. આ [illegible]ાટા દિવસમાં બે વાર બદલવા. જો હાડકું ભાંગ્યું હોય તો તેને [illegible]તસર ચડાવવું અથવા સાંધવું અને તેના ઉપર વાગ્યાનો ખરડ ચોપડવો. એળિયો, બોળ, ગૂગળ, શેરી લોબાન, ગુજ્જર, રેવંચીનો શીરો, મેંદાલકડી, આંબાહળદર, સાજી, લોધર અને માયુસરસ સમભાગે લઇ, માયુસરસને દૂર રાખી, બાકીનાં વસાણાં વાટી વસ્ત્રગાળ કરી તેમાંથી જોઇએ તેટલો ભૂકો લેવો. પછી પાણીમાં ખદખદાવી, પાણી ગરમ થાય તે વખતે માયુસરસ નાખી ફરી ઉકાળતાં માયુસરસ ઓગળી જાય એટલે નીચે ઉતારી ખમાય તેટલું ગરમ રાખી ભાંગેલા, અફળાયલા કે સૂજેલા ભાગ પર ચોપડી તેના પર રૂ વળગાડી જરૂર જણાય તો પાટો બાંધવો. એથી ઘણો ફાયદો થાય છે. જો કોઇને મૂઢ માર પડ્યો હોય અને લોહી ઠરી ગયું હોય તો, ઘઉંના લોટને તેલનું મોણ દઈ, તે લોટને આઠમે ભાગે સાજી તથા આંબાહળદરનું ચૂર્ણ નાખી પાણીમાં મેળવી, કઢી જેવું પાતળું કરી, ખદખદાવી ચોપડવા જેટલું ઘાડું થાય એટલે ખમાય તેટલું ગરમ ચોપડવાથી લોહી છૂટું પડી ફરતું થાય છે. જો ઊંચેથી પડવાથી કોઈનું આખું શરીર કચડાઇ ગયું હોય, તો

તેને નાળિયેરીના લીલા તરોપા લાવી તેને એમ ને એ છાલને નિચોવી તેનું પાણી પાવાથી પછડાયલા માણસ ફાયદો થાય છે. અથવા બે રૂપિયાભાર ઘી લઈ, તેમાં બે માના આઠ કટકા નાખી બળી જતાં સુધી તળવા અને તે કટકાને કાઢી નાખી તે ઘીમાં ઘઉંનો લોટ સાંતળી, પાણી રેડી શીરો બનાવી ત્રણ અથવા સાત દિવસ ખવડા આવે, તો તે પછાડ ખાધેલા રોગીને તદ્દન આરામ થાય છે વાગ્યા પર લગાડવાનો જે ખરડ લખવામાં આવ્યો છે, લખેલાં તમામ વસાણાં વાટી વસ્ત્રગાળ કરી જુદાં રાખવાં માયુસરસને દારૂમાં મૂકી ધીમે તાપે પિગળાવવો; જેથી તે ભીને લોચા જેવો થશે. પછી તેમાં પેલાં વસાણાંનો ભૂકો મે ઘટતો દારૂ ઉમેરીને ભરી રાખવો. જ્યારે જરૂર પડે ત્યારે તે જોઈએ તેટલો (જો તે સુકાઇ ગયો હોય તો તેમાં દારૂ ઉમેરી તડકે મૂકી નરમ કરવો.) ખરડ લગાડી રૂ ચો એમ ને એમ રહેવા દેવાથી અથવા પાટો બાંધવાથી વાગેલા, ગેલા, સૂજેલા, મચકોડાયલા અને અચકાયલા ઉપર ભાગ ઘ સારી અસર કરે છે. જો દેશી દારૂ ન મળે તો બ્રાન્ડી અ સ્પિરિટમાં તૈયાર કરવો. એ કશુંજ ન મળે તો ઉપર બતાવેલી ર પ્રમાણે તે ખરડ પાણીમાં અથવા બળદના મૂત્રમાં તૈયાર કરવ પણ ઘણોજ સારો ફાયદો કરે છે.

ઉપર લખેલો આગંતુકજ્વર હોય અથવા આગળ લખે આઠ પ્રકારના જ્વર પૈકી કોઈ પણ જાતનો તાવ આવ્યો હો તે તાવ મટયા પછી જ્યાં સુધી શક્તિ આવે નહિ ત્યાં સુધી ત વના રોગીએ મૈથુન, કસરત કે, સ્નાન કરવું નહિ અને પગે ચાલ ને ફરવું નહિ. જો સ્નાન કરે તો તાવ ફરીથી આવે છે. જો ચા તો પ્રમેહ થાય છે. જો કસરત કરવામાં આવે તો હાંફવાનો તા

ફરીથી આવે છે અથવા શ્વાસરોગ થાય છે; અને જો મૈથુન કરવામાં આવે તો સ્તંભ અથવા મૂર્છા થાય છે અને વખતે મરણ પણ થાય છે. એટલા માટે તાવના રોગીએ જ્યાં સુધી બરાબર શક્તિ આવે નહિ, ત્યાં સુધી આહાર અને વિહારથી પથ્યમાં રહેવું કારણ કે મનુષ્ય માત્રમાં જે જે રોગો જોવામાં આવે છે અને જે જે રોગો જુદા જુદા નામથી ઓળખાય છે, તે તમામ રોગોનું આદિકારણ તાવ છે. તે તાવનું સ્વરૂપ નહિ સમજવાથી અથવા તાવની જાત જાણ્યા સિવાય વિરુદ્ધ ચિકિત્સા થવાથી, અથવા તાવ ગયા પછી અને શક્તિ આવતાં પહેલાં મિથ્યા આહારવિહારનું સેવન કરવાથી, શરીરમાં રહેલા ત્રણે દોષોની પંદરે ઑફિસોમાં રહેલા દોષો પૈકી એક, બે અથવા ત્રણ દોષો કોપી, જુદે જુદે સ્થળે જુદી જુદી જાતની પીડા ઉત્પન્ન કરી, આખા શરીરને ઘેરી લે છે. નિદાનશાસ્ત્ર જાણનારા વૈદ્યો એને જુદા જુદા રોગોને નામે ઓળખે છે; પણ જો ચિકિત્સક તાવની જાતને પારખી, તેના બળાબળનું તોલ કરી, યથાર્થ ચિકિત્સા કરે અને ચિકિત્સાના ચાર પાયા તથા એકેક પાયાની ચાર ચાર કળા, એટલે સોળે કળાની સંપૂર્ણ ચિકિત્સા થાય, તો તાવમાંથી બીજા રોગો ઉત્પન્ન થઈ શકતા નથી. પરંતુ વર્તમાનકાળમાં રોગી અને વૈદ્ય, ઔષધ અને પરિચારક એવા ચારે પાયાનું ઠેકાણું નથી; તો તેની સોળે કળાની સંપૂર્ણ ચિકિત્સા તો ક્યાંથીજ થાય ? હાલ તો:-

દોહરો

ગુરુ લોભી ચેલા લાલચુ, દોનો ખેલે દાવ;
દોનો બૂડે બાપડે, ચઢ પથ્થરકે નાવ.

એવી દશા રોગીઓ અને ચિકિત્સકો વચ્ચે ચાલી રહી છે.

दोषोऽल्पोऽहितसंभूतो ज्वरोत्सृष्टस्यवापुनः ।
धातुमन्यतमंप्राप्यकरोति विषमज्वरम् ॥

તાવનો દોષ અલ્પ રહી ગયો હોય અને રોગી અહિતનું સેવન કરે, તો તે તાવ બીજી ધાતુમાં પ્રવેશ કરીને ફરીથી તાવના રૂપમાં દેખાય છે; તે તાવને પંડિતોએ ‘વિષમજ્વર’ એવું નામ આપ્યું છે. એ વિષમજ્વરને સંતત, સતત, અન્યેદ્યુષ્ક, તૃતીયક અને ચતુર્થક એ પ્રકારે પાંચ પ્રકારના વિષમજ્વર કહેલા છે. જો ત્રિદોષજન્ય તાવ આવેલો હોય અને તેનો અલ્પદોષ રહ્યો હોય, તેમાં કુપથ્યનું સેવન કરે તો રસધાતુમાંથી તાવ વધીને રક્તધાતુમાં પ્રવેશ કરે છે. જેમાં એવી ક્રિયા થાય છે કે, ત્રિદોષના તાવને લીધે સમાનવાયુ, ક્લેદન કફ અને પાચકપિત્ત નિર્બળ થયેલાં હોય. આથી શરીરમાં રસધાતુનો ક્ષય થયેલો હોય, એટલે ચામડીમાં રહેલા ભ્રાજકપિત્તને કાબૂમાં રાખવાને વ્યાનવાયુ તથા સંશ્લેષણ કફ અશક્ત થવાથી, ભ્રાજકપિત્ત લોહીમાં મળી જાય છે. લોહીમાં મળ્યા પછી લોહીમાં રહેલું રંજકપિત્ત અને હૃદયમાં રહેલું સાધકપિત્ત ભ્રાજકપિત્તમાં મળવાથી અહોરાત્ર તાવ ચઢેલો રહે છે. આથી ચોવીશ કલાક સુધી અથવા બાર કલાક સુધી એકસરખો તાવ રહે છે; તેને સંતતજ્વર કે સતતજ્વર કહેવામાં આવે છે. એવા સતતજ્વરમાં પાચકપિત્ત બળવાન થાય, પરંતુ સમાન વાયુ ઘટી જાય અને ક્લેદન કફ સુકાઈ જાય, જેથી રોગીને ભૂખ લાગે પણ ખાધેલું પચે નહિ. તેથી સમાનવાયુ નિર્બળ હોવાને લીધે તેના ભાગ પાડી શકે નહિ. એટલે ખાધેલા પદાર્થનો રસ નહિ બનતાં આમ બની જાય છે અને તે આમને પચાવવા માટે જે મહેનત પડે છે, તેથી માંસમાં રહેલો સમાનવાયુ તથા ક્લેદન કફ સુકાઈ જવાથી, સાધકપિત્ત વાટે થઈ ભ્રાજકપિત્ત સાથે મળી, સંતત, સતત કે અન્યેદ્યુષ્ક નામનો તાવ ઉત્પન્ન કરે છે. આ તાવ સાત દિવસ, દશ દિવસ અથવા બાર દિવસ સુધી રાત્રે અને દિવસ એકસરખો રહે છે; અને તેથી પણ ત્રણે દોષ ન પચે તો અઠવાડ,

એકવીશ અથવા સત્તાવીશ દિવસ સુધી તાવ ઊતરતો નથી. તેવા
તાવમાં જ્યાં સુધી આમ પચે નહિ ત્યાં સુધી ચિકિત્સકે રોગીને
લંઘન, પાચન અને શોધન દ્રવ્યનો ઉપયોગ કરી, રોગીની સાર-
વાર કરવી જોઇએ. પણ જો રોગીની અથવા રોગીના પરિચારકની
ઉતાવળને લીધે, અથવા પોતાની હોશિયારી બતાવવાની ઊલટને
લીધે, એ તાવને કાઢવા માટે કોઈ ઓષધિ આપે, તો તાવ કાઢ-
વાની વાત તો દૂર રહી, પણ હાથપગ ઠંડા થઈ, તાવ મગજ ઉપર
જઈ, રોગીને સન્નિપાત ઉત્પન્ન કરે છે, અથવા તેનું મરણ નિપ-
જાવે છે. એટલા માટે ચિકિત્સકે સંતત, સતત કે અન્યેદુષ્ક
ાવની જાત પારખીને ઉપચાર કરવા. જો રોગી અથવા પરિચારક
તાવળ કરે, તો તે રોગીને છોડી દેવો પણ તાવને કાઢવાનું ઓસડ
આપવુંજ નહિ. માત્ર તેને પાચનઓષધ અથવા શોધન ઓષધ
પવું. ઘણા ચિકિત્સકોનું એમ માનવું છે કે, આવા સખત
...નમાં પણ જો તેને કોઈ પણ જાતનો ખોરાક નહિ અપાય તો
રોગીની શક્તિ ક્ષીણ થઈ જશે. એટલા માટે દૂધ અને બરફ,
સાબૂચોખાની કાંજી કે અખોડબદામની કાંજી આપવાની ભલા-
મણ કરે છે. પરંતુ એ કાંજી વગેરે કોઈ પણ જાતનો ખોરાક,
રોગીને કોઠે નિરામ થયા સિવાય આપવામાં આવે તો તેથી ઉપર
કહેલી મુદતે તાવ નહિ ઊતરતાં, જેમ જેમ ખોરાક અપાતો જાય,
તેમ તેમ “ આમ ” બનતો જાય અને તાવ પોતાની મુદત લંબા-
વતો જાય છે. આથી તાવમાં શ્વાસ, મૂર્છા, અરુચિ, તરસ, ઊલટી,
અતિસાર અથવા બંધકોશ, મૂત્રઘાત, હેડકી, ઉધરસ અને બળ-
તરા એ ઉપદ્રવો રોગના બળ પ્રમાણે વાયુ, પિત્ત અને કફના
હીન, મિથ્યા અને અતિયોગ પ્રમાણે એક પછી એક દેખાતા જાય
છે. આમ થવાથી રોગી તથા રોગીના પરિચારકો ગભરાય છે,
એટલે વૈદ્ય મૂંઝાય છે. માટે રોગીનો કોઠો નિરામ થયા સિવાય કોઈ

પણ તાવમાં ખોરાક આપવો નહિ. સતત, સંતત અને અન્યેદ્યુષ્ક તાવની અવધી આવ્યા પછી મહાજ્વરાંકુશ સુતરાજ, શીતભંજી રસ, પંચવક્રરસ કે શ્રીમૃત્યુંજય રસ આપવાથી તાવ જતો રહે છે અને રોગી તંદુરસ્ત બને છે.

શ્રીમૃત્યુંજય રસઃ—વછનાગ, મરી, પીપર, ગંધક અને ટંકણખાર સર્વે સમભાગે લઈ તેથી બમણા વજને હિંગળોક લેવો. તે હિંગળોકને પ્રથમ લીંબુના રસની ભાવના આપીને શુદ્ધ કરવો અને પારાને વિધિપૂર્વક શુદ્ધ કરી ગંધક જેટલો લેવો. વછનાગ ગોમૂત્રમાં શોધેલો લેવો અને તેને બારીક વાટી લીંબુના રસનો તથા આદુના રસનો એકેક પટ આપી મગ જેવડી ગોળીઓ વાળી, વાયુના તાવમાં દહીંમાંના પાણી સાથે, ઘોર સન્નિપાતમાં આદુના રસ સાથે, અજીર્ણ જ્વરમાં લીંબુના રસ સાથે, વિષમ-જ્વરમાં જીરું અને ગોળની સાથે, મોટા માણસને દર ટંકે ચાર ગોળી સુધી આપવી અને ચાર ગોળી કરતાં વધારે કોઈ પણ અવસ્થામાં આપવી નહિ. ઉપર પ્રમાણે ભૈષજ્ય રત્નાવલિનું કહેવું છે. પરંતુ લીમડાની સળી, ધાણા, કાળાં મરી, લવિંગ અને કમળનાં ફૂલ (નીલોફર) ને વાટી કપડે ગાળી લઈ, તેમાં ઠીકરી છમકારી, તે પાણી સાથે શ્રીમૃત્યુંજય રસની ગોળી આપવાથી અજબ જાતનો ચમત્કારિક ફાયદો થાય છે. એ પ્રમાણે વિષમ-જ્વરના સંતત, સતત અને અન્યેદ્યુષ્ક જ્વરની ચિકિત્સા કરવી.

જે તાવ ત્રીજે દિવસે આવે છે, તેને 'તૃતીયક' (એકાંતરિયો) અને ચોથે દિવસે આવે છે, તેને 'ચતુર્થિક' (ચોથિયો) કહે છે. પણ એમાં એવી શંકા કરવામાં આવે કે, 'આમ' જ્યારે રસને અનુગામી થઈ, કોઠામાં આવી, સમાનવાયુને હણી, પાચકપિત્તને ઉશ્કેરે છે, ત્યારે શરીર તપે છે. આથી કોઠામાં આમ રહેલો

હોવા છતાં એક દિવસને આંતરે અથવા બે દિવસને આંતરે તાવ આવે છે, તેનું કારણ શું? એનું સમાધાન એવું છે કે, નિવૃત્તિ પામેલો વિષમજ્વર પાછો નિયમિત દિવસે આવે છે, તેમાં તે દોષનો સ્વભાવજ કારણરૂપ છે, એમ પંડિતોએ કહ્યું છે. દોષોના સ્વભાવનુંજ કારણ હોવાને લીધે ઉપર કહેલાં સ્થાનકોના વિભાગોની અપેક્ષા રાખ્યા વગર પણ એકાંતરિયા, ચોથિયા અને વિપર્યય આદિ બીજા વિષમજ્વરો પોતપોતાના સમયમાં પ્રકટ થાય છે. જેમ બીજ પૃથ્વીમાં રહે છે અને તે બીજ સમય પ્રાપ્ત થતાં ઊગે છે; તેમ દોષ ધાતુઓમાં રહે છે અને પોતાનો સમય પ્રાપ્ત થતાં પ્રકોપ પામે છે. સુશ્રુતે પણ કહ્યું છે કે, એ વિષમજ્વર કદી પણ દેહને મૂકતો નથી, કારણ કે વિષમજ્વરવાળો માણસ ગ્લાનિથી, ભારેપણાથી અને દુર્બળપણાથી મુક્ત થતો નથી. દોષનો વેગ ટળી જાય, ત્યારે જ્વર થતો રહ્યો જણાય છે; પણ તે જતો નહિ રહેતાં બીજી ધાતુઓમાં છુપાઈ જાય છે, કે જેથી સૂક્ષ્મપણાને લીધે પ્રત્યક્ષ માલૂમ પડતો નથી. એટલા માટે જ્વર, કાળ પામીને નિયમિત સમયે પોતાના સ્વભાવથી પાછો દેખાય છે. એકાંતરિયા તાવમાં કફ અને પિત્તનો અતિયોગ થયો હોય તો ત્રિકમાં પીડા થાય છે, વાયુ અને કફનો અતિયોગ થયો હોય તો બરડામાં પીડા થઈ તાવ આવે છે અને જો વાયુ તથા પિત્તનો અતિયોગ થયો હોય, તો પ્રથમ મસ્તકમાં પીડા થાય છે. એવો એકાંતરિયો તાવ ત્રણ જાતનો થાય છે. જે ત્રણે સ્થાનોમાં તે દુઃખ કરે છે, તે ખરું જોતાં વાયુનાં સ્થાનો છે. ત્યાં ગયેલો વાયુ, કફના સ્થાનમાં અને કફ વાયુના સ્થાનમાં સ્થાનભ્રષ્ટ થવાથી, એટલે તેનો મિથ્યાયોગ થવાથી, દુર્બળ બને છે અને તેથી તેઓ ત્રીજે દિવસે તાવ લાવે છે. જો તેઓ પોતાના સ્થાનમાં રહે, તો તેના અતિયોગથી સંતત આદિજ્વર ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે માણુ

પણ તાવમાં ખોરાક આપવો નહિ. સતત, સંતત અને અ
તાવની અવધી આવ્યા પછી મહાજ્વરાંકુશ સુતરાજ, શીત
રસ, પંચવક્રરસ કે શ્રીમૃત્યુંજય રસ આપવાથી તાવ જતો
છે અને રોગી તંદુરસ્ત બને છે.

શ્રીમૃત્યુંજય રસઃ—વછનાગ, મરી, પીપર, ગંધક
ટંકણખાર સર્વે સમભાગે લઈ તેથી બમણા વજને હિંગળોક લે
તે હિંગળોકને પ્રથમ લીંબુના રસની ભાવના આપીને શુદ્ધ કર
અને પારાને વિધિપૂર્વક શુદ્ધ કરી ગંધક જેટલો લેવો. વછનાગ
ગોમૂત્રમાં શોધેલો લેવો અને તેને બારીક વાટી લીંબુના રસનો
તથા આદુના રસનો એકેક પટ આપી મગ જેવડી ગોળીઓ
વાળી, વાયુના તાવમાં દહીંમાંના પાણી સાથે, ઘોર સન્નિપાતમાં
આદુના રસ સાથે, અજીર્ણ જ્વરમાં લીંબુના રસ સાથે, વિષમ-
જ્વરમાં જીરું અને ગોળની સાથે, મોટા માણસને દર ટંકે ચાર
ગોળી સુધી આપવી અને ચાર ગોળી કરતાં વધારે કોઈ પણ
અવસ્થામાં આપવી નહિ. ઉપર પ્રમાણે ભૈષજ્ય રત્નાવલિનું
કહેવું છે. પરંતુ લીમડાની સળી, ધાણા, કાળાં મરી, લવિંગ અને
કમળનાં ફૂલ (નીલોફર) ને વાટી કપડે ગાળી લઈ, તેમાં ઠીકરી
છમકારી, તે પાણી સાથે શ્રીમૃત્યુંજય રસની ગોળી આપવાથી
અજબ જાતનો ચમત્કારિક ફાયદો થાય છે. એ પ્રમાણે વિષમ-
જ્વરના સંતત, સતત અને અન્યેદ્યુષ્ક જ્વરની ચિકિત્સા કરવી.

જે તાવ ત્રીજે દિવસે આવે છે, તેને 'તૃતીયક' (એકાંતરિયો)
ને ચોથે દિવસે આવે છે, તેને 'ચતુર્થક' (ચોથિયો) કહે છે.
ણ એમાં એવી શંકા કરવામાં આવે કે, 'આમ' જ્યારે રસને
નુગામી થઈ, કોઠામાં આવી, સમાનવાયુને દબાવી, પાચકપિ-
ે ઉશ્કેરે છે, ત્યારે શરીર તપે છે. આથી કોઠામાં આમ રહેલો

હોવા છતાં એક દિવસને આંતરે અથવા બે દિવસને આંતરે તાવ આવે છે, તેનું કારણ શું? એનું સમાધાન એવું છે કે, નિવૃત્તિ પામેલો વિષમજ્વર પાછો નિયમિત દિવસે આવે છે, તેમાં તે દોષનો સ્વભાવજ કારણરૂપ છે, એમ પંડિતોએ કહ્યું છે. દોષોના સ્વભાવનુંજ કારણ હોવાને લીધે ઉપર કહેલાં સ્થાનકોના વિભાગોની અપેક્ષા રાખ્યા વગર પણ એકાંતરિયા, ચોથિયા અને વિપર્યય આદિ બીજા વિષમજ્વરો પોતપોતાના સમયમાં પ્રકટ થાય છે. જેમ બીજ પૃથ્વીમાં રહે છે અને તે બીજ સમય પ્રાપ્ત થતાં ઊગે છે; તેમ દોષ ધાતુઓમાં રહે છે અને પોતાનો સમય પ્રાપ્ત થતાં પ્રકોપ પામે છે. સુશ્રુતે પણ કહ્યું છે કે, એ વિષમજ્વર કદી પણ દેહને મૂકતો નથી, કારણ કે વિષમજ્વરવાળો માણસ ગ્લાનિથી, ભારેપણાથી અને દુર્બળપણાથી મુક્ત થતો નથી. દોષનો વેગ ટળી જાય, ત્યારે જ્વર થતો રહ્યો જણાય છે; પણ તે જતો નહિ રહેતાં બીજી ધાતુઓમાં છુપાઈ જાય છે, કે જેથી સૂક્ષ્મપણાને લીધે પ્રત્યક્ષ માલૂમ પડતો નથી. એટલા માટે જ્વર, કાળ પામીને નિયમિત સમયે પોતાના સ્વભાવથી પાછો દેખાય છે. એકાંતરિયા તાવમાં કફ અને પિત્તનો અતિયોગ થયો હોય તો ત્રિકમાં પીડા થાય છે, વાયુ અને કફનો અતિયોગ થયો હોય તો ખરડામાં પીડા થઈ તાવ આવે છે અને જો વાયુ તથા પિત્તનો અતિયોગ થયો હોય, તો પ્રથમ મસ્તકમાં પીડા થાય છે. એવો એકાંતરિયો તાવ ત્રણ જાતનો થાય છે. જે ત્રણે સ્થાનોમાં તે દુઃખ કરે છે, તે ખરું જોતાં વાયુનાં સ્થાનો છે. ત્યાં ગયેલો વાયુ, કફના સ્થાનમાં અને કફ વાયુના સ્થાનમાં સ્થાનભ્રષ્ટ થવાથી, એટલે તેનો મિથ્યાયોગ થવાથી, દુર્બળ બને છે અને તેથી તેઓ ત્રીજે દિવસે તાવ લાવે છે. જો તેઓ પોતાના સ્થાનમાં રહે, તો તેના અતિયોગથી સંતત આદિજ્વર ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે માથું

એ કફનું સ્થાન છે, ઉરરો એ પિત્તનું સ્થાન છે અને પેટ એ વાયુનું સ્થાન છે. તેમાં રહેલા વિકારો પારકી જગ્યા પર જવાથી તેનો મિથ્યાયોગ થઈ, તૃતીયકજ્વર તથા ચાતુર્થિકજ્વર ઉત્પન્ન કરે છે. હવે એકબીજાના સ્થાન પર વિકારો શા માટે જાય છે, એવો પ્રશ્ન કરવો નહિ; કારણ કે સ્થાનનો નિયમ પ્રકૃતિસ્થ વિકારોને માટે છે. પણ એ વિકાર જે બીજા વિકારો પેદા કરે છે, તે વિકારો તો આખા શરીરમાં ફરતા ફરે છે. ચાતુર્થિક જ્વરમાં કફનો વિકાર વધારે હોય, તો તે જાંઘમાંથી પેદા થઈ આખા શરીરમાં ભરાઈ બેસે છે અને જો વાયુનો વિકાર વધતો જાય તો, પહેલાં માથામાં દુખાવો થઈ પછી આખા શરીરમાં તાવ ભરાય છે. આ પાંચ પ્રકારના તાવો અથવા ચાર પ્રકારના તાવો ઘણું કરીને સન્નિપાત જ્વરમાંથી થાય છે, એવો ચરકનો મત છે. હારિતાચાર્ય કહે છે કે, ચાતુર્થિક તાવમાં પિત્તનો અતિયોગ મુખ્ય હોય છે, છતાં આ વિષમજ્વરની ઉત્પત્તિ, વૃદ્ધ સુશ્રુતમાં જે લખી છે, તે મુજબ કફનાં પાંચ સ્થાન છે; જેમાં વિકારોનો સંચય થવાથી તાવ આવે છે. આંતરડાં, હૃદય, ગળું, કંઠ, માથું અને સાંધા એ પાંચ સ્થાન ગણી, જો વિકાર આંતરડાંમાં જાય છે, તો સંતત એક દિવસમાં બે વેળા આવે છે. હૃદયનો વિકાર જો આંતરડાંમાં આવે છે, તો તેથી અન્યેદુષ્કજ્વર એક વેળા આવે છે; કંઠનો વિકાર એક દિવસે હૃદયમાં આવે છે અને બીજે દિવસે આંતરડાંમાં પ્રવેશ કરે છે, જેથી એકાંતરિયો તાવ આવે છે. આ પ્રમાણે માથાનો વિકાર કંઠ, હૃદય અને આંતરડાંમાં ત્રણ દિવસ દરમિયાન ક્રમશી આવી, ચોથિયા તાવને ઉત્પન્ન કરે છે અને જે દિવસે તે પાછો ફરી પોતાના સ્થાનમાં જાય છે તે દિવસે પ્રલેપકજ્વર આવે છે. આ જ્વર પણ વિષમજ્વરની જાતનો છે, કારણ કે તેની ઉત્પત્તિ પણ કફના સ્થાનમાંથી કે અને તે વાતને સુશ્રુત પણ કબૂલ રાખે છે. ચોથિયા તાવથી

ઊલટો જે બીજો વિષમજ્વર છે, તે પહેલા અને છેલ્લા બે દિવસ આવી, વચ્ચેના બે દિવસ આવતો નથી. તેમ એકાંતરિયા તાવમાં પણ વચ્ચે એક દિવસ તાવ આવી પહેલે અને છેલ્લે દિવસે ઊતરી જાય; તે તૃતીયકજ્વરથી ઊલટો તાવ છે. એક વખત ઊતરી આખી રાત જે તાવ ચડચો રહે છે, તેને અન્યેદુષ્કનો ઊલટો તાવ સમજવો. જે તાવનો રોગી શરીરે લેવાઈ જાય છે, આખું અંગ કળે છે, કફનું બળ વધી પડે છે, શરીર સુકાઈને જડ થઈ જાય છે, તે તાવ વાયુના અતિયોગથી અને કફના હીનયોગથી થાય છે. માટે તેને 'વાતબલાપક' નામ આપવામાં આવ્યું છે. જ્યારે કફ અને પિત્તનો અતિયોગ થાય છે અને વાયુ હીનયોગને પામે છે, એવા રોગીને જે તાવ આવે છે તેનું આખું શરીર ચીકણું દેખાય છે પણ પાછો જોરમાં આવે છે. આવા તાવને 'પ્રલેપક' કહે છે. એ ટાઢ ચઢે છે, પણ તાવ થોડો આવે છે, તે પૂરો ઊતરતો નથી; તાવમાં ત્રણે દોષ કોપે છે, એવો પણ કેટલાકનો મત છે.

જો આંતરિયો, ચોથિયો અથવા નિયમિત વખતે આવતો વેળાજ્વર હોય તો તેને પશ્ચિમના વિદ્વાનો 'કિવનાઇન' નામની દવા સાથે, એક અથવા બે ટીપાં સલ્ફ્યૂરિક ઍસિડ મેળવી, તાવ આવતા પહેલાં એક અથવા બે વખત પાઇને તે તાવને તે દિવસે આવતાંજ અટકાવી દે છે. તે પ્રમાણે વૈદ્યો પીળાં ફૂલની દારૂડીનાં બીજ બેઆની ભાર લઈ, તેને ચાર તોલા પાણીમાં ઝીણાં વાટી, તેમાં ખાટાં અડધાં લીંબુનો રસ નાખી તાવ આવતાં પહેલાં, એકજ વાર પાય તો તાવને અટકાવી દે છે. પણ જો કોઈ સ્થળે લીંબુ ન મળે તો તે બિયાંને પાણીમાં વાટીને તેમાં એક વાલ ફુલાવેલી ફટકડી મેળવીને પાવાથી પણ તાવ અટકી જાય છે. એકાંતરિયા તથા ચોથિયા તાવમાં વિશ્વતાપહરણ, શ્રીમૃત્યુંજય રસ અને સુતરાજ રસ પણ સારું કામ કરે છે. એકાંતરિયા

એ કફનું સ્થાન છે, ઉરડો એ પિત્તનું સ્થાન છે અને પેટ એ વાયુનું સ્થાન છે. તેમાં રહેલા વિકારો પારકી જગ્યા પર જવાથી તેનો મિથ્યાયોગ થઈ, તૃતીયકજ્વર તથા ચાતુર્થિકજ્વર ઉત્પન્ન કરે છે. હવે એકબીજાના સ્થાન પર વિકારો શા માટે જાય છે, એવો પ્રશ્ન કરવો નહિ; કારણ કે સ્થાનનો નિયમ પ્રકૃતિસ્થ વિકારોને માટે છે. પણ એ વિકાર જે બીજા વિકારો પેદા કરે છે, તે વિકારો તો આખા શરીરમાં ફરતા ફરે છે. ચાતુર્થિક જ્વરમાં કફનો વિકાર વધારે હોય, તો તે જાંઘમાંથી પેદા થઈ આખા શરીરમાં ભરાઈ બેસે છે અને જો વાયુનો વિકાર વધતો જાય તો, પહેલાં માથામાં દુખાવો થઈ પછી આખા શરીરમાં તાવ ભરાય છે. આ પાંચ પ્રકારના તાવો અથવા ચાર પ્રકારના તાવો ઘણું કરીને સન્નિપાત જ્વરમાંથી થાય છે, એવો ચરકનો મત છે. હારિતાચાર્ય કહે છે કે, ચાતુર્થિક તાવમાં પિત્તનો અતિયોગ મુખ્ય હોય છે, છતાં આ વિષમજ્વરની ઉત્પત્તિ, વૃદ્ધ સુશ્રુતમાં જે લખી છે, તે મુજબ કફનાં પાંચ સ્થાન છે; જેમાં વિકારોનો સંચય થવાથી તાવ આવે છે. આંતરડાં, હૃદય, ગળું, કંઠ, માથું અને સાંધા એ પાંચ સ્થાન ગણી, જો વિકાર આંતરડાંમાં જાય છે, તો સંતત એક દિવસમાં બે વેળા આવે છે. હૃદયનો વિકાર જો આંતરડાંમાં આવે છે, તો તેથી અન્યેદ્યુષ્કજ્વર એક વેળા આવે છે; કંઠનો વિકાર એક દિવસે હૃદયમાં આવે છે અને બીજે દિવસે આંતરડાંમાં પ્રવેશ કરે છે, જેથી એકાંતરિયો તાવ આવે છે. આ પ્રમાણે માથાનો વિકાર કંઠ, હૃદય અને આંતરડાંમાં ત્રણ દિવસ દરમિયાન ક્રમથી આવી, ચોથિયા તાવને ઉત્પન્ન કરે છે અને જે દિવસે તે પાછો ફરી પોતાના સ્થાનમાં જાય છે તે દિવસે પ્રલેપકજ્વર આવે છે. આ જ્વર પણ વિષમજ્વરની જાતનો છે, કારણ કે તેની ઉત્પત્તિ પણ કફના સ્થાનમાંથી છે અને તે વાતને સુશ્રુત પણ કબૂલ રાખે છે. ચોથિયા તાવથી

ઊલટો જે બીજો વિષમજ્વર છે, તે પહેલા અને છેલ્લા બે દિવસ આવી, વચ્ચેના બે દિવસ આવતો નથી. તેમ એકાંતરિયા તાવમાં પણ વચ્ચે એક દિવસ તાવ આવી પહેલે અને છેલ્લે દિવસે ઊતરી જાય; તે તૃતીયકજ્વરથી ઊલટો તાવ છે. એક વખત ઊતરી આખી રાત જે તાવ ચડયો રહે છે, તેને અન્યેદ્યુષ્કનો ઊલટો તાવ સમજવો. જે તાવનો રોગી શરીરે લેવાઈ જાય છે, આખું અંગ ક્ષ છે, કફનું બળ વધી પડે છે, શરીર સુકાઈને જડ થઈ જાય છે, તાવ વાયુના અતિયોગથી અને કફના હીનયોગથી થાય છે. મા તેને 'વાતબલાપક' નામ આપવામાં આવ્યું છે. જ્યારે કફ અને પિત્તનો અતિયોગ થાય છે અને વાયુ હીનયોગને પામે છે, એવા ાગીને જે તાવ આવે છે તેનું આખું શરીર ચીકણું દેખાય છે, ટાઢ ચઢે છે, પણ તાવ થોડો આવે છે, તે પૂરો ઊતરતો નથી; પણ પાછો જોરમાં આવે છે. આવા તાવને 'પ્રલેપક' કહે છે. એ તાવમાં ત્રણે દોષ કોપે છે, એવો પણ કેટલાકનો મત છે.

જો આંતરિયો, ચોથિયો અથવા નિયમિત વખતે આવતો વેળાજ્વર હોય તો તેને પશ્ચિમના વિદ્વાનો 'કિવનાઇન' નામની દવા સાથે, એક અથવા બે ટીપાં સલ્ફ્યૂરિક ઍસિડ મેળવી, તા આવતા પહેલાં એક અથવા બે વખત પાઇને તે તાવને તે દિવસે આવતાંજ અટકાવી દે છે. તે પ્રમાણે વૈદ્યો પીળાં ફૂલની દારૂડીના બીજ બેઆની ભાર લઈ, તેને ચાર તોલા પાણીમાં ઝીણું વાટી, તેમાં ખાટાં અડધાં લીંબુનો રસ નાખી તાવ આવતાં પહેલાં, એકજ વાર પાય તો તાવને અટકાવી દે છે. પણ જો કોઈ સ્થળે લીંબુ ન મળે તો તે બિયાંને પાણીમાં વાટીને તેમાં એક વાલ ફુલાવેલી ફટકડી મેળવીને પાવાથી પણ તાવ અટકી જાય છે. એકાંતરિયા તથા ચોથિયા તાવમાં વિષ્વતાપહરણ, શ્રીમૃત્યુંજય રસ અને સુતરાજ રસ પણ સારું કામ કરે છે. એકાંતરિયા

તાવને માટે કાંટાસરિયાનું મૂળ તેલનો ધૂપ દઈ હાથે બાંધવાથ તાવ અટકી જાય છે. ખીજડાના ઝાડનું તાવની વારીને દિવસે સવારમાં ઊઠી અણબોલ્યા દાતણ કરે, તો તે દિવસથીજ તાવ આવતો નથી. ફુલાવેલી ફટકડી એક વાલ લઈ, પતાસામાં ભરી, તાવ આવતાં પહેલાં ખાઇ જવાથી, એકાંતરિયો કે વેળાજ્વર આવતો અટકી જાય છે. તેવી રીતે અધો રૂપિયાભાર ગોળમાં બે વાલ ફટકડી મેળવી તાવ આવતાં પહેલાં ખવડાવવાથી તાવ અટકી જાય છે. એક પાવલીભાર ગોળમાં કરોળિયાનું ધોળું પડ મેળવીને ખવડાવી દેવાથી એકાંતરિયો તથા ચોથિયો તાવ અટકી જાય છે. અરીઠાની મીજને ભાંગી તેનો મગજ ગોળમાં મેળવી આપવાથી પણ તાવ અટકી જાય છે. એકાંતરિયા તથા ચોથિયા તાવો ઓસડ કરતાં આવા આવા ટુચકાથી જલદી જાય છે. પરંતુ એટલી વાત યાદ રાખવાની છે કે, ચોથિયો તાવ ગયા પછી છ માસની અંદર દાળમાં, શાકમાં પકવાન્નમાં કે અમથો જરા પણ ગોળ ખાધામાં આવશે, તો તેને બીજે દિવસેજ તાવ આવવાનો એ વાત નક્કી છે. માટે છ માસ સુધી જરા પણ ગોળ ખાવો નહિ. કોઈ વખતે આ **વિષમજ્વરો** હઠ ઉપર ચડી, પોતાની નિયમિત હદ કુદાવી મહિનાના મહિના સુધી રોગીનો પીછો છોડતા નથી. તેવા તાવમાં રોગી અકળાય છે અને વૈદ્યો મૂંઝાય છે. તેવા તાવને કાઢવા માટે કાચકાની મીજ તોલા ચાર અને સૂકાં રાતાં મરચાં તોલો અધો એ બેને ખૂબ બારીક વાટીને રાખી મૂકવાં. તેમાંથી એક વાલનું એક પડીકું રાતના નવ વાગે પાણી સાથે અથવા મધ સાથે આપવું અને એક વાલનું બીજું પડીકું રાત્રે ચાર વાગતાં પહેલાં આપવું. તે રોગીને દિવસમાં કોઇ પણ જાતની દવા કે આ પડીકાં આપવાં નહિ. એવીજ રીતે ત્રણ રાતમાં છ પડીકાં આપવાથી ગમે તેવો હઠીલો તાવ અટકી જાય છે. પણ એટલું યાદ રાખવાનું છે

કે, જ્યારે આ કાચકા ને મરચાંવાળી હવાનાં પડીકાં ચાલતાં હે તેટલા દિવસ દૂધ, દહીં, છાશ, માખણ, ઘી અને ગોળ ર આપવાં નહિ. એ સિવાય ગમે તે ખાય તેની અડચણ નથી. કાંતરિયા તથા ચોથિયા તાવમાં એક ઇંચ લાંબો અને અર્ધો ઇ પહોળો, કોરા કાગળનો કટકો લઇ, તેના ઉપર કલમ અને દેશી શાહીથી 'ફલાણાનો ફલાણો તાવ જાજો' એ… કોઈ ન વાંચી શકે તેવી ઢબમાં લખી, ત્રણ ચિઠ્ઠી કરી આ ચિઠ્ઠી લખતી વખતે આપણો શ્વાસ બંધ રાખવો અને ર કપાળમાં બે ભ્રમરની વચમાં રાખી ચિઠ્ઠી લખવી. તે ચિઠ્ઠીમ એક ચિઠ્ઠી પર એક વાલ ઘી મૂકી, રોગીને કપડું ઓઢાડી, ધુમા પગરના દેવતા ઉપર તે ચિઠ્ઠી મૂકી, તેની ધૂણી તાવ આવતાં પ બે કલાક અગાઉ રોગીને આપવી; જેથી તાવ આવશેજ નહિ અને કદાચ આવે તો બીજી ચિઠ્ઠીની બીજી ધૂણી તાવની શર આતમાં ઉપલી રીતે આપવી, એટલે તાવ ભરાશે નહિ; … તાવ ભરાય તો છેલ્લી ત્રીજી ચિઠ્ઠી તાવ ઊતરવા માંડે ત્યારે ઉપ… રીતે આપવી, જેથી બીજે દિવસે અથવા બીજી વાર તાવ આવશે નહિ. કદાચ કોઇને એકાંતરિયો કે ટાઢિયો તાવ આવતો હોય, તો જૂના કામઠાની બે ઈંચ લાંબી અને પા થી અર્ધો ઇંચ પહોળી ચીપ છોલીને બનાવવી. તે છોલેલી કામઠી પર ઉપર લખ્યા પ્રમાણે લખી, ઘી મૂકી, ઉપર પ્રમાણેની રીતે ધૂણી આપવાથી તાવ અટકી જાય અથવા જતો રહે છે. પણ ધૂણી આપતી વખતે ગળા સુધી કપડું ઓઢાડવું. મતલબ કે મોઢું ઉઘાડું રાખવું, ઢાંકવું નહિ. ઉપર લખેલા દારૂડીના બીજવાળો પ્રયોગ ચાલતો હોય તેમાં તે બીજનું વજન લખ્યા કરતાં વધતું અપાય તો કિવનાઇનની પેઠે તે કાને બહેરાશ લાવતું નથી; પણ વખતે એકાદ ઊલટી કે ઝાડો કરાવી શરીરમાંથી મળનું શોધન

કરે છે. જો કોઇના પેટમાં દુખતું હોય તો દારૂડીનાં બીજ બે આનીભાર તથા સિંધવ તેથી અડધો મેળવી, બેને ભેગાં વાટી, પાણી સાથે દિવસમાં ત્રણ વાર ફકાવવાથી પેટનું શૂળ તથા દુખાવો બંધ થાય છે. **જો કોઈને સોજો આવ્યો હોય તો** દારૂડીનાં પાતરાંનો રસ જરા હળદર તથા મીઠું નાખી ચોપડવાથી સોજો ઊતરી જાય છે. તેવી રીતે એનાં મૂળિયાંમાં પણ એવોજ ગુણ રહેલો છે. દારૂડીનાં પાતરાંનો રસ તોલા બે તથા ઘી તોલો એક મેળવી ઘણા દિવસ સેવન કરવાથી વિસ્ફોટક મટી જાય છે.

વિષમજ્વરનાં વિશેષ લક્ષણો:–જ્યારે અપાનવાયુ અને સમાનવાયુનો હીનયોગ થાય છે, ત્યારે કલેદનકફ અને પાચકપિત્ત અવ્યવસ્થિત થાય છે. એટલે જે સ્થાનમાં પિત્તનો અતિયોગ થાય છે, તે સ્થાન ગરમ થાય છે; અને જ્યાં કફનો અતિયોગ થાય છે તે ભાગ ઠંડો પડી જાય છે. અર્થાત્ ઘણી વાર એવું બને છે કે, રોગીનું શરીર નૃસિંહાકારની પેઠે અથવા અર્ધનારીશ્વરની પેઠે અડધું ઠંડું અને અડધું ગરમ થાય છે. જ્યારે પેટમાં પિત્ત વિકારી થાય છે અને હાથપગમાં કફ વિકારવાળો થઇ ઠરી જાય છે, ત્યારે હાથપગ ઠંડા થઈ જાય છે; અને શરીરનો બાકીનો ભાગ ગરમ થઈ જાય છે. તેવી રીતે પેટમાં કલેદનકફ વધે છે અને હાથપગમાં ભ્રાજકપિત્ત વધે છે ત્યારે શરીર ઠંડું અને હાથપગ તથા માથું ગરમ થાય છે. જ્યારે કફ અને વાયુ પિત્તધાતુની પાસે જાય છે, ત્યારે પ્રથમ રોગીને ટાઢ વાય છે; ટાઢની શાંતિ થયા પછી એકલું પિત્ત આખે શરીરે બળતરા કરે છે, પણ એ તાવમાં શરીર ગરમ થતું નથી. તેવી રીતે વાયુ અને પિત્ત કફના સ્થાનમાં જ-વાથી પ્રથમ રોગીના શરીરમાં તાવ સાથે બળતરા થાય છે અને પછી છેવટે ટાઢ વાય છે. એ દાહપૂર્વક અને શીતપૂર્વક ત્રિદોષના સંબંધથી થાય છે. તેમાંથી દાહપૂર્વક જ્વર અત્યંત દુઃખદાયક

અને અસાધ્ય છે, પણ શીતપૂર્વક જ્વર સાધ્ય છે. એ પ્રમાણે વિષમ-
જ્વર નિદાનશાસ્ત્રકારે કહ્યા છે. પરંતુ અમારા જોવામાં એક એવો
વિષમજ્વર આવ્યો છે કે, રોગી ખોરાક ખાતો જાય, ઘરનું કામ-
કાજ કરતો જાય, જરૂર પડે તો થોડુંઘણું ચાલતો જાય, પરંતુ
બે, ચાર, પાંચ, સાત કે દશ દિવસમાં ગમે તે દિવસે અથવા ગમે
તે વખતે તેને ટાઢ ચડે અને પુષ્કળ ઓઢવા છતાં શરીર ધ્રૂજે.
એ પ્રમાણે ઓછામાં ઓછો એક કલાક અને વધુમાં વધુ ચાર
કલાક ટાઢ વાયા પછી તેને પસીનો થાય અને ટાઢ સમાઇ જાય;
પણ વિષમજ્વરમાં કહ્યા પ્રમાણે દાહ થાય નહિ, તેમ શરીર ઊનું
પણ થાય નહિ. આવા તાવવાળાને આગળ કહેલા શીતભંજી
રસની બે બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી તાવ
ગયો એમ અમને જણાયું, ત્યારે મહિનામાં એક વાર અથવા
બે મહિને એક વાર તાવ આવવા માંડચો. પછી તેને ટાઢ વાઇ
હોય તે અરસામાં ચાર દિવસ સુધી શીતભંજી રસ આપીને
આગળ કહેલી મહાજ્વરાંકુશની ગોળી લાગટ ચાર મહિના સુધી
દિવસમાં ત્રણ વખત ત્રણ ત્રણ ગોળી આપવાથી તે તાવ ગયો. એ
પ્રમાણે વિષમજ્વરમાં ચિકિત્સકે બુદ્ધિપૂર્વક કોઈ સારા રસની યો-
જના કરવી અને રોગીએ ધીરજ રાખી વૈદ્યની પાસે ઉતાવળ કરા-
વી દવા બદલાવવા આગ્રહ કરવો નહિ, પણ શાંતિથી એકજ દવાનો
ઉપયોગ કરવો. આમ કરશે તોજ વિષમજ્વર જશે. પણ વિષમજ્વર
ચાલતો હોય તેવામાં ભારે ખોરાક ખાય અથવા ઘણો શ્રમ કરે
અથવા માનસિક વ્યાપારમાં કામ, ક્રોધ, લોભ અને ઈર્ષા વગેરેનું
વધારે સેવન કરે, તો તે વિષમજ્વર ફરીથી આવે છે અને તે
જીવતાં સુધી જતો નથી એ વાત નિર્વિવાદ છે.

વર્ષાઋતુ, શરદઋતુ અને વસંતઋતુમાં વાયુ આદિના અતિ-
યોગથી ક્રમાનુસાર જે તાવ આવે છે, તે પ્રાકૃતજ્વર કહેવાય છે,

પરસેવા વળે છે, ઘણી ટાઢ ચડે છે, શરીર ચીકણું જણાય છે અને ગળાં પર થતો પરસેવો છાતી પર આવતો નથી તે; તથા જે રોગીને ગાઢો અને ચીકણો પરસેવો આખા શરીરમાં વળે છે અને શરીર ઠંડુંગાર થાય છે, તેવા તાવવાળો રોગી મૃત્યુ પામવાની તૈયારીમાં છે એમ જાણી સુજ્ઞ વૈદ્ય તેની ચિકિત્સા કરવી નહિ. એ પ્રમાણે તાવ, સન્નિપાત અને વિષમજ્વરની નિદાનપૂર્વક ચિકિત્સા સમાપ્ત થઇ છે.

अन्य वैद्यराजोना अनुभवी इलाजो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. **જ્વરબિંદુ**:-અતિવિષની કળી તોલો ૧, સૂરોખાર તોલો ૧, ફુલાવેલી ફટકડી તોલો ૧, સોનાગેરુ તોલો ૦ા એ સર્વને ખાંડી વસ્ત્રગાળ કરી, ખલમાં ત્રણ કલાક સારી રીતે ઘૂંટીને શીશીમાં ભરી મૂકવાં. એ ઓસડ બેથી ચાર રતી સુધી મધમાં ચટાડી ઉપરથી આદુ-ફુદીનાવાળી ચા પાવી, જેથી સઘળા તાવ ઊતરી જાય છે.

૨. **નવીન સુદર્શન ચૂર્ણ**:-કડુ, કરિયાતું, કાળીજીરી, ઇંદ્રજવ, શેકેલા કાચકાની મીંજ, લીંબછાલ, ગળો, લીમડાનાં સૂકાં પાતરાં, કોલમ, સૂંઠ, મરી, પીપર, હરડાં, બહેડાં, આમળાં, ફુલાવેલી ફટકડી, નાઇ, દિવેલમાં શેકેલા ઝેરકચૂરા એ સર્વ સમભાગે લઈ, ખાંડી વસ્ત્રગાળ કરી, તેમાં પારો તોલો ૦ાા તથા ગંધક તોલા એકની કાજળી કરી, તે કાજળીને ઘૂંટી, તાવમાં ૧ થી ૨ વાલ સુધી દિવસમાં ૩ વખત પાણી સાથે ખવડાવવું. આ ચૂર્ણથી જીર્ણજ્વર, વિષમજ્વર અને અસ્થિગત જ્વર મટી જાય છે.

૩. **તાવ ઉતારવા માટે**:-સાજીખાર શેર ૨ાા વાવી ગીનો

ખાંડીને ૨૦ શેર પાણીમાં નાખી હલાવીને ઠરવા દેવો. પછી બીજે દિવસે ઉપરનું નીતરતું પાણી લઈને કઢાઈમાં ચૂલે ચડાવી તેનો ખાર કાઢવો. એવી રીતે તૈયાર કરેલો ક્ષાર વાલ બે તથા ફુલાવેલો નવસાર વાલ બે, અઢીરૂપિયાભાર પાણીમાં નાખી ઓગાળી, તાવ આવેલા દરદીને પાવું એટલે તાવ ઊતરી જશે. જો એક વાર આપવાથી તાવ ન ઊતરે તો ૩ કલાક પછી ઉપર પ્રમાણે બીજી વાર આપવું. આ દવાથી તાવ ઊતરે એટલે હિંગળેશ્વર અથવા ત્રિભુવનકીર્તિરસમાંથી ગમે તે તાવને અટકાવવા માટે આપવો. ઘણી વાર ઉપરની દવાથીજ તાવ ઊતરી જાય છે, બીજી વાર દવા આપવાની જરૂર પડતી નથી. ઉપર પ્રમાણે સાજીખાર કાઢતાં જેને ખટપટ લાગે તેણે સોડા બાયકાર્બ વાપરવો.

૪. મલ્લરાજ ગુટિકાઃ-સોમલ તોલો ૦॥, મનસીલ તોલો ૦॥, કાથો તોલો ૦॥, પીપર તોલો ૦॥, એ ચારેને લીંબુના ૦। શેર રસમાં ઘૂંટીને ગોળી વાળવા જેવું થાય ત્યારે બાજરીના દાણા જેવડી ગોળી વાળવી. ચોથિયો તાવ આવતો હોય તેની પાળીને દિવસે તાવ આવતા પહેલાં ત્રણ કલાક આગમચ જીરું અને સાકરના પાણી સાથે ગોળીએકથી બે ગળાવી તે ઉપર સાકરનો શીરો અથવા દૂધભાત ખવડાવવા. એકાંતરિયા તાવમાં પણ એ રીતે ગોળી ખવડાવવી. એથી ચોથિયો, એકાંતરિયો વગેરે તાવ જાય છે. આ ગોળી ત્રણ દિવસથી વધારે ખવડાવવી નહિ. સ્ત્રીઓને એક દિવસથી વધારે ખવડાવવી નહિ. રોગીને દૂધ, ઘી, સાકર, ઘઉં અને ચોખા સિવાય કંઈ ખાવાનું આપવું નહિ.

૫. ત્રિભુવનકીર્તિ રસઃ-હિંગળોક, વછનાગ, પીપર, પીપળી મૂળ, સૂંઠ, મરી ને ટંકણખાર એ સર્વે સરખે ભાગે લઈ, વાટી વસ્ત્રગાળ કરી, એક દિવસ કોરો ઘૂંટી, આદુના રસની, ધંતૂ-

પરસેવો વળે છે, ઘણી ટાઢ ચડે છે, શરીર ચીકણું જણાય છે અને ગળાં પર થતો પરસેવો છાતી પર આવતો નથી તે; તથા જે રોગીને ગાઢો અને ચીકણો પરસેવો આખા શરીરમાં વળે છે અને શરીર ઠંડુંગાર થાય છે, તેવા તાવવાળો રોગી મૃત્યુ પામવાની તૈયારીમાં છે એમ જાણી સુજ્ઞ વૈદ્ય તેની ચિકિત્સા કરવી નહિ. એ પ્રમાણે તાવ, સન્નિપાત અને વિષમજ્વરની નિદાનપૂર્વક ચિકિત્સા સમાપ્ત થઇ છે.

अन्य वैद्यराजोना अनुभवी इलाजो

૧–વૈદ્ય ધીરજરામ દલપતરામ–સુરત

૧. જ્વરબિંદુઃ–અતિવિષની કળી તોલો ૧, સૂરોખાર તોલો ૧, ફુલાવેલી ફટકડી તોલો ૧, સોનાગેરુ તોલો ૦ા એ સર્વને ખાંડી વસ્ત્રગાળ કરી, ખલમાં ત્રણ કલાક સારી રીતે ઘૂંટીને શીશીમાં ભરી મૂકવાં. એ ઓસડ બેથી ચાર રતી સુધી મધમાં ચટાડી ઉપરથી આદુ–ફુદીનાવાળી ચા પાવી, જેથી સઘળા તાવ ઊતરી જાય છે.

૨. નવીન સુદર્શન ચૂર્ણઃ–કડુ, કરિયાતું, કાળીજીરી, ઇંદ્રજવ, શેકેલા કાચકાની મીંજ, લીંબછાલ, ગળો, લીમડાનાં સૂકાં પાતરાં, કોલમ, સૂંઠ, મરી, પીપર, હરડાં, બહેડાં, આમળાં, ફુલાવેલી ફટકડી, નાઇ, દિવેલમાં શેકેલા ઝેરકચૂરા એ સર્વ સમભાગે લઈ, ખાંડી વસ્ત્રગાળ કરી, તેમાં પારો તોલો ૦ાા તથા ગંધક તોલા એકની કાજળી કરી, તે કાજળીને ઘૂંટી, તાવમાં ૧ થી ૨ વાલ સુધી દિવસમાં ૩ વખત પાણી સાથે ખવડાવવું. આ ચૂર્ણથી જીર્ણજ્વર, વિષમજ્વર અને અસ્થિગત જ્વર મટી જાય છે.

૩. તાવ ઉતારવા માટેઃ–સાજીખાર શેર રાા વાવી ઝીણો

ખાંડીને ૨૦ શેર પાણીમાં નાખી હલાવીને ઠરવા દેવો. પછી બીજે દિવસે ઉપરનું નીતરતું પાણી લઇને કઢાઇમાં ચૂલે ચડાવી તેનો ખાર કાઢવો. એવી રીતે તૈયાર કરેલો ક્ષાર વાલ બે તથા ફુલાવેલો નવસાર વાલ બે, અઢીરૂપિયાભાર પાણીમાં નાખી ઓગાળી, તાવ આવેલા દરદીને પાવું એટલે તાવ ઊતરી જશે. જો એક વાર આપવાથી તાવ ન ઊતરે તો ૩ કલાક પછી ઉપર પ્રમાણે બીજી વાર આપવું. આ દવાથી તાવ ઊતરે એટલે હિંગળેશ્વર અથવા ત્રિભુવનકીર્તિરસમાંથી ગમે તે તાવને અટકાવવા માટે આપવો. ઘણી વાર ઉપરની દવાથીજ તાવ ઊતરી જાય છે, બીજી વાર દવા આપવાની જરૂર પડતી નથી. ઉપર પ્રમાણે સાજીખાર કાઢતાં જેને ખટપટ લાગે તેણે સોડા બાયકાર્બ વાપરવો.

૪. મલ્લરાજ ગુટિકાઃ-સોમલ તોલો ૦ાા, મનસીલ તોલો ૦ાા, કાથો તોલો ૦ાા, પીપર તોલો ૦ાા, એ ચારેને લીંબુના ૦ા શેર રસમાં ઘૂંટીને ગોળી વાળવા જેવું થાય ત્યારે બાજરીના દાણા જેવડી ગોળી વાળવી. ચોથિયો તાવ આવતો હોય તેની પાળીને દિવસે તાવ આવતા પહેલાં ત્રણ કલાક આગમચ જીરું અને સાકરના પાણી સાથે ગોળીએકથી બે ગળાવી તે ઉપર સાકરનો શીરો અથવા દૂધભાત ખવડાવવા. એકાંતરિયા તાવમાં પણ એ રીતે ગોળી ખવડાવવી. એથી ચોથિયો, એકાંતરિયો વગેરે તાવ જાય છે. આ ગોળી ત્રણ દિવસથી વધારે ખવડાવવી નહિ. ઓઓને એક દિવસથી વધારે ખવડાવવી નહિ. રોગીને દૂધ, ઘી, સાકર, ઘઉં અને ચોખા સિવાય કંઇ ખાવાનું આપવું નહિ.

૫. ત્રિભુવનકીર્તિ રસઃ-હિંગળોક, વછનાગ, પીપર, પીપળી મૂળ, સૂંઠ, મરી ને ટંકણખાર એ સર્વે સરખે ભાગે લઇ, વાટી વસ્ત્રગાળ કરી, એક દિવસ કોરો ઘૂંટી, આદુના રસની, ધંતૂ-

રાના પાતરાંના રસની અને તુળસીના રસની એકેક ભાવના આપી, વટાણા જેવડી ગોળી વાળી દિવસમાં ૩ વખત ૧ થી ૩ સુધી યોગ્ય અનુપાન સાથે આપવાથી સર્વે જાતના તાવ જાય છે.

૨-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. સર્વજ્વરનાશક પીળો જ્વરાંકુશઃ-હરતાળ તોલો ૧ અને કળીચૂનો તોલો ૧ એ બેનો આઠ દિવસ સુધી કુંવારના રસમાં ખલ કરવો. પછી તેનો ગોળો બનાવી સરાવસંપુટ કરી, કપડમટ્ટી કરી, ચાર શેર અડાયાંનો અગ્નિ આપવો. ઠંડું પડ્યા પછી વાટીને શીશીમાં ભરી લેવું. એમાંથી એક ચોખાપુર માત્રા મધમાં અથવા ચેવલી પાનમાં મૂકી ચાવી ખાઇ ઉપરથી પાણી પીવું. રોગીએ કોઈ પણ જાતનું અથાણું અને તેલની સખત પરેજી પાળવી, આનું નામ અમે પીળો જ્વરાંકુશ પાડ્યું છે.

૨. એકાંતરિયા તાવનું ઓસડઃ-સૂરોખાર તોલો ૧, ફુલાવેલી ફટકડી તોલો ૧, સોનાગેરુ તોલો ૧, એ સર્વેને બારીક વાટી કાચની શીશીમાં ભરી રાખવાં. એકાંતરિયા તાવવાળાને જે દિવસ તાવની વારી હોય તે દિવસથી શરૂ કરી ૩ વારી સુધી, તાવ આવે કે ન આવે તો પણ દરરોજ. દિવસમાં બે વાર હથેલીમાં ખાંડ મૂકી, તેની ઉપર એક વાલ દવા મૂકી તેના ઉપર બીજી ખાંડ મૂકી પાણી સાથે ફાકી મરાવવી. આ દવા ઉપર માત્ર દૂધ ખાવા દેવું નહિ, તો એકાંતરિયો તાવ જશે.

૩. ચોથિયા તાવની દવાઃ-કરિયાતું, કાળીજીરી, કડુ, વાયવડિંગ અને નાગકેશર, એ પાંચેને સમભાગે તોલો તોલો લઈ બારીક ચૂર્ણ કરી, તે ચૂર્ણમાં શુદ્ધ કરેલો સોમલ તોલો ૧ મેળવી દેવો. **સોમલ શુદ્ધ કરવાની રીત** એવી છે કે, એક ઈંટ લઈ તેની

ઉપર મધ્યમાં રૂપિયાના કદ જેટલો ગોળ અને અડધી ઈંટ જેટલો ઊંડો ખાડો કરી તેમાં સોમલ ગોઠવી, તે ઈંટને ચૂલા પર ચડાવી તાપ આપવો. પછી ભૂરાં-કોળાંને છીણીને તેનું પાણી એક શેર લઈ, ઈંટ ગરમ થાય કે તરત પેલા સોમલ પર ટીપાં પાડીને ટૂવા દેવા અને તમામ પાણી એ રીતે ખલાસ કરવું. એ રીતે શુદ્ધ કરેલો સોમલ ઉપલા ચૂર્ણમાં મેળવી, તેને પાનના રસમાં ઘૂંટીને રાઈરાઈ જેવડી ગોળીઓ વાળવી. પછી ચોથિયા તાવ વાળાને બબ્બે ગોળી સવારસાંજ પાણી સાથે પાંચ પાળી સુધી ગળાવવી, જેથી તાવ ફરીને આવશે નહિ. આ ગોળી ઉપર દવા બંધ કર્યા પછી તેલ, મરચું અને આમલીની આઠ દિવસ સુધી પરેજી પાળવી.

૪. જીર્ણજ્વરઃ-કાંટાસરિયાનાં લીલાં પાતરાં નંગ સાત લઈ અધકચરાં વાટી, ૦॥ શેર પાણીમાં ઉકાળી, ચોથા ભાગનું પાણી રહે ત્યારે કપડાથી ગાળી, તેમાં એક રૂપિયાભાર મધ નાખી, ૨૧ દિવસ સુધી તો જરૂર દિવસમાં બે વાર પાવું. વધુ જરૂર જણાય તો મટતાં સુધી પાવું. એથી જીર્ણજ્વર એટલે ક્ષયનો તાવ જરૂર જાય છે. એ કાંટાસરિયાનાં ફૂલ નંગ બે વાટી, મધમાં ચટાડવાથી તાવ ગયા પછીની અશક્તિને મટાડે છે.

૫. જ્વરધ્વંસઃ-અતિવિષની કળી તોલા ૨, કાકડાશિંગ તોલો ૧, પીપર તોલો ૧, હિંગળોક તોલો ૦॥, એ સર્વ વસ્તુને બારીક વાટી, ગોળી વાળવા જેટલું મધ નાખી, વટાણા જેવડી ગોળી વાળી, ધાપણના ભૂકામાં રગદોળવી. પછી તેમાંથી એક ગોળી નાના છોકરાને અને મોટા માણસને બબ્બે ગોળી દિવસમાં બે થી ત્રણ વખત પાણી સાથે આપવાથી જ્વરાતિસાર મટે છે. ખોરાકમાં ભારે ચીજ આપવી નહિ.

૬. જ્વરવિનાશકઃ-ગળોસત્ત્વ તોલો ૧, પીપર તોલો ૧,

દિવેલમાં તળેલા ઝેરકચૂરા તોલા ૨, એ ત્રણેને બારીક ખલ કરી, મધ મેળવી, વટાણા જેવડી ગોળી વાળી, ધાપણના ભૂકામાં રગદોળી રાખી મૂકવી. એ ગોળી નાના છોકરાને અકકેક અને મોટાને બબ્બે, દિવસમાં ૨ થી ૩ વાર પાણી સાથે આપવાથી વિષમજ્વર, સતતજ્વર તથા મગજે ચડી ગયલો તાવ ઊતરે છે અને આમને પચાવી ભૂખ લગાડે છે.

૭. **મદનમંજરી ગુટિકાઃ**–આમળાં, શેકેલો ઝેરકચૂરો, પીપર, ગળોસત્ત્વ અને લોહભસ્મ, એ તમામ વસ્તુ સમભાગે લઈ, બારીક વાટી, મધમાં વટાણા જેવડી ગોળી વાળી. ધાપણના ભૂકામાં રગદોળી રાખી મૂકવી. રોગીની ઉમ્મર જોઈ એકેક અથવા બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે ગળાવવી. આ ગુટિકા મંદવાડ ગયા પછીની અશક્તિને દૂર કરી, વીર્યને વધારે છે, લોહીને સુધારે છે, આધું પચાવે છે અને તાવને કાઢે છે.

૮. **જ્વરારિ રસઃ**–ગંધક, ધંતૂરાનાં બીજ, હરતાળ, વછનાગ, પારો, મરી અને મનસીલ, સમભાગે લઈ જુદી જુદી વાટ્યા પછી બધી ચીજો એકઠી કરી, કારેલીના રસમાં બે દિવસ ઘૂંટી, મોટા મગ જેવડી ગોળી વાળવી. એ એક ગોળી આદુના રસમાં આપવાથી સઘળા પ્રકારના તાવ ઊતરી જાય છે. એ ગોળીથી પેટનું ચડવું, શીતનું આવવું, જઠરાગ્નિની ન્યૂનતા અને કફનો નાશ થાય છે.

૯. **રાતો જ્વરાંકુશઃ**–ટંકણ, મરી, પીપર, હિંગળોક અને વછનાગને સરખે ભાગે લઈ, ઝીણાં વાટી આદાના રસમાં મોટા મગ જેવડી ગોળી વાળી છાંયે સુકાવી, એકથી બે ગોળી દિવસમાં ૩ વાર આદુના રસમાં કે મધમાં આપવાથી તાવ જાય છે.

૩–વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર–સુરત

૧. **ભૈરવ રસઃ**–હિંગળોક, વછનાગ, મરી, ટંકણખાર,

પીપર, અકલગરો, જાવંત્રી, લવિંગ, વાંસકપૂર, કસ્તૂરી કુલીજન (પાનની જડ), જાયફળ અને કેશર; એ વસાણાં સરખે ભાગે લઈ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, આદુના રસની ત્રણ અને નાગરવેલના પાનના રસની ત્રણ ભાવના આપી, તેની મગ જેવડી ગોળીઓ વાળવી. તાવના દરદીને પાણી સાથે ત્રણ ગોળી ખાંસીવાળાને પાનના રસમાં બે ગોળી અને વાયુવાળાને આદુના રસમાં એક ગોળી ઘસીને આપવી, જેથી શરીરમાં તરત ગરમાવો લાવે છે. આ ગોળી અમારા દવાખાનામાં પંદર વર્ષથી વપરાય છે.

૨. જ્વરઘ્ન ચૂર્ણ:–અતિવિષની કળી તોલા ૫, કુલાવેલી ફટકડી તોલા ૫, સૂરોખાર તોલા ૫ અને હિંગળોક તોલો ૧, એ સર્વેને ઝીણાં વાટી ચૂર્ણ કરી, તાવના રોગીને એકેક વાલનું પડીકું ગરમ પાણી ચા સાથે અથવા સાથે આપવાથી પસીનો વળી તાવ ઊતરે

૩. જ્વરઘ્નવટી:–પીપર તોલા ૨, જીરું તોલા ૨ા, કાચકાની મીજ તોલા ૪ અને બાવળનાં પાતરાં તોલો ૧ા, એને બારીક વાટી ચૂર્ણ કરી, પાણીમાં ઘૂંટી વટાણા જેવડી ગોળીઓ કરી છાંયે સૂકવી, દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી ગરમ પાણી સાથે આપવાથી સર્વ પ્રકારના તાવો ઊતરે છે.

૪. નવજ્વરેભ સિંહ:–પારો, ગંધક, લોહભસ્મ, તામ્રભસ્મ, નાગભસ્મ, મરી અને પીપર; એ સર્વ સમભાગે લઈ શુદ્ધ વછનાગ ાા ભાગ લઈ તેને આદુના રસમાં બે દિવસ ખલ કરી, પછી ૧ રતી વજનની ગોળીઓ કરવી. આ ગોળીમાંથી ૧ અથવા ૨ ગોળી ગરમ પાણી સાથે આપવાથી તાવને ઉતારે છે, છાશ સાથે આપવાથી સંગ્રહણી મટાડે છે, તેમજ મધ સાથે આપવાથી પેટનો દુઃખાવો, મંદાગ્નિ અને અજીર્ણને મટાડે છે.

૫. રાજવલ્લભ રસ:–પારો, ગંધક અને વછનાગ એ ત્રણ એ-

ક તોલો તથા નવસાર ફુલવેલો ૨ તોલા લઈ પ્રથમ પારા ગંધક-
ી કાજળી કરી, પછી બે વસાણું મેળવી ખલ કરવો. આમાંથી એક
પડીકું બે રતી પ્રમાણનું કરિયાતાના ઉકાળા સાથે અથવા આદુ,
ફુદીનો અને તુલસીના ઉકાળા સાથે આપવાથી પસીનો વાળી
તાવને ઉતારે છે.

૬. રામબાણ ગુટિકા:-ઘીમાં તળીને શુદ્ધ કરેલો ઝેરક-
ચૂરો તોલા ૧૦, પીપર તોલો ૧, પીપળીમૂળ તોલો ૧, સૂંઠ
તોલા ૫, વાયવડિંગ તોલા ૨, અતિવિષની કળી તોલો ૧, મરી
તોલા ૨, હરડેદળ તોલો ૧, દૂધમાં શોધેલો વછનાગ તોલો ૧,
લઈ સર્વેનું બારીક ચૂર્ણ કરી, ચેવલી પાનના રસમાં ૩ દિવસ
ઘૂંટી વટાણા જેવડી ગોળીઓ વાળવી. આ ગોળી આદુના રસ
સાથે દિવસમાં ત્રણ વખત એકેકી આપવાથી તાવ, તાવની પાછ-
ળની અશક્તિ, પેટની ચૂંક અને અજીર્ણના ઝાડાને મટાડે છે.

૭. જીર્ણજ્વર:-માટે ગળોસત્ત્વ,પીપર અને સાકરનું સમ-
ભાગ ચૂર્ણ કરી તેમાંથી વાલ ૧ થી ૬ સુધી દિવસમાં બે વખત
દૂધ સાથે આપવાથી એક મહિનામાં ગમે તેવો જીર્ણજ્વર મટી
જાય છે અને ઘણીજ શક્તિ આવે છે.

૮. રાતી ખૂબકલા (રાતી ખસખસ) લાવી, અડધી શેકી, અ-
ડધી કાચી રાખી, પછી બેઉ એકત્ર કરી તેમાંથી વધુમાં વધુ ॥ તોલો
સાકર અથવા પાણી સાથે ફકાવવાથી જીર્ણજ્વર મટી જાય છે.

૯. સફેદ જીરું (ઇસબગુળ) ૮ ભાગ, ફુલાવેલી ફટકડી
૧ ભાગ, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં સમાય તેટલો ગોળ મેળવી
ચણીબોર જેવડી ગોળી વાળવી. દિવસમાં ત્રણ વખત એકેક ગોળી
આપવાથી, જીર્ણજ્વર, વિષમજ્વર, જે ખાંસી સાથે હોય તે મટે છે.

૧૦. પ્રવાળપિષ્ટિ મધ અને પીપર સાથે અથવા સાકર તથા

દૂધ સાથે દરરોજ એક વખત આપવાથી જીર્ણજ્વરને મટાડી શરીરમાં શક્તિ લાવે છે.

૪-ઈશ્વરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

૧. સર્વજ્વરઃ-મનસીલ, કળીચૂનો અને અમલસારો ગંધક સમભાગે લઈ, ઝીણો વાટી એક કુલડીમાં ભરી, તેનું મોં બંધ કરી ૨૫ છાણાંનો અગ્નિ આપવો. ઠંડું પડયા પછી ખરલમાં ખલ કરી સારી કાચની શીશીમાં ભરી લેવું. જેને દરરોજ તાવ આવતો હોય તેને આખા દિવસમાં ૧ ચોખાપુરતું એકજ પડીકું મધમાં ચટાડવું. એકાંતરિયો તાવ આવતો હોય તેને એકેક ચોખાપુરનાં ત્રણ પડીકાં મધમાં આપવાં. ચોથિયો તાવ આવતો હોય તેને એકેક ચોખાપુરનાં ચાર પડીકાં મધમાં આપવાથી તાવ જાય છે. આ પડીકાં સાકર સાથે પણ અપાય છે.

૨. કાચી ફટકડી ખાંડીને ત્રણ દિવસ લગી આંકડાના દૂધમાં પલાળી રાખવી. પછી તેને ઘૂંટીને તેની ટીકડી બનાવવી અને સરાવ સંપુટમાં મૂકી છાણાના અગ્નિનો કુકુટપુટ આપવો. પછી કોડિયામાંથી કાઢીને ૦ાા વાલને વજને પાનના રસમાં દિવસમાં બે વાર આપવાથી તાવ જાય છે. તેમજ ઉધરસ પર પણ સારો ફાયદો થાય છે.

૫-વૈદ્ય છગનલાલ આત્મારામ-સુરત

૧. સુદર્શન ચૂર્ણઃ-ત્રિફલા, દારૂહળદર; ભોંયરીંગણી, પડકચૂરો, સૂંઠ, મરી, પીપર, પિપરીમૂળ, સૂકા મરવા, ગળો, ધાણા, અરડૂસો, કડુ, ત્રાયમાણ, પિત્તપાપડો, મોથ, વાળો, લીમછાલ, પોખરમૂળ, જેઠીમધ, અજમો, અજમોદ, ભારંગ, ઈંદ્રજવ, સરગવાનાં બી, ઘોડાવજ, તજ, ફટકડી, સુખડ, અતિવિષ, બલબીજ, વાયવડિંગ, ચિત્રો, પટોલ, લવિંગ, ચવક, વાંસકપૂર અને

તમાલપત્ર એટલી વસ્તુ એક એક તોલો લઈને કરિયાતું તોલા એંશી લઈ બારીક ખાંડી વસ્ત્રગાળ કરી શરદીના તાવમાં એ ચૂર્ણ તોલો ૦।, આદુનો રસ તોલા બે, ફુદીનાનો રસ તોલો ૧ અને મધ તોલો ૧, સાથે દિવસમાં ત્રણ વાર પાવું. પિત્તના તાવમાં ચૂરણ તોલો ૦। અને સાકર તોલો ૦। મેળવી પાણી સાથે ફાકવું. બાકી-ના તાવમાં ચૂરણ બે આનીભાર ત્રણ વાર ઠંડા પાણી સાથે ફાકવું.

૨. **લઘુસુદર્શન ચૂર્ણ**:-ગળો, સૂંઠ, પીપર, તજ, લવિંગ, પીપરીમૂળ, લીમછાલ, કડુ, સુખડ, અને હરડે એ સર્વે સમભાગે લઈ તેનાથી અર્ધું કરિયાતું લઇ ખાંડી ચૂર્ણ કરવું. આ ચૂર્ણથી પણ સઘળી જાતના તાવ જાય છે.

૬-વૈદ્ય રૂઘનાથસિંગ ગયાદી-સુરત

પંચાનનજ્વરાંકુશ:-પારો, ગંધક, વછનાગ, મરી, પીપર, સૂંઠ, ગળો, કરિયાતું ધંતૂરાનાં બી, મોથ, કડુ, નેપાળો, ઇંદ્રજવ અને કાકડાસિંગ એ સર્વે સમભાગે લઈ પારા ગંધકની કાજળી કરી, તેમાં બીજી વસ્તુઓ મેળવી, એક દિવસ ઘૂંટી, પછી આદુના રસની બે ભાવના આપવી તથા નગોડના રસની બે ભાવના આપી મરી જેવડી ગોળી વાળી સર્વ પ્રકારના તાવમાં એકથી ત્રણ સુધી દિવસમાં ત્રણ વાર આપવાથી તાવ ઊતરી જાય છે. અને એક ગોળી કલથીના ઉકાળા સાથે આપવાથી તાવ આવતો અટકે છે.

૭-વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ-સુરત

કુવ્યાબ્દચૂર્ણ:-ઝેરકચૂરાને ગાયના મૂત્રમાં સાત દિવસ પલાળી આઠમે દિવસે છોડાં કાઢી બે ફાટ કરી તેની છીબી કાઢ્યા બાદ ઘીમાં તળી બારીક ચૂર્ણ કરવું. પછી ચા સાથે અથવા પાણીમાં એકથી પાંચ વરસનાં બાળકોને એક ચોખાપુર, પાંચથી દશ વરસનાને એક વટાણાભાર અને દશ વરસ પછીનાને એક વાલ

ભાર ચા સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી તાવ, માથાનો દુખાવો ગરમી, વાયુ તથા અજીર્ણ વગેરેને મટાડે છે.

૮–વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી ત્રિવેદી–ભાદરોડ

૧. અનિયમિત તાવઃ–કિવનાઈન ૩૬, કાચકાની મીજ અડતાળીસ ભાગ અને ગળોસત્વ બોતેર ભાગ એ સર્વને એકઠું કરી પાણીમાં ચણીબોર જેવડી ગોળી કરી સવારસાંજ એક એક પાણી સાથે આપવી.

૨. લાંબા દિવસનો તાવઃ–કરિયાતું, વાયવડિંગ, દેવદાર, પટોલ, કડુ, ત્રાયમાણ, પિત્તપાપડો, ગરમાળો, અતિવિષ, પીપરીમૂળ, એ સર્વે સમભાગે લઈ તેનો કવાથ કરી સવારસાંજ પાવો. જો ભારનો તાવ હોય તો કડુ, ગરમાળો અને ત્રાયમાણ નાખવાં; કફ વિશેષ હોય તો કાયફળ અને ભારંગ ઉમેરવું; રેચક ઔષધ નાખવું નહિ જેથી તાવ જશે.

૩. તમામ તાવ ઉપર ચૂર્ણઃ–કોલંબો, અતિવિષની કળી, કાચકાનાં બીજ (કાંકચિયા) લીંબોળી, કડુ, ઈંદ્રજવ, કાળીજીરી, તીખાં (મરી) અને કરિયાતાની પાંદડી એ સર્વ સમભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ઠંડા પાણી સાથે આપવાથી તાવ જાય છે.

૪. કોલંબો અડધો ભાર, કાચકાં ૪ ભાર, ઈંદ્રજવ ૨ ભાગ એ ત્રણેને વસ્ત્રગાળ કરી કિવનાઈનનાં પડીકાં ચાર મેળવી ચણીબોર પ્રમાણે ગોળી વાળી, મોટી ઉમરવાળાને બે અને બાળકને એક ગોળી પાણીમાં મેળવી પાવાથી, લાંબા દિવસનાં જીર્ણજવર પણ આ ગોળીથી ગયા છે.

૫. વિષમજવરઃ–અરડૂસો, ઊભી રીંગણી, ગળો, મોથ, સૂંઠ અને આમળાં, એનો વિધિપૂર્વક કવાથ કરી મધ અને પીપરનું ચૂર્ણ નાખી સાંજસવાર પાવું.

૬. શીતજ્વરઃ-ઊભી રીંગણી, ધાણા, સૂંઠ, ગળો, મોથ, રદમક, રતાંજળી, કરિયાતું, કુકડવેલનાં પાન, પુસ્કર મૂળ, ઇંદ્રજવ લીમછાલ, ભારંગ મૂળ અને પિત્તપાપડો સરખે ભાગે લઇ વિધિપૂર્વક કવાથ કરી દિવસમાં બે વાર પાવો.

૯-વૈદ્ય અંબારામ શંકરજી-વાગડ

૧. તાવનું ચૂર્ણઃ-તીખાં, કાચકાની મીજ, ગળો, કડુ કાળીજીરી, કરિયાતું, કીડામારી, લીમડાનાં પાતરાં, કડવી નાઇનાં પાન, ખડશલિયો (પિત્તપાપડો), ઇંદ્રજવ અને અતિવિષ સરખે ભાગે લઇ વાટી ચૂરણ કરવું. તેમાંથી બે આનીભાર ચૂરણ ટાઢા પાણી સાથે ફાકવાથી તમામ જાતના તાવ ઊતરી જાય છે.

૨. એકાંતરિયા તાવ માટેઃ-ગાયનું દહીં રૂા. રા ભાર લઈ તેમાં ધંતૂરાના પાતરાંના રસનાં ત્રણજ ટીપાં નાખી, તાવ આવતાં પહેલાં પાવાથી તાવ અટકી જાય છે.

૩. કરોળિયાની જાળના તાંતણા લઈ તેની બત્તી બનાવી તેલમાં ભીંજવી દીવો સળગાવી કાજળ પાડવું. તે કાજળ આંખમાં આંજવાથી એકાંતરિયો તાવ અટકે છે.

૪. ચોથિયા તાવ માટેઃ-નાગરવેલીનો રસ તોલા ૪માં ૦। તોલો મરીનું ચૂરણ મેળવી સવારમાં પીવું. એમ ત્રણ દિવસ ખાવાથી ચોથિયો તાવ જાય છે.

૫. જ્વરભૈરવ રસઃ-હિંગળોક, કોડીની ભસ્મ, ટંકણખાર, વછનાગ, ધંતૂરાનાં બી, મરી, અફીણ, ગાંજો એ સર્વ સમભાગે લઇ બારીક વાટી, આદુ તથા લીંબુના રસનો એક એક પટ આપી, ખૂબ વાટી એક એક રેતીની ગોળી વાળવી. તેમાંથી એક એક ગોળી સાંજસવાર ત્રિકટુનું ચૂર્ણ બે આની ભાર તથા મધ

સાથે ચાટવાથી સાત દિવસમાં ટાઢિયો તાવ જાય છે. ત્રિદોષ, દમ, ઉધરસ, શૂળ, ચસકા, માથાનું દુખવું, ખસ્તી, શૂળ, સાંધાની કળતર, સળેખમ વગેરે ઘણા રોગ મટે છે.

૬. આનંદભૈરવ રસઃ–વછનાગ, ટંકણ, ત્રિકટુ, તામ્રભસ્મ, ધંતૂરાનાં બી, હિંગળોક, ગંધક, એ સર્વ સરખે ભાગે લઈ, તેને ભાંગ તથા આદાના રસની એક એક ભાવના આપી,ચણા જેવડી ગોળી કરી આપવાથી તાવ તથા સન્નિપાત શીતાંગને મટાડે છે.

૭. જ્વરાંકુશઃ–પારો, ગંધક અને વછનાગ એક એક ભાગ, ધંતૂરાનાં બી ત્રણ ભાગ અને દારૂડીનાં મૂળ બાર ભાગ, બધાં શુદ્ધ લઈ સાથે મેળવી ત્રણ દિવસ ખરલ કરી, માત્રા બેથી ચાર રતી મોંમાં મૂકી ઊના પાણીથી ઉતારવું, તેથી ત્રણે પ્રકારના તાવ ઊતરે છે.

૮. જ્વરક્ષયકર ગુટિકાઃ–કાથો, સોમલ, તીખાં (કાળાં મરી) એની ગોળી બાજરીના દાણા જેવડી વાળી, એક એક ગોળી આપવાથી તમામ જાતના તાવ, સમસ્તવાયુ, અર્ધાંગવાયુ વગેરે મટે છે. ગોળી ઘી–સાકરમાં આપવી.

૯. જ્વરાંકુશઃ–સોમલ તોલો ૦॥, કાથો તોલો ૧, એ બેને ઝીણાં વાટી ગુલાબજળમાં ઘૂંટીને બાજરીના દાણા જેવડી ગોળી કરી, એક એક આપવાથી તાવ, સંધીવા, ત્વચારોગ અને અજીર્ણ વગેરેને અસકારરક રીતે મટાડે છે.

૧૦–વૈદ્ય ત્રિકમલાલ કાળીદાસ–ખાનપુર

૧. બધી જાતના તાવ જાયઃ–શેકેલાં કાચકાં તથા કાળાં મરી સમભાગે ખાંડી તેની બબ્બે વાલની ગોળી પાણીમાં કરવી. દિવસમાં એક એક ગોળી બે વખત પાણી સાથે આપવી. ત્રિદોષ થયો હોય તો એ ગોળીનું ચૂર્ણ અને નવસાર બબ્બે વાલ મેળવી દિવસમાં બે વખત આપવાથી મટી જાય છે.

૧૧-વૈદ્ય ઉમિયાશંકર બાપુભાઇ મહેતા-વીરમગામ

જ્વરાંકુશઃ-લવિંગ ૧ ભાગ, મરી ૧ ભાગ, એળિયે ૧ ભાગ, લિંબોળી ૩ ભાગ, એને વાટી પાણી સાથે એકેક રતીની ગોળી કરવી અથવા લીમડાનાં પાતરાંના રસમાં ગોળી બનાવી બબ્બે ગોળી દિવસમાં ત્રણ વખત પાણી સાથે આપવી. આ ગોળીઓ ઇન્ફ્લ્યૂએન્ઝા અને પ્લેગમાં અમો ઘણા બહોળા પ્રમાણમાં વાપરી છે. ગમે તેવા સખત તાવમાં આપી શકાય છે. એનાથી પરસેવો વળે છે, દસ્ત સાફ ઊતરે છે અને શક્તિ સારી રહે છે.

૧૨-વૈદ્ય ચૂનીલાલ હરગોવિંદ જોશી-સુરત

ચાતુર્થિક જ્વરઃ-મનસીલ તોલો ૧, ચૂનો તોલો ૧, એ બંનેને ઝીણાં વાટી કુંવારના રસમાં ૨૪ કલાક ઘૂંટવું, અને ચણોઠી જેવડી ગોળી વાળી એકેક ગોળી સવારસાંજ આપવી, ને તે ઉપર ખોરાક ખવડાવવો. ખોરાક નહિ ખવડાવાય તો ઊલટી કરાવશે. આ દવાથી ત્રણ દિવસમાં ચોથિયો તાવ જાય છે.

૧૩-વૈદ્ય ઓધવજી માધવજી-ગોંડળ

૧. તાવના ઉપાયઃ-નેપાળો, ટંકણખાર, પારો, મોરથુથુ અને ગંધક એ સર્વને સરખે ભાગે લઈ એકેક રતીની ગોળી વાળવી. એકેક ગોળી દિવસમાં ત્રણ વાર આપવાથી તાવ જાય છે. ખોરાકમાં ચોખા અને મગ આપવા.

૨. રત્નગિરિ રસઃ-મનસીલ, હિંગળોક, લવિંગ અને જાયફળ એ સર્વનું સમભાગે ચૂર્ણ કરી આદુના રસમાં બે વાર ઘૂંટવું; એમાંથી ૧ રતી ધાણાના પાણીમાં અથવા દૂધમાં આપવાથી તાવ ઊતરે છે. ગુરુપ્રસાદી છે.

૩. નારાયણ જ્વરાંકુશઃ-તરુણજ્વર માટે સોમલ, વછ-

નાગ, ગંધક, પારો, હરતાલ, ત્રિકટુ, પીળી કોડીની ભસ્મ, ભાંગ, ધંતૂરાનાં બીજ અને ટંકણખાર સમભાગે લઈ આદાના રસમાં ખૂબ ઘૂંટી, બાજરીના દાણા જેવડી ગોળી વાળી, એકેક અથવા બબ્બે ગોળી દિવસમાં બે વખત પાણી સાથે આપવાથી, ગમે તેવો તાવ હોય તે પણ જલદીથી ઊતરી જાય છે.

૧૪-વૈદ્ય શ્રીધર ભાવરાવ દાણે-આકોટ

ચિંતામણિ ચતુર્મુખ રસઃ-રસસિંદૂર ૨ ભાગ, લોહ-ભસ્મ ૨ ભાગ, અબરખભસ્મ ૨ ભાગ, સોનાનો વરખ ૦ાા ભાગ, એ પ્રમાણે સર્વને વાટી કુંવારના રસમાં ખલ કરવાનો કહેલો છે; પણ અમારા દવાખાનામાં વાટીને રાખી મૂકવાનો ચાલ છે. કારણ કે એકલાં પડીકાં ઘણું સારું કામ કરે છે. એ રસ મોટાં માણસોને સવારસાંજ બબ્બે રતી, રુદ્રાક્ષ અને શંખના ઘસારામાં થોડું મધ મૂકીને આપવો અને તેમાં તુલસીનાં પાનનો રસ ૦ાા તોલો મેળવીને આપ્યો હોય તો વધારે ફાયદો કરે છે. રુદ્રાક્ષ અને શંખ ન મળે તો માત્ર મધથી ચાલે છે. આ ઓસડથી એકજ દિવસમાં મોટો તફાવત દેખાય છે એવો અમારો બહોળો અનુભવ છે. આ ઔષધથી એક પણ ન્યૂમોનિયાનો દર્દી અસાધ્ય થતો નથી.

૧૫-વૈદ્ય ચૂનીલાલ જેકીશનદાસ ચટપટ-સુરત

ટાઢિયો તથા મોસમનો તાવઃ-નવસાર તોલા ૧૦, કળીચૂનો તોલા ૧૦ એ બન્નેને જુદા જુદા વાટી કપડછાણ કરી, એક ચીની પ્યાલામાં મેળવી તેમાં શેરડીનો સરકો ૦ાા શેર રેડવો એટલે ફીણ આવશે. તે ફીણ બેસી ગયા પછી તેમાં પાણી શેર ૪ રેડી હલાવી નીતરવા દેવું. નીતર્યું પાણી તમામ નિતારી લઈ શીશીમાં ભરી રાખવું. તેમાંથી તાવવાળા દર્દીને ત્રણ ત્રણ કલાકે તોલા ૧ થી ૨ સુધી વરિયાળીના અર્ક સાથે અથવા પાણી સાથે

આપવાથી તાવ ઊતરી જાય છે. કેટલાક દરદીઓને તો એકજ વાર આપવાથી ઊતરી જાય છે અને ત્રીજી વખત પાવાથી તો તાવ રહેતોજ નથી. આ દવાથી પસીનો ખૂબ આવે છે, પેશાબ ખુલાસીને આવે છે ને લોહી સારૂં થાય છે. ઇન્ફ્લ્યૂએન્ઝા માટે આ દવા સોયે સો ટકા અકસીર નીવડી છે.

૧૬-વૈદ્ય નંદરામ પ્રાગજી પંડ્યા-નાગેશ્રી

૧. જ્વરાંકુશઃ-હરતાલ ૯ ભાગ, છીપનો ચૂનો ૪ ભાગ, મોરથુથુ ૧ ભાગ; સર્વેને બારીક વાટી કુંવારના અગણા રસમાં ખલ કરી સરાવ સંપુટમાં ગજપુટ અગ્નિ આપી, બારીક પીસી શીશી ભરી લેવી. તેમાંથી ૧ ચણોઠીભાર ખાંડ સાથે આપવો અને ઉપર દૂધભાત ખવડાવવાથી આઠે પ્રકારના તાવ જાય છે.

૨. સિદ્ધજ્વરાંકુશઃ-પારો, વછનાગ, ગંધક, સોમલ, હર તાલ, ટંકણ, કોડીની ભસ્મ, ધંતૂરાનાં બીજ, સૂંઠ, મરી, પીપર ભાગ, ઓળિયો એ સર્વ સમભાગે લઈ એક દિવસ આદુના રસ તથા એક દિવસ ઇંદ્રવરણાના રસમાં ખરલ કરી, એકેક રતી ગોળી વાળવી. એક ગોળી સવારે તથા સાંજે દૂધમાં અગર ઠ પાણીમાં અથવા સાકર અને જીરાના અનુપાનમાં આપવી. સ પાત ઉપર અધો તોલા આદાના રસમાં આપવી. સાદા તાવવાળ પથ્યમાં સાબૂચોખાની કાંજી અથવા દૂધભાત આપવાં; સન્નિપ વાળાને કેવળ બકરીનું દૂધ આપવું.

૩. એકાંતરિયો તાવઃ-ફટકડી ફુલાવી વાટી શીશ ભરી મૂકવી. પછી જે દિવસે વારો ન હોય તે દિવસે ૧ વાલ ફ ૩ વાલ પતાસાંના ભૂકામાં આપવી. અરધા કલાક સુધી પીવા ન દેવું. એ રીતે ૩ દિવસ આપવાથી એકાંતરિયો તાવ જતો રહે છે. આ ઉપાયથી સેંકડો માણસના તાવ ગયા

૪. સિદ્ધ ગુટિકાઃ-નેપાળો, ટંકણ, પારો, મોરથુથુ અને ગંધક સમભાગે આદુના રસમાં વાટી ૧ ચણોઠી જેટલી ગોળી બનાવવી. સર્વ જાતના તાવમાં એકેક ગોળી દિવસમાં બે વખત પાણી સાથે આપવાથી સર્વે જાતના તાવ જાય છે. પથ્યમાં ભાત, સાકર અને મગનું ઓસામણ આપવું. આ અનુભવેલો ઉપચાર છે.

૫. પારો, ગંધક, વછનાગ, ટંકણ, સૂંઠ, મરી અને પીપર એ સર્વેને સમભાગે લઈ ભાંગરાના રસની ભાવના આપી, મરી જેવડી ગોળી કરવી. એ ગોળી દિવસમાં ત્રણ વખત એકેકી સાકર સાથે આપવાથી સર્વ પ્રકારના તાવ જાય છે.

૧૯–વૈદ્ય ધીરજલાલ માણેકલાલ–વડોદરા

૧. મૃત્યુંજય રસઃ-વછનાગ, મરી, પીપર, ટંકણ અને ગંધક, એ સર્વ સમાનભાગે અને શુદ્ધ હિંગળોક બે ભાગ લઈ આદુના રસમાં ખરલ કરી એક રતીની ગોળી વાળવી. આ ગોળી સર્વ જ્વર ઉપર આબાદ કામ કરે છે. ટૂંટિયાના તાવ ઉપર ઘણીજ અસરકારક નીવડી છે. અજીર્ણ જ્વર ઉપર **આદિત્ય રસ** અને આ એક ગોળી એક લીંબુના રસ સાથે આપવી.

૨. માર્તંડોદયઃ-હિંગળોક તોલા ૨, નેપાળો તોલા ૧॥ ટંકણ તોલા ૧ અને વછનાગ તોલો ૦॥, આ સર્વને આદુના રસમાં ખૂબ ખરલ કરી વાલ વાલની ગોળી કરી તાવ, શ્વાસ, ઉદરરોગ, ગુલ્મ, પાંડુરોગ, અજીર્ણ વગેરે રોગમાં આપવી અને છાશભાત ખાવા આપવો. ગોળી ઘણી રેચક છે માટે વિચાર કરીને આપવી.

૩. જીર્ણજ્વરાંતકઃ-સૂર્યપુટી પ્રવાલભસ્મ ૪ ભાગ, કોડીભસ્મ ૨ ભાગ, ગળોસત્ત્વ ૪ ભાગ અને પ્રવાલભસ્મ અગ્નિપુટી ૧ ભાગ એ સર્વ ભેળવી ઘૂંટીને એક એક વાલ દિવસમાં ત્રણ વાર આપવાથી ગમે તેવો જીર્ણજ્વર હોય તે મટીને શક્તિ આપે છે. આ

સાથે ફીવર પિલ્સ, નિંબાદિ ચૂર્ણ, મૃત્યુંજય વગેરે. આપવાથી ઘણો જલદી આરામ થાય છે. આ દવા પણ મારા પોતાના અનુભવની છે. જીર્ણજ્વરાંતક રસ પીપર સાથે આપવી.

૪. ફીવર પિલ્સઃ-મરી, હીમજીહરડે, મીંઢીઆવળ, હિ-ચેલીની મીંજ, લિંબોળીની મીંજ એ બબ્બે તોલા તથા એળિયો તોલો ૧, આ સર્વને ખાડી કુંવારના રસમાં ચણીબોર જેવડી ગોળી કરી તે પાણી સાથે ગળાવવાથી સર્વ જ્વરનો નાશ કરે છે, ઝાડો સાફ લાવે છે અને પિત્તને દૂર કરે છે. ભાવપ્રકાશના જ્વરાધિકાર-માં કહેલું લિંબાદી ચૂર્ણ તેના લખ્યા પ્રમાણે બરાબર કામ કરે છે.

૧૮-વૈદ્ય ધીરાબાવા ગુમાનબાવા-સણીઆ

ચોથિયો તાવ ખાતરીથી મટાડવો હોય તો ખેતરમાં ભર-વાડાનો છોડ થાય છે તે છોડને કાળીચૌદસને દિવસે ગૂગળનો ધૂપ દેવો તથા ચોખાથી વધાવી એમ કહેવું કે, "અમારે જોઇયે ત્યારે લઈ જઈશું અને જે કામે લઇશું તે કામ તમારે સિદ્ધ કરવું." પછી જોઇએ ત્યારે લાવી શણની સાથે ભરવાડાનું મૂળિયું સાત ગાંઠ વાળી બાંધીને આપવું. તેને હાથે બાંધી ગૂગળનો ધૂપ દેવો મૂળિયું તાજું લાવવું એટલે તાવ જશે. પણ નવ વારી સુધી ગોળ ખાવા નહિ; ગોળ ખાવાથી તાવ પાછો આવે છે; અનુભવસિદ્ધ

૧૯-માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

જ્વરઃ-સૂકાં આમળાં, ચિત્રો, હીગળ, પીપર અને ચિ એનો કાઢો પીવાથી સર્વ જ્વર નાશ પામે છે. સૂંઠ તથા ધાતાનો કાઢો ઠંડો પાડી પીવાથી તાવ જાય છે.

૨૦-વૈદ્ય છગનલાલ રાયચંદ-ગાંબટ

સળીવાળો નવસાર પાણીમાં પિગાળી ગાળીને તેને

કઢાઇમાં નાખી પકાવવો. પાણી બળતાં જાડું થવા આવે એટલે હેઠે ઉતારી સુકાવા દેવો, એટલે રાખોડી રંગનો બનશે. તે મોટી ઉંમરનાને બબ્બે વાલ, બે વાર કે ત્રણ વાર કરિયાતાની ચા સાથે મેળવીને નિત્ય આપવો. વધારે દિવસ ચાલુ રાખવાથી જીર્ણ જ્વર ગાંઠ, કમળો પાંડુ, સોજા, હરસ અને બરોળ તથા મંદાગ્નિને મટાડે છે. તેમજ તેથી બેવડે વજને લેવાથી એકાંતરિયો તથા ચોથિયો તાવ,. આદાશીશી, માથાનું દુખવું, સણકા, રાંઝણવા, ટચકિયું અને કફજ્વર તથા ઉધરસ મટાડે છે. મારા દવાખાનામાં દસ વરસથી વપરાય છે.

૨૧–કમ્પાઉન્ડર રામકૃષ્ણ રેવાશંકર–બાદર

૧. સમુદ્રફળના ઝાડની છાલનો ઉકાળો કરી અઢી રૂપિયાભાર પાવાથી એકાંતરિયો તાવ ઊતરી જાય છે. ભોંય રીંગણીનું દાતણ કરવાથી પણ તાવ અટકી જાય છે.

૨. રીંગણીનું દાતણ કરવાથી ત્રણ દિવસમાં તાવ જાય છે.

૩. કરોળિયાનાં જાળાંની દિવેટ કરી, કાજળ પાડી આંખમાં આંજવાથી તાવ જાય છે.

૪. કડુ તોલા ૨, મરી તોલા ૧, સંચળ તોલો ૦ા, ભાંગ તોલો ૦ા, સર્વ વસ્તુનું ચૂરણ કરી આદાના રસમાં અથવા સૂંઠના ઉકાળામાં ઘૂંટી સાઠ ગોળી વાળવી. સવારસાંજ એક એક ગોળી ખવડાવવી. ત્રણ દિવસમાં તાવનો નાશ થાય છે. અનુભવસિદ્ધ છે.

૨૨–વૈદ્ય મણિશંકર ભાનુશંકર–વલસાડ

કાચા ઝેરકચૂરાનું ચૂરણ તોલા ૨, વછનાગ બે આનીભાર, ધોળાં મરી તોલો ૧ લઈ ઝેરકચૂરાને ગાયના મૂત્રમાં દિવસ પંદર પલાળી તેનાં છોડાં કાઢી ખાંડવાં. તેનું ચૂરણ કરી તેમાં વછનાગ વગેરેનું ચૂરણ મેળવી પાનના રસમાં ખલી મગ જેવડી ગોળી વાળી,

૨. એકાંતરિયો, ચોથિયો તથા ટાઢિયો તાવ જે ચોક્કસ વખતે આવે છે તે આવતો હોય, ત્યારે તેની એક કલાક અગાઉ ૧ પૈસાની ભાંગ લઈ તેમાંથી ગિયાં વગેરે કચરો કાઢી નાખી તેમાં જરા પાણી નાખી, બારીક ઘૂંટવી ને લૂગદી બનાવવી. પછી ૦ાા તોલા ગોળનું પાણી કરી તેમાં પેલી લૂગદી નાખી, એકરસ કરીને દરદીને પાઇ દેવી. એથી દરદી વખતે ઘેનમાં પડશે, પણ બીજી વારીએ તાવ આવશે નહિ. એટલું ધ્યાનમાં રાખવું કે, ચોક્કસ વખતે ઠંડી સાથે તાવ આવતો હશે અને કલાક આગળ આ દવા અપાઈ હશે તેનેજ ફાયદો કરશે. ઊંઘમાંથી ઊઠે ને જો દરદી ખાવા માગે, તો તેને મગજ તર થાય અને પાચન થાય તેવો ખોરાક આપવો. આ ઉપાયથી સેંકડો દરદીઓ સારા થાય છે.

૨૭–કેશવરામ હરિશંકર ભટ્ટ–કાપોદ્રા

સર્વજ્વરઃ-કિવનાઇન તોલો ૧, ગુંદર બે આનીભાર, કપૂર બે આનીભાર, અર્કમૂળની છાલ તોલો ૦ા, એ સર્વની પાણીમાં તુવેરના દાણા જેવડી ગોળીઓ વાળવી. સવાર, બપોર ને સાંજ એકેક ગોળી પાણીમાં ગળાવવી.

૨૮–વૈદ્ય કૃષ્ણારામ ભવાનીશંકર–ભાવનગર

૧. કડુ, જવખાર અને અતિવિષની કળી એનું બારીક ચૂર્ણ કરી, આદુના રસમાં દિવસમાં ત્રણ વાર આપવાથી જે તાવમાં બાદી વધારે હોય અને તાવ જોરમાં ચડેલો હોય તેમાં સારું કામ કરે છે.

૨. હરડે, સિંધવ અને કડુ આ ત્રણનું ચૂર્ણ આદુના રસમાં ઉપર પ્રમાણે કામ કરે છે, પણ બાળકોના તાવમાં એ

૨૯-વૈદ્યશાસ્ત્રી એસ. એલ. બર્મન-સુરત

૧. કાળી દ્રાક્ષ, હરડાં, પિત્તપાપડો, નાગરમોથ, કડુ અને ગરમાળાનો ગોળ એનો કવાથ કરી પીવાથી દસ્તનો ખુલાસો થઈ તાવ ઊતરી જાય છે.

૨. કાળીજીરી તોલા ૨, કડુ તોલા ૨ અને સિંધવ તોલા ૪ એનું ચૂર્ણ કરી, દિવસમાં ત્રણ વાર પાણી સાથે બે આનીભાર આપવાથી પિત્ત-કફ-જ્વર ઊતરી જાય છે.

૩. ધંતૂરાનાં પાતરાં, કાળીજીરી, કુલાવેલી ફટકડી, કાળાં મરી અને શુદ્ધ કરેલી ભાંગ સરખે ભાગે લઈ બારીક વાટી, ચણા જેવડી ગોળી વાળવી. તાવ આવવાના ૪ કલાક પહેલાં એકેક ગોળી ગરમ પાણી સાથે આપવાથી દરેક પ્રકારના ટાઢિયા તાવને રોકે છે. ત્રણ-ચાર ગોળી લીધા પછી તાવ આવતોજ નથી. અનુભવસિદ્ધ છે.

૪. કડુ, કરિયાતું, કાળીજીરી, કોલમ, અતિવિષની કળી, નાગરમોથ અને ગળો આ દરેકને સરખે ભાગે લઇ ચૂર્ણ કરી, તેમાંથી બે તોલા ચૂર્ણ લઈ ૧૦ તોલા પાણીમાં નાખવું. રાત્રે પલાળી સવારે ગાળી લઈ, દિવસમાં ત્રણ વાર પાવું, તેથી જીર્ણ-જ્વર જરૂર જાય છે. ઘણો અજમાવેલો છે.

૫. તોલા ૦ા પ્રવાલપિષ્ટીને ગુલાબજળની ૭ ભાવના આપવી. તેમાં શુદ્ધ મોતીની ભસ્મ તોલો ૦ા મેળવવી. તેમાંથી બબ્બે રતી દિવસમાં બે વખત બનફસાના શરબતની સાથે આપવાથી ગમે તેવો જીર્ણજ્વર દૂર થઈ, માણસ તંદુરસ્ત અને સશક્ત બને છે. આ ઉપાય ખાસ અજમાવેલો છે.

૩૦-સાધુ ગંગાદાસજી સેવાદાસજી-સુરત

કરિયાતું તોલો ૧, કાળી દ્રાક્ષ તોલો ૧ અને સૂકા ધા

બબે ગોળી દિવસમાં ત્રણ વાર પાનના રસ સાથે આપવાથી જીર્ણ-જ્વર, શૂળ, મંદાગ્નિ કાચા આડા, વાયુ વગેરેમાં ફાયદો કરે છે.

૨૩-મહંત જમનાદાસ મદનજી વૈષ્ણવ-વેરાવળ

કરિયાતું પાણીમાં પલાળીને પાવું.

૨૪-વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી-ભુવાલડી

કડુ તોલો ૦ા ખાંડી ઠંડા પાણી સાથે આપવાથી સર્વ પ્રકારના તાવ કબજિયાત મટી સારા થાય છે. ઇન્ફ્લ્યુએન્ઝામાં આ દવા વાપરવાથી સેંકડે ૭૫ ટકા સફળ પરિણામ મળ્યું હતું.

૨૫-વૈદ્ય પુરુષોત્તમ બેચરભાઈ યાજ્ઞિક-કાલોલ

૧. જ્વરાંકુશઃ-વરકી હરતાલ ભાગ ૯, મોતીની છીપનો ચૂનો ભાગ ૨, મોરથથુ ભાગ એક અને કુંવારપાઠાનો ગર્ભ સર્વ ચીજોના વજનથી બમણો લઈ, પછી તેમાં તે સર્વને એક દિવસ સુધી ખલ કરવો, ત્યાર પછી તેનો પાણી સાથે ગોળો કરી, બે સરાવળાની અંદર તે ગોળાને મૂકી, તે બન્ને સરાવળાને એકબીજા સાથે ઘઉંના આટાની કણકથી મજબૂત જોડી દઈ કપડમટ્ટી કરી, તે સુકાયેથી ગજપુટ અગ્નિ આપવો. પછી ભઠ્ઠી શાંત થાય ત્યારે અંદર મૂકેલું સરાવસંપુટ કાઢી તેમાં તૈયાર થયેલી દવા કાઢી લઈ, તેને ઘૂંટી કાચની એક બાટલીમાં ભરી લેવી. તાવ ચડતાં પહેલાં આ દવા વાલ એક તથા ખાંડ વાલ એકનું મિશ્રણ કરી પાણી સાથે ફાકવું અને તેની ઉપર તુરતજ દૂધ અને ગોળા ચોખા ખાવા. ગમે તે જાતનો તાવ એકજ દિવસમાં નાશ પામે છે. આ દવા ફક્ત એકજ વખત આપવાની જરૂર પડે છે.

૨. નાગલા દૂધેલીનાં પાતરાનો રસ તોલા ૪ કાઢી કપડાથી ગાળી, તેની અંદર કાળાં તીખાં (મરી)નું ચૂર્ણ તોલો ૦ા મેળવી,

પાવાથી ગમે તે જાતનો તાવ માત્ર એક અગર ત્રણ દિવસમાં નાશ પામે છે અને ફરીથી ઊથલો મારી પાછો આવતો નથી. આ દવા મોટી નામાંકિત પેટંટ દવા કરતાં પણ સારું કામ બજાવે છે. પચાસ કેસ પર વાપરી છે પણ નિષ્ફળ નીવડી નથી.

૩. **તાવ ઉતારવાનું ચૂર્ણઃ**—સોનામુખી તોલો ૧, પીપર તોલો ॥, કરિયાતું તોલો ૧, કડુ તોલો ૧, એ દરેક ચીજ ઉપરના માપ પ્રમાણે લઈ, વાટી વસ્ત્રગાળ કરી, તેનાં સરખા વજનનાં ત્રણ પડીકાં બનાવવાં. સવારસાંજ એક પડીકું ઠંડા પાણી સાથે પાવું. બાકીનું પડીકું બીજે દિવસે સવારે આપવું. એથી ગમે તેવો ચડેલો તાવ, કાયમની ગરમી રાખી ઊતરી જાય છે. તથા હૃદય ઠંડું પડતું નથી. ઘણા કેસોમાં વાપરી ખાતરી કરી છે.

૪. અંકોલનાં મૂળની અંતરછાલની ભૂકી વસ્ત્રગાળ બનાવી ગરમ ચા અગર ગરમ પાણી સાથે આપવાથી ૦॥ કલાકમાંજ તાવ ઊતરી જાય છે. હૃદય નરમ પડતું નથી. પાંચથી દશ ગ્રેઇન સુધી આ દવા અપાય છે. ઊલટી થાય તો બિલકુલ બીવું નહિ. આ દવાની ભૂકી ગરમ ચા સાથે પાઈ દર્દીને તરત સુવાડી ઉપર ગોદડાં ઓઢાડવાં. પરસેવો પુષ્કળ થઈ તાવ ઊતરે કે ગોદડાં કાઢી લેવાં. એક કપડું અંગ પર તો જરૂર રાખવું.

૨૬–શાહ દુર્લભદાસ કરસનદાસ મહેતા–મુંબઈ

૧. શેકેલાં કાચકાંનો ભૂકો તોલો ૦। તથા મરી વાલ ૨॥ લઈ તેમાં મેળવી ત્રણ પડીકાં બનાવવાં. તાવ આવવાનો વખત થાય ત્યાં સુધી કલાક કલાકને અંતરે એ પડીકાં આપવાં. આ દવાથી એકાંતરિયો તથા ચોથિયો તાવ આવશે નહિ. કદાચ એક વારીમાં ફાયદો ન દેખાય ને તાવ આવે તો બીજી વારીએ તો જરૂર આરામ થઈ જશે.

૨. એકાંતરિયો, ચોથિયો તથા ટાઢિયો તાવ જે ચોક્કસ વખતે આવે છે તે આવતો હોય, ત્યારે તેની એક કલાક અગાઉ ૧ પૈસાની ભાંગ લઈ તેમાંથી બિયાં વગેરે કચરો કાઢી નાખી તેમાં જરા પાણી નાખી, બારીક ઘૂંટવી ને લૂગદી બનાવવી. પછી ૦॥ તોલા ગોળનું પાણી કરી તેમાં પેલી લૂગદી નાખી, એકરસ કરીને દરદીને પાઇ દેવી. એથી દરદીવખતે ઘેનમાં પડશે, પણ બીજી વારીએ તાવ આવશે નહિ. એટલું ધ્યાનમાં રાખવું કે, ચોક્કસ વખતે ઠંડી સાથે તાવ આવતો હશે અને કલાક આગળ આ દવા અપાઈ હશે તેનેજ ફાયદો કરશે. ઊંઘમાંથી ઊઠે ને જો દરદી ખાવા માગે, તો તેને મગજ તર થાય અને પાચન થાય તેવો ખોરાક આપવો. આ ઉપાયથી સેંકડો દરદીઓ સારા થાય છે.

૨૭–કેશવરામ હરિશંકર ભટ્ટ–કાપોદ્રા

સર્વજ્વરઃ-ક્વિનાઇન તોલો ૧, સુંદર બે આનીભાર, કપૂર બે આનીભાર, અકંમૂળની છાલ તોલો ૦।, એ સર્વની પાણીમાં તુવેરના દાણા જેવડી ગોળીઓ વાળવી. સવાર, બપોર ને સાંજ એકેક ગોળી પાણીમાં ગળાવવી.

૨૮–વૈદ્ય કૃષ્ણારામ ભવાનીશંકર–ભાવનગર

૧. કડુ, જવખાર અને અતિવિષની કળી એનું બારીક ચૂર્ણ કરી, આદુના રસમાં દિવસમાં ત્રણ વાર આપવાથી જે તાવમાં બાદી વધારે હોય અને તાવ જોરમાં ચડેલો હોય તેમાં સારું કામ કરે છે.

૨. હરડે, સિંધવ અને કડુ આ ત્રણનું ચૂર્ણ આદુના રસમાં આપવાથી ઉપર પ્રમાણે કામ કરે છે, પણ બાળકોના તાવમાં એ ઘણુંજ ઉપયોગી થઈ પડ્યું છે.

૨૯-વૈદ્યશાસ્ત્રી એસ. એલ. બર્મન-સુરત

૧. કાળી દ્રાક્ષ, હરડાં, પિત્તપાપડો, નાગરમોથ, કડુ અને ગરમાળાનો ગોળ એનો કવાથ કરી પીવાથી દસ્તનો ખુલાસો થઈ તાવ ઊતરી જાય છે.

૨. કાળીજીરી તોલા ૨, કડુ તોલા ૨ અને સિંધવ તોલા ૪ એનું ચૂર્ણ કરી, દિવસમાં ત્રણ વાર પાણી સાથે બે આનીભાર આપવાથી પિત્ત-કફ-જ્વર ઊતરી જાય છે.

૩. ધંતૂરાનાં પાતરાં, કાળીજીરી, ફુલાવેલી ફટકડી, કાળાં મરી અને શુદ્ધ કરેલી ભાંગ સરખે ભાગે લઈ બારીક વાટી, ચણા જેવડી ગોળી વાળવી. તાવ આવવાના ૪ કલાક પહેલાં એકેક ગોળી ગરમ પાણી સાથે આપવાથી દરેક પ્રકારના ટાઢિયા તાવને રોકે છે. ત્રણ-ચાર ગોળી લીધા પછી તાવ આવતોજ નથી. અનુભવસિદ્ધ છે.

૪. કડુ, કરિયાતું, કાળીજીરી, કોલમ, અતિવિષની કળી, નાગરમોથ અને ગળો આ દરેકને સરખે ભાગે લઈ ચૂર્ણ કરી, તેમાંથી બે તોલા ચૂર્ણ લઈ ૧૦ તોલા પાણીમાં નાખવું. રાત્રે પલાળી સવારે ગાળી લઈ, દિવસમાં ત્રણ વાર પાવું, તેથી જીર્ણજ્વર જરૂર જાય છે. ઘણો અજમાવેલો છે.

૫. તોલા ૦ાા પ્રવાલપિષ્ટીને ગુલાબજળની ૭ ભાવના આપવી. તેમાં શુદ્ધ મોતીની ભસ્મ તોલો ૦ાા મેળવવી. તેમાંથી બબ્બે રતી દિવસમાં બે વખત બનફસાના શરબતની સાથે આપવાથી ગમે તેવો જીર્ણજ્વર દૂર થઈ, માણસ તંદુરસ્ત અને સશક્ત બને છે. આ ઉપાય ખાસ અજમાવેલો છે.

૩૦-સાધુ ગંગાદાસજી સેવાદાસજી-સુરત

કરિયાતું તોલો ૧, કાળી દ્રાક્ષ તોલો ૧ અને સૂકા ધાણા

તોલો ૧ એ ત્રણેને કાચના પ્યાલામાં નાખી, ના શેર પાણીમાં સાંજે પલાળવું. સવારમાં તેમાંથી નવટાંક પાણી પાવું ને નવટાંક બીજું ઉમેરવું. એ પ્રમાણે દિવસમાં ત્રણ વાર એવું એ ઓસડ સાત દિવસ પાવાથી તાવ જાય છે.

૩૨-વૈદ્ય આણંદજી શવજી-ઊના

૧. કરેણાનાં ફૂલ, આકડાનાં ફૂલ, ધંતૂરાનાં ફૂલ, રીંગણીનાં ફૂલ, હિંગળોક, ચીનીકબાલા, એલચી, વછનાગ, કપૂર, કેશર, લવિંગ, અકલગરો, અફીણ, પીપર, મસ્તકી, જાયફળ અને જાવંત્રી એ સર્વ સમાનભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી, નાગરવેલના પાનનો રસ અથવા મધ મેળવી ગોળીઓ વાળવી. એ ગોળીથી તાવ તથા અતિસાર મટે છે. જઠરાગ્નિ, બુદ્ધિ, બળ અને વીર્ય પણ વધે છે.

૨. ભોંયઆમલીનાં પંચાંગને પાણી સાથે વાટી તેમાં કાળાં મરી દાણા સાત મેળવી, એકરસ કરી ભાંગની પેઠે જરા પાણી નાખી વસ્ત્રગાળ કરી, સાંજસવાર ત્રણ દિવસ પાવાથી ઊનો કે ટાઢિયો તાવ જરૂર ઊતરી જાય છે. ભોંયઆમલીમાં એક મોટી ભોંયઆમલી, બીજી ખરસી ભોંયઆમલી અને ત્રીજી ખરસી ભોંયઆમલી થાય છે, તેમાંથી આ દવામાં ત્રીજા નંબરની ભોંયઆમલી વાપરવી.

૩૨-ડૉક્ટર ચંદુલાલ મુકુન્દરાય-પાટણ

જ્વરાંકુશ:-બે તોલા ફટકડીની વચમાં ના તોલો સોમલ મૂકી તેનો સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયે વાટી શીશીમાં ભરી રાખવું. તેમાંથી ૧ ચોખાપૂર દૂધસાકર સાથે આપવાથી સર્વ તાવ જાય છે. આ દવા બાળકને આપવી નહિ. પરેજીમાં તેલ, ખાંડ, ખટાશ આપવાં નહિ. આ જ્વરાંકુશ અમે ખાસ વાપરીએ છીએ.

૩૩–બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

અજમોદ, વાયવડિંગ, સૂંઠ, પીપર, પીપરીમૂળ, હરડે, મરી, વરધારો, દેવદાર, આસન, તજ, તમાલપત્ર, લવિંગ, સિંધવ, અનકુલગરો, ચીનીકબાલા અનેખોરાસાની અજમો, એ સર્વે ખાંડી કપડછાણ કરી, માળવી ગોળમાં બોર જેવડી ગોળીઓ બનાવી, પ્રભાતે એક ગોળી ખાવાથી ભૂખ લાગે છે તથા પેટનો વાયુ મટે છે તેમજ તાવ પણ જાય છે.

૩૪–વૈદ્ય નરસિંહભાઈ માધવભાઈ–કઠોર

૧. શંખભસ્મને આકડાના દૂધમાં પલાળી ત્રણ ગજપુટ આપવા. પછી તેમાંથી ૧ વાલ મધ સાથે આપવાથી તાવ જાય છે.

૨. શંખભસ્મ ૧ ભાગ, હરતાલ ૧ ભાગ અને મોરથૂથુ ૯ મો ભાગ લઈ, સર્વને કુંવારના રસમાં ખલ કરી ગજપુટ અગ્નિ આપી, દરદીનું બળ તપાસી સાકરના પાણીમાં આપવાથી તાવ જાય છે. દૂધ અને ભાત ખવડાવવો.

૩. ઝેરકચૂરાને ખાંડી ચૂર્ણ કરી, પછી નાઈ અને કડુ એ બેઉનો રસ એકેક શેર લઈ, તેમાં ફુલાવેલી ફટકડી અને પકાવેલો સૂરોખાર મેળવી ખૂબ ખલ કરવો. ત્યાર પછી કલાઈના વાસણમાં ઠરવા દેવું, એટલે તડકે મૂકવું. ગોળી બનવા જેવું થાય ત્યારે ગોળી બનાવવી. આ ગોળીઓ દશાખના પાણીમાં અથવા સાકરના પાણીમાં આપવાથી તાવ જાય છે.

૪. કાથો, કપૂર અને સૂરોખાર, સમભાગે લઈ મધમાં બબ્બે રતીની ગોળી વાળવી. દિવસમાં ત્રણ વાર આપવાથી તાવ જાય છે.

૫. ઘોઘેલી હરતાલ અને ચૂનો મેળવીને એકેક રતીની ગોળી બનાવવી. એકજ ગોળી સવારમાં આપવી. રોગીને દૂધભાત કે

સાકરનો શીરો એ સિવાય કાંઈ ખાવાપીવા આપવું નહિ. એકજ ગોળીથી ચોથિયો, એકાંતરિયો અને ટાઢિયો તાવ જાય છે. ઊલટી થાય તો જરા પણ ગભરાવું નહિ.

૩૫-વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

૧. કડુ, ઇંદ્રજવ, કરિયાતાની પાંદડી, મોથ, અતિવિષની કળી અને લીમછાલ, એ સર્વ સમભાગે લઈ વાટી ચૂર્ણ કરી, ત્રણ વાલનાં પડીકાં દિવસમાં ત્રણ વાર ઠંડા પાણી સાથે આપવાથી, ત્રણે દોષના તાવ ઉપર આબાદ અસર કરે છે.

૨. એકાંતરિયો તાવઃ-કરોળિયાનું પડ કે જે ભીંત વગેરે ઠેકાણે સફેદ રંગનું બનેલું ચોંટેલું હોય છે, તે એક પડની ગોળમાં ગોળી કરી દિવસમાં ત્રણ વાર ખવડાવવાથી એકજ વારીએ તાવ જાય છે, તે ફરીથી આવતો નથી.

૩૬-વૈદ્ય નારુશંકર હરગોવિંદ અધ્યારુ-બારડોલી

૧. ફટકડી ફુલાવેલી તથા ધાપહાણ ફુલાવેલો સરખે વજને લઈ ધંતૂરાના રસમાં ચણા જેવડી ગોળી વાળવી. બબ્બે ગોળી પાણી સાથે ગળાવવી, તેથી પિત્તજ્વરને મટાડે છે. પથ્ય તાવનું છે.

૨. મહામૃત્યુંજય રસઃ—સુવર્ણમાક્ષિકભસ્મ, હરતાલ, નેપાળો, વછનાગ, મનસીલ, તામ્રભસ્મ, ગંધક, પારો અને પારા ગંધકની કાજળી કરી બીજાં વસાણાં મેળવી ભૂસળીના રસમાં ઘૂંટી, સરાવ સંપૂટમાં મૂકી હલકો (કુકુટપુટ) અગ્નિ આપવો. બાદ ઝીણું ઘૂંટી દિવસમાં ત્રણ વાર મગ જેટલું પિત્તજ્વરમાં આપવું. વાતકફજ્વરને ફતેહગંદીથી મટાડે છે. વૈદ્યસારસંગ્રહનો પાઠ છે અને અમારો ખાસ અજમાવેલો છે.

૩. ધંતૂરાનાં ગ્રાડાવલ્યુ પાનરાં ચાળી મચળી ચીંધરામાં

બાંધી, હાથે બાંધવાથી એકાંતરિયો તાવ જાય છે. તાવ આવતાં પહેલાં બાંધવું.

૪. ધંતૂરાના રસનાં ત્રણ ટીપાં દહીંમાં મેળવી એકાંતરિયો તાવ આવતાં પહેલાં વારીને દિવસે આપવાથી તાવ આવતો અટકે છે. તેલ ખાવા દેવું નહિ. વધુ રસ આપવો નહિ.

૫. પ્લેગની ગાંઠ:—કોયાવડનાં પાતરાં ગરમ કરી ગાંઠ ઉપર મૂકવાથી વેદના શાંત થાય છે. એથી ગાંઠ વેરાય છે અથવા પાકે છે. પપૈયાના ફળનું છીણ કરી ગાંઠ ઉપર ગરમ કરી બાંધી શેક કરવાથી, પ્લેગની ગાંઠ ઝીણી હોય અને અગન બળતી હોય તો વછન (હરણ ખુરી) ના પાનની લૂગદી બનાવી ગાંઠ ઉપર મૂકવાથી અગ્નિ શાંત થાય છે.

૩૭–વૈદ્ય ચંચળદાસ જાદવજી–મુંદ્રા

પ્લેગનો ઉપાય:—સંજીવની ગુટિકા યોગચિંતામણિ પ્રમાણે બનાવી પ્લેગવાળાને આદુના ગરમ કરેલા રસમાં એક એક ગોળી કલાકે કલાકે આપવાથી તાવ ઊતરી જાય છે. પ્લેગની ગાંઠ ઉપર ગંદો બેરંજો કપડછાણ કરેલો તોલા ૫, તેમાં તોલો ૦ાા મોરથુથુ અને બે આનીભાર સોમલ મેળવી મલમ બનાવી તેની પટી ગાંઠ ઉપર લગાવી, ઉપર એરંડાનું પાન ગરમ કરી બાંધવું અને ગરમ ઈંટથી શેકવું તો ગાંઠ બેસી જાય છે.

૩૮–એક વૈદરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. કાચકાં (કાકચ) ભાગ ૪, અતિવિષ ભાગ ૨, સિંધવ ભાગ ૩ અને મરી ભાગ ૧નું ચૂર્ણ કરી, દિવસમાં ત્રણ વાર બબ્બે વાલ પાણી સાથે આપવાથી તાવ મટે છે.

૨. કાળીજીરી ૧, દિકામાળી ૧, સિંધવ ૧, નસોતર ૧, પિત્તપાપડો ઘાસ (ખડસલિયો) ૫ અને મરી ૧ ભાગ લઈ તેનું

ચૂરણ કરી ચાર ચાર વાલ ગરમ પાણી સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી તાવ મટે છે.

૩. ઉપલસરી તોલા ૫, ઇંદ્રજવ તોલા ૩, કોલંબો તોલો ૧, કરિયાતું તોલો ૧, જેઠીમધ તોલા ૨ાા, ચોપચીની તોલા ૨, સોનામુખી તોલો ૧, હીમજ તોલા ૪, વરિયાળી તોલા ૨ાા, ગુલાબનાં ફૂલ તોલો ૧, ગુલેગનફસા તોલા ૨, ઉનાબ દાણા નંગ ૧૫, એ સર્વને ખોખરું કરી દશ રતલ પાણીમાં ઉકાળી, સત્રાશેર પાણી રહે ત્યારે ગાળી, તેમાંથી દિવસમાં ત્રણ વાર બબ્બે તોલા આપવાથી જીર્ણજ્વર, રક્તપિત્ત, ચામડીનાં દર્દો, ઉધરસ અને દમને મટાડે છે.

૩૯-વૈદ્ય પ્રાણશંકર-સમની, વાયા ભરૂચ

૧. ફુલાવેલી ફટકડી વાલ બેથી ચાર સુધી દહીંમાં ચટાડવાથી તાવ જાય છે.

૨. ઇશબગુલ (ઓથમી જીરું)નું ચૂરણ સરકામાં મેળવી લેપ કરી માથે કે કપાળે લેપ કરવાથી તાવનું માથું ઊતરી જાય છે.

૩. દારૂ હળધર ૧ ભાગ, અતિવિષ એક અષ્ટમાંશ તથા કાળીજીરી ૧ લઈ ભાગ એનું ચૂરણ કરી, એક વાલ પાણી સાથે આપવાથી તાવને ઉતારે છે, પસીનો લાવે છે, શક્તિ જતી નથી.

૪૦-વૈદ્ય માણેકલાલ દોલતરામ-કપડવણજ

જ્વર માટેઃ-રસરાજ સુંદરનો જ્વરમાર્તંડકેસરી રસનો ઉપયોગ કરું છું. જેથી સર્વ પ્રકારના તાવ જાય છે. એકથી બે વાલ ગરમ પાણી સાથે સવારે અને સાંજે સુદર્શન ચૂર્ણના ફાંટ સાથે અપાય છે.

૪૧-વૈદ્ય મંગળભાઈ ભૂધરભાઈ-બાવળા

૧. લાલરસઃ-હિંગળોક, વછનાગ, ખડિયો ખાર, ફુલાવેલ,

લવિંગ, જાયફળ, પીપર, અકલગરો અને અફીણ એ સર્વેનું ચૂરણ કરી આદુના રસની ભાવના દઇને મરી જેવડી ગોળી વાળીને સવારસાંજ અનુપાન સાથે આપવી. આ ગોળી ઘણા રોગોને ફાયદો કરે છે. આ રસ અમારો અજમાવેલો અને ઘણો ઉત્તમ છે.

૪૨–વૈદ્ય મણિશંકર જાદવજી જોષી–કાનપર

૧. જીર્ણજ્વર, મંડૂર તથા લીંડીપીપરનું ચૂર્ણ મધમાં ચાટવું.

૨. લીંડીપીપરનું ચૂરણ જૂના ગોળમાં દેવું.

૪૩–વૈદ્ય ડાહ્યાભાઈ બાજીભાઈ–સાયણ

૧. સૂરોખાર ભાગ ૧, બરાસ ભાગ ૧ અને સુખડ ભાગ ૧ નું ચૂરણ કરી, એક ચણોઠીભાર પાણી સાથે આપવાથી પાંચે પ્રકારના તાવ જાય છે.

૨. કાચું ઘાપહાણુ ભાગ ૧ અને કુલાવેલો ટંકણ ભાગ ૧ એનું ચૂર્ણ કરી તાવ ન ઊતરતો હોય, ઝાડા તથા ઊલટી થતાં હોય, જીવને ઘણી ગભરામણ થતી હોય, તો બેથી ત્રણ વાલ બકરીના દૂધમાં અથવા ગાયના દૂધમાં દિવસમાં ત્રણ વાર આપવાથી બધી જાતના ઉપદ્રવવાળો તાવ મટે છે.

૪૪–વૈદ્ય લલ્લુભાઈ નાથાભાઈ–બોરુ

૧. કફજ્વર ઉપર કુલાવેલી ફટકડી અને લીંડીપીપરનું ચૂર્ણ બે આનીભાર એક રૂપિયાભાર મધમાં બે વાર ચાટવું. જેથી કફજ્વર મટે છે. ઘઉંનો ખોરાક બંધ કરવો.

૨. નાગલા દૂધેલી સૂકવીને ચૂરણ કરવું. તેથી બમણું જેઠીમધનું ચૂરણ લઈ મેળવી જે વજન થાય તેટલું સાકરનું ચૂરણ મેળવવું. આ ચૂરણ ટંકે ૦ા રૂપિયાભાર ટાઢા પાણીમાં આપવાથી જીર્ણજ્વર, દમ, મરડો વગેરે મટી જાય છે.

૩. અતિવિષનું ચૂરણ બે આનીભાર તથા સૂરોખાર બેઆની-ભારનું ચૂરણ એક રૂપિયાભાર મધમાં ચાટવાથી તાવ ઊતરી જાય છે.

૪. હરડે અને અતિવિષ, બે બે આનીભાર લઈ ચૂરણ કરી, અર્ધા રૂપિયાભાર ઊના પાણીમાં દિવસમાં ત્રણ વાર આપવું. ખોરાક આપવો નહિ. ચાલે એમ ન હોય તો મગનો બાફેલો ખોરાક આપવો. તાવ ઊતરી જશે.

૫. કાંકચ (કાચકાં) શેકેલાંની મીંજ, તેની બરાબર કાળાં મરી મેળવી ચૂર્ણ કરવું. અને ૦। રૂપિયાભાર ટાઢા પાણીમાં ત્રણ વાર પાવાથી તાવ જાય છે. આ ઉપાયો અમારા અજમાવેલા છે.

૪૫-કુમારશ્રી દેવીસિંહજી ભૂપતસિંહજી વૈદ્ય-કટોસણ

જ્વરકભૈરવ રસઃ-કોડીભસ્મ, ગાંજો, મરી, સુહાગો, અફીણ, કનકબીજ અને હિંગળોક, ઉપરની બધી ચીજો સરખા વજને લઈ બારીક કરી આદાના રસનો એક પુટ આપવો. એક પુટ લીંબુના રસનો આપી, રતી પ્રમાણે ગોળી વાળી, દિવસમાં ત્રણ વાર મધ સાથે આપવી. એ ત્રિદોષ, કફ, દમ, ઉપરસ શૂળ, પાસાનું શૂળ, ચસકા, ટાઢિયો તાવ, ઊનો તાવ, વગેરે વાયુ અને કફના ઘણાખરા રોગ મટાડે છે, અનુભવસિદ્ધ છે.

૪૬-ડૉક્ટર મગનલાલ વીજભૂખણદાસ-સુરત

તાવઃ-ફટકી શેર ૦।, વરખી હરતાલ તોલો ૧, એને તવી ઉપર ફુલાવવા મૂકી ઉપર હરતાલનો ભૂકો ભૂકવો. ફટકડી બરાબર ફૂલી જાય એટલે બધું લેઈ વાટી ખરા કરવું. તાવના પ્રમાણમાં મોટા માણસને બેથી આઠ ગ્રેન આપવું. આ દવા નાના બાળકને પણ આપી શકાય છે. મેં વાપરેલી છે. પણ બાળકને બાળકના પ્રમાણમાં આપવું. અનુપાન ફુદીનાના રસમાં આપવું. બાળકને સાકરના પાણીમાં આપવું. એ દવાની ગોળી મગ જેવડી પંતૂગના

માં વાળી આપવાથી દર્દી તાવમાં લવારો કરતો હોય તે મટે છે.
૪. કડાછાલ તોલા ૧૬ લાવી તેને ચોખાના ધોવણમાં ખૂબ વાટી તેનો ગોળો કરી તેને ફરતાં જાંબુડાનાં પાન લપેટી, સૂતરથી ખૂબ બાંધી, ફરતો ઘઉંનો લોટ ચોપડી, તેના ઉપર માટી ચોપડી, પછી તે ગોળાને થોડાં છાણાંના અગ્નિમાં નાખવો. ખૂબ બફાઈ રહે એટલે કાઢી લોટ, માટી, પાંદડાં વગેરે કાઢી નાખી, અંદરના ભૂકાને નિચોવી લેવો. તે રસમાંથી રૂા. ૦। થી ૦।। ભાર રસ લઈ તેમાં થોડું મધ મેળવી પાવાથી બે-ત્રણ દિવસમાં તમામ જાતના અતિસાર મટી જાય છે.

૫. **અતિસાર હરિવટીઃ**-રાળ, મોચરસ, અફીણ, કડાછાલ, અતિવિષની કળી અને સૂંઠ, એ સમભાગે લઈ ખાંડી મધમાં ચણીબોર જેવડી ગોળીઓ કરવી. આખા દિવસ દરમિયાન ૧ થી ૨ ગોળી ખાવાથી અતિસારના ઝાડા મટી જાય છે.

૧૪–વૈદ્ય દત્તાત્રેય ભગવાનજી

મરડાની ગોળીઃ–કોડિયો લોબાન તોલો ૧ તથા અફીણ તોલો ૧ બન્નેને સાથે વાટી લોખંડની કડછીમાં નાખી બન્નેને દેવતા પર ધીમા તાપ પર મૂકવાથી એકરસ થાય એટલે તરત બીજા વાસણમાં કાઢી લઇ, ગરમગરમ હોય ત્યાં સુધીમાં ચણાપૂર વજનની ગોળી વાળી લેવી. અથવા વાટીને ભૂકો કરી ચણાપૂર વાપરવો. આ ગોળી દિવસમાં ૩ વાર શેકેલા ધાણાના પાણી સાથે આપવી. એજ પ્રમાણે વાયવડિંગના તથા ખસખસના પાણીમાં અથવા પાનના રસમાં આપવી.

૧૫–વૈદ્ય ડાહ્યાભાઇ બાજીભાઇ–સાયણ

શુદ્ધ ઝેરકચૂરો વાલ ૧, કંપીલો વાલ ૧, કાયફળનાં છોડાં સાથે ઘસી થોડું મધ નાખી પાવાથી પાણી જેવા ઝાડા હોય તે બંધાય છે. ગાંજાને બાળી રાખોડી કરી, છાશ સાથે આપવાથી ઝાડા બંધાય છે. આનંદભૈરવ રસની ગોળીથી ઝાડા બંધાય છે. આમ સાથે લોહી પડતું હોય તો શંખભસ્મ વાલ ૧, ઘી તથા જાયફળના ભૂકા સાથે આપવાથી ઝાડા બંધ થાય છે. પેટમાં બહુ મરડો થતો હોય ને ઝાડામાં લોહી પડતું હોય તો જાયફળ, જાવંત્રી, કેસર અને અફીણ સરખે ભાગે લઇ ઉમરડા (ગુલ્લર) નાં દૂધમાં વાટી ચણોઠી જેવડી ગોળી બનાવી, આખા દિવસમાં એકેક ગોળી ૩ વાર પાણી સાથે આપવાથી તે મટે છે. કાળા ધંતૂરાનાં બીજની સજીવન રાખ કરી, એટલે કોયલા બનાવી વાલ ૧, મધ સાથે ચટાડવાથી સોજાવાળો અતિસાર મટે છે. અતિવિષની કળી, ઇંદ્રજવ, પહાડમૂળ અને વાયવડિંગ એ સરખાં લઇ ચૂર્ણ કરી તેમાંથી વાલ બે અને આનંદભૈરવની ગોળી નંગ બે મેળવી, મધ સાથે ચટાડવાથી ઊલટીવાળો અતિસાર મટે છે.

૧૬-વૈદ્ય માણુલાલ દોલતરામ કપડવણજ

અપકવ અતિસારઃ-આ રોગ ઉપર ફકત છાશભાતનો ખોરાક અથવા એકલી છાશ સાથે હિંગાષ્ટક ચૂર્ણ અગર લવણ ભાસ્કર (શારંગધર) હું વાપરું છું.

પકવ અતિસારઃ-આ રોગ માટે અગસ્તી સુતરાજ (યોગરત્નાકરનો પાઠ) હું વાપરું છું. તે સાથે કોઈ કોઈ વ શારંગધરનું પીત્વાષ્ટક વાપરું છું. કોઈ વખત ગંગાધર ચૂર્ણ પણ સારું પરિણામ આવે છે.

૧૭-વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી ત્રિવેદી-ભાલેરોડ

ગોચરસ, લવિંગ, અફીણ અને હિંગળોક એ સર્વને સમભાગે વાટી, પાનના રસમાં ચણોઠી જેવડી ગોળી વાળી, સાંજસવાર એકેકી ગોળી આપવાથી લોહીખંડ ઝાડા બંધ થાય છે.

સજીવનગુટિકા તથા આનંદભૈરવઃ-પાણી સાથે આપવાથી ઝાડા તથા ઊલટી બંધ થાય છે. જાતિફળાદિ ચૂર્ણ ચોખાના ધોવણમાં અથવા માખણમાં આપવાથી આમાતિસાર બંધ થાય છે.

૧૮-ડૉકટર એસ. એલ. બર્મન-સુરત

આદાનો કટકો:બે તોલાનો લઇ ઉપરથી છોલી એ કટકાની વચમાં અફીણ બે વાલ ઘાલવું; પછી તે કટકાને પુટપાકની રીતે ...બહાર કાઢી સૂકવીને બારીક ચૂર્ણ કરવું. તેમાંથી એકેક ...આશરે, દિવસમાં ૨ વાર આપવાથી લોહી, આમ અને ...ચૂંકવાળો ઝાડો માત્ર ૩ દિવસમાં મટે છે. ઉપરની દવા આપતાં પહેલાં દર્દીને એરંડિયા તેલનો જુલાબ આપવો અને સારું થયા પછી પણ એક જુલાબ આપવો.

૧૯-અક્ષરપુરુષોત્તમ ઔષધાલય-સારસા

મરડાશિંગ, હીમજ, વરિયાળી અને સૂંઠ એ ચાર ચીજો સરખે

ભાગે લઇ જરા શેકી તેનું ચૂર્ણ કરવું. ગમે તેવો મરડો થયો હોય અને દિવસમાં ૫૦-૬૦ ઝાડા લોહી સાથે થતા હોય, તો બાળકને ૪ થી ૫ ને મોટાંને ૫ થી ૧૦ વાલ સુધી ઊના પાણીમાં એરંડિયા તેલનાં ટીપાં નાખી પાવું. ત્યાર પછી ઉપર લખેલું ચૂર્ણ આપવું.

૨૦–વલ્લભદાસ નરોત્તમદાસ શાહ–ભરૂચ

૧. પિત્તપાપડો, લીંબડાની છાલ, ઉંદરકાની, સરગવાની છાલ, મોથ, વાયવડિંગ, વાળો, દેવદાર, એ સર્વે અધાં અધાં રૂપિયાભાર લઇ, ૧॥ શેર પાણીમાં ઉકાળી નવટાંક પાણી રહે ત્યારે પાવાથી ૩ દિવસમાં રક્તાતિસાર મટે છે.

૨. દાડમછાલ રૂા. ૨). ભાર, સાકર રૂા. ૨) ભાર, સૂંઠ, પીપર, મરી, પીપળીમૂળ, ધાણા, જીરું, રૂા. ૦॥ અધોભાર, વાંસકપૂર રૂા. એક આનીભાર, તજ વાલ ૨, તમાલપત્ર વાલ ૨, નાગકેશર વાલ ૨, એલચી વાલ ૨, સર્વને ઝીણું વાટી ચૂર્ણ કરી, દિવસમાં બે વખત ૦। તોલો પાણી સાથે ફાકવાથી સાત દિવસમાં રક્તાતિસાર મટે છે.

૩. માટીનું એક વાસણ ધોઇ સાફ કરી ચૂલા ઉપર ચડાવવું. તે વાસણ લાલ થાય ત્યારે ઘી તોલા ૨) નાખી, તેમાં તોલા ૦॥ ભાર મેથી નાખી, વઘાર આવે કે છાશ શેર ૫ લઇ વઘારવી, અને તેમાં જૂના ચોખા તોલા ૧૦ (ચાર વર્ષના જૂના લઈને) નાખવા. પછી જીરું, હળદર અને સંચળ ૦। રૂપિયાભાર લઈ, તેમાં નાખવું. પછી એની ખીર થાય ત્યારે રોગીને પાવી. આખા દિવસમાં એ ખીર સિવાય બીજું કાંઇ ખાવું નહિ. એ પ્રમાણે ૭ દિવસ ખાય તો સંગ્રહણી, અતિસાર અને લોહી પડતું હોય તો તે મટી જાય છે; પણ આ ખીર સિવાય બીજું કશું ખાવું નહિ.

૨૧–વૈદ્ય રવિકાન્ત અને શાંતિકાન્ત ઉદાણી–આલંભા

૧. બ્રહત્ ગંગાધર ચૂર્ણઃ–બીલાં, મોચરસ, કાળી પહાડ,

...વડીના ફૂલ, ધાણા, વાળો, સૂંઠ, મોથ, અતિવિષ, અફીણ,
...લોધર, દાડમનાં છોડાં, ઇંદ્રજવ, પારો, ગંધક એ સમ ભાગે લઈ,
વાટી ચોખાના ધોવણ સાથે ૧ રતી આપવાથી ઝાડા બંધ કરે છે.
આ ચૂર્ણ બાળકના ઝાડા પર વિશેષ અસર કરે છે.

૨. બાળકુટજાવલેહઃ-કડાછાલ ૮ તોલા, આઠગણા પાણી-
માં ઉકાળી, ચોથો ભાગ શેષ રહે ત્યારે ગાળી, તેમાં અતિવિષ,
કાળી પહાડ, જીરું, બીલાં, આંબાની ગોટલી, સુવા, ધાણા, મોથ,
જાયફળ-એ સો એકેક તોલો મેળવી ધીમી આંચે પકાવી જ્યારે
ગોળી વાળવા જેવું થાય ત્યારે એકેક વાલની ગોળી વાળી, દિવસ-
માં ૨ થી ૩ વખત, ચોખાના ધોવણ સાથે આપવાથી અતિસાર,
આમ-શૂળ અને રક્તસ્રાવ મટે છે. બચ્ચાંને આ ગોળી વધારે માફક
આવે છે. વિશેષ ઝાડા થતા હોય તો કર્પૂરાસવ ટીપાં ૫ અગર કેશરા-
દિ ચૂર્ણ ા રતી આપવું. બાળકને પેટમાં થતી વધરાવળથી ઝાડા
થઈ પેટમાં દુખાવો થઈ રોયા કરતું હોય, દસ્ત સાદા અગર લોહી
મિશ્રિત થતો હોય, તે ઉપર કેશરાદિ ચૂર્ણ સારો ફાયદો કરે છે.

કેશરાદિ ચૂર્ણઃ-(અમારી બનાવટ) કેશર, જાવંત્રી, જાય-
ફળ, એલચી, અફીણ, સુવા, ગુંદર, બીલાં, એ સમાન ભાગે વાટી
ચૂર્ણ કરવું. આ ચૂર્ણ વધુમાં વધુ ૧ વાલ સુધી આપીએ છીએ.

૨૨-વૈદ્ય શ્યામલાલ ગોવર્ધનરામ-ખાખરેચી

સૂંઠ, ભાંગ, બીલીનો ગર, બાવળનો ગુંદર, જાયફળ, મરી,
એ સર્વ એકેક તોલો અને અફીણ માસા ૬ વાટી ચૂર્ણ કરી પાણી...
નાખી ચણા જેવડી ગોળી વાળવી. સફેદ આમવાળા ઝાડામાં છાશ...
અથવા પાણી સાથે આપવી. લાલ આમવાળા ઝાડામાં ચોખાના
ધોવણમાં અથવા દાડમમાં આપવી. મોટી ઉંમરનાને ૮ કે એક...
એ ગોળી ને નાના બાળકને વય અને દરદના પ્રમાણમાં આપ...

૨૩–મહારાજશ્રી મહાવીરદાસ જાનકીદાસ–ધોળકા

અતિસાર માટેઃ–ખોડી અજમોદ, જાવંત્રી, ખીલાનો ગર, માયાં, એ સર્વે સમભાગે લઈ ખાંડી ચૂર્ણ કરી દર ત્રણ કલાકે ૦। તોલો ઠંડા પાણી સાથે ઝાડો બંધ થાય ત્યાં સુધી આપવું. આ ઉપાયથી સર્વ પ્રકારનાં ઝાડાનાં દરદ મટે છે. સંગ્રહણી પર આ દવા લાગુ પડશે, પણ જરૂર જણાય તો આ દવામાં સમભાગે ભાંગ ઉમેરવાથી વિશેષ ગુણ થશે.

૨. અજમો, સૂંઠ, ચિત્રકમૂળ, બિલામાં, ખોડી અજમોદ, લીંડીપીપર, જીરું, શાહાજીરું, જાવંત્રી, લોધર, આંબાની ગોટલી, કડાછાલ, શેકેલી હિંગ, નાગરમોથ, ખીલાં, મોચરસ, ઇંદ્રજવ, એ સર્વ સમભાગે લઈ ચૂર્ણ કરવું. અને ચંચળ, સિંધવ, નવસાર એ દરેક દોઢ દોઢ ભાગ તે સાથે મેળવવું. (કાષ્ટાદિ એક તોલો હોય તો આ ક્ષાર દોઢ તોલો લેવાં) એ રીતે તૈયાર કરેલું ચૂર્ણ દિવસમાં બેથી ત્રણ વખત ફાકવું. તોલા ૦। થી ૦॥ દર ટંકે આપવાથી મરડો, સંગ્રહણી મટે છે.

૨૪–ડૉક્ટર દામોદર ગોપાળ રણદીવે–સુરત

અતિસાર માટેઃ–ઝાડો બંધ કરવા માટે જાયફળ, જાવંત્રી વરિયાળી, ખસખસ, એ સર્વે વાટી વસ્ત્રગાળ કરી અડધો તોલો ચૂર્ણ લેવાથી ઝાડો બંધ થાય છે તથા આમ બંધ થાય છે.

संग्रहणीना केटलाक अनुभवसिद्ध उपायो

૧–વૈદ્ય ધીરજરામ દલપતરામ–સુરત

મરડાની ગોળીઃ–આંબાની ગોટલી, બીલીનો ગર, જાંબુના ઠળિયા, મોચરસ, વાળો, લોધર, હીમજી હરડે એ સર્વ સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ કરી, પાણી સાથે ચણાપૂરની ગોળી

બીલીનો ગર્ભ, પડવાસ, લોધર, ભાંગ, ગાંજો, મોથ, ઇંદ્રજવ, એ દરેક ચીજ ત્રણ ત્રણ તોલા, વંશલોચન તોલા ૪, તજ તોલા ૬, પીપર તોલા ૮, સુખડનો વહેર તોલા ૧૦, જીરું તોલા ૧૨, નાગ. કેશર તોલા ૧૪, વાળો તોલા ૧૬, કમળકાકડી તોલા ૧૮ અને કપૂર તોલા ૨૦ લેવું. ઉપલી તમામ વસ્તુ જુદી જુદી ખાંડી કપડછાણ કરવી. બાવળની છાલ અને પોસડોડા અડધો અડધો શેર લઇ તેને જુદા ૬ શેર પાણીમાં તેમાંનું એક શેર પાણી બાકી રહે ત્યાં સુધી ધીમી ધીમી આંચે ઉકાળી, તે કાઢા વડે ઉપલી દવા ખલમાં ઘૂંટવી. કપૂર અને હિંગળોક જુદાં જુદાં બારીક વાટી બાકીની દવાઓમાં મેળવવાં. કપૂરની એકેક ટીકડી લઈ ખલમાં યુક્તિથી ભાંગી, તેની અંદર દવા જે ખાંડેલી હોય તે મેળવતા જવી, નહિ તો ગાંગડી બાઝી જશે. બે એક દિવસ દવાનો ખલ ઉપલા કાઢામાં કરવો. સુકાયેથી વટાણા જેવડી ગોળી વાળવી ને છાંયે સૂકવવી.

આડા, ઊલટી, (કૉલેરા) સાદા ઝાડા, સંગ્રહણી, અતિસાર અને મરડો બંધ થાય છે. ૧ થી બે ગોળી દરેક ઝાડાઊલટી પાછળ, સાકર-ધાણાના પાણીમાં અથવા ઠંડા પાણીમાં ગળાવવી.

૨. ઝાડાબંધની ગોળીઃ-જાયફળ તોલો ૧, હિંગળો તોલો ૧, સંચળ તોલો ૧, તમામ ચીજ (દાડમ સિવાયની) બારીક વાટી ભૂકો કરવો. પછી મોટું દાડમ નંગ એક લાવીને તેની ડાગળી કાઢી તેમાં એ ભૂકો ભરવો. પછી તે ડાગળી બંધ કરીને તેના પર કપડમટ્ટી કરી, તે બફાય તેટલાંજ થોડાં છાણાંમાં બાફીને

કરવી. ૧ થી ૨ ગોળી પાણી સાથે ખાવાથી મરડો મટી જાય છે.

૨-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. ગ્રહણી કપાટ રસઃ-જાયફળ, જાવંત્રી, મોચરસ, હિંગળોક, સાકર, રાળ, મજીઠ, લાખ, સૂકા મરવા, કેરીની ગોટલી,

ગરમ ગરમ તે દાડમ સાથેજ વાટી વટાણા જેવડી ગોળી કરવી. બરાબર વિચારીને દરદીને ૨ થી ૫ ગોળી (તે ઝાડે ફરી આવ્યા બાદ) દર ઝાડે આપ્યા કરવી. પાણી, સુખડનું પાણી તથા સાકર-ધાણાનું પાણી અને સાકર સાથે અપાય. ઊલટી થતી હોય તો નાળિયેરના કાચલાના ઘસારા સાથે વયના પ્રમાણમાં આપવી.

૩–વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર–સુરત

૧. દાડિમાદિ ગુટિકા:–જાવંત્રી તોલો ૧, જાયફળ તોલો ૧, લવિંગ તોલો ૧, અજમોદ તોલો ૧, હિંગ તોલો ૧, લસણ તોલો ૧, અફીણ બે આનીભાર એ સર્વને ખાંડી લીલાં દાડમ લાવી તેમાં આ મસાલો ભરી, કપડમટ્ટી કરી યુક્તિથી બાફવાં. પછી કપડમટ્ટી દૂર કરી, દાડમ સાથે ખૂબ ઝીણું વાટી, ચણીબોર જેવડી ગોળી દિવસમાં ૩ વાર ચોખાના ધોવણ અથવા મધ સાથે આપવાથી સંગ્રહણીમાં પેટના દુખાવા સાથે આમ–વાયુ થયું હોય તેને મટાડે છે.

૨. એક કળીનું લસણ લઇ તેને ચીરી તેમાં અફીણ ભરી, પછી પુટપાકની રીતે પકાવીને વાટીને મગ જેવડી ગોળીઓ કરવી. જૂના મરડાવાળાને પ્રથમ સૂંઠનો કવાથ કરી દિવેલ મેળવી પાવાથી કોઠો સાફ થાય, એટલે બબ્બે ગોળી પાણી સાથે આપવાથી તુરત મરડો બંધ કરી આમ વાયુને મટાડે છે. પથ્યમાં દહીંભાત ખાવો.

૩. હીમજી હરડેને દિવેલમાં તળીને ચૂરણ કરવું પછી તેમાંથી બબ્બે આનીભાર દિવસમાં ત્રણ વાર સાકર સાથે આપવાથી લોહી જળશ બંધ થાય છે.

૪. ઇસબગોલ (ઊંધતું જીરું) રાતે પાણીમાં પલાળી સવારે તેનો લુવાબ કાઢી સાકર નાખી પાવાથી લોહીખંડ ઝાડો મટી જાય છે.

૫. મોચરસ ०। તોલો વાટી દહીં સાથે ખાવાથી લોહીવાળો ઝાડો મટે છે.

૬. બીલીનો ગર, મોચરસ, વાળો, આંબાની શેકેલી ગોટલી ધાવડીનાં ફૂલ, કડાછાલ અને અતિવિષ, એ સર્વે સરખે ભાગે લઈ ખાંડી વસ્ત્રગાળ કરી, બે આનીભાર ચૂરણ ચોખાના ધોવણ સાથે, મધ સાથે અથવા દહીંના પાણી સાથે ખવાડવાથી લોહીખંડ-વાળો મરડો-આમ મટે છે.

૭. લાહી ચૂરણ:-પારો, ગંધક, સૂંઠ, મરી, પીપર, અજમો, જીરૂં, શાહજીરૂ, સંચળ, સિંધવ, શેકેલી હિંગ, વરાગડું મીઠું. એ સર્વેનું ચૂરણ કરી પારા ગંધકની કાજળી કરી તેમાં મેળવી સર્વેની બરાબર શેકેલી ભાંગ મેળવી, વસ્ત્રગાળ કરી તેમાંથી એક એક વાલ છાશની સાથે અથવા પાણી સાથે આપવાથી શૂળયુક્ત સંગ્રહણી, પેટનું ચડવું, પાતળા ઝાડા વગેરે મટાડે છે. સંગ્રહણી કે અતિસારના દરદીને છાશનું સેવન કરાવવાથી જલદી ફાયદો થાય છે.

૮. જ્વાલામુખી નામની વનસ્પતિ થાય છે, તેનાં પાતરાં નંગ સાત તથા કાળાં મરી (તીખાં) નંગ સાત વાટીને છાશ સાથે પાવાં. એ પ્રમાણે સાત દિવસ સાત સાત પાતરાં આપવાં. એનાથી પેટમાં પુષ્કળ અગ્નિ વધે છે. જેમ ભૂખ લાગે તેમ છાશ પીવાની ભલામણ કરવી. પછી બીજા સપ્તાહમાં ચોદચોદ પાતરાં અને ચોદ ચોદ મરીના દાણા સાથે વાટીને આપવા. એ પ્રમાણે ત્રીજા સપ્તાહમાં એકવીસ પાતરાં અને એકવીસ દાણા કાળાં મરીના આપવા અને ખૂબ છાશ પાવી. એકવિસ દિવસમાં રોગી લગભગ અડધો મણ છાશ પીતો થાય છે. જેમ છાશ વધતી જાય તેમ અન્ન કમી કરતા જવું. પછી એજ પ્રમાણે ઊતરતાં જવું અને થોડું થોડું અન્ન આપતા જવું. એ પ્રમાણે બેતાળીસ દિવસના પ્રયોગથી સંગ્રહણીનો રોગ તદ્દન સારો થાય છે.

૯. કનકસુંદરરસ:-હિંગળોક, મરી, ગંધક, પીપર, ટંકણખાર, વછનાગ, ધંતૂરાનાં બીજ એ સરખે ભાગે ચૂરણ કરી

લઈ ભાંગનાં કવાથમાં એક દીવસ ઘૂંટી, ચણા જેટલો ગોળી વાળી દિવસમાં ત્રણ વાર એક એક ગોળી પાણી સાથે આપી, છાશભાત ખાવા આપવાથી તાવવાળી સંગ્રહણી અને અતિસાર મટી જાય છે.

૧૦. શંખભસ્મ તથા સિંધવખાર સરખે ભાગે લઈ મધ સાથે ૦ા તોલો ચાટવાથી, સંગ્રહણી ઉપર સારી અસર કરે છે અને છાશ સાથે આપવાથી ગુલ્મ તથા શૂળ ઉપર સારી અસર કરે છે.

૪–સાધુ ગંગાદાસજી સેવાદાસજી–સુરત

મરડાની ગોળીઃ–હિંગ તોલો ૧, કાથો તોલો ૧, અફીણ તોલો ૧, તુળશીનાં પાતરાં લીલાં તોલો ૧, એ ચારેને ઘૂંટી મગ જેવડી ગોળી વાળી, મરડાવાળાને પ્રથમ દૂધ ગરમ કરીને તેમાં દિવેલ નાખીને જુલાબ આપવો. પછી બીજે દિવસે બબ્બે ગોળી દિવસમાં બે વાર પાણી સાથે આપી, છાશભાત ખવડાવવાં. ત્રણ દિવસમાં મરડો બંધ થશે.

૫–વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ–સુરત

જાયફળ, ટંકણ, ગંધક, જીરું અને અફીણ એ સરખે વજને લઈ, વાટી બારીક ચૂર્ણ કરી, એક સારા મોટા દાડમનાં બીજ ચૂરણનાં વજને મેળવી, ખલ કરવો. જ્યારે ઘુંટાઈને લોચો થાય ત્યારે તે બીજા દાડમમાં ભરી તેના ઉપર ઘઉંની કણકનો લેપ કરી, બશેર છાણાંમાં પુટપાક કરવો. ભઠ્ઠી ઠંડી પડ્યા પછી તેમાંનો માવો કાઢી, મગના દાણા જેવડી ગોળીઓ બનાવી, તેમાંની ગોળી ગંગાધર ચૂર્ણ સાથે દરરોજ ૩ વખત ત્રણ ત્રણ ગોળી આપવી. આથી સંગ્રહણીના ઝાડા મટી જશે.

૬–એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. હીમજ, ઓથમી જીરું (ઇસબગુલ)ને વરિયાળી એ ત્રણે સમાન ભાગે લઈ માટીની ઠીબમાં શેકી ચૂર્ણ કરવું. તેમાંથી થી

વાલ દરેક વખતે પાણી સાથે આપવાથી ઝાડા તથા મરડો મટે છે.

૨. સૂંઠનું બારીક ચૂર્ણ તોલો ૧ તથા ઘી તોલા ૨ લઈ ઘીને ખૂબ ગરમ કરી ધુમાડા નીકળવા માંડે ત્યારે તેમાં સૂંઠનું ચૂર્ણ નાખી હલાવી જરા રાતો રંગ પકડે ત્યારે ઉતારી તે વાસણ જેમનું તેમ રહેવા દેવું. ઠંડું થાય કે ઉપરથી ઘી નિતારી રોગીને પાવું. જેથી ઝાડા કે મરડામાં પવન બંધ થવાથી પેટમાં ન સહન થઇ શકે તેવી આંકડી આવે છે તે તુરતજ મટી જાય છે.

૭-વૈદ્ય પુરુષોત્તમ બેચરભાઈ યાજ્ઞિક-કાલોલ

અફીણ ૧ પાવલીભાર, ઊંચી જાતનો કોડિયો લોબાન અડધા રૂપિયા ભાર અને સાકર તોલો ૦ાા એને વાટી બારીક કરી થોડું પાણી કરી ખૂબ ઘૂંટી, તેની મગના દાણા પ્રમાણે ગોળીઓ બનાવી છાંયામાં સૂકવવી. આ ગોળીથી ગમે તેવો સખત મરડો તથા તેની ચૂંક, અમળાટ વગેરે ફક્ત એકજ દિવસમાં મટે છે. દિવસમાં ત્રણ વાર એકેક ગોળી પાણી સાથે આપવી. બચ્ચાંને ૦ાા ગોળી આપવી. ઘણા રોગી સારા થયા છે.

૮-વૈદ્ય ચૂનીલાલ જેકિશનદાસ ચટપટ-સુરત

હિંગ માસો ૧, રૂમીમસ્તકી માસો ૧, ગૂગળ માસો ૧, અફીણ રતી ૪ને ખારેક નંગ ૨ લઈ પ્રથમ ખારેકને દૂધમાં ભીંજાવી ફૂલી જાય ત્યારે તેમાંથી ઠળિયો કાઢી નાખી, ઉપલી તમામ દવાને બારીક વાટી ખારેકમાં ભરવી. બાદ ખારેક ઉપર જરા સૂતર લપેટી તેના ઉપર ઘઉંના લોટનું પડ ચડાવી ગોળો વાળવો. તે ગોળાને ભરસાળમાં બાફી, લોટનું પડ કાઢી નાખી, ખારેક અને દવાને ભેગાં વાટી ચણા જેવડી ગોળી કરવી. તેમાંથી મરડાવાળાને ૧ થી ૨ ગોળી સવારે દહીંના મઠા સાથે ને સાંજે વરિયાળીના અર્ક સાથે આપવી. સંગ્રહણીવાળાને સવારે મઠા સાથે

ગોળી આપ્યા બાદ એક કલાક પછી ૧ થી ૨ તોલા માખણ ખવાડવું ને સાંજે તો વરિયાળીના અર્ક સાથેજ આપવી. આ ગોળીથી મરડો તથા સંગ્રહણી વગેરે ઝાડાના રોગો જેને કોઈ દવાથી ફાયદો નથી થતો, તેને ઈશ્વરકૃપાથી ફાયદો થાય છે.

૯–પ્રભાશંકર ભ. ભટ્ટ–ભાવનગર

ગળોસત્ત્વ વાલ ૧, શુંદર વાલ ૨, મોરથૂથુ રતી ૧, એ સર્વ એકત્ર કરી ૬ ગોળી બનાવી, ત્રણ ત્રણ કલાકે એકેક ગોળી આપવાથી, લાંબા વખતનો મરડો, રક્તાતિસાર અને આમાતિસાર સારા થયાનું અનુભવેલ છે.

૧૦–વૈદ્ય છગનલાલ લલ્લુભાઈ–ડભોઈ

ડૂંટીએ થોરનું દૂધ ભરવાથી મરડો અને સંગ્રહણી અટકે છે. એમ કરવાથી જો ફોલ્લા ઊઠે તો ઘી ચોપડવું.

૧૧–વૈદ્ય છગનલાલ આત્મારામ–સુરત

ચૂર્ણઃ–સુવા તોલો ૧, મેથી તોલો ૧, પીપર તોલો ૧, પીપળીમૂળ તોલો ૧, અકલગરો તોલો ૧, અજમો તોલો ૧, અજમોદ તોલો ૧, સૂંઠ તોલો ૧, કોલમ તોલો ૧, મરી તોલો ૧, પડકચૂરો તોલો ૧, શેકેલી હિંગ તોલો ૦ાા, ફુલાવેલો હિંગડો તોલો ૦ાા, લવિંગ તોલો ૦ાા, તજ તોલો ૦ાા, વાયવડિંગ તોલો ૦ાા, સર્વને ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, દિવસમાં ૩ વખત પાવલી પાવલીભાર, પાણી સાથે ફાકાડવું. સંગ્રહણી તથા સુવારોગ મટે છે.

૧૨–વૈદ્ય આણંદજી અને પીતાંબર રાજગોર-ઉના

સંગ્રહણી માટે પંચામૃત પર્પટી સવારસાંજ એકેક વાલ અને લાહી ચૂર્ણ બબ્બે આનીભાર, ગાયના દહીંમાં અથવા જાડી છાશમાં આપીને સારું થતાં સુધી દરદીને ભોજનમાં છાશ ઉપર રાખીએ છીએ.

૧૩-વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

અમૃતપ્રાશન:-સૂંઠ, પીપર, હળદ, આંબાહળદર, મોથ ચીતરો એ સમભાગે ને તેનાથી ચારગણાં ત્રિફળાં લઈ વાટીને ચટણી બનાવવી. તેમાં શુદ્ધ શિલામાં નંગ ૧૦૦) કાળી અતિવિષ, ત્રિફળા, વાવડિંગ, સિંધવ, ચીતરો, સૂંઠ, પીપર, તજ, તમાલપત્ર, એલચી એટલાનું ચૂર્ણ કરી, સર્વને એકત્ર કરી તેમાં ઘી તથા ગાળ માફકસર નાંખી એકેક તોલાના લાડુ કરવા. રોગીની શક્તિ પ્રમાણે આપવાથી અર્શ, ગ્રહણી, ભગંદર, અરુચિ, વાયુ ગુલ્મ, પ્રમેહ, શૂળ, કૃમિને ટાળે છે અને પાંડુ માટે તો ખાસ રસાયનરૂપ છે. કોઢમાં પણ ઠીક ફાયદો કરે છે.

સૂંઠ, અતિવિષ, મોથ, કાળી પહાડ, બીલીનો ગર્ભ, રસવંતી, કડાછાલ, ઇંદ્રજવ, કડુ, ધાવડીનાં ફૂલ-સમભાગે લઈ, ચૂરણ કરી પિત્તથી થયલી ગ્રહણી, રક્તાર્શ, પ્રવાહિકા અતિસાર, દરેક જગ્યા પરથી પડતું લોહી ઇત્યાદિ ઉપર મધ અને ચોખાના પાણી સાથે આપવું. એનાથી તત્કાળ ફાયદો થાય છે. પણ ગૃહણીવાળાને અન્ન તો આપવુંજ નહિ,

ગ્રહણીગંજન ગુટિકા:-શુદ્ધ રસકપૂર, લવિંગ, તામ્રભસ્મ, લોહભસ્મ, અભ્રખભસ્મ, ગંધક, સાકર, કેશર અને સુખડ, સમભાગે ચૂર્ણ કરી ધંતૂરાના રસમાં વાટી, મગ જેવડી ગોળી કરવી. એ ગોળી ૪ તથા દાડિમાદિ ગુટિકા ૧, બંને વાટી આદાના રસમાં મધ મેળવી સાંજસવાર આપવી અને કેવળ છાશજ પાયા કરવી. દાડમ વગેરે ફળો ખાવાની છૂટ છે. એનાથી ભયંકર સંગ્રહણી પણ મટે છે.

૧૪-વૈદ્ય બાલાશંકર પ્રભાશંકર-નાંદોદ

૧. અફીણ તોલો ા, ભાંગ તોલો ૧, પોસડોડા તોલો ૫, મેથી તોલા ૫, સુવા તોલા ૫, રાઇ તોલા ૫, આ પાંચ રકમને ઘીમાં

શેકી ફાકી કરી ૦ાા રૂપિયાભાર પાણી સાથે ફાકે તો ઝાડા, મરડો, મટે છે. ગમે તેવો સુવાવડી સ્ત્રીનો ઝાડાનો રોગ પણ જરૂર મટે છે.

૨. સૂંઠ તોલો ૦ાા, સાકર તોલો ૦ાા અને જાયફળ એક આની-ભાર સૂંઠને પાણીમાં ઘસવી. સાકરને ઝીણી વાટવી. જાયફળ તેમાં વાટવું અને તેને વાડકીમાં ગરમ કરવું. ઠંડું પડયેથી પાવું. તેથી ઝાડો બંધ થાય છે અને પેટમાંથી દુખાવો મટી મરડો મટે છે.

૧૫-વૈદ્ય કચરાલાલ જેઠાલાલ ગાંધી-પાટણ

શરૂઆતમાં થનાર મરડાને હીમજ ઝીણી ખાંડી કપડછાણ કરી તેમાંથી ૦ા રૂપિયાભાર, મધ સાથે ચટાડવી. એ પ્રમાણે ૩ દિવસ કરવાથી મરડો મટી જશે. પહેલે દિવસે ઝાડો વધારે થાય તો ગભરાવું નહિ. દરદીને દહીં અને ચોખા ખાવા આપવા અથવા બાજરીનો રોટલો ખાવા આપવો.

૧૬-વૈદ્ય કેશવલાલ હરિશંકર ભટ્ટ-કાપોદરા

પાકાં કોઠાંનો ભૂકો ૮, સાકર ૬, અજમોદ ૩, પીપર ૩, બીલીનો ગર્ભ ૩, ધાવડીનાં ફૂલ ૩, દાડમનાં છોડાં ૩, ડાંસરા ૩, સંચળ ૧, નાગકેશર ૧, ધાણા ૧, તજ ૧, તમાલપત્ર ૧, મરી ૧, અજમો ૧, ગંઠોડા ૧, નેતરની ગાંઠો ૧ અને એલચી ભાગ ૧, લઈ સર્વને બારીક વાટી ૧ પૈસાભાર ચૂર્ણ, ગાયની છાશમાં મેળ-વીને સવારસાંજ પાવાથી સંગ્રહણી અને ઝાડાના રોગ મટી જાય છે, એવો મારો ખાસ અનુભવ છે,

૧૭-વૈદ્ય રવિકાન્ત અને શાંતિકાન્ત ઉદાણી-બાલંભા

૧. કર્પૂરાસવઃ-(ભૈષજ્ય રત્નાવલિ) ઉત્તમ દારૂ ૮૦૦ તોલા, બરાશ ૬૪ તોલા, નાની એલચી, મોથ, સૂંઠ, અજમો, બીલાં, એ આઠ આઠ તોલા, એ સૌ પ્રથમ રીઢા માટીના વાસણમાં દારૂ

૧૩-વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

અમૃતપ્રાશનઃ-સૂંઠ, પીપર, હળદ, આંબાહળદર, મોથ ચીતરો એ સમભાગે ને તેનાથી ચારગણાં ત્રિફળાં લઈ વાટીને ચટણી બનાવવી. તેમાં શુદ્ધ ભિલામાં નંગ ૧૦૦) કાળી અતિવિષ, ત્રિફળા, વાવડિંગ, સિંધવ, ચીતરો, સૂંઠ, પીપર, તજ, તમાલપત્ર, એલચી એટલાનું ચૂર્ણ કરી, સર્વને એકત્ર કરી તેમાં ઘી તથા ગોળ માફકસર નાંખી એકેક તોલાના લાડુ કરવા. રોગીની શક્તિ પ્રમાણે આપવાથી અર્શ, ગ્રહણી, ભગંદર, અરુચિ, વાયુ ગુલ્મ, પ્રમેહ, શૂળ, કૃમિને ટાળે છે અને પાંડુ માટે તો ખાસ રસાયન-રૂપ છે. કોઢમાં પણ ઠીક ફાયદો કરે છે.

સૂંઠ, અતિવિષ, મોથ, કાળી પહાડ, બીલીનો ગર્ભ, રસવંતી, કડાછાલ, ઇંદ્રજવ, કડુ, ધાવડીનાં ફૂલ-સમભાગે લઈ, ચૂરણ કરી પિત્તથી થયલી ગ્રહણી, રક્તાર્શ, પ્રવાહિકા અતિસાર, દરેક જગ્યા પરથી પડતું લોહી ઇત્યાદિ ઉપર મધ અને ચોખાના પાણી સાથે આપવું. એનાથી તત્કાળ ફાયદો થાય છે. પણ ગ્રહણીવાળાને અન્ન તો આપવુંજ નહિ,

ગ્રહણીગંજન ગુટિકાઃ-શુદ્ધ રસકપૂર, લવિંગ, તામ્રભસ્મ, લોહભસ્મ, અભ્રખભસ્મ, ગંધક, સાકર, [illegible] ને સુખડ, [illegible] સમભાગે ચૂર્ણ કરી ધંતૂરાના રસમાં વાટી, [illegible] ને [illegible] કરવી. એ ગોળી ૪ તથા દાડિમાદિ ગુટિકા ૧, [illegible] રસમાં મધ મેળવી સાંજસવાર આપવી અને કેવળ છાશ [illegible] કરવી. દાડમ વગેરે ફળો ખાવાની છૂટ છે. એનાથી ભયંકર [illegible] હણી પણ મટે છે.

૧૪-વૈદ્ય બાલાશંકર પ્રભાશંકર-નાંદોદ

૧. અફીણ તોલો ૦ા, ભાંગ તોલો ૧, પોસડોડા તોલો ૫, મો[illegible] તોલા ૫, સુવા તોલા ૫, રાઈ તોલા ૫, આ પાંચ ચીજને પી[illegible]

એક દિવસમાં બેથી ત્રણ વખત ચોખાના ધોવણમાં આપવાથી અતિસાર મરડો, પેટનો દુખાવો પેટમાં ડાબી બાજુએ ખાધા પછી તથા ઝાડા થતા પહેલાં થતો ખળભળાટ તથા પ્રવાહિકા મટે છે.

૪. કુટજાદિકષાય (પ્રવાહી સત્ત્વ અમારી બનાવટ) આંબા ગોટી, ઇંદ્રજવ, કડાછાલ, દાડમની છાલ, ધાવડી, બીલાં, ભાંગ, માચાં, મોચરસ, રાળ, લોધર, વાળો, ખસખસ એ સર્વે એક એક તોલો લઇ બારીક ખાંડી, પાણી શેર ૩ાા નાખી રાત્રે પલાળી સવારે ઉકાળવું. ચોથા ભાગનું બાકી રહે ત્યારે ગાળી લેવું. તેને બીજા વાસણમાં નાખી ઉકાળવું. બળતાં ચોથો ભાગ શેષ રહે ત્યારે ઉતારી તેમાં તેટલુંજ મધ મેળવી શીશીમાં રાખવું. માત્રા તોલા ૦ા થી ૧ દિવસમાં બેથી ત્રણ વખત પાણી અગર ચોખાના ધોવણ સાથે આપવાથી અતિસાર, લોહી, જળશ, આમ, પ્રવાહિકા વગેરે પર ઘણું સારું કામ કરે છે. અફીણની બનાવટ અનુકૂળ ન હોય ત્યાં એકલો આ કષાય આપી શકાય છે. બાળકને થતી ગ્રહણી ઉપર ઘણું સારું કામ કરે છે. જ્વરાતિસાર ઉપર અપાય છે.

૫. મરીચ ચૂર્ણઃ-(અમારી બનાવટ) મરચાં રાતાં બી કાઢીને શેર ૦ા તાવડીમાં બાળવાં. સાવ બળી નહિ જાય તે ધ્યાનમાં રાખવું. બારીક વાટી વાલ ૪ દિવસમાં બેથી ત્રણ વખત દહીં તોલા ૧૦ સાથે આપવાથી, ત્રણ દિવસમાં લોહીનો ઝાડો તથા પરુ મટે છે. ખોરાકમાં વધારેલા ચોખા ને દહીં ખાવું. આમ ઉપરાંત લોહી તથા પરુ પડે છે તે પર પણ ઘણું સારું કામ કરે છે. તાવ હોય તો આ ચૂર્ણ આપવું નહિ. એનાથી ન મટે તો સાથે કેશરાદિવટી તથા અજાજ્યાદિ ચૂર્ણ આપી શકાય છે.

૬. અજાજ્યાદિ ચૂરણઃ-(રત્નાવલિ) જીરું અડધા રૂપિયાભાર, અર્કમૂળની છાલ તોલો ૧, જવખાર, તોલો ૦ા, અફીણ

એક દિવસમાં બેથી ત્રણ વખત ચોખાના ધોવણમાં આપવાથી અતિસાર મરડો, પેટનો દુખાવો પેટમાં ડાબી બાજુએ ખાધા પછી તથા ઝાડા થતા પહેલાં થતો ખળભળાટ તથા પ્રવાહિકા મટે છે.

૪. કુટજાદિકષાય (પ્રવાહી સત્ત્વ અમારી બનાવટ) આંબા ગોટી, ઇંદ્રજવ, કડાછાલ, દાડમની છાલ, ધાવડી, બીલાં, ભાંગ, માયાં, મોચરસ, રાળ, લોધર, વાળો, ખસખસ એ સર્વે એક એક તોલો લઇ બારીક ખાંડી, પાણી શેર ૩ા નાખી રાત્રે પલાળી સવારે ઉકાળવું. ચોથા ભાગનું બાકી રહે ત્યારે ગાળી લેવું. તેને બીજા વાસણમાં નાખી ઉકાળવું. બળતાં ચોથો ભાગ શેષ રહે ત્યારે ઉતારી તેમાં તેટલુંજ મધ મેળવી શીશીમાં રાખવું. માત્રા તોલા ૦ા થી ૧ દિવસમાં બેથી ત્રણ વખત પાણી અગર ચોખાના ધોવણ સાથે આપવાથી અતિસાર, લોહી, જળશ, આમ, પ્રવાહિકા વગેરે પર ઘણું સારું કામ કરે છે. અફીણની બનાવટ અનુકૂળ ન હોય ત્યાં એકલો આ કષાય આપી શકાય છે. બાળકને થતી ગ્રહણી ઉપર ઘણું સારું કામ કરે છે. જ્વરાતિસાર ઉપર અપાય છે.

૫. મરીચ ચૂર્ણઃ-(અમારી બનાવટ) મરચાં રાતાં બી કાઢીને શેર ૦ા તાવડીમાં બાળવાં. સાવ બળી નહિ જાય તે ધ્યાનમાં રાખવું. બારીક વાટી વાલ ૪ દિવસમાં બેથી ત્રણ વખત દહીં તોલા ૧૦ સાથે આપવાથી, ત્રણ દિવસમાં લોહીનો ઝાડો તથા પરુ મટે છે. ખોરાકમાં વધારેલા ચોખા ને દહીં ખાવું. આમ ઉપરાંત લોહી તથા પરુ પડે છે તે પર પણ ઘણું સારું કામ કરે છે. તાવ હોય તો આ ચૂર્ણ આપવું નહિ. એનાથી ન મટે તો સાથે કેશરાદિવટી તથા અજાજ્યાદિ ચૂર્ણ આપી શકાય છે.

૬. અજાજ્યાદિ ચૂરણઃ-(રત્નાવલિ) જીરું અડધા રૂપિયાભાર, અર્કમૂળની છાલ તોલો ૧, જવખાર, તોલો ૦ા, અફીણ

નાખી, તેમાં બરાસ વાટી મેળવવો. ત્યાર બાદ એલચી વગેરેને બારીક વાટી તેમાં મેળવી, માટીથી મોઢું ખૂબ બંધ કરી એક માસ રાખી મૂકવું. ત્યાર બાદ ગાળી શીશીમાં ભરી રાખવું. માત્રા તોલો અડધાથી દોઢ પાણી સાથે લેવાથી કોલેરા, અતિસાર, અગ્નિમંદ વગેરે મટે છે.

૨. કર્પૂરાસવઃ-(અમારી બનાવટ) રેકટીફાઈડ સ્પિરિટ શેર ૧, બરાસ તોલા ૮, એલચી, સૂંઠ, અજમો, મોથ, બીલાં, એક એક તોલો લઈ પ્રથમ એક સ્ટોપર બાટલીમાં સ્પિરિટ નાખી બરાસના કટકા કરી હલાવવાથી ઓગળી જશે. ત્યાર બાદ તેમાં એલચીવાળું ચૂરણ નાખી બાટલી બંધ કરી સાત દિવસ સુધી રાખવું. (દરરોજ હલાવવું) ત્યારબાદ ગાળી શીશીમાં ભરવું. માત્રા દિવસમાં બેથી ત્રણ વખત ૧૫ ટીપાં પાણી સાથે વાપરવાથી અતિસાર તથા ઊલટી મટે છે. અજીર્ણમાં ટીપાં ૧૫ દર ત્રણ કલાકે પાણી સાથે લેવાં. ઊલટી હોય તો એલચી મોટી બેઆની ભાર બારીક વાટી એક રૂપિયાભાર પાણીમાં બે કલાક પલાળી તે પાણી સાથે આપવો. લોહીનો ઝાડો-પરુ હોય તો ટીપાં ૧૫ દિવસમાં ત્રણ વખત કુટજાદિકષાય સાથે આપવો. સાદો ઝાડો, પેટમાં ખળભળાટ ને પેડુમાં દુખાવો હોય તો ટીપાં ૧૫ કેશરાદિ ગોળી સાથે આપવો. કૉલેરામાં ટીપાં ૧૫ બબ્બે કલાકે રોગીની સ્થિતિ પ્રમાણે આપવો. કર્પૂરાસવની અમારી બનાવટ ઉપરના રોગમાં ઘણો સારો ફાયદો કરે છે, અમે છૂટથી ઉપયોગ કરીએ છીએ. ઊલટી, અતિસાર, કૉલેરા, દરિયાઈ મુસાફરીથી થતા રોગ, શીતાંગ વગેરે રોગમાં આબાદ કામ કરે છે.

૩. કેશરાદિ ગોળીઃ-(અમારી બનાવટ) કેશર, જાયફળ, એલચી, સૂંઠ, લવિંગ, અફીણ, હિંગળોક-સરખા ભાગે લઈ બારીક વાટી, અફીણ છોડ (પોસડોડા) તોલા સાડાત્રણનો અષ્ટાવશેષ ક્વાથ કરી તેની સાથે વાટી, રતી એકની ગોળી વાળવી. ગોળી

એક દિવસમાં બેથી ત્રણ વખત ચોખાના ધોવણમાં આપવાથી અતિસાર મરડો, પેટનો દુખાવો પેટમાં ડાબી બાજુએ ખાધા પછી તથા ઝાડા થતા પહેલાં થતો ખળભળાટ તથા પ્રવાહિકા મટે છે.

૪. **કુટજાદિકપાય** (પ્રવાહી સત્ત્વ અમારી બનાવટ) આંબા ગોટી, ઇંદ્રજવ, કડાછાલ, દાડમની છાલ, ધાવડી, બીલાં, ભાંગ, માયાં, મોચરસ, રાળ, લોધર, વાળો, ખસખસ એ સર્વે એક એક તોલો લઇ બારીક ખાંડી, પાણી શેર ૩ાા નાખી રાત્રે પલાળી સવારે ઉકાળવું. ચોથા ભાગનું બાકી રહે ત્યારે ગાળી લેવું. તેને બીજા વાસણમાં નાખી ઉકાળવું. બળતાં ચોથો ભાગ શેષ રહે ત્યારે ઉતારી તેમાં તેટલુંજ મધ મેળવી શીશીમાં રાખવું. માત્રા તોલા ૦ા થી ૧ દિવસમાં બેથી ત્રણ વખત પાણી અગર ચોખાના ધોવણ સાથે આપવાથી અતિસાર, લોહી, જળશ, આમ, પ્રવાહિકા વગેરે પર ઘણું સારું કામ કરે છે. અફીણની બનાવટ અનુકૂળ ન હોય ત્યાં એકલો આ કપાય આપી શકાય છે. બાળકને થતી ગ્રહણી ઉપર ઘણું સારું કામ કરે છે. જ્વરાતિસાર ઉપર અપાય છે.

૫. **મરીચ ચૂર્ણઃ**-(અમારી બનાવટ) મરચાં રાતાં બી કાઢીને શેર ૦ા તાવડીમાં બાળવાં. સાવ બળી નહિ જાય તે ધ્યાનમાં રાખવું. બારીક વાટી વાલ ૪ દિવસમાં બેથી ત્રણ વખત દહીં તોલા ૧૦ સાથે આપવાથી, ત્રણ દિવસમાં લોહીનો ઝાડો તથા પરુ મટે છે. ખોરાકમાં વધારેલા ચોખા ને દહીં ખાવું. આમ ઉપરાંત લોહી તથા પરુ પડે છે તે પર પણ ઘણું સારું કામ કરે છે. તાવ હોય તો આ ચૂર્ણ આપવું નહિ. એનાથી ન મટે તો સાથે કૈશરાદિવટી તથા અજાજ્યાદિ ચૂર્ણ આપી શકાય છે.

૬. **અજાજ્યાદિ ચૂરણઃ**-(રત્નાવલિ) જીરું અડધા રૂપિયાભાર, અકંમૂળની છાલ તોલો ૧, જવખાર, તોલો ૦ા, અફીણ

તોલો ૦।, મોથ તોલો ૦॥, એ બારીક વાટી ચૂરણ કરવું. રતી ૨
બે ત્રણ વખત ચોખાના ધોવણ સાથે આપવાથી ગ્રહણી, અતિ-
સાર, રક્તાતિસાર તથા મરડો મટે છે.

૧૮–વૈદ્ય ડાહ્યાભાઈ બાજીભાઈ–સાયણ

શંખભસ્મ વાલ ૧, સિંધવ વાલ ૧–એ બે સાંજસવાર મધમાં ચાટવાથી સંગ્રહણી મટે છે. પથ્યમાં મોળી છાશ આપવી. રાવને વાટી ગોળમાં ચણીબોર જેવડી ગોળી વાળી સવારસાંજ એક એક ગોળી પાણી સાથે ખાવાથી સંગ્રહણી મટે છે.

૧૯–વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ જાની–સુરત

અષ્ટકાદિ ગુટિકાઃ–અફીણ, જાયફળ, ખારેક, ખારેકનો ઠળિઓ કાઢી તેમાં વટાણા જેટલું અફીણ તથા બે વાલ જાયફળ ભરી,ઘઉંના લોટનો આજુબાજુ લેપ કરી,ભરસાળમાં પકાવી, લેપ ઉખેડી ખરલમાં ખલી વટાણા જેવડી ગોળીઓ વાળવી. એકથી પાંચ વરસનાને ૦। ગોળી પાંચથી દશ વરસનાને અડધી પછી મોટી ઉંમરના માટે એક ગોળી; ચાહ, પાણી, દહીં, મલાઈ પૈકી કોઈ પણ અનુપાન સાથે લેવાથી મરડો, અતિસાર અને સંગ્રહણીને મટાડે છે, પરેજીની જરૂર નથી. રોગની પરેજી કરાવવી.

૨૦–વૈદ્ય રૂઘનાથસિંગ ગયાદીન–સુરત

૧. સંગ્રહણી કપાટવટીઃ–ખેરસાલ, જાવંત્રી, ખોરા-ની અજમો, ખડી, બીલીનો ગર, મોચરસ, અફીણ, મરડા-, કાયફળ, હિંગળોક, પોસ્તડોડા, ભાંગ, જાયફળ એ સમ-લઈ વાટી વસ્ત્રગાળ કરી, ખાટા દાડમના રસમાં એક દિવસ ને ચણા જેવડી ગોળીઓ વાળવી. અતિસાર તથા સંગ્ર-ાને છાશ સાથે દિવસમાં ત્રણ વખત ગોળી એકથી બે દર આપવાથી ફાયદા થાય છે

૨૦ જાતિફળાદિ ગુટિકાઃ-જાયફળ, અફીણ, ખારેકનો ભૂકો એને પાણી સાથે એક દિવસ ખલ કરી, રતીપૂરની ગોળી વાળી, અતિસારવાળાને દિવસમાં ત્રણ વાર છાશ કે દહીંના મઠા સાથે એક એક આપવાથી ફાયદો કરે છે.

૨૧–વૈદ્ય દેવજી આંસુ–કોડાય

જાંબુઅવલેહઃ-જાંબુનાં પાકાં ફળ લઈ, સાફ કરી તેનો રસ કાઢી વસ્ત્રથી ગાળી, રસથી ચોગણી સાકર નાખી પાક કરવો. તેની માત્રા તોલો ૧, મલાઇ, માખણ, દૂધ કે ઘીમાંથી કોઇ પણ અનુપાન સાથે આપવાથી સંગ્રહણી, ગળાનો સોજો, ઇન્દ્રલુપ્ત, પ્રદર, રક્તશ્વેત પ્રમેહ, કડકી, જીર્ણજ્વર, સાકરિયો પ્રમેહ, મુદતિયો તાવ, અશક્તિ વગેરે એનાથી મટી જાય છે. તથા શક્તિ આવે છે. આ અવલેહ પથ્ય ખોરાક સાથે ઘણા લાંબા દિવસ સેવન કરવાથી ઉપર લખેલા રોગો મટે છે.

૨૨–વૈદ્ય મગનલાલ વિજભૂખણદાસ–સુરત

મરડોઃ-ત્રણ કળીઓ મોટા લસણની, એલચી તોલો ૧, જાયફળ નંગ ૧, અફીણ બે આનીભાર, હિંગ છ આનીભાર અને ઘાડવાનું ચોખ્ખું ઘી અધોળ લઇ, પ્રથમ ઘી ગરમ કરી લસણની કળી છોલીને નાખવી. ત્રણ મિનિટ રહી એલચી નાખવી, ૪ મિનિટ રહીને જાયફળ તથા અફીણ નાખવું; પાંચ મિનિટ રહીને હિંગ નાખવી, પછી બે મિનિટ રાખી ઉતારી લેવું. પછી નીતરતું ઘી કાઢી લઇ મસાલો વાટવો અને પાછું તેજ ઘી ભેળવીને ઘૂંટવું. એમાંથી મોટા માણસને ચણાપૂર આપવાથી મરડો મટે છે. તેજ પ્રમાણે બળ જોઈ નાના બાળકને પણ આપી શકાય છે.

૨૩–એક વૈદરાજ જેમનું નામઠામ મળ્યું નથી

સંચળ તોલો ૧, અફીણ તોલો ૧, ઊંચી હિંગ તોલો ૧,

લસણ છોલેલું તોલો ૧, સૂંઠનો વસ્ત્રગાળ ભૂકો તોલા ૪, બધાં ઔષધોને સાથે વાટી, કાગદી લીંબુના રસમાં ખૂબ ઘૂંટી એકેક વાલની ગોળી કરી, એકેક ગોળી સવારસાંજ ગાયનું દહીં, છાસ અથવા પાણી સાથે આપવાથી જૂના કે નવા ઝાડા, દોષ-જન્ય અતિસાર, અજીર્ણ અતિસાર, આમાતિસાર, રક્તાતિસાર, મરડો વાયુ કે કૃમિના ઝાડા મટે છે. આ ગોળી અસાધ્ય ઠરેલી સંગ્રહણી ઉપર કદી નિષ્ફળ ન નીવડે એવી છે. પંચામૃત પર્પટી તથા ગ્રહણી કપાટરસ જે રોગી ઉપર નિષ્ફળ નીવડેલા તેવા ઘણા રોગી આ ગોળીથી સારા થાય છે. પરેજીમાં ઘઉંનો ખોરાક, વાસી અન્ન, ખીચડી અને મૈથુનનો ત્યાગ કરવો.

૨૪-વૈદ્ય રાઘવજી માધવજી-ગોંડલ

૧. હરડે, સૂંઠ, મોથ અને ગોળ, એની ગોળી આપવાથી મરડો તથા આમવાયુ મટી દસ્ત સાફ આવે છે.

૨. ચિત્રક, નાગકેશર, કાળાં મરી, પીપળીમૂળ, દેવદાર, અતિવિષ, હીમજ, તજ, સુવા, ધાણા, સિંધવ-એને વાટી વસ્ત્રગાળ કરી ૦ા તોલો સાંજસવાર છાસ સાથે ફાકવાથી, ઝાડામાં પડતા આમને અટકાવી આમ સંગ્રહણી મટાડે છે.

૨૫-વૈદ્ય ઉમિયાશંકર બાપુભાઈ-વીરમગામ

અતિવિષનું ચૂર્ણ વાલ ૧ અને શંખભસ્મ વાલ ૦ા દહીંમાં સાકર મેળવી, ઉપરની પડીકી દિવસમાં ૩ વાર આપવાથી ઝાડાના સખ્ત વેગમાં એકદમ ફાયદો આપે છે. દિવસમાં પચ્ચીસ ઉપરાંત તેથી વધુ થતા ઝાડાના વેગને એકદમ અટકાવવામાં સારું કામ કરે છે, તેમજ મરડાને પણ મટાડે છે.

૨૬-માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

શુદ્ધ ઝેરકોચલાનું ચૂર્ણ ૨ રતીભાર, લોહભસ્મ વાલ ૧

અને નાગરમોથ વાલ ૪, મેળવી પાણી સાથે સવારસાંજ ફકાડવાથી સંગ્રહણી મટે છે.

૨૭–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. શુદ્ધ પારદ, ગંધક, વછનાગ, સૂંઠ, મરી, પીપર, ફુલાવેલો ટંકણ, લોહભસ્મ, ખોડીઅજમોદ, અફીણ એ એકેક તોલો, અબરખ ભસ્મ તોલા ૧૦, તમામને મેળવી ચિત્રકના કાઢામાં ૩ કલાક ઘૂંટી, મરી જેવડી ગોળી કરી, દિવસમાં ૪ થી ૬ ગોળી આપવાથી સંગ્રહણી તથા અજીર્ણ અવશ્ય મટે છે.

૨. પારો, ગંધક, કોડીભસ્મ, સૂંઠ, મરી, પીપર, ફુલાવેલો ટંકણખાર એ સર્વ સમભાગે લઇ, લીંબુના રસમાં ચણીબોર જેવડી ગોળી વાળી, મરી તથા મધ સાથે ચાટવાથી સંગ્રહણી મટે છે.

૩. લાહી ચૂર્ણઃ-તજ, એલચી, તમાલપત્ર, સૂંઠ મરી, પીપર, હરડાં, બહેડાં, આમળાં, પારો, (હિંગળોકમાંથી કાઢેલો) ગંધક, અજમોદ, વરિયાળી, વાવડિંગ, ધાણા, હળદર, ચીલી ચિત્રાછાલ, જીરું, લવિંગ, ગજપીપર, મરેઠી, પંચલવણ, (સિંધવ સંચળ, બીડલવણ, બંગડીખાર ને મીઠું) કાચકાંના ગોળા, હિંગ મોચરસ, સાજીખાર, જવખાર; એ સર્વથી ચોથે ભાગે ભાંગ લેવી તે સર્વે ખાંડી ચૂર્ણ કરવું. તેમાંથી બે આનીભારથી પાવલીભ સુધી, છાશ સાથે આપવાથી સંગ્રહણી મટે છે.

૨૮–વૈદ્ય માણલાલ દોલતરામ–કપડવણજ

પંચામૃત પર્પટીરસઃ-(ભૈષજ્ય રત્નાવલિ) તથા તે ૨ કોઈ પણ દીપનપાચન ચૂર્ણનો ઉપયોગ કરવો. ખોરાકમાં ! છાશ આપવી. પિત્તપ્રધાન પ્રકૃતિવાળાને રસપર્પટી (ભાવપ્રકાશ સુવર્ણ પર્પટીરસનો ઉપયોગ કરવો. ખોરાકમાં દૂધભાત આ

૨૯-વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ-ખાખરેચી

સૂંઠને ઘીમાં શેકી રાતી થયે કાઢી લઈ, તેના વજન જે
સાકર મેળવી ચૂર્ણ કરવું. તે ચૂર્ણ ઉંમરના પ્રમાણમાં અ
વાથી મરડો અને આમથી થયેલી વિક્રિયાઓનો ચમત્કા
રીતે નાશ થાય છે.

૩૦-મહારાજશ્રી મહાવિરદાસ જાનકીદાસ-ધોળકા

રેચ બંધ કરવાનો ઉપાયઃ-કડાયો ગુંદર તોલો ૦ વાટી
પાશેર દહીંમાં થોડા કલાક પલાળી, તેમાં ત્રણ તોલા સાકર મેળવી
માવાથી ગમે તેવો ભયંકર રેચ હશે તો પણ બંધ થશે. આ ઉપ-
ાંત અતિશય રેચ લાગ્યાને પરિણામે થયેલી આંતરડાની હરકતો
ણ મટશે. આ ઉપાય નેપાળાના સખત જુલાબથી થયેલી હર-
ાને મટાડવા અતિ ઉપયોગી છે. કઢાયા ગુંદરને બદલે ઓથ-
જીરાનો પ્રયોગ કરવાથી પણ ફાયદો થાય છે.

કેટલાક વૈદ્યોના અર્શના અનુભવસિદ્ધ ઉપાયો

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. ગરમાળાનાં પાતરાં નંગ ૫ તથા કાળાં મરીના દાણા
નંગ ૭ એ બેને પાણીમાં ઝીણાં વાટી, સાકર નાખી દિવસમાં બે
વાર પાવાથી થોડા દિવસમાં સઘળી જાતના હરસ મટે છે.

૨. લેપઃ-ચીંબોળી તોલો ૧, રસવંતી તોલો ૧, સોનાગેરુ
તોલો ૧, કપૂર તોલો ૧, એને ઝીણાં વાટી પાણી સાથે મેળવી
મા લેપ હરસ ઉપર ચોપડવો. અથવા આ ચારે વસ્તુને દિવેલમાં
ટી મલમ જેવી બનાવી ચોપડવી, જેથી હરસ બેસી જાય છે.

૩. લેપઃ-વરકી હરતાલ તોલો ૧, સફેદ કાથો તોલો ૧,

ઝીણો વાટી સો વખત પાણીએ ધોયેલા ઘીમાં મેળવી ચોપડવો. તેમજ હરતાલને દિવેલમાં મેળવી ચોપડવાથી પણ હરસ મટે છે.

૨–વૈદ્ય બાલકૃષ્ણ રતનેશ્વર–સુરત

૧. મરી, પીપર, ઉપલેટ, કુલીજન, સિંધવ, જીરું, સૂંઠ, ઘોડાવજ, હિંગ, વાયવડિંગ, હીમજીહરડે, ચિત્રો, અજમો–એ સર્વે બારીક વાટી ગૉળમાં બોર પ્રમાણે ગોળી વાળી ગરમ પાણી સાથે દિવસમાં ત્રણ વખત એક એક ગોળી આપવાથી વાયુના હરસ નરમ પડી જાય છે.

૨. ગળોસત્ત્વ તોલા ૫, રાતું નાગકેશર તોલા ૫, ટાટના કોથળાની રાખ તોલા ૫, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી બબ્બે આની-ભાર દિવસમાં બે વાર માખણ તથા સાકર સાથે આપવાથી ત્રણ દિવસમાં લોહી પડતું બંધ થાય છે. જરૂર જણાય તો વધારે દિવસ આપવું.

૩. ઇંદ્રજવનો કવાથ કરી મધ નાખી દિવસમાં બે વાર આપવો અને ઉપર મગની દાળ અને ભાત ખવડાવવો, જેથી પિત્તના હરસ નરમ પડી જાય છે.

૪. કાળીજીરી તોલા ૫ લઈ અધીં શેકવી, અધીં કાચી રાખીને તેનું ચૂર્ણ કરી તેના ત્રણ ભાગ કરી ત્રણ દિવસ સુધી ચોખાના ધોવણ સાથે આપવાથી પિત્તના અર્શની શાંતિ થાય છે.

૫. ઇંદ્રજવ, અતિવિષ અને રસવંતી સરખે ભાગે લઈ ચૂરણ કરી મધમાં કાલવી, ચોખાના ધોવણ સાથે ત્રણ દિવસ તોલો તોલો આપવાથી અજાયબ ચમત્કાર બતાવે છે.

૬. મલમઃ–અફીણ વાલ ૨, કપૂર તોલો ૦॥ અને માખણ તોલા ૪ મેળવી ચોપડવાથી હરસના મસા ચીમળાઇ જાય છે, એટલે ગુદાનું દરદ નરમ પડી જાય છે.

૨૯-વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ-ખાખરેચી

સૂંઠને ઘીમાં શેકી રાતી થયે કાઢી લઈ, તેના વજન ને સાકર મેળવી ચૂર્ણ કરવું. તે ચૂર્ણ ઉંમરના પ્રમાણમાં ખ વાથી મરડો અને આમથી થયેલી વિક્રિયાઓનો ચમત્કા રીતે નાશ થાય. છે.

૩૦-મહારાજશ્રી મહાવિરદાસ જાનકીદાસ-ધોળકા

રેચ બંધ કરવાનો ઉપાયઃ-કડાયો ગુંદર તોલો ૦ વાટ પાશેર દહીંમાં થોડા કલાક પલાળી, તેમાં ત્રણ તોલા સાકર મેળવી ખાવાથી ગમે તેવો ભયંકર રેચ હશે તો પણ બંધ થશે. આ ઉપ રાંત અતિશય રેચ લાગ્યાને પરિણામે થયેલી આંતરડાની હરકતો પણ મટશે. આ ઉપાય નેપાળાના સખત જુલાબથી થયેલી હર- કતોને મટાડવા અતિ ઉપયોગી છે. કઢાયા ગુંદરને બદલે ઓથ- મીજીરાનો પ્રયોગ કરવાથી પણ ફાયદો થાય છે.

केटलाक वैद्योना अर्शना अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. ગરમાળાનાં પાતરાં નંગ ૫ તથા કાળાં મરીના દાણા નંગ ૭ એ બેને પાણીમાં ઝીણાં વાટી, સાકર નાખી દિવસમાં બે વાર પાવાથી થોડા દિવસમાં સઘળી જાતના હરસ મટે છે.

૨. લેપઃ-હીંબોળી તોલો ૧, રસવંતી તોલો ૧, સોનાગેરૂ તોલો ૧, કપૂર તોલો ૧, એને ઝીણાં વાટી પાણી સાથે મેળવી આ લેપ હરસ ઉપર ચોપડવો. અથવા આ ચારે વસ્તુને દિવેલમાં ાટી મલમ જેવી બનાવી ચોપડવી, જેથી હરસ બેસી જાય છે.

૩. લેપઃ-વરકી હરતાલ તોલો ૧, સફેદ કાથો તોલો ૧,

ઝીણો વાટી સો વખત પાણીએ પોયેલા ઘીમાં મેળવી ચોપડવે તેમજ હરતાલને દિવેલમાં મેળવી ચોપડવાથી પણ હરસ મટે છે

૨–વૈદ્ય બાલકૃષ્ણ રતનેશ્વર–સુરત

૧. મરી, પીપર, ઉપલેટ, કુલીંજન, સિંધવ, જીરું, સૂંઠ, ઘોડાવજ, હિંગ, વાયવડિંગ, હીમજીહરડે, ચિત્રો, અજમો–એ સર્વે બારીક વાટી કૉળામાં બોર પ્રમાણે ગોળી વાળી ગરમ પાણી સાથે દિવસમાં ત્રણ વખત એક એક ગોળી આપવાથી વાયુના હરસ નરમ પડી જાય છે.

૨. ગળોસત્ત્વ તોલા ૫, રાતું નાગકેશર તોલા ૫, ટાટના કોથળાની રાખ તોલા ૫, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી બબ્બે આની-ભાર દિવસમાં બે વાર માખણ તથા સાકર સાથે આપવાથી ત્રણ દિવસમાં લોહી પડતું બંધ થાય છે. જરૂર જણાય તો વધારે દિવસ આપવું.

૩. ઇંદ્રજવનો ક્વાથ કરી મધ નાખી દિવસમાં બે વાર આપવો અને ઉપર મગની દાળ અને ભાત ખવડાવવો, જેથી પિત્તના હરસ નરમ પડી જાય છે.

૪. કાળીજીરી તોલા ૫ લઈ અધીં શેકવી, અધીં કાચી રાખીને તેનું ચૂર્ણ કરી તેના ત્રણ ભાગ કરી ત્રણ દિવસ સુધી ચોખાના ધોવણ સાથે આપવાથી પિત્તના અર્શની શાંતિ થાય છે.

૫. ઇંદ્રજવ, અતિવિષ અને રસવંતી સરખે ભાગે લઈ ચૂરણ કરી મધમાં કાલવી, ચોખાના ધોવણ સાથે ત્રણ દિવસ તોલો તોલો આપવાથી અજાયબ ચમત્કાર બતાવે છે.

૬. મલમઃ–અફીણ વાલ ૨, કપૂર તોલો ૦॥ અને માખણ તોલા ૪ મેળવી ચોપડવાથી હરસના મસા ચીમળાઈ જાય છે, એટલે ગુદાનું દરદ નરમ પડી જાય છે.

૭. લીંબડાની સૂકી લીંબોળી તોલો ૧ લઈ, ચાર તો તેલમાં તળીને બાળી મૂકવી. તેમાં બે રતી મોરથૂથુ મેળવી પ તેમાંજ વાટી હરસ ઉપર ચોપડવાથી હરસ નરમ પડે છે.

૮. જાયફળ તોલો ૦।, અફીણુ વાલ ૨, કપૂર બે આનીભા એને તલના તેલમાં ઘૂંટી મલમ જેવું કરી, મસા ઉપર ચોપડવાથી મસા ખરી પડે છે.

૯. કડવી તૂમડીના બીજને ખાટી છાશમાં વાટી મસા ઉપર જાડો લેપ લગાડવાથી મસા ફૂટી જઈ દરદ નરમ પડી જાય છે.

૧૦. કડવા તૂરિયાનાં બી નંગ ૩ પાણીમાં ઘસી ચોપડવાથી ાસા નરમ પડી જાય છે.

૧૧. પીપર, મરી, સૂંઠ, ચિત્રો અને સૂરણ પાંચ-પાંચ તોલા તથા ગૉળ વીસ તોલા મેળવી દરરોજ એક એક તોલો ખાય તો એક માસમાં હરસ મટે છે.

૩–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. કૂકડવેલના ફળને ખાંડી, પાણીમાં મેળવી, ઝાડે જતી વખતે તે પાણી લઈને ગુદા ધોવી તેથી હરસ મટી જાય છે.

૨. સોમલને પાણી સાથે ઘસવો ને તે ઘસારા ઉપર રેવં-ચીનું લાકડું ઘસવું. તેનાં ટપકાં હરસ ઉપર કરવાં. હરસ સિવાય બીજે સ્થાને લાગે નહિ તેની સંભાળ રાખવી. દિવસમાં બે વખત ટપકાં કરવાથી હરસ ફૂલશે ને ત્રણ કે ચાર દિવસમાં પાણી ઝરવા માંડશે અને હરસ ઘટવા માંડશે. એટલે પછી પીપર, પીપળો, , વડ, ઉંમરો ને પારસ પીપળો–એ પાંચ વૃક્ષની છાલ સમભાગે શેર બે લાવી ૧૦ શેર પાણીમાં ઉકાળી, તે પાણીએ સહેવાતું સહેવાતું ધોવું. ધોયા પછી ડુંગળી શેર ૦। લાવી સુધારી, ઘી શેર ૦। નાખી, તેમાં બીડા વગરની હળધર તોલા બે નાખી,

ગરમ કરી, એક દાતણે લૂગડાનો નાનો કટકો બાંધી તેના ઉપર સહેવાતો સહેવાતો શેક કરવો. એટલે કે ઘીમાં બોળતા જવું અને શેકતા જવું. તેથી કળતર બંધ થઇ હરસ નીકળી પડશે ને ખાડા પણ પુરાઇ જશે. પછી દૂધની તર દૂધ સાથેજ તે ખાડા ઉપર ઠંડક માટે મૂકવી. જરૂર પડે તો એરંડિયું પણ મુકાય છે અને તેથી હરસ મટી જાય છે.

૩. ચમાર દુધેલીના પાન પાણીમાં બાફી વાટીને ગાયની છાશમાં પાંચ રૂપિયાભાર પાવાં. ઉપર ચોખાની રાબ ગાયની છાશમાં પાવી. સાત દિવસ પાવાથી લોહી પડતું બંધ થાય છે.

૪. ભોંયપાતરી (ગળજીભી) નો રસ હંમેશાં દૂધમાં પીવાથી હરસનું લોહી બંધ પડે છે.

૪–વૈદ્ય ગિરિજાશંકર આશારામ ત્રિવેદી–ઝરિયા

પતાસાં રૂા. ૫ ભાર, લીંબોળીના ઠળિયા રૂા. ૫ ભાર; એ બંને ચીજોને બારીક વાટી એક તાંબાના લોટાને તળિયે ઝીણું છિદ્ર કરી, તે લોટામાં ઉપરોક્ત કલ્કનાખી, લોટાનું મોં ખૂબ બંધ કરવું. ત્યાર બાદ જમીનમાં એક પ્યાલું રહે તેટલો ખાડો કરી, પ્યાલું તેમાં મૂકી, તે પર લોટો બરાબર ગોઠવાઇ રહે તેમ મૂકી આશરે ૧૫૦ છાણાં મૂકી ભઠ્ઠી સળગાવવી. એમ કરવાથી નીચેના પ્યાલામાં અર્ક પડશે. તે અર્કનાં ૩ ટીપાં સાકરઘીના શીરા સાથે સવારમાં ખાવાથી હરસનો વ્યાધિ મટી જાય છે. આ પ્રયોગથી સેંકડે ૫૦ ટકા તો અવશ્ય ફાયદો થાય છે ને ઘણા દરદીઓને આરામ પણ થાય છે.

૫–વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઇ જાની–સુરત

૧. સૂંઠ, મરી, પીપર, સૂરણ, પીલવણ એ સર્વને સમભાગે વાટી, ગૉળ સાથે વાલ વાલની ગોળી કરી, ગુદામાં મૂકી, લંગોટ પહેરી રાખવાથી હરસ મટી જાય છે.

૨. સફેદ મૂસળીનું ચૂર્ણ ગોમૂત્રમાં પીએતો આરામ થાય
૩. ઇંદ્રજવ ખાટી છાશમાં પીએ તો આરામ થાય છે.

૬-વૈદ કૃષ્ણારામ ભવાનીશંકર-ભાવનગર

હળદરને આકડાના દૂધમાં ઘૂંટી, બકરીની લીંડી જેવી લંબગોળા ગોળીઓ વાળી રાખવી. મસાની આસપાસની જગ્યાએ ઘી લગાડી, મસા ઉપર આ ગોળી પાણીમાં ઘસી ચોપડવી. એ પ્રમાણે છ દિવસ લગાડવાથી મસા સુકાઇને ખરી પડે છે.

૭-વૈદ બાલાશંકર પ્રભાશંકર-નાંદોદ

સૂકી હળદરનો કાંકરો પાણીમાં ઘસવો. તેમાં ઉપલેટ ઘસવી; પછી તેમાં સોમલ રતી ૧ ઘસી હરસ ઉપર દિવસમાં બે વાર ચોપડવું. પાંચ દિવસ ચોપડયા પછી છઠ્ઠે દિવસે તથા ૭ મે દિવસે કમોદના ચોખા અને તે ન મળે તો સુખવેલના ચોખાનો ભાત તથા દહીં લૂગદો કરી, ગુદા પર બાંધવાથી હરસ ખરી પડશે. તે પછી બોરડીનાં મૂળ તથા ચણીબોરનાં મૂળ ઉકાળીને કથરોટમાં નાખી અંદર બેસવાથી તે રુઝાઈ જશે. પવનમાં ફરવું નહિ. વાલ, કેળું અને કોળું ખાવું નહિ.

૮-વૈદ દયાશંકર મોરારજી-કળિયાળા

શંખિયો માસા ૬, ગંધક તોલો ૧, હરતાલ તોલો ૧, હરડે તોલો ૧ એ સર્વને વાટી એક કોડિયામાં ભરી, ઉપર બીજું કોડિયું ઢાંકી, કપડમટ્ટી કરી સૂકવી, અગ્નિ પર સૂક્ષ્મ આંચ દેવી. જરા ઊનું થાય કે તરત ઉતારી ખરલમાં નાખી ઘી નાખી એક કલાક ઘૂંટવું. તેમાંથી બાજરીના દાણા જેટલી દવા લઈ લીંબુના રસમાં ઘસી મસા ઉપર લગાડવાથી, છ પ્રકારના હરસ જડમૂળથી નીકળી જાય છે. અમોએ અજમાવેલ છે.

૯–વૈદ્ય ચૂનીલાલ હરગોવિંદ જોષી–સુરત

અફીણ તોલો ૦ા, રસવંતી તોલો એક, લીંબોળીનો મગજ તોલો ૪ તથા મેંદીનાં પાતરાંનો રસ શેર ૦। એ સર્વને પેણીમાં નાખી ચૂલા ઉપર મૂકી, ધીમી આંચથી ઘન અવલેહ જેવું કરવું. ઠંડું પડયા પછી મસા ઉપર ચોળવાથી સારો ફાયદો થાય છે.

૧૦–વૈદ્ય દુર્ગાપ્રસાદ ગંગાધર–પોરબંદર

રસવંતી વાલ જેટલી લઇ પાણીમાં મેળવી, કપડે ગાળી તે પાણીમાં મધ અથવા સાકર નાખી સવારસાંજ પીવાથી થોડા દિવસમાં જાદુઈ અસર થાય છે. આ દવા ઠંડી હોવાથી બનતાં સુધી રાત્રે નહિ પાવી. હરસમાંથી થોડા દિવસ લોહી પડી જવા દઇ પછી આ ઇલાજ કરવો.

૧૧–વૈદ્ય વલ્લભદાસ નરોત્તમદાસ શાહ–ભરૂચ

૧. કાચકાંના પાતરાંનો રસ કાઢી ચોદ દિવસ પીવાથી હરસ મટે છે.

૨. હિંગ તોલો ૧, નાગકેશર તોલો ૧ અને કેશર વાલચાર એનું ઝીણું ચૂરણ કરી બે આનીભાર વજને ઠંડા પાણી સાથે ફાકે તો ત્રણ દિવસમાં હરસ મટે છે.

૧૨–વૈદ્ય ડાહ્યાભાઈ બાજીભાઇ–સાયણ

યોગચિંતામણી માંહેની અજમોદાદિવટિકા નંગ બે સાંજ સવાર છાશ સાથે ખાવાથી હરસ મટે છે.

૧૩–વૈદ્ય એસ. એલ. બર્મન–સુરત

માયાંફળનું બારીક ચૂર્ણ તોલો ૦ા, અફીણ તોલો ૦ા, ખણ તોલા ૨ મેળવી મસાના દરદીએ એ મલમ ગુદામાં ચોપડ... એથી મસા બેસી જાય છે. તેની સાથે નીચે લખેલી ગોળી ખવા...

સોનામુખી તોલા ૭, સૂંઠ તોલા ૨, પીપળીમૂળ તો
સફેદ મરી તોલો ૦ાા, સંચળ તોલો ૦ાા, એલચી દાણા તોલ
કાળી દ્રાક્ષ તોલા ૨, લઇ પ્રથમ કાળી દ્રાક્ષના ઠળિયા કાઢી
તેમાં ઉપર લખેલું ચૂર્ણ બનાવી દ્રાક્ષમાં મેળવી સારી રીતે
બાદ લીંબુના રસનો એક પટ દઈને ચણા જેવડી ગોળી બ
૨થી ૪ ગોળી જમ્યા પછી આપવાથી અનાજનું પાચન થાય
દસ્ત સાફ આવે છે અને હરસવાળાને ફાયદો થાય છે.

૧૪--ડૉક્ટર ચંદુલાલ મુકુન્દરાય-પાટણ

ગોળ, કાળા તલ, ભિલામાં અને મોટી હરડે, એ સર્વે સમ
ભાગે લઈ, પ્રથમ હરડેને ઘીમાં તળી સર્વેને એકઠું ખાંડી, ત્ર
માસાની એટલે ૦ા તોલાની ગોળીઓ બનાવી, સવારસાંજ એકેક
ગોળી, ઠંડા પાણી સાથે લેવાથી સાત દિવસમાં હરસ મટે છે.

૧૫-સાધુ ગંગાદાસજી સેવાદાસજી-સુરત

૧. સોમલ તોલો ૧, મોરથુથુ તોલો ૧, સિંદૂર તોલો ૧,
એને કપડછાણ કરી મૂકવું. પછી નિમંળીને ઘસીને તેમાં જરાક
આ ભૂકાને નાખીને મસા ઉપર ચોપડવું. પછી તેને પોણો કલાક
ઊંઘો સુવાડી મૂકવો, કે જેથી આ દવા બીજે ઠેકાણે લાગી શકે નહિ.
આ દવાથી અગન બળે તો તેના ઉપર સફેદ કાથો તોલો ૧, બરાસ
કપૂર તોલો ૧, સોનાગેરુ તોલા ૨, એ ત્રણે વાટી સો વખત પાણીએ
ધોયેલા ઘીમાં મેળવીને ચોપડવાથી ઠંડક વળશે. એ પ્રમાણે દિવ-
સમાં બે વાર લગાડવાથી મસા બળીને ખરી જાય છે. જો મચાની
આજુબાજુ ઘારાં પડી જાય તો સીપીજન તોલો ૧, કતઈ સફેતો
તોલો ૧, શંખજીરું તોલો ૧-એ ત્રણેને બારીક વાટી ધોયેલા ઘીમાં
મલમ બનાવી ભરવાથી આરામ થાય છે.

૨. ૧૦૮ વખત પાણીએ ધોયેલું ચોખ્ખું ઘી, ખડિયો ખાર

અને નવસાર એ ત્રણેને મેળવી મસા ઉપર ચોપડવાથી એક માસમાં આરામ થશે.

૧૬–વૈદ્ય નારુશંકર હરગોવિંદ–બારડોલી

૧. ભોંયરીંગણીના મૂળની છાલ શીળે સૂકવી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, દિવસમાં ત્રણ વખત એકેક વાલ પાણી સાથે ફકાવવી. આથી હરસનું પડતું લોહી બંધ થાય છે.

૨. એળિયો, મરી ને લીંબોળી સમભાગે લઇ કુંવારના રસમાં ઘૂંટી, ચણી બોર જેવડી ગોળી વાળીને, બબ્બે ગોળી દિવસમાં ૩ વાર આપવાથી હરસે પડતું લોહી બંધ થઈ ઝાડો સાફ આવે છે. આજ ગોળી નાનાં બચ્ચાંને પ્રમાણસર આપવાથી તાવ તથા કૃમિને મટાડે છે. મોટા માણસને જીર્ણજ્વરમાં ઘણો ફાયદો કરે છે.

૩. ગરમાળાનાં પાતરાંનો રસ ટીપાં ૧૦, ગોળમાં મેળવી આપવાથી હરસ મટાડે છે.

ઇંદ્રજવ તથા નાગકેશર સરખે વજને લઇ વસ્ત્રગાળ કરી, ૧ વાલ અથવા તેથી વધારે, રોગનું બળ જોઇ છાશ સાથે આપવાથી પણ હરસ મટે છે.

૧૭–મહારાજશ્રી મહાવીરદાસ જાનકીદાસ–ધોળકા

૧. મહાત્માપ્રસાદઃ–ભોંયરીંગણીનાં તાજાં ફળ આશરે ચાર અથવા પાંચ તોલા લઇ તેને શરાવ સંપુટમાં મૂકી કપડમટ્ટી કરી સૂકવી, દશ શેર છાણાં (કુકુટપુટ) મૂકી સળગાવવી. જ્યારે કોડિયાની ફળો બળી કોલસા થાય ત્યારે તે કોડિયાને કાઢી કોલસા કાઢી બારીક વાટવું. જ્યારે હરસ દૂઝે ત્યારે તેને એક કપૂરી પાનમાં રતિભાર બેત્રણ વખત ખવડાવવાથી ગમે તેવા લોહી દૂઝતા હરસ મટશે. ૧૪ થી ૨૧ દિવસ સુધી લાગટ સેવન કરવાથી શરીરમાં શક્તિ આવશે, લોહી સુધરશે અને હરસને દબાવશે.

તેમજ દરેક પ્રકારના રક્તસ્રાવને બંધ કરે છે. મોં, નાક, ગુદા, શિશ્ન અને ગર્ભાશયના રક્તસ્રાવને આ દવા અટકાવી શકે છે.

૨. હરસ ઉપર લગાડવાનો મલમઃ–સોનાગેરુ તોલો ૧, કાંટાળાં માયાં તોલો ાા, કપૂર વાલ ૪ તથા અફીણ વાલ બે સર્વને ખૂબ ઘૂંટી દિવેલ સાથે મલમ કરી, હરસને દિવસમાં બેત્રણ વાર ચોપડવો. આથી બહારના સૂકા હરસ ફૂણા પડી પીડા બંધ થશે અને દ્રઝતા હરસ પણ મટશે.

૩. હરસ માટે ધૂણીઃ–ઝેરકોચલાં, કપૂર, ખીજડાનાં પાન, હળધર, ભોંયરીંગણીનાં ફળ, સમભાગે લઈ કચરી રામપાત્રમાં છાણાંના ધગધગતા દેવતા ઉપર આશરે તોલા એકને મૂકી બાજઠ અથવા બે ઈંટ ઉપર કમર સુધી કપડું ઓઢી બેસીને હરસ ઉપર ધુમાડો દેવો. દિવસમાં બે વખત દેવાથી બાર પીડા શાંત પડી જશે.

૪. હરસ માટેઃ–રસવંતી અને સૂરોખાર, એકેક તો માયાં અને નવસાર અર્ધો અર્ધો તોલો લઈ, મૂળાના પાનના રર માં ઘૂંટી ચણીબોર જેવડી ગોળીઓ વાળી, હરસના દરદીને દર રોજ બે બે ગોળી આપવાથી લોહી પડતું બંધ પડશે.

૫. હરસ માટેઃ–હરસિંગાની બીજ તોલો ૧ અને મરી તોલો ાા, પાણી સાથે ઘૂંટી પાવલીભારની ગોળીઓ વાળી, દર રોજ એક ગોળી ખાવાથી દરેક પ્રકારના હરસને મટાડે છે.

૬. કરંજવાની બીજ, સૂંઠ, ચિત્રકમૂળ, સિંધવ, ઈંદ્રજવ, મરી, ...વં સમભાગે લઈ વસ્ત્રગાળ કરી, ાા થી ાાા તોલો છાશ અગર ...ડી સાથે લેવાથી હરસના મસા ખરી પડે છે અને કાંઈ પણ ...ત થતી નથી. આ ઉપરાંત ચૂંક, આફરો, અજીર્ણ અને ગોળો ... છે; પાચક પણ છે.

૬—અજીર્ણ

જ્યારે કફને ઉત્પન્ન કરનારા તમોગુણી પદાર્થોનું સેવન કરવામાં આવે છે ત્યારે પાચકપિત્તનો હીનયોગ થઈ, સમાનવાયુમાં ક્લેદન-કફ તેનો મિથ્યાયોગ કરે છે, જેથી સમાનવાયુ પોતાનું કામ બજાવી નહિ શકવાથી પાંચ પ્રકારના અજીર્ણને ઉત્પન્ન કરે છે. તે અજીર્ણો આમાજીર્ણ, વિદગ્ધાજીર્ણ, વિષ્ટબ્ધાજીર્ણ, રસશેષાજીર્ણ અને ભસ્માજીર્ણ એવી રીતે પાંચ નામથી ઓળખાય છે. પરંતુ ખરું કહીએ તો સમસ્ત રોગો ઘણું કરીને અજીર્ણથીજ ઉત્પન્ન થાય છે. જેમ જઠરાગ્નિમાં વાયુનો અતિયોગ થવાથી દગ્ધાજીર્ણ એંશી પ્રકારના વાયુના રોગો; પિત્તનો અતિયોગ થવાથી દગ્ધાજીર્ણ ચાળીશ પ્રકારના પિત્તના રોગો; અને કફનો અતિયોગ થવાથી આમાજીર્ણ વીશ પ્રકારના કફના રોગો, એટલે સર્વ મળી એકસો ચાળીશ જાતના રોગો ઉત્પન્ન થાય છે. અને પરસ્પર ભેગાં મળવાથી ન ગણાય એટલી સંખ્યાના રોગો જણાય છે. તેનું ઉત્પત્તિસ્થાન એક અજીર્ણ છે, એમ કહીએ તો ચાલી શકે એમ છે.

૧. જ્યારે આમાશયમાં ક્લેદન કફનો અતિયોગ થાય છે, જેથી સમાનવાયુનો મિથ્યાયોગ થવાથી પાચકપિત્ત મંદ પડી જાય છે; તેથી ખાન અને પાનના પદાર્થોનો રસ બરાબર પરિપકવ નહિ થતાં કાચોજ રહે છે. આથી રોગીના શરીરમાં ભારેપણું, બેચેની, ગાલ અને આંખ પર સોજો આવી, જેવા સ્વાદવાળું અન્ન ખાધું હોય તેવાજ સ્વાદવાળા ઓડકાર આવે છે, તેને આમાજીર્ણ કહે છે.

૨. જ્યારે સમાનવાયુનો હીનયોગ થાય છે અને પાચકપિત્તનો અતિયોગ થઇ સમાનવાયુ ક્લેદનકફમાં મળી તેનો મિથ્યા-

યોગ કરે છે, જેથી પાચકપિત્તથી ખાધેલા સત્ત્વગુણી ખાનપાનને રસ દગ્ધ થઈ જાય છે. આથી રોગીને ભ્રમણા, તરસ, મૂર્છા અં ખાટા ઓડકાર આવે છે, તેમજ પરસેવો અને બળતરા થાય છે તેને **વિદગ્ધાજીર્ણ** એવું નામ આપવામાં આવ્યું છે.

૩. જે અજીર્ણમાં સમાનવાયુનો પાચકપિત્તના હીનયોગને લીધે અતિયોગ થાય છે અને વાયુના અતિયોગથી કલેદનકફમાં મિથ્યાયોગ થાય છે, એટલે અપાનવાયુ મળને સૂકવી નાખે છે, જેથી પેટ ચડે છે, પેટમાં દુખે છે; અધોવાયુ અને ઝાડાનું રોકાણ થાય છે, શરીર સ્તબ્ધ થાય છે અને તે રોગીને આમવાયુના કળતરની પેઠે માથામાં કોઈ નસ્તર મારતું હોય એવું અસહ્ય દુઃખ થાય છે, તેને **વિષ્ટબ્ધાજીર્ણ** એવું નામ આપવામાં આવ્યું છે.

૪. સમાનવાયુનો મિથ્યાયોગ થવાથી એટલે કલેદનકફ સમાનવાયુમાં ભળવાથી પાચકપિત્તનો હીનયોગ થાય છે, જેથી સમાનવાયુ પાચકપિત્તે કરેલા આહારના રસરૂપ ધાતુને પ્લીહા તથા યકૃતમાં પૂરેપૂરો પહોંચાડી શકતો નથી. તેથી અન્નનો રસ કોઠામાં શેષ રહી જવાથી રોગીને અન્નનો અભાવો થાય છે, હૃદય ભારે થાય છે અને શરીર જડ થાય છે; તેથી વિદ્વાનોએ એનું નામ **રસશેષાજીર્ણ** પાડયું છે.

૫. જ્યારે કોઠામાં રહેલા કલેદન કફનો હીનયોગ થાય છે, ત્યારે પાચકપિત્તનો અતિયોગ થઈ તે પિત્ત સમાનવાયુમાં મળી મિથ્યાયોગ ઉત્પન્ન કરે છે; જેથી વાયુમાં મળેલું પિત્ત પોતાની ઉષ્ણતા સાથે પાચકપિત્તમાં જઈ તેમાં અતિયોગ કરે છે. વાયુ સાથે મળેલું પિત્ત જઠરાગ્નિમાં આવેલા તમામ પદાર્થોને ભસ્મ કરી નાખે છે ને શરીરને સૂકું બનાવે છે. રોગી જેટલું અન્ન ખાય તેટલા અન્નને ઝડપથી પચાવી બાકીના સમયમાં રોગીના

શરીરમાં રહેલા રસ, રક્ત, માંસ અને મેદને પણ પચાવી દઈ શરીરને દુર્બળ બનાવે છે; એટલુંજ નહિ પણ વખતે જો તેમાં મૂર્છા, અત્યંત તૃષા, ઉધરસ, તેજોદ્વેષ, બળતરા વગેરે ઉત્પન્ન થાય તો તે રોગીના પ્રાણ પણ હરે છે. એટલા માટે એ અજીર્ણનું ભસ્માજીર્ણ નામ પાડવામાં આવ્યું છે.

ઉપર પ્રમાણે પાંચ પ્રકારના મુખ્ય અજીર્ણમાં જ્યારે પિત્તનો અતિયોગ થઈ, તે પિત્ત અપાનવાયુમાં જઇ, અપાનવાયુનો મિથ્યાયોગ કરે છે અને સમાનવાયુમાં જઇ સમાનવાયુનો મિથ્યાયાગ કરે છે, જેથી કલેદન કફ અને અવલંબન કફનો હીનયોગ થવાથી તે રોગીને ઝાડા અને ઊલટી થઈ શરીરમાંના લોહીને પાણી બનાવી તમામ રસોને બહાર કાઢી નાખે છે, જેને આપણે વિષૂચિકાજીર્ણ નામ આપ્યું છે. અને લૌકિકમાં તે કોલેરા, વાસી, મરી, મરકી, કોગળિયું, અઘોક વગેરે નામથી ઓળખાય છે.

કફ તથા વાયુના અતિયોગથી પિત્તનો હીનયોગ થઈ કફના અતિયોગને લીધે ખાધેલા રસને રંજકપિત્ત ઉપર ખેંચી શકતું નહિ હોવાથી, તે રસ અધો તથા ઊર્ધ્વમાર્ગે નહિ જતાં એટલે તે રોગીને ઝાડા તથા ઊલટી નહિ થતાં, આમાશયમાં અન્નનો રસ પડી રહે છે, જેને શાસ્ત્રકારો વિલંબિકા એવું નામ આપે છે. આ રોગીની પરીક્ષા કરવી ઘણી કઠણ છે. કારણ કે અલસક નામના અજીર્ણમાં પણ ઝાડાઊલટી થતાં નથી તો તેમાં અને આમાં તફાવત શોધવો એ કઠિન છે. એટલા માટે જણાવવાનું કે, અલસકમાં પેટમાં શૂળ મારી તીવ્ર વેદના થાય છે અને વિલંબિકામાં થતી નથી.

વાયુ તથા કફના અતિયોગથી પાચકપિત્ત હીનયોગને પામે છે, જેથી પાનવાયુ ખોરાકના રસને રંજકપિત્ત તરફ ખેંચી શકતો નથી, તેમ અપાનવાયુ પણ કલેદન કફના અતિયોગને લીધે મળા-

શયમાં રહેલા સાધકપિત્તમાં હીનયોગ થવાથી મળને બહાર કાઢવા માટે ખેંચી શકતો નથી. તેથી અપાનવાયુ સમાનવાયુમાં મળી પેટમાં શૂળ ઉત્પન્ન કરે છે. આથી રોગી બેશુદ્ધ થાય છે તથા બરાડા પાડે છે. અપાનવાયુની પ્રવૃત્તિ અધોમાર્ગે નહિ થવાથી તે હૃદય તથા કંઠસ્થાનમાં આવી ભરાય છે. જેથી પવનની છૂટ તથા ઝાડો કબજ થાય છે અને રોગીને પાણીનો શોષ પડે છે. *એવાં લક્ષવાળા અજીર્ણનું અલસક એવું નામ રાખવામાં* આવ્યું છે. આ અજીર્ણવાળો રોગી જીવતો નથી.

ઉપર કહેલાં પાંચ પ્રકારનાં અજીર્ણો અને તેના ઉપદ્રવરૂપ બીજાં ત્રણ પ્રકારનાં અજીર્ણોમાં લંઘન કરાવવું એ મુખ્ય ઓષધી છે. અને જેમ જેમ વાયુનો અતિયોગ થયેલો જણાય, તેમ તેમ *વાયુને હીન કરનાર સત્ત્વગુણી ઓષધોનો* ઉપચાર કરતા જવું અને કફનો અતિયોગ થયો હોય તો કફને સૂકવનારા રજોગુણી પદાર્થનું સેવન કરાવવું. એટલે વાયુને દબાવવા માટે ત્રિકટુ જેવી સત્ત્વગુણી અને કફને પચાવવા માટે પંચક્ષાર જેવા રજોગુણી તથા પિત્તને શમાવવા માટે ત્રિફળા જેવા તમોગુણી ઓષધોનો તે તે ઉપર ઉપચાર કરવો. જો સમાનવાયુનો અતિયોગ થયો હોય ને તેને દબાવનારાં ઓષધો અવલંબન કફ તથા કલેદન કફના યોગથી અપાનવાયુ સુધી ન પહોંચી શકે, તેવા રોગીને સ્નેહબસ્તિ કે ઉત્તરબસ્તિ અથવા નીરૂહબસ્તિના પ્રયોગ (પિચકારી) કરી, અપાનવાયુમાં રહેલા મળને બહાર ખેંચી કાઢવા. આથી સમાનવાયુમાં ગયેલો અપાનવાયુ પોતાના સ્થાનમાં આવી, કલેદનકફને સુકાવે એટલે કલેદન કફનો હીનયોગ થવાથી પાચકપિત્ત સમયોગને અથવા અતિયોગને પામે, જેથી સમાનવાયુ પોતાના નિયમ પ્રમાણે અન્નના રસને જોઈતાં સ્થાનમાં જોઈએ તેટલો ભાગ મોકલવાને શક્તિમાન થાય છે. આમ વાયુનાં પાંચે સ્થાનોમાં

થયેલી અવ્યવસ્થા દૂર થઇ, રીતસરનું કામ ચાલવા માંડે, પાંચે પ્રકારનાં પિત્ત તથા પાંચે પ્રકારનાં કફનાં સ્થાનોમાં સ યોગ થાય અને રોગી અજીર્ણથી મુક્ત થઇ, પોતાનું કામ કર લાયક થાય. પણ કેટલીક વાર રજોગુણી, સત્ત્વગુણી અને (ગુણી ખાનપાનનો અતિયોગ થયા સિવાય, રજોગુણી, સત્ત્વ અને તમોગુણી વિચારોના અતિયોગથી કોઠામાં રહેલા વાયુ, અને કફનો કોપ થવાથી, ખાનપાનનો રસ બરાબર થતો તેથી આમાજીર્ણ, વિષ્ટબ્ધાજીર્ણ અને વિદગ્ધાજીર્ણ ઉત્પન્ન છે. એટલા માટે આયુર્વેદ આપણને સમજાવે છે કે, પ્ર **ચિત્તથી બનાવેલી અને પ્રસન્ન ચિત્તથી પીરસેલી ભો ન-સામગ્રી પ્રસન્ન મનથી આરોગવી.** જેથી અન્નનો બરાબર પરિપક્વ થઈ, સાતે ધાતુનું પોષણ કરી, આરોગ્ય ર છે. કેટલીક વાર એવું બને છે કે ધન, સ્ત્રી, પુત્ર, મિત્રોનાં મ કે દુઃખ અને આપત્તિના સમાચારથી કોઠામાં વાયુ વધી જાય કેટલીક વાર એવું બને છે કે, ભયના, કલેશના અને દુઃ સમાચારથી રડવું આવી જઇ, કોઠામાં વાયુનો વધારો થઇ, (બ્ધાજીર્ણ થાય છે. કેટલીક વાર વળી એવું બને છે કે, ક્રોધ લોભના, ઈર્ષાના અને દ્વેષના વિચારોથી અથવા જમતી વ એવા સંજોગો પ્રાપ્ત થવાથી વિદગ્ધાજીર્ણ ઉત્પન્ન થાય છે; અજીર્ણ થવાનું ખાસ કારણ શોધી કાઢી, તે તે દોષનું નિવા કરવાને પ્રયત્નવાન થવું. જો ત્રિગુણાત્મક વિચારોના અતિસેવ અથવા બળાત્કારે થયેલા સેવનથી, કે સંજોગને લીધે ઉત્પન્ન થયે યોગાયોગને લીધે અજીર્ણ અથવા મંદાગ્નિ થાય, તો ઉપર પંચભૂતાત્મક ઔષધિઓ કાંઈ પણ કામ કરી શકતી ન પરંતુ તે રોગીના વિચારમાં ફેરફાર કરી શકાય એવી રીતે શો ગ્રસ્ત રોગીને વૈરાગ્યનો, ભયગ્રસ્ત રોગીને નિર્ભયતાનો અને ક્રો

ગ્રસ્ત રોગીને શાંતિનો ઉપદેશ કરી, વૈદ્યે તેવા નમૂનાનાં દ્રષ્ટાંતો કહી, તેના મનનું સાંત્વન કરી, રોગીની આસપાસના સંજોગોમાંથી ભય, શોક અને ક્રોધ ઉત્પન્ન થાય એવા સંજોગોને દૂર કરી, પછી તે રોગીની ચિકિત્સા કરવી.

કપર્દભસ્મઃ–કોડીઓ લાવી કોલસામાં થર ઉપર થર મૂકી તેની ભસ્મ કરવી. પણ એટલું યાદ રાખવું કે, કોલસાને પંખાવતી પવન નાખ્યા કરશો તો તમામ કોડીની સફેદ ભસ્મ થશે. પંખાથી પવન નહિ નાખો તો તાપથી કોડી પાકી તો જશે પણ અર્ધોઅર્ધ કાળા રંગની નીકળશે. માટે પવન નાખી સફેદ બનાવી, શીશી વાટી ભરી મૂકવી. તેમાંથી એક વાલ ઘી સાથે આપવાથી ભૂખ લાગે છે.

ક્ષારામૃતઃ–ફટકડી, સૂરોખાર, સાજીખાર, સિંધવખાર ખડિયોખાર–એને ખાંડી પાણીવાળાં નાળિયેર લાવી, તેને કાલું પાડી, નાળિયેરમાંનું પાણી નાળિયેરમાં રહેવા દઇ, ખારનો ભૂકો નાળિયેરમાં માય એટલો ભરી, તેના પર કપડમટ્ટી કરી, થોડાં અડાયાંમાં મૂકી સળગાવવું, એટલે નાળિયેરની કાચલી તથા કોપરું સર્વ બળી જશે. પછી તે બળેલા નાળિયેર અને ખારને સાથે ખાંડી, વસ્ત્રગાળ કરી શીશીમાં ભરી મૂકવું. એ ખાર ઝાડા થતા હોય તો બંધ કરે છે ને પેટ કબજ હોય તો ઝાડા લાવે છે.

કેશરવટીઃ–સૂંઠ, મરી, પીપર, હરડાં, બહેડાં, આમળાં, તજ, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, એલચી, જેઠીમધ, વાયવડિંગ, કમાણી અજમો, કાચકાની મીંજ, હિંગોરાંની મીંજ, ગરણીનાં બીજ, કેશર એ સર્વે સમભાગે લઇ, તેના ચમચ વજને એળિયો લેવો. એ સર્વેને વાટીને મરીકંથારીનું મૂળ ઘસી, તેના પાણીથી વટાણા જેવડી ગોળી વાળવી. એ ગોળીથી ઝાડા સાફ આવે છે.

અમૃત હરીતકીઃ-હરડે મોટી ઊંચી જાતની નંગ ૧૦૦) રેષા વિનાની લાવીને બે દિવસ ભેંસની છાશમાં પલાળવી. પછી તેજ છાશમાં બાફી તેને એક બાજુથી ઊભી ચીરીને ઠળિયો કાઢી નાખવો. પછી તેમાં સૂંઠ, મરી, પીપર, ચવક, ચિત્રો, તજ, પાંચક્ષાર, સાજીખાર, જવખાર, જીરું, શાહજીરું, અજમોદ, નસોતર બબે તોલા લઈ એ સર્વેને બારીક વાટી, લીંબુના રસનો પટ દઇ, તે મસાલો તૈયાર થાય એટલે હરડેમાં ઠળિયાની જગ્યાએ ભરી, ઉપર દોરો લપેટી, એક દિવસ તડકે સૂકવી, રાખી મૂકવી. તેમાંથી દરરોજ એક હરડે ચાવીને ખાય તો આમાજીર્ણ, વિદગ્ધાજીર્ણ અને વિષ્ટબ્ધાજીર્ણથી ઉત્પન્ન થયેલા ચીકણા અને જૂના વ્યાધિઓ મટે છે. અજીર્ણ, શૂળ, ગોળો, સંગ્રહણી, બંધકોશ, આફરો વગેરે મટે છે. વળી હરડેના ઠળિયા કાઢતાં ઠળિયા સાથે જે હરડેનો ગર વળગી રહે છે, તેને ચપ્પુથી છોલી લઇ, મસાલો વધ્યો હોય તેમાં થોડું મીઠું મેળવી, ગોળી વાળી મૂકી હોય તો તે ગોળી નાના બાળકના અજીર્ણમાં ઘણી ઉપયોગી થઈ પડે છે. ઉપર લખવામાં આવ્યું છે કે, હરડે વગર રેષાની લેવી; તેની પરીક્ષા એવી છે કે, જે હરડે લાંબી ડોકવાળી હોય તેમાં રેષા હોતા નથી. અને જે હરડે લંબગોળ હોય છે, તેમાં રેષા પુષ્કળ હોય છે. તે જ્યારે બફાય ત્યારે ચીરતાં હરડેનો બધો ગર રેષા સાથે વળગીને બહાર નીકળી જાય છે. આથી તે હરડે મસાલો ભરવાને લાયકની રહેતી નથી. પણ લાંબી ડોકની હરડે બફાયા પછી ચીરીએ તો આફૂસની કેરીની પેઠે તેની ગોટલી વગર રેષાની નીકળી જાય છે. માટે હરડે ખરીદતાં પહેલાં પરીક્ષા કરીને ખરીદવી.

હુતાશન રસઃ-સૂંઠ એક ભાગ, ટંકણખાર બે ભાગ, મરી, દોઢ ભાગ, કોડીની ભસ્મ દોઢ ભાગ, વછનાગ ૦ા ભાગ એનું ચૂર્ણ એક વાલ, ઘી સાથે ચટાડવાથી અજીર્ણને મટાડી ભૂખ લગાડે છે.

લવિંગાદિ ગૂગળઃ-આકડાનાં ફૂલની અંદરની મીજ શેર એક, ગૂગળ શેર બે અને લવિંગ શેર એક લઈ પ્રથમ લવિંગને ખાંડી વસ્ત્રગાળ કરી, તેમાંગૂગળ મેળવી, આકડાનાં ફૂલની મીજ મેળવી, ત્રણેને ભેગાં ખાંડવાં. પછી એક પિંડો બનાવી, તેને એક રાત વાસી રહેવા દઈ, બીજે દિવસે તે પિંડાની આસપાસ આકડાનાં પાતરાં લપેટીને, કપડેથી બાંધી, ઉપર મટોડું ચોપડી, તે પિંડાને થોડાં છાણાંમાં મૂકી બાફી કાઢવો. બફાયા પછી તેને ખાંડી ચણા જેવડી ગોળીઓ વાળવી. તે ગોળીને તડકે સૂકવી રાખી મૂકવી. જે માણસને કાયમનો મંદાગ્નિ હોય, ખાધેલું પચતું ન હોય, પેટ કઠણ રહેતું હોય, આડો ઊતરતો ન હોય, શરીરમાં નબળાઈ દેખાતી હોય, પગે કળતર થતી હોય, તેને બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી ઉપરના તમામ રોગો મટી જાય છે.

સંજીવનગુટિકાઃ-વાયવડિંગ, સૂંઠ, પીપર, હીમજીહરડે આમળાં, બહેડાં, ઘોડાવજ, ગળો, વછનાગ અને ભિલામાં એ સર્વ સમભાગે લઈ ખાંડી ગાયના મૂત્રમાં વટાણા જેવડી ગોળી વાળવી. પછી અજીર્ણ ઉપર આદુના રસમાં એક ગોળી, ગુલ્મ ઉપર બે ગોળી, સાપના ઝેરઉપર તથા સન્નિપાત ઉપર ત્રણ ગોળી આપવી, એવું શારંગધરમાં લખ્યું છે. જો કે એટલું બધું કામ એ ગોળી કરતી નથી, પરંતુ એ ગોળી જેને અજીર્ણ થયું હોય, ઊલટી કરવા માટે જીવ ગભરાતો હોય, ખાલી ઊબકા આવતા હોય અથવા ઊલટી થતી હોય તો, એલચી નંગ બે છોડાં સાથે તથા ગોળી નંગ બે પાણીમાં વાટી પાવાથી તરત અસર થાય છે. અમે એ ગોળીમાં સઘળાં વસાણાં જેટલાં ભિલામાં નાખી ગોળી બનાવીએ છીએ; પણ ખાંડયા પછી ભિલામાંનું તેલ એટલું બધું વધી પડે છે કે, તેની ગોળી વળતી નથી; તેથી એ વસાણાંને ભિલામાં સાથે ખંડાય એટલું ખાંડી તેને ગોમૂત્રમાં પલાળી તડકે

સૂકવીએ એટલે તેલનો ભાગ ઊડી જાય છે. પછી ખાંડવાથી વસ્ત્રગાળ ભૂકો થાય છે. તે ભૂકામાં ગોમૂત્ર નાખી ખરલમાં ખલી ગોળીઓ બનાવીએ છીએ, જેથી તે ગોળી ઘણું સરસ કામ કરે છે. પરંતુ એટલી વાત ધ્યાનમાં રાખવાની છે કે, જેને થોડી પણ ખાંસી આવતી હોય, તેને એ ગોળી કદી આપવી નહિ. કારણ કે એથી ખાંસી વધી જાય છે. ભિલામાં વધારે નાખ્યાં હોય અથવા મૂળ પાઠ પ્રમાણે નાખ્યાં હોય તો પણ ખાંસીનો વધારો કરે છે; પણ ચડેલા પિત્તને તથા વાયુને તરત બેસાડી દે છે.

કર્પૂરાદિ ગુટિકાઃ-ઊંચી જાતનાં પાશેર રાતાં મરચાં, લઈ તેને બિયાં સાથે એવાં બારીક વાટવાં, કે જેમાં બિયાનું નામ દેખાય નહિ. પછી ઊંચી જાતની પાશેર હિંગ મરચાં સાથે વાટવી. પછી તેમાં પાશેર દેશી કપૂર મેળવીને એ ત્રણેને ખલ કરવું. એટલે કપૂરની ભીનાશથી હિંગ તથા મરચાં હવાઈ જઈ ગોળી વાળવા જેવું થશે. જો દેશી કપૂર ન મળે તો પછી કપૂરની ગોટી વાટી, સહેજ પાણીનો હાથ દઈ ત્રણેને ભેગાં વાટી, મરીના દાણા જેવડી ગોળીઓ વાળવી. જ્યારે વિષૂચિકા અથવા કૉલેરા થયો હોય, ત્યારે બબ્બે ગોળી દરેક ઝાડે તથા દરેક ઊલટીએ ઠંડા પાણી સાથે ગળાવવી. એ ગોળીથી ઝાડાઊલટી બંધ થઈ પેશાબ છૂટે છે. કૉલેરાના રોગીને જ્યાં સુધી છૂટો પેશાબ આવતો નથી ત્યાં સુધી તેનો ભય મટતો નથી અને પેશાબ છૂટયા પછી પણ અન્ન કે દૂધનો ખોરાક આપવો નહિ, પરંતુ રોગીથી ન રહેવાય તો ચોખાને શેકી, તેની છાશમાં કાંજી બનાવી ખોરાક તરીકે આપવી. વિષૂચિકા-જીર્ણ અથવા કૉલેરાની શરૂઆતમાં દરેક ઊલટીઝાડાએ બબ્બે તોલા તલનું તેલ અથવા બબ્બે તોલા ચોખ્ખું ઘી પાયું હોય તો ફાયદો થાય છે; અથવા એક કાંદો (ડુંગળી) અને બે ભિલામાં સાથે વાટીને રસ કાઢી

પાવાથી પણ અજબ ફાયદો થાય છે.

ચિંચાભલ્લાતકઃ-પાકેલી આમલીના ચિચૂડા તથા નસો કાઢી નાખીને શેર ૦। તથા ભિલામાં શેર ૦। એ બેને સાથે એટલે સુધી ખાંડવાં કે ગોળી વાળવા જેવો મસાલો થાય. પછી તેની તુવર જેવડી ગોળીઓ વાળી મૂકવી. એ ગોળીમાંથી બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર અથવા વૈદ્યની ધ્યાનમાં આવે એટલી વાર પાણી સાથે ગળાવવાથી અતિસાર, સંગ્રહણી, અજીર્ણ અને કોલેરાને મટાડે છે.

કાળીજીરીઃ-એક મોટું કઢાયું લઇ તેમાં ગોમુત્ર એક મણ ભરી ચૂલે ચડાવવું. થોડું ઊનું થાય એટલે કાળીજીરી શેર પાંચ તેમાં નાખી ઊકળતાં ઊકળતાં તમામ ગોમૂત્ર અને કાળીજીરી બળીને રાખ થાય તે રાખને તેજ વખતે શીશીમાં ભરી, મજબૂત બૂચ મારવો. જો શીશીમાં ભરતાં બે કલાક વાર લાગશે તો ક્ષાર પીગળીને પાણી થઇ જશે. એ ક્ષારમાંથી જેને વિષૂચિકા જીર્ણ થયું હોય અથવા આમાજીર્ણ થયું હોય અથવા રસશેષ અજીર્ણ થયું હોય, તેને એક વાલથી બે વાલ સુધી હરરોજ દિવસમાં ત્રણ વાર પાણી અગર મધમાં આપવાથી અજીર્ણ મટી જાય છે.

શંખવટીઃ-વરાગડું મીઠું દશ ભાગ, સંચળ દશ ભાગ, સિંધવ દશ ભાગ, શંખભસ્મ દશ ભાગ, સાજીખાર દશ ભાગ, ખંગડીખાર દશ ભાગ, આમલીનાં છોડાંની રાખ દશ ભાગ, હિંગ અઢી ભાગ, મરી અઢી ભાગ, પીપર અઢી ભાગ, સૂંઠ અઢી ભાગ, ગંધક બે ભાગ, વછનાગ બે ભાગ, એ પારો એક ભાગ, ગંધક બે ભાગ, વછનાગ બે ભાગ, એ વાટી પારાગંધકની કાજળીમાં ભેળવી, લીંબુના રસમાં ખરલ કરી તેજ દિવસે તેની ચણા જેવડી ગોળી વાળવી. લીંબુનો રસ વાટતાં અને ગોળી વાળતાં એક રાત વીતી જાય તો ગોળી વળતી નથી; માટે તેજ દિવસે ગોળી વાળી તડકે

રાખી મૂકવી. એ ગોળી અકેક અથવા બબ્બે, દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી અજીર્ણ, પેટનું શૂળ, મળબંધ અને નળબંધ ઉપર ઘણી સારી અસર કરે છે અને ભૂખ લગાડી ખાધેલું અન્ન પંચાવે છે.

આનંદભૈરવઃ-હિંગળોક, વછનાગ, મરી, ટંકણ અને પીપર એ પાંચે વસાણાં સરખે ભાગે લઈ, આદાના રસમાં ખલ કરી, મગ જેવી ગોળી વાળી, રોગીનું બળ જોઈ, એકી વખતે એકથી ત્રણ સુધી પાણી સાથે આપવાથી અજીર્ણ, અતિસાર, સંગ્રહણી અને બગડી ગયેલા તાવ ઉપર આબાદ ફાયદો કરે છે. જો કોઈ માણસને લાંબા દિવસને તાવ આવી જવાથી અશક્તિ થઈ ગઈ હોય, તેને બે ગોળી સવારે અને બે ગોળી સાંજે મધ તથા ઘીમાં મેળવીને ચટાડીએ તો ખરી ભૂખ લાગી શક્તિ આવે છે.

વિશાળાક્ષારઃ-પાપડિયો ખારો તોલા બે, વરાગડું મીઠું, ટંકણખાર, અઘિયોખાર, જવખાર, સાજીખાર, સિંધવખાર, સંચળ, બંગડીખાર'સૂરોખાર, તથા નવસાર એ વસાણાં બબ્બે તોલા લેવાં અને તેની બરોબર અજમો લઈ સર્વને ખાંડી, કુંવારના રસમાં કરમોળીને મોટા ઇંદ્રવરણામાં ભરી, તેના ઉપર કપડમટ્ટી કરી, તે ઇંદ્રવરણાને છાણામાં સિંચી બાળવાં. પછી તે સર્વને ખાંડીને તેમાંથી વાલ બે, ગરમ પાણી સાથે અથવા ઠંડા પાણી સાથે આપવાથી પેટનું અજીર્ણ, પેટનું શળ, ઊબકા, ઝાડો અને ઊલટી બંધ થાય છે. એનું નામ અમે "વિશાળાક્ષાર" રાખ્યું છે.

હિંગ્વાદિ ગુટિકાઃ-હિંગ, પીપળીમૂળ, ધાણા, ચિત્રો, વજ, ચવ્વક, બિલામાં, પહાડમૂળ, ષડકચૂરો, આમલીનો ક્ષાર, અઘિયોખાર, સિંધવ, બંગડીખાર, સાજીખાર, જવખાર, સૂંઠ, મરી, પીપર, દાડમની છાલ, હરડે, ઉપલેટ, જીરું તથા રાની તુલસી, એ

સર્વેને સમભાગે લઈ, લીંબુના રસમાં વાટી, ચણા જેવડી ગોળીઓ વાળવી. તેમાંથી એક અથવા બે ગોળી પાણી સાથે આપવાથી સાધારણ અજીર્ણ મટી જાય છે અને ભૂખ લાગે છે.

ઉપર પ્રમાણે અજીર્ણના ઉપાય કરવાથી તમામ અજીર્ણો મટી જાય છે. માત્ર એક ભસ્માજીર્ણનો ઉપાય હાથ લાગ્યો નથી. બેત્રણ રોગી ભસ્માજીર્ણના જોવામાં આવ્યા કે જેઓ આખા દિવસમાં પાંચથી સાત શેર અનાજ ખાઈ જાય, છતાં ભૂખની બૂમ પાડતા રહે, પેટ ચડે નહિ અને ઝાડો થાય નહિ. તેમની ચિકિત્સા ઘણી કાળજીપૂર્વક કરી છતાં તે રોગીઓ આખરે મરણ પામ્યા. જેથી અત્રે તેના ઉપાય લખ્યા નથી. આ નિબંધમાં લખેલા ઉપાય સિવાય બીજા ગ્રંથોમાં અજીર્ણના સેંકડો ઉપાયો લખેલા છે, તેમાંથી જે જે વૈદ્યરાજોએ અજમાવી અનુભવ મેળવેલો હોય, તેમણે પોતાનો અનુભવ જાહેરમાં મૂકવા તથા વધારે અનુભવ મેળવવા શાસ્ત્રમાં લખેલા ઉપાયો અજમાવવાની વિનંતી કરી, અમે આ નિબંધ સમાપ્ત કરીએ છીએ.

अजीर्णना केटलाक अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. નાગેશ્વરચૂર્ણ:-વછનાગ, તજ, પીપર, ધોળાં મરી, અકલગરો, સૂંઠ, અજમો, જીરું, શાહજીરું, પીપળીમૂળ, સંચળ, સિંધવ, વરાગડું મીઠું, શેકેલી હિંગ એ સર્વે એકેક તોલો લેવું. ટંકણખાર ફુલાવેલો અને શંખની ભસ્મ, એ ચાર ચાર તોલા લઈ, સર્વેને ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી હિંગળોક તોલા બેને ખરલમાં નાખી સારી પેઠે ઘૂંટી તેમાં થોડું થોડું ચૂર્ણ મેળવતા જવું. જ્યારે સઘળું ચૂર્ણ હિંગળોક સાથે મળી જાય ત્યારે લીંબુનો રસ તોલા પચ્ચીસમાં સારી પેઠે ઘૂંટી ચૂર્ણ તૈયાર કરવું. આ ચૂર્ણ હિં-

સમાં બે કે ત્રણ વખત બેથી ત્રણ રતી સુધી મધમાં કે પાણી સાથે આપવાથી અજીર્ણ તથા મંદાગ્નિને મટાડે છે. આ ચૂર્ણની યોજના બુદ્ધિપૂર્વક કરવાથી પેટના તેમજ વાયુના તમામ રોગોને મટાડે છે.

૨. **રોચકગુટિકાઃ**–ઉપર બતાવેલું નાગેશ્વર ચૂર્ણ તોલા ૧૦ અને સારું ઠળિયા કાઢેલું ખજૂર તોલા ૧૦ એ બે સાથે મેળવી, ખૂબ ઘૂંટી ચણા જેવડી ગોળી વાળવી. આ ગોળીનું નામ અમારા દવાખાનામાં રોચકગુટિકા રાખેલું છે. આ ગોળી ૨ થી ૩, પાણીસાથે આપવાથી અજીર્ણને મટાડે છે, ખોરાક પાચન કરે છે, ભૂખ લગાડે છે અને દસ્ત સાફ લાવે છે. આ ગોળી બાળકને આપવી નહિ. જો આપવી હોય તો ા કે ૦ા આપવી.

૩. **દ્રાક્ષાદિ ચાટણઃ**–કાળી દ્રાક્ષ, જરદાલુ, મરી, સિંધવ, શેકેલી ભાંગ, જીરું, સૂંઠ, સંચળ, લસણની કળી એ સર્વ એકેક તોલો, ખજૂર તોલા ૫, હિંગ તોલો ૧, ગુલાબનાં ફૂલ તોલો ૧, પીપર તોલો ૧, લઇ પ્રથમ કાળી દ્રાક્ષ, આલુ તથા ખજૂરના ઠળિયા કાઢી જુદાં વાટવાં; લસણને જુદું વાટવું. બીજી બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી ઉપરની ચારે વસ્તુ મેળવી લોચો કરવો. ત્યાર બાદ લીંબુનો રસ શેર ૦ા, તેમાં ગોળ શેર ૦ા મેળવી બધી વસ્તુનો પેલો લોચો તેમાં મેળવવો. આ ચાટણમાંથી પાવલીભાર ચાટણ લઇ દિવસમાં બે–ત્રણ વખત ચાટવાથી અરુચિ મટીને ભૂખ લાગશે તથા દસ્ત પણ સાફ આવશે.

૪. **હિંગ્વાદિ ગુટીઃ**–સૂંઠ, મરી, પીપર, જીરું, અજમો, શાહજીરું, પીપળીમૂળ, સિંધવ, સંચળ અને હિંગ, એ એકેક તોલો લેવાં. જાવંત્રી, લવિંગ, જાયફળ એ અડધો અડધો તોલો લેવાં. એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી, બિયાં કાઢેલી ૮ તોલા કાળી દ્રાક્ષ સાથે વાટી એકરસ કરવું. પછી લીંબુના રસમાં ઘૂંટીને ચણા

સર્વેને સમભાગે લઈ, લીંબુના રસમાં વાટી, ચણા જેવડી ગોળીઓ વાળવી. તેમાંથી એક અથવા બે ગોળી પાણી સાથે આપવાથી સાધારણ અજીર્ણ મટી જાય છે અને ભૂખ લાગે છે.

ઉપર પ્રમાણે અજીર્ણના ઉપાય કરવાથી તમામ અજીર્ણો મટી જાય છે. માત્ર એક ભસ્માજીર્ણનો ઉપાય હાથ લાગ્યો નથી. બેત્રણ રોગી ભસ્માજીર્ણના જોવામાં આવ્યા કે જેઓ આખા દિવસમાં પાંચથી સાત શેર અનાજ ખાઈ જાય, છતાં ભૂખની બૂમ પાડતા રહે, પેટ ચડે નહિ અને ઝાડો થાય નહિ. તેમની ચિકિત્સા ઘણી કાળજીપૂર્વક કરી છતાં તે રોગીઓ આખરે :મરણ પામ્યા. જેથી અત્રે તેના ઉપાય લખ્યા નથી. આ નિબંધમાં લખેલા ઉપાય સિવાય બીજા ગ્રંથોમાં અજીર્ણના સેંકડો ઉપાયો લખેલા છે, તેમાંથી જે જે વૈદ્યરાજોએ અજમાવી અનુભવ મેળવેલો હોય, તેમણે પોતાનો અનુભવ જાહેરમાં મૂકવા તથા વધારે અનુભવ મેળવવા શાસ્ત્રમાં લખેલા ઉપાયો અજમાવવાની વિનંતી કરી, અમે આ નિબંધ સમાપ્ત કરીએ છીએ.

अजीर्णना केटलाक अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. નાગેશ્વર ચૂર્ણ:-વછનાગ, તજ, પીપર, પીળાં મરી, અકલગરો, સૂંઠ, અજમો, જીરું, શાહજીરું, પીપળીમૂળ, સંચળ, સિંધવ, વરાગડું મીઠું, શેકેલી હિંગ એ સર્વે એકેક તોલો લેવું. ટંકણખાર ફુલાવેલો અને શંખની ભસ્મ, એ ચાર ચાર તોલા લઈ, સર્વેને ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી હિંગળોક તોલા બેને ખરલમાં નાખી સારી પેઠે ઘૂંટી તેમાં થોડું થોડું ચૂર્ણ મેળવતા જવું. જ્યારે સઘળું ચૂર્ણ હિંગળોક સાથે મળી જાય ત્યારે લીંબુનો રસ તોલા પચ્ચીસમાં સારી પેઠે ઘૂંટી ચૂર્ણ તૈયાર કરવું. આ ચૂર્ણ નિ·

સમાં બે કે ત્રણ વખત બેથી ત્રણ રતી સુધી મધમાં કે પાણી સાથે આપવાથી અજીર્ણ તથા મંદાગ્નિને મટાડે છે. આ ચૂર્ણની યોજના બુદ્ધિપૂર્વક કરવાથી પેટના તેમજ વાયુના તમામ રોગોને મટાડે છે.

૨. રોચકગુટિકાઃ–ઉપર બતાવેલું નાગેશ્વર ચૂર્ણ તોલા ૧૦ અને સારું ઠળિયા કાઢેલું ખજૂર તોલા ૧૦ એ બે સાથે મેળવી, ખૂબ ઘૂંટી ચણા જેવડી ગોળી વાળવી. આ ગોળીનું નામ અમારા દવાખાનામાં રોચકગુટિકા રાખેલું છે. આ ગોળી ૨ થી ૩, પાણીસાથે આપવાથી અજીર્ણને મટાડે છે, ખોરાક પાચન કરે છે, ભૂખ લગાડે છે અને દસ્ત સાફ લાવે છે. આ ગોળી બાળકને આપવી નહિ. જો આપવી હોય તો ॥ કે । આપવી.

૩. દ્રાક્ષાદિ ચાટણઃ–કાળી દ્રાક્ષ, જરદાલુ, મરી, સિંધવ, શેકેલી ભાંગ, જીરું, સૂંઠ, સંચળ, લસણની કળી એ સર્વ એકેક તોલો, ખજૂર તોલા ૫, હિંગ તોલો ૧, ગુલાબનાં ફૂલ તોલો ૧, પીપરતોલો ૧, લઈ પ્રથમ કાળી દ્રાક્ષ, આલુ તથા ખજૂરના ઠળિયા કાઢી જુદાં વાટવાં; લસણને જુદું વાટવું. બીજી બધી વસ્તુને ખાંડી વસ્ત્રગાળ કરી પછી ઉપરની ચારે વસ્તુ મેળવી લોચો કરવો. ત્યાર બાદ લીંબુનો રસ શેર ॥, તેમાં ગોળ શેર ॥ મેળવી બધી વસ્તુ ને પેલો લોચો તેમાં મેળવવો. આ ચાટણમાંથી પાવલીભાર ચાટણ લઈ દિવસમાં બે–ત્રણ વખત ચાટવાથી અરુચિ મટીને ભૂખ લાગશે તથા દસ્ત પણ સાફ આવશે.

૪. હિંગ્વાદિ ગુટીઃ–સૂંઠ, મરી, પીપર, જીરું, અજમો, શાહજીરું, પીપળીમૂળ, સિંધવ, સંચળ અને હિંગ, એ એકેક તોલો લેવાં. જાવંત્રી, લવિંગ, જાયફળ એ અડધો અડધો તોલો લેવાં. એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી, બિયાં કાઢેલી ૮ તોલા કાળી દ્રાક્ષ સાથે વાટી એકરસ કરવું. પછી લીંબુના રસમાં ઘૂંટીને ચણા

પ્રમાણેની ગોળીઓ વાળવી. આ ગોળી દરરોજ ખાતા પહેલાં અને ખાધા પછી એકેક ખાવાથી અરુચિ મટી ભૂખ લગાડે છે.

૫. **હુતાશન રસઃ**-સૂંઠ, મરી, પીપર, વજ, અક્કલગરો, લવિંગ, જાવંત્રી, વછનાગ, એ સર્વે અડધો અડધો તોલો, શેકેલાં ઝેરકચૂરાં એક તોલો, હિંગળોક બે તોલા-એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી, આદુના રસમાં એક દિવસ ખલી, વટાણા જેવડી ગોળી વાળીને મધ સાથે અથવા બીજાં અનુપાન સાથે આપવાથી શૂળ, અજીર્ણ વગેરે ઘણા રોગો મટે છે.

૬. **નવીન શંખવટીઃ**-શંખભસ્મ તોલા ૫, સંચળ તોલા ૩, સિંધવ તોલા ૨, વરાગડું મીઠું તોલો ૧, બંગડી ખાર તોલો ૧, શેકેલી હિંગ તોલા ૨, અજમો, સૂંઠ, મરી, પીપર, ટંકણખાર એ સર્વે બબ્બે તોલા લઈ, લીંબુનો રસ શેર ૧ માં વાટી, ચણા જેવડી ગોળી કરવી. આ ગોળી ૧ થી ૩ સુધી પાણી સાથે ખાવાથી પેટનો દુઃખાવો, શૂળ, અગ્નિમંદ ને અરુચિ મટાડે છે.

૨-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. **સંચલાદિ ચૂર્ણઃ**-સંચળ, સાજી, હિંગ, મરી, પીપર, સૂંઠ એ વસ્તુને સરખે ભાગે લઇ વાટી વસ્ત્રગાળ કરી, મજબૂત બૂચની શીશીમાં ભરી મૂકવું. એમાંથી બે આનીથી આઠ આની ભાર સુધી ફાકવાથી પેટનો દુખાવો, પેટનું ચડવું વગેરે દરદ મટાડી ભૂખ લગાડે છે. આ ચૂર્ણમાં સાજીને ઠેકાણે સોડાબાઈ કાર્બ નાખવાથી વધુ ફાયદો કરે છે.

૩-વૈદ્ય બાલકૃષ્ણ રત્નેશ્વર-સુરત

૧. **લશુનાદિ વટીઃ**-લસણ, જીરું, સિંધવ, ગંધક, સૂંઠ, મરી, પીપર અને હિંગ સરખે વજને લઈ, વાટી વસ્ત્રગાળ કરી,

લીંબુના રસમાં, ચણા જેવડી ગોળી કરી એક એક અથવા બબ્બે ગોળી આપવાથી અજીર્ણને મટાડે છે.

૨. દ્રાક્ષાદિ ગુટિકાઃ-સૂંઠ ૨, મરી ૨, પીપર ૨, જીરું ૪, સંચળ ૨, સિંધવ ૨ અને શેકેલી હિંગ ૧ ભાગ લઈ એ સર્વને ખાંડી લીંબુનો ખાર તોલા બે ભાર મેળવી, સર્વથી બમણી કાળી દરાખ લેવી અને તેના ઠળિયા કાઢી ખૂબ ઝીણી વાટી તેમાં ચૂરણ મેળવી ચણા જેવડી ગોળીઓ વાળવી. આ ગોળીઓ ઘણીજ સ્વાદિષ્ટ બને છે. એ ગોળીથી ખોરાક પચે છે તથા ભૂખ લાગે છે.

૩. ભીમસેની ગુટિકાઃ-હરડેદળ, હીમજીહરડે, કડુ, ઇંદ્રવરણાની જડ, કુંવાડિયાનાં બીજ, ઝરડીનાં બીજ, રેવંચીનો શીરો, ત્રિકટુ, ત્રિફળા એ સર્વ સમભાગે લઇ તેના બમણે વજને એળિયાનું ચૂરણ મેળવી, કુંવારના રસમાં ત્રણ દિવસ ઘૂંટી ચણા જેવડી ગોળી વાળી એક એક ગોળી આપવાથી મળબંધ, જૂનુ અજીર્ણ, જૂનો તાવ, ઉદરરોગ, કમળો, કૃમિ રોગ અને અર્શરોગ મટાડે છે.

૪–વૈદ્ય ધીરજલાલ માણેકલાલ–વડોદરા

૧. આદિત્યરસઃ-હિંગળોક, વછનાગ, ગંધક, ત્રિકટુ, ત્રિફળાં, જાયફળ, લવિંગ, બંગડીખાર, બીડલવણ, સિંધવ, મીઠું, સંચળ–એ સર્વ સરખે વજને લઇ, લીંબુના રસના સાત પટ આપીને અડધી રતીની ગોળી આપવાથી કોઈ પણ પ્રકારના અજીર્ણ ઉપર આબાદ કામ કરે છે.

૨. અગ્નિકુમારઃ–ટંકણ, પારો, ગંધક, શંખભસ્મ એ સર્વ એકેક તોલો, વછનાગ ૩ તોલા, મરી ૮ તોલા, એ બધાને વાટી ભાંગરાના રસમાં ખલ કરી, યોગ્ય અનુપાન સાથે ૧ રતી આપવાથી સર્વ પ્રકારના વાયુના રોગો, મંદાગ્નિ, કફરોગ, વાતાધિક્ય સન્નિપાત, બરોળ, ઉધરસ અને શૂળ એ સર્વનો ન

છે. આ દવા માત્રા ઉપર કદી આપવી નહિ. તેમજ પુરુષોને દિવસના આપવી નહિ. સગર્ભા સ્ત્રીને આપવીજ નહિ, કારણ કે બહુ ગરમ પડશે.

૩. **મળશુદ્ધિ ચૂર્ણઃ**-મીંઢીઆવળ, બાળહરડે, વરિયાળી, એ એકેક ભાગ અને સંચળ ૦। ભાગ લઈ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, રાત્રે ૦। તોલો ફાકવાથી સવારે એક સાફ દસ્ત આવે છે ને મળને દૂર કરે છે.

૪. **સામુદ્રાદિ ચૂર્ણઃ**-(મૂળ પાઠમાં ફેરફાર કર્યો છે.) મીઠું, સંચળ, સિંધવ એકેક ભાગ, જવખાર, અજમો, બબ્બે ભાગ, અજમોદ, હરડે, હિંગ, સૂંઠ અને વાયવડિંગ એકેક ભાગ, પીપર બે ભાગ, એનું ચૂર્ણ બનાવી ભોજન સમયે પ્રથમ ચોખાના પાંચ ગ્રાસ સાથે ખાવાથી જ્વર, અજીર્ણવાત, ગુદાવાત, ગુલ્મવાત, સર્વને મટાડે છે. લવણભાસ્કર ચૂર્ણ પુસ્તકમાં લખ્યા પ્રમાણે બધા ગુણ ધરાવે છે એવી અમારી અજમાયશ છે. **રામબાણ રસ** ભાવપ્રકાશમાં અજીર્ણના અધિકારમાં તથા જ્વરાધિકારમાં આપેલું નિંબાદિચૂર્ણ, લખ્યા પ્રમાણે બધા ગુણ ધરાવે છે. એ બે વસ્તુઓને અમારી પેટન્ટ દવા કહીએ તો ચાલે. આ બે ઉપાયથી ટૂંટિયા (ઇન્ફ્લ્યુએન્ઝા) માં સો એ સો ટકા રોગી સારા થયા હતા. તાવમાં અને કફમાં ખાસ કરીને આ દવાઓ ઘણીજ ઉત્તમ છે.

૫-વૈદ્ય નંદલાલ મોરારજી-કુંથારિયા

નવસાર ૨ ભાગ, હિંગ ૨ ભાગ, સંચળ ૧ ભાગ અને કળીચૂનો ૧ ભાગ, એ સર્વને મેળવી બે આનીભારની ફાકી આપવાથી અજીર્ણમાં મારતાં શૂળને તરત મટાડે છે.

રદાણા, એ પોણો પોણો તોલો; કાળાં મરી, સફેદ મરી, પીપર, ફુલાવેલી હિંગ એ દરેક ૦| તોલો; બાવળનો ગુંદર ૦|| તોલો, પંચ લવણ દરેક ૦| તોલો લઇ તમામને ખાંડી કપડછાણ કરી, લીંબુના રસમાં ચણા જેવડી ગોળી વાળી માત્રા એકથી ૪ ગોળી સુધી આપવાથી કલેજા તથા જઠરને તાકાત આપે છે, ભૂખ લગાડે છે, પેટના દરદને તથા આફરાને દૂર કરે છે અને સ્વાદિષ્ટ છે.

૯–વૈદ્ય મણિશંકર ભાનુશંકર–વલસાડ

૧. **શ્યામરસઃ**–પારો, ગંધક વછનાગ, પીપર એ દરેક એકેક તોલો અને કાળાં મરી ૧૦ તોલા લઇ પ્રથમ પારા ગંધકની કાજળી કરી, બીજી બધી વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં મેળવી ખલમાં કાજળી જેવો કાળો રંગ થાય ત્યાં સુધી ઘૂંટવું. એ રસમાંથી અકેક વાલ સવારસાંજ મધમાં ચાટવાથી મંદાગ્નિ, જીર્ણ જ્વર, છાતીનો દુખાવો, કાચા ઝાડા વગેરેમાં અનુપાન પરત્વે આપવાથી સારો ફાયદો થાય છે.

૨. **હિંગુલવટીઃ**–હિંગળોક તોલા ૫ અને ધંતૂરાનો રસ રૂા. ૫) ભાર સાથે ખલ કરવો. તે સુકાયા પછી રૂા. ૫) ભાર શ્યામ તુલસીના રસમાં ખલી, ચણીબોર જેવડી ગોળી બનાવી, કાળા ધંતૂરાના ડીંડવાને લઈ તેના ડીંટા તરફ કાણું પાડવું. પછી તેમાં ગોળી ભરી કપડમટ્ટી કરી બેત્રણ છાણાંના અગ્નિમાં પકાવી ડીંડવામાંથી ગોળી કાઢી લેવી. (તાપ બહુ લાગશે તો કાળી પડી જશે અને તે ઉપયોગમાં ન લેવી.) હવે જે ગોળી લાલ થઇ જાય તે લઇ તેમાં અકલગરો, જાવંત્રી અને લવિંગ એ વસ્તુનું બારીક ચૂર્ણ કરી (હિંગળોક જેટલે વજને દરેક વસ્તુ લેવી) હિંગળોકમાં મેળવી પાનના રસથી ખાલી, ચણાજેવડી ગોળી કરવી; સવારસાંજ અકેક અથવા બબ્બે ગોળી યોગ્ય અનુપાનથી આપવામાં આવે તો દરેક વ્યાધિમાં ફાયદો કરે છે.

૧૦–વૈદ્ય મણિલાલ ભીખાભાઈ–શંખલપુર

ક્ષુધાવર્ધક ચૂર્ણ:-શેકેલી હિંગ, અજમો, જીરું, લીંડીપીપર, કાળાં મરી, સૂંઠ, સિંધવ, સંચળ, મીંઢીઆવળ, ફુલાવેલો ટંકણખાર એ સર્વ ચીજો સરખે વજને લઇ ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી, સવારસાંજ તેમજ જમ્યા પછી આ ચૂર્ણ તોલા ૦। થી અર્ધાની ફાકી મારવાથી અરુચિ, મંદાગ્નિ વગેરે મટી ભૂખ સારી લાગે છે. કદાચ ગોળી વાળવી હોય તો તેને ચણાના ખારમાં વાટી ગોળી વાળવી. ભૂખ લગાડવા માટે આ ચૂર્ણ ઘણુંજ સારું છે, એમ હું મારા પોતાના અનુભવથી કહું છું.

૧૧–વૈદ્ય રાઘવજી માધવજી–ગોંડળ

૧. સામુદ્રાદિક ચૂર્ણ:-સંચળ, વરાગડું મીઠું, સિંધવ, સાજીખાર, જવખાર, નવસાર એને આકડાના તથા થોરના દૂધની અકેકી ભાવના આપી ગજપુટમાં પકાવવું. પછી તેમાં ખારથી અડધો અજમો, ત્રિકટુ, ત્રિફળા, જીરું અને હળધર લેવાં, તથા ચિત્રક ખારની બરાબર લઈ વાટી ચૂર્ણ તૈયાર કરવું. ઉદરવિકાર, અજીર્ણજ્વર, ગુલ્મ, શોફ અને મંદાગ્નિ ઉપર વાપરવું. વાયુ હોય તો ઊના પાણીમાં, પિત્ત હોય તો ઘીમાં અને કફ હોય તો ગોમૂત્રમાં આપવું, અનુભવસિદ્ધ છે.

૨. અજમો, હરડે, સંચળ અને ઝેરકચૂરો એનું ચૂર્ણ ૦॥ ભાર પાણી સાથે આપવાથી પાતળા દસ્ત, ખાટા ઓડકાર, ઊલટીની ઈચ્છા, પેટમાં પીડા, આફરો તથા પેટમાં થતા ઘુઘવાટા મટે છે.

૩. એળિયો, મીંઢીઆવળ, હીમજ, ગરણીનાં બીજ, હરડે, નસોતર, ઇંદ્રામણાનાં મૂળ, શુદ્ધ નેપાળો, ફુલાવેલો ટંકણ, હિંગોળીની મીંજ એ સર્વ સમભાગે લઇ, કુંવારના રસમાં ચણા જેવડી ગોળી ... ગરમ પાણી સાથે આપવાથી મળજ્વરનો

દીથી નાશ કરે છે. (દાહ, ભ્રમ, ઊલટી, મસ્તકપીડા, મૂર્છા, હેડકી, અને પેટશૂળ, એટલાં લક્ષણો મળજ્વરનાં જાણવાં.)

૪. લીંબડાનાં પાન, કરિયાતું, કાચકો, પિત્તપાપડો, વાયવડિંગ, કાળીજીરી, અજમોદ એ સર્વ સમભાગે લઈ ચૂર્ણ કરી ઊના પાણી સાથે આપવાથી કૃમિ, ઊલટી અને ઝાડો મટી જાય છે.

૧૨–વૈદ્ય ત્રિકમલાલ કાળીદાસ શાહ–ખાનપુર

સૂંઠ, મરી, ટંકણખાર, પારો, ગંધક એ સમભાગે લેવાં અને નેપાળો બે ભાગ લેવો. એ સર્વને વાટી ચૂર્ણ કરી તે ચૂર્ણમાંથી ચાર રતિભાર લઈ, ગરમ પાણી સાથે પીવાથી એક કલાકની અંદર ઝાડો તથા પેશાબ છૂટે છે.

૧૩–વૈદ્ય રવિશંકર મોતીરામ–પાટણ

૧. અજીર્ણાંકુશ ચૂર્ણઃ–મોટી હરડેનું ચૂર્ણ તોલા ૫, હિંગાષ્ટક ચૂર્ણ તોલા ૫, સાજીનાં ફૂલ (સોડા) તોલા ૫, એ ત્રણે સમભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તેમાંથી દિવસમાં ત્રણ વાર બેઆની ભાર ચૂર્ણ છાશ સાથે લેવાથી અજીર્ણ, અમ્લપિત્ત અને ઊલટી મટી જાય છે.

૨. હિંગ એક ભાગ, પીપર બે ભાગ, સૂંઠ ત્રણ ભાગ, વજ ચાર ભાગ, અજમો પાંચ ભાગ, ચિત્રક છ ભાગ, હરડે સાત ભાગ લઈ, તેમાં જવખાર, સાજીખાર, સિંધવ, વરાગડું મીઠું, સંચળખાર એ એકેક ભાગ નાખી વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તેમાંથી દર ટંકે ૦। તોલો ખાવાથી શૂળ, અજીર્ણ અને બરોળ મટે છે.

૩. ગંધકવટીઃ–શુદ્ધ ગંધક તોલા ૫, ચિત્રક તોલા ૨॥, ત્રિકટુ ચૂર્ણ તોલા ૭॥, જવખાર તોલા ૨॥, સિંધવ તોલો ૧।, સંચળ તોલો ૧।, સાંભરલૂણ તોલા ૧। એ સર્વનું ચૂર્ણ કરી લીંબુ-

ના રસમાં સાત દિવસ ખલ કરી ૦ા તોલો દર ટંકે પાણીમ
વાથી અજીર્ણ, શૂળ, આમદોષ, ગોળો, આફરો અને બરો
રોગોનો જડમૂળથી નાશ કરે છે.

૪: જીરકાદિ ચૂર્ણ:-જીરું, સંચળ, ત્રિકટુ, સિંધવ, અ
દ, શેકેલી હિંગ અને હરડેદળ એ સર્વ એકેક તોલો અ
નસોતર આઠ તોલા લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી, અર્ધો અધે
તોલો બે વખત આપવાથી અજીર્ણ તરતજ મટી જશે.

૧૪-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. અશ્વચોળી (ઘોડાચોળી), શુદ્ધ પારો, ગંધક, વછનાગ, હરતાલ, ત્રિફળા, ત્રિકટુ, ફુલાવેલો ટંકણખાર, શુદ્ધ નેપાળો, એ સર્વ સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, પ્રથમ પારાગંધકની કાજળી કરી તેમાં બાકીની ચીજો મેળવી, ભાંગરાના રસમાં એક-વીશ દિવસ ઘૂંટી મરી જેટલી ગોળીઓ વાળવી. અનુપાન પરત્વે તમામ રોગ ઉપર આપવાથી સારો ફાયદો કરે છે.

૨. ઇચ્છાભેદી રસ:-(રેચ) પારો, ગંધક, ફુલાવેલો ટંકણખાર, સૂંઠ અને મરી એ પાંચ વસ્તુ એકેક તોલો લેવી અને નેપાળાનાં બી ત્રણ તોલા લેવાં. પ્રથમ પારા ગંધકની કાજળી કરી તેમાં તમામ વસ્તુનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવવું. પાણી નાખી રતીપૂરની ગોળીઓ વાળી તેમાંથી એક ગોળી ઠંડા પાણી સાથે આપવાથી રેચ લાગી ઉદરના રોગો મટે છે; ગરમ પાણી પીવાથી રેચ વળી જાય છે. વારણુ-છાશભાત અથવા દૂધભાત, ખાવા આપવાથી રેચ બહુ લાગેલો હોય તો નરમ પડી જશે. વાયુવાળા (કોઠાવાળા) ને એક વાલ સુધી અપાય છે.

૩. પ્રતાપાગ્નિકુમાર રસ:-પારો, ગંધક, તામ્રભસ્મ
છનાગ, સૂંઠ, મરી, નિક્ષાર પંચલવણ સર્વ સમભાગે

બનાવવું. પ્રથમ પારા ગંધકની કાજળી કરી તેમાં તામ્રભસ્મ ઘૂંટી બાકીનાં વસાણાં મેળવી આદુના રસની એક ભાવના આપવી. પછી અગનશીશી (કાચકૂપી)માં ભરી મંદાગ્નિથી વાલુકાયંત્રમાં એક દિવસ પકાવવું. સ્વાંગશીત થયે કાઢી તેમાં દશમો ભાગ વછનાગ નાખી ખલ કરી રાખી મૂકવું. તેમાંથી એક ચણોઠીભારની માત્રા આદુના રસ સાથે આપવાથી સન્નિપાત મટે છે, તેમજ તમામ જાતના વાયુના વિકાર પણ મટે છે.

૪. અગ્નિરસઃ-મરી તોલો ૧, મોથ તોલો ૧, વચકાચળિ તોલો ૧, ઘોડાવજ તોલો ૧, વછનાગ તોલા ૪ એ સર્વને ખાંડી વસ્ત્રગાળ કરી, આદુના રસમાં એક ભાવના આપી, મગ જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવારસાંજ એકેક ગોળી આપવાથી બધી જાતનાં અજીર્ણ, આફરો, અપચો અને મંદાગ્નિ મટે છે.

૫. અગ્નિતુંડ રસઃ-પારો તોલો ૧, ગંધક તોલા ૨, ખેડી અજમોદ તોલા ૩, વાયવડિંગ તોલા ૪, ખાખરનાં બી તોલા ૫, ઝેરકોચલાનું ચૂર્ણ તોલા ૬ લઈ, બધાંને વસ્ત્રગાળ કરી મધમાં ચણીબોર જેવડી ગોળીઓ વાળી સવારસાંજ એક અથવા બે ગોળી ખાઈ, ઉપર મોથનો કવાથ અથવા ઉંદરકનીનો કવાથ પીવો; જેથી કૃમિ માત્ર મરે છે અને પેટનો આફરો તથા વાયુ મટે છે. પરેજીમાં ભારે પદાર્થ બંધ કરવો.

૬. અમૃતવટીઃ-પારો, ગંધક, વછનાગ, અભ્રકભસ્મ, ઘોડાવજ, હરડે, બહેડાં અને આમળાં સર્વભાગે લઈ પ્રથમ પારાગંધકની કાજળી કરવી. બાકીનાં વસાણાંઓનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, કાજળીમાં મેળવી, ભાંગરાના રસની એક ભાવના આપવી. પછી મગ જેવડી ગોળીઓ વાળી આપવાથી અજીર્ણ, કૃમિ તથા વાયુ મટે છે, ખોરાક ઉપર રુચિ ઉત્પન્ન થાય છે અને અગ્નિ પ્રદીપ્ત થાય છે.

૭. ક્રવ્યાદ રસઃ–આઠ તોલા શુદ્ધ ગંધક, ચાર તો
શુદ્ધ પારો, બે તોલા કાંતલોહભસ્મ અને બે તોલા તામ્રભસ
બધું ખૂબ બારીક વાટી લોઢાના કઢાયામાં મૂકી નીચે ધીમા તા
પકવવું. એકરસ થાય એટલે એરંડાના પાન ઉપર તેની પર્પટ
ઢાળવી. પછી તેનું ચૂર્ણ કરી તે સર્વને લોખંડના વાસણમાં નાખી
તેમાં ૪૦૦ તોલા લીંબુનો રસ નાખવો અને ચૂલે ચડાવી ધીમા
તાપે પકાવવું. પાકતાં પાકતાં રસ ઘાટો થઈ જાય ત્યારે તેને
સૂકવી ચૂર્ણ કરવું. પછી પીપર, પીપળીમૂળ, ચવ્યક, ચિત્રો અને
સૂંઠ એના ઉકાળાની અને ખાટી લૂણીના રસની પચ્ચીસ ભાવના
દેવી. પછી ધીરે ધીરે સૂકવવું, એટલે ક્રવ્યાદ નામનો રસ તૈયાર
થયો. ભોજન કર્યા પછી ૧ થી ૪ વાલ પર્યન્ત ખાવો અને ઉપરથી
સિંધાલૂણ નાખેલી ખાટી છાશ પીવી. અત્યંત ભારે તથા ઝાઝો
ખોરાક લીધો હોય તે સઘળું તરત પચી જાય છે તથા શૂળ,
ગોળો, મળબંધ, બરોળ અને ઉદરરોગને મટાડે છે.

૮. શંખવટીઃ–આમલીની છાલની રાખનો ક્ષાર તોલા ૪
અને પંચલવણ તોલા ૪, તેને લીંબુના રસમાં ખરલવું. પછી શંખ-
ના ટુકડા તોલા ૪ અગ્નિમાં તપાવી ઉપર કરેલા લીંબુના રસમાં
નાખવા તે એટલે સુધી કે હાથે મસળતાં ભૂકો થઈ જાય. પછી
હિંગ, મરી, સૂંઠ, પીપર એ એકેક તોલો; વછનાગ, ગંધક, પારો
એ ૦। ૦। તોલો; એ સર્વને વાટી બોરના ઠળિયા જેવડી ગોળીઓ
કરવી. એ ગોળીથી અગ્નિ પ્રદીપ્ત થાય છે તથા શૂળ, સંગ્રહણી
અને અજીર્ણ મટે છે.

૯. અજીર્ણઃ–ત્રિકટુ, ચિત્રક, સિંધવ, અજમો, જીરું, શાહ-
જીરું, સંચળ તમામ ચીજ સરખે ભાગે અને કુલાવેલી હિંગ
૮ મે ભાગે મેળવી, તે ઘી સાથે અ અજીર્ણ મટે છે.

૧૦. પારો ભાગ ૧, ગંધક ભાગ ૨, લોહભસ્મ ભાગ ૦ાા, પીપર ભાગ ૦ાા, પીપળીમૂળના ગંઠોડા ભાગ ૧ાા, ચિત્રક ભાગ ૧ાા, સૂંઠ ભાગ ૦ાા, લવિંગ ભાગ ૦ાા, સંચળ ભાગ ૧, ટંકણ ૨ ભાગ, મરી ૨ ભાગ-એ સર્વ ચૂર્ણ કરી તેને ચણાના ક્ષારમાં ૭ દિવસ ખલ કરી, ત્રણ્યે વાલની ગોળી કરી ઊના પાણી સાથે આપવાથી ગમે તેવું અજીર્ણ, અગ્નિમાંદ્ય અને કોલેરા મટે છે.

૧૧. સિંધવ ૧ ભાગ, પીપળીમૂળ ૨ ભાગ, પીપર ૩ ભાગ, ચવ્વક ૪ ભાગ, ચિત્રો ૫ ભાગ, સૂંઠ ૬ ભાગ અને હીમજ ૭ ભાગ, ઉપર પ્રમાણે ચૂર્ણ કરી શક્તિ પ્રમાણે આપવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે અને દસ્ત સાફ આવે છે.

૧૨. સૂંઠ, મરી, પીપર, તજ, એલચી, શેકેલાં લવિંગ, કુલાવેલી હિંગ, સંચળ, મીઠું, સાજીખાર, જીરું, શાહજીરું, તમાલપત્ર, અજમો, હરડેદળ તમામ સરખે ભાગે લઈ, ચૂર્ણ કરી તેની બરોબર લસણ વાટી, એકત્ર કરી, લીંબુના રસમાં ઘૂંટી, ચણા પ્રમાણે ગોળી કરી આપવાથી ભૂખ લાગે છે અને અજીર્ણ મટે છે.

૧૩. મરી તોલો ૧, મોથ તોલો ૧, વજ તોલો ૧, ઉપલેટ તોલો ૧, વછનાગ તોલા ૪ બધાને સાથે ખાંડી કપડે ચાળી આદુના રસમાં મગ જેવડી ગોળી વાળી બે વાર આપવાથી બધી જાતના અજીર્ણ, આફરો, અપચો અને મંદાગ્નિ મટે છે.

૧૪. અમૃતપ્રભાઃ-અઘેડો ગરો, સિંધવ, ચિત્રક, આમળાં, મરી, લીંડીપીપર, અજમો, હરડે એ દરેક એકેક તોલો અને સૂંઠ બે તોલા લઈ ખાંડી બિજોરા લીંબુના રસમાં ચણા જેવડી ગોળી કરવી. આખા દિવસમાં ૬ ગોળી પાણી સાથે આપવાથી મંદાગ્નિ, ખોરાક પરનો અભાવો, ઉદરરસ, ગળાનાં દરદ, કફ, સળેખમ, શરદી, વાયુના તાવ વગેરે મટે છે.

૧૫. અગ્નિતુન્ડીવટીઃ–પારો, ગંધક, વછનાગ, બોડી અજમોદ, મોટી હરડે, બહેડાંછાલ, આમળાં, સાજીખાર, જવખાર, ચિત્રો, સિંધાલૂણ, સંચળ, વાવડિંગ, સમુદ્રલૂણ અને કુલાવેલો ટંકણ એ પ્રત્યેક એકેક તોલો, ઝેરકોચલાનું ચૂર્ણ ૧૬ તોલા સાથે મેળવી, લીંબુના રસમાં ૧ દિવસ ઘૂંટી, ચણોઠી જેવડી ગોળી વાળવી. દિવસમાં પાંચ થી છ ગોળીઓ ખાવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને પેટનો વાયુ મટે છે.

૧૬. અજીર્ણારિ રસઃ–પારો તોલા ૪, ગંધક તોલા ૪, હરડેદળ તોલા ૮, સૂંઠ તોલા ૧૨, પીપર તોલા ૧૨, મરી તોલા ૧૨, તથા ભાંગ તોલા ૧૬ લઈ સાથે મેળવી, ખાંડી લીંબુના રસના ૭ પુટ દઇ (દરેક પુટે ઘૂંટી ખરે તડકે સૂકવવું.) પછી લીંબુના રસમાં વાલ વાલની ગોળી કરી, સવારસાંજ બબ્બે ગોળી નવશેકા પાણીમાં આપવાથી બમણો ખોરાક લેવાય છે.

૧૭. ભસ્મકરોગ માટેઃ–અઘેડાની ખીર કરવી. એટલે અઘેડાનાં બીજનાં ફોતરાં ઉતારી, તે કણની ભેંસના દૂધમાં ખીર કરી, તેમાં સાકર નાખી ખાવા આપવી. એમ ૭ દિવસ ખવડાવવાથી ગમે તેવો ભસ્મકરોગ મટી જાય છે. તેમજ હંમેશાં સવારમાં ઘીસાકર સાથે પાકાં કેળાં ખવડાવવાં; એથી ભસ્મકરોગ મટે છે.

૧૫–ઉમિયાશંકર બાપુભાઈ મહેતા–વીરમગામ

સ્વાદ્દિ વિરેચનઃ–સોનામુખી તોલો ૧, વરિયાળી તોલો ૧, તજ એક આનીભાર, સાકર તોલા ૩, ગુલાબકળી તોલો ૧, વાટી ચૂર્ણ કરી ૦ા થી ૦ાા તોલો રાત્રે સૂતી વખતે આપવાથી દસ્ત ખુલાસાવાર સાફ આવે છે.

૧૬–માસ્તર નરભેરામ હરજીવન–નવાગામ

૧. જઠરનો સોજોઃ–કોલંબો તોલા ૨ અને સૂંઠ તોલો ૧ બારીક વાટી તેમાંથી સવારસાંજ તોલો ૦ા ફાકવાથી મટે છે.

૨. બંધકોશઃ-ગરમ પાણી શેર ાા લઇ તેમાં એક લીંબુનો રસ નિચોવી, તેમાં ૧ અથવા ૨ પતાસાં નાખી પીવું; તેથી ઝાડો સાફ ઊતરે છે.

૩. પ્લીહાઃ-(બરોળ) આ રોગ સરપંખાનાં મૂળ છાશ સાથે પીવાથી મટે છે; અથવા શંખભસ્મ વાલ ૨, દરરોજ લીંબુના રસ સાથે નિયમિત લેવાથી પણ મટી જાય છે.

૧૭-વૈદ્ય રવિકાન્ત અને શાન્તિકાન્ત-આસંભા

૧. એરંડાદિ ચૂર્ણઃ-એરંડબીજ ૭ તોલા, વાવડિંગ એક તોલો, વાકુંભા એક તોલો, ઝરેર એક તોલો, ઇશેશગુંદર એક તોલો, સૂંઠ, એક તોલો, પીપર એક તોલો, કાચકાંની બીજ એક તોલો, મર્યાં એક તોલો, ઈંદ્રજવ એક તોલો, હરડે એક તોલો પીપરીમૂળ એક તોલો એ સર્વેનું વાટી બારીક ચૂર્ણ કરી વાદ ૪ થી ૬ દિવસમાં ત્રણ વખત પાણી સાથે આપવું. આ ચૂર્ણ નળ બંધ વાયુ, બંધકોશ અને વધરાવળને મટાડી દસ્ત સાફ લાવે છે

૨. નવસારનાં ફૂલઃ-(અમારી બનાવટ) નવસાર શેર ૦ તથા મીઠું શેર ૦ા બન્નેને ભેગાં વાટવાં. ત્યાર બાદ બે મોટા કોડિયાં લઇ એક કોડિયામાં ઉપરની દવા ભરી બીજું કોડિયું ઢાંકી સંપુટ કરી, કોલસા શેર ૫ મૂકી સળગાવી તેની ઉપર સંપુટ મૂકી કોલસા ઠરી જાય ત્યારે કોડિયાં કાઢી લઈ, ઉપરના કોડિયાની અંદરથી પીળા રંગનાં ચોટેલાં ફૂલ સંભાળથી કાઢી લેવાં માત્ર મંદાગ્નિમાં રતિ ૪ થી ૬ પાણી સાથે આપવાં. જ્વરમાં સ્વેદલ અસર કરવા માટે રતી આઠથી દશ સુધી આપવાં. જ્વર વિષમજ્વર અને યકૃતદોષમાં રતી ચારથી ૭ દિવસમાં ત્રણથી ચાર વખત પાણી તોલા બે સાથે આપવાં. આ બનાવટ યકૃત બ્યાધિ ઉપર સારું કામ કરે છે. યકૃત સોજા ગટાડે છે, કફની ગાંઠ તોડે છે તથા સાધારણ વ્યાધિ, અજીર્ણ તથા બંધકોશ મટાડે છે

૩. સ્વર્જીકાધક્ષાર:–સાજીખાર તોલા ૨૦ લઈ ખા
પાણીમાં પલાળી ઉપરતું નીતરેલું પાણી સંભાળથી લઇ, તે પાણી
તાવડામાં નાખી, અગ્નિ પર બાળવાથી સફેદ શુદ્ધ સાજીખાર થશે
તે શુદ્ધ સાજીખાર તોલા પાંચ લેવો, તેને કુંવારના રસમાં ત્રણ
દિવસ વાટી એક કુલડીમાં ભરી સંપુટ કરી ત્રીસ છાણાંનો અગ્નિ
આપવો. ઠંડું થાય ત્યારે કાઢી આકડાના રસમાં વાટી, ઉપર
પ્રમાણે અગ્નિ આપવો. ત્યાર બાદ એકત્ર કરી લસણના રસમાં
વાટી, ઉપર પ્રમાણે અગ્નિ આપવો. માત્રા વાલ ૪ થી ૬ પાણી સાથે
આપવાથી મંદાગ્નિ, સંગ્રહણી, ફેર, નળબંધ વાયુ, પેટની ગાંઠ,
પેટની ચૂંક, આફરો, જમ્યા બાદ પેટમાં થતો ચૂંથારો, અજીર્ણ,
વાયુ, ઊલટી, ગુલ્મ અને અમ્લપિત્ત ઉપર સારું કામ કરે છે.

૪. અર્કલવણ:–(અમારી બનાવટ) મીઠું ચોખ્ખું શેર
૧, માટીના વાસણમાં નાખી મીઠું ભીંજાય એટલું ગોમૂત્ર નાખી
તાપમાં સૂકવવું. એ રીતે સૂર્યના તાપમાં એક દિવસ ગોમૂત્રની
ભાવના આપવી. ત્યાર બાદ બારીક વાટી આકડાનાં પાકાં પાન
શેર ૧।। લઇ, એક માટીનું વાસણ લઈ તેમાં ઉપરનીચે આકડાનાં
પાન પાથરી, વચમાં ઉપરતું મીઠું નાખી સંપુટ કરી, પચાસ
છાણાંનો અગ્નિ આપવો. સ્વાંગશીત થયે કાઢી બારીક વાટી, તેમાંથી
વાલ ૪ થી ૬ દિવસમાં બેત્રણ વખત પાણી સાથે આપવાથી યકૃત,
પ્લીહા, આમવાત, અજીર્ણ, શૂળ વગેરે પેટના રોગોને મટે છે.

૧૮–ડૉક્ટર મગનલાલ વિજભૂખણદાસ–સુરત

અગ્નિકુમાર અથવા જ્વરાંકુશ:–પારો, ગંધક, શુદ્ધ
વછનાગ, ટંકણ ફુલાવેલો, શુદ્ધ કનકબીજ, સૂંઠ, મરી, લીંડીપીપર,
પ્રથમ પારા ગંધકની કાજળી કરી, તેમાં બાકીનાં વસાણાંનું વસ્ત્ર-
ગાળ ચૂર્ણ મેળવવું. માત્રા ૨ થી ૪ ગ્રેઇનની છે. અનુપાન શીરાની

અંદર ખાડો કરી દવા મૂકી ઉપર પાછો શીરો મૂકી ખાવાથી, ગમે તેવો તાવ હોય તો પણ તે મટે છે. ખાંસીમાં મધ તથા આદુ-કુદીનાના રસ સાથે આપવાથી સન્નિપાત મટે છે. તેમજ પીપરી-મૂળમાં આપવાથી તાવ પણ મટે છે.

૧૯-વૈદ્ય રૂઘનાથસિંગ ગયાદીન-સુરત

શંખાવટી:—પારો, ગંધક, આમલીની રાખ, પંચલવણ, શંખભસ્મ, પીપર, સૂંઠ, હિંગ, મરી, લવિંગ, વછનાગ, દરેક એકેક તોલો લેવાં. પછી પારાગંધકની કાજળી કરી, તેમાં બાકીનાં વસાણાં મેળવી ઘૂંટી ચૂનાના રસની એક ભાવના આપી, આદુના રસનો તથા અંઝેટાના રસનો, આમલીના ગરનો તથા લીંબુના રસનો એકએક પટ આપી, ચણાપૂર ગોળી વાળવી. એ ગોળી સઘળી જાતનાં શૂળ અને ઉદરના રોગમાં એકથી બે ત્રણ વખત પાણીસાથે આપવી. આ ગોળી સઘળી જાતનાં અજીર્ણ અને ગોર-ચીમાં પણ તાત્કાળિક ફાયદો કરે છે. આ પાઠ રસરાજ સુંદરનો છે.

૨૦-વૈદ્ય ડાહ્યાભાઈ બાઝભાઈ-સાયણ

૧. અગ્નિમંદ માટે:-સૂંઠ અને જવખાર, સમભાગે વાટી ચૂર્ણ કરવું. સવારસાંજ પાવલીભાર ગરમ પાણી સાથે અથવા ઘી સાથે આપવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થઇ, સારી ભૂખ લાગે છે. તાવમાં પણ ઘણો સારો ફાયદો કરે છે.

૨. અન્ન પચ્યું ન હોય, પેટે આફરો ચડ્યો હોય, પેટ તથા પેડુમાં શૂળ મારતાં હોય, તો કાચો ધાપહાણ અને સોડાખાર લઈ ધાપહાણ પાણીમાં ઘસી માંહી સોડાખાર નાખી પાવું; એટલે ઉપરની વેદના શાંત થાય છે અને ભૂખ સારી લાગે છે.

૩. કેરકચૂરો ભાગ ૧, લવિંગ ભાગ ૦। એને વાટી આદુના રસમાં ચણોઠી જેવડી ગોળી વાળવી. ગોળી નંગ ૧, પીપરીમૂળના

ગંઠોડા સાથે મધમાં ચાટવાથી ભૂખ સારી લાગે છે. એ ગોળી આમ, સંગ્રહણી, અતિસાર, શૂળ તથા ઊલટીને મટાડે છે. એ ગોળી ત્રિકટુ અને મધ સાથે ચાટવાથી ચક્કર (ફેર) આવતા હોય તો પણ ફાયદો કરે છે તથા વાયુને મટાડે છે.

૨૧–વૈદ્ય નૂરમહમદ હમીર–ધોરાજી

ચૂનાનું પાણી પાંચ તોલા અને સુવાનું પાણી બે તોલા દૂધ મેળવી પાવાથી ઊલટી બેસે છે.

૨૨–એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. ચિત્રક, લીંડીપીપર, સિંધવ, હરડે અને વાવડિંગ એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, દર ટંકે પાણી સાથે ચાર વાલ ચૂર્ણ આપવાથી મંદાગ્નિવાળાને ઘણોજ સારો ફાયદો કરે છે.

૨. સૂંઠ તોલા ૨, મીંઢીઆવળનાં પાન તોલો ૧, સંચળ તોલો ૧, તજ તોલા ૨, વરિયાળી તોલા ૨, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી લીંબુના રસની એક ભાવના આપી સૂકવી ચૂર્ણ કરી વાલ ૪ થી ૮ સુધી પાણી સાથે આપવાથી પાચનશક્તિ વધે છે.

૨૩–વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી–ઉના

પ્લીહા (બરોળ) માટેઃ–હરડે તોલા બે, મંડૂરભસ્મ તોલો ૧, ક્વિનાઇન તોલો ા, એનું મિશ્રણ કરી તેમાંથી સવાર-સાંજ બબ્બે આનીભાર દૂધમાં આપવાથી બરોળ મટે છે.

૨૪–વૈદ્ય છગનલાલ આત્મારામ–સુરત

૧.અજીર્ણ માટેઃ–કાચ એળિયો તોલા ૩, કપડવંજી [illegible] તોલા ૪, તજ તોલો ૧, રેવંચીનો શીરો તોલો ૧, સૂંઠ તોલો ૧, કાળાં મરી તોલો ૧, પીપર તોલો ૧, કોલમ તોલો ૧,

ટંકણખાર તોલો ૧, હિંગોરાની મીજ તોલો ૧, બોળ તોલો ૧, ગરણીનાં બી તોલો ૧, હીમજી હરડે તોલો ૧, એલચી તોલો ૧, આ તમામ વસ્તુઓમાંથી સાબૂ વગરની તમામ વસ્તુને ખાંડી, વસ્ત્રગાળ ચૂર્ણ કરી પછી સાબૂ ખલમાં નાખી વાટી તેમાં ચૂર્ણ મેળવી ઘૂંટવું. પછી પાકાં ચેવલીપાનનો રસ ગોળી વળાય તેટલો નાખી સારી પેઠે ઘૂંટી વટાણાપૂરની ગોળી વાળવી. તેમાંથી મોટા માણસને દિવસમાં ત્રણ વખત ગોળી ૧ થી ૬ સુધી પાણી કે દૂધ સાથે આપવી. નાનાં બાળકોને દિવસમાં બે વાર ગોળી ૦ાા અથવા ૧ પ્રકૃતિ જોઈને પાનના રસમાં, મોટી હરડેમાં અથવા પાણીમાં આપવાથી અજીર્ણ મટાડી, ખોરાક પચાવી ઝાડો સાફ લાવે છે.

૨. અશ્વચોળી ગુટી:-પારો તોલો ૦ા, ગંધક તોલો ૦ા, હિંગળોક તોલો ૦ા, હરતાલ તોલો ૦ા, વછનાગ તોલો ૦ા, રામરસ (મીઠું) તોલો ૦ા, નવસાર તોલો ૦ાા, સિંધવ તોલો ૦ાા, સંચળ તોલો ૦ાા, ધંતૂરાનાં બી તોલો ૧, ખોરાસાની અજમો તોલો ૧, કરમાણી અજમો તોલો ૧, અજમો તોલો ૧, અજમોદ તોલો ૧, ત્રિફળા તોલા ૩, ત્રિકટુ તોલા ૩, ગુલાબનાં ફૂલ તોલા ૩, ટંકણખાર તોલો ૦ાા, તગર ગંઠોડા તોલા ૨, ઇંદ્રવરણાનાં સૂકાં ફળ તોલા ૨, ગરણીનાં બી તોલા ૩, એળિયો તોલો ૦ા, રેવંચીની ખટાઇ તોલા ૨, નેપાળો તોલા આઠ-પ્રથમ પારા ગંધકની કાજળી કરી તેમાં બાકીનાં વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી ખડી એકરસ કરી, ભાંગરાના રસની એક ભાવના, પાકાં ચેવલી પાનના રસની બે ભાવના, આપી છેવટે કુંવારના રસની એક ભાવના આપી મરી પ્રમાણે તથા રાઇ પ્રમાણે એમ બે જાતની ગોળી વાળવી. મોટા માણસને મગપૂરની ગોળી ૧ થી ૨ દિવસમાં બે વાર યોગ્ય અનુપાન સાથે આપવી તથા નાનાં બાળકોને રાઇપૂરની ગોળી આપવી. આ ગોળી સઘળા રોગોમાં વૈદરાજોએ પોતાની બુદ્ધિ

પ્રમાણે વાપરવાથી યશ અપાવે છે. આ ગોળી અમને કોઈ મહાત્મા તરફથી મળેલી છે, જે જનકલ્યાણાર્થે અત્રે પ્રસિદ્ધમાં મૂકી છે.

૨૫–વૈદ્ય મણિશંકર જાદવજી જોશી–કાનપર

રામબાણ ચૂર્ણ:–હરડેદળ તોલા ૨, દિવેલમાં તળેલી હીમજ તોલા ૨ અને અકલગરો, સિંધવ, ચિત્રો, આમળાં, મરી, સૂંઠ, પીપર, અજમો, જીરું, ધાણા, વાવડિંગ, સંચળ દરેક તોલે એકેક અને લવિંગ તોલો ૦ા, એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી લીંબુના રસની એક ભાવના આપી, તેમાંથી રૂા. ૦ા ભાર ચૂર્ણ સવાર સાંજ લેવાથી મંદાગ્નિ, અરુચિ, ઉધરસ, દમ, સળેખમ વગેરેને તત્કાળ મટાડે છે. ભૂખ સખત લગાડે છે. અજીર્ણ તથા અપચાને માટે ઉત્તમ ઉપાય છે, દસ્ત સાફ લાવે છે. અકસીર છે.

૨૬–વૈદ્ય નંદરામ પ્રાગજી–નાગેશ્રી

૧. શ્રીપંખમુખ (સરપંખો) તોલો ૧, નવસાર તોલો ૧, આકડાનાં પાનનો રસ તોલા ૪, ભોંઉંદરીનો રસ તોલા ૫, વાટી ચણોઠી જેવડી ગોળીઓ કરી નવસારના એક વાલ ચૂર્ણ સાથે ત્રણ વખત ગોળી લેવી. તેથી ઝાડાઊલટી વિશેષ થાય તો પ્રકૃતિને માફક આવે તેમ વધારેઓછી ગોળી લેવી. બરોળ તથા યકૃત-ના તમામ દોષ, ગુલ્મ, મળનો અવરોધ, પેટપીડ, આફરો, તાવ અને ઉદરરોગને મટાડવામાં આ ગોળી સારી છે.

૨. રાજન જોગ જુલાબ:–(નાભિ જુલાબ) ટંકણ, મોરથુથુ, [illegible]નું દૂધ, નેપાળો, એરંડીની મીંજ, એ સર્વ સમભાગે લઈ ઘૂંટી [illegible]ભિ ઉપર લેપ કરવાથી રેચ લાગે છે. ગરમ પાણીએ પોઈ [illegible]તાં રેચ બંધ થાય છે. (દૂંટીની આસપાસ લેપ કરવો [illegible]ર તથા રાજાઓને માટે આ ઉત્તમ [illegible] છે.

૨૭-વૈદ્ય ભોળાનાથ નર્મદાશંકર સ્માર્ત-સુરત

અવલેહ સુલેમાનીઃ-આલુ બુખારી બેઆનીભાર, જીરસ બેઆનીભાર, આદુ તોલો ૧, ફુદીનો તોલા ૨, મરી તોલો ૧, પીપર તોલો ૧, સૂંઠ તોલો ૧, કાળી દરાખ શેર ૦Iા, જીરું તોલો ૧, પીપરીમૂળ તોલો ૧, સિંધવ તોલો ૧ અને સંચળ તોલો ૧ બારીક વાટી ચૂર્ણ કરી બુદ્ધિ પ્રમાણે સરકો નાખી (સરકો નાખવાથી અવલેહ બગડશે નહિ તેમજ ફુગ ચડશે નહિ.) માત્રા ૦I તોલો અજીર્ણ વગેરે ઉપદ્રવો ઉપર આપવું.

૨૮-વૈદ્ય પુરુષોત્તમ બહેચરભાઈ યાજ્ઞિક-કાલોલ

અજીર્ણ માટેઃ-સૂકા કેવડાનાં ફૂલ (છાંયે સૂકવવાં) અને સાકર એ બે સમભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી, પાવલી કે અધી ભાર ગરમ પાણી સાથે ખાવાથી કકડીને ભૂખ લાગે છે. તથા અજીર્ણ મટાડી ખોરાક પાચન કરે છે. આ પ્રયોગ અનુભવેલો છે.

૨૯-વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ-ભુલાવાડી

૧. **કફપિત્તહર ચૂર્ણઃ**-કડુ તોલા ૨, સૂંઠ તોલો ૧, ઇંદ્રજવ તોલો ૧, વાટી વસ્ત્રગાળ કરી, ૦I તોલો ચૂર્ણમાં વાલ સાકર મેળવી ઉના પાણી સાથે પીવાથી કફપિત્તનું દરદ શાંત થાય છે.

૨. ત્રિકટુ, નાગકેશર, હળદર, ઇંદ્રજવ સર્વ સમભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૦I તોલો ગરમ પાણી સાથે પીવાથી તાવ, નળબંધ વાયુ, શ્વાસ વિગેરે દર્દોને મટાડે છે.

૩. **આદિત્ય વટિકાઃ**-વજ, સૂંઠ, ચિત્રો, જીરું, મરી, હિંગ, વછનાગ, તજ એ સર્વ સમભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી, આંબરાના રસની એક ભાવના આપી ચણાપૂરની ગોળીઓ વાળવી. પછી સવારે એક વખત ઠંડા પાણીમાં પીવાથી શૂળ, વાયુ, મંદાગ્નિ મટે

છે. પથ્યમાં તેલ, મરચું, ખટાશ, હિંગ, ચણા, વાલ એ ન ખાવા

૪. અગ્નિકુમાર રસઃ–પારો, ગંધક, ત્રિકટુ અને નેપાળો, લઇ પ્રથમ પારા ગંધકની કાજળી કરી તેમાં બાકીનાં વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી આદુના રસની એક ભાવના આપી, ગોળી ચણા પ્રમાણે કરવી. એ ગોળી મોટા માણસને બે આપવાથી કબજિયાત મટે છે અને અગ્નિ પ્રદીપ્ત થાય છે.

૫. હિંગાષ્ટક ચૂર્ણઃ–ત્રિકટુ, જીરું શાહજીરું, અજમો એ એકેક તોલો અને અજમોદ તોલો ૦ાા, બીડખાર તોલો ૦ાા, કુલાવેલી હિંગ તોલો ૦ાા, વાવડિંગ તોલો ૧, સિંધવ તોલો ૦ાા એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, લીંબુના રસમાં એક ભાવના આપી, ચણાપૂરની ગોળી કરવી. એ ગોળીથી અજીર્ણ તથા તમામ જાતના વાયુનો નાશ થાય છે.

૩૦–ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય–પાટણ

કાળો રસઃ–પારો તોલો ૦ાા, ગંધક તોલો ૦ાા, એ બેની કાજળી કરી તેમાં ટંકણ કુલાવેલો તોલા ૨, નેપાળો તોલા ૩ાા, એરંડીની મીજ તોલા ૪, સૂંઠ તોલા ૨ાા, કાળાં મરી તોલો ૧ાા, નસોતર તોલા ૨ાા, હરડેછાલ તોલા ૬, વાટી વસ્ત્રગાળ કરી કાજળીમાં મેળવી સાત દિવસ ઘૂંટવું, એટલે કાળો રસ સિદ્ધ થાય છે. આ રસની માત્રા રતી ૨ ગરમ પાણી સાથે આપવાથી પેટનું શૂળ, શ્વાસ, ઉધરસ, સસણી અને વરાધ મટે છે. અફીણના ઝેરવાળાને ચાર રતી આપવી, હડકવાવાળાને પાંચ રતી આપવી અને પાંડુરોગવાળાને ચાર રતી, જ્વરવાળાને બે રતી, ઉષ્ણજ્વર, શીતજ્વર, તૃતીયજ્વર, જીર્ણજ્વર, દુષ્ટ પીત્તવાળા, વિસ્ફોટકવાળા, સન્નિપાતવાળા, મળના વિકારવાળા, અરુચિવાળા, વિદ્રધિવાળા, બંધકોશવાળા તથા શીળશવાળાને ગરમ પાણીમાં આપવાથી મટે છે.

જુલાબ થાય તો વારણુ માટે ખીચડી બનાવી ઠંડી કરી ઘી મેળવી ખાવી અથવા સાકરનું પાણી પીવું. કદાચ જુલાબ ન થાય તો ગરમ ચાહ પીવી તથા પેટ શેકવું અથવા તડકે બેસવું.

૩૧-વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

૧. જાવંત્રી ૧॥ તોલો, જાયફળ ૧॥ તોલો, સફેદ મરી ૪ તોલા, ગંધક ૦॥ તોલો, પારો તોલો ૦॥, વછનાગ તોલો ૦ અને લવિંગ તોલો ૦॥ પ્રથમ પારા ગંધકની કાજળી કરી તેમાં બાકીનાં વસાણું મેળવવાં. પછી આદુના રસની એક ભાવના આપી અડદના પ્રમાણુની ગોળીઓ વાળી, એક સવારે તથા સાંજે આપવાથી વાયુ, શૂળ, જઠરાગ્નિની મંદતા વિગેરે રોગો મટે છે. જરૂર પડે તો બે ગોળી આપવી.

૨. જઠરાગ્નિ માટેઃ-વાવડિંગ તોલો ૧, બિલામાં, ચિત્રક, હીમજ, સૂંઠ એ સર્વ એકેક તોલો તથા ગોળ તોલા ૫ અને ઘી તોલા બે મેળવી સોપારી જેવડી ગોળીઓ કરી, સવારસાંજ ખાય તો મંદાગ્નિ મટી ભૂખ લાગે છે અને ખોરાક પાચન થાય છે.

૩૨-વૈદ્ય ગોવર્ધનરાવ-પાટણ

નળબંધ વાયુ માટેઃ-વાંસની ગાઠો ૦)-, ઇંદ્રજવ તોલો ૧ સુવા તોલો ૧, વડના પાનની કૂળી ટીશીઓ તોલો ૧, દરેક વસ્તુને બારીક ખાંડી પાણી શેર ૨ માં ઉકાળી, ૦। શેર પાણી અવશેષ રાખી તેમાંથી બે આની ભાર કવાથ તથા મધ તોલા ૨॥ મેળવી પીવું. એ પ્રમાણે બે વખત પીવાથી નળ સાફ થઈ નળબંધ વાયુ મટે છે.

૩૩-વૈદ્ય લક્ષ્મણ માર્તંડ-સાસવડ

યકૃત તથા પ્લીહા માટેઃ-ફુટકી વીસ તોલા, નવસાર દસ તોલા, ચિંપત્ર ચાર તોલા, સંચળ ચાર તોલા, હિંગ બે તોલા બે

સર્વ ઔષધોનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેને ગોમુત્ર, ચિત્રકનો કવાથ, કુંવારનો રસ, પ્રત્યેકની ત્રણ ત્રણ ભાવના આપી વટાણા પ્રમાણે ગોળીઓ વાળી, દરેક ટંકે બે ગોળી દિવસમાં ત્રણ વખત આપવી. આથી યકૃત અને પ્લીહના તમામ વ્યાધિઓ મટે છે. બબ્બે ગોળી અને એક તોલો કુમાર્યાસવમાં થોડું પાણી રેડી તેની સાથે દિવસમાં ત્રણ વાર પીવાથી યકૃત ને પ્લીહાના તમામ વ્યાધિઓ મટે છે.

૩૪—અમદાવાદના એક વૈદરાજ

૧. પાવલીભાર રાઇ પાણી સાથે ફાકી જવાથી પેટમાંની બદહજમી મટે છે અને બહુ દસ્ત થતા હોય તો પણ બંધ થાય છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

૨. **કબજિયાત માટેઃ**—ગુલાબની તાજી સૂકી કળીઓ, વરિયાળી, સાકર અને ઘીનો હાથ દઇ સહેજ શેકી નાખેલી મીંઢીઆવળ એ ચારે વસ્તુઓને સમભાગે લઇ ખાંડી ચૂર્ણ કરી, સૂતા પહેલાં પાણી સાથે પાવલીભાર ફાકવાથી કબજિયાત મટે છે, સાધારણ જુલાબ લાગે છે અને મન પ્રસન્ન રહે છે.

૩. **ઉદરરોગ માટેઃ**—લસણની સૂકી કળીઓ, હીરાસિંગ, સિંધવ અને કચ્યાના ગોળા, એ સરખે ભાગે બારીક વાટી, તેની ચણી બોર જેવડી ગોળીઓ કરી ઉંમર અને દરદના પ્રમાણમાં આપવાથી પેટમાં આવતી ચૂંક, આફરો, બદહજમી અને શૂળ મટાડે છે.

૪. **બરોળ માટેઃ**—ફુલાવેલો ટંકણ, અજમો, કાળીજીરી, સુવા, નવસાર, સાજીખાર, ચિત્રક અને લીંડીપીપર, એ સમભાગે લઇ કુંવારપાઠાના રસમાં ઘૂંટી ચણીબોર જેવડી ગોળી વાળી દર ટંકે બે ગોળી દિવસમાં બે વખત ખાવાથી બરોળ નાબૂદ થાય છે, જઠરાગ્નિમાં ફાયદો થાય છે અને પેટના વ્યાધિઓનો નાશ કરે છે,

જુલાબ થાય તો વારણ માટે ખીચડી બનાવી ઠંડી કરી ઘી મેળવી ખાવી અથવા સાકરનું પાણી પીવું. કદાચ જુલાબ ન થાય તો ગરમ ચાહ પીવી તથા પેટ શેકવું અથવા તડકે બેસવું.

૩૧-વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

૧. જાવંત્રી ૧॥ તોલો, જાયફળ ૧॥ તોલો, સફેદ મરી ૪ તોલા, ગંધક ૦॥ તોલો, પારો તોલો ૦॥, વછનાગ તોલો ૦। અને લવિંગ તોલો ૦॥ પ્રથમ પારા ગંધકની કાજળી કરી તેમાં બાકીનાં વસાણાં મેળવવાં. પછી આદુના રસની એક ભાવના આપી અડદના પ્રમાણની ગોળીઓ વાળી, એક સવારે તથા સાંજે આપવાથી વાયુ, શૂળ, જઠરાગ્નિની મંદતા વિગેરે રોગો મટે છે. જરૂર પડે તો બે ગોળી આપવી.

૨. જઠરાગ્નિ માટેઃ-વાવડિંગ તોલો ૧, જિલામાં, ચિત્રક, હીમજ, સૂંઠ એ સર્વ અકેક તોલો તથા ગોળ તોલા ૫ અને ઘી તોલા બે મેળવી સોપારી જેવડી ગોળીઓ કરી, સવારસાંજ ખાય તો મંદાગ્નિ મટી ભૂખ લાગે છે અને ખોરાક પાચન થાય છે.

૩૨-વૈદ્ય ગોવર્ધનરાવ-પાટણ

નળબંધ વાયુ માટેઃ-વાંસની ગાંઠો ૦)-, ઇંદ્રજવ તોલો ૧ સુવા તોલો ૧, વડના પાનની કુળી ટીશીઓ તોલો ૧, દરેક વસ્તુને બારીક ખાંડી પાણી શેર ૨ માં ઉકાળી, ૦। શેર પાણી અવશેષ રાખી તેમાંથી બે આની ભાર કવાથ તથા મધ તોલા ૨॥ મેળવીપીવું. એ પ્રમાણે બે વખત પીવાથી નળ સાફ થઈ નળબંધ વાયુ મટે છે.

૩૩-વૈદ્ય લક્ષ્મણ માર્તંડ-સાસવડ

યકૃત તથા પ્લીહા માટેઃ-કુટકી વીસ તોલા, નવસાર દસ તોલા, સિંધવ ચાર તોલા, સંચળ ચાર તોલા, હિંગ બે તોલાએ

સર્વ ઔષધોનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેને ગોમુત્ર, ચિત્રકનો કવાથ કુંવારનો રસ, પ્રત્યેકની ત્રણ ત્રણ ભાવના આપી વટાણા પ્રમાણે ગોળીઓ વાળી, દરેક ટંકે બે ગોળી દિવસમાં ત્રણ વખત આપવી. આથી યકૃત અને પ્લીહના તમામ વ્યાધિઓ મટે છે. બબ્બે ગોળી અને એક તોલો કુમાર્યાસવમાં થોડું પાણી રેડી તેની સાથે દિવસમાં ત્રણ વાર પીવાથી યકૃત ને પ્લીહાના તમામ વ્યાધિઓ મટે છે.

૩૪—અમદાવાદના એક વૈદરાજ

૧. પાવલીભાર રાઈ પાણી સાથે ફાકી જવાથી પેટમાંની બદહજમી મટે છે અને બહુ દસ્ત થતા હોય તો પણ બંધ થાય છે. જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

૨. **કબજિયાત માટેઃ**—ગુલાબની તાજી સૂકી કળીઓ, વરિયાળી, સાકર અને ઘીનો હાથ દઈ સહેજ શેકી નાખેલી મીંઢીઆવળ એ ચારે વસ્તુઓને સમભાગે લઈ ખાંડી ચૂર્ણ કરી, સૂતા પહેલાં પાણી સાથે પાવલીભાર ફાકવાથી કબજિયાત મટે છે, સાધારણ જુલાબ લાગે છે અને મન પ્રસન્ન રહે છે.

૩. **ઉદરરોગ માટેઃ**—લસણની સૂકી કળીઓ, હીરાસિંગ, સિંધવ અને કચ્યાના ગોળા, એ સરખે ભાગે બારીક વાટી, તેની ચણી બોર જેવડી ગોળીઓ કરી ઉંમર અને દરદના પ્રમાણમાં આપવાથી પેટમાં આવતી ચૂંક, આફરો, બદહજમી અને શૂળ મટાડે છે.

૪. **બરોળ માટેઃ**—ફુલાવેલો ટંકણ, અજમો, કાળીજીરી, સુવા, નવસાર, સાજીખાર, ચિત્રક અને લીંડીપીપર, એ સમભાગે લઈ કુંવારપાઠાના રસમાં ઘૂંટી ચણીબોર જેવડી ગોળી વાળી દર ટંકે બે ગોળી દિવસમાં બે વખત ખાવાથી બરોળ નાબૂદ થાય છે, જઠરાગ્નિમાં ફાયદો થાય છે અને પેટના વ્યાધિઓનો નાશ કરે છે,

૫. રક્તાતિસાર ચૂર્ણ:-કાળો ગુંદર, સોનાગેરુ, ધાણા, બતરનો ગુંદર, કમોદ્દો, રાળ, ફૂલકાગો, કોરચના બીની મીજ, બીલીનો ગર, એલચી, કમોરો, કપૂરકાચલી, આમળાં, માયાં, વાયવડિંગનાં ફૂલ, બાવળનાં ફૂલ, ઓયડી જીરું, જીરું, આંબાની ગોટલી; કાંપુના ડળિયા, ચિંપણ, ચેકેલી હિંગ, ખસખસ, જીરું, સૂંઠ, ચિત્રકમૂળ એ સર્વ સમભાગે લઈ સાગરશિંગાની ભસ્મ બે ભાગ લઈ; તેમજ સાફ કરેલી ભાંગ ચાર ભાગ લેવી અને સાકર આઠ ભાગ લેવી. પછી બાટી વસ્ત્રગાળ કરી તોલો ૦।। થી ૦।।। અથવા શક્તિ પ્રમાણે મધ અથવા પાણી સાથે લેવાથી સર્વ પ્રકારના અતિસાર, મરડા, સંગ્રહણી આદિ ઉપદ્રવો મટે છે, શરીર પુષ્ટ અને તંદુરસ્ત બને છે તથા પાચનક્રિયા પણ નિયમિત બને છે.

૩૫–ડૉક્ટર દામોદર ગોપાલ રણદિવે–સુરત

પેટનો સખત દુખાવો:-(એકજ દિવસમાં મટે) કપાસિયા મૂઠી ૧, સંચળ તોલો ૦।।, બિલામું નંગ એક વાટી સોપારી જેવડી ગોળી વાળી, દિવસમાં બે વખત પાણી સાથે ખવડાવવાથી તુરત આરામ થાય છે. અકસીર ઇલાજ છે.

७-विषूचिका (कोलेरा)

આ પંચભૂતાત્મક ઈશ્વરી સૃષ્ટિમાં પ્રાણીમાત્ર સ્વેદજ, અંડજ ઉદ્ભિજ્જ અને જરાયુજ એવા ચાર ભાગમાં વહેંચાયલાં છે. તે પૈકી સ્વેદજ જીવોની યોનિ અમૈથુનિક ગણાય છે. એટલે એ જીવો આકાશમાં દૃષ્ટિએ નહિ પડે એવા સૂક્ષ્મ રૂપમાં અસંખ્ય અને અનંત છે. તેઓની જુદી જુદી ન ગણી શકાય એટલી જાતો છે. તે જાતો પૈકી કોઈ પણ જાત ઋતુના હીન, મિથ્યા કે અતિયોગથી વાતાવરણમાં જે જાતનો ફેરફાર થાય, તે જાતનું રૂપ ધારણ કરી અસંખ્ય પ્રમાણમાં ઉત્પન્ન થાય છે; અને જ્યારે ઋતુનો યોગ બદલાવાથી વાતાવરણ સુધરે છે, ત્યારે તે જંતુઓનો નાશ થાય છે. ઈશ્વરી સૃષ્ટિમાં પ્રાણીમાત્રની જે યોજના કરવામાં આવેલી છે, તે જીવતાં પ્રાણીઓ એકબીજાને સહાયકારી થાય એવા હેતુથી આ દૃશ્યમાન થતી સૃષ્ટિની વ્યવસ્થા કરવામાં આવી છે, અને એટલા માટે મહાત્મા તુલસીદાસજીએ એક દોહરો કહ્યો છે કે:—

જીવ જીવ કે આસરે, જીવ કરત હય રાજ;
તુલશી હર કે આસરે, કયું બિગડેગો કાજ ?

અર્થાત્ જો દરેક જીવ બીજાનો આશ્રય લઈને કુદરતના નિયમ પ્રમાણે એટલે પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે વર્તે તો ઉપાધિરૂપ રોગમાં તેને સપડાવવાનો વખત આવે નહિ. પરંતુ કેટલાક સ્વાર્થી મનુષ્યો કહે છે કે, "जीवो जीवस्य जीवनम्" અર્થાત્ જીવ છે તેજ જીવનું જીવન છે. એટલે કોઈ પણ પ્રાણીની હિંસા કર્યા સિવાય અને કોઈ પણ પ્રાણીનું માંસ પરોક્ષ યા અપરોક્ષ ખાધા સિવાય માણસ જીવી શકતું નથી. એ હેતુને લઈને જીવહિંસાની પ્રથા ચાલુ ક-

રનારાઓએ કુદરતના કાયદાઓનો ભંગ કરવાથી કોલેરા જેવા ભયંકર રોગને ઉત્પન્ન થવાનો અવકાશ આપ્યો છે.

હાલની જંતુવિદ્યાની શોધ પ્રમાણે કોલેરાનાં જંતુઓ ઊડતાં છે અને તે જ્યારે વધે છે ત્યારે એટલી બધી સંખ્યામાં વધે છે કે જેનો પાર કોઈ પણ પંડિતથી પામી શકાતો નથી. આપણે એ જંતુઓનો નાશ કરવાને માટે જુદી જુદી જાતના સેંકડો પ્રયોગો કરીએ છીએ. પરંતુ આપણા ઋષિમુનિઓએ ઘૃત અને સુગંધી દ્રવ્યના ધુમાડાથી એ જંતુઓને અમૃતરૂપમાં ફેરવવાનો જે પ્રયોગ યોજેલો છે, તે પ્રયોગના જેવો બીજો પ્રયોગ આજ સુધીમાં કોઈ પણ રસાયણશાસ્ત્રીને હાથ લાગ્યો નથી. પરંતુ જે ઉપાય કરવામાં આવે છે તેથી કોલેરાનાં જંતુની વૃદ્ધિ થાય છે. કારણ સ્વેદજ જંતુઓનો એવો સ્વભાવ છે કે, જો એક જંતુને મારી નાખ્યું હોય તો તેના શરીરમાં જેટલા પરમાણું હોય તેટલાં નવાં જંતુઓ ઉત્પન્ન થાય છે. તેથી જેમ જેમ ઉપાય કરી જંતુને મારી નાખવામાં આવે, તેમ તેમ તેની ઘણા રૂપમાં વૃદ્ધિ થતી જાય છે. અને જ્યારે ઋતુનો સમયોગ થાય ત્યારે વાતાવરણના ફેરફારથી એ જંતુઓ પોતાની મેળે અદ્રશ્ય થઇ જાય છે. દાખલા તરીકે ચોમાસાની ઋતુમાં લગભગ શ્રાવણ માસમાં કામળિયા (કામળા) નામનાં જંતુ એટલાં બધાં ઉત્પન્ન થાય છે કે, જે ગામમાં તે પાકયાં હોય તે ગામનાં ઘરોનાં છાપરાં અને નેવાણી તે જંતુથી ભરાઇ ગયેલી જોવામાં આવે છે. તેવી રીતે ભાદરવા માસમાં "ભાદરવા" નામના લાલ કીડા ઢગલાબંધ ઉત્પન્ન થાય છે અને જ્યારે ઋતુનો ફેરફાર થાય છે ત્યારે એકબે દિવસમાં તેઓ કયાં છુપાઈ જાય છે તેનો પત્તો પણ લાગતો નથી. આથી એટલું સાબિત થયું કે, વાતાવરણના ફેરફારથી આકાશમાં સ્વેદજ જીવો ઉત્પન્ન થઇ જગતમાં ઉપાધિરૂપ રોગનો ફેલાવો કરે છે અને જ્યારે વાતાવરણ

સુધરે છે ત્યારે તે ઉપાધિની શાંતિ પોતાની મેળે થાય છે. પ્રમાણે સામાન્ય સ્વેદજ જીવોની ઉત્પત્તિથી થતા રોગોનો વિચ અથવા સામાન્ય સ્વેદજ જીવોની ઉત્પત્તિનો વિચાર કરવા આવ્યો, કે જે ઋતુના હીન, મિથ્યા અને અતિયોગને આભારી

જ્યારે મનુષ્યોમાં બુદ્ધિનો વિભ્રમ થાય છે, ત્યારે તેને કુદર તના કાયદાનો ભંગ કરવાનું મન થાય છે અને કોઈ પણ હેતુને લઇને થોડા વખતને માટે તેણે કુદરતનો જે ગુનો કર્યો હોય છે, તે ગુનો જમાનાનું પરિવર્તન થતાં રૂઢિના રૂપમાં દાખલ થઈ જાય છે. એટલે તે ગુનાની સજા આખી સૃષ્ટિને ભોગવવી પડે છે. ઈશ્વરી સૃષ્ટિની ગોઠવણને તપાસતાં વિચારવાન પુરુષોને એટલું તો સમજાય છે કે, આ જગતમાં દૈવી અને આસુરી એવાં બે જાતનાં પ્રાણીઓ જણાય છે. ટૂંકી નજરે જોતાં આસુરી પ્રકૃતિનાં પ્રાણીઓ નિરર્થક ઉત્પન્ન થયેલાં છે એમ જણાય. પણ લાંબી દૃષ્ટિથી વિચાર કરતાં દૈવી જીવોના રક્ષણ માટે અને ઉપયોગ માટે આસુરી પ્રકૃતિના જીવોને કુદરતે ઉત્પન્ન કરેલા છે એવું સ્પષ્ટ સમજાય છે. પરંતુ તેનો ઉદ્દેશ નહિ સમજવાથી દૈવી જીવો આસુરી જીવોથી અકળાય છે. પણ આ જગતમાં જે છે અથવા જે થાય છે તે કુદરતે સારાને માટેજ કરેલું છે અથવા કરે છે. આ વાત ખરી હોવાથી જો દૈવી જીવો આસુરી જીવોને તે જીવો જે કામને માટે ઈશ્વરે ઉત્પન્ન કરેલા છે તેને તે કામ કરવા દે અને પોતે તે કામ કરતાં તેમને અટકાવવાની કોશિશ કરે નહિ, તો જરૂર આખું જગત ઉપાધિના રોગથી મુક્ત થાય. હવે આપણે આટલી પ્રસ્તાવના કર્યા પછી 'કોલેરાનાં જંતુઓ' શી રીતે ઉત્પન્ન થાય છે? તેનો વિચાર કરીએ.

પૃથ્વી ઉપર તમામ પ્રાણીમાત્ર મળમૂત્ર કરે છે તેમ તમામ

ભંગ કરી સમુદ્રમાં ઉત્પન્ન થતાં પ્રાણીઓને મારીને ખાઇ જવાની રૂઢિ દાખલ કરી, તેને પરિણામે દરરોજ અસંખ્ય જળચર પ્રાણીઓનો નાશ થવા માંડયો. એટલે પૃથ્વી ઉપરથી વરસાદના પાણી સાથે જેટલી અશુચિ જવી જોઇએ તેટલી બલકે તેથી પણ વધારે સમુદ્રમાં જાય છે. પણ તે અશુચિમાંથી ઉત્પન્ન થતા જીવોનો નાશ કરવા માટે જેટલા પ્રમાણમાં જળચર પ્રાણીનું લશ્કર જોઇએ તેમાં દિનપ્રતિદિન ઘટાડો થવાથી તેઓ વધતાં જાય છે. આથી વધેલાં જંતુઓ પાણીમાંથી બહાર આવી, તેમાંનાં ચાલતાં જંતુઓ પ્લેગ, ઈન્ફ્લ્યુએન્ઝા વગેરે રોગોને ઉત્પન્ન કરે છે અને ઊડતાં જંતુઓ કોલેરા, (વિષૂચિકા) વગેરે રોગોને ઉત્પન્ન કરે છે.

ઘણા માંસાહારીઓ એવી શંકા કરે છે કે, જળચર પ્રાણીઓ તથા સ્થળચર અને ખેચર પ્રાણીઓને અમે ઉપયોગમાં નહિ લઇએ તો તેઓની વસ્તી એટલી બધી વધી જશે કે મનુષ્યોને રહેવાને માટે સૃષ્ટિમાં જગ્યાજ રહેશે નહિ ! આવા પ્રશ્ન કરનારને અમે જવાબ દઇએ છીએ કે, જ્યારે તમે કુદરતના બનાવેલા એક પણ પ્રાણીને ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવતા નથી, તો પછી તેનો નાશ કરવાનો તમને શો અધિકાર છે ? કુદરતે જે વસ્તુ જે કારણ માટે બનાવી છે તે કારણ પ્રમાણે તેનો ઉપયોગ થવા દેશો, તોજ તમે વાજબી ગણાશો. દુનિયામાં કહેવત છે કે, આ સંસાર મચ્છગલાગલ ન્યાયથી ચાલે છે; એટલે દૈવી જીવોના રક્ષણને માટે જેટલા જીવો જરૂરના હોય તેટલા બચાવીને બીજા વધારાના જીવોને ઓછા કરવા માટે આસુરી જીવોમાંથી એવી ઉત્પત્તિ કરેલી છે કે, તે વધારાના આસુરી જીવોને ખાઈ જાય. જેમ નાનાં માછલાંને મોટાં માછલાં ગળી જાય, ઉંદરને બિલાડી મારી ખાય, સાપને નોળિયા ખાય અને કીડીમંકોડીને સાપ ખાય, એ પ્રમાણે આસુરી જીવો આસુરી જીવોને ખાય તે કુદરતના કાયદા પ્રમા-

રોગયતા નહિ મળતાં, તેઓ રોગના ભોગ થઈ પડે છે. જ્યારે તે પાપમાં ઘણો વધારો થાય છે ત્યારે ઋતુના હીનયોગ, મિથ્યાયોગ કે અતિયોગ થવાથી વાતાવરણમાં અસંખ્ય ઝેરી જંતુઓ ઉત્પન્ન થઈ મનુષ્યોને અંતિમ એટલે મોતની સજા કરે છે.

એ પ્રમાણે વિચાર કરતાં સમુદ્રના પાણીમાં જે અસંખ્ય જાતનાં પ્રાણીઓ જોવામાં આવે છે, તે નિરર્થક ઉત્પન્ન કરેલાં નથી પણ મનુષ્યોને બળ, બુદ્ધિ અને આરોગ્ય આપનારાં છે. આ વાત અમે પોતે કહીએ છીએ એવું કાંઈ નથી; પણ ખાસ વિદ્વાનોમાં ગણાતા અને તત્ત્વજ્ઞાનને પ્રધાન માનનારા પશ્ચિમના વિદ્વાનો પણ આ વાતને સમજી માંસાહારથી અલગ રહેવાની ભલામણ કરે છે. કેટલાક વિદ્વાનો એવો ઉપદેશ કરે છે કે, દિન પર દિન સમુદ્રના પાણીમાંથી ખાર એટલે "ક્લોરિન ગેસ" ઓછો થતો જાય છે, જેથી સમુદ્રમાંથી પાકતું મીઠું પ્રથમ જેટલું ખારું જણાતું નથી. અને તેનો પ્રત્યક્ષ પુરાવો એવો છે કે, જે જગ્યાએથી માછલાંનો નાશ કરવામાં આવે છે, તે જગ્યા કરતાં બીજી જગ્યાનું મીઠું વધારે ખારું છે. એટલે દરિયાઈ પ્રાણીના રક્ષણથી દરિયામાં આવતી અશુચિમાંથી ઉત્પન્ન થતા ખારા રસ સિવાયના બીજા પાંચ રસો એટલે ગળ્યો, કડવો, ખાટો, તીખો અને કષાય રસ વધી જવાથી ખારનું પ્રમાણ ઓછું થાય છે. આમ હોવાથી ઘણા વિદ્વાનોનું કહેવું એવું છે કે, દરિયાનું પાણી દિન પર દિન વધારે મીઠું થતું જાય છે. એટલે એક તરફ સેનેટરી સિસ્ટમ પ્રમાણે દરિયાકિનારાનાં શહેરોમાંથી તમામ જાતની અશુચિ દરિયામાં સીધી પહોંચાડવામાં આવે છે, બીજી તરફથી પૃથ્વી ઉપરની અશુચિ વરસાદના પાણીથી ધોવાઈને દરિયામાં દાખલ થાય છે, આ ઉપરાંત ખુદ દરિયામાંજ ઉત્પન્ન થયેલા અશુચિને ખાનારા જીવોનો બેહદ નાશ કરવામાં આવે છે. આથી

દરિયામાં અશુચિ વધી જવાથી દરિયાનું પાણી ખારાશ વગર થાય છે અને તે થોડી ખારાશવાળું અશુચિ ભરેલું મીઠું મનુષ્યના ખાવામાં આવે, એટલે રોગ ઉત્પન્ન થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તેમ ઋતુના યોગે ઊડતાં જંતુઓ કે જેનું રહેઠાણુ અને ઉત્પત્તિસ્થાન પાણીવાળી જગ્યામાં છે, તે અશુચિ પદાર્થો અને દરિયાનું પાણી દોષું થવાથી મૂત્ર જેવા પદાર્થોમાંથી ઊડતાં અને ગળ જેવા પદાર્થોમાંથી ચાલતાં ઝેરી જંતુઓ સંખ્યાબંધ ઉત્પન્ન થાય છે. આ જંતુઓનો ફેલાવો એટલા જોરથી થાય છે કે, જંતુવિદ્યાના શોધકોએ સિદ્ધ કર્યું છે કે, ઝેરી જંતુની પેદાશને જો સૂર્યના કિરણથી કુદરત નાશ ન કરતી હોત તો એક દિવસમાં આટલાંટિક મહાસાગર ભરાઈ જાય તેટલાં જંતુઓ ઉત્પન્ન થાત. અર્થાત્ કહેવાની મતલબ એવી છે કે, સમુદ્રમાં પાકતા જીવો તે માણુસના રક્ષણને માટે છે પણ કાંઇ તેઓને મારી ખાવાને માટે નથી. જેવી રીતે આકાશમાં ફરતા ગ્રહો, સૂર્ય અને ચંદ્ર, રાશિચક્રથી ફરતા અયન અને સંક્રાન્તિથી જે જે પ્રદેશમાં, જે જે અક્ષાંશ અને રેખાંશમાં જેવી જેવી જાતનું વાતાવરણ ઉત્પન્ન કરે છે; તેવી તેવી જાતનાં મનુષ્યો અને પ્રાણીઓ પૃથ્વી ઉપર ઉત્પન્ન થાય છે. એજ પ્રમાણે દરિયામાં પણ જુદી જુદી પ્રકૃતિનાં, જુદા જુદા આકારનાં અને જુદા જુદા ગુણધર્મવાળાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. એટલે જે માણસો એવો વિચાર કરનારા છે કે, દરિયામાંથી જળચર જીવોનો અમે જેટલો નાશ કરતા જઇએ તેટલા પ્રમાણમાં અગાધ સમુદ્રમાંથી બીજા જીવો ત્યાં આવીને પુરાય; એટલે દરિયાની વસતીમાં ઘટાડો થઇ શકતો નથી. પણ તેઓ ભૂલી જાય છે કે, કુદરતના કાયદા પ્રમાણે જે અક્ષાંશ કે રેખાંશવાળા ભાગમાં જે જાતનાં દરિયાઇ પ્રાણી ઉત્પન્ન થાય છે, તેઓ બીજા ભાગમાં જઇ શકતાંજ નથી. તેનું પ્રત્યક્ષ પ્રમાણ એવું છે કે, જે સ્થળેથી

કોડી, શંખ ખાગડાં, શંખલાં, છીપ અને મોતી વગેરે નીકળે છે તેવાં બીજે સ્થળેથી મળતાં નથી; એટલે જે પ્રદેશમાં જે જીવો ઉત્પન્ન થાય છે, તે જીવો દરિયાના બીજા પ્રદેશમાં જઇ શકતા નથી આમ હોવાથી દરિયામાંથી જે સ્થળેથી દરિયાઇ પ્રાણીઓનો નાશ કરવામાં આવે, તે સ્થળે બીજા સ્થળનાં પ્રાણીઓ આવી શકતાં નથી. એટલે તે દરિયાનું પાણી ક્ષારમાં ન્યૂનતા ધરાવે એ શકય છે.

ઉપરની હકીકત ઉપરથી સમજવામાં આવે છે કે, ઋતુનો સમયોગ હોય ત્યારે ઝેરી જંતુઓનો પાક જેટલો થાય તેટલો સૂર્યના તાપમાં લય પામી જાય; પણ જ્યારે ઋતુનો હીન, મિથ્યા કે અતિયોગ થાય, ત્યારે જંતુનો નાશ નહિ થતાં ઊલટો વધારો થાય છે. આથી આખું જગત અથવા એક પ્રદેશના લોકો ઉપાધિરૂપ મરકીમાં સપડાય એ નિર્વિવાદ છે.

માણસના શરીરમાં વાયુ, પિત્ત અને કફ જ્યારે શુદ્ધ હોય ત્યારે ગુણ ગણાય છે, તે જ્યારે અશુદ્ધ હોય ત્યારે દોષ ગણાય છે અને જ્યારે સંપૂર્ણ બગડેલાં હોય ત્યારે મળ ગણાય છે. આવી રીતે અજીર્ણથી મળ બગડે છે અને જો તે મળમાં વાયુનું પ્રાધાન્ય હોય તો વિષ્ટબ્ધાજીર્ણ કહેવાય છે, જો પિત્તનું પ્રાધાન્ય હોય તો વિદગ્ધાજીર્ણ કહેવાય છે અને જો કફનું પ્રાધાન્ય હોય તો તે આમાજીર્ણ કહેવાય છે. તેવી રીતે આકાશમાં જ્યારે તાપની મોસમ હોય છે ત્યારે પિત્તનું પ્રાધાન્ય થાય છે, જ્યારે વર્ષાની મોસમ હોય છે ત્યારે વાયુનું પ્રાધાન્ય થાય છે અને જ્યારે ટાઢની મોસમ હોય છે ત્યારે કફનું પ્રાધાન્ય થાય છે. એટલે જે જે મોસમમાં જે જે પ્રકૃતિને કે જે જે દોષોને પુષ્ટિ મળે એવું વાતાવરણ થાય છે, તે તે મોસમમાં તેવી તેવી પ્રકૃતિનાં સ્થળચર, જળચર અને ખેચર પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. એટલે ગ્રીષ્મ અને શરદઋતુ...

જ્યારે સખત તાપ પડે છે, ત્યારે મનુષ્યોનાં શરીરમાં વિદગ્ધાજીર્ણ થયેલું હોય છે. આથી તે અજીર્ણમાં અગ્નિતત્ત્વવાળા એટલે ઝેરી જીવો ઉત્પન્ન થયેલા હોય છે અને સમુદ્રમાં પણ અગ્નિતત્ત્વવાળા ઝેરી જીવો ઉત્પન્ન થાય છે. તે જીવો હવાની સાથે ઊડતા ઊડતા પૃથ્વી તરફ આવે છે અને જે મનુષ્યના શરીરમાં દગ્ધાજીર્ણને લીધે વિષવાળાં જંતુઓ ઉત્પન્ન થયેલાં હોય છે, તે જંતુઓ હવામાંથી આવતાં જંતુઓને આવકાર આપી, પોતાના સ્વજાતીય ભાઈ ગણી પોતાની પાસે આશ્રય આપે છે. આથી મનુષ્યના શરીરમાં વિદગ્ધ થયેલા પિત્તનો અતિયોગ થવાથી અને કફનો હીનયોગ થવાથી વાયુનો મિથ્યાયોગ થાય છે; એટલે દગ્ધ થયેલું પિત્ત ઊલટી અને ઝાડાના રૂપમાં બહાર નીકળવા માંડે છે. તે બહાર નીકળવાની ઉતાવળમાં પોતાની સાથે રહેલા કફ અને વાયુની દરકાર કર્યા સિવાય જોશથી બહાર નીકળે છે. અને આસુરી જીવોના કાયદા પ્રમાણે એક ક્ષણમાં લક્ષાવધિ જીવો ઉત્પન્ન થતા હોવાથી, શરીર તે જીવોથી વિષપૂર્ણ બની જાય છે; જેથી આયુર્વેદે એ રોગનું નામ વિષૂચિકા પાડયું છે. એટલે અજીર્ણને ઉત્પન્ન કરવાવાળું પિત્ત મનુષ્યોનાં શરીરમાં વધવાથી વિદગ્ધાજીર્ણ થઈને આગ્નેય જીવોની ઉત્પત્તિ થયેલી હોય છે. તેમાં સમુદ્રમાં ઉત્પન્ન થયેલા વાતાવરણમાં અગ્નિતત્ત્વ (પિત્ત)નો અતિયોગ થવાથી, તે જંતુઓ મનુષ્યશરીરમાં પ્રવેશ કરી પ્રાણનો નાશ કરે છે. તેને જુદા જુદા દેશના લોકો જુદાં જુદાં એટલે વિષૂચિકા, ગોરચી, વાસી, મરકી, મરી, કૉલેરા, એવાં એવાં નામોથી ઓળખે છે અને જ્યારે તે સંપૂર્ણ રૂપમાં પ્રગટ થાય છે, ત્યારે લોકો આકુળવ્યાકુળ થઈ નાશભાગમાં પડે છે અને તેનું રક્ષણ કરવા માટે ચિકિત્સાશાસ્ત્રીઓ કે જેઓ કારણનો ઉપાય નહિ કરતાં કાર્યનો ઉપાય કરવાવાળા છે, તેઓ નવી નવી રીતોની શોધ કર્યે જાય છે. પણ

કોલેરાનો (મરકી) રોગ તો જ્યારે હવામાં ઋતુનો સમયો થાય છે ત્યારેજ શાંત થાય છે. માટે જો કોલેરા જેવા ચેપી રોગનો સમૂળો નાશ કરવો હોય તો તેનું ઉત્પત્તિસ્થાન કે જે જળચર, સ્થળચર અને ખેચર પ્રાણીઓ જેઓ મનુષ્યને નુકસાન કરનારાં ઝેરી જંતુઓનો ભક્ષ કરી જાય છે અને જેથી મનુષ્યને આવા ભયંકર રોગના પંઝામાં સપડાવું પડતું નથી, તેમનો નાશ થતો અટકાવવામાં આવે તોજ આવા રોગોનો સમૂળો નાશ થાય. અમારા સાંભળવામાં એવું આવેલું છે કે, હિંદુસ્તાન સિવાયના સુધરેલા દેશોમાં એવો કાયદો છે કે, જ્યારે જ્યારે માછલીઓ ગર્ભ ધરતી હોય અથવા ઇંડાં મૂકવાની મોસમ ચાલતી હોય ત્યારે ત્યારે તે મોસમમાં માછલી મારવાનો પ્રતિબંધ હોય છે. જો આ વાત ખરી હોય તો અમારી વાતને મોટો ટેકો મળે છે, પણ હિંદુસ્તાનને માટે કોઈ પણ પ્રકારનો પ્રબંધ નહિ હોવાથી, હિદુસ્તાનમાં આવા ચેપી રોગો હદ બહારનું જોર અજમાવે છે અને વરસોનાં વરસો વહી જાય તો પણ ઝેરી રોગો હિદુસ્તાનનો પીછો છોડતા નથી. એટલા માટે અમે ફરીથી કહીએ છીએ કે, જો કોલેરા અથવા મરકીને હિંદુસ્તાનમાંથી દૂર કરવી હોય તો નીચેના ઉપાયો કરવા જોઇએઃ—

૧. જે પ્રાણીઓ, જીવજંતુ વગેરે અશુચિને ખાઈને ઊડતાં અને પગે ચાલતાં જંતુઓની ઉત્પત્તિનો નાશ કરે છે, તેમનો નાશ થતો સત્વર અટકાવવો.

૨. હવાની શુદ્ધિ કરવા માટે આપણા આચાર્યોએ ઘી અને સુગંધી દ્રવ્યોથી યજ્ઞયાગાદિના જે પ્રબંધ કર્યાં છે, તેમાં વધારો કરવો અને હાલમાં યજ્ઞયાગાદિ પ્રસંગે હુતદ્રવ્યની આહુતિ આપવા ઉપર ધ્યાન 'વામાં આવતું નથી, પરંતુ તેવા પદા

ઉજાણી તરીકે ખાવાપીવા તરફ વધારે ધ્યાન આપવામાં આવે છે તેમાં સુધારો કરી, તે દ્રવ્યોને ખાવામાં વાપરવા કરતાં હવનમાં વધારે હોમવાની લક્ષપૂર્વક કાળજી રાખવી.

૩. જ્યારે ઋતુઓમાં ઋતુનો હીન, મિથ્યા કે અતિયોગ જણાય ત્યારે ત્યારે ઋતુના યોગ પ્રમાણે મનુષ્યોના ખોરાકમાં ફેરફાર કરવો અને દરેક મનુષ્યે એટલી વાત ધ્યાનમાં રાખવી કે, જ્યારે **'યમની દાઢ ઉઘાડી થાય છે'** એટલે ઉપદ્રવરૂપ (ઝેરી હવા) વાયુ દેશમાં ફુકાતો હોય તેવા વખતમાં *"अल्पाहारी सजीवति"* અલ્પ અહાર કરનારાજ જીવે છે. એટલે આ વાત પર ખાસ ધ્યાન આપવું કે બપોરના ભોજનમાં સાદો ખોરાક પેટ ભરીને ખાવો, પણ સાંજના ભોજનમાં તો દરેક મનુષ્યે હંમેશના નિયમ કરતાં અડધો ખોરાક ખાવો. એટલે દરેક ઘરના વડીલે જેના ઘરમાં રાત્રિભોજનમાં જેટલું અનાજ વપરાતું હોય તેથી અડધા અનાજની રસોઇ કરવાનો હુકમ કરી, દરેક માણસને હિસ્સે પડતું ખાવાનું આપી અડધા ભૂખ્યા રાખવા. જે મનુષ્ય કોલેરા, પ્લેગ, ઇન્ફ્લ્યુએન્ઝા વગેરે કોઈ પણ જાતની ઝેરી હવાથી ઉત્પન્ન થયેલા રોગો ચાલતા હોય, તે વખતમાં બપોરે સાદો ખોરાક અને સાંજે અડધું ભોજન લેશે, તેના ઘરમાં અથવા તે માણસના શરીરમાં કોઈ પણ જાતનાં ઝેરી જંતુ પ્રવેશ કરી શકશે નહિ. રોગ થયા પછી તેના ઉપાયને માટે દોડાદોડ કરીને વખતનો, પૈસાનો અને પોતાના જાનનો ભોગ આપવા કરતાં અલ્પાહાર, નિરામિષ ભોજન અને શરીરની સ્વચ્છતા રાખી રોગના પંજામાં નહિ સપડાવું એજ મનુષ્ય માત્રને લાભકારી છે. છતાં જો કોઇ માણસને કોલેરા થાય તો નીચે પ્રમાણે ચિકિત્સા કરવાથી તે સારો થાય છેઃ—

૧. રાતાં મરચાં બે ભાગ લઇ ખૂબ બારીક વાટવાં. બે ભાગ

ઊંચી હિંગ વાટીને મરચાં સાથે ભેળવીને, તેમાં ચાર ભાગ દેશી કપૂર મેળવી વાટવું. વાટતાં વાટતાં કપૂરની હવાથી, હિંગ પીગળીને ગોળી વાળવા જેવો લોચો થશે. તેની વટાણા જેવડી ગોળીઓ વાળી રાખી મૂકવી. જો કોલેરા થનારને કોલેરાની શરૂઆતથી ઊલટી અને ઝાડા થયા પછી બબ્બે ગોળી ... સાથે ગળાવવામાં આવે, તો કોલેરાના ઘણા દરદી ... બચી જાય છે. કોલેરાના દરદીને તરસ લાગે તો ... પાણી પાવું અથવા લોબાનના ધુમાડાથી શુદ્ધ કરે... પાણી પાવું. પરંતુ એટલી વાત યાદ રાખવી કે, કોલેરાના દરદીને જ્યાં સુધી ઊલટી અને ઝાડા સિવાય છૂટો પેશાબ થાય નહિ, ત્યાં સુધી અન્ન, કોઇ પણ જાતની કાંજી ..., કે લીલો મેવો ખાવાને આપવો નહિ; માત્ર પાણી પાયા કરવું. કોલેરાની શરૂઆતમાં દરદીને તલનું તેલ દરેક ઊલટીએ બબ્બે તોલા અથવા ચોખ્ખું ઘી ગરમ કરીને ઊલટીએ બબ્બે તોલા પાવાથી ઘણા દરદીઓ સારા થાય છે. એકંદર રીતે કોલેરાના દરદીને કૃમિનો નાશ થાય, પિત્તની શાંતિ થાય, અગ્નિ પ્રદીપ્ત થાય અને મળ બંધાય એવા ઉપાયો કરવાની ખાસ જરૂર છે.

विषूचिका (कोलेरा)ना केटलाक अनुभवसिद्ध उपायो

૨–યતિશ્રી રવિહંસજી દીપહંસજી–સુરત

૧. કોલેરામાં દર ઝાડા–ઊલટીએ તલનું તેલ (કાચુંજ) એક ...નવટાંક નવટાંકને આશરે પાયા કરવું. એક શેર તેલ દરદીના પેટ...માં પડ્યું કે તરત ખાતરીપૂર્વક ઝાડાઊલટી બંધ થઇ જશે.

૨. કોલેરા તેલઃ–લાલ મરચાં સૂકાં શેર ૦। તલના ૧ શેર ...લમાં નાખી કાળાં થતાં સુધી આખાં ને આખાં તળવાં. બાદ તે ...રચાં કાઢી લઇ પેલા તેલને કપડેથી ગાળી તેની શીશી ભ...

લેવી. ફર આઘ-ઊલટીએ એક એક મોટો ચમચો તેલ પેલી શીશી-માંથી લઈને પાવું. આરામ થઈ જશે.

૨-વૈદ્ય ધીરજલાલ માણેકલાલ-વડોદરા

લવિંગાદિ ચૂર્ણ:-લવિંગ તોલો ૧, એલચી ०।= ભાર જાયફળ ०।... અફીણ ०)= ભાર, મેળવીને ચૂર્ણ કરી દોઢ આનીભાર આપવાથી ... ગેરાને શૂળ, તથા ચૂંક વગેરેને મટાડે છે.

૨. કોલેરાવટી:-હિંગ કુલ... ની તોલા ૩, અફીણ તોલો ૧, જાવંત્રી તોલો ૧, કાળાં મરી તોલો ૧, ...ળ તોલો ૧, અજમાનાં ફૂલ તોલો ૧ લઈ અફીણ તથા અજમાનાં ફૂ... જુદાં રાખી, બાકીની દવાને વસ્ત્રગાળ કરી લીંબુના રસમાં ઘૂંટયા પછી તેમાં અફીણ તથા અજમાનાં ફૂલ મેળવી ઘૂંટી મગ જેવડી ગોળીઓ વાળી, લીંબુના રસમાં બબ્બે કલાકે બબ્બે ગોળી આપ્યા કરવી. એ ગોળી કોલેરા ઉપર ઘણેજ અકસીર ઉપાય છે.

૩-વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ-ખાખરેચી

મરી, ઊંચી હિંગ, લસણ, બરાસકપૂર અને અતિવિષ એ સર્વ સમભાગે લઈ વાટી તુલસી અથવા લીંબુના રસમાં ગોળી વાળવી. એ ગોળી ઉંમરના પ્રમાણમાં બબ્બે ચારચાર આપવાથી કોલેરા તથા ઝાડાના રોગમાં તરત ફાયદો કરે છે. જરૂર પડે તો આ ગોળીમાં અફીણ પણ મેળવાય છે.

૪-વૈદ્ય જમિયતરામ કેશવરામ પાઠક-મુંબઈ

વિષૂચિકાન્ત ગુટિકા:-લાલ મરચાંનો ભૂકો તોલા ૨॥, હિંગ ઊંચી તોલા ૨॥, બરાસ તોલા ૨, અફીણ એક માસો (તોલો ०।) એ સર્વને એકત્ર કરી કાંદાના રસમાં બે પહોર સુધી ઘૂંટી

ગોળીઓ અડદ જેવડી વાળી છાંયે સૂકવી સ્ટોપર બાટલીમાં ભર
રાખી, કોલેરાના દરદીને પાંચ પાંચ મિનિટે એક એક ગોળી સૂકે
ફુદીનો તોલા ૫, એલચી તોલા ૫, વાળો તોલા ૫, એ ત્રણેને
પાંચશેર પાણીમાં ઉકાળી, ચતુર્થાંશ પાણી બાકી રહે ત્યારે ગોળી
સાથે એકેક તોલો આપવો. જો દરદીને બહુ તરસ લાગે તો આ
ઉકાળો અધોળ અધોળ આપવો. એ ગોળીથી કોલેરાના દરદી
સોએ સો ટકા સારા થાય છે.

૫–વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી ત્રિવેદી–ભાદરોડ

૧. કાળીજીરી અર્ધા રૂપિયાભાર તથા તલનું તેલ અર્ધા રૂપિયા
ભાર એ બંનેને મિશ્ર કરી ચાટી જવાથી તત્કાળ કોલેરાનો નાશ
થાય છે. જો પાણીનો શોષ બહુ પડતો હોય તો લવિંગ, નાગર-
મોથ અને કાયફળનો ક્વાથ કરીને પાવો.

૨. જ્યારે કોલેરા થતો હોય તે અરસામાં લીંબુનો રસ
ચૂસવાથી કોલેરા થતો નથી.

૬–વૈદ્ય રવિશંકર મોતીરામ–પાટણ

૧. અજીર્ણકંટક રસઃ–ફુલાવેલો ટંકણખાર, પીપર, વછ-
નાગ, મરીએ સર્વ સમભાગે લઈ વસ્ત્રગાળ કરી, દશ દિવસ લીંબુ
રસમાં ખરલ કરી, ચણા જેવડી ગોળીઓ વાળી, એકથી બે ગો
આપવાથી અજીર્ણ, કોલેરા તથા ઊલટીને મટાડે છે, અકસીર

૨. અગ્નિકુમાર રસઃ–ફુલાવેલો ટંકણખાર, પારો અને ગ
ધક, એ દરેક પાંચ પાંચ તોલા તથા પીળી કોડીની ભસ્મ, સૂંઠ મર
અને પીપર અઢી અઢી તોલા લઈ, પ્રથમ પારાગંધકની કાજળી
રી, બાકીનાં વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી, લીંબુના રસ-
આઠ દિવસ ખલ કરી, રતીપૂરની ગોળીઓ વાળી આપવાથી,
ર્વ પ્રકારના અજીર્ણ તથા વિષૂચિકાનું શમન કરે છે.

૩. જાયફળ, જાવંત્રી, મોચરસ, હિંગળોક, લવિંગ અને તજ એ દરેક એકેક તોલો, અફીણ, કેસર અને કપૂર અધો અધો તોલો લઇ, અફીણ સિવાય તમામ વસ્તુનું ચૂર્ણ કરી, અફીણને પાંચ તોલા આદુના રસમાં ઘૂંટી એકત્ર કરી, નવટાંક ભાંગ ને બશેર પાણીમાં ઉકાળવું. પછી નવટાંક પાણી અવશેષ રાખી ઠંડું થવા દઈ ચોળીને ગાળી લેવું. પછી એ પાણીમાં સર્વને મિશ્ર કરી ઘૂંટતાં ગોળી વળે એવું થાય ત્યારે મગ જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી મોટા માણસને દર ટંકે બબ્બે અને નાનાને અડધી કે એક ગોળી આદુ કે ફુદીનાના એક તોલા રસ સાથે આપવાથી કોલેરા, અતિસાર અને સંગ્રહણી જેવાં દરદો યોગ્ય પથ્ય સાથે આ ગોળીનું સેવન કરવાથી મટે છે. આ દવા અધીં અફીણવાળી તથા અધીં અફીણ સિવાયની બનાવવી; તેમજ વિચારપૂર્વક તેનો ઉપયોગ કરવાથી સારું પરિણામ આવે છે, અનુભવસિદ્ધ છે.

૭–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. આમલી તોલા ૯ તથા સિંધવ તોલા ૮ એકત્ર વાટી, ધોળી ડુંગળીના રસમાં કાલવી, લૂગડામાં ઘાલી નિચોવી રસ કાઢવો; તે રસ પાવાથી કોલેરા મટી જાય છે.

૨. જાયફળ, સિંધવ, હિંગળોક, લીંબુમાં તૈયાર કરેલી શંખભસ્મ, સૂંઠ, અફીણ, ધંતૂરાનાં બીજ તથા પીપર સમભાગે વાટી લીંબુના રસની અથવા ધંતૂરાના કવાથની અથવા ભાંગના કવાથની ભાવના દઈ, ચણોઠી જેવડી ગોળીઓ કરવી. તેમાંથી એક ગોળી એક પૈસાભાર છાશ, ૧ વાલ ફુલાવેલી હિંગ તથા ૨ વાલ સંચળ મેળવીને પાવી. આથી તત્કાળ કોલેરા બંધ થઇ જાય છે અને પેટ ચડતું નથી. કોલેરાના દરદીને પાણીનો શોષ પડતો હોય તો લવિંગનો કવાથ કરી પાવાથી શોષ મટી જાય છે.

૩. ઘોડા તથા ગધેડાની લાદના રસથી પણ કોલેરા મટે છે.

૪. ઝેરી નાળિયેર (કોપરું) વાલ ૨, હરડેદળ વાલ ૩ અને કપૂર વાલ ૧–એ ત્રણેને આદુના રસમાં પાવાથી કોલેરા મટે છે.

૫. વિપૂચિકાઃ–સોમલ શેર ૦ા લેવો, તેને ઊંચી બ્રાન્ડીમાં ઘૂંટી સૂકવવો. એ પ્રમાણે એક શેર બ્રાન્ડી પાવી. પછી તેની ટીકડીઓ બનાવી સૂકવી એક હાંડલીમાં નાખી, બીજી હાંડલી તેના પર ઢાંકી સાંધા બંધ કરી, (ડમરુ યંત્ર ચૂલે ચડાવવું) અને ઉપરના વાસણને ભીના ગાભાનાં પોતાં મૂકવાં અને નીચે અગ્નિ કરવો. જ્યારે સોમલ ઊડી અધ્ધર ચડી જાય, ત્યારે ઠંડું પાડી તેમાંથી બાળવીને સોમલ કાઢી લેવો. એમાંથી એક ચોખાભાર લઈ ડુંગળીના અથવા (આદુના) રસમાં આપવાથી કોલેરા મટી જાય છે.

૬. અફીણ, મરી તથા હિંગ સમભાગે મેળવી, રતી રતીની ગોળી કરી, દર અર્ધા કલાકે એકેક ગોળી લીંબુના રસ સાથે આપવાથી કોલેરા મટે છે.

૭. અહીફેનાસવઃ–મહુડાનો દારૂ ચારસો તોલા લઈ એક કાચની બરણીમાં ભરી, તેમાં અફીણ તોલા ૧૬ તથા મોથ, જાયફળ, ઇંદ્રજવ અને એલચી પ્રત્યેક તોલા ચાર લઈ ખાંડી વસ્ત્રગાળ કરવું. પછી બરણીમાં નાખી તેનું મોં બંધ કરી એક મહિનો રહેવા દેવું. ત્યાર બાદ ગાળી લઈ બાટલા ભરવા. ભયંકર કોલેરા તથા ભયંકર ઝાડામાં ટંકે ૦ા થી ૦ાા તોલો પાણીમાં મેળવી આપવાથી મટી જાય છે.

૮–વૈદ્ય લક્ષ્મીશંકર જાદવજી–ધંધુકા

એક ચલમ થાય તેટલો ગાંજો ચલમમાં [illegible] તેવી રીતે પોઈ તૈયાર કરવો. તેમાં ૧ાા રતી કપૂર ના [illegible] દદીંને ધીમે ધીમે પાવું. તેથી ઊલટી બંધ થશે. [illegible]

૩. જાયફળ, જાવંત્રી, મોચરસ, હિંગળોક, લવિંગ અને તજ એ દરેક એકેક તોલો, અફીણ, કેસર અને કપૂર અધો અધો તોલો લઈ, અફીણ સિવાય તમામ વસ્તુનું ચૂર્ણ કરી, અફીણને પાંચ તોલા આદુના રસમાં ઘૂંટી એકત્ર કરી, નવટાંક ભાંગ ને બશેર પાણીમાં ઉકાળવું. પછી નવટાંક પાણી અવશેષ રાખી ઠંડું થવા દઈ ચોળીને ગાળી લેવું. પછી એ પાણીમાં સર્વને મિશ્ર કરી ઘૂંટતાં ગોળી વળે એવું થાય ત્યારે મગ જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી મોટા માણસને દર ટંકે બબ્બે અને નાનાને અડધી કે એક ગોળી આદુ કે ફુદીનાના એક તોલા રસ સાથે આપવાથી કોલેરા, અતિસાર અને સંગ્રહણી જેવાં દરદો યોગ્ય પથ્ય સાથે આ ગોળીનું સેવન કરવાથી મટે છે. આ દવા અધીં અફીણવાળી તથા અધીં અફીણ સિવાયની બનાવવી; તેમજ વિચારપૂર્વક તેનો ઉપયોગ કરવાથી સારું પરિણામ આવે છે, અનુભવસિદ્ધ છે.

૭–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. આમલી તોલા ૯ તથા ભિલામાં તોલા ૮ એકત્ર વાટી, ધોળી ડુંગળીના રસમાં કાલવી, લૂગડામાં ઘાલી નિચોવી રસ કાઢવો; તે રસ પાવાથી કોલેરા મટી જાય છે.

૨. જાયફળ, સિંધવ, હિંગળોક, લીંબુમાં તૈયાર કરેલી શંખ-ભસ્મ, સૂંઠ, અફીણ, ધંતૂરાનાં બીજ તથા પીપર સમભાગે વાટી લીંબુના રસની અથવા ધંતૂરાના કવાથની અથવા ભાંગના કવાથની ભાવના દઈ, ચણોઠી જેવડી ગોળીઓ કરવી. તેમાંથી એક ગોળી એક પૈસાભાર છાશ, ૧ વાલ ફુલાવેલી હિંગ તથા ૨ વાલ સંચળ મેળવીને પાવી. આથી તત્કાળ કોલેરા બંધ થઈ જાય છે અને પેટ ચડતું નથી. કોલેરાના દરદીને પાણીનો શોષ પડતો હોય તો ...ગનો કવાથ કરી પાવાથી શોષ મટી જાય છે.

૩. ઘોડા તથા ગધેડાની લાદના રસથી પણ કોલેરા મટે છે.

૪. ઝેરી નાળિયેર (કોપરું) વાલ ૨, હરડેદળ વાલ ૩ અને કપૂર વાલ ૧-એ ત્રણેને આદુના રસમાં પાવાથી કોલેરા મટે છે.

૫. વિપૂચિકાઃ-સોમલ શેર ૦। લેવો, તેને ઊંચી બ્રાન્ડીમાં ટી સૂકવવો. એ પ્રમાણે એક શેર બ્રાન્ડી પાવી. પછી તેની ટીકીઓ બનાવી સૂકવી એક હાંડલીમાં નાખી, બીજી હાંડલી તેના પર ઢાંકી સાંધા બંધ કરી, (ડમરુ યંત્ર ચૂલે ચડાવવું) અને ઉપરના વાસણને ભીના ગાભાનાં પોતાં મૂકવાં અને નીચે અગ્નિ કરવો. જ્યારે સોમલ ઊડી અધ્ધર ચડી જાય, ત્યારે ઠંડું પાડી તેમાંથી જાળવીને સોમલ કાઢી લેવો. એમાંથી એક ચોખાભાર લઈ ડુંગળીના અથવા (આદુના) રસમાં આપવાથી કોલેરા મટી જાય છે.

૬. અફીણ, મરી તથા હિંગ સમભાગે મેળવી, રતી રતીની ગોળી કરી, દર અર્ધા કલાકે એકેક ગોળી લીંબુના રસ સાથે આપવાથી કોલેરા મટે છે.

૭. અહીફેનાસવઃ-મહુડાનો દારૂ ચારસો તોલા લઈ એક કાચની બરણીમાં ભરી, તેમાં અફીણ તોલા ૧૬ તથા મોથ, જાયફળ, ઇંદ્રજવ અને એલચી પ્રત્યેક તોલા ચાર લઇ ખાંડી વસ્ત્રગાળ કરવું. પછી બરણીમાં નાખી તેનું મોં બંધ કરી એક મહિનો રહેવા દેવું. ત્યાર બાદ ગાળી લઈ બાટલા ભરવા. ભયંકર કોલેરા તથા ભયંકર ઝાડામાં ટંકે ૦। થી ૦॥ તોલો પાણીમાં મેળવી આપવાથી મટી જાય છે.

૮-વૈદ્ય લક્ષ્મીશંકર જાદવજી-ધંધુકા

એક ચલમ થાય તેટલો ગાંજો ચલમમાં પિવાય તેવી રીતે ધોઈ તૈયાર કરવો. તેમાં ૧॥ રતી કપૂર નાખવું અને દહીંને ધીમે ધીમે પાવું. તેથી ઊલટી બંધ થશે. જો ઝાડો ઘોડો થતો હોય તે

નીચેની ગોળીઓ કરીને આપવી. ગાંજો તોલો ૧, જાવંત્રી તોલો ૦ાા, કપૂર તોલો ૦ાા, નાગકેસર તોલો ૦ાા, ગંધક તોલો ૦ાા એ સર્વને ખરલમાં બારીક વાટી એક રતી પ્રમાણની ગોળી વાળી, બબ્બે કલાકે એકેકી ગોળી આપવાથી ઝાડા બંધ થાય છે.

૯-જોશી રામકૃષ્ણ રેવાશંકર-જાદર

કોલેરા માટેઃ-લાલ જામફળનાં પાનનો ક્વાથ કરી આપવાથી તુરતજ કોલેરા બંધ થાય છે.

૧૦-વૈદ્ય બાપાલાલ બહેચરદાસ-ચહેલિયા

૧. અશ્વલાદનો રસ તોલા બે કાઢી તેમાં શેકેલી હિંગ એક માસો નાખી, પીવાથી ગમે તેવી પેટપીડ અથવા કોલેરાની પીડાને તુરત મટાડે છે.

૨. ગંધકવટીઃ-શુદ્ધ ગંધક તોલો ૧, ઉમદા હરડેની છાલ તોલા ૨, સિંધવ તોલા ૩, સૂંઠ તોલા ૪ એ સર્વનું લીંબુના રસમાં ખૂબ મર્દન કરી, ચણીબોર જેવડી ગોળીઓ વાળી આપવાથી શૂળ, પેટનો ગોળો તથા કોલેરા પર એકેક ગોળી વરિયાળીના અર્કમાં તેમજ અમૃતબિંદુ સાથે આપવાથી મટે છે.

૧૧-વૈદ્ય ચંચળલાલ જાદવજી-મુંદ્રા (કચ્છ)

મોચરસ તોલો ૧, અફીણ તોલો ૦ાા, અજમો તોલો ૧, એ ત્રણેને બારીક વાટી તેમાં ભળે તેટલો વગર કાંકરીનો ચૂનો મેળવી ખૂબ વાટી, વાલ વાલની ગોળીઓ વાળી, દિવસમાં ત્રણ વખત એકેક ગોળી દહીં શેર ૦ાા સાથે આખી ગળાવવી. બચ્ચાંને દહીંમાં મિશ્ર કરી આપવી અને પાણીને બદલે દહીંનોજ ઉપયોગ કરાવવો; આ દવાથી સેંકડે પોણોસો ટકા દરદીઓ મારે હાથે સારા થયા છે અને અનુભવસિદ્ધ છે.

૧૨–વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુલાવાડા

સૂંઠ, મરી, પીપર, રાળ, ઈંદ્રજવ, એ સર્વ સમભાગે લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી ૦। થી ૦॥ તોલાભાર ડુંગળીના રસ સાથે આપવાથી વિપૂચિકા મટે છે. ગોળી બબ્બે કલાકને અંતરે આપવી. અમોએ ખાસ અજમાવેલી છે.

૧૩–બ્રહ્મચારી આત્મારામજી ત્રિવેદી

કબૂતરની અઘાર તોલો ૧ અને મરઘીની અઘાર તોલો ૧, એ બન્ને પાણીમાં વાટી પીવાથી કોલેરા તુરત મટી જાય છે.

૧૪–વૈદ્ય ભવાનીશંકર ગોવિંદજી–સુરત

પીળી કોડીની ભસ્મ, કંપીલો, કપૂર, અકલગરો, જાયફળ, જાવંત્રી, તજ, મયૂરપિચ્છભસ્મ, વાવડિંગ અને કેસર એ દરેક તોલો ૦। તથા મરી, હિંગળોક, વછનાગ દરેક અર્ધો તોલો લઈ સર્વને બારીક વાટી, આદુના રસમાં ચણા પ્રમાણેની ગોળીઓ વાળી આપવાથી કોલેરા મટે છે.

દરદીને વંઠ (વાયુના ગોળા) આવતા હોય તો કાંદાના રસમાં કપૂર મેળવી શરીરે મર્દન કરાવવું જેથી બધું મટી જાય છે.

૧૫–વૈદ્ય વાસુદેવ નાગરદાસ–જસકા

આકડાના મૂળની છાલ તોલો ૧, હિંગ તોલો ૧, મરી તોલો ૧ અને અફીણ તોલો ૧ વાટી, આદુના રસમાં મગ જેવડી ગોળીઓ વાળી ડુંગળીના રસમાં આપવાથી કોલેરા મટે છે.

૧૬–ડૉક્ટર મગનલાલ વ્રજભૂખણદાસ–સુરત

લસણ, હિંગ અને કપૂર, સમભાગે લઈ વાટી ગોળમાં ચણા જેવડી ગોળીઓ વાળી આપવાથી કોલેરા, તાણ, તોડ, વંઠ ને શરદી

... પેશાબ તુરત લાવે છે; એટલે કોલેરાનું જોર નરમ પડે છે. નાડી ન માલૂમ પડતી હોય તો ઠેકાણે આવે છે, અનુભવસિદ્ધ છે.

૧૭–વૈદ્ય ગિરિજાશંકર આશારામ ત્રિવેદી–ઝરિયા

અજમાનાં ફૂલ તથા કપૂર એકત્ર કરી શીશીમાં ભરવાથી પ્રવાહી થાય છે. આ પ્રવાહીનાં પાંચ ટીપાં તથા કૃમિકુઠાર રસ વાલ ૧, પાણી તોલા એકમાં દર અર્ધો કલાકે આપવાથી ઝાડો તથા ઊલટી તુરતજ બંધ થાય છે. બેથી ત્રણ વખતમાંજ ચમત્કારિક ફાયદો થાય છે.

૧૮–વૈદ્ય ઉમિયાશંકર મહાસુખરામ–ઉમરેઠ

શુદ્ધ ઝેરકોચલાંને ઘીમાં શેકી વસ્ત્રગાળ કરી, પાનના રસમાં ગગ જેવડી ગોળી વાળી, એક એક ગોળી આપવાથી કોલેરા તથા અજીર્ણના ઝાડા મટે છે,

૧૯–વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ–સુરત

૧. પારો તોલો ૧, ગંધક તોલા ૨, લોહભસ્મ તોલો ૦॥, સંચળ તોલો ૧, પીપર તોલો ૧, પીપરીમૂળ તોલો ૦॥, ચિત્રકમૂળ તોલો ૦॥, સૂંઠ તોલો ૧, મરી તોલો ૧, ટંકણખાર તોલા ૨, અને લવિંગ તોલો ૦॥ લઇ પ્રથમ પારાગંધકની કાજળ કરી બાકીનાં વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી લીંબુના રસની સાત ભાવના આપી વાલ પ્રમાણેની ગોળીઓ વાળી એક અથવા બે ગોળી ગોળી છાશ સાથે આપવાથી કોલેરા, અજીર્ણ, મંદાગ્નિ અને અરુચિ મટે છે. એ ગોળીઓ ૧ થી ૪ સુધી આપવાથી ઊલટી બંધ થાય છે.

૨. લાલ મરચાં બે આનીભાર, સફેદ મરી એક આનીભાર, અફીણ ૦॥ તોલો ને કપૂર એક ઘઉંભાર બારીક વાટી તેમાં બે ચમચા બ્રાન્ડી તથા પાણી તોલા ૨॥ ભાર નાખી, તેના બે ભાગ

કરી દર બે કલાકે એકેક ભાગ પાવાથી કોલેરા તુરત મટી જાય છે. બ્રાન્ડી (મદ્ય) નહિ પીનારે ફક્ત કેસરનું પાણી નાખીને પીવું.

૨૦–મહારાજશ્રી મહાવીરદાસ જાનકીદાસ–ધોળકા

૧. ચિત્રકમૂળ, ભિલામાં, સૂંઠ, મરી, લીંડીપીપર, હરડાં, અજમો, ધાણા, તજ, જાવંત્રી, પીપીરીમૂળ, જવખાર, સાજીખાર, જીરું, શાહજીરું, નાગકેસર, લવિંગ, એલચી, ઇંદ્રજવ, સાજીખાર, વાવડિંગ અને ચવક, એ દરેક એકેક તોલો અને સંચળ બે તોલા; સિંધવ, નવસાડ અને બીડલૂણ દરેક એકેક તોલો તથા શેકેલી હિંગ દોઢ તોલો લઈ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી તોલો ૦। થી ૦॥ છાશ તથા પાણી અથવા મધના અનુપાન સાથે સવારમાં એક વાર આપવાથી અજીર્ણ, કોલેરા વગેરે અનેક દરદો મટે છે. કોલેરા માટે આ દવા લીંબુના એક તોલા રસ સાથે અર્ધો કલાકે આપવાથી મટે છે. આ ચૂર્ણમાં પારો, ગંધક, વછનાગ અને શુદ્ધ ઝેરકોચલાં (ઘીમાં તળેલાં) એ દરેક એકેક તોલો મેળવી યોગ્ય પ્રમાણમાં આપવાથી કોલેરા જેવાં ભયંકર દરદોને તત્કાળ દૂર કરે છે.

૨. સિંધવ, આકડાનાં મૂળ, અઘેડાનાં મૂળ, ચિત્રકમૂળ એ દરેક એક એક તોલો તથા ત્રિકટુ, અજમો, વાવડિંગ, વજ, જાવંત્રી, નાગમોથ, વછનાગ, કપૂર એ દરેક અર્ધો અર્ધો તોલો અને ગંધક તોલા ૨ લઈ વાટી વસ્ત્રગાળ કરી, તેમાં ભાંગ તોલા ૨॥, અફીણ તોલો ૦।, કારેલીનાં પાનનો રસ શેર ૦। લઈ તેમાં મેળવી ખૂબ ઘૂંટી ચણીબોર જેવડી ગોળીઓ વાળી એકથી બે ગોળી દર અર્ધા કલાકે લીંબુના અથવા આદુના રસ સાથે દરદનું જોર તથા દરદીની વય તેમજ બળનો ચિકિત્સાપૂર્વક યોગ્ય વિચાર કરી, જો યોગ્ય માત્રામાં આપવામાં આવે, તો ભયંકર કોલેરા મટે છે.

૯—કૃમિરોગ

જે માણસ અજીર્ણ ઉપર ભોજન કરતો હોય, હંમેશાં મીઠા તથા ખાટા પદાર્થો ખાતો હોય, કઢી જેવા પાતળા પદાર્થોનું સેવન કરતો હોય, ગોળ અને લોટના પદાર્થ જમતો હોય, કસરત ન કરતો હોય, દિવસે સૂવાની ટેવવાળો હોય અને દૂધ તથા માછલાંનો ખાનારો હોય તેને કૃમિરોગ થાય છે. તેમાં અડદ, ઘેબર, ક્ષાર, ગોળ અને લીલાં શાકભાજીનું સેવન કરનારને કૃમિ થાય છે. તે કૃમિના રોગીના કૃમિ મળદ્વારના માર્ગે બહાર સરી પડે છે. તેઓ મોટા થયા પછી આમાશય તરફ આવે છે, ત્યારે રોગીના ઓડકારમાં અને શ્વાસમાં વિષ્ટાની ગંધ આવે છે. આ કૃમિઓ કદે જાડા, પુષ્ટ, ગોળ, બારીક, લઠ્ઠ અને રંગે લીલા, પીળા, કાળા તથા ધોળા હોય છે અને તેને કકેરુક, મકેરુક, સૌસરાદ, મહુન અને વેલીહ એવાં પાંચ પ્રકારનાં નામો આપવામાં આવ્યાં છે. જ્યારે મળાશયમાં અપાનવાયુનો હીનયોગ થવાથી તથા કલેદન કફનો અતિયોગ થવાથી વિષ્ટા રોકાઈ જાય છે, ત્યારે જે કૃમિ ઉત્પન્ન થાય છે. તે કૃમિઓ પેટમાં આડાઅવળા ફરતા થવાથી પાતળા ઝાડા, ચૂંક, પેટનું ચડવું, શરીરનું સુકાઈ જવું, શરીર લૂખું તથા પીળું પડવું, રૂંવાંટાં ઊભાં થવાં, અગ્નિ મંદતા અને મળદ્વારમાં ચળ એટલા ઉપદ્રવો ઊભા થાય છે. તેવી રીતે માંસ, અડદ, ગોળ, દૂધ, દહીં, કાંજી તથા અથાણાંનું અતિસેવન કરવાથી કફમાંથી કૃમિ થાય છે. એટલે આમાશયમાં રહેલા કલેદન કફનો અતિયોગ થવાથી અને પકવાશયમાં રહેલા પાચકપિત્તનો હીનયોગ થવાથી અપાનવાયુ મળને ખેંચવા અશક્ત થવાથી તે મળમાં જે જંતુઓ પડે છે, તે જંતુઓ પેટમાં ચારે બાજુએ

ફરવા લાગે છે. તે જંતુઓમાંનાં કેટલાંક પહોળાં, કેટલાંક ગાં
વાળાં તથા કેટલાંક ધાન્યના ફણુગા જેવાં, તો કેટલાંક ઝીણુ
લાંબાં અને ટૂંકાં હોય છે. રંગમાં તેઓ રાતાં અને ધોળાં હોય છે
તેને અંત્રાદ, ઉદરાવેષ્ટ, હૃદયાદ્, મહારુજ, ચુરુ, દર્ભકુસુમ અને
સુગંધ એવાં સાત નામો આયુર્વેદાચાર્યોએ આપેલાં છે. આ
કૃમિથી બેચેની, મોઢામાં મોળ, અન્ન પર અભાવ, ચકરી કિંવા ફેર,
ઓકારી, તરસ, પેટનું ચડવું, શરીરની દુર્બળતા, સોજો અને સળે-
ખમ થાય છે. આ સાત જાત પૈકી હૃદયાદ્ અને મહારુજ છાતી-
એથી મુખવાટે બહાર પડે છે. તે પ્રમાણે દૂધ, માછલાં વગેરે અર્ધાં
ંધાયેલા બીજા પદાર્થોના ખાવાથી તથા શાકભાજી વગેરે વધારે
ાવાથી રક્તજનિત કૃમિ થાય છે. લોહીને ઉંચકનારા એટલે
લોહીમાં થનારા કૃમિ ઝીણા, વગર પગના, ગોળ અને રાતા રંગના
હોય છે. કેટલાક કૃમિ એટલા તો સૂક્ષ્મ હોય છે કે, તે દૃષ્ટિએ જોઈ
શકાતા નથી. તેની છ જાતો આ પ્રમાણે છે. કેશાદ, રોમવિદ્ધંશ,
રોમદ્વિપ, ઉદુંબર, સૌરસ અને માતર–એ છ જાતના કૃમિ પૈકી
જે કૃમિ થયા હોય તે લોહીને બગાડી, ચામડીના રોગોને
ઉત્પન્ન કરે છે; અને જો હૃદયના લોહીમાં ઉત્પન્ન થયા હોય
તો રક્તપિત્ત નામના મહાભયંકર રોગને તેઓ ઉત્પન્ન કરે છે. એ
સેવાય જૂ અને ચામજૂ નામના બે કૃમિ શરીરના મેલથી અને
સધાતુનો મળ અને જેને આપણે પસીનો કહીએ છીએ તેમાંથી
ત્પન્ન થાય છે. તે પ્રમાણે લોહી, રસ અને માંસના બગડવાથી જે
મે થાય છે, તેને આપણે વાળો અથવા નારુંના નામથી ઓળ-
એ છીએ. એવી રીતે જુદા જુદા અપાનવાયુના, સમાનવાયુના
ે પ્રાણવાયુના સ્થાનમાં વાયુનો હીનયોગ અને કફનો અતિ-
 થવાથી એકવીશ પ્રકારના કૃમિની ગણના આયુર્વેદાચા
ી છે. પણ એ સિવાય એક જાતનો ચપટો અને વધુ

એક ફૂટથી પાંચ ફૂટ સુધી લાંબો એક કૃમિ પેટમાં થાય છે. તેની એવી જાત છે કે, એક તરફથી વધતો જાય છે અને બીજી તરફથી કૂધીના બીજના આકારના, કૂધીના બીજ જેવડા કટકાના રૂપમાં તૂટીને બહાર નીકળતો જાય છે. તેને નીકળતાં પહેલાં રોગી-ને ખબર પડતી નથી. એ કૃમિને યુનાનિ વૈદકમાં કદ્દુદાના એ નામથી ઓળખાવે છે. એ કૃમિ જેને થયો હોય તેનું પેટ મોટું થઇ જાય છે, શરીરનો રંગ પીળો પડતો જાય છે, શક્તિ ઘટતી જાય છે, હાથપગનું માંસ ગળાઈ જાય છે અને આખરે રોગી મરી જાય છે. આ પૈકીના કોઇ પણ જાતના કૃમિરોગમાં વૈદે તેની ઉત્પત્તિ થવાનાં કારણનો ત્યાગ કરાવી, પછી તેનો ઉપચાર કરવો. જો કે શાસ્ત્રમાં કૃમિના ઉપચાર ઘણી જાતના લખેલા છે, પણ અમારા દવાખાનામાં એક વરસની નીચેના બાળકને કૃમિકુઠાર-ની ગોળીથી અને મોટી ઉંમરના રોગીને કૃમિશત્રુની ગોળીથી સારી રીતે આરામ થાય છે. જ્યારે કૃમિનો રોગી ઊલટીઝાડાને લીધે અશક્ત થઈ તેને તંદ્રા થાય છે, એટલે લોકો કહે છે કે, "એની આંખમાં કૃમિ રમે છે" તેવી અવસ્થામાં ઇંદ્રજવ, વાયવ-ડિંગ, કાકડાશિંગ અને સરસવ સરખે ભાગે લઈ, તેનું ચૂર્ણ રોગી-ની ઉંમરના પ્રમાણમાં એકથી ચાર વાલ સુધી છાશમાં વાટીને આપવાથી એ રોગી સારો થાય છે. જ્યારે જૂ અને ચામજૂ, ધોળી જૂ કે લીખ બહુ પડતી હોય અને ઘણા ઉપાય કરીને રોગી ચાકેલો હોય, તેવી અવસ્થામાં કૃમિશત્રુની બબ્બે ગોળી દિવસ-માં ત્રણ વાર પાણી સાથે ત્રણ મહિના સુધી લાગટ ખવડાવવાથી જૂ અને ચામજૂનો રોગ જાય છે. જો વાળો થયો હોય તો જુદા જુદા વૈદો જુદી જુદી રીતે ઉપચાર કરે છે. તેમાં જે દેશમાં વાળાનું દરદ વિશેષ રૂપમાં થતું હોય, ત્યાંના ચિકિત્સકો એ રોગના વધારે અનુભવી હોય છે. પરંતુ અમારા દવાખાનામાં જો વાળાને ખેંચતાં તૂટી ગયો હોય તો મયૂરપિચ્છની ભસ્મ મધમાં ચટાડવાથી

અથવા દિવસમાં ત્રણ વાર શેકેલી હિંગની ફાકી મરાવવાથી વાળાનો કૃમિ આપોઆપ મરી જાય છે. પણ જો વાળો તૂટ્યો હોય તો તેમાં સોજો આવી જાય છે. તેવા વખતમાં તે સોજાને પકાવી વાળાને સારો કરવા માટે કાચકાની વગર શેકેલી મીંજને બારીક વાટી દિવેલમાં ઘૂંટી, મલમ જેવું બનાવી સોજા પર ચોપડી, પાટો બાંધવો; અથવા વિલાયતી ખરસાણી કે જેનાં પાતરાં હડસાંકળનાં પાતરાં જેવાં બરડ થાય છે, જેના છોડ બે ફૂટ કરતાં ઊંચા થતા નથી અને જે બાગબગીચામાં વાડને ઠેકાણે ઉગાડવામાં આવે છે, તેનાં પાતરાં લાવી છૂંદી ગરમ કરી પાટા બાંધવાથી સોજો પાકીને વાળો નીકળી જાય છે. પછી પાકેલો સોજો તેનાથીજ રુઝાઈ જાય છે. ઘણા ચિકિત્સકો વાળાને બહાર નીકળતાં બાંધી રાખે છે અને ધીમે ધીમે નીકળતો જાય તેમ તેને લપેટતા જાય છે, જેથી તેને તૂટવાનો સંભવ વધારે રહે છે. પણ અમારા જિલ્લામાં દક્ષિણ દેશમાંથી એક વૈદ્યની જાતના લોકો આવે છે, તેઓ ગલીએ ગલીએ 'વૈદ્ય વૈદ્ય' એમ પોકારે છે. તે લોકો વાળાને જુદી રીતેજ કાઢે છે. કોઇ જાતનું તેલ જેટલો લાંબો વાળો જણાય તેટલા ભાગમાં ચામડી ઉપર ચોપડે છે; એટલે વાળો અંદરથી અકળાઇ પોતાનું મોડું બહાર કાઢે છે. તે વાળાના મોઢાને એક ભૂંગળીમાં લઈ ભૂંગળીને બીજે છેડે કપડું આડું રાખી એવા જોરથી શ્વાસ ખેંચે છે કે, બે મિનિટમાં વાળાનો કૃમિ જીવતો અને આખો બહાર નીકળી પડે છે. જો કે તે વૈદ્યો આ ઉપાય પરસ્પર એકબીજાને બતાવે છે, પણ આપણા વૈદ્યોને બતાવતા નથી. માટે જો કોઈ વૈદ્ય પુરુષાર્થ કરી એ ઉપાય મેળવે, તો આયુર્વેદની ચિકિત્સામાં એક અદ્ભુત અને ચમત્કારિક ઉપાયનો વધારો થાય. આ વાત લખવાનું કારણ એ છે કે, જુદી જુદી પ્રકૃતિના વૈદરાજો આવા ઉત્તમ ઇલાજ મેળવવા પાછળ લાગે, તો એ ઉપાય હાથ કરી શકાય.

कृमिरोगना केटलाक अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

કૃમિશત્રુ ચૂર્ણ:-પલાશપાપડાનાં બીજ તોલા ૫, કંપીલો તોલા ૨॥, વાવડિંગ તોલા ૨॥ અને ઇંદ્રજવ તોલા ૨॥, એને ખાંડી વસ્ત્રગાળ કરી, લીમડાના રસના પાંચ પટ તથા વાવડિંગના ઉકાળાના બે પટ દઇ, તેમાંથી ઉમ્મરના પ્રમાણમાં ૧ રતીથી વાલ સુધી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી કૃમિ મટે છે.

૨-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

કૃમિકોઠાર:-એળિયો, બોળ, દિકામાલી, વાયવડિંગ, કરમાણી અજમો, કાળીજીરી, કાકડાશિંગ અને સરસવ એ સર્વે બબ્બે તોલા, કપૂર અને કંપીલો ચાર ચાર તોલા લઈ, એ સર્વેને બારીક વાટી કપડછણ કરી, પાણી સાથે મગ મગ જેવડી ગોળીઓ વાળી, કૃમિવાળાને ૨ થી ૫ ગોળી સુધી એક દિવસમાં બેત્રણ વાર યોગ્ય નિદાન કરીને જો આપવામાં આવે તો કૃમિ મટે છે.

૩-વૈદ્ય બાલકૃષ્ણ રત્નેશ્વર-સુરત

કૃમિઘ્નગુટિકા:-પલાશપાપડો, કપૂર, કંપીલો, હિંગ, ડમરો, કરિયાતું, કરમાણી અજમો, વાયવડિંગ ગરમાળાનો ગોળ, કાચકાની મીજ અને કીડામારી એ સર્વે સમભાગે લઈ, જૂના ગોળમાં વટાણા જેવડી ગોળી કરી રોગીને ગરમ પાણી સાથે આપવાથી કૃમિની પીડા તુરત શાંત થાય છે.

૪-મહારાજશ્રી મહાવીરદાસ જાનકીદાસ-ધોળકા

૧. **કૃમિ માટે:**-કંપીલો, ખાખરાનાં બી, વાવડિંગ, આંબા-

ની ગોટલી, કાળીજીરી, દાડમનાં મૂળની છાલ અને કપૂર સમભાગે લઈ વસ્ત્રગાળ કરી, ગોળના અનુપાનમાં ૦। થી ૧ તોલા સુધી રાત્રે આપી, સવારે દિવેલ વગેરે યોગ્ય લાગે તે જુલાબ આપવો. આ દવાથી કરમનો રોગ ચાહે તેવો હોય તો પણ મટ્યા વગર રહેતો નથી. એ એક દિવસ આપવાથી આરામ ન થાય, તો દરદ મટે ત્યાં સુધી આપવાથી કૃમિરોગ મટે છે.

૨. કૃમિહર ચૂર્ણઃ-કંપીલો, વાયવડિંગ, ખાખરનાં બી, કાળીજીરી અને કરંજની બીજ એ દરેક એક એક તોલો અને ખુરાસાની અજમો તોલો ૦॥, સઘળાને ખાંડી વસ્ત્રગાળ કરી, ૦। થી ૦॥ તોલા ગોળ સાથે ખાવાથી સર્વે પ્રકારના કરમ પેટમાંથી નાબૂદ થાય છે. બીજે દિવસે દિવેલનો રેચ લેવો જેથી મટે છે.

૩. કંપીલો તોલો ૦। થી ૦॥ પાશેર દહીં સાથે લેવાથી પણ કૃમિ નાશ પામે છે.

૫–માસ્તર નરભેરામ હરજીવનદાસ–નવાગામ

૧. આંબાહળદર અને સિંધવ બારીક વાટી ગરમ પાણી સાથે ફાકવું જેથી કૃમિ મટે છે.

૨. આંબાહળદર અને કાચકીનાં પાતરાં ઘસી પેટ પર ચોપડવાં જેથી કૃમિ મટે છે.

૬–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. શુદ્ધ પારદ તોલો ૧, ગંધક તોલા ૨, બોડી અજમોદ તોલા ૩, વાવડિંગ તોલા ૪, ખાખરાનાં બી તોલા ૫, શુદ્ધ ઝેરકચૂરો તોલા ૬ લઈ વાટી ચૂર્ણ કરી, મધમાં ચણીબોર જેવડી ગોળી વાળી સવારસાંજ બબ્બે ગોળી ખાઇ ઉપર ઉંદરકાનીનો કવાથ

સાકર તોલો ૦૫ નાખી પીવો. આથી કૃમિ મરી જાય છે અને આફરો તથા વાયુ મટી જાય છે.

૨. કંપીલો, વાવડિંગ, સિંધવ, હીમજ એ સર્વ સરખે વજને લઈ તેની ફાકી બનાવી ૦ાા ભારથી ૦ાાા ભાર સુધી ગોળમાં લેવાથી રેચ લાગી કૃમિ નીકળી જાય છે.

૩. કંપીલો, વાવડિંગ, કાચકાંની બીજ, ખાખરાનાં બી, પિત્તપાપડો, કરમાણી અજમોદ અને ગોળ સમભાગે લઈ વાટી તોલા ૦૫ ની ગોળી કરી સવારસાંજ એક એક ગોળી ખાવી અને બીજે દિવસે સવારે દિવેલનો જુલાબ લેવો; એટલે કૃમી નીકળી જશે.

૪. કૃમિકુઠારઃ–કપૂર ૮ ભાગ, કડાછાલ, ત્રાયમાણ, અજમો, વાવડિંગ, હિંગળો, વછનાગ અને નાગકેશર એ અકેક ભાગ લઈ વાટી ભાંગરાના રસની, ઉંદરકાનીના રસની અને બ્રાહ્મીના રસની એકેક ભાવના દઈ, વાલ વાલની ગોળીઓ કરી આપવાથી કૃમિ મરી જાય છે. બાળકને એક રતી કરતાં વધુ દવા આપવી નહિ.

૭–વૈદ્ય રવિકાન્ત અને શાન્તિકાન્ત–બાલંભા

વિડંગાદિ વટીઃ–હિંગ ફુલાવેલી તોલો ૧, એળિયો ચોકેલો તોલો ૧, વાવડિંગનાં બી, ઈંદ્રજવ, પિત્તપાપડો, પાણ-કંદો, ઇઓરિયાની છાલ, કરમાણી અજમો, ચોકેલા કાચકાની બીજ, કંપીલો, નસોતર, હરડે, કીડામારી, કાળીજીરી, વજ, જાવંત્રી, મોરપિચ્છની રાખ, દેવદાર, મોથ, પીપર અને સેકટાની છાલ એ એકેક તોલો વાટી વસ્ત્રગાળ કરી, તેમાં પારો તોલો ૦૫, ગંધક તોલા ૦ાની કાજળી કરી, તેમાં ઉપરનું ચૂર્ણ મેળવવું. પછી ત્રિફળા, કુંવાર, ગોમૂત્ર, વાવડિંગ તથા અનારનાં મૂળની છાલના ક્વાથની અકેક ભાવના આપી, ગોળી બે રતી પ્રમાણે વાળવી.

(ભાવનાનાં દ્રવ્ય સર્વ દવાના વજનથી ચોથે ભાગે લઇ અણવશેષ કવાથ કરવો) ચપટા કૃમિમાં રતી બેથી ચાર વાવડિંગ અગર અનારમૂળની છાલના કવાથ સાથે આપવું. ગોળ કૃમિમાં તેમજ ક્ષુદ્ર કૃમિમાં કાકચ વાલ ચાર અથવા કરમાણી અજમાનું ચૂર્ણ વાલ ચાર સાથે ઉપરની દવા એક અથવા બે દિવસ ખવડાવી, ઉપર જુલાબ આપવો. કૃમિજનક અરુચિ, મુખમાં પાણી આવવું, ઊલટી, પેટનો દુઃખાવો, વાયુ અને બાદી મટે છે. આ દવા બાળકોના ઘણાખરા રોગોમાં સારું કામ કરે છે. (અમારી બનાવટ છે)

૮–વૈદ્ય ધીરાબાવા ગુમાનબાવા–તળાવ સણિયા

દિકામાલી તથા કાચકાની મીંજ સરખે ભાગે વાટી ચૂર્ણ કરી, સુખડ ઘસીને તેમાં મોટા દાણાદાર ખાંડ આખી ને આખી નાખી, ઉપલું ચૂર્ણ વાલ ૪ ને આશરે પાવાથી તમામ કૃમિ આસાનીથી બહાર નીકળી પડે છે. આ દવા અનુભવસિદ્ધ છે.

૯–વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી–ભાદરોડ

પિત્તપાપડાની ભૂકી તોલો ૦। અને વાવડિંગ તોલો ૦। વાટી ગોળમાં ગોળી કરી, સૂતી વખતે ખવડાવવી. બીજે દિવસે સવારે ગરણીનાં મૂળનો રેચ આપવાથી અંદર વધી ગયેલા તમામ કૃમિ ઝાડા વાટે તુરત નીકળી જશે.

૧૦–જોશી રામપ્રસાદ રેવાશંકર–જાદર

પાકાં દાડમની તાજી છાલ બશેર પાણીમાં ઉકાળી શેર ૧ બાકી રહે ત્યારે ઠંડું થયા પછી અડધે કલાકે ૧ પ્યાલો પાવો.

૧૧–વૈદ્ય નરસિંહભાઈ માધવભાઈ–કઠોર

ફણસફાફડો અને હીમજ સમભાગે લઇ, રોગના [illegible] મધમાં ચટાડવાથી કૃમિરોગ મટી જાય છે.

૧૨-વૈદ્ય છગનલાલ આત્મારામ-સુરત

કરમની ગોળી:-શેકેલાં કાચકાં તોલો ૧, ધોળાં મરી તોલો ૧, બાળેલાં ઝેરકચૂરાં તોલો ૦ાા અને ઇંદ્રજવ તોલો ૧ વાટી વસ્ત્રગાળ કરી તુલસીના રસમાં ઘૂંટી ચણાપૂરની ગોળી વાળી, મોટા માણસને દિવસમાં ત્રણ વાર અને બાળકને બે વાર પ્રકૃતિ જોઇને આપવાથી નાનામોટા તમામ કૃમિ પડી જાય છે.

૧૩-વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

વાવડિંગ તોલો ૧, દાડમનાં મૂળની છાલ તોલો ૧, પિત્તપાપડો તોલો ૦ાા ચૂર્ણ કરી ૧ તોલો ચૂર્ણનો કવાથ પકાવીને પાવો. ૬ કલાક બાદ એરંડિયાનો જુલાબ આપવો.

૧૪-એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

કંપીલો, વાવડિંગ અને રેવંચી સમભાગે લઈ ચૂર્ણ કરી ત્રણ વાલની માત્રા ગરમ પાણી સાથે આપવાથી કૃમિ મટે છે.

૧૫-વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

વાયવડિંગ ૧૦ દાણા, સિંધવ ૦ાા વાલ, હરડે ૧ વાલ અને કંપીલો ૦ાા વાલનું ચૂર્ણ બનાવી પાણીમાં ઘૂંટી ૧ ચમચો પાઈ દેવું. એ પ્રમાણે દિવસમાં એકજ વખત સવારે આપવાથી કૃમિ પડી જશે ને બચ્ચું તંદુરસ્ત થશે. એક દિવસ પાવાથી જો કૃમિ નજ પડે, તો બીજે દિવસે સવારે એ પ્રમાણે પાવું. જો કૃમિ નહિ હોય તો નહિ પડે ને જો હશે તો આ પ્રયોગથી જરૂર પડશે.



૧-પાંડુરોગ, કમળો અને રક્તપિત્ત

પાંડુરોગ, કામળો (કમળો) કુંભકામળો અને પાનકી એટલા રોગો ઉત્પન્ન થવાનું લગભગ એકજ કારણ જણાય છે. ઘણો સ્ત્રી સંગ, અત્યંત ખાટાખારા પદાર્થોનું ભોજન, અત્યંત મદિરપાન તથા મટોડું ખાવાથી અને દિવસે સૂવાથી સમાનવાયુને ક્લેદન કફ દબાવી દે છે; એટલે કફને લીધે પાચકપિત્તમાં મિથ્યાયોગ થાય છે. આથી પ્લીહા અને યકૃતમાં પાનવાયુ ખાધેલા ખાનપાનનો રસ કફમિશ્રિત ખેંચે છે. આમ રંજકપિત્તમાં પણ કફનો મિથ્યાયોગ થવાથી આહારની બનેલી રસધાતુને રંજકપિત્ત રંગ ચઢાવી શકતું નથી. તેથી રંજકપિત્તમાંથી રંગાયેલું લોહી હૃદયમાં સાધકપિત્ત પાસે શુદ્ધ થવાને આવે છે. પણ હૃદયમાં રહેલા અવલંબન કફના અતિયોગથી તે લોહી રકતવાહિનીઓમાં તથા કેશવાહિનીઓમાં પીળા રંગનું બની ફરવા જાય છે. એટલે રોગીનું શરીર વડનાં પાકેલાં પાન જેવું પાંડુવર્ણું જણાય છે. બીજી તરફ ખાનપાનમાં આવેલા ભારે, ચીકણા અને કફકારી પદાર્થોને લીધે અને પાચકપિત્તનો મિથ્યાયોગ થવાથી, તે પદાર્થોનો બરાબર રસ બનતો નથી. તેથી કાચો આમ ઉત્પન્ન થઈ તેનો મળ બની જવાથી રોગીનું પેટ મોટું દેખાય છે; અને વ્યાનવાયુમાં રહેલું ભ્રાજકપિત્ત પોતાનું કામ નહિ કરી શકવાથી અને ત્યાં સંશ્લેષણ કફનો અતિયોગ થવાથી આખે શરીરે સોજા ચડે છે. એટલે શરીરમાં વહેતો રસ અને રક્ત પીળાં થવાથી રોગીનાં મળ અને મૂત્ર, થૂંક અને કફ પીળાં જણાય છે. આથી રોગીને ભૂખ લાગતી નથી, ખાધેલું પચતું નથી, શરીર ભારે થઈ જાય છે, પાણીની તરસ લાગે છે અને દિન પર દિન શક્તિ ઘટતી જાય છે. એવા

રોગીને પાંડુરોગ થયો છે, એમ જાણવું. નિદાનશાસ્ત્રે દોષના અતિયોગ, હીનયોગ અને મિથ્યાયોગને લીધે પાંડુરોગ પાંચ પ્રકારના ગણ્યા છે. જેમાં વાતપાંડુ. પિત્તપાંડુ, કફપાંડુ, સન્નિપાતપાંડુ અને મૃત્તિકાપાંડુ; એવી રીતે જે દોષનો અતિયોગ થયો હોય તે ઉપરથી તેમનાં નામ પાડવામાં આવ્યાં છે. તેનાં જુદાં જુદાં લક્ષણો જાણવાની ઇચ્છા રાખનારે નિદાનશાસ્ત્રનું અવલોકન કરવું. તેવી રીતે જેમાં સોજા ન આવ્યા હોય તેને **કમળો** કહે છે. જેમાં સોજા ન આવ્યા હોય પરંતુ પેટ મોટું થયેલું હોય તેને **કુંભકમળો** કહે છે. જ્યારે કોઈ પાંડુરોગીને વાયુનો પિત્તમાં મિથ્યાયોગ અથવા પિત્તનો વાયુમાં મિથ્યાયોગ થઇને કફનો હીનયોગ થાય છે; ત્યારે તે રોગીના શરીરનો રંગ લીલો, આસમાની અથવા ધોળો કે પીળો થઈ જાય છે, તેને **હલીમકરોગ** કહે છે. જે પાંડુરોગીને દશે ઇંદ્રિયોમાં કલેશ થાય છે, પેટ મોટું છતાં પાતળા ઝાડા થાય છે, શરીરની અંદરનો અને બહારનો રંગ પીળાશ પડતો થઈ જાય છે તેને **પાનકી** કહે છે.

આ ઠેકાણે એક વાત ખાસ જાણવાની છે કે, ત્રિદોષસિદ્ધાંતના નિબંધમાં પિત્તજ્વરનાં લક્ષણોમાં કહેવામાં આવ્યું છે કે, પિત્તજ્વરમાં ઝાડો, પેશાબ, જીભ, આંખ, નખ અને ચામડી પીળાં થાય છે. ત્યારે કમળા અથવા કુંભકમળા કે પાનકી અને પિત્તજ્વર જુદા કેમ ઓળખાય ? જો પિત્તજ્વર ન હોય અને કમળો વગેરે દરદ હોય તો તે ચિકિત્સા નિષ્ફળ જાય છે; પરંતુ કમળો હોય ને પિત્તજ્વરની ચિકિત્સા કરીએ, તો તે ક્રિયા પણ રોગીને અપાયકારી નીવડે છે. તેટલા માટે જો રોગીના શરીરમાં કમળાનાં બધાં લક્ષણો દેખાતાં હોય, પરંતુ નીચલા હોઠની અંદરની ચામડી જો હંમેશાં કોમળ અને લાલ રંગની રહે છે, તે પીળી ન પડી હોય ત્યાં સુધી તે રોગીને પિત્તજ્વર ગણવો, અને કમળા વગેરેનાં

લક્ષણો સંપૂર્ણ દેખાતાં ન હોય તથાપિ નીચલા હોઠની ચામડી પીળી હોય તો જરૂર જાણવું કે કમળો થયો છે અથવા થશે.

પાંડુરોગના ઉપાયમાં અમે તેના બે ભાગ પાડીએ છીએ. જે પાંડુરોગ માટી ખાવાથી થયો હોય તેને મંડૂરભસ્મ તોલા આઠ, એળિયો તોલા આઠ, સૂંઠ તોલા આઠ અને સિંધવખાર તોલા આઠ લઇ કુંવારના રસમાં ત્રણ પુટ આપવા. પછી તેની ગોળી બે આનીભાર વજનની વાળી દિવસમાં એકેક ગોળી ત્રણ વાર પાણી સાથે અથવા ગોમૂત્ર સાથે આપવાથી, માટી ખાવાથી થયેલો પાંડુરોગ મટે છે. બીજી જાતના પાંડુરોગ, જે આહારવિહારથી થાય છે, તેમાં આગળ લખેલા **વીશાળાક્ષાર**, અને **કાળીજીરીનો ક્ષાર** ઘણું સરસ કામ બજાવે છે. પણ પાંડુરોગ, સોજા અને કુંભકામળાના રોગીને વગર ફુલાવેલી ફટકડી તોલા ૧૬ અને બાવળનો કોયલે તોલો ૧ વાટી વસ્ત્રગાળ કરી રાખી મૂકવાં. તેમાંથી બે આનીભાર એક પડીકું પાશેર ગોમૂત્ર એકવીસ વાર ગાળીને તેમાં પડીકું નાખવું. એટલે ગોમૂત્રમાં ઊભરો ચડશે. તે ઊભરો ભાંગતાં સુધી તેને હલાવવું. એવી રીતે દિવસમાં ત્રણ વાર પાવાથી એકવી દિવસે અથવા કંઇક વધારે દિવસે પાંડુરોગ મટી જાય છે. એ ઉ ચારો કરતાં પણ રોગીને કંટાળો ન આવે એમ કરવું હોય, પંચામૃત પર્પટી દિવસમાં ત્રણ વાર મધ સાથે આપવાથી અથ સ્વલ્પ ચંદ્રોદય એકેક વાલ દિવસમાં ત્રણ વાર મધમાં આપવ કોઈ પણ જાતની વિક્રિયા સિવાય પાંડુરોગ ઉપદ્રવસહિત હોય પણ મટાડે છે. સ્વલ્પ ચંદ્રોદયની વિધિ ક્ષયના પ્રકરણમાં લખ અમે પાંડુરોગીને ઘી તથા ગળપણ ખાવા દેતા નથી, પણ મરચું, હિંગ તથા ખટાશ સાથે પચે એટલું અન્ન આપીએ છ તેમ ઘણા રોગીને પંચામૃત પર્પટી અથવા સ્વલ્પ ચંદ્રોદયથી કરીએ છીએ. જો રોગીને કમળો થયો હોય તો ફુલાવેલી

રાગીને પાંડુરાગ થયા છે, એમ જાણવું. નિદાનશાસ્ત્રે દોષના અતિયાગ, હીનયોગ અને મિથ્યાયોગને લીધે પાંડુરોગ પાંચ પ્રકારના ગણ્યા છે. જેમાં વાતપાંડુ, પિત્તપાંડુ, કફપાંડુ, સન્નિપાતપાંડુ અને મૃત્તિકાપાંડુ; એવી રીતે જે દોષના અતિયોગ થયા હોય તે ઉપરથી તેમનાં નામ પાડવામાં આવ્યાં છે. તેનાં જુદાં જુદાં લક્ષણો જાણવાની ઇચ્છા રાખનારે નિદાનશાસ્ત્રનું અવલોકન કરવું. તેવી રીતે જેમાં સોજા ન આવ્યા હોય તેને કમળો કહે છે. જેમાં સોજા ન આવ્યા હોય પરંતુ પેટ મોટું થયેલું હોય તેને કુંભકમળો કહે છે. જ્યારે કોઈ પાંડુરોગીને વાયુનો પિત્તમાં મિથ્યાયોગ અથવા પિત્તનો વાયુમાં મિથ્યાયોગ થઇને કફનો હીનયોગ થાય છે; ત્યારે તે રોગીના શરીરનો રંગ લીલો, આસમાની અથવા ધોળો કે પીળો થઈ જાય છે, તેને હલીમકરોગ કહે છે. જે પાંડુરોગીને દશે ઇંદ્રિયોમાં કલેશ થાય છે, પેટ મોટું છતાં પાતળા ઝાડા થાય છે, શરીરની અંદરનો અને બહારનો રંગ પીળાશ પડતો થઈ જાય છે તેને પાનકી કહે છે.

આ ઠેકાણે એક વાત ખાસ જાણવાની છે કે, ત્રિદોષસિદ્ધાંતના નિબંધમાં પિત્તજ્વરનાં લક્ષણોમાં કહેવામાં આવ્યું છે કે, પિત્તજ્વરમાં ઝાડો, પેશાબ, જીભ, આંખ, નખ અને ચામડી પીળાં થાય છે. ત્યારે કમળા અથવા કુંભકમળા કે પાનકી અને પિત્તજ્વર જુદા કેમ ઓળખાય? જો પિત્તજ્વર ન હોય અને કમળો વગેરે દરદ હોય તો તે ચિકિત્સા નિષ્ફળ જાય છે; પરંતુ કમળો હોય ને પિત્તજ્વરની ચિકિત્સા કરીએ, તો તે ક્રિયા પણ રોગીને અપાયકારી નીવડે છે. તેટલા માટે જો રોગીના શરીરમાં કમળાનાં બધાં લક્ષણો દેખાતાં હોય, પરંતુ નીચલા હોઠની અંદરની ચામડી જે સંપેટાં કોમળ અને લાલ રંગની રહે છે, તે પીળી ન પડી હોય ત્યાં સુધી તે રોગીને પિત્તજ્વર ગણવો, અને કમળા વગેરેનાં

લક્ષણો સંપૂર્ણ દેખાતાં ન હોય તથાપિ નીચલા હોઠની ચામડી પીળી હોય તો જરૂર જાણવું કે કમળો થયો છે અથવા થશે.

પાંડુરોગના ઉપાયમાં અમે તેના બે ભાગ પાડીએ છીએ. જે પાંડુરોગ માટી ખાવાથી થયો હોય તેને મંડૂરભસ્મ તોલા આઠ, એળિયો તોલા આઠ, સૂંઠ તોલા આઠ અને સિંધવખાર તોલા આઠ લઇ કુંવારના રસમાં ત્રણ પુટ આપવા. પછી તેની ગોળી બે આનીભાર વજનની વાળી દિવસમાં એકેક ગોળી ત્રણ વાર પાણી સાથે અથવા ગોમૂત્ર સાથે આપવાથી, માટી ખાવાથી થયેલો પાંડુરોગ મટે છે. બીજી જાતના પાંડુરોગ, જે આહારવિહારથી થાય છે, તેમાં આગળ લખેલા **વીશાળાક્ષાર, અને કાળીજીરીનો ક્ષાર** ઘણું સરસ કામ બજાવે છે. પણ પાંડુરોગ, સોજા અને કુંભકામળાના રોગીને વગર ફુલાવેલી ફટકડી તોલા ૧૬ અને બાવળનો કોયલો તોલો ૧ વાટી વસ્ત્રગાળ કરી રાખી મૂકવાં. તેમાંથી બે આનીભારનું એક પડીકું પાશેર ગોમૂત્ર એકવીસ વાર ગાળીને તેમાં પડીકું નાખવું. એટલે ગોમૂત્રમાં ઊભરો ચડશે. તે ઊભરો ભાંગતાં સુધી તેને હલાવવું. એવી રીતે દિવસમાં ત્રણ વાર પાવાથી એકવીસ દિવસે અથવા કંઇક વધારે દિવસે પાંડુરોગ મટી જાય છે. એ ઉપચારો કરતાં પણ રોગીને કંટાળો ન આવે એમ કરવું હોય, તો પંચામૃત પર્પટી દિવસમાં ત્રણ વાર મધ સાથે આપવાથી અથવા સ્વલ્પ ચંદ્રોદય એકેક વાલ દિવસમાં ત્રણ વાર મધમાં આપવાથી કોઈ પણ જાતની વિક્રિયા સિવાય પાંડુરોગ ઉપદ્રવસહિત હોય તેને પણ મટાડે છે. સ્વલ્પ ચંદ્રોદયની વિધિ ક્ષયના પ્રકરણમાં લખીશું. અમે પાંડુરોગીને ઘી તથા ગળપણ ખાવા દેતા નથી, પણ તેલ, મરચું, હિંગ તથા ખટાશ સાથે પચે એટલું અન્ન આપીએ છીએ. તેમ ઘણા રોગીને પંચામૃત પર્પટી અથવા સ્વલ્પ ચંદ્રોદયથી સારા કરીએ છીએ. જો રોગીને કમળો થયો હોય તો ફુલાવેલી ફટકડી

વાલ બે તથા સાકર વાલ ચાર મેળવીને ત્રણ દિવસ સુધી દિવસમાં
ત્રણ વાર પાણી સાથે ફકાવવાથી કમળો મટે છે; અથવા કાંસાની
થાળી લઈ તેમાં પાણી ભરી રોગીના હાથની હાથેલી થાળીમાં મુકાવી,
આપણે હાથે થોડો પલાળેલો કળીચૂનો ચોપડી, રોગીના હાથની
કોણીથી પોંચા તરફના ભાગને ઊતરતો ચોળવો અને આપણા
હાથ થાળીમાંના પાણીમાં બોળતા જવું. આથી આખા શરીરની
પીળાશ ઘટતી જશે અને થાળીમાંનું પાણી પીળું થઇ જશે. અથવા
એક રૂપિયાભાર જુવારના દાણા લઇ તેમાં બે ટીપાં પાણી અને
એક રતીભાર પલાળેલો ચૂનો મેળવી, તે જુવારના દાણા મંત્રેલા
છે એમ કહીને રોગીને આપવા અને કહેવું કે, " આ દાણા હાથમાં
લઇ મસળ્યા કરવા જેથી તમામ કમળો જુવારમાં ઊતરી આવશે."
એવું કરવાથી જુવાર પીળી થઇ જાય છે અને રોગીનું શરીર
પીળાશથી મુક્ત થતું જાય છે. અથવા દિવેલાનાં પાતરાંનો રસ તો-
લા ચાર, તેમાં ગોળ તોલો એક મેળવી એકજ દિવસ માટે દિવસમાં
બે વાર પાવો અને તે દિવસે તે રોગીને ગોળ અને રોટલા સિવાય
કાંઈ ખાવા દેવું નહિ. એ ઉપાય એક દિવસ કરવાથી ત્રણ દિવ-
સમાં કમળો સારો થાય છે. અથવા રાંધેલો નવસાર વાલ બે તથા
સાકરનો ભૂકો વાલ ચાર મેળવીને ઠંડા પાણી સાથે દિવસમાં એક
વાર ફકાડવાથી, સાત દિવસમાં કમળો મટી જાય છે. દૂધ અને ભાત
સિવાય કમળાના દર્દીને બીજો કાંઈ ખોરાક આપવો નહિ. તથા
રાત્રે ધાણા અને સાકરનું પલાળેલું પાણી પાવું અને સવારે કાળી
દ્રાક્ષના ઠળિયા કાઢી નાખીને તેમાં લીંબુ નિચોવી વારંવાર ખાવા
ભલામણ કરવી. કડવી દૂધીનો ગર અથવા કડવી કોઠડીનો ગર
સૂકવીને તેનું ચૂર્ણ કરી નાકમાં સુંઘાડવાથી નાકેથી પીળું પાણી ઝરી
જઈ કમળો સારો થઇ જાય છે. પણ એ ઉપાયમાં મોળા દૂધભાત
સિવાય કંઈ પણ ખાવાનું આપવું નહિ-તો ત્રણ દિવસમાં મટે છે

પાંડુરોગ તથા કમળાનાં અસાધ્ય લક્ષણો:-તાવ આવે, પસીનો થાય, ઘણીજ બેચેની તથા ગભરાટ રહે, ઊલટી થાય અને પાણીનો શોષ પડે, આ લક્ષણો સાથે પાંડુરોગ ત્રિદોષનાં લક્ષણોવાળો હોય અને જે રોગીની ઇંદ્રિયો પોતપોતાનું કામ કરી શકતી નથી, તેવા રોગીને આરામ કરવાની માથાકૂટ કરવી નહિ.

જે રોગીને પાંડુરોગ થયાને ઘણા દિવસ થઇ ગયા હોય તે જડ થવાથી અસાધ્ય ગણવો. આખા શરીર ઉપર સોજા ચડેલા હોય અને તે રોગીને સઘળા પદાર્થો પીળા દેખાતા હોય તો તેને અસાધ્ય ગણવો. જે પાંડુરોગીને કફમિશ્રિત પીળા રંગનો થોડો અને કઠણ ઝાડો થતો હોય તેને અસાધ્ય ગણવો. જે પાંડુરોગી દીન થયો હોય તેમજ જેના શરીરનો વર્ણ ધોળી પૂણી જેવો થઈ ગયો હોય અને જે બકારી, મૂર્છા અને તૃષાથી પીડાતો હોય, તેની જીવવાની આશા છોડવી. જે પાંડુરોગીને લોહી પડવાથી સફેદ રંગનો વર્ણ થયો હોય તે પણ અસાધ્ય છે. જે પાંડુરોગીના દાંત નખ અને નેત્ર પીળાં થઇ ગયાં હોય અને આખી સૃષ્ટિને પીળા રંગની દેખતો હોય તેને મરણપથારીએ સૂતેલો ગણવો. જે પાંડુરોગીના હાથપગ અને ગરદન પર સોજો હોય અને કટિનો ભાગ સુકાઈ ગયો હોય તે રોગી પણ અસાધ્ય છે. જે રોગીની કેડનો ભાગ, મળદ્વાર અને ગુહ્યેન્દ્રિય પર સોજો હોય અને હાથપગ તથા ગરદન સુકાઇ ગયાં હોય તેને અસાધ્ય જાણવો. તેમજ જે પાંડુરોગી અતિસાર અને જ્વરથી પીડાતો હોય તેને સાજો કરવાની આશા યશની ઇચ્છા રાખનાર વૈદ્યે કરવી નહિ. જે કમળાના રોગીને ઝાડો કાળો અને પેશાબ પીળા રંગનો આવે છે અને જેના શરીર પરની ચામડી છોલી નાખી હોય એવી થોથર ચઢી આવે છે તથા જેનાં નેત્ર, મુખ, ઊલટી, મૂત્ર એ અત્યંત લાલ રંગનાં થાય છે અને જે વારંવાર બેભાન બને છે, તે સ્મશાનમાંજ વ્યાધિથી છૂટે છે, જે

કમળામાં દાહ થાય છે, અન્ન ભાવતું નથી, શોષ પડે છે, પેટ ચડે છે, આંખો મીંચાયલી રહે છે, બેભાન થાય છે અને જે વાત કરા તે ભૂલી જાય છે, એવા કમળાના રોગી મરણ પામે છે. જેને કુંભ-કમળો થયો હોય તેને ઊલટી થાય છે, અન્ન ભાવતું નથી, રોગી અસ્વસ્થ બની તરફડે છે, તાવ આવે છે, શ્રમ વિના થાક લાગે છે, શ્વાસ તથા ઉધરસ હોય છે અને અતિસાર થાય છે. એવાં લક્ષણો-વાળા કુંભકમળાના રોગી મરણ પામે છે. એ પ્રમાણે સાધ્યાસા-ધ્યનો વિચાર કરી વૈદ્યે બુદ્ધિપૂર્વક અને રોગીએ શ્રદ્ધાપૂર્વક ઉપ-ચાર કરવા. કારણ કે શરીરમાંનું લોહી જે જીવનતત્ત્વનો મોટો આધાર છે, તેનો રંગ બદલાઈ પીળો વર્ણ થઈ જાય છે. આથી લોહી પછીની બીજી પાંચે ધાતુમાં હીનયોગ થાય છે તેથી એ રોગ થતાં-જ કષ્ટસાધ્ય ગણાય છે. માટે લોહીને પીળો રંગ આપનારા દાહક પદાર્થો અને સફેદ રંગ આપનારા સ્નેહન પદાર્થોને ત્યજવા.

રક્તપિત્ત રોગઃ-પાંડુરોગ અને રક્તપિત્ત એ બેઉની ઉત્પત્તિ એકજ સ્થાનમાંથી છે, જેથી આ નિબંધમાં તેનો સમાવેશ કરવામાં આવે છે. તડકામાં ઘણું ફરવાથી, થાક લાગે એવી મહેનત કરવાથી, અત્યંત શોક કરવાથી, લાંબો પ્રવાસ પગે ચાલી કરવાથી, સ્ત્રીસં
ઘણો રાખવાથી, મરચાં વગેરે તીખા પદાર્થો ઘણા ખાવાથી, અગ્નિ સન્મુખ ઘણું બેસવાથી, જવ વગેરે ક્ષાર પદાર્થોથી અને વધા
ખારા, ખાટા અને તીખા પદાર્થોનો આહાર કરવાથી, કોઠા
રહેલા પાચકપિત્તનો અતિયોગ થવાથી, ક્લેદન કફ અને સાધ
પિત્તનો હીનયોગ થાય છે. આથી અતિયોગ પામેલું પિત્ત ઉ
તાને પ્રાપ્ત થઈ તીવ્ર, પ્રવાહી ઇત્યાદિ ગુણોથી લોહીને ત
નાખે છે. એટલે રંજકપિત્ત અને પાચકપિત્ત રસધાતુમાં
જઈ, તેને લાલ રંગમાં ફેરવી નાખી, જો અવલંબન કફનો
યોગ થયો હોય તો ઊર્ધ્વ ભાગથી એટલે મુખ તથા નાક

રાતા લોહીની ઊલટી થાય છે; અને જો મળાશયમાં રહેલા ક્લેદન-કફનો હીનયોગ થયો હોય તો લોહીના ઝાડા થાય છે અને પે-ચાળમાં પણ લોહી પડે છે. પરંતુ પિત્તનો અત્યંત અતિયોગ થવાથી જ્યારે ક્લેદન કફ તથા અવલંબન કફમાં હીનયોગ થાય છે, ત્યારે બધા માર્ગથી એટલે મુખ, નાક, નેત્ર અને કાનમાંથી લોહી વહે છે; તેમજ ઉપસ્થ ઇંદ્રિય, યોનિ અને મળદ્વારથી પણ લોહી વહે છે, તેને રક્તપિત્ત કહે છે. ઘણા ચિકિત્સકોનું એવું માનવું છે કે, આ જે લોહી વહે છે તે શરીરને પોષણ કરનારું જીવતું લોહી છે, માટે એ રોગી બચી શકતો નથી. પરંતુ આ રોગનો શબ્દજ સૂચના કરે છે કે, એ ઝાડા તથા ઊલટી જે લોહી જેવાં જણાય છે પણ તે લોહી નથી, પરંતુ રાતું પિત્ત છે; અને એટલાજ માટે આયુર્વેદાચાર્યોએ એને રક્તપિત્ત એવું નામ આપ્યું છે. નિદાન-શાસ્ત્રમાં દોષભેદે કરીને રક્તપિત્તના ચાર પ્રકાર તથા અધોમાર્ગી, ઊર્ધ્વમાર્ગી અથવા ઉભય માર્ગીનું વર્ણન કરેલું છે. તેનાં જુદાં જુદાં લક્ષણો નિદાનશાસ્ત્રો ઉપરથી જાણી લેવાં. અમે નીચે તેના ઉપાય લખવામાં આવે છે.

રક્તપિત્તના રોગમાં પિત્તને શાંત કરનારા અને કફને વધારનારા દ્રવ્યનો ઉપયોગ કરવાને ચિકિત્સાશાસ્ત્ર ભલામણ કરે છે અને તેથી રક્તપિત્ત મટે છે. પણ અમારા અનુભવમાં એવું આવ્યું છે કે, દારૂડીનાં બીજ ૦। તોલો લઈ ઝીણાં વાટી પાણી સાથે ઘૂંટી, તેમાં અર્ધું લીંબુ નિચોવી ચાર તોલા પાણી બનાવી દિવસમાં ત્રણ અથવા ચાર વખત આપવાથી સાધ્ય રક્ત-પિત્ત હોય તો એકજ દિવસમાં આરામ થાય છે; અને ત્રણ દિવસ એ ઉપાય ચાલુ રાખવાથી ફરીથી રક્તપિત્ત ઊપડવાની બીતિ રહેતી નથી. અથવા થોડીઘણી બાકી હોય તે મટી જાય છે. પણ આ જમાનામાં 'ભૂત કરતાં ડાકણ ડાહી' એ કહેવત પ્રમાણે વૈદ્ય

કરતાં લોકો ડાહ્યા હોવાથી આવા રોગીને લીંબુ આપતાં ડરે છે. અને કદાચિત વૈદ્ય આગ્રહથી લીંબુ આપે, ત્યારે ન કરે નારાયણ અને રોગી ગુજરી જાય, તો વૈદ્યે લીંબુ ખવડાવી મારી નાખ્યો એવો અપવાદ આપે છે. એટલા માટે જે ચિકિત્સકના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનાર રોગી અને તેના પરિચારકો હોય તેનેજ લીંબુનો રસ નાખીને આ બિયાં પાવાં. પણ તેમ ન હોય તો દારૂડીનાં બીજને અનુપાન તરીકે ગણાવી, ફુલાવેલી ફટકડી વાલ બેનું એક પડીકું દવા તરીકે આપી, રોગીને પાવાથી પણ રોગી સારા થાય છે. રક્તપિત્તના રોગીને તીક્ષ્ણ પદાર્થો ખાવા આપવા નહિ, પરંતુ મધુરસ અને થોડો ખાટો રસ મળેલો હોય એવા પદાર્થો ખોરાક તરીકે ખાવા આપવા. અમારા અનુભવમાં આ ઉપાય ઘણો સચોટ નીવડેલો છે. અથવા રસરત્ન સમુચ્ચયમાં રક્તપિત્તના પ્રકરણમાં ચંદ્રકળા નામનો રસ કહેલો છે તેની ત્રણ ત્રણ ગોળી દિવસમાં ત્રણ વાર લીંબુના રસ સાથે અથવા સાકરના પાણી સાથે આપવાથી દર્દીને રક્તપિત્તમાં ઘણોજ ફાયદો થાય છે.

ચંદ્રકળા રસઃ—પારો તોલો ૧, તામ્રભસ્મ તોલો ૧, એ બેઉને અરડૂસાનાં પાતરાંના રસમાં ત્રણ દિવસ ઘૂંટી, ગોળો વાળી, તેને કપડમટ્ટી કરી, બેચાર છાણાંની આંચમાં પકાવી, બારીક પીસી, તેનું જેટલું વજન થાય તેટલો શુદ્ધ ગંધક મેળવી, કાજળી કરવી. તે કાજળીને મોથ, દાડમ, દરોઈ, કેવડાનો પોટો, સહદેવી, કુંવાર, પિત્તપાપડો, ધાવ, બાવળની પાલી અને શતાવરી એ પ્રત્યેકના રસની એકેક ભાવના આપવી. ત્યાર પછી કડુ, ગળોસત્વ, પિત્તપાપડો, ધાવ, વાળો, લીંડીપીપર, ચિંગોડાં, ઉપલેટ એ બધાં ઓષધોનું સમભાગે કરેલું ચૂર્ણ ઉપર પ્રમાણે ખરલ, કરી પટ પાઈને તૈયાર કરેલી કાજળીનું જેટલું વજન હોય તેટલા વજનનું લઈ કાજળીમાં મેળવી, તે સર્વને દ્રાક્ષાદિગણના ઓષધોની સાત ભા-

વના આપવી. છેલ્લે તેમાં એક તોલો બરાસકપૂર મેળવી ચણા જેવડી ગોળી વાળવી. દ્રાક્ષાદિગણના ઓષધોમાં દાડમ, કેળાં, તાડનાં ફળ (ગલેલી), બીલીનો ગર્ભ, કોઠાં, પાકાં જાંબુ અને કાચી કેરી ગણાય છે. એ પ્રમાણે વિધિપૂર્વક આ ગોળી બનાવી રોગીને આપવાથી બધી જાતના પિત્તના રોગો, અંતરદાહ, બાહ્યદાહ તથા રક્તપિત્તને મટાડે છે; ભયંકર વેગવાળા તાવને શાંત કરે છે, છતાં જઠરાગ્નિને મંદ થવા દેતી નથી એ ચમત્કાર છે. પરિશ્રમ, મૂંઝવણ, સ્ત્રીઓના ભયંકર રક્તપ્રદર, લોહીની ઊલટી, લોહીના ઝાડા તથા મૂત્રકૃચ્છ એટલા રોગને મટાડે છે એ અનુભવેલું છે. રક્તપિત્તમાં એકમાર્ગી રક્તપિત્ત સાધ્ય ગણેલું છે અને દ્વિમાર્ગી અસાધ્ય ગણેલું છે; પણ જો રક્તપિત્તનો રોગી બીજા ઉપદ્રવોથી પીડાતો હોય, તો ઉપર લખેલા ઇલાજોથી બેઉ માર્ગી રક્તપિત્ત પણ સારા થાય છે. જો રક્તપિત્ત સ્ત્રીને થયું હોય અને તે માત્ર અધોમાર્ગી હોય તો માલતિચૂર્ણ, સર્જરસ, રૂપરસ અને નળબંધ એ ચાર ઓષધ મેળવી બબ્બે વાલનાં પડીકાં દિવસમાં ત્રણ વાર સુખડના પાણીમાં આપવાથી ઝાડા તથા પેશાબથી પડતું લોહી બંધ થાય છે. રક્તપ્રદરમાંથી વખતે સોમરોગ થાય છે, તેને પણ આ પડીકાંથી સારું થાય છે.

નબળાઈ, શ્વાસ, ઉધરસ, જ્વર, ઊલટી, બેભાનપણું, ધોળો અથવા પીળો શરીરનો વર્ણ, દાહ, મૂર્છા, અન્ન ખાવા છતાં પેટમાં બળતરા, ગભરાટ, હૃદયમાં વિલક્ષણ પીડા, તરસ, પાતળો ઝાડો, માથું દુ:ખવું, દુર્ગંધયુક્ત થૂંક, અન્ન પર અભાવો અને અરુચિ આ ઉપદ્રવો રક્તપિત્તમાં થાય છે.

જે રક્તપિત્ત માંસના ધોયેલા પાણી જેવું [illegible] જેવું વા કાદવથી કહોવાયલા પાણી જેવું [illegible] જેવું;

તેમજ જે મેદ, પરુ અને લોહીના જેવું અથવા તો કાળજાના ટુકડા જેવું, પાકેલા જાંબુ જેવું, કાળા અથવા આસમાની રંગનું અને ઉપર કહેલા ઉપદ્રવોમાંથી એક, બે અથવા વધારે ઉપદ્રવવાળું હોય તેને અસાધ્ય જાણવું. જે રોગીને અદૃશ્ય આકાશ રક્તવર્ણું દેખાય છે અથવા જે દેખાતા પદાર્થો અને આકાશને પણ લાલ રંગના દેખે છે, અથવા જે તમામ વસ્તુઓને ઊલટા રંગવાળી દેખે છે, અથવા જે રોગીને લાલ રંગની ઊલટી થાય છે, તે સાથે તેનાં નેત્રો લાલ થઇ જાય છે અને ઓડકાર સાથે બહાર આવતા પદાર્થો પણ રાતા હોય છે. તેવા રક્તપિત્તનો રોગી મૃત્યુ પામે છે. અથવા જે રક્તપિત્ત ઉપદ્રવ વિનાનું હોય, કેવળ એકમાર્ગી હોય, પણ જેની આંખો તથા ચામડી પીળા રંગની થવા માંડે કે વૈદ્યે તેની આશા છોડી દેવી. એ પ્રમાણે પાંડુ, કમળા, હલીમક અને રક્તપિત્ત માટેનો અમારો અનુભવ દર્શાવ્યો છે, તેમાં સુધારો-વધારો કરી જાહેરમાં મૂકવાનું કામ વિદ્વાન વૈદ્યોનું છે.

पाण्डुरोगना केटलाक अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. અષ્ટામૃત પર્પટીઃ-પારો, લોહભસ્મ, અભ્રકભસ્મ, રૂપાની ભસ્મ, બંગભસ્મ, તામ્રભસ્મ, સુવર્ણ માક્ષિક ભસ્મ, પ્રત્યેક ચાર ચાર તોલા અને ગંધક ૮ તોલા સાથે મેળવીને પર્પં... રીતે પર્પટી પાડવી. પછી ૦ાા વાલ સવારે અને ૦ાા વાલ ... મધ તથા પીપર સાથે આપવાથી પાંડુરોગ, હોજરીનું ... દીકાશ અને અશક્તિ મટે છે.

૨. સાટોડીનાં મૂળ, લીમડાની અંતરછાલ, પટોળ, કડુ, દેવદાર અને દારૂહળદર સરખે ભાગે લઇ તેનો ક્વા... તે સાથે મંડૂરવટકની ગોળી આપવાથી પાંડુરોગ મટી ...

૩. મંડૂરવટક:-હરડાં, બહેડાં, આમળાં, સૂંઠ, મરી, પીપર, અભ્રક, પીપળીમૂળ, ચીતરો, દેવદાર, સૂત્રણું માક્ષિક ભસ્મ, તજ, દારૂહળદર, નાગરમોથ, વાયવડિંગ એ સરખે વજને લઈ ચૂર્ણ કરી, તે ચૂર્ણની બરોબર મંડૂરભસ્મ મેળવી, તે સર્વથી આઠગણું ગોમૂત્ર લઈ, તેમાં ઉપલું ચૂર્ણ નાખી, ચૂલા ઉપર પકાવી, ગોળી વળે તેવું થાય ત્યારે તેની બે આનીભાર ગોળી વાળી ઉપલા ક્વાથ સાથે આપવાથી પાંડુરોગ મટી જાય છે.

૪. કમળા માટે:-ગળો, નિંબછાલ, કરિયાતું, કડુ, હરડાં, બહેડાં, આમળાં અને અરડૂસો એનો કવાથ કરી મધ તથા મંડૂરભસ્મ મેળવી પીવાથી કમળો મટી જાય છે.

૫. કમળા માટે અંજન:-હળદર, આમળાં, ગેરુ અને ફટકડી પાણીમાં ઘસી આંખમાં આંજવાથી કમળો મટે છે.

૬. કમળા માટે નસ્ય:-કૂકડવેલનો રસ કાઢવો અને દરદીના મોંમાં થોડું ઘી આપી નાકમાં તે રસનાં ટીપાં મૂકવાં (એકબે ટીપાં મૂકવાં તથા ઘી મોંમાં રખાવવું) એટલે નાકમાંથી પીળું પાણી નીકળી જશે. ખૂબ પાણી નીકળે ત્યારે ઘી સુંઘાડવું અને મોઢામાંથી કાઢી નંખાવવું જેથી એકજ દિવસમાં કમળો મટે છે.

૨—વૈદ્ય બાલાશંકર પ્રભાશંકર—નાંદોદ

વાડમાં એક વેલો થાય છે તેનું નામ વખવેલો છે. એ વેલાને ફળ લાગે છે. તેના ફળ પર કાંટા થાય છે. અને બીજ નીકળે છે. તે વરસાદમાં પાકે છે. તે બીજ ૧ અથવા ૨ પાવાથી પાંડુરોગ, કમળો ઉપરાંત ધનુર્વાયુ પણ મટી જાય છે.

૩—માસ્તર લલ્લુભાઈ નાથાભાઈ—બોરુ

૧. કડવા તૂંબડાના કકડા કરી, દેવતાના અંગારા બરાબર

પડેલા હોય, તે અંગારા માટીના વાસણ અગર લોઢીમાં નાખી, ઉપર તૂંબડાના ઝીણા ઝીણા કકડા કરીને નાખવા. શરીરનો કોઈ ભાગ ઉઘાડો ન રહે તેવી રીતે મોઢેમાથે લૂગડું ઓઢી, બેસીને ધુમાડો લેવો. આ પ્રમાણે ત્રણચાર દિવસ કરવાથી પાંડુરોગ તેમજ કમળો મટી જાય છે.

૨. કુબો (દ્રોણપુષ્પી) નો રસ અને ફુલાવેલી ફટકડી આ બેનો નાસ પણ ઉપર પ્રમાણેજ લેવો. તેથી ત્રણચાર દિવસમાં પાંડુ તેમજ કમળો પણ મટે છે.

૪-વૈદ્ય નૂરમહમદ હમીર-રાજકોટ

રોગીને સવારે તથા બપોરે લોહાસવ આપવો અને રાત્રે કુમાર્યાસવ આપવો. કબજિયાત, કમળાની ગાંઠ, બરોળ અને યકૃતના રોગ ઉપર કુમાર્યાસવનો ઉપયોગ કરવો અને પેટમાં જ્યાં ગાંઠ દેખાય ત્યાં આકડાનાં પાતરાં ગરમ કરીને બાંધવાં.

૫-વૈદ્ય વાસુદેવ નાગરદાસ-જસકા

પાંડુરોગ માટે:-ચિત્રો તોલો ૦, હરડેદળ તોલો ૦, બહેડાંદળ તોલો ૦, આમળાં તોલો ૦, મોથ તોલો ૦, વાવડિંગ તોલો ૦, મરી તોલો ૦, સૂંઠ તોલો ૦, પીપર તોલો ૦ અને લોહભસ્મ તોલા ૨, એ સર્વેને ખાંડી વસ્ત્રગાળ કરી, વાલ ૩ મધ સાથે ચાટવું ઉપર ગોમૂત્ર પીવું, જેથી પાંચે પ્રકારના પાંડુરોગ મટે છે.

૬-વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર-સુરત

૧. શેકેલા કડુનું ચૂર્ણ કરી એકેક વાલનાં પડીકાં દિવસમાં ૩ વખત સાકર સાથે ફાકવાથી કમળો મટે છે.

૨. ફુલાવેલા નવસારનાં એકેક વાલનાં પડીકાં દિવસમાં ૩ વખત સાકરના પાણી સાથે આપવાથી કમળો મટે છે.

૩. દિવેલાનાં પાતરાંનો રસ તોલા ૪ ગાયના દૂધમાં મેળવી પાવાથી કમળો મટે છે.

૪. જો દિવેલાનાં પાતરાંનો રસ તોલા ૨ દિવસમાં ૧ વાર લીએ અને જુવારનો રોટલો તથા ગોળ સિવાય કાંઇ ખાય નહિ અને બીજે દિવસે ખીચડી અને ઘી ખાય, તો મટે છે.

૫. દેવડાંગરીના ફળનું ચૂર્ણ વસ્ત્રગાળ કરી ૧ ચોખાપૂર ઘવાથી નાકેથી પીળો સાવ થઇ કમળો મટી જાય છે.

૭-ઇશ્વિરલાલ રતનલાલ ત્રિવેદી-સુરત

૧. સોનાગેરુ, આમળાં અને હળદર પાણીમાં ઘસી આંખમાં આંજવાથી કમળો મટે છે.

૨. લીંબડાનો રસ મધ સાથે પીવાથી કમળો સારો થાય છે.

૮-વૈદ્ય આણંદજી સવજી-ઉના

શેકેલ કડુ અને સાકર બન્ને સમાન ભાગે લઇ, વાટી સવાર-સાંજ પાવલીભાર ચંદ્રપ્રભા સાથે કમળામાં આપવાથી મટે છે.

૯-વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ-સુરત

કમળા માટે:-પાપડિયો ખારો તથા નવસારનું સમભાગે ચૂર્ણ કરી એક વાલ દિવસમાં ત્રણ વખત પાણી સાથે લેવાથી કમળો મટે છે. પરેજીની જરૂર નથી.

૧૦-વૈદ્ય ડાહ્યાભાઈ મનસુખલાલ પુરોહિત-સણસોલી

કમળા માટે:-કળીચૂનો બેથી ત્રણ વાલ લઈ માખણ બેથી ત્રણ રૂપિયાભારમાં મેળવી, કમળાનો દરદી ચાર-છ દિવસ ચા... કમળો મટી જાય છે, અનુભવસિદ્ધ છે.

૧૧-માસ્તર નરભેરામ હરજીવનદાસ-નવાગામ

કમળા માટેઃ-માક્ષિક તોલો ૧ તથા હીરાકસી તોલો ૧, લઈ તેનાં ૩૨ પડીકાં કરી દરરોજ સવારસાંજ એકેક પડીકું મધ-પીપર સાથે ચાટવાથી કમળો મટે છે.

૧૨-જોષી રામકૃષ્ણ રેવાશંકર-લીંડર

કમળા માટેઃ-સમુદ્રફળની ત્વચા દૂધની સાથે પીવાથી તથા કડુનો કવાથ દ્રાક્ષ નાખી પીવાથી કમળો મટે છે.

૧૩-વૈદ્ય દુર્ગાપ્રસાદ ગંગાધર-પોરબંદર

કમળા માટેઃ-ટંકણખાર તથા સંચળ સમભાગે લઈ શેકી ચૂર્ણ કરી એકેક વાલ બે અથવા ત્રણ વખત આપવાથી ત્રણ દિવસમાંજ કમળો મટી જાય છે.

૧૪-વૈદ્ય ગંગાદાસ સેવાદાસ-સુરત

૧. ગધેડાનાં લીંડાં પાંચને પાણીમાં મસળી નવટાંક રસ કાઢી પાંચ દાણા કાળાં મરીના નાખી પાવું. પંદર દિવસમાં જૂનો કમળો મટી જશે.

૨. સંદેશરાની પાલી તોલો ૧ મરીના દાણા સાત વાટી પીવાથી તાજો કમળો મટી જાય છે.

रक्तपित्तना केटलाक अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય અંબારામ શંકરજી-વાગડ

૧. **રક્તપિત્ત માટેઃ**-રાળ વાલ એક તથા સાકર વાલ એક ભેળવી પીવાથી રક્તપિત્ત (મોમાંથી વહેતું લોહી) મટે છે.

૨. જો નાકે લોહી વહે [illegible] આમળાં ઘીમાં તળી [illegible] વાટી માથે ચોપડવા [illegible] બંધ થઈ જાય છે.

૩. કાળો વાળો, અરડુસો, ગળો, ધાણા, સુણઠ, કડુ અને જેઠીમધનાં મૂળનું સમભાગે ચૂર્ણ કરી ઠંડા પાણીમાં પીવાથી રક્તપિત્ત મટે છે.

૨-ભવાનીશંકર ભ. ભટ્ટ-મહુવા

રક્તપિત્તઃ-માથે લોહી ચઢી જતું હોય તો રાફડાની માટી ગાળી તાળવે ચોપડવી.

૩-વૈદ્ય પ્રાણલાલ દોલતરામ-કપડવણજ

૧. રક્તપિત્ત માટેઃ-સુધાનિધિ રસ યોગરત્નાકરનો તથા કુષ્માંડ પાક શારંગધર સંહિતાનો આપવાથી રક્તપિત્ત મટે છે.

શ્વાસરોગઃ—જે માણસનો અપાનવાયુ અતિયોગને પામે અને સમાનવાયુમાં પિત્તનો અતિયોગ થાય, તેથી સમાનવાયુ પાનવાયુમાં જઈ તેનો અતિયોગ કરે, એટલે સાધકપિત્ત પાનવા-યુથી ઉદાનવાયુને છૂટો પાડી નાખે, એટલે હૃદયમાં રહેલા અવ-લંબન કફને વાયુ સૂકવી નાખે, જેથી ફેફસાં પોતાનું કામ બરા-બર કરી શકે નહિ. તેથી શ્વાસની નળીમાંથી ધમનિઓ નાભિસ્થા-નથી જે પવનને ધકે છે, તેનો ધમેલો પવન ફેફસાં લઈ શકે નહિ; એટલે રોગીને નીચેનો શ્વાસ નીચે અને ઉપરનો શ્વાસ ઉપર રહી ગયેલો જણાય. અર્થાત્ તેના હૃદયમાં, ફેફસાંમાં, યકૃતમાં, પ્લી-હામાં અને કંઠમાં સુકાયલો કફ વધી પડવાથી બળખો હેઠો પડે નહિ, પવનના માર્ગો પવનને લઈ શકે નહિ, તેમ મૂકી પણ શકે નહિ; તેથી શ્વાસ ટૂંકો થઈ જાય તેને શ્વાસરોગ થયો છે એમ કહેવામાં આવે છે. જો એ શ્વાસરોગ હિક્કાની ઉત્પત્તિના કારણ-રૂપ થયો હોય, તો તે રોગી લાંબા કાળ સુધી પીડા પામીને જીવે છે; તે પણ જો કોઈ રોગના ઉપદ્રવ તરીકે ઉત્પન્ન થયો હોય, તે તે રોગીને મોટે ભાગે મારી નાખે છે.

નિદાનશાસ્ત્રમાં **મહાશ્વાસ**, **ઊર્ધ્વશ્વાસ**, **છિન્નશ્વાસ**, **તમકશ્વાસ** અને **ક્ષુદ્રશ્વાસ** એવાં શ્વાસરોગનાં પાંચ

પાડેલાં છે, તેનાં જુદાં જુદાં લક્ષણો નિદાનશાસ્ત્રમાંથી જાણી લેવાં. કારણ કે દરેક શ્વાસના ભેદમાં વાયુ, પિત્ત અને કફના હીન, મિથ્યા અને અતિયોગથી જુદાં જુદાં સ્વરૂપો જણાય છે, તેથી શરીરમાં જુદે જુદે સ્થાને જુદી જુદી પીડા થાય છે. પરંતુ શ્વાસરોગમાં વાયુના અતિયોગથી કફ સુકાય છે અથવા તો કફના અતિયોગથી વાયુનો હીનયોગ થઈ ગળું રૂંધાય છે; એટલા માટે અમે જુદાં જુદાં લક્ષણો અહીં લખ્યાં નથી.

સ્વરભેદરોગઃ-તાણીને મોટે અવાજે બોલવાથી, ઊંચે સ્વરે ભણવાથી, ગળામાં વાગવાથી અને વિષ ખાવાથી, વિકારયુક્ત થયેલો વાયુ ગળામાં સ્વરને વહેવાવાળી જે ચાર નળીઓ છે ત્યાં વૃદ્ધિ પામી અવાજને બંધ કરે છે, તેથી તે સ્વરભંગરોગ કહેવાય છે. એ સ્વરભંગ **વાયુથી, પિત્તથી, કફથી, સન્નિપાતથી, ક્ષયથી અને મેદથી** થાય છે. એ રીતે છ પ્રકારનો સ્વરભંગ થાય છે.

ઘરડા માણસને, સુકાઈ ગયેલાને, ખાંસીના રોગીને, શ્વાસના રોગીને ક્ષયના રોગીને અને ચંદ્રકળીના રોગીને થયેલો સ્વરભંગ પ્રાણ લેનારો નીવડે છે. ટૂંકામાં જો સ્વરભંગ સામાન્ય કારણથી ઉત્પન્ન થયેલો હોય તો તે મટે છે, પરંતુ તે કોઈ રોગના ઉપદ્રવ તરીકે ઉત્પન્ન થયો હોય તો તે જીવની સાથે જાય છે.

ખર્પરભસ્મઃ-એક શેર જસત લઈ, તેને ઠીકરાના કોડિયામાં મૂકી, ચૂલા પર ચઢાવી, નીચે તીવ્ર અગ્નિ કરવો. જ્યારે તેનો રસ થાય ત્યારે ખાખરની લીલી ભૂકીથી અથવા કેસુડાનાં મૂળ જે કેવડાના ઝાડના જડ સાથે લાગે છે, તે મૂળથી ઘૂંટતાં જવું. ઘૂંટતાં ઘૂંટતાં જસતની ભસ્મ બની જશે એ ભસ્મ બન્યા પછી તે કોડિયાને નીચે ઉતારી, ગરમ ગરમ હાલતમાં તેની વચમાં ખાડો કરી, બે શેર પારો પેલા ખાડામાં રેડી, કોડિયામાંની જસતની ભસ્મવડે તેને

ઢાંકી દેવો અને ચૂલા ઉપર ચડાવી નીચે મંદ અગ્નિ આપવો; એટલે તાપથી પારો ઊડી જશે અને લીલાશ પડતી તે જસતની પીળી ભસ્મ થશે. તે ભસ્મને ખરલમાં નાખી કુંવારના રસમાં ઘૂંટી, સરાવસંપુટમાં મૂકી, તેને ગજપુટ અગ્નિ આપવો. સરાવ-સંપુટમાં મૂકતી વખતે એટલી વાત ધ્યાનમાં રાખવી કે, નીચલા સરાવમાં ભસ્મ ભરાય અને ઉપલું સરાવ ખાલી ઢંકાય. તેમ ભઠ્ઠીમાં મૂકતાં ગજપુટનો ખાડો પ્રથમ અડાયા છાણાંથી પોણો ગજ ભરવો અને તે ઉપર કપડમટ્ટી કરેલા સરાવ સંપુટને ભસ્મ-વાળો ભાગ નીચે રહે તેવી રીતે ગોઠવીને બાકીનાં છાણાં તેની ઉપર ગોઠવીને અગ્નિ સળગાવવો. ભઠ્ઠી બળી જઇ ઠંડી પડી જાય, એટલે સરાવ સંપુટને કાઢીને ફરી કુંવારના રસમાં ઘૂંટીને ફરી ગજપુટ આપવો. જેમ જેમ ગજપુટ આપતા જઇશું તેમ તેમ ભસ્મ ખીલતી જશે; એટલે પ્રથમ જો તે એક સંપુટમાં સમાતી હશે તો બીજી વાર બે સંપુટની જરૂર પડશે. એવી રીતે વીસ વખત ગજપુટ આપવાથી ભસ્મ ખીલીને રતાશ પડતા પીળા રંગની થશે, એટલે ખર્પરભસ્મ તૈયાર થશે.

બંગભસ્મઃ-કલાઈ પાટને શેર પાંચ લઇ, તેને લોખંડની પેણીમાં મૂકી, નીચે તીવ્ર અગ્નિ આપી તે ઓગળી જાય એટલે એક ઇંચ જાડી વડની મૂળી લઈ […] ંટતા જવું; અને […]
થોડાં થોડાં કડવા સેકટા ([…] ાં નાખતા
એટલે પાંચ શેર કલાઇમાં ગેર […] ાખીશું […]
ભસ્મ થઈ જશે. પછી તે […] જ […]
એક શેર આમળાંને સે […]
રહે તેટલો ઉકાળો તેમ […]
પચાવવું. તે પછી એક […]
ની શુદ્ધિ કરતાં, વ […]

પાડેલાં છે, તેનાં જુદાં જુદાં લક્ષણો નિદાનશાસ્ત્રમાંથી જાણી
કારણ કે દરેક શ્વાસના ભેદમાં વાયુ, પિત્ત અને કફના
મિથ્યા અને અતિયોગથી જુદાં જુદાં સ્વરૂપો જણાય છે,
શરીરમાં જુદે જુદે સ્થાને જુદી જુદી પીડા થાય છે. પ
શ્વાસરોગમાં વાયુના અતિયોગથી કફ સુકાય છે અથવા તો ક
અતિયોગથી વાયુનો હીનયોગ થઈ જઈ રૂંધાય છે; એટલા મ
અમે જુદાં જુદાં લક્ષણો અહીં લખ્યાં નથી.

સ્વરભેદરોગઃ–તાણીને મોટે અવાજે બોલવાથી, ઊંચે સ
ભણવાથી, ગળામાં વાગવાથી અને વિષ ખાવાથી, વિકારયુક્ત થયે
વાયુ ગળામાં સ્વરને વહેવાવાળી જે ચાર નળીઓ છે ત્યાં વૃ
પામી અવાજને બંધ કરે છે, તેથી તે સ્વરભંગરોગ કહેવાય
એ સ્વરભંગ **વાયુથી, પિત્તથી, કફથી, સન્નિપાતથી**
ક્ષયથી અને મેદથી થાય છે. એ રીતે છ પ્રકારનો સ્વરભંગ થાય છે

ઘરડા માણસને, સુકાઈ ગયેલાને, ખાંસીના રોગીને, શ્વાસન
રોગીને ક્ષયના રોગીને અને સંગ્રહણીના રોગીને થયેલો સ્વરભંગ
પ્રાણ લેનારો નીવડે છે. ટૂંકામાં જો સ્વરભંગ સામાન્ય કારણથી
ઉત્પન્ન થયેલો હોય તો તે મટે છે, પરંતુ જો કોઈ રોગના ઉપદ્રવ
તરીકે ઉત્પન્ન થયો હોય તો તે જીવની સાથે જાય છે.

ખર્પરભસ્મઃ–એક શેર જસત લઈ, તેને ઠીકરાના કલેડામાં
મૂકી, ચૂલા પર ચઢાવી, નીચે તીવ્ર અગ્નિ કરવો. જ્યારે તેનો રસ
થાય ત્યારે ખાખરની લીલી મૂળીથી અથવા કેવડાનાં મૂળ જે
કેવડાના ઝાડના થડ સાથે લાગે છે, તે મૂળથી ઘૂંટતાં જવું. ઘૂંટતાં
ઘૂંટતાં જસતની ભસ્મ બની જશે. એ ભસ્મ બન્યા પછી તે કલેડાને
નીચે ઉતારી, ગરમ ગરમ હાલતમાં તેની વચમાં ખાડો કરી, ૦
શેર પારો પેલા ખાડામાં રેડી, કલેડામાંની જસતની ભસ્મથી તેને

ઢાંકી દેવો અને ચૂલા ઉપર ચડાવી નીચે મંદ અગ્નિ આપવો; એટલે તાપથી પારો ઊડી જશે અને લીલાશ પડતી તે જસતની પીળી ભસ્મ થશે. તે ભસ્મને ખરલમાં નાખી કુંવારના રસમાં ઘૂંટી, સરાવસંપુટમાં મૂકી, તેને ગજપુટ અગ્નિ આપવો. સરાવસંપુટમાં મૂકતી વખતે એટલી વાત ધ્યાનમાં રાખવી કે, નીચલા સરાવમાં ભસ્મ ભરાય અને ઉપલું સરાવ ખાલી ઢંકાય. તેમ ભઠ્ઠીમાં મૂકતાં ગજપુટનો ખાડો પ્રથમ અડાયા છાણાંથી પોણો ગજ ભરવો અને તે ઉપર કપડમટ્ટી કરેલા સરાવ સંપુટને ભસ્મવાળો ભાગ નીચે રહે તેવી રીતે ગોઠવીને બાકીનાં છાણાં તેની ઉપર ગોઠવીને અગ્નિ સળગાવવો. ભઠ્ઠી બળી જઇ ઠંડી પડી જાય, એટલે સરાવ સંપુટને કાઢીને ફરી કુંવારના રસમાં ઘૂંટીને ફરી ગજપુટ આપવો. જેમ જેમ ગજપુટ આપતા જઇશું તેમ તેમ ભસ્મ ખીલતી જશે; એટલે પ્રથમ જો તે એક સંપુટમાં સમાતી હશે તો બીજી વાર બે સંપુટની જરૂર પડશે. એવી રીતે વીસ વખત ગજપુટ આપવાથી ભસ્મ ખીલીને રતાશ પડતા પીળા રંગની થશે, એટલે ખર્પરભસ્મ તૈયાર થશે.

બંગભસ્મઃ-કલાઈ પાટને શેર પાંચ લઇ, તેને લોખંડની પેણીમાં મૂકી, નીચે તીવ્ર અગ્નિ આપી તે ઓગળી જાય એટલે એક ઇંચ જાડી વડની મૂળી લઈ તે વડે ઘૂંટતા જવું; અને તેમાં થોડાં થોડાં કડવા સેકટા (સરગવા)નાં પાતરાં નાખતા જવાં. એટલે પાંચ શેર કલાઇમાં શેર એક પાતરાં નાખીશું એટલે તેની ભસ્મ થઈ જશે. પછી તે ભસ્મને કાઢી લઇ બીજી પેણીમાં નાખી, એક શેર આમળાંને સોળ શેર પાણીમાં ઉકાળી, ચાર શેર પાણી રહે તેટલો ઉકાળો તેમાં પચાવવો. તે પછી ચાર શેર ગોમૂત્ર પચાવવું. તે પછી એક શેર તલનું તેલ પચાવવું. એટલે કલાઈની શુદ્ધિ કરતાં, વખતે ભયંકર પરિણામ આવે છે, તે પરિણામ

નહિ આવતાં આ ક્રિયાથી સુખરૂપ શુદ્ધિ થાય છે. કારણ કે શાસ્ત્ર પ્રમાણે શુદ્ધિ કરતાં કલાઇને ગાળીને ત્રિફળાના ઉકાળામાં નાખવાનું વિધાન કહેલું છે; પણ તપેલામાં ઉકાળો ભરી, તેના ઉપર ઘંટીના પડનું વજન મૂકી, તે ઘંટીના ગાળામાંથી પાંચ શેર તો શું પણ એક શેર કલાઈ તપાવીને રેડીએ તો મોટા બંદૂક જેવા અવાજ થઈ કલાઇ ઊડે છે; અને જો શોધન કરનાર વૈદ્ય દર વખતે ઉકાળો બદલે નહિ, તો કલાઇ એટલું જોર કરીને ઊડે છે કે, વજનદાર ઘંટીના પડને પણ જમીનથી બેત્રણ ગજ સુધી ઊંચે ઉરાડે! એટલા માટે એવી ભયભરેલી ક્રિયાના જોખમથી ડરી જઈને કેટલાક વૈદ્યો કલાઈ, સીસું તથા જસતની શુદ્ધિ કરવાનું પડતું મૂકી, અશુદ્ધ ધાતુની ભસ્મ બનાવે છે, જેથી તે ધાતુની ભસ્મો શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે અથવા વૈદ્યના કહ્યા પ્રમાણે કામ કરતી નથી. એટલા માટે અમે ઉપર લખ્યા પ્રમાણેની એક વાર ભસ્મ બનાવીને તેનું શોધન કરીએ છીએ. આથી ધાતુના દરેક પરમાણુમાં રહેલો દોષ નાશ પામી, ભસ્મ બળવાન અને નિર્દોષ બને છે. એ પ્રમાણેની કલાઈની ભસ્મ બનાવી, પછી મેંદીનાં લીલાં પાતરાં ભસ્મથી બમણાં લાવી, તેને પાણી છાંટ્યા વિના બારીક છૂંદી, તૈયાર થયેલી કલાઇની ભસ્મ તે છૂંદેલાં પાતરાંમાં મેળવી દઈ, ટાટ અથવા ગુણપાટના કકડા ઉપર તે પાતરાં સાથેની ભસ્મને બે આંગળ જાડી પાથરવી અને તે પછી તેનો સખત અને કઠણ વીંટો વાળવો. તે વીંટો વળાયા પછી તેને મજબૂત કાથાની કે શણની દોરીથી ખૂબ કસીને બાંધવો. એવી રીતે બાંધેલા વીંટાને એક ઠીબમાં ત્રણ છાણાં નીચે મૂકીને તે પર વીંટાને ગોઠવી, પાંચથી સાત છાણાં તેના પર મૂકી અગ્નિ આપવો, એટલે કલાઈની ભસ્મ ખીલી જશે. એ પ્રમાણે બે વખત મેંદીનાં પાતરાં સાથે અગ્નિ આપવાથી શુદ્ધ બંગભસ્મ થશે. આ ભસ્મ અશક્તને તથા ધાતુક્ષયવાળાને કાંઈ

પણ પથ્ય પાળ્યા સિવાય આપી શકાય છે. માત્ર રોગીને રોગનું પથ્ય કરાવવાની જરૂર છે, પણ ભસ્મના પથ્યની કાંઇ જરૂર નથી.

નાગભસ્મઃ-સીસું શેર પાંચ લઈ લોખંડની પેણીમાં મૂકી ચૂલે ચઢાવી નીચે અગ્નિ આપી, સીસાનો રસ થાય એટલે વડની મૂળીથી તેને ઘસતા જવું. ઘસતાં ઘસતાં છ કલાકમાં તેની ભસ્મ થશે. તે ભસ્મ તૈયાર થયા પછી ત્રિફળાનો ઉકાળો, ગોમૂત્ર અને તેલમાં તેને શુદ્ધ કરવી. એ શુદ્ધિ થયા પછી તે ભસ્મને તપાવીને કેવળ ભસ્મ રહે એવી બનાવી, તે પછી વડનાં લીલાં પાતરાં શેર અઢી લાવી તેને બારીક છૂંદી, તે છૂંદેલાં પાતરાંમાં સીસાની ભસ્મ મેળવી દઇ, હાથથી ખૂબ મર્દન કરી, તેને સરાવ સંપુટમાં ભરી, કપડમટ્ટી કરી, જેટલા સંપુટ થયા હોય તે સર્વને એક ગજપુટ અગ્નિનાં થરેથર ગોઠવી તાપ આપવો. ઠંડું પડ્યા પછી તે ભસ્મને કાઢી લઈ, ફરી વડનાં પાતરાંમાં ઉપર પ્રમાણે સંપુટ કરી, ગજપુટ અગ્નિ આપવો. એવી રીતે દસ વખત વડનાં પાતરાંના ગજપુટ આપવાથી રતાશ પડતી પીળા રંગની વજનદાર પણ ખીલીને ફૂલેલી નાગભસ્મ તૈયાર થશે.

સુવર્ણમાક્ષિક ભસ્મઃ-સુવર્ણમાક્ષિક શેર પાંચ લાવી, તેને ખાંડીને દિવેલમાં (એરંડિયામાં) કાલવી સંપુટમાં ભરી, કપડમટ્ટી કરી ગજપુટના ખાડામાં દસ શેર અડાયાં નીચે પાથરી તે ઉપર પેલા સંપુટો મૂકી, તે ઉપર બીજાં પાંચ શેર અડાયાં સિંચી ભઠ્ઠી સળગાવી અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયા પછી તેને કાઢી દિવેલમાં કાલવી કપડમટ્ટી કરી ઉપર પ્રમાણે આંચ આપવી. એવી રીતે ત્રણ પટ દિવેલના આપવા. તે પછી સુવર્ણમાક્ષિકને ખાટા દહીંમાં અથવા ખાટી છાશમાં મર્દન કરી, સરાવ સંપુટમાં ભરી, કપડમટ્ટી કરી રહેવા દેવાં. તે પછી ગજપુટના ખાડાને સાફ કરી તેની વચમાં એટલે ખાડાની ચારે બાજુએ ચાર ચાર આંગળ

જગ્યા ખાલી રાખી, અડાયાં સિંચવાં અને ખાલી રહેલી જગ્યાએ ડાંગરનાં છાલાં પૂરતા જવું. એ પ્રમાણે પોણો ખાડો ભરાય એટલે તેના ઉપર માક્ષિકાના કપડમટ્ટી કરેલા સંપુટ ગોઠવવા, અને તેના ઉપર બીજાં છાણાં તથા ડાંગરનાં છાલાં ભરીને તેને ઢાંકી દેવાં. પછી તેમાં અગ્નિ સળગાવવો તે એવી રીતે કે, ચારે બાજુએ થોડું થોડું ઘાસતેલ રેડી દિવાસળીથી સળગાવી દેવું, એટલે એક-સરખો તાપ થશે અને ધુમાડો બહુ થશે નહિ. એ ભઠ્ઠી ત્રણ દિવસે અથવા ચાર દિવસે બળીને ઠંડી પડી જાય છે. તે ઠંડી પડ્યા પછી સંપુટમાંથી સુવર્ણમાક્ષિક ભસ્મ કાઢી લઇ, છાશમાં વાટી, ઉપર પ્રમાણે કપડમટ્ટી કરી, ગજપુટના ખાડામાં છાલાં તથા અ-ડાયાં ભરી, સંપુટ ગોઠવી બીજી આંચ આપવી. એ પ્રમાણે દસ આંચ આપવાથી સુવર્ણમાક્ષિકની બારીક, વજનદાર પણ કદમાં ફૂલેલી, પાકા જાંબુના રંગ જેવી શુદ્ધ સુવર્ણમાક્ષિક ભસ્મ થશે. આ ભસ્મ ગરમીનાં ચાંદાં તથા વિસ્ફોટકમાં પણ કામ કરે છે.

રસસિંદૂરઃ-હિંગળોકમાંથી કાઢેલો પારો તોલા ચાળીશ લઇ તેમાં એંસી તોલા ગંધક મેળવી કાજળી કરવી. તે કાજળીને કુંવારના રસનો એક પુટ આપી સુકાતાં સુધી વાટી, પાંચ રત-લિયા અગનશીશી લાવી તે શીશીનું મુખ ઉઘાડું રાખી, મુલતા-ની મટોડીથી સાત કાપડમટ્ટી કરી સૂકવી, તેમાં પેલી કાજળી ભરી, વાલુકાયંત્રમાં મૂકી બત્રીશ પહોરનો મંદ-મધ્ય અગ્નિ આપવો. જ્યારે તેમાંથી ધુમાડો નીકળતો બંધ થાય ત્યારે શીશીના મોં ઉપર ઇંટનો બૂચ બનાવી ચૂનો અને ગોળમાં ખરડી શીશીના મુખ ઉપર બરાબર બેસતો કરવો. તે પછી વાલુકાયંત્રની નીચે તીવ્ર અગ્નિ આપવો. એવી રીતે ચાર દિવસ અને ચાર રાત્રિ અખંડ અગ્નિ આપી, પછી તેને ઠંડું પડવા દેવું. વાલુકાયંત્ર બિલકુલ ઠંડું પડી જાય એટલે શીશી કાઢી લઇ તેની કપડમટ્ટી દૂર કરી શીશીને

ફોડી, શીશીના મધ્યભાગમાં તથા ગળામાં ચોટેલો અરુણ રંગનો રસસિંદૂર કાઢી લઈ તેને ત્રણ દિવસ ખરલમાં કોરો વાટી, કાચની શીશીમાં ભરી મૂકવો.

દરદમઃ–એક શેર હિંગળોક લાવી તેને ખરલમાં વાટી લીંબુના રસનો એક પટ દઇ, વાટતાં વાટતાં સૂકવી નાખી જે ભૂકો તૈયાર થાય તેને શીશીમાં ભરી રાખવો.

કણાચૂર્ણઃ–કાચો હિંગળોક શેર ૦। લઇને ત્રણ દિવસ લગી ખરલમાં ઘૂંટી પછી પીપર શેર ૧ લાવી ખાંડી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, હિંગળોકવાળા ખલમાં હિંગળોકમાં થોડું થોડું ભેળવતા જઇ ઘૂંટતા જવું. જ્યારે તમામ પીપર હિંગળોક સાથે મળી જાય ત્યારે તેને શીશીમાં ભરી લેવું

વાસાદિ ચૂર્ણઃ-અરડૂસાનાં પાતરાં શેર પાંચ લાવી, તેની નસો તથા ડાંખળાં દૂર કરી, એક તપેલામાં ભરી, તેના ઉપર પંદર શેર પાણી રેડી ચૂલે ચડાવવું. ચૂલે ચડાવ્યા પછી તેમાં સિંધવ શેર ૦।, સંચળ શેર ૦।, ખડિયોખાર શેર ૦।, જવખાર શેર ૦।, બંગડીખાર શેર ૦।, સૂરોખાર શેર ૦। તથા પાપડખાર શેર ૦।નું ચૂર્ણ કરીને નાખવું અને ઊકળતું પાણી તમામ બળી જાય પણ અરડૂસાનાં પાતરાં દાઝે નહિ તેમ પાણી રહી જાય નહિ એવી રીતે તમામ પાણી બાળી મૂકી, પછી તે બાફેલા પાલાને તડકે સૂકવી, તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, મજબૂત બૂચવાળી શીશીમાં ભરી રાખવું. આ વાસાદિ ચૂર્ણ શિયાળામાં કે ઊનાળામાં બનાવવું. વળતપાણી થયા પછી બનાવશો તો ક્ષાર પીગળી જશે અથવા શીશીને બૂચ બરાબર નહિ મારો તો ચોમાસાની હવાથી ક્ષાર પીગળી જશે; એટલે એ ઓષધ ફેંકી દેવું પડશે.

શંખભસ્મઃ–શંખ શેર પાંચ લાવી તેના કટકા કરી ઠીબા-

માં ભરી, ગજપુટ અગ્નિ આપવો. પછી ઠંડું પડયા બાદ તેને કફને કાપવાવાળો બનાવવો હોય, તો આકડાના દૂધમાં ઘૂંટી તેની ટીકડીઓ કરી સૂકવી માટીની ઠીબમાં મૂકી તેને ગજપુટ અગ્નિ આપી, ઠંડું પડે એટલે કાઢી લઇ શીશીમાં ભરી લેવી.

પ્રવાલભસ્મઃ-પરવાળાની જાડી ડાંખળી સડીને કાણાં ન પડયાં હોય એવી રાતા રંગની શેર પાંચ લઇ તેને ઠીબમાં મૂકી, ગજપુટ અગ્નિ આપી, ભસ્મ બનાવવી. તે ભસ્મને કાઢી લઇ, જો શક્તિ માટે વાપરવી હોય, તો એક પુટ દૂધનો તથા એક પુટ કુંવારના રસનો આપી, ગજપુટ આપવો; અને જો વાયુની ખાંસીમાં અથવા જેની છાતીમાં ચાંદી પડી નથી એવી ખાંસી કે ક્ષયમાં વાપરવી હોય, તો આકડાના દૂધનો પુટ આપી ગજપુટ અગ્નિ આપવો; પછી તેને વાટી શીશીમાં ભરી લેવી.

કનકફળ પુટપાકઃ-જવખાર તોલા બે અને કાળાં મરી તોલા બેને વાટી ચૂર્ણ કરી, ધંતૂરાનાં લીલાં ફળ લાવી તેની ચાર ચીરી કરી, દરેક ફળમાં અર્ધા તોલાને આશરે ઉપલો ભૂકો ભરી, તેના ઉપર કપડમટ્ટી કરી, ધંતૂરાનાં ફળ બફાય એટલો અગ્નિ આપી તેને કાઢી લઇ, ગરમગરમ વાટી, તેની મઠના દાણા જેવડી ગોળી બનાવી, છાંયામાં સૂકવી ભરી રાખવી.

ખદિરાદિ ગુટિકાઃ-આકડાનાં ફૂલની મીજ શેર એક, લવિંગ શેર એક અને ઊંચી જાતનો કાથો શેર એક લઇને ભેગાં ખાંડીને તેનો એક લોચો બનાવી તપેલીમાં ભરવો. પછી તે તપેલી કરતાં જરા મોટા મોઢાની બીજી તપેલી લઇ તેમાં પાણી શેર બેને આશરે મૂકી, તે તપેલી ઉપર ચારણી મૂકી, તે ચારણીમાં પેલા ભૂકાવાળી તપેલી ઊંધી પાડી, તે બેઉ તપેલીઓને સગડીમાં કોલસા સળગાવી તે ઉપર મૂકવી. એટલે પાણીની વરાળ થઈ,

ચારણીનાં છિદ્રમાંથી થઇ તપેલીમાંના ભૂકાને ખાઇ નાખશે. તે ખફાયા પછી તેને ખૂબ ઝીણું વાટી તેની વટાણા જેવડી ગોળી બનાવી, તડકે સૂકવીને ભરી રાખવી.

દ્રાક્ષાદિ ગુટિકાઃ–ખાવાની ભરૂચી તમાકુ શેર ૦ા, કાળાં મરી શેર ૦। તથા કાળી દ્રાક્ષ શેર ૦ાા લઈ પ્રથમ તંબાકુ અને મરીને ઝીણાં વાટી વસ્ત્રગાળ કરવાં. પછી દ્રાક્ષમાંથી ઠળિયા કાઢી પેલો ભૂકો તેમાં મેળવી ખૂબ ખાંડી, એકરસ થઈ જાય ત્યારે તેની મરીના દાણા જેવડી ગોળી વાળી, શીશીમાં ભરી મૂકવી.

પીળો શ્વાસકુઠારઃ–મનસીલ શેર અર્ધો તથા મરી અર્ધો શેર લઇ એ બેને વાટી વસ્ત્રગાળ કરી, ખરલમાં ખૂબ ઝીણાં વાટી તેમાં આદાનો રસ નાખી બારીક વાટી, વાટતાં સુકાઇ જાય ત્યારે શીશીમાં ભરી મૂકવો.

રાજમૃગાંકઃ–પારો તોલા ૬, કલાઇ તોલા ૬, નવસાર તોલા ચાર અને ગંધક તોલા આઠ લઇ, કલાઇને ગાળી તેમાં પારો મેળવવો, એટલે તે કલાઇ ખરલમાં વટાશે. પછી તેમાં ગંધક તથા નવસાર નાખી કાજળી બનાવી, આગનશીશીમાં ભરી, વાલુકાયં-ત્રમાં મૂકી બાર પહોર અગ્નિ આપવો. અગ્નિ આપતાં જ્યારે ધુમાડો નીકળતો બંધ થાય, ત્યારે રસસિંદૂરની માફક તેના મોઢા ઉપર ઇંટનો ખૂચ મારી તેજ અગ્નિ આપવો. એટલે શીશીને તળિયે સુંવાળી સોનાના રંગ જેવી ભસ્મ તૈયાર થશે. જો તે ભસ્મમાં વજનદાર કાળો કીટો રહી જાય તો તે કીટો ફેંકી દેવાનો છે અને શીશીની બાજુમાં રસસિંદૂર જેવો પદાર્થ વળગેલો મળી આવશે; તેને જુદો કાઢી લેવો તથા શીશીના ડાટા આગળ ગળામાં સફેદ ખાર વળગેલો મળશે તેને જુદો કાઢી લેવો. સોનેરી રંગનો મૃગાંક ક્ષય, ખાંસી અને પ્રમેહ માટે સારો છે. રાતા રંગનો મૃગાંક

માખણ સાથે અથવા દૂધની મલાઇ સાથે આપવાથી ખાંસી મટા તવાઇ ગયેલા માણસને શક્તિ આપી પુષ્ટ બનાવે છે. ઉપરચ નીકળેલો ક્ષાર મધમાં આપવાથી સૂકી ખાંસીને લીલી બનાવે છે.

સૂર્યાવર્ત:-એક માટીની હાંડલી ૨ શેર ચોખા ચડે એટલી લઇને તેને તળિયે હાથીદાંતનો વહેર અધીં હાંડલી સુધી દાબીને ભરવો. તે વહેર ઉપર સૂરોખાર શેર એક મૂકવો. તેના ઉપર બીજો દાંતનો વહેર હાંડલી ભરાય એટલો દાબીને ભરવો. તેના ઉપર ઢાંકણું ઢાંકી સગડીમાં કોલસા સળગાવી મેદાનમાં સગડી મૂકી, તે ઉપર હાંડલી ચડાવવી, એટલે વહેર બળવા માંડશે. જો મેદાનમાં મૂકીશું નહિ તો તેની ગંધથી આપણે અકળાઇ જઇશું. તે વહેર બળવા માંડશે એટલે સૂરોખાર ફૂલવા માંડશે. જેમાં એટલો મોટો ગડગડાટ થશે કે જાણે હાંડલી ફૂટી ગઈ, પણ તેથી હાંડલી ફૂટતી નથી અને સૂરોખાર બળીને ઊડી જતો નથી. એ પ્રમાણે તમામ દાંતનો વહેર બળી જાય અને ધુમાડો નીકળતો બંધ થાય, એટલે વહેરની રાખોડી કાળી પડી ગયેલી જુદી કાઢી નાખી, હાંડલીને તળિયે બેઠેલો સૂરોખાર લઇને વાટીને શીશી ભરી મૂકવી. જેની છાતીમાં ચાંદી પડી હોય અથવા છાતીમાં દાહ સાથે ખાંસી હોય અથવા પેશાબ પર તનખ મારતી હોય તેમાં આ રસ ઉત્તમ પ્રકારે કાર્ય કરે છે.

કંટકાર્યવિલેહ:-ભોંયરીંગણીનું પંચાંગ લીલું દશ રતલ લાવીને તેને જરા છુંદીને ચાર મણ પાણીમાં ઉકાળવું. જ્યારે એક મણને આશરે પાણી બાકી રહે, ત્યારે કપડે ગાળી લઇ, તે ઉકાળાને કઢાઇમાં નાખી ગળો, ચવક, ચિત્રો, મોથ, કાકડાશિંગ, સૂંઠ, મરી, પીપર, ધમાસો, ભારંગમૂળ, રાસ્ના અને ગડકચૂરો એ બાર ઓસડ ચાર ચાર તોલા લઈ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, તે ઉકાળામાં મેળવવું. ત્યાર પછી સાકર એંસી તોલા, ઘી બત્રીશ

તોલા અને સરસિયું તેલ બત્રીશ તોલા મેળવી ઉકાળામાં નાખી ઊકળતાં ઊકળતાં જ્યારે માવા જેવો થાય, ત્યારે તેને ટાઢો પાડી, મધ બત્રીશ તોલા, વાંસકપૂર સોળ તોલા અને પીપર સોળ તોલાનું ચૂર્ણ કરી, તે અવલેહમાં મેળવી કાચની બરણીમાં ભરી રાખવો.

દ્રાક્ષાસવઃ-કાળી દ્રાક્ષ શેર દશ તથા ધાવડીનાં ફૂલ શેર વીશ અને ગોળ શેર વીશ એ ત્રણેને બાર મણ પાણીમાં પલાળવાં. પછી દ્રાક્ષ ફૂલી જશે તેને હાથેથી ચોળી નાખવી. એ પછી એને ચૂલા પર મૂકી ઉકાળવું. જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે, ત્યારે કપડાથી ગાળી તેમાં વાયવડિંગ, ત્રાયમાણ, પીપર, તજ, એલચી, તમાલપત્ર, નાગકેશર અને કાળાં મરી એ પ્રત્યેકનું આઠ આઠ તોલા ચૂર્ણ મેળવી તે ઉકાળાને ફરી ચૂલે ચડાવી બે ઊભરા આવે એટલે ઉકાળી, ટાઢો પડ્યા પછી કાચની પેચવાળી બરણીઓમાં ભરી તે બરણીઓને તડકે તથા ઝાકળે રહેવા દેવી. દોઢ મહિનો થયા પછી દ્રાક્ષાસવ તૈયાર થશે. એ દ્રાક્ષાસવમાં દર મહિને ફૂગ વળી બરણીનાં મોઢાં ઉપર જાડો પોપડો બંધાશે, તે ફૂગનો પોપડો કાઢી નાખતા જવો. એ ફૂગના પોપડાથી આસવ બગડી ગયો છે એમ માનવું નહિ, પણ જેમ જેમ વખત જશે તેમ તેમ તે આસવ ખટમધુરો થતો જશે. શાસ્ત્રકારે જો કે દોઢ માસ પછી આસવ પીવાની રજા આપી છે, પરંતુ ખરેખરો પીવા લાયક તો જ્યારે ફૂગ આવતી બંધ થાય ત્યારેજ થાય છે. એટલે બાર માસ પછી એનાં ગુણ અને બળ વધે છે. તે પછી જેમ જેમ તે જૂનો થતો જાય છે, તેમ તેમ ગુણ વધતો જાય છે. પણ કેટલીક વાર એવું બને છે કે, તેનો ખાટો તથા ગળ્યો રસ બદલાઈને પાણી જેવો મોળો સ્વાદ બની જાય છે. તે વખતે તેને ફેંકી દેવા સિવાય બીજો ઇલાજ નથી. આ દ્રાક્ષાસવ ક્ષયવાળા રોગીને તવાઈ ગયેલી અવસ્થામાં ઘણો સરસ ગુણ કરે છે અને

શરીરમાં લોહીનો વધારો કરે છે; પણ શ્વાસના રોગીને આ
વાથી તેનો શ્વાસ વધી જાય છે, તેથી શ્વાસના રોગીને આપવો નહિ.

મધુયષ્ટિ ગુટિકા:-એલચી તોલા ચાર, લવિંગ તોલા ચાર, ખહેડાંની છાલ તોલા ચાર, વરિયાળી તોલા ચાર, ચોખ્ખો કાથો તોલા ચાર, કાળાં મરી તોલા ચાર, જેઠીમધ તોલા ચાર, જેઠીમધનો શીરો તોલા સોળ અને ઈલમિટનાં ફૂલ તોલો એક, એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી ઈલમિટનાં ફૂલ નાખી, પાણી સાથે વાટી વટાણા જેવડી ગોળીઓ વાળી છાંયે સૂકવી રાખી મૂકવી. એ ગોળી મોમાં રાખી રસ ગળવાથી ગળાને સુંવાળું રાખી ઉધરસને બેસાડે છે.

એલા:-કાચ એળિયો તોલા ચાર લઈ તેમાં ગોળ મેળવી વટાણા જેવડી ગોળી વાળવી. આ ગોળી વાળતાં એટલી સંભાળ રાખવાની છે કે, ગોળ વધતો પડશે તો ગોળી ઢીલી થઈ પાછો લોચો બની જશે. માટે પ્રથમ એક તોલો ગોળ લઈ તેને ઘૂંટવો અને તેમાં થોડો થોડો એળિયો મેળવી ગોળી વળે એવું કઠણ થાય એટલે ગોળી વાળી તે ઉપર રૂપાનો વરખ ચડાવી દેવો. એ ગોળીમાંથી બે ગોળી પાણી સાથે ગળી, તેના ઉપર ચાર તોલા ઘી ગરમ કરીને પીવું. ઘી પીધા પછી તરત પાણી પીવું નહિ, પણ અર્ધો કલાક પછી પાણી પીવામાં હરકત નથી. છતાં પાણી પીવાની જરૂર જણાય તો કોઈ પણ પદાર્થ ખાઈને પછી પાણી પીવું. આ ગોળી દિવસમાં બે વાર બબ્બે આપવી અને રોગીને તેલ, મરચું તથા ખટાશ બંધ કરાવવાં; તેમજ ઘીવાળો ખોરાક આપવાથી દમ, હાંફ અને શ્વાસને બેસાડે છે.

નાગબંધ:-હિંગળોક, વછનાગ, અકલગરો, તજ અને મરી એને સમભાગે લઈ હિંગળોકને પ્રથમ વાટી બાકીનાં વસાણાં વસ્ત્રગાળ કરી હિંગળોકમાં મેળવતા જવું અને ઘૂંટતા જવું. બરાબર રાતા રંગનું ચૂર્ણ થાય એટલે મધ મેળવી વટાણા જેવડી

ગોળી વાળવી. એ ગોળી એકેકી અથવા બબ્બે મધ અગર પાણી સાથે આપવાથી લૂખી ખાંસી, અમૂંઝણ, દમ અને પેટના વાયુને તથા તાવને પણ મટાડે છે. પરંતુ એ ગોળી પિત્તપ્રકૃતિવાળાને આપવાથી તેને ચક્કર આવે છે, સાંધા ઢીલા થઈ ગયા હોય એમ જણાય છે અને જીવ ગભરાય છે. તેવી અવસ્થામાં એક શેર દૂધ લઈ તેમાં સાકર નાખી ચાર તોલા ઘી નાખી, ઉકાળીને પાવાથી આ ઉપદ્રવ શાંત થઈ જાય છે. મતલબ કે, આ ગોળી દરેક માણસને ઝટ ઝટ આપવાની નથી.

જે રોગીને ઉરઃક્ષત થયો હોય, છાતીએ ચાંદી પડી હોય, મોઢેથી પરુ પડતું હોય અને તે પરુ પુષ્કળ ગંધાતું હોય, એવી અવસ્થામાં **ખર્પરભસ્મ** અને **માક્ષિકભસ્મ** અર્ધો અર્ધો વાલ મેળવી ઘીમાં ચટાડવી અને તેના ઉપર કંટકાર્યાવલેહ ૦। તોલો લઈ ચાર તોલા પાણીમાં ચોળી, તેને જરા ગરમ કરી ઉપરથી પાવો. એવી રીતે દિવસમાં બે વખત આપવાથી જો રોગી શ્રદ્ધાપૂર્વક ત્રણથી છ માસ સુધી સેવન કરી તેલ, મરચું, હિંગ અને આમલીની પરેજી પાળે તો ભયંકર ઉરઃક્ષત પણ મટે છે.

જો રોગીને માત્ર ખાંસીની સાથે લોહીના બળખા પડતા હોય, તો **ખર્પરભસ્મ** વાલ અર્ધો, દિવસમાં ત્રણ વાર ઘી સાથે ચાટવાથી બેચાર દિવસમાં લોહીના બળખા બંધ થઈ જાય છે અને વધુ સેવન કરવાથી ઉરઃક્ષતને મટાડે છે. જો રોગીને ખાંસીની સાથે છાતીના **મધ્યભાગમાં** દુખાવો હોય તો **મૃગશૃંગ** વાલ અર્ધો ઘી સાથે દિવસમાં ત્રણ વાર ચટાડવાથી એકજ દિવસમાં આરામ દેખાય છે. પણ જો છાતીમાં અથવા પાંસળાંમાં એક ઠેકાણે શૂળ ચાલતું હોય, તો **મૃગશૃંગ** વાલ અર્ધો તથા **સાબરભસ્મ** વાલ અર્ધો મેળવીને મધ અને ઘી સાથે દિવસમાં ત્રણ વાર ચટાડવાથી ત્રણ-ચાર દિવસમાં આરામ થઈ જાય છે. જો રોગીને વાતકફની [illegible]

આત હોય, તાવ મધ્યમસરનો કાયમ રહેતો હોય, શરીર નિસ્તેજ
થતું જતું હોય, દિન પર દિન શક્તિ ઘટી જતી હોય, એટલે ક્ષય-
નો રોગી પહેલા પગથિયા ઉપર ઊભો રહી, બીજા પર ચઢવાને
તૈયાર થયો હોય, તેને કંટકાર્યાવિલેહ અધો તોલો સવારે અને
અધો તોલો રાત્રે ગરમ પાણીમાં ઉકાળીને આપવાથી એક અથવા
બે માસમાં તે રોગથી મુક્ત થાય છે. જે રોગીને લૂખી ખાંસી
અથવા બળખાવાળી ખાંસી લાગુ પડી ચૂકી છે, તે સાથે ઝીણો
તાવ આવે છે અને શક્તિ એકદમ ઘટવા માંડી છે, તે રોગીને
દ્રાક્ષાસવ તોલો દોઢ બપોરે જમ્યા પછી તુરત તથા રાત્રે જમ્યા
પછી તુરત પાવો. આ દ્રાક્ષાસવ ભૂખ્યે પેટે પાવો નહિ. જો ત્રણ
વાર પાવાની જરૂર જણાય તો સવારમાં સાકર-એલચી નાખી
ઉકાળેલું દૂધ શેર અધો અથવા બે રૂપિયાભાર ઘીનો સાકરનો
શીરો ખવડાવી તે ઉપર દ્રાક્ષાસવ પીવાથી પેટમાં દાહ થાય છે,
મળને સૂકવી નાખે છે અને માથામાં ચક્કર આવે છે. માટે કાંઈ
પણ ખોરાકની ઉપર આપવાથી એકદમ શરીરમાં લોહીનો વધારો
કરી રોગીના મુખ પર તેજ લાવી શરીર સશક્ત બનાવે છે. અથવા
એવા રોગીને સવારમાં મધ, ઘી, માખણ અથવા સાકર સાથે બંગ-
ભસ્મ વાલ અધો ચટાડી, બપોરે જમ્યા પછી તથા રાત્રે વાળુ કર્યા
પછી એકથી બે તોલા સુધી દ્રાક્ષાસવ પાવાથી ઘણોજ ફાયદો થશે.
માત્ર આ દ્રાક્ષાસવ હાંફવાળા રોગીને આપવો નહિ.

જે રોગીને શરૂઆતમાં પ્રમેહ થયો હોય, તે પ્રમેહ મટી ગયા
પછી સહેજ કસર બાકી રહી હોય તેની નબળાઈને લીધે શરીર સુકાતું
જતું હોય ને સાથે લૂખી ખાંસીનો ઉપદ્રવ હોય, તો નાગભસ્મ બે
ચોખાપૂરને આશરે દિવસમાં ત્રણ વાર ઘી અથવા માખણ સાથે
આપવાથી અને ઉપરથી દ્રાક્ષાસવ પાવાથી ઘણોજ ફાયદો થાય
. એવીજ રીતે પ્રમેહમાંથી અથવા સ્વપ્નદોષમાંથી અથવા સ્ત્રી-

સંગથી પ્રતિલોમ કે અનુલોમ ક્ષય થયો હોય, તો **રાજમૃગાંક સોનેરી રંગનો** વાલ અર્ધો ઘી તથા સાકર સાથે સવારમાં ચટાડવો; અને સાંજે વાળુ કર્યા પછી મૃગાંકની શીશીમાં રસસિંદૂર જેવો રાતો મૃગાંક નીકળેલો હોય, તેમાંથી એક રતી મધ સાથે ચટાડવો. પણ જો લૂખી ખાંસી આવતી હોય તો રાત્રે સૂતી વખતે મૃગાંકની શીશીના મુખ ઉપરથી નીકળેલો ક્ષાર અર્ધા વાલને આશરે મધ સાથે રાતના દશ વાગ્યા પછી ચટાડવો; એથી એ રોગી સારો થશે. એકંદરે ક્ષય અને ઉરઃક્ષતનાં જુદાં જુદાં સ્વરૂપોમાં સ્વાભાવિક અને આગંતુક કારણોમાં વાયુ, પિત્ત અને કફનો હીન, મિથ્યા અને અતિયોગ થવાથી શરીર કૃશ બને છે. તેમાં પૂર્ણચંદ્રોદય, સ્વલ્પ ચંદ્રોદય, ખર્પરભસ્મ, માક્ષિકભસ્મ, નાગભસ્મ, બંગભસ્મ, કંટકાર્યાવલેહ અને દ્રાક્ષાસવ, રોગનું બળાબળ જોઈ, બુદ્ધિપૂર્વક એમાંના કોઈ પણ ઉપાયની અથવા મિશ્રઉપાયની યોજના કરવામાં આવે; તથા ચિકિત્સાના ચારે પાયા સોળે કળાસહિત મળી આવે, તો ગમે તેવો ભયંકર વ્યાધિ પણ મટી શકે છે. જો રોગીને સામાન્ય ખાંસી થઈ હોય તો **ખોંખલી** વાલ એક દિવસમાં ત્રણ વાર મધમાં ચટાડવાથી તે મટે છે. અથવા ખોંખલી, કપર્દભસ્મ અને કણાચૂર્ણ મેળવીને વાલ વાલનું પડીકું દિવસમાં ત્રણ વાર મધમાં આપવાથી સામાન્ય ખાંસી મટે છે. અથવા સાબરભસ્મ અને કણાચૂર્ણ સાથે મેળવીને વાલ વાલનું પડીકું મધ સાથે અથવા મધ અને ઘી સાથે આપવાથી એ ખાંસી મટે છે. જો લૂખી ખાંસી આવતી હોય અને ઉપરના ઉપાયથી ફાયદો જણાય નહિ, તો **વાસાદિ ચૂર્ણ** વાલ અર્ધો દિવસમાં ત્રણ વાર મધમાં ચટાડવાથી આરામ થાય છે. અથવા **ખદિરાદિ ગુટિકા** દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી પાણી સાથે ગળાવવાથી ખાંસી મટે છે. જો ખાંસીમાં કફ સુકાતો હોય અને સહેજ હાંફ ચાલતી હોય તો માણેકરસ

ગુટિકાની ત્રણ ત્રણ ગોળી દિવસમાં ત્રણ વખત પાણી સાથે અ
વાથી અથવા મધ સાથે ચટાડવાથી ખાંસી મટે છે. જો માત્ર લૂ
ખાંસી આવતી હોય અને રોગી અત્યંત અકળાતો હોય, રાતો
વસ બિલકુલ મેં મળતું નહિ હોય તો દ્રાક્ષાદિગુટિકા દિવસમ
ત્રણ વાર બબ્બે ગોળી પાણી સાથે ગળાવવાથી કફ પાકી લીલો
થઈ ખાંસી મટે છે. પણ આ ગોળીથી ઘણી વાર જીવ કચવાઈ
ઊલટી થાય છે. તેવી અવસ્થામાં જરા ઘી ચટાડવાથી ફેર, ચક્કર,
ઊલટી અને જીવ કચવાતો બંધ થઈ જાય છે. જો લૂખી ખાંસી
હોય અને ગળું સુકાતું હોય તો મધુયષ્ટિની એકેક ગોળી
કલાક કલાકે મોંમાં રાખી રસ ચૂસવાથી ઘણું સરસ કામ કરે છે.
જો રોગીને તાવ આવી ગયા પછી અથવા તાવની સાથે હાંફ
સાથે ખાંસી આવતી હોય, તો માણેકરસ વાલ અર્ધાને આશરે
દિવસમાં ત્રણ વાર મધમાં આપવાથી ખાંસી મટે છે. જો રોગીને
તાવ, પાસામાં શૂળ અને ખાંસી એ ત્રણ સાથે હોય (જેને ત્રિદોષ
કહેવામાં આવે છે) તેવા રોગીને આદુ તોલો એક વાટીને તેમાં
પાણી મૂકી એક તોલો રસ કાઢવો. પછી તેમાં અર્ધો તોલો મધ
નાખી,પિવાય તેવું ગરમ કરી, સાબરભસ્મ વાલ અર્ધો અને માણેક-
રસ વાલ અર્ધો, પ્રથમ મધમાં ચટાડી તેના ઉપર આદુ-ફુદીના-
વાળો રસ થોડો ઊનો પાવાથી તે ત્રિદોષને મટાડે છે. એ પ્રમાણે
બુદ્ધિ પહોંચાડી પાછલા પ્રકરણમાં તથા આ પ્રકરણમાં જે જે
ઉપાયો લખ્યા છે, તે તમામ વાયુ, પિત્ત અને કફપ્રધાન
ખાંસીનું સ્વરૂપ સમજી આપવાથી જરૂર ખાંસીને મટાડે છે.
જો કોઈ રોગીને હેડકી (હિક્કા) થઈ હોય તો એક રૂપિયા-
ભાર ગોળનું પાણી કરી તેમાં અર્ધો વાલ માણેકરસ મેળવી,
કલાકે કલાકે અથવા બબ્બે કે ત્રણ ત્રણ કલાકે પીવાથી હેડકી
મટી જાય છે. અથવા મોરપિચ્છની ભસ્મ વાલ અર્ધો, મધમાં દિવ-

સમાં ત્રણ અથવા ચાર વાર આપવાથી હેડકી મટી જાય છે. અથવા મુંજની દોરી અગર જૂની કાથાની દોરીને ચલમમાં ભરી અગર બીડી બનાવી, તેનો ધુમાડો પાવાથી હિક્કા મટી જાય છે. અથવા પીળો શ્વાસકુઠાર અધો વાલ મધ સાથે બબ્બે કલાકે આપવાથી હેડકી જરૂર મટી જાય છે. જેટલા ઉપાય શ્વાસ રોગના અથવા ખાંસીના લખેલા છે, તે તમામની યોજના હિક્કામાં પણ કરી શકાય છે, એટલે જે ઉપાયથી કાસ અને શ્વાસ મટે છે તેજ ઉપાયથી હેડકી પણ મટે છે.

જે રોગીને **શ્વાસરોગ** થયો હોય એટલે જેને આપણે દમ કે અમૂંઝણ કહીએ છીએ તે રોગીને કંટકાર્યાવલેહ દિવસમાં ત્રણ વાર ગરમ પાણી સાથે તોલો અધો આપવાથી ઘણો ફાયદો થાય છે. અથવા શ્વાસકુઠારરસ કે કલ્પતરુરસ અધો અધો વાલ મધ સાથે અગર ઘી સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી ફાયદો થાય છે. અથવા શ્વાસનો રોગી બહુજ અકળાતો–ગભરાતો હોય તો પાણી એક શેર તપેલીમાં મૂકી તેમાં સાકર તોલો એક નાખી, ઉકાળતાં ચાર તોલા પાણી રહે ત્યારે પિવાય તેટલું ગરમ પાવાથી અર્ધો કલાકલાં કફ છૂટો પડી હાંફ નરમ પડી જાય છે. આ પાણી એકજ વાર પાવાનું છે. એ પાણી પાઈને હાંફ નરમ પડયા પછી શ્વાસકુઠાર અથવા માણેકરસ કે સાબરભસ્મની યોજના કરવી. શ્વાસનો રોગી બહુ અકળાતો હોય તો આદુ–ફુદીનાનો રસ કાઢી તેમાં મધ મેળવી દરદમ વાલ અધો અથવા બાજીભાઈ માત્રા એક ચોખાપૂર મેળવી અથવા કણાચૂર્ણ વાલ એક મેળવી પાવાથી હાંફ તરત નરમ પડે છે. હાંફના રોગીને પીળો શ્વાસકુઠાર વાલ અધો, સાબરભસ્મ વાલ અધો અને કણાચૂર્ણ વાલ અધો દિવસમાં ત્રણ વાર મધ સાથે અથવા મધ ને ઘી સાથે લાંબા દિવસ આપવાથી શ્વાસના રોગીને ઘણો ફાયદો થાય છે. ઘણી-

વાર એકલી શંખભસ્મ અથવા પ્રવાલભસ્મ મધ સાથે આપવાથી ફાયદો થાય છે. શ્વાસકુઠાર રસ, કલ્પતરુરસ, વાસાદિ ચૂર્ણ, બંગભસ્મ, દરદમ, સ્વલ્પ ચંદ્રોદય અને સાગરભસ્મ એ દરેકની સાથે થોડું થોડું કણાચૂર્ણ મેળવી મધ સાથે, ઘી સાથે અથવા દૂધની મલાઈ સાથે અથવા સાકરના ગરમ પાણી સાથે આપવાથી લાંબે કાળે શ્વાસરોગ મટે છે. અમારા અનુભવ પ્રમાણે શ્વાસના રોગીને કઈ ચીજ પથ્ય છે અને કઈ અપથ્ય છે તે કહી શકાતું નથી. કારણ કે કેટલાક શ્વાસના રોગીને કેળાં અથવા દહીં અથવા તેલવાળા પદાર્થો અથવા છાશ અગર ખીચડી ખાવાથી શ્વાસ ઊપડી આવે છે અને કેટલાક શ્વાસના રોગીને એ વસ્તુઓ ખાવાથી ઊપડેલો શ્વાસ બેસી જાય છે. એટલા માટે અમે તો તે રોગીને જે વસ્તુ નડતી હોય તેની પરેજી કરાવી ઉપર લખેલાં ઔષધો પૈકી ગમે તે ઔષધની યોજના કરીએ છીએ. આથી શ્વાસ નરમ પડી જાય છે. પણ એટલું તો નક્કી છે કે, પૂર્ણચંદ્રોદય સિવાય શ્વાસને જડમાંથી ઉખેડી કાઢવા જેવો એક પણ ઉપાય ફતેહમંદી ભરેલો જણાતો નથી. કેટલાક વૈદ્યો મારેલો સોમલ, મારેલી હરતાલ, અથવા સહસ્રપુટી અભ્રખભસ્મ ખવડાવી શ્વાસરોગની જડને નિર્મૂળ કરવાનો દાવો રાખે છે; પણ શ્વાસના રોગીનો શ્વાસ નિર્મૂળ થયેલો અમારા જોવામાં આવ્યો નથી. કારણ કે અત્યંત આકરા ઔષધથી કફ લીલો થાય છે જેથી વાયુનો હીનયોગ થાય છે અને પિત્તનો અતિયોગ થાય છે; અને તે પિત્તના અતિયોગને શાંત કરવા માટે ઘી, દૂધ, સાકર વગેરે આપવાથી કફ બળી જાય છે. તેવીજ રીતે વાયુને બળવાન કરવાવાળા રજોગુણી પદાર્થો આપવાથી વાયુનો અતિયોગ થઈ, કફનો હીનયોગ થવાથી કફ સુકાઈ જાય છે, તેથી પણ વીર્ય બની શકતું નથી. એટલા કારણથી જેમ વાયુથી થયેલો પ્રમેહ અસાધ્ય ગણાય છે, તેમ

વાયુ અને કફપ્રધાન શ્વાસરોગ પણ અસાધ્ય ગણાય છે. માટે શ્વાસના રોગીને શક્તિવર્ધક, વીર્યવર્ધક, લોહીવર્ધક અને બૃહદ્ ચિકિત્સા કરી તેના જીવનને ટકાવી રાખવું એટલુંજ વૈદ્યનું કર્તવ્ય છે. આટલો અમારો અનુભવ છે. પરંતુ વિદ્વાન વૈદ્યો પોતાના અનુભવથી શ્વાસના રોગને સારો કરે અને બીજા નવા રોગને ઉત્પન્ન ન કરે, એવા ઉપચારથી જનસમાજનું હિત ચિંતવતા હોય તો તેને માટે ધન્યવાદ આપીએ છીએ.

જો કોઇ રોગીને સ્વરભંગ થયો હોય તો ખાંસીના અને શ્વાસના ઉપર લખેલા ઉપચારો પૈકી કોઈ પણ ઉપચારથી મટી શકે છે; પરંતુ સ્વલ્પ ચંદ્રોદય મધ સાથે આપવાથી, મધુયષ્ટિની ગોળી અથવા ખદિરાદિની ગોળી મોંમાં રાખી રસ ગળવાથી અથવા કાળો કે પીળો શ્વાસકુઠાર મધ-ઘી સાથે આપવાથી સ્વરભંગ મટે છે. સામાન્ય જાતનો સ્વરભંગ આપણે ઘેર લગ્ન કે ઉત્સવપ્રસંગ હોય તે અરસામાં થાય છે. તેવા સ્વરભંગમાં આખું આમળું અથવા હીમજી હરડે અથવા ભુજગંધ અથવા બહેડાંની છાલ મોંમાં રાખી રસ ગળવાથી મટે છે. પરંતુ ક્ષયના રોગમાં, ખાંસીમાં કે શ્વાસના રોગમાં ઉપદ્રવ તરીકે ઉત્પન્ન થયેલો સ્વરભંગ તે રોગીઓનું મરણ પાસે આવવાની નિશાની તરીકે ગણાય છે. તેની ચિકિત્સા કરતાં જો પ્રથમ સ્વરભંગ સારો થાય તોજ તે રોગીના બચવાની આશા રાખી શકાય છે. કેટલીક વાર સ્વરભંગના રોગીને પાકાં કેળાંની છાલ અથવા ગુલાબજળમાં મેળવેલી ગુલેઅરમાની અથવા મુલતાની વાટી અથવા કોથમીર (લીલા ધાણા)ના રસમાં સોનાગેરુ મેળવી ગળે ચોપડવાથી અથવા એકલી કોથમીર ગળે બાંધવાથી સામાન્ય સ્વરભંગ મટી જાય છે. અથવા આંબાનો સૂકો મોર અથવા બાવળનાં સૂકાં ફૂલ મોંમાં રાખી રસ ગળવાથી પણ સ્વરભંગ મટે છે. અથવા રસસિંદૂર એ

રતી વજને *દૂધની મલાઇ સાથે દિવસમાં બે વાર આપવાથી ઉરઃક્ષતના ઉપદ્રવ તરીકે ઉત્પન્ન થયેલો સ્વરભંગ મટે છે. અથવા રસસિંદૂર બે રતી અને સોનેરી રંગનો રાજમૃગાંક બે રતી લઈ એ બેને સાથે મેળવી, દિવસમાં ત્રણ વાર દૂધની મલાઈ સાથે અગર માખણ અને સાકર સાથે આપવાથી ખાંસીના ઉપદ્રવ તરીકે થયેલો સ્વરભંગ મટે છે. માટે અમે ઉપર બતાવી ગયેલા અમારા ખાસ અનુભવેલા કોઈ પણ *ઉપાયમાંથી બુદ્ધિપૂર્વક ઉરઃક્ષત, કાસ, હિક્કા, શ્વાસ અને સ્વરભંગના રોગ ઉપર યોજના કરવામાં આવશે તો જરૂર વૈદ્યને યશની પ્રાપ્તિ થશે.

उरःक्षत, कास, हिक्का, श्वास अने स्वरभंगना केटलाक अनुभवसिद्ध उपायो

१-વૈદ્ય નંદરામ પ્રાગજી-નાગેશ્રી

૧. અરડૂસાનો રસ તોલો ०॥, બોડી કલારનો રસ તોલો ०॥, અઘેડીના પાનનો રસ તોલો ०॥, લાખ વાલ ૧, મધ તોલો ०॥ મેળવી પાવાથી ઉરઃક્ષત મટી જાય છે. એટલુંજ નહિ પણ પ્રદર, કસુવાવડ વખતે પડતું લોહી, અર્શમાંથી પડતું લોહી અને રક્તપિત્ત આદિમાં પડતા લોહીને અટકાવે છે.

૨. ઘોલીદ્રોનો રસ તોલો ०॥, દેશી ખાંડ તોલો ०।, બહેડાંનું ચૂર્ણ તોલો ०। અને મધ તોલો ०॥ મેળવી સાંજસવાર પાવાથી ઉરઃક્ષત મટે છે.

૨-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. કાસચૂર્ણઃ-વરિયાળી, લવિંગ, એલચી, અરડૂસો, જેઠીમધ, બહેડાંની છાલ, કાળાં મરી, આંબાહળદર, કાથો, પીપર, સૂંઠ, સિંધવ, વડાગરું, મીઠું, ફુલાવેલો ટંકણ અને હિંગળોક લઈ,

હિંગળોક સિવાયની બધી વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી પછી તેને ૨૪ કલાક ખલવું. પછી હિંગળોકને જુદો કરી થોડું થોડું ચૂરણ મેળવી બધું ચૂરણ સમાવી દેવું. તેમાંથી વાલ ૧ થી ૨ સુધી મધ સાથે ચાટવાથી તમામ પ્રકારની ખાંસી મટે છે.

૨. ઉપરનું કાસચૂર્ણ તોલા ૨, શીતોપલાદિ ચૂર્ણ તોલા ૨, અરડૂસો તોલા ૨, સાથે મેળવી ઘૂંટી મધ સાથે અથવા પાણી સાથે એક વાલ આપવાથી ખાંસી મટે છે.

૩. ફુલાવેલો ટંકણ, ઝીણી પીપર, શંખની ભસ્મ, સૂંઠ, ધોળાં મરી, વછનાગ, હિંગળોક એ સરખે ભાગે લઇ વાટી વસ્ત્રગાળ કરી, આદુના રસમાં એક દિવસ ઘૂંટી, એકેક રતીની ગોળી વાળી દિવસમાં ૨ થી ૩ વખત બબ્બે ગોળી મધ સાથે આપવાથી કફને છૂટો પાડી ઉધરસને મટાડે છે.

૩–ઇશ્વિરલાલ રતનલાલ ત્રિવેદી–સુરત

૧. અજમો, સિંધવ, સૂકી હળદર સમભાગે લઇ વાટી ચૂર્ણ કરવું. પછી ૧ શેર દૂધ માય એવડું ઠોરું માટીનું વાસણ લઇ, અગ્નિમાં તપાવી તે વાસણ લાલચોળ થાય એટલે તેમાં ગાયનું દૂધ શેર ૦॥ નાખવું. ઊભરો આવે કે તરત ઉપરનું ચૂર્ણ તેમાં ૦॥। તોલો નાખી ચમચાથી હલાવવું. પછી તેને એક બીજી તપેલીમાં કપડાથી ગાળી લઇ, રાતનો ખોરાક ખાધા પછી ૨॥ કલાક બાદ તે હુંફાયલું હુંફાયલું પાવું અને તેના ઉપર પાણી પાવું નહિ, જેથી કફ છૂટો પડી બહાર નીકળી જશે. એ કફ સુકાઇ ગયો હશે તો ખાંસી જોરથી આવશે ને ઊલટી થઇને કફ નીકળી જશે. એ પ્રમાણે સાત દિવસ કરવાથી આરામ થઇ જાય છે. અર્થાત્ આ ઓસડથી ગમે તેવી ખાંસી હોય તો મટી જાય છે.

૪–જોશી રામકૃષ્ણ દેવાશંકર–નડિયાદ

વરિયાળીનું તેલ અને જેઠીમધનો શીરો મેળવીને ચોપડ

ચણાપૂરની વાળી એકેક ગોળી ખાવા આપવી, એટલે ઉધરસ મટે છે. લાંબો વખત સેવન કરવાથી હાંફ પણ મટે છે.

૫–વૈદ્ય નરભેરામ હરજીવન ભટ્ટ–નવાગામ

ઊભી ભોંયરીંગણીના કાઢામાં પીપર ૧ વાલ નાખી દિવસમાં બે વાર પાવાથી ઉધરસ મટે છે.

૬–માસ્તર લલ્લુભાઈ નાથાભાઈ–ગોરુ

ચોખ્ખાં અને નવાં બહેડાં લઇ ઘીમાં શેકી તેને અરડૂસાનો રસ પાવો. જેમ જેમ રસ સુકાતો જાય તેમ તેમ બીજો નાખતા જવો. આ પ્રમાણે ૧૦–૧૨ વખત રસ પાયા પછી તે બહેડાને આકડાનાં પાતરાંની પતરાળીમાં ભરી કપડમટ્ટી કરી પુટપાક કરવો. પછી તેને ખૂબ લસોટીને ચણા જેવડી ગોળી કરી તે દિવસમાં ૫ થી ૭ ગોળી મોઢામાં રાખી રસ ગળવાથી ઉધરસ મટી જાય છે.

૭–વૈદ્ય કૃષ્ણરામ ભવાનીશંકર–ભાવનગર

જેઠીમધનાં મૂળ ખાંડી મધમાં આપવાથી ગરમીની ઉધરસ વાળાને તરતજ લાભ દેખાય છે.

૮–વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા–વાગડ

૧. શેકેલાં લવિંગ, મરી અને બહેડાંની છાલ સમભાગે લઈ, એ ત્રણેની બરાબર ખેરસાલ લઈ વાટીને બાવળની અંતરછાલના કવાથમાં ઘૂંટીને વટાણા જેવડી ગોળીઓ વાળી, તે ગોળી મોંમાં રાખી રસ ગળવાથી ઉધરસ મટી જાય છે.

૨. આકડાનાં રવૈડાં, અજમો, ગીડું અને તીખાં એ ચારે રકમો તોલો તોલો લઈને ૦ા રૂપિયા ભાર અફીણ નાખી પુટપાક કરી તેની વાલ વાલની ગોળી કરી આપવાથી ઉધરસ મટે છે.

૩. જવખાર ૧ તોલો, કાળાં મરી તોલા ૨, લીંડીપીપર તોલો ૧, દાડમની છાલ તોલા ૪ અને જૂનો ગોળ તોલા ૮ મેળવીને ચણા જેવડી ગોળી કરી બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર ખવડાવવાથી ઉધરસ મટે છે.

૪. પારો, ગંધક અને તાંબાની ભસ્મ એ સમભાગે લઈ નાગરવેલના પાનમાં ઘૂંટી સરાવસંપુટમાં પેક કરી, ચૂલે ચડાવી, બે કલાક પકવવું. પછી તેને વાટી માત્રા બે રતીભારની, આદુનો રસ અને મધ સાથે આપવાથી કફનાં દરદો મટે છે.

૫. કફક્ષયઃ–અજમો પંદર શેર અને સોમલ તોલો ૦ાા, એ બે રકમનો ચુઓ પાડવો. તે ચુઓ જરાક સળી પર ચડાવી પાન પર મૂકીને ખવડાવવો. કફ છૂટો પડી નીકળી જાય છે અને ક્ષયના દરદને ફાયદો કરે છે.

૬. જૂની ઉધરસઃ–ફટકડી ૨, સિંધવ ૨, હળદર ૨, પીપળાની સૂકી છાલ ૨ ભાગ એ ચાર વાનાં વાટી ચૂર્ણ કરવું. પછી મીઠી બાળનાં પાન ભાગ ૨ાા, કેરડાની કૂંપળ ભાગ ૨ાા, સૂકવી વાટીને મિશ્ર કરી તેમાં હિંગળોક ૧ ભાગ મેળવવો ને તેમાં ગોળ મેળવી ૨૮ ગોળી કરવી. પછી કાંસાના વાસણમાં પાણી ગરમ કરી તે સાથે ૧ ગોળી આપવી. આથી દસ વર્ષની જૂની ખાંસી મટે છે.

૭. જાવંત્રી, જાયફળ, એલચી, શેકેલાં લવિંગ, ફુલાવેલો ટંકણ સમભાગે લઈ નાગરવેલના પાનના રસમાં વાટી, ચણીબોર જેવડી ગોળી કરવી; તે આપવાથી ઉધરસ મટે છે.

૮. અઘેડાનું પંચાંગ શેર ૧, પીપળાની છાલ શેર ૦ાા, રીંગણીનું પંચાંગ શેર ૧ અને ચૂનો શેર ૧, તમામને ભેગાં કરી બાળવાં. તેમાંથી ૧ વાલ લઈ જૂના ગોળ સાથે આપવાથી ઉધરસ મટે છે.

૯. ભોંયરીંગણીના ફળ નંગ ૧૦૦ લાવી હાંડલામાં નાખી

૧૪–વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી ત્રિવેદી–ભાદરોડ

૧. લવિંગ ટાંક ૨, મરી ટાંક ૨, બહેડાં ટાંક ૭ તથા જાયફળ, સૂંઠ, તજ, એલચી, હિંગ, ચિનીકબાલા, ખેરસાર ખોરાસાની વજ અને કાકડાશિંગ એ દરેક એકેક ટાંક લઈ ચૂર્ણ કરી પાનના રસમાં ચણીબોર જેવડી ગોળી કરી દિવસમાં ત્રણ વખત એકેક ગોળી ઠંડા પાણીમાં આપવાથી ઉધરસ તથા ક્ષય મટે છે.

૨. છ વરસની જૂની ખાંસી:–સૂંઠ, મરી, લવિંગ, આંબાહળદર, ખોરાસાની અજમો, વડાગરું મીઠું એ દરેક એકેક તોલો તથા અફીણ તોલો ૦।, એ સર્વને વસ્ત્રગાળ કરી, આકડાનાં ફૂલનાં રવૈડાં કાઢી ઉપલા ચૂર્ણમાં મેળવી એકરસ કરી, તેની વટાણા જેવડી ગોળી કરી એકેક ગોળી સવારસાંજ આખી ગળી જવી, પણ ઉપર પાણી પીવું નહિ. આ ગોળીથી સાધારણ ઉધરસ મટે છે, એટલુંજ નહિ પણ લાંબા વખતની હઠીલી ઉધરસ પણ મટે છે.

૧૫–વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ–સુરત

કાશાદિ ગુટિકા:–ગાવજબાન, ભારંગી, કાયફળ, પાનની જડ, અરડૂસો, ઇંગોરીનાં પાતરાં, હરડેદળ, ખેરસાલ, પીપરીમૂળ, સિંધવ અને સંચળ એ દરેક એકેક તોલો તથા એલચી તોલા બે અને દોઢ શેર કાળી દ્રાક્ષના ઠળિયા કાઢી, તેમાં બાકીનાં વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી, એકરસ થાય એટલે ચણીબોર જેવડી ગોળીઓ વાળી આપવાથી કાસ, ક્ષય, ઉરઃક્ષત, શ્વાસ, સ્વરભંગ, તૃષા અને હૃદયરોગ વગેરે તમામને મટાડે છે.

૧૬–વૈદ્ય રઘનાથસિંગ ગયાદીન–સુરત

બહેડાદિ ચૂર્ણ:–બહેડાં તોલા ૮, કુલીંજન તોલા ૨, મરી તોલા ૨, પીપર તોલા ૨, જાવંત્રી તોલો ૧, જેઠીમધ તોલા ૨, અરડૂસો તોલા ૩, ટંકણ ફુલાવેલો તોલા ૨, વાંસકપૂર તોલા ૩,

અને હિંગળો એ સર્વ સમભાગે લઇ આદુના રસની એક ભાવના આપી રતીપૂરની ગોળી કરી આપવાથી સર્વ પ્રકારની ઉધરસ, વાતાધિકય સન્નિપાત, શિરોરોગ, વાતકફજ્વર વગેરેનો નાશ કરે છે.

૨. ગુડાદિ ગુટિકાઃ-સૂંઠ, બાળહરડે અને નાગરમોથના ચૂર્ણમાં ગોળ નાખી ગોળી વાળી મોંમાં રાખી રસ ગળવાથી પાંચ પ્રકારની ઉધરસ તથા શ્વાસ દૂર થાય છે.

૩. લવિંગાદિ વટીઃ-લવિંગ, બહેડાંની છાલ તથા મરી સમાન ભાગે લઈ તેની બરાબર સફેદ કાથો લેવો. તેને ખાંડી ચૂર્ણ કરી બાવળની અંતરછાલના કવાથમાં ગોળી વાળી આપવાથી સર્વ પ્રકારની ઉધરસ મટે છે. ગોળી બહુ ગરમ છે માટે વિચાર કરીને વાપરવી.

૧૨-વૈદ્ય રાઘવજી માધવજી-ગોંડલ

લવિંગ, પીળી કોડી, જૂનો ગોળ અને અફીણની તુલસીના રસમાં ગોળી વાળી તે ગોળી ચણા પ્રમાણે આપવાથી શ્વાસ ચડતો તથા છાતીનો દુખાવો મટી જાય છે.

૧૩-વૈદ્ય ચૂનીલાલ જયકિશનદાસ-સુરત

ખાંસીનો અકસીર ઉપાયઃ-કુંવારપાઠાના ચપ્પુથી કકડા કરી તડકામાં સૂકવી દશ તોલા વજને લેવા. એવી રીતે ભોંયરીંગણીના પંચાંગને સૂકવી દશ તોલા લઇ બંનેને ખોખરાં કરી એક હાંડલીમાં અડધું પાથરી ઉપર પાંચ તોલા સંચળ બારીક વાટી પાથરવો. તેના ઉપર ભોંયરીંગણી તથા કુંવારનું ચૂર્ણ પાથરી હાંડલીનું મોઢું બંધ કરી કપડમટ્ટી કરી પાંચ શેર છાણાંના અગ્નિમાં પકાવી સ્વાંગશીત થયે કાઢી લેવું, એટલે કાળા રંગની દવા તૈયાર થશે. તેને બારીક કરી શીશીમાં ભરી તેમાંથી ચાર રતી લઇ મોંમાં રાખી દિવસમાં ત્રણ વખત રસ ગળવાથી ખાંસી મટી જાય છે. ઘણી ઉમદા ચીજ છે.

૧૪-વૈદ્ય ભૂરાભાઈ ઓધવજી ત્રિવેદી-ભાદરોડ

૧. લવિંગ ટાંક ૨, મરી ટાંક ૨, બહેડાં ટાંક ૭ તથા જાયફળ, સૂંઠ, તજ, એલચી, હિંગ, ચિનીકબાલા, ખેરસાર ખોરાસાની વજ અને કાકડાશિંગ એ દરેક એકેક ટાંક લઇ ચૂર્ણ કરી પાનના રસમાં ચણીબોર જેવડી ગોળી કરી દિવસમાં ત્રણ વખત એકેક ગોળી ઠંડા પાણીમાં આપવાથી ઉધરસ તથા ક્ષય મટે છે.

૨. **છ વરસની જૂની ખાંસીઃ**-સૂંઠ, મરી, લવિંગ, આંબાહળદર, ખોરાસાની અજમો, વડાગરું મીઠું એ દરેક એકેક તોલો તથા અફીણ તોલો ૦l, એ સર્વને વસ્ત્રગાળ કરી, આકડાનાં ફૂલનાં રવૈડાં કાઢી ઉપલા ચૂર્ણમાં મેળવી એકરસ કરી, તેની વટાણા જેવડી ગોળી કરી એકેક ગોળી સવારસાંજ આખી ગળી જવી, પણ ઉપર પાણી પીવું નહિ. આ ગોળીથી સાધારણ ઉધરસ મટે છે, એટલુંજ નહિ પણ લાંબા વખતની હઠીલી ઉધરસ પણ મટે છે.

૧૫-વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઇ-સુરત

કાશાદિ ગુટિકાઃ-ગાવજબાન, ભારંગી, કાયફળ, પાનની જડ, અરડૂસો, ઇંગોતરીનાં પાતરાં, હરડેદળ, ખેરસાલ, પીપરીમૂળ, સિંધવ અને સંચળ એ દરેક એકેક તોલો તથા એલચી તોલા બે અને દોઢ શેર કાળી દ્રાક્ષના ઠળિયા કાઢી, તેમાં બાકીનાં વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી, એકરસ થાય એટલે ચણીબોર જેવડી ગોળીઓ વાળી આપવાથી કાસ, ક્ષય, ઉરઃક્ષત, શ્વાસ, સ્વરભંગ, તૃષા અને હૃદયરોગ વગેરે તમામને મટાડે છે.

૧૬-વૈદ્ય રઘનાથસિંગ ગયાદીન-સુરત

બહેડાદિ ચૂર્ણઃ-બહેડાં તોલા ૮, કુલીંજન તોલા ૨, મરી તોલા ૨, પીપર તોલા ૨, જાવંત્રી તોલો ૧, જેઠીમધ તોલા ૨, અરડૂસો તોલા ૩, ટંકણ ફુલાવેલો તોલા ૨, વાંસકપૂર તોલા ૩,

સિંધવ તોલા ૨, વડાગરું તોલા ૨, સાકર તોલા ૮ અને હિં
તોલો ૧॥ લઇ હિંગળોક સિવાયની તમામ વસ્તુનું વસ્ત્ર
ચૂર્ણ કરી, પછી હિંગળોકને બારીક વાટી તેમાં ચૂર્ણ મેળવી,
દિવસ સારી રીતે ખલ કરવો. એ ચૂર્ણમાંથી બેથી ચાર વાલ
સાથે દિવસમાં ત્રણ વખત ચાટવાથી કાસ, કફ વગેરે મટે છે.

૧૭–વૈદ્ય ઉમિયાશંકર બાપુભાઈ–વીરમગામ

ખાંસીની ગોળીઃ–બહેડાંની છાલ, મરી, લવિંગ, કાથો
વરિયાળી, જેઠીમધ અને ગુંદર એ એકેક તોલો તથા સાકર તોલો
અડધો અને તજ તોલો ૦। ખાંડી વસ્ત્રગાળ કરી, બાવળની છાલ-
ના કવાથમાં અથવા ન બને તો પાણીમાં ઘૂંટી વાલ વાલની ગોળી
કરી મોંમાં રાખી રસ ગળવાથી તમામ પ્રકારની ખાંસી મટી જાય
છે. આ ગોળીએ ઇન્ફ્લુએન્ઝાની ખાંસીમાં ઘણું સારું કામ કર્યું છે.

૧૮–વૈદ્ય શ્યામલાલ ગોવર્ધનરામ–ખાખરેચી

સૂંઠ, મરી, પીપર અને ટંકણ ફુલાવેલો એ સર્વ સમભાગે
લઈ બારીક વાટી પાનના રસમાં મરી જેવડી ગોળી વાળી, સવાર-
સાંજ એકેક ગોળી આપવાથી ખાંસી મટી જાય છે.

૧૯–ડૉક્ટર મગનલાલ વિજભૂખણદાસ–સુરત

૧. ખાંસી માટેઃ–મરી, અફીણ, વછનાગ, હિંગળોક, ખેર-
સાલ, ટંકણ ફુલાવેલો અને જવખાર એ સર્વ સમભાગે લઇ
વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી બેથી ચાર ગ્રેઇન જેટલું પાણી સાથે આપ-
વાથી ખાંસી મટે છે.

૨. ખાંસી તથા તાવઃ–ભોંયરીંગણી, ગળો, અરડૂસો એ-
કેક તોલો લાવી અધકચરું છૂંદી એક શેર પાણીમાં ઉકાળી
નવટાંક પાણી અવશેષ રાખવું. ત્યાર પછી તેમાં મધ નાખી પીવાથી
ખાંસી
...ાવ પણ મટે છે.

૨૦-વૈદ્ય પ્રભાશંકર રવિશંકર ત્રવાડી-અષ્ટગામ

૧. ખાંસી માટે:-લવિંગને બાળીને તેની ભસ્મ મધમાં ચટાડવાથી ઉધરસ સારી થાય છે.

૨. ખેરસાલ અને સિંધવ ગાયના દૂધમાં રાંધીને પીવાથી ખાંસી તથા દમ મટે છે.

૨૧-વૈદ્યશાસ્ત્રી એસ. એલ. બર્મન-સુરત

૧. જેઠીમધનો શીરો તોલા ૪ અને મરી તોલો ૧ બારીક વાટી મધમાં ચણા ચણા જેટલી ગોળી વાળી આપવાથી ખાંસી મટે છે.

૨. જેઠીમધ, મરી, સાકર, મોટી એલચી અને કાળી દ્રાક્ષ સર્વને સમભાગે લઇ ખાખરું કરી, એક તોલો લઇ અડધો શેર પાણીમાં ઉકાળવું. નવટાંક પાણી બળી જાય ત્યારે ઉતારી તેમાંથી દિવસમાં ત્રણ વાર પીવાથી ગમે તેવું સખત સળેખમ હોય તે અને ખાંસી પણ દૂર થઇ જાય છે.

૩. ધંતૂરાનાં પાન તોલા ૪ અને કાળાં મરી તોલા ૨, બારીક કરી એકેક રતીની ગોળી બનાવી, દિવસમાં ત્રણ વાર ૨ થી ૬ ગોળી સુધી ટંકણનું ચૂર્ણ વાલ ૧ સાથે આપવાથી મટે છે.

૪. મરી તોલો ૧, અકલગરો તોલો ૧, માલકાંકણીનાં બીજ તોલો ૧, સૂંઠ તોલો ૧, રીંગણી તોલો ૧ અને અફીણ માસો એક એ સર્વ ચીજોને બારીક વાટી વસ્ત્રગાળ કરી ધંતૂરાનાં પાંદડાના રસમાં ગોળી બબ્બે રતીની બનાવવી. દિવસમાં બે વાર ગોળી લઇ ઉપરથી ગરમ દૂધ પીવું. થોડો વખત ચાલુ રાખવાથી દમ મટે છે.

૨૨-ડૉક્ટર ભાઇલાલ કપૂરચંદ શાહ-નાર

યષ્ટિ મધુવટી:-જેઠી મધનો શીરો, વરિયાળી, તજ, સોનામુખી, આમળાં અને સાકર સરખે ભાગે લઇ દૂધમાં ચણા જેવડી

ગોળી વાળી આખા દિવસમાં ચારપાંચ ગોળીનો રસ ગળવાથી લીલીસૂકી, ઉધરસ, ગળાનો દુખાવો, કફ, સાદનું બેસવું, થતો ક્ષય અને સળેખમ વગેરે જલદી અને જડમૂળથી મટે છે; દસ્ત પણ સાફ આવે છે.

૨૩–સાધુ ગંગાદાસજી સેવાદાસજી–સુરત

આંબાહળદર તોલા ૫, અજમો તોલા ૫ તથા સિંધવ તોલા ૨, એ ત્રણેને ખાંડી કપડછાણ કરી મધ અથવા ઘી સાથે પાવલી ભાર ચટાડવાથી ખાંસી મટે છે.

૨૪–વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ–સુરત

૧. ખાંસી, શ્વાસ તથા દમનો ઉપાયઃ–પીપર તોલા ૫, સફેદ મરી તોલા ૫ અને વછનાગ તોલા ૨ એ ત્રણે વસ્તુ ખાંડી બારીક ચૂર્ણ કરી કાળી દરાખ તોલા ૫ ઠળિયાં કાઢીને લેવી અને તેમાં કાળી તમાકુના ડાંખળાની બાળેલી રાખ તોલા ૨, (કોલસા કરવા) એ સર્વે વસ્તુનું મિશ્રણ કરી તેમાં એલચી, જાયફળ, લવિંગ મળી એક તોલો નાખી મગ જેવડી ગોળી બનાવી તેમાંથી સવાર-સાંજ એકેક ગોળી ગરમ પાણી સાથે ખાવાથી કફ છૂટો થઈ ખાંસી મટી જશે તેમજ શ્વાસ–દમ સારો થઈ જશે.

૨. આકડાનું દૂધ તોલા ૧૦ લઈ તેમાં અજમો તોલા ૨॥ અને અંઝેટાનાં બી તોલા ૨॥ ભીંજવી રાખવાં. જ્યારે દૂધ સુકાઈ જાય ત્યારે તેને માટીના કલેડામાં નાખી નીચે ધીમો તાપ કરી શેકી નાખવાં. જ્યારે દાણા કાળા રંગના દેખાય ત્યારે ઉતારી ખલમાં ઘૂંટી નાખવા. ઘૂંટતાં ઘૂંટતાં તેમાંથી તેલ જેવો પદાર્થ નીકળશે અને લૂગદી જેવું થઈ જશે. તેમાં પીપર તોલા ૨, મરી તોલો ૧, એરસાલ તોલો ૧, અફીણ બેઆની ભાર, જાયફળ તોલો ૦॥, લવિંગ તોલો ૧, કસ્તૂરી ૧॥ વાલ અને બરાસકપૂર એક

વાલ નાખી, પાનના રસમાં ગોળી વટાણા જેવડી કરવી અને તેને પાનની બીડીમાં રસ ચૂસવા આપવી. દિવસમાં ત્રણ વખત આપવી અથવા મધમાં મેળવી ચટાડવી. આથી શ્વાસ દમ, ખાંસી, ક્ષય, મંદાગ્નિ, અજીર્ણ, અરુચિ મટશે તેમજ સવારસાંજ એકેક ગોળી ખાઇ ઉપર ગાયનું દૂધ શેર ૦ાા પીવાથી બળ વધે છે, પૌષ્ટિક છે અને વાજીકર છે.

ખાંસી તથા ઉગ્ર શ્વાસ માટેઃ-પીપર, કાયફળ, કાકડાશિંગ, લવિંગ, ખેરસાલ, જેઠીમધ એ એકેક તોલો તથા મરી તોલો ૦ાા, જાયફળ તોલો ૦ાા એ દરેકને વસ્ત્રગાળ કરી એકથી બે વાલ મધ સાથે લેવાથી ખાંસી, ઉગ્ર શ્વાસ તથા ક્ષય મટે છે.

૨૫-અમદાવાદના એક વૈદ્યરાજ

ચીનાઇ સાકરનો કાંકરો તથા બે મરી મોંમાં રાખવાથી સૂકી ખાંસી મટે છે.

૨૬-વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી-ભુલાવડી

સાબરશિંગાની ભસ્મઃ-સાબરશિંગાના કકડા કરી દિવેલના ભરેલા વાસણમાં આઠ દિવસ રહેવા દઇ, પછી કાઢી દશ શેર છાણાંના અગ્નિમાં તેની ભસ્મ બનાવવી. પછી તેને બારીક વાટી એક વાલ મધ-પીપર સાથે ચાટવાથી ઉધરસ, દમ અને અશક્તિ વગેરે મટે છે.

૨૭-વૈદ્ય ભોળાનાથ નર્મદાશંકર સ્માર્ત-સુરત

દાંતનો વઉર બાળેલો, હળદર, આકડાનાં ફૂલ, વડાગરું મીઠું એ સર્વ સરખે ભાગે લઈ ખાંડી વાલ ૨ થી ૪ મધમાં અથવા પાણીમાં આપવાથી ઉધરસ વગેરે મટે છે.

૨૮-વૈદ્ય નારુશંકર હરગોવિંદ અધ્વર્યુ-બારડોલી

૧. ભોંયરીંગણીના ડીંટવાનાં બિયાં કાઢતાં વધેલાં છોડાંને

ઘીમાં સાંતળી ગોમાં રાખવાથી ઉધરસ મટે છે; ગોં સ્વાદિષ્ટ કરે છે.

૨. ફુલાવેલી ફટકડી તથા સંચોરો સમભાગે લઈ વાટી તેમ જરા સોનાગેરુ મેળવી વાલ ૦ા થી ૦ાા સુધી મધમાં દિવસમાં ત્રણ વાર ચાટવાથી ઉધરસ પાકે છે અને કફ છૂટો પડી નીકળી જાય છે. ઉધરસને જલદી મટાડે છે. એ દવા કમળાના દરદીને એક ખાટું લીંબુ ચીરી તેમાં વાલ ૦ાા થી ૧ ભૂકો નાખી સળીથી દબાવીને દેવતા ઉપર મૂકી, જ્યારે ગરમ થાય ત્યારે તેને નિચોવી તેમાંથી રસ કાઢી પાઈ દેવો. એ પ્રમાણે કરવાથી કમળો અવશ્ય મટી જાય છે. પથ્ય ઘી અને તેલ ન ખાવાં, દૂધભાત ખાવાં.

૨૯–ડૉક્ટર પ્રભાકર કૃષ્ણ પંગે–મુંબઈ

કનકઘૃતઃ–ધંતૂરાનાં બીનું ચૂર્ણ તોલો એક અને ભેંસનું દૂધ પાંચ શેર મિશ્ર કરી, મેળવી તેનું ઘી બનાવવું. આ ઘી દમ તથા હાંફણમાં બહુજ સારો ફાયદો કરે છે. દિવસમાં ચાર વખત નાગરવેલના પાનમાં આ ઘી એક ચણોઠીભાર લગાડી ચાવી જવું. દરેક વખતે તેના ઉપર તજના ચૂર્ણની બે આનીભારની ફાકી મારવી. પરેજી–:કોપરું, તેલ, શિંગ, ચોખા, બટેટા અને ખાંડ વર્જ્ય કરવી. ખડીસાકર અથવા ગોળનો ઉપયોગ કરવો.

૩૦–ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય–પાટણ

૧. દ્રાક્ષ તોલો એક, સાકર તોલો એક અને મધ તોલો એક એ સર્વેને એકત્ર કરી ચાટવાથી પિત્તની ખાંસી મટે છે.

૨. ખરેટીની જડની છાલ તથા નાની ભોંયરીંગણીની છાલ, મોટી ભોંયરીંગણીની છાલ, અરડૂસાની છાલ અને દ્રાક્ષ એ દરેક ચાર ચાર માસા લઈ દ્રાક્ષ સિવાયની તમામ વસ્તુઓને ખાંડી ભગાળ કરી, તેમાં દ્રાક્ષ મેળવી તોલા ૩૨ પાણીમાં ઉકાળી ચતુર્થાંશ પાણી અવશેષ રાખી ઉતારી લૂગડાથી ગાળી ઠંડું પાડી [illegible] પિત્તની ખાંસી મટે છે.

૩. સૂકાં આમળાંનું ચૂર્ણ બે રતીભાર તથા દ્રાક્ષ ૩ માસા, હરડે તથા અજમોદ માસા ૬, એ સર્વને વસ્ત્રગાળ કરી છ માસા મધમાં ચાટવાથી પિત્તની ખાંસી મટે છે.

૪. બેઠી ભોંયરીંગણીના ફળનો ભૂકો બે માસા, બિજોરાનો ગર બે માસા, પીપર બે માસા અને દ્રાક્ષ ચાર માસા, એ સર્વને ખાંડી વસ્ત્રગાળ કરી, દ્રાક્ષના ઠળિયા કાઢી તેમાં મેળવી બબ્બે વાલ ખાવાથી પિત્તની ખાંસી મટે છે.

૫. ઉધરસ ઉપર ભોંયરીંગણીનાં બીજ પાવલીભાર, હરડે ૧ ભાર, લવિંગ એક ભાર, કાળાં મરી એક ભાર, જૂનો ગોળ પાંચ ભાર, આકડાનાં ફૂલ એક ભાર લઇ ખાંડી વસ્ત્રગાળ કરી આદુના રસમાં ખલ કરીને ચણીબોર જેવડી ગોળી કરી, રાત્રે સૂતી વખતે મોંમાં રાખી તેનો રસ ગળવાથી ખાંસી તથા શ્વાસ મટે છે.

૩૧-વૈદ્ય બાલાશંકર પ્રભાશંકર-નાંદોદ

ખાંસી માટેઃ-વજ તોલો ૧ અને જેઠીમધ તોલો ૧, વાટી ચૂર્ણ કરી મધમાં ચાટવાથી બેત્રણ દિવસમાં ખાંસી મટી જાય છે.

૩૨-વૈદ્ય નરસિંહભાઈ માધવભાઈ-કોર

ગરમીની ખાંસીઃ-જો ગરમીની ખાંસી હોય તો અંજેટાનો ક્ષાર ઘી-સાકરમાં આપવાથી અવશ્ય મટે છે.

૩૩-વૈદ્ય પુરુષોત્તમ બહેચરભાઈ યાજ્ઞિક-કાલોલ

ખાંસીની દવાઃ-જેઠીમધ, વરિયાળી અને એલચીદાણા એ દરેક સમાન ભાગે લઈ ચૂર્ણ બનાવી, તે ચૂર્ણના વજનથી બીજે ભાગે સાકર મેળવી અરડૂસીનાં પાનનો રસ નાખી ખલ કરી મગ જેવડી ગોળી બનાવી મોંમાં રાખી બબ્બે ચારચાર ગોળીનો રસ

ગળવાથી જાદૂઈ રીતે ખાંસી મટી જાય છે. ખારી કે ખાટ
ચીજ ખાવી નહિ.

૩૪–માસ્તર કેશવરામ હરિશંકર ભટ્ટ–કાપોદ્રા

૧. ઉધરસઃ–સાકર તોલા ૨ા, જેઠીમધનો શીરો તોલા ૨ા, ાાવળનો ગુંદર તોલા ૨ા, કેસર તોલો ૦ા, ઘઉંનો સફેદો તોલો ૦ા, મરી તોલો ૦ા, (ઘઉંનો સફેદો કાઢવા માટે ઘઉંને પલાળી વાટવા ને તેનું દૂધ જેવું પાણી નિતારી સૂકવવું) એ સર્વને એકત્ર કરી પાણીમાં ચણા જેવડી ગોળી બનાવવી. બેત્રણ કલાકે બબ્બે ગોળી મોંમાં રાખી રસ ગળવાથી ઉધરસ મટી જાય છે.

૨. ઉધરસનો કફ છૂટો કરવોઃ–જાયફળ, જાવંત્રી, કેસર, ખેરસાલ, કાથો, એલચી, લવિંગ અને ત્રણચાર નાગરવેલનાં પાન લઈ ચૂનો ચોપડી આ સર્વ ચીજો બુદ્ધિથી પ્રમાણસર નાખી લવિંગ ખોસી બીડું બનાવવું. ઉપર ભીનું ચીંથરું વીંટાળી માટી ચોપડી બાફવું. પછી તેના ત્રણ ભાગ કરી વાટી રસ કઢી ત્રણ વખત પાવું જેથી ઉધરસ નરમ પડે છે અને કફ છૂટો પડે છે.

૩. બહુ ઉધરસ માટેઃ–નાગરવેલનાં પાકાં પાન નંગ ૨૫, ખેરસાલ તોલો ાા, જવખાર તોલો ૦ાા, ફુલાવેલ ટંકણ તોલો ૦ા, લવિંગ તોલો ૦ા અને અલચી તોલો ૦ા સર્વને ભેગાં ખાંડી બશેર પાણી મૂકી અડધો શેર પાણી અવશેષ રાખી ચોળી ગાળી લેવું. તેમાંથી એકેક ચમચો કલાક બે કલાકે પીવાથી બહુ ઉધરસ થતી હોય તો પણ મટી જાય છે.

૩૫–વૈદ્ય મણિશંકર જાદવજી–કાનપર

લવિંગાદિવટીઃ–લવિંગ, પીપર, અકલગરો, જાયફળ, હળદર, અફીણ એ સર્વ સમભાગે લઈ વાટી શ્રીફળના ગોટામાં ભરી કપડમટ્ટી કરી એક ટોપલો ભરીને છાણાં લઈ, તેમાં પકાવી, તેને

કાઢી ગોટા સુધ્ધાં વાટી ચણીબોર જેવડી ગોળી કરી ટંકે બે ગોળી લેવી, તથા સાથે શીતોપલાદિ ચૂર્ણ આપવાથી ખાંસી મટી જાય છે.

૩૬–એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. **ઉધરસ માટે:**–ભોંયરીંગણીનાં ડીંડવાંને એક હાંડલીમાં ભરી મોઢું બંધ કરી બાળવાં. તે ઠંડું થાય પછી તેમાંથી ડીંડવાં કાઢી લઇ ચૂર્ણ કરી તેમાં તેને વજનથી અર્ધો સંચળ અને તેનો આઠમો ભાગ પુષ્કળમૂળ તથા એલચીનું ચૂર્ણ મેળવી તેમાંથી એકેક વાલ મધ, પાનનો રસ, અરડૂસાના પાનનો રસ કે ગરમ પાણી સાથે આપવાથી ઉધરસ તથા કફ મટે છે.

૨. સૂંઠ, જાયફળ, રેવંચીની અને સાજીખાર એ એકેક તોલો અને ધંતૂરાનાં બી ચાર તોલા વાટી વસ્ત્રગાળ કરી, પાણીમાં મગ જેવડી ગોળી કરી આપવાથી ખાંસી મટે છે.

૩. આદુનો રસ તોલો ાા તથા મધ તોલો ૧ જવખાર વાલ ૧ સાથે મેળવી ચાટવાથી શ્વાસ મટે છે.

૪. ઇંદ્રિવરણાંનાં ફળ નંગ ૫, કુંવારનાં લાબાં નંગ ૫, ખુરાસાની થોર તોલા ૬૪, મોટું રીંગણું નંગ ૧, ભોંયરીંગણીનાં ફૂલ નંગ ૫૦, પંચલવણ તોલા ૩૨, અજમો તોલા ૩૨ એ ચીજોને ખાંડી સુકાવી એક હાંડલીમાં ભરી, મોં બંધ કરી કપડમટ્ટી કરી સુકાવી ગજપુટની આંચ આપી, ટાઢું થયે બહાર કાઢી ધૂંટી વાસણમાં ભરી રાખવું. તેમાંથી તોલો ા થી ાા અનુપાન ચાલે વિચારીને આપવાથી ઉધરસ, દમ, મરડો, ગોળો, શૂળ, આફરો, મંદાગ્નિ, અજીર્ણ, ઉદરરોગ તથા બરોળ મટે છે.

૩૭–વૈદ્ય નંદરામ માગજી–નાગોરી

એરસારાદિ ગુટિકા:–એરસાર તોલા ૧૩, હરડાં, બહેડાં, આમળાં, કાયફળનું છોડું, સૂંઠ, મરી, પીપર, એલચી, કાકડા-

શિંગ, કપૂર, પીપરીમૂળ,લવિંગ,કચૂરો, એ એકેક તોલો લઈ ચૂર્ણ કરી આદુના રસની, અરડૂસાના રસની અને બાવળની છાલના કવાથની અકેકી ભાવના આપી ગોળી ચણીબોર જેવડી કરી આપવાથી ઉધરસ, કફ, સ્વરભંગ, ગ્રધ્રસી અને ક્ષય ઉપર ઘણીજ ઉત્તમ અસર કરે છે.

૨. બુમ્બુલાદિ ગુટિકાઃ-પારો ૧, ગંધક ૨, લીંડીપીપર ૩ અને હરડેદળ ચાર ભાગ; બહેડાંદળ પાંચ ભાગ, અરડૂસાનો રસ ૭ ભાગ, ભારંગી સાત ભાગ અને ખેરસાર સાત ભાગ એને વસ્ત્રગાળ કરી બાવળની છાલના કવાથની એકવીસ ભાવના આપી ગોળીઓ ગધમાં બહેડાં જેવડી કરી આપવાથી ખાંસી, ઊર્ધ્વશ્વાસ ક્ષય, સ્વરભંગ અને ગલદાહ ઉપર અતિ ઉત્તમ છે.

૩૮-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

શ્વાસારિ રસઃ-જેઠીમધ તોલા ૨, સિંધવ, હળધર અને ફુલાવેલો ટંકણ એ દરેક તોલો તોલો લઈ, એક દિવસ ખલમાં ઘૂંટી તેમાંથી ૧ વાલ, પાનનો રસ અને એલચી સાથે આપવાથી શ્વાસ નરમ પડી જાય છે.

૩૯-વૈદ્ય બાલકૃષ્ણ રત્નેશ્વર-સુરત

૧. કફકેસરીઃ-સોમલ તોલો ૧ અને સંચળ તોલા ૪ એને વાટી કેળાં નંગ બેમાં ઘૂંટી લૂગદી કરી સરાવસંપુટમાં મૂકી સાત કપડમટ્ટી કરી સૂકવીને ગજપુટ અગ્નિ આપવો. શીતળ થયે કાઢીને વાટી રાખી મૂકવું. આ માત્રા એક ચોખાથી ચાર ચોખા પૂર સુધી મધ સાથે આપવાથી ઊલટીઓ થઈને કફ નીકળી જશે. આ માત્રાથી ખાંસી, શ્વાસ, આંકડી તથા કફના વ્યાધિઓ સારા થાય છે. આંકડી (ખેંચ) વાળા તથા શ્વાસવાળાને ખાસ વાપરવા લાયક છે. ઘી, ઘઉં, સાકર, દૂધ વગેરે આપવાં, તેલ, ખટાશ, મરચાં વગેરે બંધ કરવાં.

પીપર; વજ, મરી અને નાગબલા એ ઓષધોને બારીક વાટી ધંતૂરાનો રસ તથા ભાંગરાનો રસ એ બંનેમાં ત્રણ ત્રણ દિવસ ઘૂંટી, મરી પ્રમાણે ગોળીઓ વાળી, રોગ અને વયના પ્રમાણમાં ટંકે ૧ થી ૨ ગોળી આપવાથી શ્વાસયુક્ત કફનો નાશ થાય છે.

૪૩-વૈદ્ય ભૂરાભાઇ ઓધવજી ત્રિવેદી-ભાદરોડ

૧.દમ માટેઃ-શ્વાસકુઠારરસ તુલસીનાં પાનના રસમાં આપવો.

૨.કેરડાનાં મૂળનો રસ પાતાલયંત્રથી કાઢી પાણી નાખી પાવો.

૩. ચણાનો ખાર અને ઈલિમિટનાં ફૂલ એકત્ર કરી આપવાં.

૪. શ્વાસકુઠાર રસ, આનંદભૈરવ રસ, પીપર, ફુલાવેલ ટંકણ, પીપરીમૂળ અને રાતી લોહભસ્મ એ સર્વે મેળવી મધમાં ચાટવાથી શરૂ થતો દમ નાબૂદ થાય છે.

૪૪-વૈદ્ય ચૂનીલાલ જયકિશનદાસ ચટપટ-સુરત

હરતાલભસ્મ સફેદઃ-પ્રથમ ઈંડાનાં છોડાં સુકાવી ખાંડી બારીક કરી ૨૦ તોલા વજને લેવાં. ભોયરીંગણીનું પંચાંગ સુકાવી ખાંડી બારીક કરી ૨૦ તોલા લેવું. બાદ બંનેને ખરલમાં નાખી ઘી-કુંવારના રસથી ખૂબ ખલ કરી લુગદો બનાવી તેમાં હરતાલ વરખી તોલા બે મૂકી, (એ હરતાલને એકવીસ દિવસ આકડાના દૂધમાં પલાળીને પછી કામમાં લેવી) એ ગોળાની ઉપર ત્રણ કપડમટ્ટી કરી, સૂકવી હાથના થાપેલાં છાણાં શેર ૭ લઇ તેમાં ગોળો મૂકી સળગાવી સ્વાંગશીત થયે કાઢી લેવી. આથી સફેદ રંગની તથા વજનમાં પૂરી હડતાલભસ્મ તૈયાર થશે; તેને બારીક ખલી, એક ચોખાપૂરની માત્રા સવાર-સાંજ પાન પર જરા કાથો લગાડી તે પર દવા મૂકી ખવડાવવાથી, જૂનામાં જૂનો દમ ત્રણ ચાર ... તેલ, મરચું, ખટાશ વ[illegible]

૪૫–વૈદ્ય પ્રાણલાલ દોલતરામ–કપડવણજ

નાગવલ્લભં રસઃ–(નિઘંટુ રત્નાકર) આપવાથી શ્વાસમાં ઘણો સારો ફાયદો કરે છે. વમન વિરેચન કરાવ્યા પછી શૃંગભસ્મ તથા સોમલભસ્મનો ઉપયોગ આદુના રસ સાથે કરવો. પાછળથી હાથલાથોરીના રસમાં અભ્રકભસ્મ તથા રસસિંદૂર આપવાથી ઘણો ફાયદો જણાયો છે.

૪૬–માસ્તર નરભેરામ હરજીવનદાસ–નવાગામ

દમ એકદમ ઊપડ્યો હોય તો ધંતૂરાનાં ફૂલની બીડી પીવાથી જુસ્સો જલદી બેસી જાય છે.

૪૭–વૈદ્ય નંદલાલ મોરારજી–કંથારિયા

અભ્રકભસ્મઃ–હાથિયા થોરનાં લાલ ડીંડવાં લઈ તેનો રસ કાઢી તેમાં માટલાનો ગોળ સમાન ભાગે મેળવી, તેની અંદર દશ કલાક અભ્રક ભીંજવી રાખી ગજપુટ આપવો. એવી રીતે ૬ ગજપુટ આપવાથી ભસ્મ થાય છે. એ ભસ્મ આપવાથી દમ ઉપર ઘણુંજ ઉત્તમ કામ કરે છે.

૪૮–વૈદ્ય ચૂનીલાલ હરગોવિંદ–કઠોર

સોમલની ભસ્મઃ–સોમલ તોલો ૧ અને સંચળ તોલા ૪, એને ઝીણું વાટી, સોનેરી કેળું છૂંદી તેમાં મેળવી એક કુલડીમાં ભરી કપડમટ્ટી કરી પાંચ શેર છાણાંના અગ્નિમાં પકાવી, વાલ ૦॥- ની પડીકું મધમાં અથવા પ્રકૃતિ જોઈ બુદ્ધિપૂર્વક અનુપાન સાથે આપવાથી દમ તથા ખાંસીને મટાડે છે. અનુભવસિદ્ધ છે.

૪૯–વૈદ્ય પ્રભાશંકર વૃંદાવનદાસ–ધંધુકા

તામ્રભસ્મઃ–રાણીછાપના પૈસા લઈ તેને શુદ્ધ કરી ગળજીભીનાં પાન વાટી તેનો લૂગદો બનાવી તેમાં પૈસા મૂકી કપડ-

૨. **શૂલકેસરી**:-સોમલનાં ફૂલ તોલો ૦।, સાબરશિંગાની ભસ્મ તોલા ૫ એ બેને મેળવી સેકટા (સરગવા)ના રસમાં ઘૂંટી ટીકડી કરી સુકાવીને કોડિયાના સંપુટમાં મૂકી કપડમટ્ટી કરી પંદર શેર છાણાંની આંચ આપવી. ઠંડું થયા પછી કાઢીને વાટી શીશીમાં ભરી રાખવું. એની માત્રા ૧ ચોખાપૂરથી ત્રણ ચોખાપૂર સુધી આપવાની છે. સન્નિપાતવાળાને આદુના રસમાં, ત્રિદોષવાળાને તથા શ્વાસવાળાને આદુનો રસ તથા મધ સાથે; શૂળવાળાને મધ અથવા ઘી સાથે; ખાંસીવાળાને પાનની બીડી અથવા મલાઈ સાથે; નબળાઈવાળાને શીરા સાથે; આંતરિયા તાવવાળાને તુલસીનાં પાન તથા મરી સાથે; ધાતુ પાતળી પડેલાને સુગલાઈ એેદાણાના લાબ સાથે સાકર મેળવીને; પ્રમેહવાળાને ત્રિફલાના કવાથમાં હળદર તથા મધ સાથે, શક્તિ માટે ઘી, દૂધ તથા સાકર સાથે આપવી.

૩. **સોમલનાં ફૂલ તથા સાબરશિંગાભસ્મ બનાવવાની રીતઃ**-સોમલ તોલો ૧ લઈને તેને કુંવારના રસમાં ઘૂંટવો. પછી સફેદ કાંદાના રસમાં ઘૂંટી લૂગદી જેવું થાય, એટલે બે સરાવળાં લઈ તેને ઘસી, મોઢાં સરખાં કરવાં. પછી કપડેથી લૂછી સાફ કરીને તેમાં સોમલનો લોદો મૂકવો. બીજું સરાવળું ઉપર ઢાંકીને મુલતાની મટોડીના ત્રણ કપડમટ્ટ મજબૂત કરવાં. સુકાયા પછી તેને ચૂલે ચડાવીને ધીમો અગ્નિ કરવો. પાતળાં પાતળાં લાકડાં લઈ એક લાકડાનો અગ્નિ આપવો. ઉપરના કોડિયા પર દૂધનાં પોતાં મૂકતા રહેવું. આ પ્રમાણે ૧ પહોર સુધી કરવાથી ઉપલા ભાગમાં ફૂલ લાગી જશે. પછી ઠંડું થયે આંખ બચાવીને ખોલવું. યુક્તિથી ફૂલ કાઢી લેવાં. આ ફૂલ ઉપલી દવામાં નાખવાં; તેમ આ ફૂલ ૧ ચોખાપૂરથી ૨ ચોખાપૂર શીરા સાથે અથવા મલાઈ સાથે આપવાથી શ્વાસ તથા નબળાઈ મટી બળવાન થાય છે. ખોરાક ઘી-દૂધનો સારો આપવો.

[illegible]

[illegible] ૧ થી ૩ [illegible]

આપવાથી [illegible]

૪૦-વૈદ્ય [illegible]

દમ માટે:-[illegible] કુંકુ [illegible] તાત્કાલિક દમ બેસી જશે. આ [illegible] દમ મટાડી દે છે. આ ઉપાય [illegible] એટલુંજ નહિ, પણ તેજ [illegible] કેટલાક પ્રકારનો દમ તદ્દન બેસી પણ જાય છે. એ [illegible] છે.

૪૧-વૈદ્ય ત્રિકમલાલ કાનીદાસ-માનપુર

દમ, શ્વાસ અને કફનાં અસાધ્ય દરદો [illegible] (ગળીલો વજ)નું [illegible] ગરમ દૂધમાં પાવું. [illegible] પાવું. તેવીજ રીતે ત્રણ કલાકે પીવું. [illegible] લાકને બકારી થઇ તથા કેટલાકને વગર [illegible] વગર) દમ, શ્વાસ તથા કફનાં અસાધ્ય દરદો [illegible] છે.

૪૨-વૈદ્ય શ્યામચંદ ગોવર્ધનરામ-[illegible]

શ્વાસયુક્ત કફ:-હરડે, બહેડાં, આમળાં, [illegible]

મટ્ટી કરી ગજપુટનો અગ્નિ આપવો. બાદ સ્વાંગશીત થયે કાઢી ઉપર જે પોપડી વળેલી હોય તેને સાચવીને ઉખેડી લઈ ફરીથી તે કાચા રહી ગયેલા પૈસાને ગળજીભીના લુગદામાં ગજપુટ દેવો. એ પ્રમાણે દશ પુટમાં ભસ્મ થાય છે. પોપડીઓ ઊખડી ઊખડી ભસ્મ થાય છે. તે પોપડીઓને ફરીથી એક વખત ગળજીભીમાં ગજપુટ આપવાથી તામ્રભસ્મ તૈયાર થાય છે. આ ભસ્મ એક ચોખાપૂર મધ તથા આદુના રસમાં આપવાથી ગમે તેવો કફ હોય તેને બેસાડી આરામ કરે છે.

૫૦-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. ચલમમાં પીવાની દવાઃ-કાળા ધંતૂરાનાં ડાંખળાં, કાળિયા સરસડાની શિંગો બીજસહિત, હરડે અને હળદર આ ચારે રકમને જુદી જુદી ખાંડી બીડી બનાવી અથવા ચલમમાં મૂકી પીવાથી શ્વાસ બેસી જાય છે.

૨. સારો કોડિયો લોબાન તોલા ૨૦, શુદ્ધ વછનાગ તોલા ૨, જાવંત્રી તોલા ૨॥, ધંતૂરાનાં બીજ તોલા ૨॥, લવિંગ તોલા ૨॥, પાનની જડ તોલા ૨॥, જેઠીમધ તોલા ૨॥ તેને વાટી ઠામમાં નાખી પાતાલયંત્રે અર્ક કાઢવો. તે અર્ક પાન ઉપર ચોપડી ખવાડવાથી દમ તથા શ્વાસરોગ મટી જાય છે.

૩. હિંગળોક ૨॥ તોલા, પીપર ૨॥ તોલા, કવાઈભસ્મ ૦॥ તોલો અને કેસર ૦। તોલો તેને વાટી નાગરવેલનાં પાનમાં ચાર દિવસ ખલ કરી, મગ જેવડી ગોળી વાળી ખવાડવાથી દમ-ઉધરસ જૂનાં હોય તે પણ મટી જાય છે.

૪. રસકપૂર તોલો ૦॥, બરાસકપૂર તોલો ૧ અને નાગરવેલનાં પાન ૧૦૦ લાવવાં. પછી રસકપૂરને પાણીમાં વાટી જુદું રાખવું. બરાસકપૂરને પાણીમાં વાટી જુદું રાખવું. પછી નાગર-

વેલનાં પાન ૫૦ ઉપર રસકપૂર ચોપડવું અને ૫૦ પાન ઉપર બરાસકપૂર ચોપડવું. તે સર્વ પાનને સૂકવી એકઠાં કરી એક ઝૂડી બાંધવી. પછી એક માટીના વાસણમાં પાણી શેર ૮ મૂકી તેમાં પેલા પાનની થોકડી નાખી ચૂલે ચડાવી અગ્નિ આપી, જ્યારે એક શેર પાણી રહે ત્યારે ઉતારી પાનની થોકડીને હાથે ચોળી, પાણી ગાળીને શીશી ભરી મૂકવી. જ્યારે ત્રિદોષ અથવા સન્નિપાતમાં શ્વાસ થાય, ત્યારે ઉપલી દવામાંથી બેથી અઢી રૂપિયાભાર પાણી મધ નાખી પાવાથી એકદમ ફાયદો થાય છે. અર્થાત્ દમ તથા શ્વાસ બેસી જાય છે.

૫૧–વૈદ્ય મગનલાલ રણછોડદાસ–ધંધુકા

૧. હિંગળોક તોલો ૧, આકડાનાં રવૈયાં છાંયે સૂકવેલાં તોલા ૩, લવિંગ તોલો ૧, પીપર તોલો ૧ એ સર્વને ખાંડી વસ્ત્રગાળ કરી તેમાં અઘેડાનો ખાર તોલો ૧, અફીણ તોલો ૦I અને ખસખસ તોલો ૦I એ સર્વને ખરલમાં ખૂબ ઝીણું વાટવું. આઠ પહોર ખરલ કર્યા પછી તેની મગ મગ જેવડી ગોળી કરવી. પછી તે ગોળીમાંથી હાંફણવાળા રોગીને પાનની સાથે બે થી ચાર ગોળી અને કફ છૂટો પાડવો હોય તો આદુના રસમાં આપવી. શ્વાસ હોય તો ભોંયરીંગણીના રસમાં જરા મધ મેળવીને આપવી. ઊલટીમાં તુલસીનાં પાનના રસમાં આપવી. જુદા જુદા રોગ પરત્વે અનુપાન સાથે આપવાથી ઘણુંજ રોગને મટાડે છે.

૫૨–ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય–પાટણ

૧.જાવંત્રી, જાયફળ, બદામનો મગજ, સુખડ, એલચી, લવિંગ કાળા તલ, પિસ્તાં, અકલગરો, અજમો તથા કોડિયો લોબાન એ સર્વ સમભાગે લઈ એકત્ર કરી ખાંડીને પાતાલયંત્રે તેલ કાઢવું. તેને એક શીશીમાં ભરી રાખવું. તેમાંથી બેત્રણ ટીપાં પાન ઉપર

ચોપડી દિવસમાં બે વાર ખાવાથી શ્વાસ, ખાંસી, પ્રમેહ, કફ વિકાર, પિત્તવિકાર મંદાગ્નિ, ક્ષય અને ઉદરશૂળને મટાડે છે. આ તેલ પ્રમેહ ઉપર ઘણુંજ ફાયદો કરે છે.

૨. **સોમલનાં ફૂલ:**-સોમલ શેર ૦। લઈ તેને લીંબુના રસમાં એક દિવસ ઘૂંટવો. પછી માટીની હાંડલી નંગ બે લાવી તેના મુખને ઘસીને બંધબેસતી કરવી. પછી એક વાસણમાં સોમલની લુગદી મૂકી બીજું વાસણ તે ઉપર ઊંધું મૂકી તેના સાંધાને મજબૂત સાંધી લેવા; પછી તડકે સુકાવી તે સાંધા પાછા બંધ કરી ધુમાડો નીકળે નહિ તેવી રીતે બંધ કરી ચૂલે ચડાવી રોટલો શેકાય એટલો હલકો અગ્નિ આપવો. અને ઉપરના માટલા ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકતાં જવાં. એ પ્રમાણે બે પ્રહર સુધી કરી સ્વાંગ શીતળ થાય ત્યારે ઉપરની હાંડલીમાંથી વળગેલાં ફૂલ છરી વતી ઉખેડી કાઢી લેવાં. તેમાંથી એક ચોખાપૂર પતાસામાં મેળવી ખાવા આપવાથી શ્વાસ, દમ, ઉધરસ અને ક્ષય જેવા મહાન વ્યાધિને મટાડે છે. આ માત્રા ખાવાવાળાએ દૂધ સાકર, ઘી તથા ચોખા એ સિવાય બીજો ખોરાક ખાવો નહિ. આથી જરૂર રોગ મટે છે.

૩. કુષ્માંડ (કોળું) ની જડ કે જેના ઉપર ફળફૂલ આવી ગયાં હોય, તેની જડ લાવી વાટી વસ્ત્રગાળ કરીને શીશીમાં રાખી મૂકવું. તેમાંથી બે માસા થોડા ગરમ પાણી સાથે સવારસાંજ આપવું. જરૂર હોય તો ત્રણ વાર આપવું. એથી વધારે વાર આપવું નહિ. કફના વધારામાં જ્યારે શીત જણાય ત્યારે ગપ સાથે આપવું. પથ્યમાં તેલ, મરચું તથા ખટાશ આપવાં નહિ. ઘણો ગરમ તથા ઘણો ઠંડો ખોરાક આપવો નહિ. જ્યારે અંગ્રેજી સુનાની દવાઓ શ્વાસ ઉપર નિષ્ફળ નીવડે છે, ત્યારે આ દવા ફતેહમંદીથી શ્વાસને બેચાડી સારો કરે છે. આ દવા ઘણા દરદીઓ

ઉપર અજમાયશ કરેલી છે અને તેથી જનહિતાર્થે જાહેરમાં મૂકી છે.

૫૩–વૈદ્ય ભવાનીશંકર ગોવિંદજી–સુરત

૧. બહેડાંની મીજ ટાંક ૫, જવખાર ટાંક ૫, ખેરસાલ ટાંક ૫, ભોંયરીંગણીનાં બીજ ટાંક ૫ અને સિંધવ ટાંક ૩ એ સર્વને વાટી વસ્ત્રગાળ કરી, આદુના રસમાં ઘૂંટી વટાણા જેવડી ગોળી વાળવી. તે ગોળી અગ્નિબળ જોઈ મધ સાથે આપવાથી શ્વાસ તથા ખાંસી મટી જાય છે. આ પ્રયોગમાં રીંગણીનાં બીજ શેકીને લેવાં.

૫૪–વૈદ્ય ભોળાનાથ નર્મદાશંકર સ્માર્ત–સુરત

ગોળ શેર ૦ા અને તમાકુ શેર ૦ાા એને વાટી સંપુટ કરવો. તેની વચમાં કોડિયા લોબાનનો શેર ૦ા નો એક કટકો મૂકી, કપડમટ્ટી કરી બશેર અડાયાંનો તાપ આપવો. ટાઢું પડે ત્યારે લોબાન કાઢી લેવો. તેમાંથી એક વાલ ખવાડી ઉપર ચૂરમું ખવાડવું. આથી દમ તથા અમૂંઝણ બેસી જાય છે.

૫૫–વૈદ્ય નૂરમહમદ હમીર–રાજકોટ

દમને માટેઃ–સાબરશિંગાની ભસ્મ, ટંકણ કુલાવેલો, મોરપિચ્છની ભસ્મ, અઘેડાનો ક્ષાર, ભોંયરીંગણી એ સર્વને બારીક વાટી દિવસમાં ત્રણ વાર મધમાં આપવાથી કફ છૂટો પડી દમ મટે છે.

૫૬–વૈદ્ય મણિશંકર જાદવજી જોશી–કાનપર

૧. શુદ્ધ હિંગળોક, લવિંગ તથા જાયફળનું સમભાગે ચૂર્ણ કરી એક વાલ મધ સાથે આપવાથી શ્વાસ, કાસ અને કફ મટે છે.

૨. ધંતૂરાના કાચા ડીંડવામાં માય તેટલાં લવિંગ ભરી ઉપર આટો ચડાવી બાફવાં. બફાય એટલે આટો કાઢી નાખી સૂકવી, તેમાં અજમો તોલા ૨, લીંડીપીપર તોલો ૧ અને અફીણ બે આની-ભાર મેળવી ગોળમાં ગોળી વાળી બે વખત મોંમાં રાખી ...

આ. ...

વાથી જૂનો દમ તથા ખાંસી મટે છે. ગોળી બે આનીભારની વાળવી.

૫૭–એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. સાજીખાર, આંબાહળદર તથા લવિંગનું સમભાગે ચૂર્ણ કરી તેમાંથી બે આનીભાર ચૂર્ણ આઠ તોલા ગોમૂત્ર સાથે આપવાથી દમ મટે છે.

૨. આકડાનાં લીલાં પાન શેર ૧, સિંધાલૂણ શેર ૦॥, ધંતૂરાનાં બી શેર ૦। અને જૂનો ગોળ શેર ૧ એ સર્વને ખાંડી એક ટીકડી બનાવી, એક હાંડલીમાં મૂકી, હાંડલીનું મોઢું બંધ કરી કપડમટ્ટી કરી એક પ્રહરનો અગ્નિ આપવો. ઠંડું થયા પછી કાઢી વસ્ત્રગાળ કરી રાખવું. તેમાંથી બે આનીભાર ગરમ પાણી સાથે આપવું. ખોરાક પૌષ્ટિક ઘીવાળો ખવડાવવો જેથી દમ મટે છે.

૫૮–વૈદ્ય નંદરામ પ્રાગજી–નાગેશ્રી

ક્ષય, ખાંસી અને શ્વાસ માટેઃ–તજ, તમાલપત્ર તથા એલચી અરધો તોલો, પીપર બે તોલા, દ્રાક્ષ, મહુડાં અને ખજૂર ચાર ચાર તોલા, કાકડાશિંગ, લવિંગ, ખેરસાલ અને પીપર એકેક તોલો લઈ સર્વનું બારીક ચૂર્ણ કરી મધમાં ગોળી વાળી આપવાથી રક્તપિત્ત, શ્વાસ, કાસ, અરુચિ, ઊલટી, મૂર્છા, હિક્કા, મદ, ભ્રમ, ઉરઃક્ષત, સ્વરભેદ, પ્લીહા, સોજા, આઢયવાત, થૂંકમાં લોહી પડવું, હૃદયની પીડા, પાર્શ્વપીડા અને તૃષા ઇત્યાદિ ઉપર આ ગુટિકા અત્યંત ગુણપ્રદ છે.

કફ, ક્ષય તથા દમ માટેઃ-બહુફળીનું ચૂર્ણ કરી અડધો તોલો ચૂર્ણ સાકર સાથે લેવાથી કફ, દમ તથા ક્ષય મટે છે.

૫૯–વૈદ્ય પ્રભાશંકર રવિશંકર ત્રવાડી–અટગામ

ગોરખમુંડી (બોયટા) બાળી રાખ કરવી, ઝઝેટાને (અપેરો) બાળી રાખ કરવી અને તેની બરાબર ખેરસાલ મેળવી તેમાંથી ૧

વાલ બ્રાહ્મીના રસમાં જરા મધ નાખી ચાટવાથી સ્વરભંગ મટે છે.

૬૦–વૈદ્ય અંબારામ શંકરજી–વાગડ

૧. સ્વરભંગના ઉપાયોઃ–આંબાનો મોર ફોતરાં સાથે, એલચી, સાકર અને વરિયાળી એ સર્વ સમભાગે લઈ વાટી ચૂર્ણ કરી ગરમ દૂધ સાથે પીવાથી સ્વરભંગ મટે છે અને સાદ (ઘાંટો) ઊઘડે છે.

૨. અકલગરો, વજ અને ગળો (લીંબડાનો) એ સર્વનો મધમાં અવલેહ કરી ચટાડવાથી સ્વરભંગ મટે છે.

૩. લીંડીપીપર ગરમ દૂધ સાથે પીવાથી સ્વરભંગ મટે છે.

૪. બ્રાહ્મી, કાળી દ્રાક્ષ, વજ, આદુ, ગળો, શતાવરી, ઉપલેટ, વાવડિંગ, હરડે, અઘેડા (અંઝેડો) નાં બીજ, હળદર, લીંબડાની અંતરછાલ, જીરું, સૂંઠ, શંખાવળી અને જેઠીમધ એ સર્વ સમભાગે લઈ ગોળી કરી મોંમાં રાખવાથી સાદ ઊઘડે છે.

૫. લીંમડાનાં પાન તોલા ૨૦ તથા જવખાર તોલા ૫ એ બન્નેને વાટી, પાણીમાં ચણા જેવડી ગોળી વાળી મોંમાં રાખી રસ ગળવાથી કંઠસ્વર ખૂલે છે.

૬. બહેડાંની છાલ શેકીને મોંમાં રાખવાથી કંઠસ્વર ખૂલે છે.

બહેડાંને શેકવાની રીતઃ–બહેડાંનાં ફળ આણી તેને દૂધ લગાડી ઘઉંના લોટના રોટલાની અંદર મૂકી, તે રોટલો અંગારા ઉપર શેકવો. રોટલો પરિપકવ થાય ત્યારે અંગારા ઉપરથી ઉતારી લઈ તેમાંથી પાકેલાં બહેડાંને લઈ લેવાં. તેની છાલ ઉખેડી મોંમા રાખી રસ ગળવાથી સ્વરભંગ મટે છે.

૭. પાનની જડ મોંમાં રાખી રસ ચૂસવાથી સ્વરભંગ મટે છે.

૮. દૂધમાં સાકર નાખી ઉકાળી પીવાથી પિત્ત સ્વરભંગ મટે

૯. સૂંઠ, મરી, પીપર અને પીપરીમૂળ, ગોમૂત્રમાં પીવાથી કફથી કંઠ બેઠો હોય તે મટે છે.

૧૦. આંમળાં, મધ તથા ઘી મેળવી ખાવાથી સ્વરભંગ મટે છે.

૧૧. બહેડાછાલ, લીંડીપીપર, સિંધવ અને જાઈનાં પાન, એનું ચૂર્ણ મેળી છાશમાં પાવાથી સ્વરભંગ મટે છે.

૧૨. ભોંયરીંગણીના હોડવા, મરી, દેવદાર, ઇંદ્રજવ, સૂંઠ, હળદર અને દારૂ હળદર એનો કવાથ પીવાથી પણ કફથી સ્વરભંગ થયો હોય તો મટે છે.

૧૩. બ્રાહ્મી, વજ, હરડે, ગળો, અઘેડો, ખેરસાલ, એ સર્વ સમભાગે લઈ, નાગરવેલનાં પાનના રસમાં ગોળી વાળી ખાવાથી સ્વરભંગ મટે છે.

૧૪. આંબાનો મોર અને ખાંડ બંને મેળવી ખાવાથી સ્વરભંગ મટે છે.

૧૫. ગરમ પાણીમાં ખાંડ મેળવી પાવી અગર ચણોઠીનાં પાન મોંમાં રાખી રસ ગળવાથી સ્વરભંગ મટે છે. અથવા જેઠીમધનો શીરો મોંમાં રાખી રસ ચૂસવાથી પણ સ્વરભંગ મટે છે. કોઈ કોઈ વાર એવા દરદી આવવાથી અજમાવી જોયેલા છે. વાત, પિત્ત, કફ, સન્નિપાત, ધાતુક્ષય અને ક્ષયરોગથી એ પ્રમાણે ૭ પ્રકારના સ્વરભંગ થાય છે. તે તપાસી અનુકૂળ ઉપાય લેવા, જેથી ફાયદો થાય છે.

૬૧-વૈદ્ય બાળકૃષ્ણ રત્નેશ્વર-સુરત

અજમાની ગોળપાપડી ખવડાવવાથી હેડકી બંધ થાય છે.

૬૨-વૈદ્ય અંબાલાલ શંકરજી-વાગડ

૧. હેડકી માટેઃ-કાકડાશિંગીનું ચૂર્ણ મધ સાથે બે ત્રણ ખત ચટાડવાથી હેડકી બંધ થઈ જાય છે.

૨. ખારેક એક લઇ તેમાંથી ઠળિયો કાઢી નાખી, તેમાં ગૂગળ ભરી ઉપર ઘઉંની કણક તથા એક ભીનું લૂગડું લપેટી બાફી આખી ખારેક ગૂગળ સહિત ખાઈ જવાથી હેડકી બંધ થાય છે.

૩. મોરપિચ્છના ચાંદલાની ભસ્મ તથા લીંડીપીપર મધ સાથે ચટાડવાથી હેડકી મટી જાય છે.

૪. નાળિયેરની ચોટલી અથવા મુંજ ચલમમાં પીવાથી હેડકી મટે છે.

૫. હિંગળોકનો એક વાલનો કટકો લઈ ચલમમાં મૂકી ફક્ત બેજ દમ મારવાથી હેડકી બંધ થાય છે.

૬૩-વૈદ્ય દેવજી આશુ

હઠીલી હેડકીઃ-નાગરવેલનાં પાન ૧૦૦ લઈ તેનો એક કાચના વાસણમાં રસ કાઢવો. પછી શેરડી રસદાર લઇ તેના હાથ હાથના કટકા કરી ભરસાળમાં બાફી છોલી સાણસીથી પકડી રસ કાઢી પાનના રસમાં મેળવી દિવસમાં પાંચથી છ વખત અડધો તોલો પાવાથી ગમે તેવી હેડકી બંધ થાય છે. ખોરાક હલકો આપવો.

૬૪-વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

નાળિયેરની કાચલી વાલ ૨ તથા ખારેકનો ઠળિયો વાલ ૧ પાણીમાં ઘસી પીવાથી હેડકી મટી જાય છે.



१२–अरुचि, ऊलटी अने तृषारोग

અરુચિ:-નિદાનશાસ્ત્રમાં વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી, શોકથી, ભયથી, અતિ લોભથી અને અતિ ક્રોધથી અરુચિરોગ ઉત્પન્ન થાય છે એમ લખેલું છે. પોતાને મનમાં કંટાળો ઊપજે અથવા દેખીને કમકમાટી ઊપજે એવું રૂપ, એવી ગંધ અને એવાં ખાનપાનના પદાર્થોથી અરુચિ ઉત્પન્ન થાય છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં શોકથી,લોભથી તથા ભયથી વાયુ ઉત્પન્ન થાય છે અને ક્રોધથી પિત્ત ઉત્પન્ન થાય છે અને બેઉ મળવાથી ત્રિદોષ ઉત્પન્ન થાય છે. એટલે ચાર પ્રકારના માનસિક કારણથી ચાર પ્રકારની દોષવાળી અરુચિ ગણવી એ વધારે વાસ્તવિક લાગે છે. અણગમતી વસ્તુ જોવાથી જે કંટાળો ઊપજે તેનો સમાસ ક્રોધમાં થઈ શકે છે. કારણ કે મનને ગમે નહિ એવી વાત ઉપર ક્રોધજ ઉત્પન્ન થાય છે; માટે અરુચિરોગ ચાર પ્રકારના ગણો કે આઠ પ્રકારના ગણો, એ બેઉ સરખું છે.

કોઈ પણ કારણથી શોક ઉત્પન્ન થાય છે, એટલે મગજમાં રહેલો સ્નેહગ કફ અને હૃદયમાં રહેલો અવલંબન કફ તથા ગળામાં રહેલા રસના કફનો અતિયોગ થવાથી વાયુમાં હીનયોગ થાય છે અને પાંચે પ્રકારનાં પિત્તમાં મિથ્યાયોગ થાય છે; તેથી શોકમાં આંખમાંથી પાણી પડે છે. નાકમાંથી કફ ટપકે છે અને મુખમાંથી લાળ પડે છે. આથી હૃદયમાં રહેલા સાધકપિત્તની સાથે પ્રાનવાયુનો મિથ્યાયોગ થવાથી હૃદય સુસ્ત બની જાય છે અને કોઠામાં રહેલા પાચકપિત્તમાં સમાનવાયુનો મિથ્યાયોગ થવાથી કલેદન કફનો અતિયોગ થાય છે.આથી પેટમાં ભૂખ લાગતી નથી એટલે મુખમાં સ્વાદ વિના કશું ભાવતું નથી. જે મનુષ્યને કોઈ

પણ કારણથી ભય ઉત્પન્ન થાય તો વાયુનાં પાંચે સ્થાનોમાં વાયુનો અતિયોગ થાય છે જેથી પિત્ત અને કફનો હીનયોગ થાય છે. એટલે હૃદયમાં રહેલા સાધકપિત્તનો હીનયોગ થવાથી મેધા અને ઓજસનો હ્રાસ થાય છે જેથી રોગીને ગ્લાનિ થાય છે. ચામડીમાં રહેલા વ્યાનવાયુના અતિયોગથી ભ્રાજકપિત્તનો હીનયોગ થાય છે, જેથી ચામડીનું તેમાં ખાસ કરીને મુખની ચામડીનું તેજ ઘટી જાય છે, કોઠામાં રહેલા સમાનવાયુના અતિયોગથી પાચકપિત્તનો હીનયોગ થાય છે અને મળાશયમાં રહેલા અપાનવાયુનો સંશ્લેષણ કફ સાથે મિથ્યાયોગ થવાથી ભૂખને ઢાંકી દે છે. આથી ઉદાનવાયુના અતિયોગે રસન કફનો હીનયોગ થવાથી, જીભ લૂખી પડી જઈ ખાનપાન પર અરુચિ થાય છે.

કોઈ માણસને અત્યંત લોભ એટલે કોઈ વસ્તુની અથવા કોઈ કામની તીવ્ર ઇચ્છા થાય છે, જેથી તે માણસ તે ઇચ્છા તૃપ્ત કરવાને માટે અતિ લુબ્ધ થાય છે, એટલે તેનું મન ખાન અને પાન, આરામ અને ઊંઘ મેળવવાને પ્રયત્નવાન થતું નથી; એટલે ખાન અને પાનના પદાર્થો નહિ મળવાથી શરીરમાં રહેલું પાચકપિત્ત, શરીરમાં રહેલી સાતે ધાતુનું શોષણ કરે છે. એટલે તે મનુષ્યનું શરીર દુર્બળ થતું જાય છે. પાચકપિત્ત શરીરમાં રહેલી ધાતુઓને ખાવા માંડે છે, એટલે તે તે સ્થાનમાં રહેલા વાયુ પ્રબળ થઈ, પિત્તને તથા કફને સૂકવી તેની ક્રિયાઓમાં શિથિલતા ઉત્પન્ન કરે છે. આથી તે રોગીને જ્યારે ખાવાનું કે પીવાનું યાદ આવે છે, ત્યારે તેને અનુકૂળ સમય નહિ હોવાથી અન્નનો ઉપયોગ કરે છે. તેથી સમાનવાયુ તે ખાન અને અન્નને ઠેકાણે પાણી અને પાણીને ઠેકાણે પાનના પદાર્થોના ભાગ પાડી શકતો નથી; રંજકપિત્ત તેને રંગી શકતું નથી; સાધકપિત્ત મેધા અને ઓજસ ઉત્પન્ન કરી શક નથી; એટલે ભ્રાજકપિત્ત ચામડીમાં તેજ લાવી શ

આથી શરીરમાં ધાતુઓ બનવાના પદાર્થોનો જે ક્રમ ચાલુ હોય, તે ક્રમમાં અવ્યવસ્થા થવાથી ભૂખ મંદ પડી જાય છે અને ખાન અને પાનમાં અરુચિ ઉત્પન્ન થાય છે.

કોઈ માણસને સૃષ્ટિક્રમ વિરુદ્ધ અથવા રાજ્યના કાયદા વિરુદ્ધ અથવા લોકનીતિ વિરુદ્ધ કાર્ય કરવાથી ભય ઉત્પન્ન થાય છે. આને લીધે સમાનવાયુ પાનવાયુમાં મળી જવાથી તેનો અતિયોગ થાય છે, તેથી સાધકપિત્ત નબળું પડવાથી અવલંબન કફનો મિથ્યાયોગ થાય છે અને હૃદયમાં વારંવાર ધ્રાસકા પડે છે. સાધકપિત્ત નબળું પડવાથી ઓજસ ઘટી જાય છે અને કોઇ પણ જાતના અધિકારી માણસને જોઇને ગ્લાનિ થાય છે. ઉદાનવાયુમાં પાનવાયુનો અતિયોગ થવાથી છાતીમાં ધબકારા વધે છે અને શ્વાસ ટૂંકો થાય છે અને તેનો દમ ભરાઈ જાય છે. ઉદાનવાયુનો અતિયોગ થવાથી સ્નેહન કફ સુકાઈ જાય છે, તથા તે માણસને બોલતાં મોંઢે ફાકા પડે છે. વ્યાનવાયુનો અતિયોગ થવાથી બ્રાજકપિત્તનો હિનયોગ થાય છે અને કલેદન કફનો મિથ્યાયોગ થાય છે તેથી શરીર કંપે છે અને શરીરની ચામડી નિસ્તેજ બને છે. ઉદાનવાયુનો અતિયોગ થવાથી આલોચકપિત્તનો હીનયોગ થઈ સ્નેહન કફનો મિથ્યાયોગ થાય છે, જેથી આંખ બહાવરી બને છે અને મગજ ભમે છે, બલકે વખતે મૂર્છા પણ થાય છે. રસન કફ સુકાવાથી જીભ લૂખી પડે છે એટલે ખોરાક ભાવતો નથી તથા કોઠામાં સમાનવાયુનો અતિયોગ થવાથી અગ્નિ મંદ પડી ભૂખ લાગતી નથી એટલે ભયથી અરુચિ ઉત્પન્ન થાય છે.

જે માણસે ધારેલી વસ્તુ તેને પ્રાપ્ત થાય નહિ અથવા કહેલી વાત મનાય નહિ તો તે માણસને ક્રોધ ઉત્પન્ન થાય છે. તેથી પાચકપિત્ત સાધકપિત્તમાં અને સાધકપિત્ત આલોચકપિત્તમાં એકદમ મળી જઇ સમાનવાયુ, પાનવાયુ અને ઉદાનવાયુનો હીનયોગ કરે

છે. આથી ભ્રાજકપિત્ત ઉદાનવાયુના હીનયોગને લીધે મુખની આકૃતિ લાલ બનાવે છે, એટલે મોં તથા આંખો પર લોહી ચઢી આવે છે. શરીરના સાંધાઓને દૃઢ કરનાર સંશ્લેષણ કફનો મિથ્યાયોગ થવાથી શરીર ધ્રૂજે છે, અવલંબન કફનો વાયુ સાથે મિથ્યાયોગ થવાથી છાતી ગભરાય છે અને હૃદયમાં તથા માથામાં રહેલા સ્નેહન કફનો મિથ્યાયોગ થવાથી તમોગુણની વૃદ્ધિ થઈ માથામાં ચક્કર આવે છે અને આંખે અંધારાં આવે છે. રસન કફનો મિથ્યાયોગ થવાથી મુખમાંથી થૂંક ઊડે છે તથા લાળ ગળે છે. એકંદરે ક્રોધથી પિત્તનો અતિયોગ થાય છે અને કફનો મિથ્યાયોગ થાય છે; એટલે વાયુનો હીનયોગ થાય છે, તેથી શરીરની કાંતિ, બુદ્ધિ, મેધા અને પ્રજ્ઞાનો નાશ થાય છે. આથી તે માણસ શુભાશુભ વિચાર કરી નહિ શકવાથી મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. કોઠામાં રહેલું પાચકપિત્ત સાધકપિત્ત સાથે મળી ગયેલું હોવાથી ક્લેદન કફનો અતિયોગ થાય છે, જેથી અગ્નિ મંદ થઈ તેને અરુચિ ઉત્પન્ન થાય છે. એવી રીતે ચાર પ્રકારની અરુચિ માનસિક વિકારથી થતી હોવાથી, જ્યાં સુધી મનના જે જે કારણથી તે ઉત્પન્ન થયેલી હોય તે તે કારણોનો પ્રતિરોધ કરવામાં નહિ આવે ત્યાં સુધી તે મટતી નથી. પરંતુ ઘણી વાર પિત્તને દગ્ધ કરી યકૃતમાં તેને સુકાવી પિત્તાશયમાં પથરીનું રૂપ ધારણ કરે છે અને જે વસ્તુ પોતાને ગમતી નથી, એવી વસ્તુને જોવાથી અથવા જે ગંધ અણગમતી હોય તેની ગંધ લેવાથી જે અરુચિ ઉત્પન્ન થાય છે તે યોગ્ય ઉપચાર કરવાથી મટી શકે છે. અર્થાત્ માનસિક વિચારથી થયેલી અરુચિ કષ્ટસાધ્ય અથવા અસાધ્ય નીવડે છે અને બીજી સાધ્ય છે.

ઊલટી (છર્દિ) રોગ:–અત્યંત દ્રવરૂપ ભોજનોથી, અત્યંત સ્નિગ્ધ ભોજનથી, ખારા ભોજનથી સમય વગરના ભોજનથી,

અત્યંત ભોજનથી, અહિતકર ભોજનથી, આમથી, ભયથી, ઉદ્વેગથી, અજીર્ણથી, કૃમિથી, ગર્ભ રહેવાથી, બહુજ ઉતાવળું જમવાથી, દુષ્ટ થયેલા વાયુ, પિત્ત અને કફથી, દુષ્ટ થયેલા ત્રણે દોષોથી અને ગ્લાનિ પમાડનાર સુગામણા પદાર્થોના દર્શન, શ્રવણ સ્પર્શન તથા ભક્ષણ કરવાથી, જમેલું અન્ન બળાત્કારથી પાછું ઊછળતાં પાંચ પ્રકારની ઊલટીઓ થાય છે. જેમાં વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોષથી, કૃમિથી અને ગર્ભ રહેવાથી તથા સુગામણા પદાર્થોથી, થયેલી ઊલટીને આગંતુક ઊલટીમાં ગણેલી છે.

જે ઊલટીમાં અજીર્ણથી અપાનવાયુનો અતિયોગ થઈ સમાનવાયુનો અતિયોગ કરી, પાનવાયુમાં મળી પાચકપિત્તનો તથા સાધકપિત્તનો હીનયોગ થાય છે, જેથી ક્લેદન કફ તથા અવલંબન કફનો મિથ્યાયોગ થાય છે; એટલે જે પદાર્થોનું ભક્ષણ કરવામાં આવ્યું હોય તેને અપાનવાયુ કોઠામાંથી પાછા ખેંચી લાવી મુખવાટે બહાર ફેંકી દે છે. સાધકપિત્તનો હીનયોગ થવાથી છાતી તથા પડખામાં પીડા થાય છે. રસન કફનો તથા સ્નેહન કફનો મિથ્યાયોગ થવાથી મોઢું સુકાય છે તથા માથામાં પીડા થાય છે. અવલંબન કફનો મિથ્યાયોગ થવાથી ઉધરસ આવે છે અને સ્વર બેસી જાય છે. ભ્રાજકપિત્તના હીનયોગથી અને વ્યાનવાયુના અતિયોગથી અંગોમાં સોયો ભોંકાતી હોય એવી પીડા થાય છે, અર્થાત્ એકંદર વાયુનો અતિયોગ, પિત્તનો હીનયોગ અને કફનો મિથ્યાયોગ થવાથી રોગી ફીણવાળું, તૂટેલું, કાળું, પાતળું, તુરું પણ થોડું વમન કરથી તથા ઘણા જોરથી માંડ માંડ કરે છે તેને વાયુની ઊલટી કહેવામાં આવે છે.

જે રોગી પિત્તને કોપાવનારા પદાર્થોનું ભક્ષણ કરે છે તથા તેવા પદાર્થોને જુએ છે તેથી તેના પાચકપિત્તમાં અતિયોગ થાય છે અને સમાનવાયુનો હીનયોગ થઈ ક્લેદન કફ, અવલંબન

કફ અને રસનકફ તથા સ્નેહગકફનો મિથ્યાયોગ થાય છે, એટલે પિત્તનો અતિયોગ થવાથી તે રોગીને મૂર્છા થાય છે; તેની સાથે માથામાં, તાળવામાં તથા નેત્રમાં સંતાપ થાય છે અને આંખે અંધારાં આવે છે. તેમ પીળું, અત્યંત ઊનું, હરિત રંગવાળું, કડવું ધુમાડા જેવું અને દાહવાળું વમન કરે છે તેને **પિત્તપ્રધાન ઊલટી** કહે છે.

જે માણસ અત્યંત મધુર તથા ચીકણા કફને ઉત્પન્ન કરનાર પદાર્થનું સેવન કરે છે, જેથી અપાનવાયુ, સમાનવાયુ, પાનવાયુ અને ઉદાનવાયુનો હીનયોગ થાય છે એટલે કફનો અતિયોગ થઇ પિત્તનો મિથ્યાયોગ થાય છે, જેથી તે માણસને તંદ્રા આવે છે. મોઢાની મીઠાશથી, કફ ઝરવાથી, તૃપ્તિ રહેવાથી, નિદ્રાથી, અરુચિથી તથા ભારેપણાથી પીડાય છે. જેના રુવાંટાં ઊભાં થઇ જાય છે, તે સાથે તે માણસ ચીકણું, ઘાડું, મીઠું, ધોળું અને થોડી વેદનાવાળું વમન કરે છે તેને **કફપ્રધાન ઊલટી** કહે છે.

જે માણસ માનસિક અને શારીરિક અવયવોને બગાડે એવા ત્રણે દોષથી મળેલા પદાર્થોનું સેવન, દર્શન અને સ્પર્શન કરે છે, તેઓના ત્રણે દોષોનો એકબીજા સાથે મિથ્યાયોગ થવાથી તે રોગીને શૂળ નીકળે છે, અન્નનો ખરાબ પાક થાય છે અને અરુચિ, દાહ, તરસ, શ્વાસ, પ્રમેહ થઇને ખારું, ખાટું, નીલવર્ણું ઘાટું, ઊનું–લોહીવર્ણું વમન થાય છે તેને **ત્રિદોષપ્રધાન ઊલટી** કહે છે.

અહિતકર આહારથી, કૃમિઓથી, આમથી, સૂગ ચડે એવા પદાર્થોના દર્શનાદિથી અને ગર્ભ રહેવાથી થયેલી ઊલટીને આગંતુક ઊલટીમાં ગણેલી છે. એટલે એ આગંતુક કારણથી થયેલી ઊલટી, પાછળથી ઉપર કહેલા દોષોને પોતપોતાના કારણ પ્રમાણે પ્રાપ્ત થાય છે, તેથી તેનાં લક્ષણો જુદાં લખવાની જરૂર નથી.

ઊલટીમાં ઉધરસ, શ્વાસ, તાવ, તૃષા, હેડકી, ચિત્તભ્રમ,

છાતીનું દરદ અને અલ્પમાન એટલા ઉપદ્રવો હોય છે, એવા ઉપદ્રવવાળી ઊલટી હોય અથવા ક્ષીણ થયેલા માણસને અત્યંત લાગુ પડેલી હોય, લોહીથી તથા પરુથી સંયુક્ત હોય અને મોરપિચ્છના ચાંદલા જેવી કાન્તિવાળી હોય, તે ઊલટી અસાધ્ય છે અને જે ઊલટી ઉપદ્રવો વગરની હોય તે સાધ્ય કહેવાય છે.

તૃષારોગ (તરસ):-ભયથી, શ્રમથી, બળ નાશ થવાથી, ક્રોધથી, અપવાસથી, સમાનવાયુ અને પાચકપિત્ત બગડવાથી તૃષાને આચ્છાદન કરનારી ધમનિઓનું મૂળ જે પિત્તાશયની ઉપર કલોમ નામથી ઓળખાય છે, તેના મૂળમાં વાયુ અને પિત્તનો અતિયોગ થવાથી તે નસો દ્વારા જે જે સ્થાનોમાં પાણીને પહોંચાડવાની જરૂર છે, તે તે સ્થાનોમાં પાણી પહોંચવાથી કફનો હીનયોગ થાય છે. તેમાં મુખ્યત્વે કરીને તાળવામાં જ્યાં તૃષાનું સ્થાન છે, તે ભાગ સુકાવાથી મુખ સુકાય છે અને મનુષ્યોને તૃષા ઉત્પન્ન થાય છે. એટલે પેટમાં રહેલું અપક્વ અન્ન આમ અને કફથી બગડીને ત્રણ દોષવાળી ત્રણ જાતની તૃષા ઉત્પન્ન કરે છે. તેમજ ઘવાયલાં માણસને તરસ લાગે છે તે ચોથી, ક્ષયરોગમાં તરસ લાગે છે તે પાંચમી, આમમાંથી ઉત્પન્ન થાય છે તે છઠ્ઠી અને અન્ન ખાધા પછી જે તરસ લાગે છે તે સાતમી છે. એ પ્રમાણે સાત જાત પૈકી વાયુની, કફની અને અન્ન ખાધા પછીની તૃષા સહેલાઇથી મટે છે. બાકીની પરાણે મટે એવી છે. એ તૃષાનો વેગ અત્યંત વધવાથી તે તે દોષોના ઉદ્‌ભવમાં તે તે દોષોને મળતાં લક્ષણો થાય છે, તે નિદાનશાસ્ત્રથી જાણી લેવાં. પરંતુ વાયુ આદિ વિકારોથી ઉત્પન્ન થયેલી તૃષા ઘણી વધી પડી હોય, વ્યાધિથી હાડપિંજર થયેલા પુરુષને તૃષા લાગતી હોય, ઊલટી થયા પછી જેને તૃષા લાગતી હોય અથવા જે ભયંકર ઉપદ્રવોયુક્ત તૃષા હોય તેને અસાધ્ય જાણવી.

જો માણસને અરુચિ થઈ હોય અને તે અરુચિનું કારણ શોક, ભય, લોભ કે ક્રોધ હોય, તો તે અરુચિનો, તેના કારણનો નાશ કર્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી. પણ જો કુત્સિત પદાર્થોના દર્શનથી, ગંધથી કે સ્વાદથી અરુચિ ઉત્પન્ન થયેલી હોય, તો તેવા રોગીને ખાટા, તીખા અને ગળ્યા રસને મિશ્ર કરીને આપવાથી રુચિ ઉત્પન્ન થાય છે. તેમાં જો પાચકપિત્તના અને સાધકપિત્તના અતિયોગથી અરુચિ ઉત્પન્ન થઈ હોય તો આમલીનું પનું (પ્રપાનક) અથવા ખાટી કેરીનું પનું આપવાથી અરુચિ મટે છે. અથવા દાડમનો રસ કાઢી તેમાં થોડું મધ નાખી, ઉપર મરીનું ચૂર્ણ ભભરાવી, ગરમ કરી પીવામાં કે ચાટવામાં આવે, તો અરુચિ મટે છે. પણ જો કોઠામાં રહેલા સમાનવાયુ તથા હૃદયના પાનવાયુ અને ઉદાનવાયુનો અતિયોગ થઇ પિત્તનો હીનયોગ થયો હોય, તો બિજોરાનું કેશર અગર ચિકોતરું લીંબુ જેને પપનસ કહે છે તે, અથવા અનનાસને છોલીને તેમાં મરી, મીઠું અને જરા સાકર મેળવીને ચટડાવવાથી અરુચિ મટે છે. પરંતુ જે રોગીને કફનો અતિયોગ થવાથી પિત્તનો હીનયોગ થઇ વાયુના મિથ્યાયોગથી અરુચિ થઈ હોય તેને આદુ, જીરું, મીઠું, મરી અને સાકરની ચટણી કરી, તે વારંવાર મોંમાં રાખી થૂંકવાથી જીભ સાફ થશે અને રુચિ ઉત્પન્ન થશે. તેવી રીતે કફનો અતિયોગ, પિત્તનો હીનયોગ અને વાયુનો મિથ્યાયોગ થવાથી જે અરુચિ ઉત્પન્ન થઈ હોય, તેને માટે કાળાં મરીનો ભૂકો પાશેર પાણીમાં નાખી તેમાં થોડો સિંધવ મેળવી ખટાશ આવે એટલું લીંબુ મેળવી, ગરમ કરી પાવાથી અરુચિ મટે છે. શોકવાળાની પાસે આનંદની વાતો કરવાથી, ભયવાળાની પાસે હિંમતની વાતો કરવાથી, લોભવાળાની પાસે ઇચ્છિત વસ્તુ મળવાનો સંભવ છે એવી વાતો કરવાથી અને ક્રોધવાળાની પાસે શાંતિની તથા વૈરાગ્યની વાતો કરવાથી, તેના મનને

શાંતિ થાય તો તે અરુચિ મટે છે. પણ ઘણાખરા રોગી એવા રોગથી મરણ પામતા જોવામાં આવ્યા છે.

જે રોગીને ઊલટી થતી હોય તે રોગીને દરેક ઊલટીએ બબ્બે ગોળી છર્દિરિપુની આપવાથી સામાન્ય ઊલટી બંધ થઈ જાય છે. જે રોગીને અજીર્ણથી ઊલટી થતી હોય અથવા ઘણા તાપમાં રખડવાથી લૂ લાગીને ઊલટી થતી હોય અથવા જેને ઊલટી થતાં છાતીમાં ઊબકા આવતા હોય, ગભરામણ થતી હોય તથા ઊલટી બરાબર થતી ન હોય, પણ ગભરામણથી શરીરે પસીનાના રેલા છૂટતા હોય, તેવી અવસ્થામાં સજીવન ગુટિકા નંગ બે તથા છોડાં સાથે વગર શેકેલી એલચી નંગ બે, ઠંડા પાણીમાં વાટી પાવાથી તરત આરામ દેખાય છે. સજીવન ગુટિકા એલચી સાથે વાટીને કલાક કલાકે આપી શકાય છે. જો વિષૂચિકામાં ઊલટી અને ઝાડા થતા હોય તો કર્પૂરાદિ ગુટિકા દરેક ઊલટી અને ઝાડે, બબ્બે ગોળી પાણી સાથે ગળાવવાથી તરત આરામ થાય છે.

જે રોગીને અત્યંત તૃષા લાગતી હોય તેને સોનાનો વરખ મધમાં ચટાડવાથી મોંમાં અમી આવે છે. અથવા પીપર, મરી અને એલચી તથા કાળી દ્રાક્ષ સમભાગે લઈ, દ્રાક્ષમાંથી જેટલાં બી નીકળે એટલા દાણા ગણીને કાળાં મરીના લેવા. પછી પીપર, મરી, એલચીનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં દ્રાક્ષને મેળવી, દ્રાક્ષના વજન જેટલું મધ અને આદાનો રસ એ બેની ચાસણી કરી, તેમાં દ્રાક્ષવાળો ભૂકો ઉમેરી ચટણી બનાવવી. એ ચટણીનું સેવન કરવાથી મળ પચે છે, વાયુ નિયમિત થાય છે, મુખમાં અમી છૂટે છે અને તૃષા મટે છે. તૃષાવાળા રોગીને એકંદરે વાયુશામક ઉપચારો કરવા, પરંતુ ગરમીથી શોષ પડે છે એમ ધારીને ઠંડા લીંબુ સોડા કે અતિ ઠંડું પાણી અથવા ઠંડા પદાર્થોનો ઉપયોગ કરવો

નહિ; પરંતુ પિત્તશામક અને વાતનાશક કવાથો, ચૂર્ણો, ચટણીઓ અને રસોનો ઉપયોગ કરવો એટલે તૃષાની શાંતિ થશે. પણ જો તૃષા ભયંકર રૂપમાં કોઇ રોગના ઉપદ્રવ તરીકે ઉત્પન્ન થયેલી હશે તો તે રોગી યમદ્વારે જશે. એ પ્રમાણે અરુચિ, ઊલટી અને તૃષાના પ્રયોગો ચિકિત્સકે બુદ્ધિપૂર્વક કરવાના છે અને આ ત્રણે રોગો ઘણેખરે ઠેકાણે બીજા રોગોના ઉપદ્રવ તરીકેજ માલૂમ પડે છે અને તે તે રોગની શાંતિ થયે, શાંત થાય છે; એટલા માટે ચિકિત્સકે રોગનું કારણ તપાસી તે પ્રમાણે યોજના કરવી.

अरुचि, ऊलटी तथा तृषारोगना केटलाक उपायो

૧–વૈદ્ય ધીરજલાલ દલપતરામ–સુરત

૧. ઝેરી કોપરું બે વાલ ઘસી જરા સાકર નાખી પાવાથી ઊલટી મટે છે.

૨. નાળિયેરની કાચલી, ભાર્તની ધાણી, સાકર અને ધાણા બબ્બે વાલને આશરે ઘસીને વાટી પીવાથી ઊલટી બંધ થાય છે.

૨–વૈદ્ય નંદલાલ મોરારજી–કંથારિયા

ઊલટી માટે:–કપાસની જડની સાંઠીની રાખ તોલો ૦॥ ભાર તથા કરોળિયાનું પડ પાણી સાથે પાવાથી ઊલટી બંધ થાય છે.

૩–વૈદ્ય જમિયતરામ કેશવરામ–મુંબાઇ

પલાળેલો ચૂનો તથા સુરોખાર સમભાગે લઈ લીંબુના રસમાં ઘૂંટી વટાણા જેવડી ગોળી વાળી, કાળી દ્રાક્ષના પાણી જોડે આપવાથી ઊલટી બંધ થાય છે. યકૃતવૃદ્ધિ અને અમ્લપિત્ત ઉપર પાણી સાથે આપવાથી ઘણી ફાયદાકારક નીવડેલી છે. દરદ તથા દરદીની સ્થિતિ જોઈ એકથી બે ગોળી દિવસમાં બેથી ત્રણ વખત

૪-માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

ઊલટી માટેઃ-મકાઇના ડોડામાંથી દાણા કાઢી નાખી તે ડોડાને બાળી રાખ કરવી, તથા સોપારી બાળી રાખ કરી સમભાગે મેળવી, મધમાં ચાટવાથી ઊલટી મટે છે.

૫-માસ્તર લલ્લુભાઈ નાથાભાઈ-ગોરુ

ઊલટી માટેઃ-લવિંગ, બીલાં, એલચી, તજ, જાયફળ, કેશર જાવંત્રી, બોરના ઠળિયાની મીંજ, વડની કૂણી વડવાઇ ને બાળેલી સોપારી લઇ, કેશર સિવાય બધી ચીજો સમભાગે લેવી. કેશર સોળમા ભાગે લેવું અને સાકર બધાના વજન જેટલી લેવી. સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં કૂણી લાલ રંગની કંબોઇની ડૂંકો મેળવી, ખૂબ ખરલ કરી ચણા જેવડી ગોળી વાળી, અડધા તોલા મધમાં એક ગોળી ચાટવાથી ગમે તે પ્રકારની ઊલટી મટી જાય છે, એમાં કાંઇ પણ શક નથી. પરંતુ ગોળી ખાઈ ઉપર તરતજ ચોખાની ખીચડી ઠંડી પડયેથી માંહે મધ નાખીને ખાવી. આ ઉપાયથી ગમે તેવા ઊલટીઓડા મટી જાય છે.

૬-વૈદ્ય મંગળભાઇ ભૂધરભાઇ-બાવળા

ઊલટી માટેઃ-આંબાની કૂંપળો તોલો ૧, જાંબુની કૂંપળો તોલો ૧, બંનેનો પાણીમાં અષ્ટાવશેષ કવાથ કરી તેમાં શેકેલા ચોખાની ધાણીનું ચૂર્ણ તોલો ૧ મેળવી, મધ તોલો ૧ નાખી વારંવાર કલાકે કલાકે ચાટવાથી સઘળી જાતની ઊલટી, અતિચાર તથા છાતીનો દાહ મટે છે. આ ઉપાય રામબાણ છે.

૭-વૈદ્ય મણિશંકર ગદવજી જોશી-કાનપર

ઊલટી માટેઃ-મકાઇનું ખાલી કણસલું બાળી, રાખ કરી વાલ દોઢ વાલ મધ સાથે ચાટવાથી ઊલટી તરતજ બંધ થાય છે.

૮—અમદાવાદના એક વૈદ્યરાજ

૧. ઊલટી માટેઃ—છાતી અને પેઢુના વચલા ભાગમાં વિલાયતી રાઈનું પ્લાસ્ટર મારવાથી પાંચ મિનિટમાં ગમે તેવી ઊલટી થતી હોય તો પણ બંધ થઈ જાય છે. પ્લાસ્ટર મારેલી જગ્યાએ બળતરા થવા માંડે એટલે પ્લાસ્ટર કાઢી નાખવું અને તે જગ્યાએથી ચોંટેલી રાઈ કપડા વતી લૂછી લેવી. રાઈ કપડાની જે બાજુએ ચોપડેલી હોય તે બાજુ છાતી અને પેઢુના વચલા ભાગમાં મૂકવી. આ ઉપાય મને કોલેરા થયો હતો ત્યારે અજમાવ્યો હતો.

૨. નેતરની લાકડીને પથ્થર ઉપર પાણીમાં ઘસી ચંદન જેવું જાડું એક રૂપિયાભાર પાણી કરી પીવાથી સર્વ પ્રકારની ઊલટ તાકીદે બંધ થાય છે.

૯—એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

ઊલટી માટેઃ—જીરું, મોટી હરડેની છાલ, નાગકેશર, લીંડીપીપર અને વરિયાળી, એ સર્વ સમભાગે લઈ વાટી ચૂર્ણ કરી, તેમાં પાંચમા ભાગે લોબાનનાં ફૂલ મેળવી મધમાં ચાટવાથી ઊલટી બંધ થાય છે.

૧૦—વૈદ્ય પુરુષોત્તમ બહેચરભાઈ—કાલોલ

૧. ઊલટી માટેઃ—એલચીદાણા, લાજા (ડાંગરની ધાણી), લવિંગ, નાગકેસર, કાંગ, લીંડીપીપર, બોરના ઠળિયાની મીંજ અને મોથ એ સર્વ સમભાગે લઈ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, એક તોલાની માત્રા, મધ તોલા બે તથા સાકર તોલા બે સાથે મિશ્ર કરી એક અથવા બે વખત આપવાથી સર્વ પ્રકારની ઊલટી મટે છે. આ ઉપાય ઘણોજ ચમત્કારિક અને તરત ઊલટીને મટાડે એવો છે.

૨. એક શેર ગરમ પાણીમાં પીપળાનાં છોડાંની

ટાંક પલાળી ચોળી મસળી ઢાંકી, હાલે નહિ તેવી જગ્યાએ એક કલાક અથવા દોઢ કલાક ઠરવા દઈ, નીચે બેસે ત્યારે ઉપરથી નીતર્યું પાણી કાઢી લઈ કપડાથી ગાળી દરદીને તે બધું પાણી અથવા અર્ધું પાણી પાવું. એક વખત પાવાથી કદાચ ઊલટી બંધ નહિ થાય તો પણ આપ્યાજ કરવું. આથી ગમે તેવી ભયંકર અને અસહ્ય ઊલટી થતી હશે તો પણ ચમત્કારિક રીતે બંધ થઈ જશે. આ દવાથી કોલેરા, મરકી, મહામારી વગેરે દરદોમાં થતી ભયંકર ઊલટી બંધ થાય છે. તેમજ તૃષારોગ મટે છે. આ દવાથી સોએ સો ટકા કેસો સારા થયા છે અને કોઈ પણ વખતે નિષ્ફળ ગઈ નથી.

૩. ઝેરકોચલાને ઘી સાથે લાલચોળ તળીને ચપ્પુ વડે તેની છાલ કાઢી નાખી, બાકી રહેલા ભાગનું ચૂર્ણ કરી, એકથી દોઢ વાલ આપવાથી સ્ત્રીઓને સગર્ભાવસ્થામાં થતી ઊલટીને બંધ કરે છે.

૧૧-વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા-વાગડ

૧. તૃષારોગ માટેઃ-આમલીના રસમાં એલચીની ગોળી વાળી મુખમાં રાખી રસ ગળવાથી તૃષારોગ મટે છે.

૨. પાણીને ગરમ કરી તેમાં સુખડનો ઘસારો સારી રીતે ઉતારી, તેમાં વરિયાળીની પોટલી મૂકી રાખવી. તે પોટલી દરદીને ચૂસવા આપવી જેથી તૃષા મટે છે.

૩. આમળાં, કમળકાકડી, ઉપલેટ, ડાંગરની ધાણી અને વડની કૂંપળ એ પાંચ વસ્તુનું ચૂર્ણ કરી મધમાં ગોળી વાળી મોંમાં રાખી રસ ચૂસવાથી તૃષારોગ મટે છે.

૪. ખારેકનો ઠળિયો સોપારી પેઠે મોંમાં રાખવાથી પણ તૃષા મટે છે.

૫. સિંધવ, મરી, મધ અને બિજોરાનો રસ એ સર્વ સમભાગે લઈ તાળવામાં ચોપડવાથી તૃષારોગ મટે છે.

૬. દાડમના દાણાનો રસ તથા સાકરનું પાણી મેળવી વારંવાર કોગળા કરવાથી તૃષારોગ મટે છે તથા ખડસલિયાનું પાણી પીવાથી તૃષારોગ મટે છે.

૧૨–વૈદ્ય બાલકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુવાલડી

૧. લીંબુ પાકાં બેથી ત્રણ લઈ તેનો રસ કાઢી તેમાં સાજીનાં ફુલ તોલો ૦ા તથા સાકર નાખી પીવાથી તૃષા તથા સર્વ પ્રકારની જ્વરની ગરમી શાંત થાય છે.

૨. દ્રાક્ષ, વાળો, ધાણા અને વરિયાળીનું ચૂર્ણ કરી ૦ા તોલો પીવાથી તૃષા શાંત થાય છે.

૧૩–મૂર્છારોગ

મૂર્છારોગઃ–આ રોગને બેશુદ્ધિ કહે છે. તેના વાયુથી, પિત્તથી અને કફથી એવા ત્રણ અને રક્તથી, વિષથી તથા મદ્યથી એવા ત્રણ મળી છ પ્રકાર થાય છે. જે માણસ પ્રકૃતિને અનુકૂળ ન હોય એવું ભોજન કરતો હોય અથવા મળમૂત્રાદિકને રોકતો હોય અથવા જેને પુષ્કળ માર પડ્યો હોય, જેથી તેનો સત્ત્વગુણ ક્ષીણ થયો હોય અને રજોગુણ તથા તમોગુણની વૃદ્ધિ થઈને જ્ઞાનેન્દ્રિયનો રોધ કરે, એટલે જ્ઞાનેન્દ્રિયોના ધર્મને અટકાવી તમોગુણ એટલે અંધારું કિંવા અજ્ઞાન એકદમ ફરી વળે છે. જેથી તે માણસ સુખદુઃખનું ભાન ભૂલીને ચેષ્ટારહિત અચેતન બની જાય છે. જો કે તમામ જાતની મૂર્છામાં પિત્તનું પ્રાધાન્ય છે, પરંતુ દોષોના હીન, મિથ્યા અને અતિયોગથી તે તે દોષના નામથી ઓળખાતી છ પ્રકારની મૂર્છા અથવા મોહ થાય છે. જે મૂર્છામાં વાયુનો અતિયોગ, પિત્તનો હીનયોગ અને કફનો મિથ્યાયોગ થવાથી

આંખે આસમાની, કાળાં કિંવા રાતાં ધાબાં દેખાય છે. સ્નેહન કફનો અતિયોગ થવાથી આંખે અંધારાં આવે છે; પરંતુ હૃદયમાં વાયુનો અતિયોગ હોવાથી તે રોગી તરત ભાનમાં આવી જાય છે. સંશ્લેષણ કફનો મિથ્યાયોગ થવાથી શરીર ધ્રૂજે છે અને ગાત્રો કળે છે. હૃદયમાં રહેલા પાનવાયુના અતિયોગથી કફનો પિત્તની સાથે મિથ્યાયોગ થાય છે અને હૃદયમાં દુખે છે; તેમ વ્યાનવાયુના અતિયોગથી શરીર સુકાય છે તથા શરીરનો વર્ણ કાળો, જાંબુડો થઇ જાય છે. તેવી રીતે જે માણસના શરીરમાં પાચક, રંજક, સાધક અને ભ્રાજકપિત્તનો અતિયોગ થવાથી પાંચે પ્રકારના વાયુનો હીનયોગ થાય છે,એટલે પાંચે પ્રકારના કફનો મિથ્યાયોગ થાય છે.આથી રોગીની આંખ આગળ લાલ, લીલાં કે પીળાં ધાબાં દેખાય છે અને તરત મૂર્છા થાય છે. જ્યારે તે સાવધ થાય છે ત્યારે પરસેવો ઘણો થાય છે, તરસ લાગે છે, આંખો લાલ અથવા પીળા રંગની થાય છે, ઝાડો પાતળો આવે છે, તેમ ચામડીનો રંગ પીળો થાય છે. તેવી રીતે જે માણસના શરીરમાં કફનો અતિયોગ થવાથી પિત્તનો હિનયોગ થાય છે અને વધારાનું પિત્ત વાયુમાં મિથ્યાયોગ કરે છે, જેથી આંખની આગળ કાળા રંગનાં ધાબાં દેખી માણસને મૂર્છા થાય છે. આ રોગમાં કફનો અતિયોગ થયેલો હોવાથી આ રોગીને શુદ્ધિમાં આવતાં બહુ વાર લાગે છે. એવી રીતે ત્રિદોષનો કોપ થયો હોય, એટલે વાયુ, પિત્ત ને કફનો હીન, મિથ્યા અને અતિયોગ એવી રીતે થાય કે જેના અંશાંશ જુદા સમજી શકાય નહિ અને તેથી મૂર્છા થાય તેમાં ઉપર કહેલા ત્રણે દોષોનાં લક્ષણો દેખાય છે, એટલે એ મૂર્છાને અસાધ્ય ગણવામાં આવી છે. બીજી તરફ લોહીના દર્શનથી અથવા લોહીની ગંધથી મૂર્છા ઉત્પન્ન થાય છે. તેનું કારણ એવું છે કે, પૃથ્વીને પાણી એની રજતન્માત્રા અને

ગંધતન્માત્રા હોવાથી તમોગુણરૂપ છે અને લોહીમાં રસતન્માત્રા તથા રૂપતન્માત્રા રહેલી છે, તેથી રસતન્માત્રાને લઈ ગંધતન્માત્રા તેનું આકર્ષણ કરે છે, જેને લીધે વાયુનો હીનયોગ થાય છે અને કફ તથા પિત્તનો અતિયોગ થાય છે, તેથી મૂર્છા ઉત્પન્ન થાય છે. જેવી રીતે તેલ વગેરે પદાર્થમાં જ્વાળાગ્રાહી અગ્નિતત્ત્વ વિશેષ રહેલું છે, તેવી રીતે મદ્યમાં અને ઝેરમાં પણ તે ગુણ તીવ્રતા સાથે રહે છે. તેમાં મદ્ય શરીરમાં પાચન થઈ શકે છે પણ ઝેર શરીરમાં પચતું નથી. કિંતુ શરીરની અંદરના સ્રોતોને પોતાના દાહક ગુણથી ભેદી નાખે છે, તેથી મદ્યની થયેલી મૂર્છાનો રોગી પોતાની મેળે સાવધ થાય છે, પણ ઝેરથી થયેલી મૂર્છાનો રોગી પોતાની મેળે સાવધ થતો નથી. જો કે મૂર્છાને મહાન રોગમાં ગણવામાં આવે છે, તો પણ ભ્રમ, તંદ્રા અને નિદ્રા એઓ પણ સામાન્ય રીતે એક જાતની મૂર્છામાંજ ગણાય છે; કેમકે નિદ્રા, તંદ્રા અને ભ્રમમાં પણ સુખદુઃખનું ભાન ભૂલી જવાય છે. પરંતુ તેમાંની નિદ્રા નામની અવસ્થા અપાય કરતી નથી. એટલા માટે તેની કોઇ રોગ ગણના કરી નથી. પરંતુ તમામ જાતની મૂર્છા, તંદ્રા, મોહ, ભ્ર કે નિદ્રાની અવસ્થામાં પિત્તનો અતિયોગ કે હીનયોગ થાય અથવા કફનો અતિયોગ થાય છે અને તેથીજ મનુષ્ય પોતાનુ ભાન ભૂલી જાય છે.

જો મૂર્છામાં પિત્તનું પ્રાધાન્ય જણાય તો તેના નાકમાં ઠંડું પાણી મૂકવું તથા કપાળ ઉપર અને મોં ઉપર ઠંડા પાણીની છાલકો મારવી, એટલે રોગી સાવધ થશે. સાવધ થયા પછી પિત્તને શાંત કરે અને વાયુને ક્ષીણ કરે એવા ઉપચાર કરવા; એટલે સજીવન ગુટિકા, છર્દિરિપુ તથા કૃમિશત્રુનો ઉપયોગ કરવો. પણ જો કફનો અથવા વાયુનો અતિયોગ કે મિથ્યાયોગ થયો હોય તો તેવી મૂર્છામાં ચૂનો અને નવસાર પાણીમાં ફીણી સૂંઘાડવો

આંખે આસમાની, કાળાં કિંવા રાતાં ધાબાં દેખાય છે. સ્નેહન કફનો અતિયોગ થવાથી આંખે અંધારાં આવે છે; પરંતુ હૃદયમાં વાયુનો અતિયોગ હોવાથી તે રોગી તરત ભાનમાં આવી જાય છે. સંશ્લેષણ કફનો મિથ્યાયોગ થવાથી શરીર ધ્રૂજે છે અને ગાત્રો કળે છે. હૃદયમાં રહેલા પાનવાયુના અતિયોગથી કફનો પિત્તની સાથે મિથ્યાયોગ થાય છે અને હૃદયમાં દુખે છે; તેમ વ્યાનવાયુના અતિયોગથી શરીર સુકાય છે તથા શરીરનો વર્ણ કાળો, જાંબુડો થઇ જાય છે. તેવી રીતે જે માણસના શરીરમાં પાચક, રંજક, સાધક અને ભ્રાજકપિત્તનો અતિયોગ થવાથી પાંચે પ્રકારના વાયુનો હીનયોગ થાય છે,એટલે પાંચે પ્રકારના કફનો મિથ્યાયોગ થાય છે.આથી રોગીની આંખ આગળ લાલ, લીલાં કે પીળાં ધાબાં દેખાય છે અને તરત મૂર્છા થાય છે. જ્યારે તે સાવધ થાય છે ત્યારે પરસેવો ઘણો થાય છે, તરસ લાગે છે, આંખો લાલ અથવા પીળા રંગની થાય છે, ઝાડો પાતળો આવે છે, તેમ ચામડીનો રંગ પીળો થાય છે. તેવી રીતે જે માણસના શરીરમાં કફનો અતિયોગ થવાથી પિત્તનો હિનયોગ થાય છે અને વધારાનું પિત્ત વાયુમાં મિથ્યાયોગ કરે છે, જેથી આંખની આગળ કાળા રંગનાં ધાબાં દેખી માણસને મૂર્છા થાય છે. આ રોગમાં કફનો અતિયોગ થયેલો હોવાથી આ રોગીને શુદ્ધિમાં આવતાં બહુ વાર લાગે છે. એવી રીતે ત્રિદોષનો કોપ થયો હોય, એટલે વાયુ, પિત્ત ને કફનો હીન, મિથ્યા અને અતિયોગ એવી રીતે થાય કે જેના અંશાંશ જુદા સમજી શકાય નહિ અને તેથી મૂર્છા થાય તેમાં ઉપર કહેલા ત્રણે દોષોનાં લક્ષણો દેખાય છે, એટલે એ મૂર્છાને અસાધ્ય ગણવામાં આવી છે. બીજી તરફ લોહીના દર્શનથી અથવા લોહીની ગંધથી મૂર્છા ઉત્પન્ન થાય છે. તેનું કારણ એવું છે કે, પૃથ્વીને પાણી એની રચત-માત્રા અને

ગંધતન્માત્રા હોવાથી તમોગુણરૂપ છે અને હોરીમાં રસતન્માત્રા
તથા રૂપતન્માત્રા રહેલી છે, તેથી રસતન્માત્રાને લેઈ ગંધતન્માત્રા
તેનું આકર્ષણ કરે છે, જેને લીધે વાયુનો હીનયોગ થાય છે અને
કફ તથા પિત્તનો અતિયોગ થાય છે, તેથી મૂર્છા ઉત્પન્ન થાય છે.
.જેવી રીતે તેલ વગેરે પદાર્થમાં જ્વાળાઆદી અગ્નિતત્ત્વ વિશેષ રહેલું
છે, તેવી રીતે મદ્યમાં અને ઝેરમાં પણ તે ગુણ તીવ્રતા સાથે રહે
છે. તેમાં મદ્ય શરીરમાં પાચન થઈ શકે છે પણ ઝેર શરીરમાં
પચતું નથી. કિંતુ શરીરની અંદરના સ્રોતોને પોતાના દાહક ગુણ-
થી ભેદી નાખે છે, તેથી મદ્યની થયેલી મૂર્છાનો રોગી પોતાની મેળે
સાવધ થાય છે, પણ ઝેરથી થયેલી મૂર્છાનો રોગી પોતાની મેળે
સાવધ થતો નથી. જો કે મૂર્છાને મહાન રોગમાં ગણવામાં આવે
છે, તો પણ ભ્રમ, તંદ્રા અને નિદ્રા એઓ પણ સામાન્ય રીતે એક
જાતની મૂર્છામાંજ ગણાય છે; કેમકે નિદ્રા, તંદ્રા અને ભ્રમમાં
પણ સુખદુઃખનું ભાન ભૂલી જવાય છે. પરંતુ તેમાંની નિદ્રા નામ-
ની અવસ્થા અપાય કરતી નથી. એટલા માટે તેની કોઈ રોગમાં
ગણના કરી નથી. પરંતુ તમામ જાતની મૂર્છા, તંદ્રા, મોહ, ભ્રમ
કે નિદ્રાની અવસ્થામાં પિત્તનો અતિયોગ કે હીનયોગ થાય છે
અથવા કફનો અતિયોગ થાય છે અને તેથીજ મનુષ્ય પોતાનું
ભાન ભૂલી જાય છે.

જો મૂર્છામાં પિત્તનું પ્રાધાન્ય જણાય તો તેના નાકમાં ઠંડું
પાણી મૂકવું તથા કપાળ ઉપર અને મોં ઉપર ઠંડા પાણીની
છાલકો મારવી, એટલે રોગી સાવધ થશે. સાવધ થયા પછી
પિત્તને શાંત કરે અને વાયુને ક્ષીણ કરે એવા ઉપચાર કરવા;
એટલે સજીવન ગુટિકા, છર્દિરિપુ તથા કૃમિશત્રુનો ઉપયોગ કરવો.
પણ જો કફનો અથવા વાયુનો અતિયોગ કે મિથ્યાયોગ થયો
હોય તો તેવી મૂર્છામાં ચૂનો અને નવસાર પાણીમાં ફીણી સૂંઘાડવો.

આંખે આસમાની, કાળાં કિંવા રાતાં ધાબાં દેખાય છે. સ્નેહન કફનો અતિયોગ થવાથી આંખે અંધારાં આવે છે; પરંતુ હૃદયમાં વાયુનો અતિયોગ હોવાથી તે રોગી તરત ભાનમાં આવી જાય છે. સંશ્લેષણ કફનો મિથ્યાયોગ થવાથી શરીર ધ્રૂજે છે અને ગાત્રો કળે છે. હૃદયમાં રહેલા પાનવાયુના અતિયોગથી કફનો પિત્તની સાથે મિથ્યાયોગ થાય છે અને હૃદયમાં દુખે છે; તેમ વ્યાનવાયુના અતિયોગથી શરીર સુકાય છે તથા શરીરનો વર્ણ કાળો, જાંબુડો થઇ જાય છે. તેવી રીતે જે માણસના શરીરમાં પાચક, રંજક, સાધક અને ભ્રાજકપિત્તનો અતિયોગ થવાથી પાંચે પ્રકારના વાયુનો હીનયોગ થાય છે,એટલે પાંચે પ્રકારના કફનો મિથ્યાયોગ થાય છે.આથી રોગીની આંખ આગળ લાલ, લીલાં કે પીળાં ધાબાં દેખાય છે અને તરત મૂર્છા થાય છે. જ્યારે તે સાવધ થાય છે ત્યારે પરસેવો ઘણો થાય છે, તરસ લાગે છે, આંખો લાલ અથવા પીળા રંગની થાય છે, ઝાડો પાતળો આવે છે, તેમ ચામડીનો રંગ પીળો થાય છે. તેવી રીતે જે માણસના શરીરમાં કફનો અતિયોગ થવાથી પિત્તનો હિનયોગ થાય છે અને વધારાનું પિત્ત વાયુમાં મિથ્યાયોગ કરે છે, જેથી આંખની આગળ કાળા રંગનાં ધાબાં દેખી માણસને મૂર્છા થાય છે. આ રોગમાં કફનો અતિયોગ થયેલો હોવાથી આ રોગીને શુદ્ધિમાં આવતાં બહુ વાર લાગે છે. એવી રીતે ત્રિદોષનો કોપ થયો હોય, એટલે વાયુ, પિત્ત ને કફનો હીન, મિથ્યા અને અતિયોગ એવી રીતે થાય કે જેના અંશાંશ જુદા સમજી શકાય નહિ અને તેથી મૂર્છા થાય તેમાં ઉપર કહેલા ત્રણે દોષોનાં લક્ષણો દેખાય છે, એટલે એ મૂર્છાને અસાધ્ય ગણવામાં આવી છે. બીજી તરફ લોહીના દર્શનથી અથવા લોહીની ગંધથી મૂર્છા ઉત્પન્ન થાય છે. તેનું કારણ એવું છે કે, પૃથ્વીને પાણી એની રસતન્માત્રા અને

ગંધતન્માત્રા હોવાથી તમોગુણપ્રધાન છે અને તે [illegible] તથા રૂપતન્માત્રા રહેલી છે, તેથી રસતન્માત્રાને [illegible] તેનું આકર્ષણ કરે છે, જેને લીધે વાયુનો [illegible] કફ તથા પિત્તનો અતિયોગ થાય છે, તેથી મૂર્છા [illegible], જેવી રીતે તેલ વગેરે પદાર્થમાં [illegible] છે, તેવી રીતે મદ્યમાં અને ઝેરમાં પણ તે [illegible] છે. તેમાં મદ્ય શરીરમાં પાચન થઈ શકે છે પણ [illegible] પચતું નથી. કિંતુ શરીરની અંદરના [illegible] થી ભેદી નાખે છે, તેથી મદ્યની ચઢેલી મૂર્છાનો [illegible] સાવધ થાય છે, પણ ઝેરથી ચઢેલી મૂર્છાનો [illegible] સાવધ થતો નથી. જો કે મૂર્છાને [illegible] રોગમાં મણ્યાં અને છે, તો પણ શ્રમ, તંદ્રા અને નિદ્રા [illegible] જાતની મૂર્છામાંજ ગણાય છે; [illegible] પણ સુખદુઃખનું જ્ઞાન બુદ્ધી [illegible] ની અવસ્થા અપાય કરતી નથી. [illegible] ગણના કરી નથી. પરંતુ તમા[illegible] કે નિદ્રાની અવસ્થામાં પિત્તનો [illegible] અથવા કફનો [illegible]

[illegible] અને [illegible] નિદ્રા [illegible] ૧૯

ગંધતન્માત્રા હોવાથી તમોગુણરૂપ છે અને લોહીમાં રસતન્માત્રા તથા રૂપતન્માત્રા રહેલી છે, તેથી રસતન્માત્રાને જોઈ ગંધતન્માત્રા તેનું આકર્ષણ કરે છે, જેને લીધે વાયુનો હીનયોગ થાય છે અને કફ તથા પિત્તનો અતિયોગ થાય છે, તેથી મૂર્છા ઉત્પન્ન થાય છે. જેવી રીતે તેલ વગેરે પદાર્થમાં જ્વાળાગ્રાહી અગ્નિતત્ત્વ વિશેષ રહેલું છે, તેવી રીતે મદ્યમાં અને ઝેરમાં પણ તે ગુણ તીવ્રતા સાથે રહે છે. તેમાં મદ્ય શરીરમાં પાચન થઈ શકે છે પણ ઝેર શરીરમાં પચતું નથી. કિંતુ શરીરની અંદરના સ્રોતોને પોતાના દાહક ગુણથી ભેદી નાખે છે, તેથી મદ્યની થયેલી મૂર્છાનો રોગી પોતાની મેળે સાવધ થાય છે, પણ ઝેરથી થયેલી મૂર્છાનો રોગી પોતાની મેળે સાવધ થતો નથી. જો કે મૂર્છાને મહાન રોગમાં ગણવામાં આવે છે, તો પણ ભ્રમ, તંદ્રા અને નિદ્રા એઓ પણ સામાન્ય રીતે એક જાતની મૂર્છામાંજ ગણાય છે; કેમકે નિદ્રા, તંદ્રા અને ભ્રમમાં પણ સુખદુઃખનું ભાન ભૂલી જવાય છે. પરંતુ તેમાંની નિદ્રા નામની અવસ્થા અપાય કરતી નથી. એટલા માટે તેની કોઈ રોગમાં ગણના કરી નથી. પરંતુ તમામ જાતની મૂર્છા, તંદ્રા, મોહ, ભ્રમ કે નિદ્રાની અવસ્થામાં પિત્તનો અતિયોગ કે હીનયોગ થાય છે અથવા કફનો અતિયોગ થાય છે અને તેથીજ મનુષ્ય પોતાનું ભાન ભૂલી જાય છે.

જો મૂર્છામાં પિત્તનું પ્રાધાન્ય જણાય તો તેના નાકમાં ઠંડું પાણી મૂકવું તથા કપાળ ઉપર અને મોં ઉપર ઠંડા પાણીની છાલકો મારવી, એટલે રોગી સાવધ થશે. સાવધ થયા પછી પિત્તને શાંત કરે અને વાયુને ક્ષીણ કરે એવા ઉપચાર કરવા; એટલે સજીવન ગુટિકા, છર્દિરિપુ તથા કૃમિશત્રુનો ઉપયોગ કરવો. પણ જો કફનો અથવા વાયુનો અતિયોગ કે મિથ્યાયોગ થયો હોય તો તેવી મૂર્છામાં ચૂનો અને નવસાર પાણીમાં ફીણી સૂંઘાડવો;

અથવા નાકમાં કાળા કે પીળા શ્વાસકુઠાર રસને ફૂંકવો. અને જો કફનો અત્યંત અતિયોગ થયો હોય તો રાતો સૂરમો આંખમાં આંજવો અને સાવધ થયા પછી તે રોગીને સંજીવન ગુટિકા, શીતભંજી રસ, કાળારિ રસ, સ્વચ્છંદ ભૈરવ રસ અથવા દુર્જળજેતા રસનું સેવન કરાવવું. અથવા જે પ્રયોગમાં કસ્તૂરી, કેશર, અંબર, સોનાના વરખ અને હિંગળોક જેવાં વસાણાં સાથે કોઇ રસ તૈયાર થયો હોય તો તેની યોજના કરવી. અથવા એવી મૂર્છા ઉપર 'મલ્લસિંદૂર' ઘણી સારી અસર કરે છે. મલ્લસિંદૂર તોલો એક, સૂંઠ તોલો એક, મરી તોલો એક, પીપળીમૂળ તોલો એક, અકલગરો તોલો એક, જાયફળ તોલો એક, એલચી તોલો એક, લવિંગ તોલો એક, કેશર તોલો એક, એને વાટી પાનના રસમાં ત્રણ દિવસ મર્દન કરી, મગ જેવડી ગોળી વાળવી. એ ગોળી પાનના રસમાં કે આદાના રસમાં આપવાથી પક્ષઘાત, શિરોગ્રહવાયુ અને અર્દિત વાયુ જેવા મહાન વાયુઓને અને મૂર્છા, તાણ અને સન્નિપાતના રોગોને ચમત્કારિક રીતે મટાડે છે. આ ગોળીમાં લખેલો મલ્લસિંદૂર બનાવવાની રીત આગળ લખવામાં આવશે.

मूर्छारोगना केटलाक अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. ચૈતન્ય રસઃ-ધોળાં મરી, પીપર, કાયફળનું છોડું, પારો અને ગંધક સરખે ભાગે લઇ પારાગંધકની કાજળી કરી પછીથી બાકીનાં વસાણાં મેળવી ચપટી ભરી સૂંઘાડવાથી મૂર્છા મટે છે.

૨. ચૂનો તથા નવસાર સરખે ભાગે સીસીમાં ભરી જરા પાણી રેડી, મજબૂત બૂચ મારી મૂકવો. જ્યારે જરૂર પડે ત્યારે બૂચ ખોલી શીશી નાકે ધરવાથી મૂર્છા મટે છે.

૩. પારો, ગંધક, મરી, પીપર, અકલગરો અને તજ, સરખે ભાગે લઈ પારા ગંધકની કાજળી કરી, બાકીનાં વસાણાં મેળવી ૨૪ કલાક ઘૂંટી રાખી મૂકવું. એનું નામ લઘુ અગ્નિકુમાર છે. એ અગ્નિકુમાર દાંતે ઘસવાથી દાંત ઊઘડી જાય છે અને પછી એક વાલને આશરે આદુના રસમાં પાવાથી મૂર્છા મટી જાય છે.

૨–વૈદ્ય છગનલાલ આત્મારામ–સુરત

મૂર્છાનાશક નસ્યઃ–નવસાર તોલો ૧, કળીચૂનો તોલો ૧, સૂરોખાર તોલો ૧ એ ત્રણે વસ્તુને જુદી જુદી વાટી એક સ્ટોપર બૂચની બાટલીમાં ભરીને એકત્ર કરી દેવું. તેમાં લીંબુનો રસ ગાળીને પલાળવા જેટલો નાખી હલાવી રાખી મૂકવું. બીજે દિવસે થોડો લીંબુનો રસ નાખીને હલાવવું. પછી સાત દિવસ સુધી રોજ હલાવ્યા કરવું, એટલે નસ્ય તૈયાર થશે. પછી જ્યારે જરૂર પડે ત્યારે આ નસ્ય સૂંઘવાથી મૂર્છા, ફેફરું, દાંત બંધાયલા હોય તે સર્વને મટાડે છે તથા તાત્કાલિક અસર કરે છે.

૩–વૈદ્ય અંબાલાલ શંકરજી–વાગડ

૧. **મૂર્છા રોગનું અંજનઃ**–ધંતૂરાનાં બી તથા કાળાં મરી વાટી સરસવ જેટલી ગોળીઓ વાળી અંજન કરવાથી મૂર્છા મટે છે.

૨. મનસીલ, વજ અને લસણ ભેગાં વાટી અંજન કરવાથી મૂર્છા મટે છે.

૩. મનસીલ, મહુડાં, સિંધવ, મરી અને વજ એને પાણીમાં વાટી અંજન કરવું અથવા પીપર ગાયના દૂધમાં ઘસી અંજન કરવાથી મૂર્છા મટે છે.

૪. અજમો, ગોળ તથા મરીની ગોળી વાળી ખાવાથી પણ મૂર્છા મટે છે.

૫. આંચકીઃ-પીપળાની વડવાઈ, અફીણ ને કેશર એ ત્રણે વાટીને પાવું તથા તમામ નખ ઉપર ચોપડવાથી આંચકી મટે છે.

૬. ગંધક, ટંકણખાર, વછનાગ, હિંગળોક, હરડે, અતિવિષની કળી, અભ્રક ભસ્મ, સિંધવ એ સર્વ સમભાગે લઈ ખરલમાં બારીક વાટી દંતીમૂળ તથા ચિત્રક મૂળના કવાથમાં ત્રણ દિવસ ખલ કરી વાલ ૦ાા થી ૨, સુધી આપવાથી આંચકી મટે છે. આ રસને આદુના રસ સાથે આપવો.

૭. કપૂર અને અફીણ યોગ્ય માત્રામાં આપવાથી આંચકી મટે છે. કસ્તૂરી આપવાથી પણ મટે છે.

૮. ગરદન, પગની પીંડી, પેટ વગેરે જગ્યાએ રાઈનું પ્લાસ્ટર મારવું તથા નાકે ડુંગળી સૂંઘાડવી.

૯. બાળકને આંચકીઆવતી હોય તો ગોરોચન આપવું, તથા ધોળી ડુંગળી વાટી તેમાં ઘી મેળવી માથા ઉપર થેપલી મૂકવી તથા ડુંગળી સૂંઘાડવી જેથી આંચકી મટે છે.

૧૦. હિસ્ટીરિયાના ઉપાયોઃ-હિંગ શેકેલી તોલો ૧, વજ તોલા ૨, ઉપલેટ તોલા ૪, સંચળ તોલા ૪, વાવડિંગ તોલા ૧૬ એ સર્વને એકત્ર કરી વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, એક વાલથી માંડી એક તોલા સુધી દરદ પ્રમાણે આપવાથી હિસ્ટીરિયા મટે છે. આ દવા ગરમ પાણી સાથે આપવી.

૧૧. લસણની કળી નંગ ૪ ને હિંગ ૧ાા આનીભાર વાટી કપડામાં પોટલી બાંધી દરદીને સૂંઘાડ્યા કરવાથી શુદ્ધિમાં આવે છે.

૪-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧ માલકાંકણીનાં બીજ લૂગડામાં ખૂબ મસળી તેની અંદરનો કચરો ઝાટકી નાખી, પછી તે બીજને તવી ઉપર જરા પીમાં બળી નહિ જાય તેવી રીતે શેકી તેમાંથી બે દત્તાભાર ગ્રવાર, બ-

પોર અને સાંજ સાકર સાથે એક માસ ખવડાવવાથી જૂનામાં જૂનો હિસ્ટીરીયાનો વ્યાધિ મટે છે.

૨. રાતા આકડાનાં તાજાં ફૂલ તથા મરી સમભાગે લઈ વાટીને પાણી સાથે એક એક વાલની ગોળી કરીને દિવસમાં ત્રણ વાર ખવડાવવાથી લાંબે દિવસે હિસ્ટીરીયા મટે છે.

૫–છગનલાલ લલ્લુભાઈ–વડોદરા

હિસ્ટીરિયા માટેઃ–ઘોડાવજ તોલો ૧, પીપળીમૂળ તોલો ૦।।, અને માલકાંકણી તોલો ૧ લઇ બારીક વાટી બ્રાહ્મીના રસના ત્રણ પુટ દઈ આપવાથી હિસ્ટીરિયા મટે છે.

૬–વૈદ્ય પ્રાણશંકર–સમની

૧. હિસ્ટીરિયા માટેઃ–સોડાબાઈ કાર્બ રતી ૧, રસસિંદૂર વાલ ૧ અને શ્વાસકુઠાર રતી ૨ એ ત્રણેને એકત્ર કરી આદુનો રસ, સંચળ અને એલચી સાથે સવારસાંજ આપવું. આ ઉપાયમાં કેટલીક વખત દરદીની પ્રકૃતિ પ્રમાણે લોહભસ્મ તથા માણેકરસ પણ ઉમેરી આપવું. જેથી હિસ્ટીરિયા અવશ્ય મટે છે. અશ્વચોળીનો જુલાબ અઠવાડિયામાં બે વખત જરૂર આપવો તથા ઘોડાવજ અને મધ દિવસમાં બે વખત ચટાડવાં અને હિંગની ફાકી પણ મરાવતાં રહેવું જેથી ઘણોજ સુધારો થતો માલૂમ પડ્યો છે.

૨. રસસિંદૂર આપવું અને દર ચાર દિવસે અશ્વચોળીનો જુલાબ આપી અમે ઘણા કેસો સારા કર્યા છે.

૭–વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ–સુરત

હિસ્ટીરિયા માટેઃ–શતાવરી તોલો ૦।, સૂંઠ તોલો ૦।, વજ તોલો ૦।, બ્રાહ્મી તોલો ૦।, હરડે તોલો ૦।, ઝંઝેટાનાં બીજ તોલો ૦।, શંખાવળી તોલો ૦।, ગળો તોલો ૦। અને સાકર તોલા ૨ મેળવી

બારીક ચૂર્ણ કરી અડધો તોલો ચૂર્ણ સવારસાંજ મધ સાથે આપવાથી હિસ્ટીરિયા, ઉન્માદ, ચિત્તભ્રમ વગેરે મટે છે તથા સ્મરણશક્તિ વધે છે.

૮–ડૉક્ટર ચંદુલાલ મુકુંદરાય-પાટણ

હિસ્ટીરિયા માટેઃ–કુંકુમાસવનાં ૧૦થી ૧૫ ટીપાં પાણીમાં, દૂધમાં, બદામના પાણીમાં, કે કોઇ પણ જાતના શરબતમાં દર ચાર ચાર કલાકે પાવું જેથી હિસ્ટીરિયા તરત રોકાઈ જાય છે. ત્યાર બાદ દરરોજ ૧૫ ટીપાં સવારમાં ઉપર જણાવેલા કોઇ પણ અનુપાન સાથે હિસ્ટીરિયા બંધ થાય ત્યાં સુધી લેવાં. હિસ્ટીરિયા બંધ થાય પછી બોરના ઠળિયા, કાળાં મરી, વાળો અને કેશર એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ચાર રતી લઇ દોઢ માસા મધમાં મેળવી સવારસાંજ ખાવું જેથી હિસ્ટીરિયા મટે છે.

૯–વૈદ્ય નંદલાલ પ્રાગજી–નાગેશ્રી

હિસ્ટીરિયા માટેઃ–વજ તોલો ૧, જટામાંસી તોલો ૧, માલકાંકણી તોલો ૧, લઇ બારીક ચૂર્ણ કરી તેમાં ત્રણ તોલા પોટાસ બ્રોમાઇડ મેળવવો. આ ચૂર્ણની બે વાલની માત્રાથી વધતાં ૦ા તોલા સુધી આઠ દિવસમાં ચડવું. એક માસ સેવન કરવાથી બન્ને દરદો વાઇ અને હિસ્ટીરિયા સદંતર નાશ પામે છે.

૧૦–બ્રહ્મચારી આત્મારામજી ત્રિવેદી

કનકાસવઃ–લીલાં આમળાં શેર ૧૦, વાવડિંગ તોલા ૧૬, લીંડીપીપર, મરી, કાળીપહાડ, પીપળીમૂળ, ચીકણી સોપારી, ચવક, ચિત્રક, મજીઠ, કમળપુષ્પ, લોધર, એ દરેક ચાર તોલા અને નાગકેશર ૧૬ તોલા લઈ, પ્રથમ આમળાંને જુદાં બાંધી ઠળિયા

કાઢી પાણી મણ રા મૂકી ઉકાળતાં એક મણ પાણી રહે ત્યારે ઠંડું પડવા દેવું. જ્યારે ઠંડું પડી જાય ત્યારે કપડાથી ગાળી એક કાચની બરણીમાં ભરી તેમાં કાળી દ્રાક્ષનો રસ શેર ૩ા, સાકર મણ ૦ા, ધંતૂરાનાં પાનનો રસ શેર ૨, તથા કાળા વાળાનાં મૂળ, તજ, એલચી, સફેદ વાળો, તમાલપત્ર નાગકેશર પ્રત્યેક એકેક તોલો લઇ વસ્ત્રગાળ કરી બરણીમાં નાખી હલાવી એક મહિનો બંધ સ્થાનમાં અથવા જમીનમાં ખાડો ખોદી તેમાં દાટવી. દરમ્યાન એક બે વખત હલાવી મલમલના કપડાથી ગાળી બાટલીઓ ભરી લેવી. દરરોજ સવારસાંજ બે રૂપિયાભાર પીવું અને જો બની શકે તો ઉપર બકરીનું દૂધ શેર ૦ા પીવું. એ પ્રમાણે એક બે માસ સેવન કરવાથી હિસ્ટીરિયા, હરસ, હૃદય રોગ, ખાંસી, શોષ (શરીર સુકાવું) વગેરે વ્યાધિને અવશ્ય મટાડે છે. પરેજીમાં તેલ, મરચાં, ખટાશ ખાવી નહિ.

લસૂનાસવ:–ચોખ્ખું ફોતરાં વિનાનું લસણ શેર ૫, સમેરવાનાં મૂળ તોલો ૧૦, બેઠા સમેરવાનાં મૂળ તોલો ૧૦, બીલીમૂળ તોલો ૧૦, અરણીનાં મૂળ તોલા ૧૦, ગોખરુનાં મૂળ તોલા ૧૦, અરડૂસાનાં મૂળ તોલા ૧૦, બેઠી રીંગણીનાં મૂળ તોલા ૧૦, ઊભી રીંગણીનાં મૂળ તોલા ૧૦, સીવણમૂળ તોલા ૧૦, કાંકચમૂળ તોલા ૧૦, સૂંઠ તોલા ૩, પીપર તોલા ૩, મરી તોલા ૩, હિંગ તોલા ૪, હરડે–છાલ તોલા ૪ અને ગાયના ચામડાની રાખ તોલા ૫ એ સર્વને ખાંડી બે મણ પાણીમાં ઉકાળી, પચીશ શેર પાણી બાકી રહે એટલે ગાળી નાખવું. તેમાં પંદર શેર ગોળમાં હિંગ તોલા ૧૦ ખાંડી મેળવી બરણીમાં સર્વેને ભરી રાખવું. વીશ દિવસ પછી ગાળી હંમેશાં બબ્બે તોલા પાવાથી હિસ્ટીરિયા, ઉન્માદ, અપસ્માર વગેરે વાતપ્રધાન વ્યાધિઓ તથા મગજનીચકરી, ભ્રમ વગેરે મટે છે. પરેજીમાં તેલ, મરચું, ખટાશ ખાવું નહિ.

૧૧-વૈદ્ય આણંદજી અને પીતાંબર સવજી-ઉના

આંચકી માટે:-અફીણ, કેશર અને પીપળાની વડવાઈની ગોળી વાળી ઉંમર અને દરદના પ્રમાણમાં યોગ્ય માત્રાએ આપવાથી આંચકી અવશ્ય મટે છે.

૧૪-વાયુરોગ

વાયુરોગ:-સૂકું, લૂખું, ઠંડું, થોડું અને હલકું એવાં અન્નનું ભક્ષણ કરવાથી, અત્યંત સ્ત્રીસંગથી, ઘણા ઉજાગરાથી, વિરુદ્ધ ઔષધથી, કફ, પિત્ત, મળ, મૂત્ર અને લોહી વગેરે વહી જવાથી, મોટા ખાડા કૂદવાથી, નદીમાં ઘણું તરવાથી, વગર વિસામે લાંબો માર્ગ કાપવાથી, કામધંધામાં શક્તિ ઉપરાંત મહેનત ઉઠાવવાથી, ઘણું કૂદી ઊછળીને રસરક્તાદિક ધાતુને ક્ષીણ કરવાથી, રાતદિવસ ચિંતાથી, ઘણા તાપનું સેવન કરવાથી, મળમૂત્રાદિના વેગને રોકવાથી, કાષ્ઠાદિ જડ પદાર્થનો શરીર પર માર પડવાથી, અપવાસ કરી પરાણે લાંઘણો ખેંચવાથી, મર્મસ્થાન ઉપર માર પડવાથી, હાથી, ઊંટ તથા ઘોડા જેવાં શીઘ્ર ગતિવાળાં પ્રાણી પર સવારી કરવાથી, વિકાર પામેલો વાયુ શરીરમાંના સ્રોતોને અથવા ભાગોને વિકારી કરી નાખવાથી સર્વાંગમાં અથવા એકાંગમાં વ્યાપીને વિવિધ પ્રકારના વાયુના રોગોને ઉત્પન્ન કરે છે.

વાયુ પોતાની ગતિથી વિરુદ્ધ ગતિવાળો થાય, એટલે આખા શરીરને પિત્ત તથા કફ પહોંચાડી શકે નહિ, તેમ ખાનપાનથી ઉત્પન્ન થયેલા મળને બહાર કાઢી શકે નહિ. આથી આખા શરીરનો વ્યવહાર અવ્યવસ્થિત થવાથી જે પીડા ઉત્પન્ન થાય છે, તેને વાતરોગ કહે છે. જો કે વાતરોગમાં વાયુ કુપિત થાય છે,

તો પણ શરીરનાં જુદાં જુદાં સ્થાન પરત્વે રહેલા પિત્ત અને કફ તથા તેથી બનતી સાતે ધાતુઓમાં તથા દશે ઇંદ્રિયોમાં વાયુ, પિત્ત અને કફના હીન, મિથ્યા અને અતિયોગથી જુદી જુદી પીડાવાળા વાયુના રોગો જણાય છે. તે વાયુના રોગોના નિદાનશાસ્ત્રે જુદા જુદા એંશી પ્રકાર વર્ણવ્યા છે. પરંતુ તેના નામાર્થમાં તેનાં લક્ષણોનો સમાવેશ થતો હોવાથી, તે તમામનો એટલે એંશી પ્રકારના વાયુનો ઉલ્લેખ કરવાની અત્રે જરૂર નથી. પરંતુ વાયુ બળવાન છે અને આખા શરીરના તંત્રને ચલાવનારો તથા પોષણ આપનારો છે. એટલે તે વાયુનો હીન, મિથ્યા કે અતિયોગ થવાથી આખા શરીરવ્યાપારનો હીન, મિથ્યા કે અતિયોગ થાય છે. એટલા માટે પ્રથમ પાંચ પ્રકારના વાયુ, શરીરનાં પાંચ સ્થાનોમાં રહીને, વિકાર પામ્યા પછી કયા કયા રોગો અથવા શા શા ઉપદ્રવો કરે છે, તે જાણવાની આપણને ખાસ જરૂર છે.

અપાનવાયુઃ–આ વાયુ પિત્તયુક્ત થઈ જ્યારે દુષ્ટ થાય છે ત્યારે બળતરા થાય છે, અંગ તપી આવે છે અને મૂત્રનો રંગ રક્તવર્ણો થાય છે, પણ તે વાયુ જો કફયુક્ત થાય છે, તો કમરથી લઈને નીચલા ભાગને જડ અથવા ભારે કરે છે તથા તેનાથી ટાઢ ચડે છે.

સમાનવાયુઃ–આ વાયુ પિત્તયુક્ત થતાં પરસેવો વળે છે, અંગમાં બળતરા થાય છે, શરીર ગરમ બને છે અને મૂર્છા આવે છે. પણ આ વાયુ કફયુક્ત થતાં મળમૂત્રનો અટકાવ થાય છે અને રુવાંટી ઊભી થાય છે.

પ્રાનવાયુઃ–આ પ્રાનવાયુ પિત્ત સાથે ઘેરાવાથી ઊલટી તથા શરીરથી દાહ કિંવા આગ ઉત્પન્ન કરે છે. પણ તે કફથી ઘેરાય તો શરીરને દુર્બળ કરે છે. સુસ્તી તથા બેચેની લાવે છે, વારંવડીએ ઊંઘ આવે છે અને મુખ અંદરથી શુષ્ક થાય છે.

ઉદાનવાયુ:-આ વાયુ પિત્તયુક્ત થઈ બગડવાથી બળતરા થાય છે, મૂર્છા આવે છે, ભ્રમ થાય છે અને પરિશ્રમ વિના થાક લાગે છે. પણ તે વાયુ કફથી ઘેરાતાં પરસેવો બંધ થાય છે, રુવાંટાં ઊભાં થાય છે, જઠરાગ્નિ મંદ થાય છે અને ટાઢ ચડે છે.

વ્યાનવાયુ:-આ વાયુ પિત્તની સાથે વિકારવાળો થવાથી ગાત્રોનો વિક્ષેપ એટલે રોગી અવયવોને પીડાને લીધે લાંબાટૂંકા કર્યા કરે છે તથા થાક ઘણો લાગે છે. તે વાયુ કફ સાથે ઘેરાતાં શરીર ખેંચાઈ લાકડીની પેઠે સીધું થાય છે અને સોજા આવે છે તથા શૂળો મારે છે. એવી રીતે કુપિત થયેલો વાયુ **રસધાતુમાં** પહોંચ્યો હોય તો ચામડીને લૂખી, ફાટેલી કિંવા ચિરાડા પડેલી, બહેર મારી ગયેલી, ખરબચડી અને કાળી બનાવે છે અને તેમાં કાંટા ખૂંચ્યા જેવી પીડા થાય છે તથા તે રબરની પેઠે તણાય છે. તે ઉપરાંત વખતે ચામડીનો રંગ લાલાશ પડતો બનાવે છે ત્યારે હૃદયાદિ મર્મસ્થાનોમાં દુઃખ થાય છે.

જો એ વાયુ રક્તધાતુમાં પહોંચ્યો હોય તો તેનાથી સંતાપકારક તીવ્ર પીડા થાય છે, શરીર સુકાઈ પાતળું થતું જાય છે, અન્ન પર અભાવો થાય છે, જમ્યા પછી શરીર ભારે થઈ તેમાં કળતર થાય છે તથા ચામડી ફાટીને તેમાંથી રસી ઝરે છે.

જો એ વાયુ માંસ અને મેદ સુધી પહોંચે છે તો શરીર ભારે થાય છે, કશાથી ચોંટી રહ્યું હોય તેમ સ્થિર લાકડા જેવું થાય છે, મુષ્ટિપ્રહાર થવાની પેઠે બધું અંગ બહુ કળે છે તથા તે ઉપર આંગળીનો સ્પર્શ પણ સહન થતો નથી.

જો એ વાયુ અસ્થિ તથા મજ્જા સુધી પહોંચ્યો હોય તો હાડકાંના સાંધાઓના વચલા ભાગ દુખે છે, સાંધાઓ કળે છે, માંસ અને બળ ક્ષીણ થાય છે, ઊંઘ ઊડી જાય છે અને શરીર

રાતદિવસ વાયુની તીવ્ર અસરથી ધડકે છે, ઠણકે કિંવા ધબકે છે.

જો એ વાયુ વીર્યમાં પહોંચે છે તો તેને લીધે વીર્યની છૂટ જલદીથી કરે છે, કિંવા વીર્યને બાંધી રાખે છે, કિંવા તે ગર્ભને પાડી નાખે છે અથવા રોકી રાખે છે અથવા સૂકવે છે તથા ગર્ભ કિંવા શુક્રમાં વિવિધ વિકાર ઉત્પન્ન કરે છે.

જો એ વાયુ શિરાઓ, નસો તથા રગોમાં વિકારયુક્ત થઈ સંચરે છે, તો આખા અંગમાં શૂળો ફૂટે છે, નસોને [illegible] એટલે ખેંચી, જાડી તથા ભારે કરે છે. શરીરની બહાર તથા અંદર ખલ્લી નામનો વાયુ તથા કુબ્જત્વ નામનો [illegible] ઉત્પન્ન થાય છે.

જો એ બગડેલો વાયુ સ્નાયુ તથા સાંધામાં પહોંચે છે તો તો આખા શરીરમાં અથવા શરીરના એક ભાગમાં [illegible] છે, પણ તે વાયુ સાંધાઓમાં ફેલાતાં સાંધાઓનો [illegible] તેમને વાંકાચૂંકા અણિયાળાની પેઠે વળવા [illegible] નહીં; વળી તેનાથી અંગમાં શૂળો ફૂટે છે તથા શરીરના [illegible] પણ જાય છે.

એવી રીતે વાયુ આખા શરીરમાં [illegible], [illegible] તન્માત્રામાં અને દશ ઇંદ્રિયોમાં અને [illegible] નારાં સ્થાનોમાં જ્યાં જ્યાં તેનો [illegible] કે [illegible] યોગ થાય છે, ત્યાં ત્યાં અચિન્ત્ય [illegible] અચિન્ત્ય ઉપદ્રવોસહિત રોગો [illegible] કરે છે. [illegible] નચાસે એંશી પ્રકારના વાયુની [illegible] છે. [illegible] કોઈ વખતે એવાં લક્ષણો [illegible] છે કે, [illegible] વાયુ કરતાં જુદાજ પ્રકાર [illegible] છે. [illegible] એંશી [illegible] કારનાં વાયુ, [illegible]

દશ પ્રકારના આમવાયુ અને તેઓ દશ ઇન્દ્રિય, પાંચ તન્માત્રા, સપ્ત આશય અને સાત ધાતુઓ તથા સાત ઉપધાતુઓ સાથે જુદા જુદા રૂપે તેનો હીન, મિથ્યા અને અતિયોગ થવાથી વાયુ-આશ્રિત અસંખ્ય જાતના રોગો થઈ શકે છે અને એટલા માટે નિદાનશાસ્ત્રે જણાવ્યું છે કેઃ–

अव्यक्तं लक्षणं तेषां पूर्वरूपमिति स्मृतम् ।
आत्मरूपं तु यद्व्यक्तमपायो लघुता पुनः ॥

અર્થાત્ વાયુનાં લક્ષણો અવ્યક્ત એટલે કહી શકાય નહિ એવાં હોવાથી સંપૂર્ણ વ્યવસ્થા થઇ શકતી નથી. દરેક સ્થાનમાં ત્રિદોષ–સિદ્ધાંતમાં કહેવામાં આવ્યું છે તેમ, પાંચ પ્રકારના વાયુ, પાંચ પ્રકારનાં પિત્ત અને પાંચ પ્રકારના કફ મળીને પંદર પ્રકારે ત્રિદોષ પોતપોતાનું કામ કરે છે. તે પંદર પ્રકારના ત્રિદોષ-માં જે જે પ્રકારનો હીન, મિથ્યા અને અતિયોગ થાય છે, તે તે પ્રકારના તે તે સ્થાનમાં ઉપદ્રવો થાય છે. એટલા માટે દોષોના હીન, મિથ્યા અને અતિયોગ સમજીને રોગનું નિદાન તથા ચિકિત્સા કરવામાં આવે તોજ ચિકિત્સકનો પરિશ્રમ સફળ થાય છે. દાખલા તરીકે આપણે આપણી આંખનો વિચાર કરીએ. આંખ એ મનુ-ષ્યના શરીરમાં એક અગત્યની ઇન્દ્રિય છે. તે આંખને જોવાથી તેની પાંપણના વાળ, પાંપણનું ઉપલું પડ, પાંપણની નીચેનું પડ, પાંપણના બે સાંધા, બે સાંધામાં રહેલી માંસની બે પેશીઓ, આંખના ડોળાનો કાચ, તે કાચનું ધોળું પડ, ધોળા પડમાં રહેલો કાળો ભાગ અને કાળા ભાગમાં રહેલી દૃષ્ટિ જેને આંખની કીકીના નામથી ઓળખવામાં આવે છે તે; તે આંખના ડોળાની નીચે રસનું, રક્તનું, માંસનું, મેદનું, અસ્થિનું, મજ્જાનું અને શુક્રનું એકેકું પડ રહેલું છે. હવે ત્રિદોષસિદ્ધાંતના નિયમ પ્રમાણે

આંખમાં રહેલો અપાનવાયુ આંખમાં રહેલા [illegible]
અને મનોવિકારથી આંખના [illegible]માં રહેલો [illegible]
છૂટા પડેલા પાણીને બહાર કાઢી [illegible]
વાયુએ ખેંચેલા ભ્રાજકપિત્ત અને [illegible]
સરખે ભાગે વહેંચી આપે છે. તે [illegible]
તની જેમ જેમ સાતે ધાતુ [illegible]
તેનું પોષણ કરે છે. આંખમાં રહેલ [illegible]
કરેલાં તત્ત્વોને જ્ઞાનતંતુઓમાં [illegible]
અને આંખમાં રહેલો વ્યાનવાયુ [illegible]
વાયુમાં સ્થિત થયેલા જ્ઞાનતંતુ [illegible]
રીતે આંખમાં રહેલું [illegible]
રસને પચાવી રંજકપિત્તને [illegible]
પિત્ત આલોચકપિત્તને [illegible]
રાખે છે, એટલે આલોચકપિત્ત [illegible]
ત્રાના આશ્રયે રહી [illegible]
છે. આથી કરીને [illegible]
ભ્રાજકપિત્ત વ્યાન[illegible]
પણ આંખને [illegible]
કાવવા માટે આંખની [illegible]
વન કર્યા કરે છે [illegible]
આવીજ રીતે [illegible]
યવોને સ્થિર [illegible]
દરેક [illegible]
સુખી [illegible]
રાખે છે અને [illegible]
[illegible]

પડે કે એક એક દોષના પાંચ પાંચ ભેદથી પંદર ભેદો એક એક ઇન્દ્રિયમાં, એક એક તન્માત્રામાં અથવા એક એક સ્થાનમાં અને એક એક ધાતુમાં પોતપોતાના ગુણધર્મ પ્રમાણે કામ કરી રહેલા છે. જ્યારે આંખમાં રહેલો સમાનવાયુ હીન, મિથ્યા કે અતિયોગને પામે છે, એટલે બીજા ચાર વાયુઓ, પાંચ પિત્તો, પાંચ કફો અને સાત ધાતુઓમાં હીન, મિથ્યા અને અતિયોગ થાય છે. આથી જે જે વાયુનો જે જે પિત્ત, કફ તથા ધાતુઓ સાથે પરસ્પર હીન, મિથ્યા અને અતિયોગ થાય છે તે તે વાયુ, પિત્ત અને કફમાં તથા ધાતુઓનાં સ્થાનોમાં તેના તેના ગુણ ધર્મ પ્રમાણે પીડા ઉત્પન્ન થાય છે. તેવી દરેક જાતની પીડાને ઓળખવા માટે તે તે પીડાને રોગ ગણી, તેનાં જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે. આ દાખલાથી એટલું સમજમાં આવશે કે, આખા શરીરમાં રહેલા દરેકે દરેક સ્થાનમાં એટલે શિરાઓ, ધમનિઓ, કન્દરાઓ, હાડકાંઓ, સાંધાઓ, સ્નાયુઓ, મેદ, મજ્જા, માંસ, લોહી, રસ, ચામડી અને ધાતુઓની ઉપધાતુઓમાં સ્થળે સ્થળે પાંચ પ્રકારના વાયુ પ્રાધાન્ય ભોગવી, પાંચ પ્રકારનાં પિત્ત અને પાંચ પ્રકારના કફને શુદ્ધ કરી તેની ધાતુ બનાવે છે તથા અશુદ્ધરૂપ દોષોને દોષના રૂપમાં કે ઉપધાતુના રૂપમાં શરીરની બહાર કાઢી નાખે છે. એટલા માટે વાયુને મહાબળવાન તથા આખા શરીરતંત્રને ચલાવનારો, પોષનારો, વૃદ્ધિ કરનારો, હીન કરનારો અને અંતે નાશ કરનારો કહેવામાં આવ્યો છે. આથી ચિકિત્સકોએ શરીરના દરેક ભાગમાં થતા ઉપદ્રવોને તપાસી, તેના મિથ્યાભાવના હીન, મિથ્યા અને અતિયોગને સમજી ત્રિદોષના ઉપદ્રવોને દબાવવા માટે ત્રિગુણાત્મક અને પંચરસાત્મક ચિકિત્સા કરવી, જેથી રોગી નિરામય થઇ આયુષ્યવાન થાય છે. એટલા માટે વાયુરોગો જો કે અચિન્ત્ય લક્ષણોવાળા અને અનંત છે, તથાપિ તેની સામાન્ય ચિકિત્સા જે

અમારા અનુભવમાં આવેલી છે, તે પ્રકટ કરવાનું દુરસ્ત ધારી નીચ
પ્રમાણે જણાવીએ છીએઃ—

બિલામાની ગોળીઃ–બિલામાં તોલા ૮, ગોળ તોલા ૫, પીપળીમૂળ તોલો ૧, પીપર તોલો ૧, અકલગરો તોલો ૧, સૂંઠ તોલો ૧ અને માલકાંકણી તોલો ૧ એ સર્વ વસાણાંને વાટીને ગોળમાં બોર જેવડી ગોળી કરવી. રોગીનું બળ જોઇને એકેક અથવા બબ્બે ગોળી સાંજસવાર પાણી સાથે ખવડાવવી, તે રોગીને તેલવાળા પદાર્થો પુષ્કળ ખવડાવવા; પણ ઘી, દૂધ, ગળપણ બિલકુલ આપવાં નહિ. તેલ જેટલું વધારે ખવાશે તેટલો વધારે ફાયદો કરશે અને ગળપણ, દૂધ, ઘી ખાશે તો રોગ વધારે થશે. ખટાશ ખાવા દેવી નહિ. રાઇનો વઘાર કરેલો હોય અથવા જેમાં રાઈ આવતી હોય તેવા પદાર્થ ખાવાથી આખે શરીરે રાઇ જેવડી ફોલ્લીઓ ફૂટી નીકળશે. એ ગોળી ખાવાથી સંધિવા, ગઠિયો વા તથા કમરનો વા મટે છે.

લવિંગાદિ ગૂગળની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર ખાવાથી વાયુથી થતી કળતર મટે છે, ભૂખ લાગે છે, ખાધું પચે છે અને પેટનાં આંતરડાંમાં ભરાયેલા વાયુને મટાડે છે.

પથ્યાગૂગળઃ–ગૂગળ મણ અધો, હરડેદળ શેર દશ, બહેડાંદળ શેર પંદર, આમળાં શેર દશ, ગળો શેર દશ, એ સર્વને એકઠાં કરી અને સોળ મણ પાણીમાં ઉકાળી, અર્ધું પાણી બળી જાય ત્યારે નીચે ઉતારી કપડા વતી ગાળી, પછી હરડેદળ શેર દોઢ, બહેડાંદળ શેર દોઢ, આમળાં શેર દોઢ, સૂંઠ શેર અધો, પીપર શેર અધો, વાવડિંગ શેર અધો, નસોતર શેર ૦।, નેપાળો શેર ૦।, ળો શેર અધો એ સર્વે વસાણાંને ખાંડીને સોળગણા પાણીમાં કાળીને ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે કપડાથી ગાળી, તે

બેઉ ઉકાળા ભેગા કરી, લોખંડના વાસણમાં ઉકાળતાં ઉકાળતાં પાક જેવો થાય ત્યારે બીજા વાસણમાં કાઢી લેવું. ઠંડું પડ્યા પછી જો વધારે નરમ દેખાય, તો તડકે સૂકવી તેને ઘીનો હાથ દઇને જેમ પાપડનો લોટ ખાંડે તેમ ખૂબ ખાંડી, અરીઠાની બીજ જેવડી ગોળી વાળીએ છીએ. એ બબ્બે ગોળી ત્રણ વખત પાણી સાથે આપવાથી તમામ જાતના વાયુ મટી જાય છે, એટલુંજ નહિ પણ ચામડીમાં, માંસમાં કે હાડકાંમાં સડો પેઠો હોય, તેને પણ તે ફાયદો કરે છે. તે ઉપરાંત ગુલ્મ, સોજા, પાંડુ, કમળો, પ્રમેહ, મંદાગ્નિ અને મળબંધ એટલા રોગોમાંથી કેટલાકને તરત ફાયદો કરે છે અને કેટલાકને લાંબો વખત ખાવાથી ફાયદો કરે છે. આ પથ્યાગૂગળની ગોળી કફરોગ સિવાયના તમામ રોગો ઉપર, પછી તે ગમે તે સ્થાનમાં થયા હોય, તેને સાત મહિના સુધી અથવા બાર મહિના સુધી કાંઈ પણ પરેજી પાળ્યા સિવાય ખવડાવવામાં આવે તો તે તમામ દર્દોને સારાં કરે છે.

ચિંચાભલ્લાતકઃ-વગર મીઠાની પાકી આમલી છોડાં તથા કચૂકા કાઢી નાખી શેર ૧ તથા ભિલામાં શેર ૧, એ બેઉને ભેગાં ખાંડી, ગોળી વળાય એવું થાય ત્યારે તેની ચણીબોર જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી એકેકી અથવા બબ્બે દિવસમાં ત્રણ વાર પાણી સાથે ગળાવવી. જો સંગ્રહણી અથવા અતિસારનો રોગી હોય તો ઉપર છાશ પાવાથી તરત ફાયદો દેખાય છે; એટલે ઝાડા બંધ થાય છે, દુઃખાવો નરમ પડે છે અને પેટ ચડતું નથી. જો કોઇને ઉપદંશ થયા પછી વિસ્ફોટક થઈ સાંધા રહી ગયા હોય અથવા લકવા, આર્દિતવાયુ, મન્યાસ્તંભ કટિગ્રહ, ગૃધ્રસી વગેરે સંધિગત અને શિરાગત વાયુ થયો હોય તો બબ્બે ગોળી પાણી સાથે ગળાવવાથી ઘણો સારો ફાયદો થાય છે. વિશેષમાં જણાવવાનું કે, આ ગોળી ઉપર ગમે તે પદાર્થ

ખાવામાં આવે તો નુકસાન કરતી નથી, પરંતુ રોગને પ્રતિકૂળ ખોરાક આપવો નહિ.

ધાત્રી ભલ્લાતકઃ-ભિલામાં શેર એક, હરડેદળ શેર અર્ધો, બહેડાંદળ શેર અર્ધો, આમળાં શેર અર્ધો, સૂંઠ તોલા પંદર, મરી તોલા પંદર, પીપર તોલા પંદર, કાળા તલ શેર એક, ગોળ શેર એક એ સર્વે વસાણાંને ઝીણા ખાંડીને ગોળમાં મેળવી, ફરી ખાંડીને ઝીણા બોર જેવડી ગોળી કરવી. એક અથવા બે ગોળી પાણી સાથે ખવડાવવી. પરેજી કાંઇ નથી. એ ગોળીથી પેટનાં આંતરડાંના વ્યાધિ, દુઃખાવો અને વાયુના તમામ રોગો મટી જાય છે, ભૂખ લાગે છે, શક્તિ આવે છે, સાંધા દુઃખતા હોય તે મટે છે; અર્ધાંગવાયુ, ઉપદંશ અને પ્રમેહવાળાને પણ માફક આવે છે.

યોગરાજ ગૂગળઃ-ગૂગળ શેર એક લાવી દશ શેર દૂધમાં ઉકાળવો. ઊકળવા માંડે કે તેમાં લસણ શેર ૦। છોલીને વાટીને નાખવું. જ્યારે દૂધનો માવો થાય ત્યારે ઘી શેર સવા નાખી તે માવાનો દાણો પાડવો. પછી તેમાં સાકર શેર ત્રણ ખાંડીને નાખવી. સાકર સાથે એકરસ થાય ત્યારે નીચે ઉતારી પીપર, પીપળીમૂળ, અજમો, અજમોદ, સૂવા, મરી, કરમાણી અજમો, ધમાસો, વચકાવળી, તમાલપત્ર, ગોખરુ, ધાણા, હરડાં, બહેડાં, આમળાં, મોથ, હીરાકસી, દેવદાર, સિંધવ, ઉપલેટ, જેઠીમધ અને તમાલપત્ર; એ સર્વે ૦। ૦। તોલો લઇ, ખાંડી વસ્ત્રગાળ કરી મેળવવાં. પછી તેમાંથી રોગીના બળનો વિચાર કરી, બે આનીભારથી આઠ આનીભાર સુધી દિવસમાં બે વાર ખાવા આપવો. એના ઉપર ખટાશ આપવી નહિ. એ ગૂગળથી કમર તથા સાંધા દુખતા મટે છે, ધાતુવિકાર મટે છે, પગનું કળતર મટે છે, સુસ્અહેરી મટે છે; ફેફરું, ચિત્તભ્રમ અને તાણના રોગો મટે છે,

ચિકિત્સાશાસ્ત્રમાં યોગરાજ ગૂગળના જે પાઠો લખેલા છે, તે કરતાં આ યોગરાજનો પાઠ નવી રીતેજ ગોઠવેલો છે.

વાતનાશન ગૂગળઃ-ગૂગળ તોલા પાંચ, બોળ તોલા પાંચ અને હિંગળોક તોલા પાંચ એને ઘીનો હાથ દઈ ખૂબ ખાંડી અરીઠાની મીજ જેવડી ગોળી વાળવી. એ ગોળી એકેકી દિવસમાં ત્રણ વાર પાણી સાથે ગળવાથી વાયુના તમામ વિકારને મટાડે છે. તેમાં ખાસ કરીને કમરનો અને બરડાની કરોડનો દુખાવો તથા કળતરને જરૂર મટાડે છે.

પુનરનવાદિ ગૂગળઃ-ધોળી સાટોડીનાં મૂળ શેર દશ, દિવેલાનાં મૂળ શેર દશ અને સૂંઠ શેર દોઢ, એ સર્વને થોડું થોડું ખાંડીને આઠ મણ પાણીમાં ઉકાળવું. જ્યારે એક મણ પાણી બાકી રહે ત્યારે તે ઉકાળાને કપડાથી ગાળી લઈ, તે ઉકાળામાં ચાર શેર ગૂગળ નાખીને પકાવવો અને જ્યારે પાકી રહે ત્યારે સોળ તોલા એરંડિયું, નસોતર વીશ તોલા, નેપાળો ચાર તોલા, ગળો દશ તોલા, હરડેદળ ચાર તોલા, બહેડાંદળ ચાર તોલા, આમળાં ચાર તોલા, સૂંઠ ચાર તોલા, મરી ચાર તોલા, પીપર ચાર તોલા, ચિત્રો ચાર તોલા, સિંધવ ચાર તોલા, બિલામાં બાર તોલા, વાયવડિંગ ચાર તોલા, સુવર્ણમાક્ષિક ભસ્મ એક તોલો અને સાટોડી એક તોલો મેળવીને પાક કરવો. જ્યારે બરાબર પાક તૈયાર થાય ત્યારે નીચું ઉતારી, ઠંડું પડયા પછી એક તોલો નિત્ય ખાય તો, વાતરક્ત, સાત પ્રકારની વૃદ્ધિ, ગૃધ્રસી, જાંઘ, ઉરુ, પુષ્ઠ, ત્રિક અને બસ્તીમાં થયેલા વાયુના વિકારને મટાડે છે અને મોટા આમવાયુને મટાડે છે, એવું ભાવપ્રકાશમાં લખેલું છે. પણ એરંડિયું તેલ નાખવાથી ગોળી વળતી નથી, તેથી અમે એરંડીની મીજ નાખીએ છીએ અને એક તોલો ખાવાનું પ્રમાણ

સહન થઇ શકતું નથી તેથી એક તોલાની સોળ ગોળી બનાવીએ છીએ. તે ગોળીમાંથી દરરોજ એકેક અથવા બબ્બે પાણી સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી પેટના સોજા, હાથપગના સોજા, પાંડુરોગ, ઉદરરોગ તથા ગુલ્મ, વાયુ અને એકંદરે જે વાયુમાં મળ સુકાઇ ગયાં હોય તેમાં ઘણું સરસ કામ કરે છે. શરીરમાં નવું લોહી ઉત્પન્ન કરે છે અને વિસ્ફોટક તથા આમવાયુને મટાડે છે.

અમૃતાદિ ગૂગળઃ–ગળો શેર દશ, હરડાં શેર દશ, બહેડાં શેર દશ, આમળાં શેર દશ, ગૂગળ શેર પાંચ એ સર્વને એકઠાં કરી બાર મણ પાણીમાં ઉકાળો કરી, આશરે બે મણ પાણી રહે ત્યારે તેને કપડાથી ગાળી, પાછું અગ્નિ પર ચઢાવી તેમાં નેપાળો, સૂંઠ, મરી, પીપર, વાયવડિંગ, ગળો, હરડાં, બહેડાં, આમળાં અને તજ એ દરેક પદાર્થો દશ દશ તોલા, નસોતર એક તોલો લઇ વસ્ત્રાગાળ ચૂર્ણ કરી ઉપરના ઉકાળામાં મેળવી પકાવવું. જ્યારે પાક તૈયાર થાય ત્યારે નીચે ઉતારી તેમાંથી અગ્નિબળનો વિચાર કરી, એક તોલા સુધી ખવડાવવો. એ ગૂગળથી વાતરક્ત, કોઢ, હરસ, મંદાગ્નિ, વ્રણ, પ્રમેહ, આમવાત, ભગંદર, નાડીવ્રણ, ઉરુસ્થંભ અને સોજા મટે છે, એવું ભાવપ્રકાશમાં લખેલું છે. પરંતુ એ ગૂગળનો પાક તૈયાર થયા પછી જો એમ ને એમ રહેવા દઇએ તો ઉપરનો ભાગ સુકાઇને પથ્થર જેવો થઈ જાય છે. અને નીચેનો ભાગ ઘણો નરમ રહે છે. જો એ ગૂગળને બરણીમાં ભરી લઈએ તો પાણીની ભીનાશને લીધે ફૂગ ચડી સડી જાય છે તેથી ફેંકી દેવો પડે છે. એટલા માટે એ ગૂગળને તડકે સૂકવી ઘીનો હાથ દઇ ખૂબ ખાંડવો, એટલે ગોળી વાળવા જેવો એકરસ થશે. પછી તેને ઘીવાળા હાથે અરીઠાની બીજ જેવડી ગોળી વાળવી, એટલે ચમકતી કાળા રંગની ગોળી થશે. જો કે આગળ લખેલા પથ્યાગૂગળમાં અને આમાં બહુ ફેર નથી, તથાપિ પથ્યાગૂગળ-

ની ગોળી તડકે સૂકવી શકાય છે અને આ અમૃતાદિ ગૂગળની ગોળી તડકે સૂકવવાથી નરમ થતી જાય છે; એટલા માટે એ ગોળીને તડકે નહિ સૂકવતાં છાંયામાં સૂકવવી. જો કે એ ગૂગળને ખાવાનું પ્રમાણ એક તોલાનું લખેલું છે, પણ એક તોલો ખાઈ શકાતો નથી. પરંતુ ઉપર લખ્યા પ્રમાણેની ગોળી એકેક અથવા બબ્બે દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવાથી સંધિવા, વિસ્ફોટક, પ્રમેહ, લકવો વગેરે વાયુનાં દર્દો કે જેમનું મૂળ ઉત્પત્તિસ્થાન ગરમીમાંથી હોય છે, તેના ઉપર બહુ સારી અસર કરે છે. પરંતુ એ ગોળી ખાવાથી કેટલાક રોગીને પાતળા ઝાડા થાય છે અને કેટલાકને પેટમાં બહુ દુઃખે છે, તેટલા માટે એ ગોળી ધ્યાન પહોંચાડીને આપવાની છે. જો ઉપદ્રવ કરે તો માત્રા ઓછી કરી નાખવી.

કિશોર ગૂગળઃ–હરડાં, બહેડાં, આમળાં, ગળો એ ચાર વસ્તુ પાંચ પાંચ શેર લઈ થોડી ખાંડી, લોખંડના કડાયામાં આઠ મણ પાણી મૂકી ઉકાળી બે મણ પાણી રહે ત્યારે ગૂગળ શેર પાંચ લઈ તેને પાણીમાં એક દિવસ પલાળી રાખી, બીજે દિવસે ઉકાળી તે પાણી પેલા ઉકાળામાં મેળવવું એટલે ગૂગળમાંનું ગટોડું, કાંકરી વગેરે જુદાં પડી જશે. પછી તે બેઉ ઉકાળાને ભેગા મેળવી ચૂલે ચડાવી, તેમાં હરડાં, બહેડાં, આમળાં ને ગળો એ ચાર ઓષધ દશ તોલા અને સૂંઠ, મરી, પીપર એ ત્રણે ઓષધ પાંચ પાંચ તોલા, વાયવડિંગ આઠ તોલા, દાંતીનાં મૂળ ચાર તોલા અને નસોતર ચાર તોલા એ સર્વેને લઈ વસ્ત્રગાળ ચૂર્ણ કરી પાકમાં મેળવી, આગળ બતાવેલી ગોળી પ્રમાણે અરીઠાની બીજ જેવડી ગોળી વાળવી, તે ગોળી દિવસમાં ત્રણ વખત બબ્બે આપવાથી વાયુના તથા ગરમીના ઘણા રોગને મટાડે છે. પરંતુ માથાના દુખાવાના લાંબા કાળના રોગ ઉપર એટલે ઝામરવાયુ, માથાનું શૂળ, માથું પીયું પડી જાય છે તે, અને માથાને હાથ અડકાડી શકાતો ન હોય

એવા રોગીને તેમ ઉપદંશ, ફિરંગરોગ, વિસ્ફોટક, પામા, વિચર્ચિકા અને વિશેષે કરીને ચામડીના દર્દમાં બહુ સારું કામ કરે છે. જો કે ગૂગળને લઘુમંજીષ્ઠાદિ એટલે મજીઠ, ત્રિફળા, કડુ, વજ, દારૂહળધર, ગળો અને લીંબછાલના ઉકાળા સાથે આપ્યો હોય તો ઘણું સરસ કામ કરે છે. સામાન્ય રીતે વાયુ તથા પિત્તના વિકારમાં કોઈ પણ જાતના ગૂગળ અદ્ભુત કામ કરી બતાવે છે. પરંતુ રોગીએ શ્રદ્ધાપૂર્વક જે ગૂગળની યોજના વૈદ્યે કરી હોય તે ગૂગળ ઓછામાં ઓછા છ માસથી બાર માસ સુધી ખાવો જોઈએ. ઉતાવળે કામ માગનારને માટે ગૂગળ નકામા છે.

ચક્રમર્દક તેલઃ–કૂંવાડિયાનાં બી, અસાળિયો, રાઈ, સરસવ, માલકાંકણી, તલ અને કોપરું સમભાગે લઈ વીશ શેર વજન કરવું. તેમાંથી કોપરા સિવાય બીજાં બધાં વસાણાંને જુદાં જુદાં ખાંડવાં. પછી તેમાં કોપરું નાખી, ઘાંચીની ઘાણીમાં પિલાવી, તેનું તેલ કઢાવવું. એ તેલ મસળવાથી વાયુથી અકડાઈ ગયેલા, રહી ગયેલા, ખેંચાઈ ગયેલા, કમરમાંથી પાંગળા થયેલા રોગીઓ સારા થાય છે.

નારાયણ તેલઃ–આસ્રાન, કાંસકીનાં મૂળ, બીલીનાં છોડાં, પહાડમૂળ, ભોંયરીંગણી, મોટી રીંગણીનાં મૂળ, ગોખરુ, બલબીજ, લીંબછાલ, અર્લુનાં છોડાં, સાટોડી, ચાંદવેલ, (લજામણી) છીણીનાં મૂળ એ દશ ઓષધ એકેક શેર લઈ થોડાં ખાંડી આઠ મણ પાણીમાં ઉકાળી, ચોથા ભાગનું પાણી રહે ત્યારે તેને ગાળી લઈ, તે ઉકાળામાં તલનું તેલ પાંચ શેર નાખી ચૂલે ચડાવવું. પછી શતાવરી શેર પાંચ ખાંડીને બે મણ પાણીમાં એક દિવસ પલાળો મૂકી, બીજે દિવસે ઉકાળી, દશ શેર પાણી રહે ત્યારે તે ઉકાળાને જ્યારે ઉપરના ઉકાળામાંનું તેલ બાકી રહે અને ઉકાળો બળી જાય, ત્યાં શતાવરીનો ઉકાળો તેમાં નાખવો. ત્યાર પછી ઘોડાવજ, એલ-

સુખડ, કાળો છડ, વજકાવલી, જટામાંસી, સિંધવ, આસન, કાંક્ર
કીનાં મૂળ, રાસ્ના, વરિયાળી, દેવદાર અને તગર એ ઓષધો આ
આઠ તોલા લઈ ખાંડી વસ્ત્રગાળ કરી દશ શેર દૂધમાં મેળવી રાખવું.
જ્યારે શતાવરીનો ઉકાળો બળી જાય ત્યારે દૂધવાળો કલ્ક નાખીને
ઉકાળવું. ઊકળતાં ઊકળતાં તે ઉકાળો બળી જાય અને દૂધનો
માવો થઇ તેનો દાણો છૂટો પડે ત્યારે તે તેલ ગાળી લેવું. પણ
આ તેલ બનાવતાં દૂધનો દાણો પડ્યા પછી તમામ તેલ ઉકાળાના
સત્ત્વમાં અને દૂધના માવામાં એવું મળી જાય છે કે, નિતારીને
અથવા નિચોવીને લેવા જઈએ તો ચોથા ભાગનું પણ હાથ આ
વતું નથી. એટલા માટે આપણી મરજી લાયક પાક થાય અને તેલ
છૂટું પડે કે તેમાં બે મણ પાણી નાખીને, બેત્રણ ઊભરા આવે
એટલું ઉકાળી ઠંડું પડવા દેવું, એટલે તમામ તેલ, પાણી ઉપર
તરી આવશે. તે હાથ વતી બીજા વાસણમાં કાઢી લઈ, તે વાસણને
તાપ પર મૂકી, પાણીનો ભાગ બળી જાય તેટલું કકડાવી, કપડે
ઠંડું પડયા પછી બાટલીમાં ભરી લેવું. એ તેલમાંથી દરરોજ અર્ધા
તોલાને આશરે ગરમ પાણી સાથે અથવા ગરમ દૂધ સાથે પાવા-
થી આડા થઇ ગયેલા માણસને તથા આંત્રવૃદ્ધિવાળાને તથા જેનું
પેટ ચરબીથી ફૂલી ગયું હોય તેને ઘણો ફાયદો કરે છે. માથાના
અત્યંત દુખાવામાં એનાં ટીપાં નાકમાં મૂકવાથી ફાયદો થાય
છે. સ્ત્રીઓને યોનિશૂળ, પીડિતાર્તવ તથા યોનિમાર્ગનો દીર્ઘ
વરમ હોય તો આ તેલનાં પૂમડાં લેવાથી ફાયદો થાય છે. તે
રીતે શરીરે ચોળવાથી કાળો કોઢ મટે છે અને વાયુથી રહી ગયે-
લા રોગીને બહુજ ફાયદો કરે છે. એ તેલ વાસી થવાથી રંગ બદ-
લતું જણાય તો પાછું તપેલીમાં કાઢી, ફરી ગરમ કરી લેવાથી
તાજું બની જાય છે. મૂળ શાર્ંગધરના પાઠમાં કાંઈક ફેરફાર કરી
ઉપર લખ્યા પ્રમાણે આ તેલ અમે તૈયાર કરીએ છીએ.

અડદના ઉકાળામાં તલનું તેલ નાખી તેલ બળતાં સુધી ઉકાળી, તે તેલ ચોળવાથી લકવાના દરદને ઘણો ફાયદો કરે છે. જો કે નિદાનશાસ્ત્રમાં વાયુના એંશી પ્રકાર લખેલા છે અને વાયુનું વર્ણન કરતાં ત્રિદોષસિદ્ધાંતના વિચાર પ્રમાણે વાયુના અસંખ્ય ભેદો પાડી શકાય છે, પરંતુ એંશી પ્રકારના વાયુ પૂરેપૂરા થતા હોય એવું ઘણે ભાગે જોવામાં આવતું નથી. પણ તે પૈકી લકવા, આદિંતરોગ, સંધિવા, આક્ષેપક, અપતંત્રક, ગૃધ્રસી, વિશ્વાચી, જિંહ્વાસ્થંભ, મન્યાસ્થંભ, ક્રોષ્ટુશીર્ષ, અપબાહુક, ખંજ, પંગુ, પાદહર્ષ, ખલ્લી, પાદકંટક વગેરે વાયુના રોગો થતા જણાય છે. પરંતુ તેની જુદી જુદી ચિકિત્સાઓ કરવામાં આવતી નથી. પણ વાયુરોગ પર ગૂગળ ઘણી સારી અસર કરે છે. હવે વાયુ જ્યારે કફને આશરે જઈ મિથ્યાયોગ ઉત્પન્ન કરે છે, ત્યારે પિત્તનો હીનયોગ થાય છે, તેથી જે વાયુઓ જણાય છે તેમાં ગૂગળો કામ કરી શકતા નથી; પણ તેવા રોગોમાં રસસિંદૂર, મલ્લસિંદૂર, તાલસિંદૂર, શિલાસિંદૂર વગેરે ઘણું સારું કામ બજાવે છે.

વાયુ ઉપર ચોળવાનો મલમઃ–વિલાયતી કપૂર તોલા ૫, ચોખ્ખું ટરપિટાઇન તોલા ૨૦ અને બારસોપ નામનો પીળો સાબૂ તોલો ૧ લઈ પ્રથમ કપૂરને ઝીણું વાટી તેમાં સાબૂ મેળવી પછી ટરપેંન્ટાઈન નાખી ઘૂંટવું એટલે કપૂર મળી જશે. એ મલમ પેટમાં દુખતું હોય તો પેટ પર ચોળાય, શૂળ મારતું હોય તો શૂળ પર ચોળાય. તેવી રીતે જ્યાં જ્યાં વાયુનું દરદ માલમ પડતું હોય ત્યાં ત્યાં ચોળવાથી ઘણો ફાયદો થાય છે.

સોજાની ગોળીઃ–હીમજીહરડે શેર ૧, આમળાં શેર ૦।।, સૂરોખાર શેર ૦।, મોરથૂથુ નવટાંક લઈ પ્રથમ હરડે, આમળાં અને સૂરોખારને ઝીણું ખાંડી, મોરથૂથાનું પાણી પેલો ભૂકો પલળ

રહે એટલું બનાવવું. પછી તે ભૂકાનો એક ગોળો કરી એક દિવસ વાસી રાખી મૂકવો. બીજે દિવસે તે ગોળાને ખૂબ ખાંડી તેની બોર બોર જેવડી ગોળી બનાવવી. આ ગોળી પાણીમાં ઘસી સાંધાનો દુઃખાવો, કોઈ પણ જગ્યા પર વાગવાથી, ભાંગવાથી, કાંઈ કરડવાથી અથવા રસ આવવાથી સોજો આવ્યો હોય, તે ઉપર ચોપડવાથી તરત ફાયદો કરે છે. જો આ ગોળીમાં પાણી વધારે પડશે તો એ ગોળી સુકાયા પછી ઘસવાને સહેલી અને વજનમાં હલકી તથા પોચી બનશે. તેવી પોચી ગોળી બરાબર કામ કરશે નહિ, પણ બરાબર માફકસર પાણી પડવાથી જે ગોળી બનશે, તે કઠણ વજનદાર અને ઘસવામાં મુશ્કેલ જણાશે, પણ તે ગોળી ઘસીને ચોપડવાથી તરત ફાયદો પડશે. આ ગોળી ચાંદે ચોપડી શકાય છે, રસ પર ચોપડાય છે, આંખ દુખવા આવી હોય તો ઘસીને આંખની આસપાસ ચોપડાય છે. કાનમાં ચસકા મારે ને કાનમૂળિયાં ફૂલ્યાં હોય તો તેના પર પણ ચોપડાય છે. એકંદરે જ્યાં જ્યાં ચોપડવાની જરૂર જણાય ત્યાં ત્યાં સામાન્ય રોગોમાં ચોપડવાથી અદ્ભુત કામ કરી બતાવે છે.

પીળો ખરડઃ–રેવંચીની ખટાઈ શેર એક તથા શેરી લોબાન શેર એક એ બેઉને ખાંડી વસ્ત્રગાળ કરી, પાણીમાં વાટી ગરમ કરી દુખતા સાંધા તથા ફૂલતા સાંધા ઉપર ચોપડવાથી ઘણો ફાયદો કરે છે.

કર્પૂરાદિ ગુટિકાઃ–ઝેરકચૂરા શેર બે લઈ તેને ગોમૂત્રમાં ડૂબતા પલાળવા. બીજે દિવસે તે મૂત્ર કાઢી નાખી બીજું ઉમેરવું. એવી રીતે બેતાળીસ દિવસ સુધી દરરોજ મૂત્ર બદલતાં જવું અને કચૂરાને રાતદિવસ તડકો તથા ઝાકળ દેવાં. તેંતાળીસમે દિવસે તે કચૂરાને મીઠા પાણીમાં ધોઈ નાખી, તેના ઉપરની છાલ કાઢી

નાખવી. પછી તેના કટકા કરી તેને મીઠા પાણીથી ખૂબ ચોળીને ધોઈ નાખવા અને બીજું પાણી ઉમેરવું. બીજે દિવસે ફરી ધોઈ નાખવા. એવી રીતે પલાળતાં અને ધોતાં લીલું પાણી નીકળતું બંધ થાય અને જેવું પાણી નાખીએ તેવું સ્વચ્છ પાણી નીકળે, ત્યારે તેને કપડેથી લૂછી નાખી, તે કટકાઓને અધો મણ દૂધમાં બાફવા. દૂધનો માવો થઇ જાય એટલે ઠંડા પાડી બીજું પાણી નાખી ધોઈ લેવા. આટલી ક્રિયા કરવાથી ઝેરકચૂરાનો ઝેરી ગુણ અને કડવાશ એ બેઉ જતાં રહે છે. તે શુદ્ધ ઝેરકચૂરાને ખૂબ બારીક વાટવો, વાટતાં વાટતાં જો નજ વટાય તો થોડું પાણી છાંટીને વાટવાથી વટાઇ જશે, પણ જો સૂકાઇ ગયો તો વટાશે નહિ. એવી રીતે ઝીણો વાટીને તેમાં તજ તોલા ૨, લવિંગ તોલા ૪, જાયફળ તોલા ૪, મરી તોલા ૪, કેશર તોલા ૨, અકલગરો તોલા ૮, જાવંત્રી તોલા ૪ અને પીપર તોલા ૨ નાખી પછી લવિંગ શેર ૦ા, કાળાં મરી શેર ૦ા ને જાયફળ શેર ૦ા એનો ઉકાળો કરી પેલું ચૂર્ણ કચૂંરામાં મેળવી, આ ઉકાળાના બે પટ આપી મરી જેવડી ગોળી વાળવી. એ ગોળી એક અથવા બે, માત્ર પાણી સાથે દિવસમાં ત્રણ વાર આપવાથી સંધિવાયુ, શિરાગતવાયુ તથા પેટમાંના વાયુને મટાડી ભૂખ લગાડે છે અને શક્તિ આપે છે. પાતળા ઝાડા થતા હોય તો બંધ કરે છે અને ઝાડો ન થતો હોય તો પચાવીને લાવે છે. આ ગોળી વાયુના રોગપર તથા શક્તિ આપવામાં ઘણી સરસ છે. પરંતુ એ ગોળીને યાકુતિના રૂપમાં ફેરવવી હોય તો ઉપરની તમામ ક્રિયા કરી, ઉપરનાં તમામ વસાણાં મેળવી, ઉકાળાના પટ આપવાનો વખત આવે ત્યારે બરાસ તોલો ૧, કસ્તૂરી વાલ ૪, સોનાના વરખ વાલ ૪, મેળવી તે પછી ઉકાળાના પટ આપી મરી જેવડી ગોળી વાળ એકેક અથવા બબ્બે ગોળી દૂધ-સાકરના અનુપાન -

દિવસમાં એકજ વાર સવારે આપવાથી અજબ જાતની શક્તિ ઉત્પન્ન કરે છે. અથવા ઉકાળાના પટ પાયા પછી એને સૂકવી નાખી, ફરી વસ્ત્રગાળ કરી, તે પછી કસ્તૂરી વગેરે વસાણાં મેળવી, તેમાં સમાય એટલું મધ મેળવી, ચાટણ થાય તેવું કરી ૧, તોલો યાકુતિ બત્રીશ દિવસમાં પૂરી કરે અને ઉપરથી દૂધ-સાકર પીએ અને મીઠું, મરચું તથા ખટાશવાળો અત્યંત ખોરાક ન ખાય તો એક વાર નપુંસકને પુરુષત્વ આપે છે, તો સામાન્ય મનુષ્યને શક્તિ આપવામાં પાછી નહિજ પડે.

વાયુના રોગમાં આગળ કહ્યું તેમ દોષ અને ધાતુઓ આશ્રિત રહી, પોતપોતાના ગુણ-ધર્મ પ્રમાણે સ્વરૂપ દેખાડે છે; પરંતુ મૂળ વાયુને કોપવાનું કારણ અજીર્ણ છે. જો માણસને પચે તેવું અને પચે તેટલું ખાતાં આવડે તો કોઇ દિવસ અજીર્ણ થતું નથી. પરંતુ જીભના સ્વાદના લોભી જીવોનો નિગ્રહ રહી શકતો નહિ હોવાથી અજીર્ણ થાય છે અને તેમાંથી વાયુ કોપ પામી વિવિધ જાતના રોગો ઉત્પન્ન કરે છે. જેટલા વાયુઓ અજીર્ણથી ઉત્પન્ન થયેલા હોય છે, તેઓના ઉપર આ નિબંધમાં લખેલાં ઔષધો જરૂર કામ કરે છે. પરંતુ કામથી, શોકથી, ભયથી, ક્રોધથી કે ચોંચથી જે વાયુ બગડીને વિક્રિયા પામી, શરીરમાં અચિંત્ય જાતના અચિંત્ય લક્ષણોવાળા વ્યાધિ ઉત્પન્ન કરે છે, તેનો ઉપાય મળવો મુશ્કેલ છે. તેનું તો સંયમ પાળી મનને શાંત અને આનંદમાં રાખવું એજ માત્ર તેનું ઔષધ છે.

वायुरोगना केटलाक अनुभवसिद्ध उपायो

૧-વૈદ્ય ધીરજરામ દલપતરામ-સુરત

૧. વાતનાશિની ગુટિકાઃ-ત્રિગળાંક તોલા ૨, સૂંઠ, મરી, પીપર એકેક તોલો અને ગૂગળ તોલા ૫ લઇ પ્રથમ ગૂગળને શુદ્ધ

...રી તેમાં સૂંઠ-મરીનું ચૂર્ણ મેળવી ઘૂંટવું. પછી હિંગળોકને જુદો વાટી તેમાં મેળવી ખૂબ ખાંડીને ચણા જેવડી ગોળી કરવી. વાયુના રોગવાળાને એકેક ગોળી દિવસમાં ત્રણ વાર આદુના રસમાં આપવાથી વાયુ મટે છે.

૨. હુતાશન રસઃ-સૂંઠ, મરી, પીપર, પીપળીમૂળ, લવિંગ, તજ, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, વાકુંલો, અજમો, પાનની જડ, વછનાગ અને હિંગળોક એ બધું સરખે વજને લઇ, ખાંડી વસ્ત્રગાળ કરી, પાનના રસમાં વાટતાં વાટતાં સૂકવવું. તેમાંથી રતી ૧ થી વાલ ૧ સુધી મધ અને પીપર સાથે ચાટવાથી સઘળી જાતના પેટના વાયુ મટે છે.

૩. લસણાદિ ગુટિકાઃ-લસણની કળી તોલા ૫, [illegible] તોલા ૧૦, લવિંગ તોલા ૫, પીપર તોલા ૨, મરી તોલા ૧, રારના તોલા ૩. હિવેલીની મીજ તોલા ૩ એ બધાને સાથે ખાંડી એકરસ કરી ચણી બોર જેવડી ગોળી વાળવી. દરરોજ દિવસમાં ત્રણ વાર અકેક ગોળી પાણી સાથે ખવડાવવાથી [illegible], [illegible] અને સઘળી જાતના વાયુ નરમ પડે છે.

૪. બોળબદ્ધ રસઃ-રાતો બોળ તોલા ૪, [illegible] તોલા ૪, સૂંઠ, મરી, પીપર, અકલગરો, જાયફળ, [illegible], [illegible], બહેડાં, આમળાં, ટંકણ, પારો અને ગંધક એ સર્વ એકેક તોલો લઇ પારા ગંધકની કાજળી કરી, બોળ અને [illegible]ને ચૂર્ણમાં નાખી [illegible] એકરસ કરવું. તેમાં ઉપરનાં વસાણું [illegible] એક દિવસ [illegible] અને ચણીબોર જેવડી ગોળીઓ [illegible] આ ગોળી દિવસમાં [illegible] વાર પાણી સાથે અથવા દિવેલનાં [illegible] ઉકાળા [illegible] અથવા બબ્બે આપવાથી [illegible], [illegible] અને [illegible] વો મટે છે. ઉપરાંત જે [illegible] અટકાવ [illegible] અટકાવ ખુલાસે આવે છે.

૨-યતિશ્રી રવિહંસજી દીપહંસજી-સુરત

૧. ધનુર્વાના ઉપાયઃ-જાયફળ, જાવંત્રી, અફીણ અને ત એને વાટી ધંતૂરાના રસમાં ઘૂંટી મરી જેવડી ગોળી વાળવી. ૧ થી ગોળી દિવસમાં ૩ વાર પાણી સાથે આપવી જેથી ધનુર્વાયુ મટે છે

૨. જે કોઇ માણસને વાગ્યું હોય અને ધનુર ધાવાની જ ગ્યાથી લોહી વહી ગયું હોય, તો ધનુર ધાવાનો સંભવ છે. જો તે વખતે ૦ાા રતીથી ૨ રતી સુધી દિવસમાં બેવખત ત્રણ દિવસ લગી લાગલાગટ અફીણ ખવરાવવામાં આવે તો ધનુર ધાયેજ નહિ.

૩. પડતાંની સાથે જો દરદીનું પેટ ચડયું હોય તો તાકીદે પેટ ઊતરે તેવો ઉપાય કરવો. લોહીવાળો જખમ હોય તો તેલ અને સિંદૂરમાં રૂનું પૂમડું બોળી પાટો બાંધવાથી રુઝાઇ જાય છે.

૪. જીવતો સળગતો બાવળનો અંગારો બારીક વાટી તલના તેલમાં મેળવી રૂમાં બોળી પાટો બાંધી દેવો. એ પ્રમાણે દરરોજ ચોપડવાથી જખમ રુઝાઈ જાય છે. લોખંડ વાગવાથી પડેલા જખમને પાકવા નહિ દેતાં રુઝવવાનો આ ચોક્કસ ઇલાજ છે.

૩-વૈદ્ય બાલકૃષ્ણ રત્નેશ્વર-સુરત

૧. વ્યાધિગજકેશરીઃ-પારો, ગંધક, વછનાગ, હરતાલ, મરી, પીપર, હરડેદળ, બહેડાંદળ, આમળાં એ સર્વે બબ્બે તોલા અને શુદ્ધ નેપાળો ૪ તોલા લઇ પારા ગંધકની કાજળી કરી તેમાં હરતાલ મેળવવું. પછી બીજાં વસાણાંનું ચૂરણ મેળવી આદાના રસ-ની સાત ભાવના આપવી, નગોડના રસની સાત ભાવના આપવી. ત્યાર પછી ચણોઠી જેવડી ગોળીઓ વાળી જુદા જુદા ઉપદ્રવોમાં જુદાં જુદાં અનુપાન સાથે આપવી.

(૧) સર્વ જાતના તાવ ઉપર દૂધ સાથે આ

(૨) સર્વ પ્રકારના વાયુના રોગ ઉપર નગોડ તથા નાગર-
ાથના કવાથ સાથે આપવી.

(૩) સર્વ પ્રકારના પિત્તના વ્યાધિ ઉપર ગોળ સાથે આપવી.

(૪) સર્વ જાતના કફના વ્યાધિ ઉપર આદુના રસ સાથે આપવાથી સર્વ રોગને મટાડે છે.

(૫) આંકડી ઉપર તુલસીનો રસ તથા મરી સાથે આપવાથી મટે છે.

૨. ધનુર્વાયુઃ—ખારેક નંગ એક લઇ પાશેર તલના તેલમાં તળવી. ખારેક બળી જાય એટલે કાઢી તેને વાટીને માત્રા કરી, તેમાંથી વાલ ૧ થી ૪ વાલ સુધી પાણી સાથે આપવાથી ધનુર્વાયુ મટે છે. તળતાં તેલ વધ્યું હોય તે તેલનું શરીરે મર્દન કરવાથી એંચ પણ મટે છે.

૩. ગૂગળ, ખારેકના ઠળિયા, ખડિયોખાર, લવિંગ ને માલકાંકણી એ સર્વે પૈસા પૈસાભાર લઈ પાણીથી વાટીને ૨૮ ગોળી કરવી. સવારસાંજ એકેક ગોળી ઘી સાથે આપવાથી ગઠિયો વા, સંધિવા અને ટાંકી મટી જાય છે.

૪. કાળી તુલસી, લીલું લસણ, આદુ અને કાંદા (ડુંગળી) નો રસ એકત્ર કરી ૦। તોલો દિવસમાં ત્રણ વખત પાવો અને એજ રસ શરીરે ચોળવાથી ધનુર્વાયુ મટે છે.

૪—બ્રહ્મચારી આત્મારામ ત્રિવેદી

૧. વા-ગરમીનું ઔષધઃ—ગળોનો રસ ટાંક ૪, લીમડાં
રસ ટાંક ૪, હરડાં ટાંક ૧, પીપરીમૂળ ટાંક ૧, આમળાં ટાંક
કાળી મૂસળી ટાંક ૧, ધોળી મૂસળી ટાંક ૧, ધાણા ટાંક ૧,
પર ટાંક ૧, એ સર્વનું વસ્ત્રગાળ ચ
ટાંક ૧ અને

ગોળમાં પાવલીભારની ગોળી વાળી સવારસાંજ ખાવી જેથી વાયુ તથા ગરમી મટે છે.

૨. સુન્નવાયુનો ઉપાયઃ-હરડાં ટાંક ૧, વડાગરું મીઠું ટાંક ૧, સંચળ ટાંક ૧, અજમો ટાંક ૧, ધાણા ટાંક ૫, અજમોદ ટાંક ૧॥, વરિયાળી ટાંક ૪, પીપરીમૂળ ટાંક ૨, આસન ટાંક ૧॥, લોધર ટાંક ૨, કાથો ટાંક ૨, માલકાંકણી ટાંક ૨ અને શતાવરી ટાંક ૨ એ સર્વેને વાટી ટાંક ૧ પ્રમાણની ગોળી બનાવી, ફક્ત સવારમાંજ એક ગોળી ખાવી જેથી સુન્નવાયુ મટે છે. ખારું-ખાટું ખાવું નહિ.

૩. કંપવાયુનો ઉપાયઃ-સેકટાનું મૂળ, નગોડનું મૂળ, વરણાનું મૂળ, પીલવણનું મૂળ અને પુસ્કરમૂળ, એ સર્વે ગાયના દૂધમાં ઘસી પાવાથી કંપવાયુ મટે છે.

૫-વૈદ્ય મણિલાલ ગણપતિશંકર ભટ્ટ-સુરત

૧. સંધિવાયુઃ-અરણીનો રસ, નગોડનો રસ, પીલવણનો રસ, કાળિયા સરસનો રસ, આકડાનો રસ, ધંતૂરાનો રસ, અડસાંકળનો રસ (અડસાંકળનો રસ કાઢતી વખતે હાથે જરા દિવેલ અથવા તેલ લગાડવું.) એ દરેકનો રસ ૦ા શેર તથા અળસીનું તેલ શેર ૦ા, સરસીનું તેલ શેર ૦ા, નળલાનું તેલ શેર ૦ા, દેવદારનું તેલ શેર ૦ા, વછનાગ શેર ૦ા અને માલકાંકણી શેર ૦ા એ દરેક તેલ તથા રસ વગેરે એકત્ર કરી, એક હાંડલીમાં અથવા તાંબાના તપેલામાં ભરી ચૂલે ચડાવવું. રસ બધો બળી જાય અને તેલ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. પછી તે તેલમાં કપૂર તોલા ૧ થી ૨ મેળવવું, તથા થોડું રોહિત ઘાસનું તેલ મેળવી બાટલીમાં ભરી મૂકવું. આ તેલ લગાડવાથી સંધિવા, પક્ષાઘાત, શૂળ, ચૂંક, અને કળતર વગેરે દૂર થાય છે.

૨. ધનુર્વાનો ઉપાયઃ-કાળી તુલસીનો રસ, કાંદાનો રસ,

[illegible]નો રસ અને લસણનો રસ એ ચાર પ્રકારના રસ મળી તોલો [illegible]થાય. તેમાં અફીણની છાલ તોલો ાા ઘસીને બેત્રણ વખત પાવાથી [illegible]વાયુ મટે છે; પણ એ ઉપાયો જલદી કરવા જોઇએ.

૬–વૈદ્ય ભોળાનાથ નર્મદાશંકર સ્માર્ત–સુરત

ભલ્લાતકપાકઃ–ભિલામાં શેર ાા, અજમો શેર ાા, [illegible] જમોદ શેર ાા, ખુરાસાની અજમો શેર ાા, ચોપચીની તોલા ૨, આસન તોલા ૨ અને રાસ્તામૂળ તોલા ૨ એ સર્વનું [illegible] ચૂર્ણ કરી, તેમાં મધ શેર ાા, ઘી શેર ાા તથા ગોળ શેર ાા મેળવી ડબ્બામાં ભરી રાખવો. માત્રા તોલો ાા ઘી ૧ [illegible] સંધિવા વગેરે વાતવ્યાધિને મટાડે છે.

૭–વૈદ્ય નૂરમહમદ હમીર–[illegible]

૧. ગૃધ્રસીવાયુ માટેઃ–નગોડનાં પાનનો [illegible] દિવસ પાવો અને વાતરોગનું કોઇ પણ તેલ [illegible].

૨. સંધિવાયુ માટેઃ–દેશી ચોપચીનીને [illegible] પણ કહે છે અને અમે એને જંગલી [illegible] તેને વાટી ચૂર્ણ કરી દિવસમાં ત્રણ વાર [illegible] બાર દશ દિવસ પાવાથી સંધિવા મટે છે.

૮–વૈદ્ય નંદરામ પ્રાગજી–[illegible]

૧. સમીર ગજકેસરી તેલ–[illegible]નાં પાનનો, [illegible] પાનનો, ધંતૂરાનાં પાનનો, [illegible] આળિયાનાં પાનનો, [illegible] ડાંડલીનો (પુટપાકથી [illegible]) [illegible] પાંચ તોલા લઈ લસણનો રસ [illegible] ૪ લેવો. [illegible] ૪ લેવું. પ્રથમ સરસિયું તેલ [illegible]

રસ એકત્ર કરી, તે રસમાંથી થોડો થોડો નાખી તેલ પકાવવું. પછી કાયફળ, માલકાંકણી, ચણોઠી, વછનાગ, મોરપિચ્છ, ઝેરકચૂરો, સૂંઠ, સરસવ, સિંધવ, કપૂર, અફીણ અને રાઇ દરેક બબ્બે તોલા તથા અફીણ તોલો ના, ઇંગોરાની બીજ તોલા ૫ અને કરંજબીજ તોલા ૫ નું ચૂર્ણ તૈયાર કરી થોડું થોડું નાખી તેલ પકાવી તૈયાર થયે કૂચો કાઢી નાખી, તે તેલની અંદર ચોખ્ખી ચરબી અથવા પેટ્રોલ અથવા યુકેલિપ્ટસ ઓઇલ શેર ના મેળવવું. (ચરબી મળે તો બે તોલા બસ થશે) વાયુથી અંગ અતિશય જકડાઇ ગયું હોય, સાંધામાં સોજો હોય, અસહ્ય વેદના થતી હોય, કળતર થતું હોય અને અવયવની રગ બંધાઇ ગઇ હોય, તે ઉપર આ તેલમાંથી થોડું તેલ એક વાસણમાં કાઢી ગરમ કરી માલિસ કરવું તથા તેમાંથી જે કૂચા નીકળ્યા હોય તે કૂચાને બારીક વાટી દુખતા સાંધા પર મૂકી પાટો બાંધવો અને પરસેવો વળતાં સુધી શેક કરવો.

૨. ખાવા માટેઃ-લસણ, ચારોળી અને માલકાંકણીનું સમભાગે ચૂર્ણ કરી તેમાં બમણો ગૂગળ મેળવી તોલા ા થી ાા સુધી આપવું. સંધિવા, પક્ષાઘાત, ગૃધ્રસી, નાડીબંધ આદિ મહાભયંકર વાયુને હણવામાં હરણ ઉપર કેસરી સિંહ તુલ્ય છે. આ તેલ સંખ્યાબંધ દરદી ઉપર અજમાવેલ છે. બીજે દિવસેજ પીડાને શાંત કરી દે છે. આ મારો ચોપેલો ઉપાય છે અને તે ખાસ પેટંટ છે. આ તેલના ગુણનું શું કથન કરું ? આપ જ્યારે અજમાવશો ત્યારેજ તેની ખાતરી થશે.

૯-વૈદ્ય ધનજીશાહ હાથીખાનાવાળા-સુરત

૧. બિલામાંઃ-(ખાસ લકવા ઉપર) બિલામાં, કોપરું અને સોનામુખી એ ત્રણે સરખે વજને લઈ ા થી ાા તોલો લઇ તેમાં ..ના ગોળ, ચારપાંચ ટીપાં મધ અને તલનું તેલ થોડાં ટીપાં

મેળવી ખવડાવવું. જોઈતી પરેજી પળાવવી, છતાં ગરમી જણાય તો ખાવચી, ધાણા, સોનામુખી અને થોડો ગંધક ભેળવી ફકાવવું, જેથી ત્રણ દિવસમાં ગરમી બેસી જશે. શરીર પર બાવચીનો ધુંવો દેવો, થોડા દિવસમાં લકવામાં ફેર જણાશે. એ ચાળીસ દિવસમાં તો સારું થઈ જશે. આ દવાથી સહેજ પેટમાં દુખાવો થાય છે તે સંભાળી લેવું. લકવાવાળાને પ્રથમ ઝાડો સાફ લાવવો અને પછી આ દવા શરૂ કરવી.

૨. ભિલામાંનું તેલઃ-ભિલામાં તોલા ૪૦, માલકાંકણી તોલા ૨૦, બેરજી તોલા ૧૦, રાળ તોલા ૫ એ સર્વને એક હાંડલામાં ભરી પાતાળયંત્રથી તેલ કાઢી તે તેલને ચૂલા ઉપર મૂકી થાડું કરી, તેમાં પાંચ તોલા રાળ તથા સોમલ તોલો એક ખૂબ બારીક વાટી મેળવવો અને થોડું ગરમ કરી ઉતારી લેવું. આ તેલ ખાસ કરીને દમ, પક્ષાઘાત, ખાંસી, સંધિવા વગેરે મટાડે છે. શક્તિ તથા મરદાઇ લાવે છે. એ સઘળા શરદીના રોગો ઉપર અકસીર છે.

૩. મલમઃ-કલઈ સફેદો, મીણ, ચીનીકપૂર એ દરેક નવટાંક, ખરાસકપૂર તોલો ૧ લઈ તેલ અને બદામનું તેલ શેર ૦I, ખરાસકપૂર તોલો ૧ લઈ તુરત ઉતારી સઘળું ખરલ કરી મીણ ગરમ કરી એકરસ કરી તુરત ઉતારી સઘળું ખરલ કરી મેળવી દેવું એટલે મલમ તૈયાર થઇ જશે. આ મલમ સઘળી જાતના જખમો રુઝાવે છે. ગરમીના ફોલ્લા, ટાંકીના જખમ નાર વગેરે પર અકસીર છે. અને ઝરતાં ખરજવાં પણ સારાં થાય છે.

૪. લેપઃ-આંબાહળદર, લોધર, એળિયો, બોળ, શેરીલોબાન, સાજીખાર, ગૂગળ એ સર્વ સમભાગે લઇ દારૂમાં ખદખદાવી ગરમ લેપ કરવો. દરદ ગરમીવાળું હોય તો એ જ વજનથી કપૂર મેળવી લેપ કરવો. આ લેપ સઘળી જાતના વા દુખાવા ઉપર અકસીર છે.

૧૦–વૈદ્ય વાસુદેવ નાગરદાસ–જસકા

વાતરોગ માટેઃ–પારો તોલો ૧, ગંધક તોલો ૧, લવિંગ તોલો ૧, જાયફળ તોલો ૧, કનકબીજ તોલો ૧, ટંકણ તોલો ૧, સૂંઠ તોલો ૧, મરી તોલો ૧, પીપર તોલો ૧ અને અકલગરો તોલો ૧ લઇ પ્રથમ પારાગંધકની કાજળી કરી, તમામ વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી બે દિવસ ખરલ કરી ગોળી વાલ ૨ થી ત્રણની મધમાં આપવાથી વાયુ, શીતાંગ, માથાનો રોગ તથા ધનુર મટે છે.

૧૧–યતિશ્રી જ્ઞાનચંદ્રજી અક્ષયચંદ્રજી–રાજકોટ

કુષ્માંડાર્કઃ–દશ રતલ વજનનું એક ભૂરું કોળું લઈ તેમાં વચ્ચોવચ્ચ ડાગળી ખોદી તેની અંદરનો ગર્ભ બિયાં સાથે ચમચાથી હલાવી નાખવો. પછી તેમાં હીરાહિંગ વીસ તોલા વાટીને ભરી દઇ, પાછી તેજ ડાગળીના ભાગથી બંધ કરી તેના ઉપર કપડમટ્ટી કરી એક મહિના સુધી જમીનમાં દાટી રાખવું. (અથવા ઉકરડામાં રખાય તો વધુ સારું) અહીં કોઇને શંકા આવે કે, ભોંયમાં દાટવાથી તે સડી જાય કે કેમ ? તો શંકા નિવારણાર્થે જણાવવાનું કે, કોળું તો શું પણ છાલ સુધ્ધાં સડી જતી નથી. તેમાંનો માવો રસરૂપ બની જાય છે.

એક મહિને ધરતીમાંથી આખું કોળું કાઢી લઈ ધીમેથી ડાગળી ખોલી નાખવી અને અંદરથી તેલ કાઢવાની લોખંડની પળી વતી તૈયાર થયેલો અર્ક કાઢી લેવો. બાદ કપડાથી ગાળી કાચના સ્ટોપર બૂચવાળી બાટલીમાં ભરી મૂકવો. બેત્રણ વર્ષ સુધી આ અર્ક બગડતો નથી.

ખાટા વધુ જોઈતો નથી. કોળા ઉપર એક વેંત માટી આવવી ...માત્રા એક તોલા પાણીમાં ચારપાંચ ટીપાં અર્ક નાખી પાવો.

ગુણઃ-શરીરમાં અત્યંત ગરમી લાવે, વાયુ, મહાવાયુ, પક્ષાઘાત સુધી આરામ કરે, શરદીને લગતાં તમામ દરદોમાં આશીર્વાદ રૂપ છે. અમે જાતે અનુભવ કરેલ છે.

૧૨-કુમારશ્રી દેવીસિંહજી ભૂપતસિંહજી-કટોસણ

વિજયભૈરવ તેલઃ-ભિલામાં ટાંક ૨૦, એરંડા ફોલેલા ટાંક ૧૫, ફટકડી ટાંક ૫, પીપરીમૂળ ટાંક ૩, સોમલ ટાંક ૧૦, સિંધવ ટાંક ૨૦ ને તલનું તેલ શેર ૧ લઈ પ્રથમ તેલ કકડાવવું. પછી તેમાં ભિલામાંના કકડા કરીને નાખવા. તે બળી જાય પછી એક પછી એક બધી ચીજો નાખી દેવી અને છેવટે સોમલ નાખવો. (સોમલ નાખતી વખતે આંખને બચાવવી, નહિ તો આંખને નુકસાન થશે.) અને તેલને ગાળી લેવું. આ તેલનું શરીરે મર્દન કરવાથી બધી જાતના વાતરોગ, શૂળ, ચસકા આદિને મટાડે છે. ઘણુંજ સારું છે. (અમારી બનાવટ છે.)

૧૩-માસ્તર નરભેરામ હરજીવન-નવાગામ

હાથેપગે વહેર ફાટે તેનો ઉપાયઃ-કોકમનું ઘી, દેવતા પર ધરી ગરમ થાય એટલે જ્યાં વહેર ફાટી ચીરા પડ્યા હોય ઉપર ભરવું. પછી હથેળી દેવતા પર ધરી ગરમ કરતા તથા તે તે જગ્યાએ ઘસતા જવું; જેથી થોડા દિવસમાં મટી

૧૪-વૈદ્ય છગનલાલ આત્મારામ-સુરત

વાતહર ગુટિકાઃ-કસ્તૂરી તોલો ના, કેસર તોલો હિંગળોક તોલા ૩, વછનાગ તોલા ૩, મરી તોલો ૧॥, ખાર તોલો ૧॥, લીંડીપીપર તોલો ૧॥ એ સર્વને ખરલ આદુના રસની ત્રણ ભાવના આપવી. ગોળી ... મધ સાથે આપવાથી મૂર્છા, આદુના ર

૧૫-વૈદ્ય નારુશંકર હરગોવિંદ અધ્વર્યુ-બારડોલી

૧. એળિયો, બોળ, હિકામાલી, ગરણીનાં બીજ, કમળકાકડીનો મગજ, ઇંગોરાનો મગજ, ઇંદ્રજવ, ઇંદ્રાવરણાની જડ, વાયવડિંગ, સૂંઠ, સિંધવ, કપૂર, તજ, રેવંચીનો શીરો અને લિંબોળી એ સર્વે સમભાગે લઇ વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી, પાણીમાં વાટી વટાણા જેવડી ગોળી વાળી, રોગનું બળાબળ જોઇ પાણી સાથે આપવાથી કમર, સાંધાનો દુઃખાવો, નળબંધ વાયુ, ખાંસી, કરમ, ઊલટી, ચૂંથારો એ સર્વને મટાડે છે અને વાટીને પાવાથી બાળકની પણ સસણી મટે છે.

૨. અર્દિતવાયુઃ-પપીતાને મધમાં ઘસીને દિવસમાં ત્રણ વખત પાવાથી અર્દિત વાયુ મટે છે. રોગનું પથ્ય પળાવવું.

૧૬-ડૉકટર ચંદુલાલ મુકુંદરાય-પાટણ

૧. વાતહરરસઃ-શુદ્ધ મનસીલ, હિંગળોક, પીપર, લવિંગ અને જાયફળ એ સર્વને બારીક વાટી આદુના રસની સાત ભાવના આપી વટાણા જેવડી ગોળી વાળી દિવસમાં ત્રણ વખત બબ્બે ગોળી આપવાથી સર્વ પ્રકારના વાતરોગ, ગુલ્મ અને આફરો-માન વગેરે ઉપદ્રવો મટે છે.

૨. સૂંઠ, ટંકણ, સિંધવ, હિંગ એ ચારે વસાણાં સમભાગે લઇ વાટી વસ્ત્રગાળ કરી, સેકટાની અંતરછાલના રસમાં ગોળી વાળી, જમ્યા પછી ખાવાથી અજીર્ણને મટાડે છે, ભૂખ લાગે છે તથા સર્વ પ્રકારના વાયુને મટાડે છે.

૩. ઝેરકચૂરાનું ચૂર્ણઃ-અજમો શેર ૧, ઝેરકચૂરો શેર ૧, લઇ ગાયના મૂત્રમાં ત્રણ દિવસ પલાળી ઉપરથી છોતાં તથા અંદ- -- --ી કાઢી સાફ કરી ઘીમાં તળી તેમાં સૂંઠ તોલા ૫, સિંધવ

શેર ૦।, ખારો શેર ૦।, સાજીખાર શેર ૦।, સંચળ શેર ૦।, હીમજ શેર ૦॥ અને હિંગ તોલો ૧ નાખી એ સર્વને વસ્ત્રગાળ કરી દિવસમાં બે વખત અડધો અડધો તોલો ગરમ પાણી સાથે અઠ્ઠાવીસ દિવસ ખાવાથી ગુલ્મરોગ, બરોળ, આધમાનવાયુ, નળબંધવાયુ, મંદાગ્નિ બંધકોશ અને ઊલટીને મટાડે છે. કઠોળ બિલકુલ ખાવું નહિ.

૪. હિંગળોક તથા પારદ તોલો ૧॥, ગંધક તોલા ૩, વછનાગ તોલો ૧॥. લવિંગ તોલા ૨, ધંતૂરાનાં બીજ તોલો ૧॥, પીપર તોલા ૫, મરી તોલા ૨॥, ચિત્રાની છાલ તોલા ૨॥, જાયફળ તોલ. ૨॥ ને ટંકણ તોલા ૨॥ લઇ પ્રથમ પારાગંધકની કાજળી કરી બાકીનાં વસાણાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મેળવી પાનના રસની તથા આદુના રસની ત્રણ ત્રણ ભાવના આપી, ચુંજા પ્રમાણે ગોળી વાળી અનુપાન પરત્વે આપવાથી ઘોર સન્નિપાત, મૂર્છા, અપસ્માર, ઉન્નત શીતાંગ, અરુચિ, પીનસ, કાસ, શ્વાસ, ક્ષય, શરદી, શિરોરોગ, હનુસ્તંભ, ગલગ્રહ, સૂતિકારોગ વગેરેને મટાડે છે. તેલ, મરચું, ખટાશ વગેરે ખાવાં નહિ. વૈદને આ ઓષધ (રસ) સર્વ ઓષધમાં શ્રેષ્ઠ છે.

૧૭–વૈદ્ય બાળકૃષ્ણ હરિકૃષ્ણ શાસ્ત્રી–ભુવાલડી

૧. રાસ્નાદિ ચૂર્ણ:–રાસ્ના, અરડૂસાનાં પાન, ત્રિફળા અ… ગરમાળાનો ગોળ એ સર્વ સમભાગે લઇ, વાટી વય પ્રમાણે ગર… પાણી સાથે પીવાથી વાતજ્વર, પિત્તજ્વર, પક્ષાપાત અને સાંધ… દુખાવો વગેરે મટે છે.

૨. પક્ષાઘાત માટે:–ગોમૂત્રમાં શોધેલ તથા ઘીમાં ત… ઝેરકચૂરાનું ચૂર્ણ તથા કાળાં મરી એ બન્ને સમભાગે લઇ તે… વાલ ૦। થી ૦॥ સુધી દરરોજ સવારમાં સાત દિવસ લેવું. ત્રણ દિવસ બંધ રાખવું. આ દવાથી પક્ષાઘાત મટે છે. કોઇ પણ પ્રકારનો વાયુ મટે છે.

૧૮-માસ્તર કેશવલાલ હરિશંકર ભટ્ટ-કાપોદ્રા

સાંધાનો વા:-સુરીજન સાકર સાથે ફાકવું અથવા સંચોરો લીંબુમાં લેવાથી સાંધાનો વા મટી જાય છે.

પગનો વા:-માલકાંકણી એક નવટાંક, કાળીજીરી એક અધોળ, જાયફળ એક અધોળ, લસણ એક અધોળ, સૂંઠ તોલો ૧ તથા તેલ શેર ૦ાા આ સર્વનું તેલ કાઢી ટર્પેન્ટાઇનમાં અફીણ તોલો ૦ાા તથા કપૂર તોલો ૧, મેળવી ઘૂંટીને પેલા તેલમાં મેળવવું. આ તેલ ઘસવાથી પગનો વા મટે છે.

વાયુનો ગોળો:-છીપભસ્મ, સાજીખાર, સિંધવ, સંચળ, અંગડીખાર, જવખાર, નવસાર એ સર્વ સમભાગે લઈ ચૂર્ણ કરી ગોળમાં બબ્બે વાલની ગોળી વાળી ખાવાથી વાયુનો ગોળો મટે છે.

૧૯-વૈદ્ય પુરુષોત્તમ બહેચરભાઇ યાજ્ઞિક-કાલોલ

ગુરુતા ગુટિકા:-પીપળાની કૂંણી જાડી વડવાઈ તોલો ૧, કેશર તોલો ૦ાા, ગોરોચન તોલો ૦ાા, ને કસ્તૂરી રતી ૧ વાટી ગોમૂત્રમાં ઘૂંટી સારી પેઠે ખરલ કરી મગ જેવડી ગોળી વાળી છાંયડે સૂકવી, એક ગોળી મધમાં મેળવી ચટાડવાથી આંકડી, ધનુર્વા, હિસ્ટીરિયા, સસણી, વરાધ, બાળકનું શ્લેષ્મ એ સર્વમાં જાદૂઈ અસર કરે છે. પાલુરો, ગળું પડવું અને સુકતાન (બાળશોષ) માં પણ સારી અસર કરે છે. ગામડામાં કસ્તૂરી, કેસર, ગોરોચન વગેરે ન મળે, તો ફક્ત પીપળાની વડવાઈ પણ આ ઉપદ્રવોમાં સારો ફાયદો કરે છે.

૨૦-એક વૈદ્યરાજ જેમનું નામઠામ મળ્યું નથી

૧. **ખભાનો વાયુ:**-સૂંઠ, રાસ્ના, દેવદાર અને અજમોદનું ચૂર્ણ કરી ગોળમાં ૦ા તોલાની ગોળી વાળી ગરમ પાણી સાથે ખાવાથી ખભાનો વાયુ મટે છે.

૨. આસન અને વરધારો એ બંનેનું ચૂર્ણ કરી તેમાં આખો અસાળિયો મેળવી દૂધમાં ખીર કરી પીવાથી કમર તથા શરીરનું પકડાઇ જવું તેમજ કળતર મટે છે.

૩. સરસડાનાં પાન, નિગટનાં પાન, અંકોલનાં પાન, આવળનાં પાન અને લીમડાનાં પાન એ સર્વને બાફી રહી ગયેલા સાંધ ઉપર બાંધવાથી સાંધા છૂટે છે.

૪. ઇંદ્રવરણાનાં મૂળ તોલો ૧ાા અને કાળાં મરી તોલો ૧ાા, અધકચરાં ખાંડી ત્રણ ભાગ કરી, દરરોજ એક ભાગનો ૨૦ તોલા પાણીમાં ચતુર્થાંશ પાણી રહે ત્યાં સુધી કવાથ કરી ગાળી તેમાં ગોળ તોલો ૧ાા મેળવી પાવાથી ઉપદંશ કે સંધિવાથી ઝલાયેલા સાંધા તરત છૂટે છે.

૨૧–વૈદ્ય ભૂરાભાઇ ઓધવજી ત્રિવેદી–ભાદરોડ

ધનુર્વાયુ માટે કવાથઃ–લસણ, પીપરીમૂળ, પડ્કચૂરો, કરિયાતું, સૂંઠ, ભારંગ, પુષ્કરમૂળ તથા અકલગરો એનો કવાથ બનાવી પાવાથી ધનુર્વાયુ મટે છે.

ધનુર્વાયુ તથા આંચકીઃ–સૂંઠ અને દાળિયાનો ખરડ કર... વો. બેશુદ્ધિ હોય તો ડુંગળીનો રસનો ખરડ કરવો. કેશર, જ... વંત્રી અને પીપળાની વડવાઇ વાટીને પાવાં. જો બહુજ ખેંચ હો... તો અફીણ નાખવું. દાંત બંધાઇ ગયા હોય તો સૂંઠ અને મ... દાંતે ઘસવાં અને સહેજ નાકનો પવન બંધ કરવો. આદુનો... મધ નાખી પાવો, તાવ હોય તો ગ્રંથાદિ કવાથ બનાવીને પ...

૨૨–રાજકોટના એક વૈદ્યરાજ

હરીતકી ગુટિકાઃ–મોટી હરડેના નાના કટકા ... છારના ... એક રાત પલાળી, બીજે દિવસે ...

વાલની ગોળી બનાવી છાંયડે સૂકવવી. આ ગોળી ગરમ પાણી અથવા ચાની સાથે આપવાથી ચારથી પાંચ જુલાબ થાય છે. અને જો છાતીમાં કફ હોય તો ઊલટી થાય છે. ગમે તેવી ઝેરી હવાથી સાંધા રહી ગયા હોય અથવા લોહીવિકાર, વિસ્ફોટક, ત્રિદોષ, અર્શ વગેરે દરદોમાં આ ગોળી બબ્બે દિવસને અંતરે એકેક આપવાથી એ સર્વને મટાડે છે. આ ગોળીનો જુલાબ જો બહુ લાગે તો ખીચડીમાં સારી રીતે ઘી નાખી ખાવાથી અથવા સાકરનું પાણી પીવાથી બંધ થાય છે.

૨૩-વૈદ્ય મનસુખલાલ લલ્લુભાઈ જાની-સુરત

૧. ભલ્લાતક ગુટિકા:-ભિલામાં શેર ૦। લઈ તેને નવટાંક તલના તેલમાં તળવાં. તેલમાં ભિલામાં ફૂલી જાય અને તેલ કાળું પડી જાય એટલે નીચે ઉતારી તેલ ઠંડું પડ્યા પછી ભિલામાં કાઢી કપડાથી લૂછી નાખી તેમાં અજમો, કરમાણી અજમો, અજમોદ, ખુરાસાની અજમો અને વાવડિંગનું ચૂર્ણ મેળવી, ખરલ કરી ૦। શેર મધમાં બોર બોર જેવડી ગોળી વાળી, એકથી પાંચ વરસના બાળકને ૦। ગોળી મધ અથવા ધાવણ સાથે આપવી. દસ વરસનાને અડધી ગોળી ઘીમાં અને મોટી ઉંમરનાને એક ગોળી ઘીમાં રાત્રે સૂતી વખતે આપવાથી વાયુ, શૂળ, ગુલ્મ, ઉદાવર્ત, ઉદરરોગ, અધાવભેદક, માથાનો વેગ, વિદોષજ્વર, પ્રમેહ, સંધિવા વગેરે રોગોને મટાડે છે. પરેજીમાં ઘણી વાયડી વસ્તુ તથા કોઠો કબજ કરે એવાં મિષ્ટાન ખાવાં નહિ. તેમજ કોળું, કેળું, વાલ, વટાણા, ગોળ અને હિંગ વગેરે અપથ્યનો ત્યાગ કરવો.

૨. મલ્લાદિ ગુટિકા:-સોમલ કાચો તોલો ૧ અને હિંગ તોલો ૧ લઈ બોરડીગળોના રસમાં (એક શેર રસ) ખરલ કરી બાજરીથી વટાણા જેવડી ગોળી વાળી, ઉંમરના પ્રમાણમાં વિચાર

...ી, એક ગોળી ગોળમાં મૂકી ગળાવવી. આ ગોળી ફક્ત સવારેજ ...ક વખત ખાવાની છે. આ ગોળીથી વાયુ, સંધિવા અને વિશે ...ક મટે છે. પરેજીમાં હિંગ, મરચું, તેલ, ખટાશ તથા વાય... ચીજોનું સેવન કરવું નહિ.

૨૪—વૈદ્ય અંબારામ શંકરજી પંડ્યા—વાગડ

૧. વાતગજાંકુશ રસઃ—શુદ્ધ પારો તોલા ૪, ગંધક તે... ૪, ઝેરકચૂરો તોલા ૪ તથા ત્રિકટુ તોલા ૬ લઈ, પ્રથમ પારા ... કની કાજળી કરી, બધી ચીજો મેળવી ખરલ કરી અનુપાન પરત્વ એક રતીભાર માત્રા આપવાથી ઉરુસ્તંભ તેમજ એંશી પ્રકારના વાતરોગને મટાડે છે.

૨. પંચમૂત્રાસવઃ—બકરાનું મૂત્ર, ભેંસનું મૂત્ર, ગધેડાનું મૂત્ર, ગોમૂત્ર તથા ઊંટનું મૂત્ર, મિશ્ર કરી તેમાં લવિંગ ટાંક ૫, સૂંઠ ટાંક ૫, મરી ટાંક ૫, પીપર ટાંક ૫, પીપરીમૂળ ટાંક ૫ નું ચૂર્ણ કરી મેળવી લસણ ટાંક ૧૦ નાખવું. એ સર્વને એક બરણી-માં ભરી મોં બંધ કરી ચૂલાની ભરસાળમાં સાત દિવસ સુધી દાટી રાખવું. તેમાંથી વાલ એક વાયુના દરદવાળાને દરરોજ સવારમાં પાવાથી વાયુનું દરદ મટે છે.

૩. તુલસીનાં પાન, મરી અને ઘી દરરોજ ચાટવાથી વાયુનું દરદ મટે છે.

૪. યોગરાજ ગૂગળઃ—સૂંઠ, પીપરીમૂળ, લીંડીપીપર, ચવક, ચિત્રો, હિંગ, ખોડી અજમોદ, સરસવ, જીરું, શાહજીરું, રેણુકબીજ, ઇંદ્રજવ, કાળીપહાડ, વાવડિંગ, ગજપીપર, કડુ, અતિવિષ, ભારંગ, ઘોડાવજ અને મોરવેલ એ દરેક એકેક શાણુ (૦। તોલો) તથા ... રડાં, બહેડાં, આમળાં ચાળીસ શાણુ એ પ્રમાણે સર્વે આ... ચૂર્ણ કરી, તે સર્વના વજન બરોબર માહીષ ગૂગળ લઈ...

પાક જેવો પાતળો પાક કરી, ઉપલું ચૂર્ણ મેળવી તેમાં બંગભસ્મ, રૌપ્યભસ્મ, નાગભસ્મ, લોહભસ્મ, અભ્રકભસ્મ, મંડૂરભસ્મ, રસસિંદૂર એ દરેક એકેક પલ (ચાર તોલા) નાખી ચાસણી કરી ઘીના વાસણમાં અથવા કાચની બરણીમાં ભરી રાખવો. આ યોગરાજ ગૂગળ એક શાણની માત્રાથી રાસ્નાદિક કવાથ સાથે આપવાથી તમામ વાતરોગને મટાડે છે. રાસ્નાદિ કવાથ નીચે પ્રમાણે છેઃ—

૫. રાસ્નાદિ કવાથઃ-રાસ્ના, ગોખરુ, એરંડમૂળ, દેવદાર, ગળો, સાટોડીનું મૂળ અને ગરમાળાનો ગોળ એ સર્વ સમભાગે લઈ કવાથ કરી એ કવાથની સાથે યોગરાજ ગૂગળ આપવો.

૬. મહારાસ્નાદિ કવાથઃ-રાસ્ના બે ભાગ, ધમાસો, બળદાણાનું મૂળ, એરંડમૂળ, દેવદાર, પડકચૂરો, ઘોડાવજ, અરડૂસી, સૂંઠ, હરડે, ચવક, નાગરમોથ, સાટોડીનું મૂળ, વરધારો, વરિયાળી, ગોખરુ, આસન, અતિવિષ, ગરમાળાનો ગોળ, શતાવરી, લીંડીપીપર, કાંટાસરિયો, ધાણા, ઊભી રીંગણી અને બેઠી રીંગણી એ સર્વ સરખે વજને લઈ કવાથ કરી, એરંડ તેલ અથવા નીચે લખેલું અજમોદાદિ ચૂર્ણ અથવા તો યોગરાજ ગૂગળ સાથે આપવાથી વાતરોગ મટે છે.

૭. અજમોદાદિ ચૂર્ણઃ-અજમોદ, વાવડિંગ, સિંધવ, દેવદાર, ચિત્રો, પીપરીમૂળ, વરિયાળી, લીંડીપીપર તથા મરી એ નવ ઔષધ એકેક તોલો તથા હરડે પાંચ તોલા, વરધારો તોલા ૧૦ અને સૂંઠ તોલા ૧૦, એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ગરમ પાણી સાથે પાવાથી તમામ વાતરોગને મટાડે છે. વિશેષમાં રાસ્નાદિ ક્વાથ સાથે આપવું.

૮. આસન તોલો ૦।, સાકર તથા ઘીમાં ચટાડે પાકથી વાતરોગ મટે છે.

૯. પીપરીમૂળ, અકલગરો, ગોય, આસન, પીપર અને મરી એ સર્વ સમભાગે લઈ ગોળમાં વાલ વાલની ગોળી કરી ખાવાથી વાતરોગને મટાડે છે.

૧૦. હીરાબોળ, હિંગળોક તથા ગૂગળ એની ગાયના દૂધમાં ગોળી બનાવી ખાવાથી વાતરોગ મટે છે.

૧૧. સંધિવાયુઃ–નગોડના મૂળનું ચૂર્ણ ૦॥ થી ૧ તોલો તેલમાં ખાવાથી સંધિવાયુ, કમરનો વાયુ તથા કંપવાયુ મટે છે. તથા ઇંદ્રામણાનું મૂળ તોલો ૦, પીપર તોલો ૦ અને ગોળ તોલો ૦॥ ખાવાથી સંધિવાયુ મટે છે. નલિકાયંત્રથી રાળનું તેલ કાઢી ચોપડવાથી વાયુ મટે છે.

૧૨. વિજયભૈરવ તેલઃ–પારો, ગંધક, મનસીલ તથા હરતાલ, એ સર્વને એકત્ર કરી કાંજળી કરી કાંજીમાં કાલવી, રેશમી કપડા ઉપર ચોપડી તેનો વીંટો વાળી તેલમાં બોળી સળગાવવો તથા નીચે કાચનું વાસણ મૂકી તેમાં તેલ ટપકવા દેવું. આ તેલ ચોપડવાથી વાતરોગ મટે છે.

૧૩. ઈંગોરાના બીજનું પાતાળયંત્રથી તેલ કાઢી ચોપડવાથી વાતરોગ મટે છે.

૧૪. સોમલ તેલ (જે આગળ બતાવ્યું છે) ચોળવાથી વાતરોગ મટે છે. તેમજ નારાયણ તેલ અથવા વિષગર્ભ તેલ ચોળવાથી પણ વાતરોગ મટે છે

૧૫. વાતરોગીને બાફઃ–એરંડાનાં પાન, આકડાનાં પાન અરણીનાં પાન, નગોડનાં પાન, ધંતૂરાનાં પાન, સરગવાનાં વરણાનાં પાન તથા થોડાં આસનનાં પાન, એ આઠ પ્રકાર લાવી પાણીમાં ઉકાળી તેનો બાફ આપવાથી વાતરો



: પ્રકાશક :
રામજી હંસરાજ
અમરેલી

[૧૯૩૨

...મારી]   વિદ્યાર્થીઓને વિના મૂલ્યે